તવારીખે નવસારી.

(નકશા સાથે)

બનાવનાર.

શેરાબજી મનચેરજી દેસાઈ.

તે

પારશી અટકે અને નામે–આતશ બેહેરાંમે દેસાઈ ખોરશેદ–
ઐયાંમે નૌશાલે હીંગામે નૌરોઝ—
સીહા સંસાર, ઈત્યાદિનો કર્તા.

નવસારી.

૧૮૯૭

નવસારી આર્યવિજય પ્રેસ.

પાકાં ગીલ્ટના પુઠાંની
કિંમત રૂા. ૨–૮–૦

કાચાં પુઠાંની
કિંમત ૨–૦–૦

" Reader, now I send thee, like a bee, to gather honey out of flowers and weeds; every garden is furnished with either, and so is ours. Read and meditate. "

PREFACE.

This is a short but general History of an ancient city of Navsari, which is mainly inhabited by the Hindoos, Mahomadans, and Parsees, & which is under the rule of H. H. The Gaikwar of Baroda under the British rule in India. In this History are collected all the incidents that happened in this city from the time of the Kings of the Chalukya Dynasty who reigned on this land a thousand years ago, up to the present date.

The Iranian Parsees, the faithful followers of their prophet Zoroaster and the true believers in his religion, after being defeated by the Arab Chiefs, left Persia for India for the protection of their own religion; and shortly after, this city of Navsari became the principal seat of the Iranian Zoroastrians and their faith. This city is again well-known as the " Home, Sweet Home, " of great personages like Sir Jamsedji Jeejibhai Kt. Bart. and Mr. Dadabhai Navroji M. P.; and as the birth-place of the great priests, Dastoors Meherji Rana, Jamasp Asha, Darab Pahlan, Minocher Homji &c.; and also as the native country of the Parsee Kings Changashaw, Mangashaw, and Desais Cursetji Temoolji, Mancherji Cursetji &c. The chief things of note in this city are the first proprietary fire-temple or Atashbeheram, that was erected by Cursetji Temoolji Desai, (2) the Wadi Darehmeher or Agiary of Desai Mancherji Cursetji, which is the chief ecclesiastical seat of the Parsees, and which is the University of Navsari,

like that of Oxford; where all the young Mobeds from Bombay and else-where are sent for confirmation or to receive the apostolic succession of their order, and (3) the mosque of the first and great Mahomadan saint Noor Satagar, the great propagator of Islamism in India.

Navsari can be called, without any exaggeration, the best school of education in comparision with all the educated cities of the world. The Pope of the Zoroastrians is the high priest of this city. The first Baronet in the whole of India, the first Member of the British Parliament for India, the first Indian Professor of the Forest Department, the first Parsee King in India, the first Parsee Navigator, the first Parsee Dewan, the first Parsee Suba, the first Parsee Desai—all these have their names connected with Navsari. The threshold of the Gaikwar's Dominions is Navsari, (Songad being the cradle of the Gaikwar family) and the man who made the Gaikwar cross this threshold was also a Parsee Desai (Temulji Rustamji) of this city. The Parsees that have made great advances towards education, trade and commerce, and other great enterprises, and have prospered through them, all are mainly the inhabitants of this town.

This is a small city situated between Bombay and Surat in Gujarat in India, but it is more ancient than both of these cities. The fine workmanship of centuries ago of this city were very well known even in Europe. Many European

travellers had visited this place of importance in ancient times.

The name of this city is differently derived by different nations inhabiting it. According to the Parsees, when they left Sanjan in 1142 A. D., and came to settle in this place, they found the good climate of this city exactly similar to that of their ancient city of "Saari" in Persia, and called it in Persian "Nao Saari" or New Saari which is now called Navsari. On the other hand, according to the Hindoos, there were nine tanks in this city (which can be seen and verified numerically this day also) and they called it the नवसर (नव = Nine, सर = Ponds) or, the place where nine ponds are situated, and afterwards corrupted that "Navsar" into Navsari. Again, according to the Mahomadans, when their Saint Noor Satagar married Palande, the daughter of the then King Raja Surchund 828 years ago, and was adorned (Aráee) as a bride groom (Naosá) they called this city Naosa-Ara-ee, which is hence corrupted into Navsari. Here are said to have happened numerous astonishing and wonderful stories in connection with Mahomadan Saints and Hindoo Priests.

The climate here is what is called salubrious climate, and the ancient inhabitants of this city have proved themselves valiant. They were well-versed in arts and sciences; and according to the author of the Aine-o-Akbari, Zoroastrians from t. place had gone to Delhi in the religious coun..l of the Great Mogal Emperor Akbar, and

Dastoor Meherji Rana, an inhabitant of Navsari, it is said, was successful in explaining his Zoroastrian religion to the Emperor. This is the only place to learn Zoroastrianism in the ancient fashion and as it was learnt in the ancient times, and hence it is that it is also called the centre of Zoroastrianism, just as the see at Rome. After the incessant and gross misery and annihilation brought on by the destructive invasions of Shivaji 235 years before, and even after the commencement of the present century, by the injurious plunders of the Maratha freebooters, Rajput Girasias, Bhils, and Pindaras, this city is making a very rapid progress. The Parsee Desais of Navsari have received the British Guarantee on account of rendering valuable services to the British, and the Gaikwar Government have presented them with an Inam Village (Kolasna) and other gratuitous Nemnuks and rewards.

In this manner a city which was once exposed to the constant plunders of merciless freebooters and to the inhabitants of which city to take good food, to wear good clothes, and to keep something in cash with them were a sin and trouble; and the inhabitants whereof had not the necessary means of imparting education in the ancient times, and where there was nothing like justice,-the people of such a city, under the best and most auspicious present rule of the kind, popular, well-educated, and just prince H. H. The Maharaja Sayaji Rao Gaikwar G. C. S. I., have now grown up to be a body of happy and learned people, exacting

their rights and demanding justice whenever required; and now-a-days if any one were to walk on, even at midnight, with gold tossing in his hand, none can dare challenge him; nor one can dare cross tho threshold if a man were to sleep with his doors open. And thus this city has come on a level with other enlightened countries in point of education, justice, and independence.

This work, I have the honour to dedicate with feelings of profound admiration and respect, to a man who has, in a spirit of loyalty both to India and to the British Empire, devoted his life to strengthening the connection between the two countries, and who takes the deepest interest in all that concerns the moral and material condition of the people of Bharatkhand; and I am highly obliged to him for allowing me to dedicate this book to him.

I have sought this opportunity of publishing this small History of an ancient city, exactly corresponding to the history of the city of Cordova in Spain, in consequence of the inestimable help and invaluable suggestions of my respected father Mancherji Burjorji Desai Esquire. I must thank heartily Mr. R. B. Ranji for his unceasing assistance. I think my labours completely rewarded if this small history of a small ancient city of Navsari can but serve as an addition to the Science of History.

SORABJI MANCHERJI DESAI.

પ્રસ્તાવના.

"Breathes there the man, with soul so dead,
Who never to himself hath said,
This is my own, my native land!
Whose heart hath ne'er within him burn'd,
As home his footsteps he hath turn'd,
From wandering on a foreign strand!"

Sir. W. Scott.

ખુદરતનો ખેલાડી, ખાવીંદ ખુદાતાલા ખુદ પોતાની તવારીખ ધરાવે છે. પવિત્રાઇના પેશવા પાક પેગંબરો પોતાનો ઇતિહાસ રાખી ગયા છે. દોરંગી દુન્યાં પોતાની પ્રાચીન હકીકત કહેતી આવી છે. નામાંકિત નરો અને સુશોભિત શેહેરો પોતાની પૂર્વ કાળની નોંધો સાચવતી આવી છે. ત્યારે નવસારી જેવી નવાઇભરેલી નવરંગ નગરી, પોતાની તવારીખ જાળવી રાખવાને શામાટે હક્કદાર નથી? હક્કદાર નથી એમ નથી, માટેજ તેની તવારીખ પણ નથી એમ નથી. તેથીજ આ "તવારીખે નવસારી" આગમચની જન્મવી જોઇતી હતી તે આજે જન્મી છે. તારીખ એટલે મીતિ અથવા રોજ. તારીખ એ એરબ્બીક શબ્દ છે, જેના બીજા અર્થ ઇતિહાસ, કાળક્રમનું વૃત્તાંત, પંચાંગ, સને, દિવસ, વરસ એવા થાય છે. વળી લખેલા પત્રનો દહાડો વાર, તથા બનેલા બનાવની મીતિ પણ તારીખ કહેવાય છે. તે તારીખનું બહુવચન તે તવારીખ છે. તે ઉપરથી રોજની નોંધ અથવા રોજનીશીને તવારીખ કહેવી બરમેલ છે. ત્યારે તો જે રૂપે આજે તવારીખો લખાય છે, તે વાસ્તવિક રીતે તો તવારીખ નથી. જો એ શબ્દ સજુલો છતાં અજુલો ગણાતો હોય, તો પછી આ પુસ્તક નવસારીની રોજે રોજની નોંધનું નહીં છતાં, તેનું "તવારીખ" એ નામ રૂઢીને અવલંબીને આપેલું ગણાય. ત્યારે તારીખ વગર તવારીખ હોતી નથી. આજનો "કેમ? શું? અને કેવી રીતે?" નો જમાનો તેજ ઇતિહાસનો જમાનો છે. એરેબ્બીક "તવારીખ" શબ્દનો સંસ્કૃત શબ્દ इतिहास છે; અને તે શબ્દની બાંધણીજ તેનું સિદ્ધતાં

કહી આપે છે. इति = આ+हं = અરે ! + आस = હતું (अस = હોવું ઉપરથી) એટલે "અરે ! આ હતું." "અરે ! ફલાંણું હતું." એવો એ શબ્દનો મૂળ અર્થજ તેનો ગુહ્યાર્થ કે ગુપ્તાર્થ સમજાવી દે છે. "તવારીખ" નો વળી અંગ્રેજી શબ્દ History છે, તેપણ "કેમ ? શું ? અને કયારે ?" ના જમાનાનો ખ્યાલ ખુલ્લો પાડે છે. ગ્રીક શબ્દ Historia માને પુછપાછ કરીને જ્ઞાન સંપાદન કરવું, તે ઉપરથી લેટીનમાં Historia શબ્દ આવ્યો; અને તે ઉપરથી ફ્રેન્ચમાં Histoire થયો; અને તે ઉપરથી અંગ્રેજીમાં History થયો: અર્થાત એવોજ ભાવાર્થ નિકળ્યો કે, "કેમ ? શું ! કેવી રીતે ! શા માટે ? કયારે ?" એવાં પ્રશ્નાર્થ રૂપોનો જવાબ તે "તવારીખ" છે. અને શેકસપીઅર કહે છે કે,

For aught that I could ever read,
Could ever hear by tale or history.

એથન્સ-કારથેજ-તથા ગ્રીસ જેવી ભૂમીઓ; પેકીન-તેહરાન તથા બેબીલોન જેવાં પાયતખ્તો; અને નાઇલ-અફ્રિઉર-તથા ગંગા જેવી નદિઓ; આજે નાહનમમાં આવતાં જાય. તોપણ તેમની તવારીખતો મોટીજ રહી જશે. કેટલાંક મોટાં માનવીઓ કે મથકો એવાં હોય છે, કે જેમની મોટાઇના ગુંડા અર્વાચીન કાળે અણુહદ મોટાઇમાં ઉડે છે તોપણ, તેઓની પ્રાચીન તવારીખ નિર્મુલ્ય હોય છે; તેમ વળી કેટલાંક નાહનાં નરો કે નગરો એવાં હોય છે, કે જેમની નોંક નવીન કાળે નીચી પડી ગઇ છે તોપણ, તેઓની જુની કારકિર્દિ અમુલ્ય હોય છે. મુંબઇ શેહેર લો, કે જાપાન દેશ લો. ત્રણસો વર્ષ ઉપર માછીમારોનું મથક તે મુંબઇ ! અને તેજ દરમ્યાનમાં નગ્નાવસ્થામાં અમર્યાદ અને અવિવેકી રાજા પ્રજાનું તે જાપાન ! આજના તેજ મુંબઇ શેહેર અને તેજ જાપાન દેશ જુઓ, ત્યારે એ બેની જુની તવારીખ નકુચ છે. નવસારી નગરી જુઓ, કે ચીનનો મુલુક નિહાળો. એક હજાર વરસ ઉપર મોટા રાજાના રાજના ઠાઠમાઠનો ડંકો વાગી રહેલો એવી નવસારી ! અને તેજ અરસામાં કળા કૌશલ્યતા અને કારસાજી ભરેલી કારીગિરિના કામોથી છળકાઇ રહેલો એવો અર્વાચીન ચીન માહાચીનનો પ્રાચીન મુલક ! અએ નવસારી ! અએ નવચીન ! કયાં ગઇ તમારી નામદારી ને નોંક ? કયાં સુતાં તમારાં નામદાર નારીઓ અને નરો ? કયાં ગયું તમારૂં અસલ નસલ ? અરે ! તે બધાં સુતાં છે. પડયાં છે.

નાબુદ થયાં છે. નાશ પામ્યાં છે. હમોને વધુને વધુ ન સંતાપો ! હવે હમોને છેવટની ઉંઘમાં ઉંઘાવા દયો ! અરે ! ઘણાં બીચારાં બેવડાં મોતે ("Doubly dead") મરી ગએલાં સુતાં છે. એકતો તેઓનો જીવ જવાથી તેમની એક જીંદગી જતી રહી છે, અને તેમના નામ ઠામ નાશ પામ્યાથી તેમની બીજી જીંદગી જતી રહી છે, અને બચારાં બેવડે મારે મરાયાં છે ! પણ નહીં. તમારી જુની તવારીખો સુઇ ગઈ નથી ! તમારી આગળી જાહોજલાલીના પાના પડી ગયાં નથી ! તમારાં નવ બહાર નામ ઠામ નાબુદ થયાં નથી ! તમારાં નામવર બેટા બેટીઓનાં નામ ઠામ નાશ પામ્યાં નથી ! કાળે કાળે તમો નવસારી અને ચીનના ઇતિહાસનો પુન્સંભાર થયાં કીધોછે; કેમકે History repeats itself. જુઓ કે અરબસ્તાન અને ઇજીપ્ત પછી સુધારા વધારાની વારી હિન્દની આવી, તેની પાછળ ચીન તથા ફ્રાન્સ દેશની, અને તેની પાછળ ઈંગ્લાંડની ચઢિયાતીનું કાળચક્ર (Cycle) અનુક્રમે ફરી જઈ આજે અમેરીકાનો જુગ આવ્યો છે, અને હવે પછી કેટલાક સૈકા બાદ આફ્રિકાનો યુગ આવશે, અને તે બાદ કેટલાક હજારો કે લાખો પછી પાછા પેહેલાં જેવા ક્રમનો અનુક્રમ આવશે, એ સો તવારીખજ આપણને શિખવે છે. ત્યારે આપણને તો કવિ કહે છે તેમ જીંદગીનાં ટુંકાપણાં માટે જો કોઇ પણ ચીજ સધ્યારો કે બદલો આપતી હોય, તો તે તવારીખજ છે; કેમકે એ કવિ કહે છે તેમ Her ample page Rich with the spoils of time. તવારીખ એ એક એવું દુરબીન છે, કે જેમાંથી હજારો વરસના હજારો મૈલ દુરના શેહેરો અસલ હાલતમાં આપણે જોઈ શકયે છે. તવારીખના પાના, એ એવી જાતના પરદા છે, કે જેને ઉંચકીને ડોકું બહાર કાઢતાંજ આપણા જુના જમાનાના વડવાઓને પોતાના સાહસિક પરાક્રમો કરતા નિહાળ્યે છે. એટલે કે મુએલાં માણસોને જીવતાં કરવાનું આબે હૈયાત તે તવારીખજ છે.

ફુલર કહે છે તેમ, એક જુવાંનને વગર કરચલી આવવે, કે તેના બાળ વગર ભુરા થવે, તેને તવારીખ ઘરડો બનાવે છે, અને વગર નાતવાની કે વગર અગવડે તેને જમાનાઓના અનુભવોનો અધિકારી બનાવે છે. કાર્લાઇલ પ્રમાણે વિચારશો કે આપણા મૂળાક્ષરો કયાંથી આવ્યા ? આપણી ભાષા કયાંથી આવી ? જે બાવરચીગીરીથી આપણું ઉદર પોષણ કર્યે છીયે તેનું, અને જે કડિયા કામથી આપણું રેહેઠાંણ

બન્યું છે તેનું મૂળ શું ? તો, આજના દહાડાના બનાવોના તનુમય મૂળો, સપ્પર પેહેલા ગ્રીક ઈતિહાસકર્તા કૅદમસની અને ટ્રીસ્મેજીસ્ટસની ખાકમાં, જાલેશાંમ કે શાંમ નરીમાન અને હરક્યુલીસની ગિર્દમાં, અને રામ કે રાવણની મિટ્ટીમાં તમો તેના બીજ જોશો. તેઓના બીજ બાવા આદમ સાથે સંબંધ ધરાવે છે, અને તેઓના વસ્તેવની ચિંગારી ઇવ માતાના પ્રથમ અગ્નિમાંથી ઉત્પન્ન થયલી તેજ આજ સુધી ચાલે છે; અને તેના દેહાંતમાં કોઈ પણ સિદ્ધ ઈતિહાસ જણાતો નથી. આગળા ભૂતકાળના જુગો નાબુદ થયા, અને સમજી બુજીને મુંગે મોંઢે શાંતિથી ચાલ્યા ગયા, અને હાલની આપણી પ્રિય ૧૯ મી સદીબાઈ પણ નાશીને નાબુદ થવાની ધમકી આપ્યા કરે છે.

જ્યારે ઇતિહાસકર્તાની સ્મૃતિ વા વિસ્મૃતિ બંન્ને વિવેકી હોય, જ્યારે મનુષ્ય માત્રનો સામાન્યાત્મા સ્વચ્છ હોય, મધુર હોય, અને સાચો હોય, ત્યારે આધુનિક ઇલ્યડ કે રામાયણ પુરાતન જમાનાના સ્મરણ સ્મારક લેખે રજુ થાય; પરંતુ જ્યારે સરતભુલ અને સ્મરણ શકિત બેઉ મૂર્ખ હોય, જ્યારે જાતિ સ્વભાવ ગભરાટ ગોંધળથી કિંવા અસાવચટ અને વૈમનસ્યથી અભ્રભ્રમિત્ થઈ ગયો હોય, ત્યારે તમારી આગળ અખણ્ડ અંધકાર સુનકાર પ્રગટ રહે. તોપણ ઈતિહાસના ખરાપણા માટે ઇતિહાસ વાંચનારા કરતાં ઇતિહાસકર્તાઓજ પહેલાં તો સંશયુકત રહે, અને ખરી વાત છુપાવી સહરાગાતને સદરાવે, એટલે જુના ઇતિહાસ ઉપર કોઇને એકદમ યકીન બેસતું નથી. કેમકે ફ્રૅાડ કહે છે તે પ્રમાણે, પાછલા યુગો વિષેની આપણી અટકળો અને અડસટા કેવળ વાસ્તવિકજ હોય એ બનવું માત્ર મુશકેલજ નથી, પણ અશકય છે. હીરોદોતસ તો તવારીખનવેશ ગણાઇ ગયો, અને તેના અનુમાનો તો ખાત્રિ ગણાઈ, પણ આજે તો મેકૅાલે જેવાની ખાત્રિ, તે અનુમાનો ગણાવાનો જમાનો છે. પણ વળી સૌથી જુના તવારીખ નવેશો, પુજ્ય બેડી (૬૭૨–૭૩૫), પોઈસ્યર્સનો વીલ્યમ (૧૦૨૦–૧૦૮૮), ઇંગલફસ (૧૦૩૦–૧૧૦૯), અને સર જૉન મેન્ડેવીલે (૧૩૫૬), એઓના કથાઓ જેવાં વૃત્તાંતો ગ્રીક તવારીખના પેદર હીરોદોતસ (ઇ. સ. પુ. ૪૮૪–૪૦૮), અને ફ્રેન્ચ ઈતિહાસના પિતા ઍન્દ્રે ડયુકેન (૧૫૮૪–૧૬૪૦), એઓને અકેકના બ્યાન જુદાંજ રૂપ સ્વરૂપમાં દેખાયાં. અરે, આપણી આગળ આજે જે બનાવો હાલ બને છે તે પણ આપણે એક આંધળા કાચમાંથી જોઈ સકયે છીએ. કપડ દેખાતી વસ્તુ

વીશે પણ તેનો ખરો ચિતાર ચિત્રામ તે પેહેલાં તો આપણું મન અને આપણી આંખ તેમાં કાંઈક ફેમેરવા મંડી જાયછે. અને પછી ઈતિહાસિક શોધોમાં સર્વોત્તમ સાક્ષરો કરતાં અવિધ અજ્ઞાનો વિશેષ લાભ મેળવી જાય તેમાં નવાઈ શી ? જેઓ સર્વોત્કૃષ્ટ માહિતી ધરાવનારા છે, તેઓ સર્વોકનિષ્ટ અનુકુળતા ધરાવે છે. રાજા ભર્તહરિને જ્યારે માત્ર વ્યવહારિક જ્ઞાન હતું ત્યારે પાનિનીના વ્યાકરણ ઉપર ઉત્તમ ટીકા લખ્યા, પરંતુ ફીલસુફીની રૂએનો પરિપકવ અભિયાસ કરવા માંડયો, ત્યારથી તેને તે કંઈજ જાણતો નથી એમ જણાયું. જેમ જેમ આપણે ઉંડો અભ્યાસ કર્યે તેમ તેમ આપણે કંઇજ જાણતા નથી એવા નિશ્ચય ઉપર નિર્ણય કર્યે છીયે. આજે પણ આપણે બધા લખ્યે છે, તે પારકાઓનું લખાયલું, બોલાયલું, અને સમજાયલું લખ્યે છીયે, આપણું પોતાનું તો એક વાકયએ લખી શકતા નથી. " I am but a gatherer, and a disposer of other men's stuff. " કાળજી પૂર્વક સંશોધન કરનારા ઉત્તમ શોધકો રસ્તાઓ ચુકે છે, તેમની પછાડી ચાલનારા તેજ રસ્તે મુસાફરી કરે છે. સેક્ષન રાજાઓના વૃત્તાંત, ડેવીડ હ્યુમ જેવાની આંખમાં કામડા શીડીની ઝપાઝપી કે ઝટાઝટિ જેવું લાગ્યું ! પુજ્ય માહાત્માના ટિપણાં માટે ઈંગ્લંડના પાદશાહી મેહેલોમાં લિખવેલા સાઠ સાધુઓ અને સો શ્રવણ ગુરૂઓ વિષે વર્ણન કરીને ફાધર ન્યુમન જેવો પાદરી અધમ ઈંગ્લંડના અભિમાનનું માન ખંડણ કરે ! એકજ સૈકાના વિચાર મતમાં આ કેવો તફાવત ? હવે ત્યારે તવારીખ શિક્ષકોના સંશય, શિષ્યો માટે કેવી ભારી ભુલભુલાંમણી થઈ પડે, તેનો વિચાર કરો ! અરે તેના કરતાં પણ વિશેષ વિચિત્ર દ્રષ્ટાંત શો, કે ૧૭ મી સદીની ઉથલ પાથલ (Revolution) પેહેલાંની ઈંગ્લાંડની તવારીખ, મેકૉલે જેવા ઇતિહાસકર્તાને મનોરંજક લાગતી નથી ! લૉર્ડ જૉન રસલ જેવાને જગત પ્રસિદ્ધ સુધારો (Reformation) મૂર્ખાઈ અને કૃરતાની સદીઓમાંથી જન્મેલી પહેલ વેહેલીજ પેદાશ લાગી હતી ! અને મી. હેલમના વિચારો તેજ પ્રકારે ઉતર્યા ! તો જોકે, જે વાત વીશે તેઓ આવાં મત જણાવે છે, તે બાબદોનો પુર્ણ અભિયાસ તેમણે કર્યો છે. તેટલીજ કાળજીથી તેજ બાબદોનો કાર્લાઇલે અભ્યાસ કર્યો છે, અને તેને તો અંગ્રેજી આચરણનું મોટપ અંગ્રેજી સાહિત્યના ઉદય સાથેજ નિસ્તેજ થતું જતું; શુરવિરોના વંશ કેવળ નિષ્ફળ થતાં જતાં; અને પરાક્રમ કરવાના જમાનાઓ,

હાલી ભાષણ અને વાઅજો કરવાના હળજુગોની આગળ તાબે થતા જતા જણાયા ! કેમકે બધાજ ઉપદેશ કરનારા નિકળ્યા, એટલે ઉપદેશ લેનારા કોઇ પણ રહ્યા નહીં. ત્યારે તવારીખનવેશોની શી ફરજ રહી ?

એક લેખક કહે છે તેમ, ઇતિહાસ કર્તાઓએ ખુશામદ તરફ ઢળી જવું એના જેવો મોટો દોષ કાંઈ નથી. એક સંપૂર્ણ અને સ્વતંત્ર ઇતિહાસને તો કોઇ એક પણ ડર હોવો જોઇએ નહીં. દોસ્તીને માટે કે દુશમનીને આરૂ સચ્ચાઇ શિવાય કંઇપણ લખતાં પોતાની કલમને ત્રાજવાંની દાંડી માફક સમતોલ રાખવી જોઇએ. તેના કારણમાં પીટર-બરોવાલો ફીલસુફ પૅલી, અનુમોદન કરતાં કહે છેકે, જાહેર તવારીખ છે તે સરંસાઇને માટે ઝોંકાવનારાઓ વચ્ચેના ટંટા ફેસાદ, મૂર્ખાઇઓ, દુર્ગુણો, નાશિપાસીઓ અને ફત્તેહોની નોંધ છે. એટલા માટે વિલ્મોટ કહે છેકે, ઇતિહાસનું અધ્યયન તે સાહિત્યનો અભિયાસછે. એક પ્રજાનું વૃત્તાંત તે તેના સઘળા કામોને અંગિકાર કરનારૂં છે. નજીવી વાત પણ છોડી દેવામાં આવતી નથી. ફુગ ચઢી રહેલો એક પદક, તે વીતી સદીઓનો એક પત્ર છે. ઘસાઇ પીસાઇ રહેલા તબરરૂક, તે કદીમ તવારીખના ચુમી લેવા લાયક પુતળાં છે. જે મુદ્રાઓને, વખત પોતાના ઘુઘ્રાંનોમાં ઘસડી લઇ ગયો છે, તેના તરફ એક અભ્યાસિ એક ખજાનો મેળવવા જેટલી દ્રઢતાથી જૂએ છે. એક વાસણની આસપાસના જુનાં ચિત્રામણ, એક દેવાળ ઉપરના પૂર્વ કાળના ચિતારા, એક ફિતુરી આગેવાનનો રોષ, એક ઢોંગ સોંગની ટકોર, એક જુની ગઝલનો એક જુનો કાફિયો, એ પ્રત્યેક પોતાનું મહત્વ અને મુલ્ય ધરાવે છે. કોરાનનું ફરમાન છેકે, “ હુબ્બે વતન અઝ ઇમાન. ” પોતાના વતનનો પ્યાર, એ દીનનો એક કલમો છે. વતન ઉપર પ્યાર રાખવો એ એક વાત છે, અને તેની તવારીખ જાણવી એ બીજી વાતછે. એક વતનની તવારીખ લખાયા પછી, તેની માહિતી માંગનારાને, ફલાણું તો કોણ જાણે જોઇને કહું, ઓળું તો યાદ નથી વાંચીને કહું, એવા જવાબ આપવાનો ત્યાંના વતનીઓને હકક નથી. “ એલ્મ દર પોશ્તે ખેશ બાયદ ને દર પોસ્તે મેશ. ” સર્વ માહિતી આપણ્યુ આદમાની પીડમાં હોવી જોઈએ, નહીં કે મેંઢાંની પીઠમાં (કેતાબમાં) ભરેલી હોવી જોઇએ ! એક વક્તાના વેણમાંથી એક કાયદાની કોર્ટ ખોદી કાઢવામાં આવી છે. એરીસ્ટોફન્શની હસાહસમાંથી ઓીસનઃ પૉમ્પીઆઇની શોધ થઈ છે. અને એક ભરવાડની વાર્તા ઉપરથી ઇજિપ્તના પીરેમીદોની સુક્ષ્મિક હિસાબ ગણત્રિની બાંધણી જણાય છે.

ત્યારે તવારીખનો ઉપયોગ અને કિંમત ક્યાં હોય ? બૅરો કહે છે તેમ, જતા રહેલા જુગોની તવારીખો, અથવા પરદેશી સાથનો સંબંધ કે સગાઇ, જેમાં આદમ જાતના વિચાર આચારો દર્શાવેલા હોય છે, તથા તેઓના ક્રમ પરાક્રમોના અનુક્રમો વર્ણવેલાં હોય છે, તે બધું આપણને મનોરંજક અને રમણિય લાગે છે, અને તે પ્રત્યે, હાલના વખતના માનવીઓમાંથી કરવાની શ્રેષ્ઠમાં શ્રેષ્ટ શોધો કરતાં પણ વધારે જ્ઞાન આપણે સંપાદન કર્યે, તથા દોરંગી દુન્યાને સમજ્યે. તેમાંથી આપણે અવલોકન કર્યે, દુરબીન બીન બારીક બીન થઇએ, અને આપણે ઇચ્છિએ તે શખ્સના કૃત્યો મહત્કૃત્યો ઉપર વિન ડરે કે વિન અપરાધે છાપો બેસાડગે. પુસ્તકોની સંખ્યાની સીમાનોતો શુમાર નથી, જેમાં સરસ અને સુધા ઓસમાઓ અને પંડીત કિંવા શાસ્ત્રિઓએ પોતાના અંતઃકરણોનો પરદો ઉઘાડો મુક્યો છે, અને પોતાના ગુપ્ત વિચારો ઉઘાડા પાડેલા છે. તેઓની પૂઠે ચાલવામાં પૂર્ણ પણે આપણે સ્વતંત્ર ઉદ્યોગિ બન્યે, સાને આપણો આળસુ એયાંમ વખાડી અને પરોપકારમાં ખર્ચ્યે, આપણે પોતામાંજ માથું ઘાલ્યે, આપણી પોતાનીજ પ્રકૃતિઓનો અભ્યાસ કર્યે, આપણા વિચારો, વાણી, અને વર્તણુકનો વિચાર કરી પોતાનાજ પ્રયોજનો અને ઉદ્દેશોની પરિક્ષા લઇએ, આપણે પોતાનેજ પીછાંણવાના પ્રયત્નો પૂર્ણ કર્યે; જેમ કરવાને આપણને પ્રશ્નરહિત હકક છે,' જેથી કરીને આપણે મોટો લાભ મેળવ્યે. કેમકે ડા. જૉનસન કહે છે તેમ મનુષ્યની મનશક્તિના વધારાને લગતી, તથા વિવેક બુદ્ધિના પેદરપે સુધારાના સંબંધની, વિદ્યાકળાની વધતી જતી વૃદ્ધિ, કેળવણી અને અજ્ઞાનપણાના વિવિધ ફેરફારો, જે વિચારવંત પેદાશનો ઊજાસ કે અંધકાર છે તે, કારિગીરીની પાયામાલી કે જિર્ણોદ્ધાર, તથા સુધરેલી દુન્યાના મહા ફેરફારને અવલંબેલી બાબદોને લગતી તવારીખના ભાગ જેવો બીજો કોઇપણ ભાગ વધારે મહત્વનો નથી. ત્યારે તવારીખ આપણને કેવા બનાવે છે ?

બેકનતો કહે છે કે, તવારીખો આપણને ડાહ્યા બનાવે છે, અને જેટલાં પરિમાણમાં આપણા દેશ તરફ આપણી સ્વાભાવિક પ્રીતિ ખેંચાય છે, તેટલાં પ્રમાણમાં આપણા વતનની ઘણીજ સપ્રમાણ હકીકતોના મુળો, સુધારા તરફ થતો વધારો, તથા પ્રજા-પક્ષોમાં આપણા વતનની સ્થિતિનું નિચે જવું કે ઉંચે જવું, એ સર્વ બીનાઓથી વધારેને વધારે વાકેફ થવાની આપણી જિજ્ઞાસા ઉશ્કેરાય છે. પ્રથમનું

જંગલીપણા, અંધકાર, અને મુર્તિપૂજનમાંથી વિદ્યાકળા, કેળવણી, અને ધર્મસ્થામાં સુધરેલી સ્થિતિએ આવી જવું, એ એક દેશના ધીમે ધીમે થયલા વધારા વિષે ચોકકસાઈથી પત્તો લગાડવાનું પરમાર્થિ કામ તવારીખનવેશોનું છે; પરંતુ તે બજાવવું બહુ બિકટ છે, અને ઘણાજ થોડાઓ આવા પ્રયત્નમાં ફત્તેહ પામ્યા છે. તોપણ એક કેતાબમાં શું હોય ?

ઉત્તર એજ કે કોરાન અને વેદ માનવી કૃતી છતાં, અનાદિ અને ઐશ્વરિ કલામો કહેવાય છે ! અંજીલે ઇસા અને તંજીલે મહમદ, આદમીની કલમનું કામ છતાં તેને માનનારાઓ પુંજે છે ! ગીતા એ પણ પૂરાણોક્ત ઇતિહાસ છે તોપણ તેને પુંજનારાઓ, તેને સંસાર સાગર તરી જવાની નાવ કહે છે. અવસ્તા એ પણ પુરૂષ–હસ્ત–કૃત છતાં માનનારા તે ઉપર મરી ફીટે છે. એટલુંજ નહીં પણ “ પંદીઆદ જવાં મરદી ” ને માનનારા પંથીઓ તેની અદ્દલાતાલા પેઠે પરસ્તેશ કરે છે, અને ગુરૂ નાનકના ચેલાઓ, શીખ લોકો નો નાનકના બનાવેલા “ ગ્રંથ ” ને ઇશ્વર માના અમૃતસરના સુવર્ણ દેવળના હીરા જડીત ને જર જડીત તખ્તો તાજમાં રાખી ભગવાન રૂપે ભજે છે ! ત્યારે એક પુસ્તકમાં શું હોય ? ઘણું ગમ્મે હોય, અને ખુદાની ખુદરત પણ હોય.

પ્રિય વાંચકો ! નવસારી નાહની છે, પણ તેની તવારીખ મોટી છે. નામે નવી કહેવાય છે, પણ કામે તે જુની છે. જે સપુત પુત્રોને એણે જન્મ આપ્યા છે, તેઓ પૃથ્વિમાં નામવર બેટાઓ નિવડ્યા છે. પૂર પ્રકાશથી પોતાની પ્રસિદ્ધિ પાથરતી પારશી કોમ આજે પોતાનાં જે નામીચાં નંગોથી મોટાઇ અને કીર્તિમાં ઝળકી ને ઝમકી રહી છે, તે નામદાર નમીરાઓનો નામચીન નાળિયો નવરંગ નવસારી નગરીનીજ પાક ભુમીમાં દટાયલો છે. આખા હિંદુસ્થાનનો પેહેલો બેરોનેટ, પેહેલો પાર્લામેંટનો મેમ્બર, પેહેલો નૌકાશાસ્ત્રિ, પેહેલો પારશી દિવાન, પેહેલો જંગલખાતાંનો પૂર્વિણ પ્રોફેસર, હિંદમાં પેહેલો પારશી રાજા, પેહેલો પારશી સુબા, પેહેલો પારશી દેશાઇ, વગેરે વગેરે પેહેલો કહોતો તે નોશારી ભૂમીનો નોશાકરો થયો છે ! નવસારીનો વડો દસ્તુર તે આખા હિંદમાં પારશીઓનો પોપ જેવો કહેવાય છે ! પારશીઓનું પેહેલું અને વડું ધાર્મિક ધામ (Ecclesiastical Seat) આ નવસારીજ ! આખા હિંદમાં જરતોસ્તી ધર્મની સર્વથી ચઢતી પદ્વિની પરિક્ષાનું વડું કામ

(Oxford University જેવી વડી દરેહમેહેર) તે નવસારી! ગાયકવાડ રાજ્યના ઘરનો ઉંબર તે આ નોસારીજ! માલકીપણાના હક્કનું પેહેલવેહેલું જુનું આતશબેરામ, તો કે' નવસારીનું! પારશીઓનું પેહેલવેહેલું ઠર પડવાનું મુખ્ય ઠામ તો કે' નવસારીનું! આખી દુન્યામાં કેળવણીમાં સર્વોત્તમ સ્થાન તો કે' નવસારીનું! આખા હિંદના પીરોમાં સર્વથી શ્રેષ્ટ અને સર્વ પીરોના મુળ પુરૂષનું રેહેઠાંણ તો કે' નવસારીનું! અલી, અબુબકર, ઉસમાન, અને ઉમરના વંશજોના વતનનું મુકામ તો કે' નવસારીનું!

આહા! ત્યારે એની તવારીખ કેવી સુંદર હોવી જોઈએ? તેની નોંધ કેવી નવાઈ જેવી હોવી જાઈએ? તેની કથાઓ કેવી રમણ્ય રહેવી જોઈએ? તે તવારીખ સંપૂર્ણ તો કેમ, કયારે, અને કોણથી થશે? આ નાચીજ કમતર કલમમાં તો તેટલી તાકાદજ નથી. આટલું એક શેહેર, તેની આવડી મોટી તવારીખ! એ ઉદ્દગાર કદાપિ થાય પણ ખરો, તોએ આગળ વધી હું તો કહું છું કે, આટલી તવારીખ પણ અપુર્ણ છે. તવારીખ લખનારાઓને તો જમાનાઓની હકીકત અને બનાવો, જાણે આજેજ થયા કે બન્યા હોય એમ તેની આંખ આગળ રમ્યા ને ભમ્યા કરે છે, અને તે ઉપરથી તેઓ ચકભમ અને ચકચુર થઇ જઈ, હાથ મારે છેકે,' "તવારીખ તારૂં મંડાણ કે છેડો નથી." No beginning no end!

ત્યારે આવી તવારીખની આવસ્યકતા અત્યાર આગમચની હતી, પણ તે બાહાર પાડવાનું આ નિર્જિવ અને નબળી કલમના કિસ્મતમાં લખેલું હશે, તેથીજ આટલું મોડું થયું હશે. આજના Young Navsari ના રંગઢંગના સોંગ જુદાજ છે. નવસારીની તવારીખ, તે પારશીઓના ઇરાનથી નાશી આવ્યા પછીના પેહેલાં પારશી રાજ્યની તવારીખ છે, આખા પારશી ટોળાની તવારીખ છે. એ સબબથી આ વૃત્તાંતમાં જેટલું જોઇએ એટલું પારશીઓનુંજ વર્ણન આવવાનું કારણ છે. શેહેરની હાલતમાંથી ગામડાંની સ્થિતિમાં રહેલું પણ પછી પાછી શેહેરની અવસ્થામાં નવસારીને લાવવાનું કામ પારશીઓનું હતું, અને છે. હીંદુ મુસલમાન અત્રે જે વખતે જીવ જેવા વધેલા નહોતા, એટલે તેઓની તવારીખ જુજ આવે એ સંભાવિત છે. નવસારીમાં અસલ હતું કોણ? હાલ છે કોણ? અને હવે પછી આગળ વધશે કોણ? તેનો જવાબ આપવાનોજ શાનો? તેથી તવારીખે નવસારી તે ગોયા

તવારીખે પારસીઆંને હીંદુસ્તાન છે. અથવા લામકીને ખાતર બોલ્યે તો નવસારીના પારસીઓની તવારીખ છે. એ એહવાસે નવસારી ઉપરથી ઇતહાસ ચિત્રોક્ત પિતા થેઓસવાલા પૉલીગ્નોટસની પેઠે, તેણીને જો એક દેવીના સ્વરૂપની ચિતારવામાં આવે, તો નકશે નવસારી એવો નીકળે, કે જાણે મધ્યમ કદની એક ખુબસુરત દેવી છે. તેને માથે કેળવણીના અગ્નિનું કુંડ ઢગઢગી રહ્યું છે. ડાબા હાથમાં નકલ કરવા નો રાજદંડ ચમકી રહ્યો છે. જમના હાથમાં "સૌમાં હું પેહેલું" એવા નામની પવિત્ર ધર્મપોથી શોભી રહી છે. શરીરમાં બહુ ઇરાંની લોહી ફડકડી રહ્યું છે. નામના જેવા ચોટલાઓનો શાલજોડો ગરદન ઉપરથી છાતી સુધી ઝુલાઈ રહ્યો છે. એક પગલું આગળ ધરી આવેલી ધમકમાં ઉભી રહી છે; અને પાછળે પગે ભારી બેડીનું ઝાંજર ઝળકી રહ્યું છે. જુબાંમાં જીદની જીભળડી હળીમળી રહી છે. અને છાતી ઉપર મોટા શોનેરી અક્ષરે "બધામાં મારો પણ ભાગ છે" એવો લેખ કોત્રેલું કુરતું પેહેરી ઠાઠમાઠના ઘાટમાં ખુલી ખીલી રહી, હસતે મુખડે, વગર ધંધે, ગંભીર ચેહેરે, અને નાજ લાડને લટકે ટેકમાં ઉભી રહી છે.

આ તવારીખ ધારવા કરતાં ત્રણ ઘણી મોટી થઇ ગયાને લીધે, કેટલાક વિષયોનો શિરચ્છેદ કર્યો છે, અને ઘણીક બાબદોને તો રૂખસદજ આપી છે. આ તવારીખ વિષે મારા ખેરખાહ ખાં. બા. હીરજીભાઇ. પી. વાહાડયાજી બી. એ; એલ. એલ. બી. નવસારીના જડજ સાહેબના પ્રમુખપણા હેઠળ મેં ન. જ્ઞા. પ્ર. મંડળી તરફથી લક્ષ્મણ હોલમાં ભાષણ આપ્યું, તે વેળા થયલી માંગણી ઉપરથી તેનું ચોપાન્યું છપાવા માંડતાં ચોપડી થઈ ગઇ, અને તેથી મોડું થયું. વળી મારી સરકારી નોકરીમાંથી મળતી કમ ફુરસદના વખતમાંજ મારો સાહિત્યનો શોખ પૂરો પાડવાની ટક, બીજી અડચણો ભેગી મળતી હોવાથી, ઉતાવળમાં જો કોઇ બાબદનું અધુરાપણું, અંજાણપણું, અથવા ઉલટાપણું, જેબી કાંઇ જેબી કોઈ સાહેબને જ્યારે પણ જેબી કારણથી નજર આવે, તે વિષે જો કમતરીનની ખાત્રિ કરવાની તજદી લેવામાં આવશે તો, આ તવારીખનું બીજું વાલમ કે બીજી આવૃતિ કાઢવાની ઇશ્વર કૃપાથી જ્યારે પણ જોગવાઇ થશે ત્યારે, મારી ભુલમાં સુધારો, વધારો, કે ઘટાડો કરવામાં હું બીલકુલ લજવાઇશ નહીં. કેમકે કોઇ પારકાંની ગીબત કરવાને, કે પોતાનાની ખોટી સ્તુતિ કરવાને આ કલમ પકડી નથી.

જેટલું લખાયું છે એટલું શુદ્ધ અંતઃકરણે લખાવ્યું છે, અને જસ્ટીસ સ્ટ્રેચીએ ટીલક કેસમાં કહ્યું તેમ પ્રસ્તાવના મધથી ભરી અંદર ઝેર ભેળવાને નહીં, પણ અપક્ષપાતપણે નિષ્પ્રહિ રહી આ ઇતિહાસ લખ્યો છે. " આં ખતાહાએ મરા તસ્રહી કુન— અઝ કરમ વઅલ્લાહુ આ-લમ બીસૂસવાબ." મારી જે ભુલ ચુક, ખાંમી ખોડ રહી હોય, તે તમો સમારજો, પછી તો નેકીનો જાંણનાર ખોદા છે. મારા નોશાકરા બંધુઓને માટે ગઇ ગુજરી આગલી પાછલી, અંધકારમાં પડવા લાગેલી નોંધો અને બનેલા બનાવો, પછી તે એક કોમ કે ટોળાની વિરૂદ્ધના યા પક્ષના હોય, તે જાળવી સંગ્રહ બનાવાની નેમ શિવાય બીજો કાંઇ હેતુ નથી, એવો અંતઃકરણથી અદના એકરાર કરૂંછું. કારણકે તારીખ-નવેશ કરતાં તારીકનવેસ થવું એ દુષણ છે. જે કેટલીક બીના એક ટોળાને નજીવી લાગે, તે બીજાને ઉપયોગી હોય તો તે દાખલ કરવાને હું કંટાળ્યો નથી. ચાલુ જમાનાના બનાવોની આજની તેવી નજીવી તારીખો કે તવારીખો જે રજુ કરી છે તે ૧૦૦ વરસની ઉમરે પુગી ઘરડી થશે; ત્યારે તે જુના જમાનાની જુની હકીકતો લેખાશે, માટે આજ સુધીનું જે મળ્યુ તે સંગ્રહ કીધું.

ત્રાહિત તામ્રપત્રો અને ખતપત્રોનું ખાતર નાંખીને, હાલ હવાલ હસ્ત-લેખોના હળવડે ખેડીને, દમબદમ દસ્તાવેજોના દાંખળાં રોપીને, અને પુષ્કળ પુસ્તકોનું પૌષ્ટિક પાણી પાઇને ઉધારેલાં આ તવારીખ રૂપી ઝાડ ઉગા-ડવામાં શેવકનું કામ તો એક ખેડુત કરતાંએ વધારે નથી. છુટા છુટા વિખરાયલા દાંણાનો એકત્ર ઢગલો કરવા શિવાય આ કલમ રૂપી કોદાળી પાવડાથી બીજું કશું થયું નથી. તેમાં પણ ઘણીક મહત્વની માહીતીઓ-માં મારા માંનવંત મુરબ્બી પિતાજી મનચેરજી બરજોરજી દેશાઇની દસ્તગીરી, સલાહ, અને મદદ નહોત તો કદાચજ આ તવારીખી બાળક તંદોરસ્ત હાલતમાં જન્મત. સબબ હું એઓનો વિશેષ ઓસીંમણ થયોછું. મારા મુરબ્બી ઉપરાંત મારા કાબેલ અને માયાળુ મિત્ર ભાઇ રૂસ્તમજી બેજનજી રાનજીની આ તવારીખ બાહાર પડેલી જોવાની અથાગ ઉલટ, મેહેનત, અને ખંતે તેમના હરહંમેશના હેસાનમાં મને હોમાવ્યો છે, અને તેમના પરમાર્થે ટેકા માટે હું એમનો જેટલો આભાર માનું એટલો થોડો છે. હું એમનો ઉપકૃત રહો છું. વળી આર્યવિજય પ્રેસના માલેક એચ. પી. પારેખની કુંપનીએ પોતાના છાપાકળાના કામેલ-અનુભવે, અને તેમની મોકળા ન ભુલાય એવી ખાસ મદદે મને શાંત-

પણ આ કામ પાર પાડવા દીધું. એ સંવ ભલા શુભેચ્છક સુરાજ્ઞાનિ હું ફરી ફરીને ઉપકાર માનું છું. એ શિવાય દેશ પ્રદેશના જે કદરદાનોએ આ કામમાં મને મદદ આપીછે તેઓનો, તથા જે જે કર્તાઓની મદદ મેં લીધી છે તેતેના કર્તાઓનો, તથા આગમચથી ગ્રાહક થઇ ઉત્તેજન આપનારા સાહેબોનો હું ઉપકારી છું. "નવેસ્તે બેમાનદ સીઅે બર સુફીદ, નવેશંદેરા મેસ્લ ફરદા ઉમીદ. મન નવેશ્તમ, સર્ફ કર્દમ, રોઝગાર; મન નમાનમ, ઇન બેમાનદ પાએદાર." ધોળાં ઉપર કાળું થયલું તો રહી જાય છે, અને લખનારને તો કાલની પણ ઉમેદ નથી. મેં તો લખ્યું, પણ મેં તો મારો વખત પૂરો કર્યો. મેં તો મારા વતનની થોડીક ફરજ્યાત સેવા બજાવી. હું તો નથી રેહવાનો, અને એતો કાયમ રેહવાનું.

શો૦ સ૦ દેશાઈ.

તવારીખે નવસારી.

"'Twas here I spent my youth, as far removed
From the great heavings, hopes, and fears of man,
As unknown isles asleep in unknown seas.
Gone my pure heart, and with it happy days,
No manna falls around me from on high;
Barley from off the desert of my life
I gather patience and severe content."

વતનથી વાહાલું શું છે ? વતન વગરનું કોણછે ? વતન શિવાય દુનિયાંનો છેડો કયો છે ? વતન જેવાં અમુલ્ય રતનની જતન કરવી. એ એક એવી પવિત્ર ફરજનું કરજ અદા કરવાની ગરજ આપણ આદમીઓને માથે આવી પડીછે, કે જે કરજ ચક્રવાર્ધિ વ્યાજ સિકકે ભરી દેવાની આપણને હોંશ આવેછે. મનુષ્યના ખુદરતી ખવાસમાં વતનની પ્રિત છેક અંદરવેર જડ ઘાલી બેઠીછે. કવિ ગોલ્દસ્મીઠ કહેછે તેમ, પરમેશ્વરની આંગળી હંમેશાં આપણું વતન બતાવ્યા કરેછે, અને આપણને કહેછે કે, " તારી દુન્યાંઇ મોજમજાભોગવવાની જગા પેલ્લી રહી ! " કોઇ પણ એવો આપણે બતાવી શકશું કે જેને પોતાના ગમે એવાં કંગાળ વતન શિવાય બીજે કેઠે સુખ મલ્યું હોય ? પારકી ભૂમી ઉપર પાદશાહી કરવા કરતાં વતનની ગરીબાઇ કોણ પસંદ કરતું નથી ? આદમી આખો ભવ પરદેશો ખેડી, છેવટની જીંદગી ગુજારવાથકી દુન્યાંનો છેડો પોતાના વતન આગળ આવેલો ગણી ત્યાં આવવાની ખાહેશ કરે છે.

" હબ્બુલ વતન અઝ મુલ્કે સુલેમાન ખુશતર,
ખારે વતન અઝ સુમ્બુલો રેહાંન ખુશતર;

યુસુફ કે બ મીસર પાદશાહી મી કર્દ,
મી ગોફ્ત, કે ગદા બુદને કેનાંન ખુશતર. ”

યાનેકે, સુલેમાન પાદશાહના મુલક કરતાંબી આપણું વહાલું વતન ઘણું ખુશાલ લાગેછે. આપણા વતનનો એક કાંતો, સુમ્બુલ અને રેહાન જેવાં સુગંધીદાર ફુલપાન કરતાં વધારે ખુશનુમા લાગેછે. યુસુફ, જે મીસર દેશની પાદશાહી કરતો હતો, તે કહેતો હતો કે, “ કેનાંન નામનું જે પોતાનું વતન છે, ત્યાંના ફકીર થવું ઘણું ખુશાલી ભરેલું છે. ”

બર્ક જેવા વકતાને માન અને કીર્તિનું સુખ શું ઓછું હતું ! **બાયરન** જેવા કવિને દુન્યાંનું કયું સુખ મલવાનું બાકી હતું ! **ચેસ્ટરફીલ્દ**ને હુદદો મુદદો, પૈસોટકો, અને વિદ્યાજ્ઞાન શું થોડાં હતાં ? તોપણ તેઓને વતનથી દુર હોવાનું દુઃખ કમી નોહોતું. એવું જે પ્યારૂં વતન તેની લુખીસુકી તવારીખ લખવાનું કામ પણ કેવું હર્ષિત લાગે છે, તેતો હું જાંણુંકે મારૂં હૃદય જાંણે. બીજાં શેહેરો કે કસબાઓએ પૃથ્વિના તખ્તા ઉપર ગમે એવાં પરાક્રમ કરી બતાવ્યાં હશે, તે બધા કરતાં હમારી નવરંગ નવસારી નગરીએ નાના પ્રકારના કરેલાં નાહના કામો હમને બહુ મોટાં લાગેછે.

માણુસને માટે એટલુંતો થવુંજ જોઈએ, કે જે શેહેરમાં કે જે ભૂમીમાં પોતે જન્મ લીધો હોય, અથવા જે ભૂમીને વતન ગણવાનું માન હોય ત્યાંની તવારીખ જાણવી અને આગલી પાછલી હકીકતથી વાકેફ રહેવું. આપણે પ્રથમ આપણા પોતાના ઘરની, પછી પોતાના કુટુંબની, પછી પોતાના ટોળાની, પછી પોતાના નેઆગાંનોની, અને પછી પોતાના વતનની તવારીખ પેહેલી જાંણવી જોઈએ. બાદ આપણા રાજ્યની, બાદ આપણી શાહાનશાતની, બાદ આપણાં દેશની હકીકત જાંણવી જોઈએ. વલતી આપણા ખંડનો, વલતી આપણા દેશ સાથ સંબંધ રાખનારા દેશોનો, અને વલતી આખી દુન્યાંનો ઇતિહાસ જાંણુવો જોઇએ. ઉપર બતાવેલાં અનુક્રમથી આપણા દેશમાં તવારીખ શિખવવામાં આવતી નથી. આપણાં કોમળ બચ્ચાં આજે પોતાના ગામનું પાદર કઇ દિશાએ આવ્યુંછે, પોતાના પુર્વજો કોણ થઇ ગયાછે, તેનું જ્ઞાન જેટલું ધરાવતાં નથી, તે કરતાં વેહેલું ને પેહેલું જરસી–ગર્નસી

ના ટાપુઓનું અથવા વીલ્યમ કે હેનરી રાજાઓનું જ્ઞાન ધરાવે છે. આપણાં કુટુંબ અને નેઆગાંનોની તવારીખ શિખવાની નિશાળ તે આપણું ઘર છે, પણ વતનની તવારીખ શિખવા માટે આવાં પુસ્તકો, એજ તેમની નિશાળ છે. મારા મિત્ર પ્રો. નથુ મંછાચંદ કહેતા હતા, કે અમેરીકનો સ્વદેશભક્તતો એટલા બધા છે, કે કોઇ પરદેશી મુસાફરને નાહનાથી મોટાં પેહેલો સવાલજ એ કરેછે કે, "તમોને હમારૂં શેહેર પસંદ પડયું કે?"જો તમે હા કહી, તો તુર્તજ ખુશીમાં આવી જઇ અમેરીકાને જેનરલ જ્યોર્જ વૉશીંગટને સ્વતંત્રતા અપાવી તે અગાઉની અને તે પછીની અમેરીકાની હાલતવીશે તૈયાર કરેલાં ગાયણો તેઓ ગાઇ જઇ અમેરીકાની આખી તવારીખ બોલી જાય છે! એ તવારીખ ભરવાડા કહો, કે નાહના બચ્ચાં કહો, તે સર્વે મોંઢે જાણે છે! વળી શેવકે જાતી અનુભવ સિદ્ધપુરમાં લીધો છે. ત્યાં તમે રૂદ્રમાલા જોવા જાવ, તો તુર્ત બ્રાહ્મણોના નાહના મોટા છોકરા અને પુરૂષો આવીને એક પૈસાને ખાતર એક પોંવાડો ગાવા મંડી જાય છે, જેમાં સિદ્ધપુરની અને રૂદ્રમાલાની તમામ પેહેલ્લેથી છેલ્લે સૂધી હકીકત શાલવાર બનાવો સહ સમાયલી હોય છે. હું ધારૂં છું કે આ તવારીખ ઉપરથી કોઇ સારો કવિ એવો એક ગરબો, ગાયણ, કે ગીત જોડી કાઢે તો આ તરફના નકલ કરવામાં પહેલા એવા પારશી પોર્યાઓ તુર્ત મોંઢે કરી ગાઇ જશે, જેથી બે અર્થ સચવાશે. ગાયણનું ગાયણ ગવાશે, ને તવારીખની તવારીખ શિખાશે.

એક શેહેર કે દેશના વતનીઓ ઉપરાંત, જે શેહેર કે દેશમાં જે અમલદારો હકુમત ચલાવા જાય, તે શેહેર કે દેશની માહિતી તેઓએ ત્યાંના વત્નિઓને પુછીપરછી ને લોક સ્થિતિ તથા સ્થળ સ્થિતિથી વાકેફથવું અવશ્યનુંછે, અંગ્રેજસરકારમાંતો ખાસ એક નિયમજ થયલોછે કે, કલેકટરે આસીસ્ટંટ કલેકટરે—કે મામલતદારે સર્વ અધિકારીઓએ, જ્યાં પોતાની નેમણુક થાય ત્યાંના પટેલ, મુજુમદાર, દેશાઇ વગેરેથી ત્યાંની હકીકતથી વાકેફ થઈ રહેવું. આ કમીનો લખનાર નવસારીનો એક દેશાઈ હોવાથી, જે સાહેબો ત્યાંની તવારીખથી અંજાણ હોય તેઓને મારી નાકેશ જાંણમાં જે કાંઇ આવ્યું હોય તે જણાવવાની ફરજ સમજું છું. પારશીપ્રકાશ–બરોડા ગેઝેટયર--દીનએહમાજદયશ્નની--વગેરે કેતાબો, તથા રારગોફ-

તાર—સત્યમિત્ર વિગેરે પેપરો તથા ઘણાક ખતપત્રો, દસ્તાવેજો, અને તામ્રપત્રો ઉપરથી આ નાહની નોંધ એકઠી કરવામાં આવી છે. નવસારીનું નામ આજે પારશીઓમાં અને આખા ગૂજરાતમાં નવરંગ અને મોહક થઇ પડેલું હોવાથી, પારશીઓનેતો વહાલું ને પુરાંણું પારશી—વતન નવસારીજ લાગે છે. વાહાલાં થવાના કારણો પણ છે.

નવસારીનું નામ.

કાંઇ પણ બાબદ જણાવતાં પ્રથમ તેનું મૂળ તથા તેના નામનું મૂળ જાણવાથી તેની અરધી હકીકતતો સમજાઇ જાય છે. "**નવસારી**" એ નામ આ ભૂમીનું પડયું તે અગાઉ તેના નિચે પ્રમાણે ૭ નામો પડેલાં હતાં.

૧—નાગવર્ધન.
૨—નાગશાહી.
૩—નાગશારક.
૪—નવસરેહ.
૫—નાગમંડળ.
૬—પારશીપૂરી.
૭—નવસારી.

૧—**ધારાનગરી** અને પાછલથી ધારગરીના મોટાં રાજનો રાજા **પલકેશીવલ્લભા** કે જે નવસારી પાસેના **ધારગરી**માં ૧૦૦ બરસ ઉપર રાજ્ય ચલાવતો હતો, અને જેથી નવસારીનું એક રાજ ગણાતું હતું તેના દિકરા **ધારાશ્રય**, કે જેના નામ ઉપરથી પલકેશી

વલ્લભાએ **ધારાનગરી** અને પાછલથી અપભ્રંશ થયલું **ધારગરી** એવું નામ પોતાની રાજધાનીને આપ્યું હતું, તે ધારાશ્રયના બેટા **શ્રયાશ્રય સલાદિત્ય** યુવરાજનો જે ગુરૂ તેનું નામ નાગવર્ધન હતું, અને તે હાલની નવસારી ખાતે પોતાનું થાંણુક રાખી ઇશ્વરભજન કરતો હતો, તે ગુરૂના નામ ઉપરથી આ ભૂમિનું પ્રથમ નામ " **નાગવર્ધન** " પડેલું જણાય છે.

૨— **નાગશાહી**— નવસારીમાં શાહાનકુવાને નામે ઓલખાતા લત્તા તરફ જે ઠેકાંણે આજે પણ " નાગતળાવડી " ને નામે જે જગા હજુ હૈયાત છે, ત્યાં એક જબરદસ્ત નાગ વસતો હતો, અને તે પોતાના પુંજારીઓ શિવાય કોઇને પણ પોતાના રેહેઠાંણ આગલ નજીક આવવા દેતો નો'તો, તે ઉપરથી આ ભૂમીને " **નાગશાહી** " યાને નાગની હકુમતની ભૂમી એવું હિંદુઓએ નામ આપેલું જણાય છે.

૩— **નાગશારક**—ઉપર જે નાગની મોટી હકુમત જણાવામાં આવીછે, તે નાગને **નાગશારક**ની મોટી ઉપમા આપવામાં આવી હતી, અને તેની હકુમત આ ભૂમી ઉપર ચાલવાથી એ નામ પડેલું જણાય છે. નાગસારક એ સંસકૃત **નાગસારિકા**નું અપભ્રંશ છે; **નાગ** એટલે કાળો સર્પ, અને **સારિકા** એટલે મેના નામનું પક્ષી, જેને અંગ્રેજીમાં Canary bird કહેછે તે. એ વિષે મારા વિદ્વાન મિત્ર મી. બાળચંદ્ર રવીશંકર જોશીનું કહેવું એવું છે, કે નવસારીનું અસલ નામ નાગસારિકા કહેવામાં આવે છે તે નાગસારિકા નામ શી રીતે પડયું, તેને માટે જુદી જુદી ધારણાઓ છે. તેમાંની એક રમુજી પણ બંધબેસ્તી વાત નીચે પ્રમાણે છેઃ—

જેમ હાલના ભારત રાજનગર કલકત્તા શેહેરના નામમાંજ, તે નામ શી રીતે પડયું, તેનો કાંઈક વાર્તિક ગુપ્તાર્થ રહ્યો છે, તેમ આ આપણા નાગસારિકા નામમાં પણ છે. જે નાગતલાવડી વિષે કેટલુંક કહ્યું છે, તેજ નાગતલાવડીની ઉંચી પાળ ઉપર ઘણા જુના વખતમાં એક મોટું વિશાળ અને ઘણું જીર્ણ પિંપલાનું ઝાડ હતું. કહેછે કે આ ઝાડનું થડ ઘણું જાડું હતું; અને તે ત્રણ માણસની બાથમાં પણ ન આવે એવું હતું. આ થડના પોલાણમાં એક મોટો નાગ રહેતો હતો. જેમ ઝાડ ઘણું જુનું હતું, તેમ પેલો ભુજંગ પણ ઘણોજ વૃદ્ધ અને

તે ઝાડમાં ઘણા લાંબા વખતનો વસનાર હતો; તાપણ આ ઝાડનો એકલો માલીક આ સર્પ ન હતો; જ્યારે તે છેક નીચેના ભાગમાં વસતો હતો ત્યારે છેક ટોંચપર વસનાર એક સારિકા પક્ષિ હતું. તેણે એક ઘટાદાર શાખા ઉપર પોતાનો માળો કર્યો હતો. આ નાગ અને સારિકા એકજ ઘરમાં રહેનાર હોવાથી પરસ્પર કેવળ પરિચિત થઇ ગયાં હતાં. અરે તેઓ એક એકના મિત્ર થઈ ગયાં હતાં; મિત્ર ભાવ એટલો વધ્યો હતો, કે સારિકા કયારે પોતાની દિનચર્યામાંથી પરવારે અને ઝાડના પવનથી હાલતી દાંખળી ઉપર બેસી હિંચકા ખાય, તેની તે નાગ આતુરતાથી રાહ જોયા કરતો હતો. આમ થવાનું કારણ તે સારિકાનો સ્વાભાવિક ગુણ હતો. સારિકા અથવા જેને સાધારણ વર્ગ મેના પંખીના નામથી ઓળખે છે, તે મધૂર કંઠનું ગાનારૂં પંખી હોય છે, એ સર્વે પ્રસિદ્ધ છે. તેજ પ્રમાણે નાગ ગાયન સાંભલવાના બહુ શોખી હોય છે, એ પણ કોઇને અંજાણ્યું નથી. એકનો ગુણ અને બીજાનો શોખ એ બંન્ને વાતનો મેલાપ, નાગ અને સારિકા, એ બે વચ્ચેનું સ્વાભાવિક વૈર ભુલાવી મેલાપ કરાવવાને સાધનભૂત થાય એ કાંઈ નવાઇ ભરેલું નથી. સારાંશ કે જ્યારે આ સારિકા પક્ષી આ પિંપલાના ઝાડની ઉંચી દાંખળીપર બેશી પોતાનું ગાયન શરૂ કરતું, કે નાગ તત્કાળ પોતાના રાફડામાંથી નિકળી તેના ગાયનની જાણે તાલ આપતો હોય, એમ પોતાની ફેણ આમ તેમ હલાવતો; તે ગાયનમાં તદન ચકચુર થઇ બેસતો; તે એટલે સુધી કે આ વિચિત્ર ખેલ જોવાને લોકના જમાવની પણ જરા દરકાર કરતો નોહોતો.

નાગસારિકાનો મેલાપ જે સ્થળે લોકોના જોવામાં નિત્ય અથવા દિવસમાં બે કે ત્રણ વાર આવતો, તે ઉપરથી તે સ્થળને તેજ પ્રસંગ ઉપરથી લોકો **નાગસારિકાને** નામે ઓળખવા લાગ્યા. આ રીતે આપણી આજની નગરીનું પ્રાચીન નામ પેલા નાગ અને પેલી સારિકા ઉપરથી પડેલું છે એમ જણાય છે.

૪.—**નવસરેહ**— મુશલમાનોની જ્યારે પેહેલવેહેલી આ ભૂમી ઉપર પધરામણી થઇ તે વખતે નવસરેહ યાને નવું મથક અથવા નવીન સરાહ અથવા નવું રેહેઠાંણ એવું નામ પડયું. વળી કેટલાકોના કેહેવા પ્રમાણે આ ભુમી ઉપર મુસલમાન રાજ્ય વખતે જૂદી જૂદી ૯ નવ

સરાહ સ્થાપવામાં આવ્યાં ઉપરથી **નવસરેહ** નામ પડેલું છે.

પ.—**નાગમંડળ**—આ ભૂમીપર અસલથીજ પૂજ્ય નાગો કે જેમને હિંદુલોકો માનતા હતા, તેમનું મંડળ ને મંડળ રેહેતું હતું, અને જેમના દર્શનાર્થે સિદ્ધરાજ જયસીંગ વટીક આવી ગયલો છે એવી વડાઇ લેવામાં આવે છે; અને એ કથાને રા. સા. મહીપતરામ રૂપરામની "સધરા જેસંઘ" વાલી કથારૂપી તવારીખ ઉપરથી ટેકો મળે છે. એ નાગોના રેહેઠાંણવાલી જગાને નાગમંડળનું નામ આપવામાં આવ્યું હતું.

મી. જોશી એ નાગમંડળ અર્થને માટે એક નવી વાત કહે છે. નવસારીનું પ્રાચીન નામ નાગમંડળ શીરીતે પડયું, તેનો સત્તાવાર પુરાવો નીચે મુજબ છે. એ નામ પડવાનો સંબંધ, નવસારીની અંદરના અસલના હિંદુ રહીસોમાંથી બ્રાહ્મણ કોમની ઘણા જુના કાળથી ચાલતી આવેલી એક બે સભા સાથે જોડાયલો છે. તે વિષે પ્રથમ થોડું જણાવાની જરૂર છે.

નવસારીમાં અસલના હિંદુ રહીસોમાં બ્રાહ્મણો મુખ્ય છે. આ બ્રાહ્મણોમાં બે વર્ગ છે. ગુજરાતી બ્રાહ્મણો તથા દક્ષિણી બ્રાહ્મણો. બીજો વર્ગ જે દક્ષિણી બ્રાહ્મણોનો કહ્યો, તે તેના નામ ઉપરથીજ જણાઇ આવે છે, કે તેઓ પ્રથમ દક્ષિણમાં એટલે મહારાષ્ટ્રમાં વસતા; તેથી તેઓ દક્ષિણી કહેવાય છે. મરાઠી રાજ્યના વખતથી તેઓનો પગ પેસારો ગૂજરાતમાં થવા લાગ્યો; અને જ્યારથી પેશવાનો અમલ ઝામ્યો, ત્યારથી તો તેઓની સંખ્યા ગૂજરાતમાં ઘણી વધી ગઇ. અને એ પ્રમાણે નવસારીમાં પણ તેમની વસ્તી થઈ, અને તેઓ દેશસ્ત થઇ પડયા. હવે ગૂજરાતી બ્રાહ્મણોના પાછાં બે ભાગ થાય છે.

અનાવલા બ્રાહ્મણો, જેને ભાઠેલા કરીને પણ કહે છે, અને જેમની ઉત્પત્તિ પણ આ નવસારીજ પ્રાંતને આભારી છે, કેમકે નવસારી પ્રાંતના મહુવા તાલુકાના ગામ અનાવલમાં તેઓ પ્રથમ થયા ઉપરથીજ અનાવલાની સંજ્ઞા થઇ છે તે, અને મોઢ બ્રાહ્મણો. અનાવલા બ્રાહ્મણો ઘણું કરીને ખેતીનોજ ધંધો કરતા; પણ મોઢ બ્રાહ્મણો જેમને ચાતુર્વેદી મોઢ કહે છે, કેમકે તેમના પૂર્વજો ચારે વેદ મોંઢે રાખતા. તેઓ માત્ર વિદ્યા શીખી રાજ્યઆશ્રયથી કે પ્રજાની મદદથીજ પોતાનો ગુજારો ચલાવતા. તેઓ જોતીષ, વૈદક, વ્યાકરણ કે કર્મકાંડ

શીખતા, અને હજુપણ તેમાંના ઘણાકો એજ એલમ શીખી પોતાનો નિર્વાહ ચલાવે છે. આ મોઢ બ્રાહ્મણો અસલ અમદાવાદ તરફ આવેલાં મોઢારા ગામના વતની હોવાથી મોઢ કહેવાય છે. અને ત્યાંથી જુદાં જુદાં કારણોથી આ તરફ નીકળી આવી સુરત અઠ્ઠાવીશીના ઘણા ગામોમાં આજ ઘણા લાંબા વખતથી વસ્યા છે.

આગલા વખતની હિંદુ સભાઓ.

આ મોઢ બ્રાહ્મણોમાં બે મોટી સભા છે. તે ઘણા જુના વખતથી હજુ ચાલે છે. નવસારીમાં પણ તેનો ભાગ હતો અને હજુ છે. એમાંની એકને " ચોલા સભા " કહે છે, અને બીજીને " શિષ્ટ સભા " કહે છે. આ સભાઓ હાલની આપણી રાષ્ટ્રીય સભા (National Congress) ને ઘણે ભાગે મળતી છે. અને તે મલવાનો ઉદ્દેશ ઘણે ભાગે એવોજ છે.

સુરત અઠ્ઠાવીશીના જે જે ગામોમાં આ મોઢ બ્રાહ્મણોની વસ્તી છે, તે તે ગામોમાં વસ્તીના પ્રમાણમાં એક બે કે પચ્ચીશ ત્રીશ આ સભાના મેમબરો કે સભાસદો ઠેરવેલા છે. અને એ પ્રમાણે આખી " ચોલા સભાના" ઘણા સભાસદો થાય છે, અને શિષ્ટ સભાના આસરે બસો થાય છે.

આ સભાના સભાસદો પ્રથમ તો વિદ્વાન અને કુલીન ગૃહસ્થોજ થઇ શકતા, તો જોકે હાલ આ નિયમ ઝાઝો સચવાતો નથી. સભાનો કારોબાર સંસ્કૃત ભાષામાંજ ચાલતો. અને સભા મલવાને માટે આમંત્રણ પત્રિકા સંસ્કૃત ભાષામાંજ લખાતી, અને અદ્યાપિ લખાય છે. હવે આપણા મુદ્દા ઉપર આવ્યે.

સુરત અઠ્ઠાવીશીના ઘણા ગામો એવાં કઢંગાં છે, કે તે સંસ્કૃત ભાષામાં લખી શકાયજ નહિ. દરેક ભાષાના વ્યાકરણ જુદાં હોય છે. તેમ સંસ્કૃત વ્યાકરણમાં અમુક છેડાવાલાં નામો હોયતોજ તેના રૂપ ચાલી શકે. સંસ્કૃત નામોના રૂપ ચાલવાને મોટો આધાર તે નામની જાતિ તથા તે નામના છેડા ઉપર છે. ફારશીમાં પણ ઈંગ્લીશ ને બદલે

ઈંગ્લીસ્યા, એવું રૂપ કરવું પડેછે, તેમજ ગૂજરાતીમાં એક રામલો કીકલો કરી હોય તેને માટે લખવામાં " રામલો કીકલોને રૂપીઆ આપ્યા " એમ લખવાને બદલે " રામલા કીકલાને રૂપીઆ આપ્યા " એમ રામલો કીકલો ખરૂં નામ છતાં " રામલા કીકલા " એવું રૂપ કરવું પડેછે. તે પ્રમાણે કઢંગા છેડાવાલાં ગામો સંસ્કૃતમાં શી રીતે આમંત્રણ પત્રિકામાં લખવાં એ પેહેલો સવાલ આ સભા સ્થપાઈ તે વખતે ઉભો થયો. તેથી ગામે ગામના વિદ્વાનોએ મળી એ સભામાં પોતપોતાના ગામના નામ સંસ્કૃત ભાષાને અનુકૂળ એવાં પાડવા ઠરાવ કર્યો. નવસારીને માટે તેઓએ તે વખતથી નાગમંડળ એવું નામ પાડયું છે.

આ નામ પાડનારાઓ વિદ્વાન હતા તેથી તેઓએ એ નામ છેક પોતાની ઇચ્છા પ્રમાણે પાડયાં નથી. પણ જેતે ગામની કાંઇ ખાસ વિચિત્રતા, પ્રખ્યાતી, ગુણ, સ્વભાવિક દેખાવ કે ગૂજરાતી ભાષામાં તે ગામનો જે અર્થ સમાયલો હોય, તે ઉપર આધાર રાખી પાડવામાં આવ્યાં છે. દાખલા તરીકે આપણી પડોશમાંજ બે માઇલ ઉપર આવેલ્લાં આમલી ગામને માટે તેમણે **ધાત્રીપુર** એવું નામ ઠરાવ્યું છે. **ધાત્રી** એ કેવળ સંસ્કૃત શબ્દ છે, અને તેનો અર્થ આમલી (Tamarind) થાયછે. હવે કોઇ પણ ભાષાશાસ્ત્રી આમલી નામ શી રીતે પડયું હશે તેનો તર્ક સહજ કરી શકશે, કે એ ગામમાં આમલીનાં ઝાડો ઘણાં હોવાં જોઇએ, અને તે વાત ખરીજછે. અધાપિ એ ગામમાં આમલીનાં ઝાડો જ્યાં ત્યાં નજરે પડેછે. એજ પ્રમાણે બારડોલી તાલુકાનું એક ગામ " પુણી " નામે છે; તેનું એ શબ્દના અર્થ ઉપરથી **કાર્પાસપુર** નિયત કર્યું છે. **કાર્પાસ** એટલે કપાસ અથવા રૂ; એ રૂની પુણીને મળતા અર્થપરથી પાડયું છે. એજ માફક વલસાડને માટે **ન્યગ્રોધપૂર** નકકી કર્યુંછે. **ન્યગ્રોધ** એટલે વડનું ઝાડ (Banian tree) હવે વલસાડનું નામ પણ વડના ઝાડ સાથે સંબંધ ધરાવે છે. એનું મૂળ નામ વડસોડ એટલે વડની સોડમાંનું એવું જણાયછે. અને તે ઉપરથી અપભ્રંશ થતું થતું હાલ વલસાડ પડયુંછે. એટલે એ ગામમાં અસલ મોટાં વડના ઝાડો ઘણા હતાં. એજ માફક સુરતનું નામ **સુર્યપૂર**, ગણદેવીનું નામ **ગુણદીપિકા** આદિ ઠરાવ્યાંછે. આ ઉપરથી જણાયછે કે **નાગમંડળ** ઠરાવવામાં પણ નાગ સાપની સાથે એ ગામ સંબંધ ધરાવતું હોવાથીજ એવું નામ **નાગમંડળ**

પાડેલું જણાયું છે. આજે પણ સાંઢકુવા નજીકના એક આખા લત્તાને નોંગણ્યું કરી કહે છે.

હવે બીજી અવશ્યની વાત એ રહેછે કે, એ નામ ક્યારે પાડ્યું, આ વાતની શોધ કરવાને આપણે ઉપલી સભા ક્યારે સ્થપાઇ તેનો ખોળ કરવો જોઈએ. ઉપલી સભા પોતાના કારોબારનું કાંઇ દફતર રાખતી નથી, કે એમના નિયમ હાલની સભાઓની પેઠે છાપેલા નથી. જેમાં ન્યાય, વિવેક, અને સત્યતા રહેલાં હોય, એજ તેમના કાયદા. એ સભા મલવાનું સ્થળ પણ એક ઠરાવેલું નથી. એના સભાસદોમાંથી ગમે તે પોતાને ઘેર આખી સભાને શુભ અથવા અશુભ ક્રિયાને સમયે બોલાવી શકે. સભાસદો બે આખા દિવસ બોલાવનારને ત્યાં રહેછે. ધર્મ, નીતિ, વિદ્યા, અને પોતાની જ્ઞાતિ સુધારણાને અર્થે વાદવિવાદ કે ચર્ચા થાયછે. મુકેલા પ્રશ્નનો બહુમતે નિર્ણય થાયછે, પણ તેની નોંધ રાખવાનો રીવાજ નથી. કરેલા ઠરાવ યાદ રાખી, તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરવો એજ તેમનો હેતુછે. એકંદર ઐક્ય અને વિદ્યાની વૃદ્ધિને અર્થે આ સભા સ્થપાયલી માલમ પડેછે. તોપણ હાલ આ હેતુ સચવાતો નથી. કારણ કે તેમાં પોતાના ચઢતા ઉતરતા નંબરને માટે ઘણી તકરારો હાલ હાલ થયા કરેછે. અને તેના ટંટાનો નિકાલ કરવામાં સભાનો વખત પસાર થઇ જતાં જે કરવાનું તે રહી જાયછે.

એ પુરાણી સભાની એક કંકોત્રિનો નમુનો નીચે મુજબ છેઃ——

श्रीगणेशायनम : ।। संवत् १९१९ना वैशाख शुद्ध ५ पंचम्यां गुरौ नवसारीना जो. भगवानने घेर भ्रातृसुत चि. यज्ञेश्वर वगेरेना उपवितमां शिष्ठ समागम कर्या तेनो हांक मारवानो पत्र.

नौसारी

१ भ. भवानीशंकर	६ भ. केशवराम
२ शु. इच्छाराम	७ भ. जडुराम
३ वै. फकीर	८ भ. राजाराम
४ भ. देवशंकर	९ भ. फकीर
५ पं. भवानीशंकर	१० भ. डाह्या

११ भ. मंछाराम	२१ पा. जयशंकर
१२ वै. तुळजाराम	२२ शु. आदितराम
१३ भ. मयाराम	२३ वै. भिखारी
१४ वा. नाणजी	२४ अ. नारायण
१५ जो. भगवान	२५ भ. गोविंदराम
१६ अ. हरिशंकर	२६ वै. जगंनाथ
१७ भ. देवशंकर	२७ जो. गोविंदराम
१८ भ. हरदेव	२८ जों. नरहरिं
१९ वा. जगंनाथ	२९ वै. मंछाराम
२० भ. पुरुषोत्तम	३० शु. प्रेमानंद

હાલ મી. જોશી પણ એ સભાના એક સભાસદ છે. તેમના પેહેલાં તેમના કાકા ગણપતરામ કૃપાશંકર તેના સભાસદ હતા; જેને આજ ઘણાં વરસનો સુમાર થવા આવ્યો છે; પણ તેની પેહેલાં તેમના જોશી કુટુંબના મૂખી પુરૂષ શિવરામ પંડયા તેના સભાસદ હોવાનું માન ધરાવતા હતા.* જેને આજ બસેં વર્ષનો અજમાયશ થાયછે. પણ તેનીએ પહેલાં ઘણા લાંબા વખત અગાઉ એ સભા કાયમ હતી; એટલે એ સભા સ્થપાવાનું વર્ષ આજથી પાંચેક સૈકો પહેલાંનું ગણાવા જાયછે. ત્યારે નાગમંડળ એ નામ આજથી પાંચસો વર્ષ પહેલાનું પડેલું હોવું જોઈએ.

નવસારીમાં વસવા આવેલા વિદ્વાન પારસીભાઈઓ હમેશાં વિદ્વાન બ્રાહ્મણોની સોબત કરતા, તેમની સાથે પોતાના ધર્મની સરખામણી કરતા, ઝંદ અને સંસ્કૃત ભાષાની વચ્ચેનો નિકટ સંબંધ મેલવતા, અને યજ્ઞોમાં આતસની પૂજા થવાથી પોતાની સાથે ઘાડો સંબંધ ધારી તેમનો સમાગમ કરવા વધારે ઇચ્છતા, એ વાત જાહેર છે. આવા સંબંધથી પારસી ભાઈઓએ પોતાના જુના ગ્રંથોમાં નાગમંડળ

---

*એ શિવરામ પંડયા દેશાઈશ્રી ખુરશેદજી તેહમુરજીના મેહેતાજી થતા હતા. અને તે વીશે દેશાઈજીએ પોતાના સ્વચરિત્ર વર્ણનમાં લખેલું છે કે :— "મોટા થાઆ પડવા મુકા ભામણ અધારૂ સવજી પંડા તથા દેઆલ પંડા તાં હીંદી (યાનેકે ગૂજરાતી ભાષા સમજવી) શીખા."

એ નામ પોતાના હિંદુ મિત્રો પાસેથી મેળવી લખેલું હોવું જોઇએ. વળી એ એક મોટા સમાજનું સ્વિકારેલું નામ છે, તેથી તેનો પ્રસાર ઘણો બોહળો થાય એમાં શક નથી. પરંતુ નાગમંડળ એ નામ કાંઇ અસલ નથી, પણ આ રીતે ઉપલીસભાએ પોતાની સવડતાને અર્થેજ પાડેલું છે.

૬—**પારશીપૂરી**— પારશીઓના અત્રે આવ્યા પછી મહા પ્રતાપિ પારશી ચાંગાશાના બાવા **આશા**ની હકુમત વખ્તે આ ભૂમાને પારશીપૂરીના નામથી ઓળખવામાં આવ્યું હોય એમ "દીનએહેમાજદયસ્ની" નામની કેતાબ ઉપરથી જણાય છે.

૭—**નવસારી**—છેલ્લામાં છેલ્લું નામ નવસારી પડેલું છે, અને તે આજ સૂધી તેજ નામે ઓળખાય છે. અને એ નવસારી નામ કેમ પડયું તેને માટે જૂદાં જૂદાં મતો આપણે એકઠાં કરેલાં છે તે નિચે મુજબઃ—

નવસારી શાથી કહેવાયું ?

ક—ફારશી ભાષાનો **નઓ** એટલે નવી; અને એરબ્બી ભાષાનો **સારી** એટલે દાખલ થવું, એવા ફારશી એરબ્બીના મિશ્રથી એ નામ પડયું, કેહવામાં આવે છે. યાને કે જ્યારે ઇ. સ. ૧૧૪૨ માં પારશીઓ પહેલવહેલા ત્યાં પ્રવેશ થયા ત્યારે તેઓએ એ નામ આ ભૂમીને આપ્યું.

ખ—નઓ+સારી એટલે નવી બનાવેલી એવો અર્થ કેટલાક ટુંક ભંડોલ્યા ફારશી ખાંઓ કરે છે. અને સાખ્તન શબ્દ ઉપરથી તે થયલો કહે છે, જે અર્થ ફારશીના કાયદાથી કેવળ અશકય છે. તોપણ આપણે તો જેબી ખોટું ખરૂં તેને માટે કથા કે કાંહાંણી જે બોલાયલું કે લખાયલું હોય, તે વાંચનારાઓના વિચારને માટે રજુ કર્યે છીયે.

ગ— એક ઘણીજપ્રસિદ્ધ કથા અત્રે એવી ચાલે છે કે, ધારાનગરીનો એક જુલમગાર રાજા **ગધેશીંગ**, જેને એ નામ તુચ્છકારથી લોકોએ આપેલું લાગે છે, તે નવસારીમાં હાલ જે જગા મુસલમાંનોના કોટની જગાને નામે ઓળખાય છે, અને જ્યાં હાલ સરકારી ઑસ્પીટલ આવેલી છે, તે જગાએ હવાખાવા સારૂ અને ખરૂં કહીએતો કથા પ્રમાણે અનીતિના કામો સારૂ ધારગરીથી દરરોજ આવતો હતો. તેનો એક એવો બેઅદબ અને નિર્લાજ રો નિયમ હતો, કે નવસારીની જેબી છોકરી પેહેલ

વેહેલી સાસરે જાય, તે એક દહાડો તે રાજાના જનાનખાનાની મેહમાન થઈને જાય. એવો જુલમ ચાલી રહેલો છે. એ અરસામાં મક્કાની હજથી આવેલા નવ હાજીઓ જેઓ નવ સૈયદના નામે આ તરફ ઓળખાયલા છે, તેઓ એક સરાહમાં ઉતરેલા હતા; એવામાં એક ઘરડી દોસી પોતાની નઓજવાન પુત્રિને રોતી રોતી સાથે લઈને મોહલામાંથી શીપાઈઓ સહ જતી તેમની નજરે પડી. આ પ્રમાણે રડવાનું સૈયદોએ જાંણતાંની સાથેજ પેલા શીપાઈઓને હટાવી દઈ દોસીને અને દીકરીને તેમના પંજામાંથી છોડવી. આ ઉપરથી ગઘેશીંગ ગુસ્સાનો માર્યો લશકર સહ લડવાને આવ્યો. નવ સૈયદો તો કથા પ્રમાણે મોટા જાણકાર હોવાથી આંખાં લશકર સાથે લડયા, અને કહે છે કે તોઓના શીર અહિંઆં પડયાં, તો પણ તેમના શીર વગરના ધડો, ગઘેશીંગ સાથે લડતાં લડતાં છેક સુરત સૂધી ગયાં. આ દેખાવ ચોખ્ખાર શિવાય કોઈને દેખાતો નો હોતો. સુરતની એક પન્યારણે રસ્તે જતાં એવો ઉદ્‌ગાર કર્યો, કે "આહા! શીશ વગરના ધડો કેવાં લડે છે"! આ બોલતાંની સાથેજ તે નવે ધડો ભોંય ઉપર પડી ગયાં, અને ફુલના નવ ઢગલા થઈ ગયા. વળી કેટલાકો એજ કથાને માટે એમ પણ કહેછે કે, ધારગરીનો એ જુલમગાર હિંદુરાજા નવસારી મધેના માહાદેવના દેહરાંમાં દર્શન માટે આવતો હતો. અને ધારગરીથી છેક તે દહેરાં સૂધી એક ભોંયરૂં તેણે બનાવ્યું હતું તેમાંથી તે આવજા કરતો હતો.* એ માહાદેવને તે રાજા દર માસે એક જવાન મરદનો ભોગ આપતો હતો. ઇરાનમાં જે પ્રમાણે જુલમગાર ઝોહાક પાદશાહના બદન ઉપરના દરદ માટે બે માણસના દરરોજ ભોગ આપવામાં આવતા હતા, તે પ્રકારનો આ ત્રાસ નવસારીમાં હતો. એક કુંભારના એક પૂરા બેટાનો જ્યારે ભોગ અપાવાનો

---

*એ ભોંયરૂં પુરી નાંખેલું હજુ પણ બજાર મધેની જુમા મશજીદમાંથી જણાયછે, અને મુશલમાનોએ એ દેહરાં આગળ મશજીદના સંદાસો બાંધ્યાથી હિંદુઓએ થોડેક દુર હાલ મશજીદ આગળ જ્યાં દેહરૂં છે ત્યાં હનુમાનની મુર્તિ પધરાવી છે, એમ કથા ચાલેછે. અને જે પ્રમાણે ચાલ્યું આવ્યું છે કે, મુસલમાનોનું રાજ થાય ત્યારે હિંદુના દેવલો તોડાવી તેની મુર્તિના પથ્થરો, પોતાની મશજીદની સીડી ઉપર ઉંધા નાંખતા, કે તે ઉપર પગ મુંકીને કાફરોની બુતપરસ્તીને ધિક્કારતા મુશલમાંનો નિમાજ કરવા જાય; અને જ્યારે હિંદુનું રાજ ચાલે ત્યારે મશજીદો તોડાવી તેના રોડાં દેહરાંની જમીન નીચે પુરી નવેસર પાછી મૂર્તિઓ બેસાડવી. એ નિયમ પ્રમાણેજ નવસારીની આ મશજીદમાં પથ્થરો જડાયલા કેહવામાં આવેછે.

વખ્ત આવ્યો ત્યારે તે જોઇને તેને બચાવા એ ૯ સૈયદો લડયાનું કહેછે. આ નવ સૈયદો તરફના ભક્તિભાવ ઉપરથી આ ભૂમીનું નામ **નવ–સૈદી** પડેલું કહેછે, અને તેનું અપભ્રંશ **નવસારી** થયલું જણાવામાં આવેછે. આ કથાનો સંબંધ હાલના મોટા બજારના હનુમાનના દેહરાં આગલ રેહેનારા એક માલી કુટુંબ સાથે પણ જોડાયલી છે. આ કથા ગમે તેવી હો પણ આટલી વાત સિદ્ધ છેકે, નવ સૈયદોની કબરોને નામે ઓલખાયલી એક જગા નવસારીમાં હાલની પોષ્ટઆફીસની પછવાડેના ભાહેલવાડ મોહલ્લામાં આવેલીછે, ત્યાં બરાબર હારબંધ જે નવ કબરો એક સરખી આંજે પણ આબાદ હાલતમાં આપણને દેખાયછે, તે એ નવ સૈયદોની જણાવામાં આવેછે. અને પેહેલવેહેલી એક ઘણીજ છોણી કબરછે, તેને માટે કહેછેકે, એ કબરો આગલ જે ઝાડ છે, તે ઉપર એ સૈયદોએ પોતાના એક માનીતા પોપટને બેસાડેલોહતો, તે પોપટે જ્યારે પોતાના ધણી ઓનાશીર ઉડેલાં જોયાં ત્યારે ઝાડ ઉપરથી મરણતોલ હેઠલ પડયો હતો તેની એ નાનકડી કબર છે. એ કબરો પેલાં નવ શીરની છે. પણ વળી અજાયબીની વાત છેકે, સુરતની નવસારી ભાગળ આગળ ગોપીતળાવ ના ટેકરા ઉપર નવ સૈયદોના ધડોના નવ ફુલના ઢગલા થઈ પડયાનું જણાવામાં આવે છે, ત્યાં પણ આજે "નવસારીના નવ સૈયદોની કબરો" ને નામે બરાબર હારબંધ નવ કબરો બાંધેલી છે. ગમે તેમ હો, પણ નવસારીનું ઉત્પત્તિસ્થાન એ કથા સાથે પણ જોડવામાં આવે છે. અને જે દહાડે આ નવસારીની નવ કબરોવાલી દરઘાનો ઓરસ થાય છે, તેજ દહાડે સુરતની પેલી નવ કબરોની દરઘાનો પણ ધુમધામથી આજે પણ ઓરસ થાય છે.

ઘ—આગળ જણાવી ગયા તેમ ઘણાંકો એમ પણ કહે છે કે, મુશલમાનોએ અત્રે ૯ સરાહ સ્થાપી અને તેમાં મલેકોને નિમ્યા તે ઉપરથી નઓ એટલે ૯ અને સરેહ એટલે સ્થાન. એ ઉપરથી નઓ સરેહનું અપભ્રંશ નવસારી થઇ ગયું છે. વલી નઓ એટલે ૯નો અર્થ નહીં લેતાં નઓ એટલે નવું, અને સરેહ એટલે ધાંમ; યાને મુશલમાનોનું નવું મથક એમ નામ પાડયું. પછી કોઇ પારશીની નઓસરેહ ગણેછે, અને કોઈ મુસલમાનોની ગણે છે. એ નવ સરાહ પૈકી ૨ મલેશરખાતે–૧ માછીવાડ તરફ–૧ દાંડીવલ ઉપર–૧ કોટ ઉપર–૧ સુરગરોના ઘર તરફ યાને શતાપીર આગલ–૧ ખુરશેદવાડી તરફ–૧ મોટા બજારને નાંકે અને ૧ કુંભારવાડ તરફ એ પ્રમાણે આવેલી હતી એમ

જણાવામાં આવે છે.

ચ—પરંતુ એ બધા અર્થો કરતાં ખરો અને પુરાવે સહિત તથા અક્કલ પસંદ અર્થ એવો કરવામાં આવે છેકે, ઈ. સ. ૧૧૪૨માં, કે પછી તે પહેલાં જ્યારે પારશીઓ આ ભૂમી ઉપર આવ્યા ત્યારે તેઓને અહિંઆંનું હવાપાણી પોતાના ઇરાન દેશ મધેના એક હવાવાલાં મથકને મલતું માલમ પડયું. તે શેહેર, ઇરાન દેશના અલબુર્ઝ નામના પાહાડની પાસે અને કેસ્પીઅન સમુદ્રની દક્ષિણે આવેલાં માઝંદરાનના મુલકની રાજ્યધાંની **સારી** નામનું હતું. ઈરાંનમાં હવાપાણીમાં વખણાયલું શેહેર એ હતું. તેથી આ ભૂમી નકરી જાંણે તે **સારી** શેહેરના જેવી લાગ્યાથી તે પારશીઓએ, એ ભૂમીનું પોતાને માટે વિચિત્ર અને અંજાંણું, એવું નાગમંદળનું નામ હતું, તે બદલીને પોતાને માટે માંહો માંહે ઓળખવાને તેઓએ નઓ-સારી નામ રાખ્યું, યાને નકરૂં **સારી** શેહેર. અથવા નવું **સારી** શેહેર. એ નામ પડયાના ટેકામાં આપણે જણાવીશું કે,

A—જે પ્રમાણે **સસેક્ષ** જેવી ભૂમીમાં સારી હવાની બેહેસ્ત જેવી તરોતાજગીવાલી એક જગા ત્યાં પ્રથમ જનારા લોકોને જણાયાથી, તેઓએ તેને New Heaven યાને “ નવું બેહેસ્ત ” એવું નામ આપ્યું, તથા જે પ્રમાણે યુરોપ-તરકીમાં આ જમાનામાં **નવીબજાર** એવું એક શેહેરનું નામ આપવામાં આવ્યું છે, તેમજ જે પ્રમાણે ન્યુ-ઑલબની—ન્યુફોરેસ્ત—ન્યુયોર્ક—ન્યુબેદફર્ડ—ન્યુબ્રન્સવીક—ન્યુઈંગ્લંડ—ન્યુહેનોવર—ન્યુગ્રેનેદા—ન્યુહોલેંદ—ન્યુમેક્ષીકો, વગેરે શેહેરોના નાંમો પડયાં છે, યાનેકે જે પરદેશી લોકો, બાજા દેશોમાં જઈ પોતાના ગામ જેવું, તે પારકા દેશનું ગાંમ જણાયું તેને નવું ફલાંણું—નવું ચીનું, એવાં New (નવું) વિશેપણથી ઓળખે છે, તેજ પ્રમાણે ઈરાંનનું “ સારી ” તેઓને New Saari જણાવાથી અંગ્રેજી New નહીં, પણ પોતાની સ્વભાષા ફારશીનો **નઓ** વાપરી, તે નવસારીમાં આવનારા ઇરાંનીઓએ તેને **સારી** ગામની ઉપમા આપેલી છે.

B—એના ટેકામાં વળી નવસારીના મેહેરજીરાંણા દસ્તુરના ખાંદાંનના એક વેંહેંચણ પત્રની ખપજોગી નકલ ઉપરથી એ નામની ઉત્પત્તિને પુષ્ટિ મળે છે. તેમાં લખે છે કેઃ——

“ ....તેવાર પછે આંપરો સને ૫૧૧ મા ફરવંદીન મહીનો ને દીનરોજે આપરે નાગમંદલમેં આવી મોકામ કીધો. અને

એ જગાની આંબોહવા જોઈ દશતુરે કહ્યું જે કે જેવી આંપરાં. શારી ગામની ઉતી તે મીશાલેની આબોહવા એ ગામની છે. માંથે . એ જગાનું નામ **નવીસારી** રાખો તે દનથી નવસારી નાગમંદલ લખાઇગી બાકી આગોદરતો નાગમંદલ લખાતુંતું..........પેહેલો નવસારીમાં આવનાર મોબેદ કામદીન જરથોશ. "

એ પ્રમાણે એ પુરાંણા લેખમાંછે. તેમાંથી વલી એમ પણ નીકળેછે કે, નવસારીની ભુમીને " નવસારી નાગમંદલ " એવું સામટું નામ પણ આપવામાં આવતું હતું. પણ ઘણીક ગમ " નાગમંદલનવસારી " એવું નામ તો વપરાયલું છે. એમાં વલી **નઓસારી** ફારશી શબ્દને બદલે ગૂજરાતી શબ્દ " નવીસારી " વાપરેલો છે. પણ **નવું** એ શબ્દનું અંગ્રેજી વિશેષણ New; ફારશી ભાષામાં **નઓ,** અને ગૂજરાતી ભાષામાં **નવી** એવું એકજ શબ્દનાં જેવું હોવાથી એ પ્રમાણે નઓ--નૉ--નવ--નવી--એવા શબ્દો લખાય છે.

C--વળી " તારીખે શાહાંને ઇરાંન " માં જૂદોજ વેહેમ મુંકવામાં આવ્યો છે, કે નવસારીનું નામ પારશીઓ આવ્યા પછી પડેલું હોય, એ બાબદ ઉપર શક બતાવી Bombay Gazetteer દફ. ૧૩ માં કહે છેકે નામીચા ચુનાની ભુગોળ શાસ્ત્રિ ટોલેમીના નકશામાં " નવસારી " નામ આબાદ જણાય છે. ટોલેમીએ ઈસ્વી ૧૫૦માં (યાને લગભગ ૧૭૪૭ વરસની વાત ઉપર) પોતાનો ભુગોલનો ગ્રંથરચ્યો હતો, તે વખ્તે નવસારી કસ્બો એજ નાંમે જાંણીતો હતો, જેને ટોલેમીએ **નરસીપા** (Narasipa) ને નામે ઓળખાવ્યો છે. સર ડબલ્યુ. ડબલ્યુ. હંતરના " ઇમપીરીઅલ ગેઝેટયર ઓફ ઇન્ડીઆ દફ. ૧૦માં જૂઓ. એ પ્રમાણે ઉપલી તવારીખમાં કહેવામાં આવે છે. **નરસીપા** તેજ નવસારી એમ સિદ્ધ કરવામાં આવ્યુ નથી ત્યાં સૂધી એ દલીલને વજન આપી શકાતું નથી. કેમકે એમાંતો નામનો મોટો ફેર છે. પણ એક અંજાંણા સ્વીડીસ લખનારે એકવાર Bombay (મુંબઇ) ને અમેરીકાનું શેહેર જણાવ્યું હતું ! કેમકે અમેરીકામાં Bombay નામની જગા છે ખરી, પણ તે એક ઘણુંજ નાનું ગામડું છે, પણ કોઈ કેતાબમાંથી તેને એ નામ અમેરીકાનું માલમ પડયું તેથી મુંબઇની ખરી તવારીખ ઉપર તેના અજ્ઞાન લખાંણ ઉપરથીજ કાંઇ શંકા લેવાની નથી, બલકે તેના એવાં અજ્ઞાનપણાને હશીજ કાઢવામાં આવ્યું. તેમજ **નરશીપા** ને **નવસારી** વીશે જાંણવું. આબેહુબ એકજ નામના ૨-૪ કે તેથીબી વધારે શેહેરો

એકજ દેશમાં હોય છે, જેમકે **મહુવા** અને **શોનગડ** ગામો જેમ ગાયકવાડી રાજ્યમાં છે, તેમજ ભાવનગરના રાજમાં છે, તેથી શું ગાયકવાડનું મહુવા ગામ તે ભાવનગરનુંખી થોકી બેસાડાય ? માટે જે ખરી વાત પુરાવાથી ચાલતી આવી તે ઉપર એકાએક શક નાંખી શકાય નહીં.

D—જે પ્રમાણે દેલેવર ડીસ્ત્રીકટનું દેલેવર શેહેર ઇ. સ. ૧૬૨૭ માં સ્વીદીસ લોકોએ નવું વસાવી તેનું નામ **સ્ટોકહોમ** આપ્યું, પણ જ્યારે દચ લોકોએ જીતી લીધું ત્યારે તેનું નામ પોતાના શેહેર ઉપરથી New Amsterdam યાને નવું આમસ્તરદેમ એવું આપ્યું, અને વલી તે જ્યારે અંગ્રેજના હાથમાં ગયું ત્યારે તે લોકોએ તેનું નામ New Castle યાને નવો કિલ્લો એવું નામ આપ્યું. તેજ હાલ આપણી નવસારીના થયા છે. કેમકે એ ભૂમિ હિંદુ રાજાના હાથમાં હતી ત્યારે તેનું નામ **નાગમંદળ** હતું, મુસલમાનોના હાથમાં આવ્યું તેમણે તેને **નઓસરેહ** કહ્યું, અને છેવટે પારશીઓ આવ્યા તેમણે તેને **નવસારી** કહ્યું. એ પ્રમાણે એ કસબાના નામની ઉત્પત્તિ છે. જે વાંચનારને અનુકુળ લાગે તે ખરી.

નવસારીની આંગલી સ્થિતિ.

નવસારીની, પારશીઓ આવ્યા તેની સેહેજ અગાઉની અને તે પછી પારશીઓની ચઢતી ચાલી, તેની વચ્ચેના વખ્તની હાલતનો, આસપાસના બનાવો ઉપરથી તથા કેટલાંક જુના ખતો ઉપરથી અને પુરાંણા દસ્તાવેજો ઉપરથી વિચાર કર્યે તો, એ એક તદન નાહનું ગામડું હતું, જ્યાં થોડાં ઘણાં કોલીઓ અને દુબલાંઓના છાપરાં અને હિંદુ તપસ્વિ ગુરૂનું મથક હોવા શિવાય બીજું જાંણવા જોગ કાંઇ નોહોતું, પણ એક પાદરડું જેવું હતું. હાલ મોટા દેશાઇ લોકોનો દેશાઈ મોહોલ્લો જે જગાએ છે, ત્યાં કાછયા તથા કણબીઓના ઘરો હતાં, તે છેક ૩૦૦ વરસની વાત ઉપર પારશીઓએ ખરીદ કરવા માંડેલાં જણાય છે. પાછલથી તે પૈકી ઘણાંક ઘરો દેશાઈ શ્રી તેહમુરજી રૂસ્તમજીએ ખરીદ કર્યાં હતાં. જે જગાએ હાલ દસ્તુરવાડ છે, તે જગાએ કાંઠાપરના કોલી લોકોની વસ્તી હતી, અને તે ઘરો પાછળથી અવાસ્યાના

ખાંદાનવાલાઓએ લીધાં હતાં જેના જુના ખતો હજુ મોજુદ છે, એ દસ્તુરવાડ તેથી કરીને અવાસ્યાવાડ પ્રથમ બોલાતો હતો. સાંગાવાડ—માદનવાડ—બજાંવાડ, તે વખતે નદિપરના મોહોલ્લા ગણાતા, તો જોકે પૂર્ણા નદિ વણે છેટેથી પોતાના મોજા મારતી હતી. એવી કેટલીક હકીકત ચાંગાશા વીશે લખાયલા હેવાલ ઉપરથી જણાઇ છે. એતો ૩૦૦ વરસની સ્થિતિ થઇ, પણ હાલમાં જે જગાએ લક્ષ્મણહૉલવાલી જગા છે, અને જે જગા આજે નવસારીના સૌથી ભરચક વસ્તીવાલા લત્તા લેખે લેખાય છે, તે જગાએ છેક ૫૦-૬૦ વરસની વાત ઉપર જંગલ ઝાડી જેવું હતું, અને તેમાં વાઘ વટીક વસતા હતા, જેમાંના એકને મારતાં મરહુમ શેરાબજી શીરવે ઉરફે વાઘમારૂને ઘણાઓએ જોયલા હજુપણ હૈયાત પુરૂષો નવસારીમાં છે. એ શીરવેને નાનપણમાં જોવાનું આ લખનારને માન મલ્યું છે. તેવણ એક નવાબના લેબાશમાં છુપાયલા એક પારશી શિપાહ બચ્ચા હતા. ત્યારે આજે નવસારી કેમ આવી સ્થિતિ ઉપર આવ્યું, એ સવાલ આપોઆપ ઉભો થાય છે. એક તંવગર તુટે તો દુન્યાંમાં બીજો પેદા થાય, એક વેપારી ભાંગે તો બીજો મંડાય, તેમ એક શેહેર તુટે તો બીજું મંડાય એવો શીરસ્તો તવારીખો આપણને બતાવે છે. "વેરાવળ ભાંગીને મકોર્યું વસ્યું"—"પાવાગઢ તુટયું ને ભરૂચ મંડાયું"——"રાંદેર ભાંગીને સુરત વસ્યું"—એવી કેહવતો આપણામાં બોલાય છે, તેવીજ એક કહેવત જો નવસારીની તવારીખ ઉપરથી જોડયે તો, "ધારગરી ભાંગીને નવસારી વસ્યું," એવી કેહવત આબાદ લાગુ પડતી જણાય છે. નવસારીતો એવી આંડી કે વચમે રાખે ખાડી, એવી મતલબનો પોવાડો ઘરડાઓ બોલે છે, તે શું ? નવસારીની અસલી હાલત એવીજ હતી, કે ટેકડાટેકડીની જગા, વચમાં ભરબજારમાં પાણી જવાની ખીણ, અને લોકો હાલના ગોદાલી ગામની માફક જુદા જુદા ટેકરા ઉપર પોતાના મોહોલ્લાઓ બનાવી વસતાં હતાં. મવોમધીવાલી ખાડીમાંથી ગાડાં અને માણસને રસ્તો કાપવો પડતો હતો, ત્યાં થઈ સેહેલાઈથી લોકોથી જવાતું અવાતું નો'તું. આજની સુધારામાં આગળ વધેલી આપણી માયાલુ સરકારના ધર્મરાજની દોલત આજે આપણે તે ખીણને પગતળે દાબી ધમધોકાર ગાડીઘોડે બેસી, વાડી બંગલે ધસી, તાડીબીડી તાંસી, મરજી માફક ફરહર કર્યે છીએ. વસ્તી વધવા લાગી, એટલે ટેકડાઓની નીચે મોહોલ્લાઓ થવા લાગ્યા.

બાંનાવાડ—કામુશમોહોલ્લો—કોટઉપર વસ્તા મુશલમાનોનો મોહોલ્લો-પટવાશેરી—દડંગવાડ—કુતારનીખડકી—મોરામોહોલ્લો—દામકોમોહોલ્લો અથવા મેહતાવાડ (જુનો)—હોરવાડ—વગેરે વગેરે મોહોલ્લાઓ જૂઓ તો તે ટેકડાઓ ઉપર બંધાયલા છે; જ્યારે દસ્તુરવાડ—દેશાઈવાડ—સાંગાવાડ—કાંગાવાડ—બજાંવાડ—ગોલવાડ—વગેરે નિચાંણના હેઠાંણમાં પડેલા મોહોલ્લાઓ છે. અરે એટલુંજ નહીં પણ આપણો આખો નવસારી પ્રાંત (જેને લગતી થોડીક બાબદો ઉપયોગી અને સંબંધ કરતી હોય તેટલી આ તવારીખમાં આપવાની નેમ રાખવામાં આવી છે) ખુદ "ટેકડીયો પ્રાંત" લેખાયછે. કેમકે, સાલેતનો ટેકરો—સસલા ડુંગરી—ઘોર ડુંગરી—લાંબી ડુંગરી—શરાની ડુંગરી—રાયગઢ વાલો બ્રહ્મા ડુંગર—દીવાણા અખાડા—રાંણીઆ આંબાનો ડુંમરો—સોમકી ડુંગરી—પેટકી ડુંગરી—અંઝાટીઆ ડુંગરી—બીલીમોરા (મોરો એટલેજ ટેકડો. બીલી, અને મોરા, બે જુદાં ગાંમોનું એક થઇ ગયું છે.) વગેરે ડુંગરા ડુંગરી અને ટેકડા ટેકડી આપણા પ્રાંતમાં પુષ્કળ આવેલાં છે. આપણી નવસારીમાં ધર્મક્રિયા ઉપર, બીજીગમ કરતાં વધારે આસ્થા હોવાને લીધે એ ભુમી પવિત્ર ધાંમ કહેવાય છે, અને તે લેખે ઓળખવાને પણ " ટેકડી " એવી સંજ્ઞા વાપરી છે, કે નવસારી તો " ધર્મની ટેકડી " છે. એ પ્રમાણે આ જગાની હકીકત છે. ગોયા દાદરની માફકના મોહોલ્લાઓ નવસારી ધરાવે છે. જેમકેઃ—કાછીવાડી આગળનો દેશાઇવાડ ૧ લું ફાંગ્યું, ૨ જું તેથી જરા ઉંચું પારસવારો દેશાઈ મોહોલ્લો, ૩ જું પગથ્યું " મોટું બાર " ને નામે ઓળખાતો દેશાઈવાડ, ૪ થું પાવડીવાડ વળી ઉંચું, ૫ મું તેથી ઉંચું કુતારવાડ, ૬ ઠું તેથી ઉંચું વલી મુસલમાનોનો કોટ, એ પ્રમાણે ૬ પગથ્યાંના દાદરરોકા મોહોલ્લા છે.

કાળે કાળે એ નવસારીની સ્થિતિ ત્યારે કેવી હતી તેનું એકંદર આડ માત્ર ૧૦૦૦ વરસની તેની તવારીખ ઉપરથી આપણે નીચે પ્રમાણે દોરી શકયે.

નવસારીનું ઝાડ.

૧૦૦૦ વરસ ઉપર.

(હિંદુરાજની ભપકા ભરેલી કારકિર્દિ.)

|

૭૦૦ વરસ ઉપર.

(મુસલમાનોની છુટી છવાઇ હકુમતવાળું નાનું ગામડું.)

|

૫૦૦ વરસ ઉપર.

(જરા રળીઆંમણું પારશી રાજ.)

|

૪૦૦ વરસ ઉપર.

(સુધરતી જતી હાલતનું જુલમગાર મુગલાઇ રાજ.)

|

૨૫૦ વરસ ઉપર.

(મહત્વ ધરાવતું ગાયકવાડી મથક.)

|

આજ રોજે.

(સુધારાની ટોંચ ઉપર ચઢવાની ઉતાવલી શરૂઆતવાલી)

|

નવી નવસારી.

પારશીઓ પેહેલા અત્રે આવ્યા તે વેલા હિંદુઓ નવસારીમાં નહીં જેવા જણાયા હતા. એટલા વાસ્તે ૭૦૦ વરસ પછીની અને ૨૫૦ વરસ પેહેલાંની નવસારીની હાલત આજના જાંણીતા હિંદુ, વાંણ્યા બ્રાહ્મણોના જેવા હિંદુઓ વગરની હતી. એટલા માટે નવસારીની તવારીખ તે પારશીઓની આંગલી તવારીખ છે. તેથી હિંદુઓની વિશેષ હતીકત નવસારીની જુની તવારીખમાં આવી શકિત નથી. એટલા વાસ્તે પેહેલાં પારશીઓની પછી મુશલમીનોની અને પછી હિંદુઓની હકીકત એકઠી કરી તેની વચમાં જણાવા જેવી હકીકત ગાળે ગાળે આપી આપણે આ બાબદ સમજાવીશું.

નવસારીમાં પેહેલું પારશી-પગલું.

પારશીઓનું મુળવતન ઈરાન, તેમાં આવેલાં પાર્સ અથવા ફાર્સ નામના મુલકમાં તેઓની ભરભરાટ વસ્તી, એ સૌ ઉપરથી ગ્રીકલોકોએ એ પાર્સને પરશીશનું નામ આપેલું, અને પાર્સ ઉપરથી ત્યાંના રહીશો પારશી બોલાયા; અને નહિકે, જે પ્રમાણે ઘણે મોટે ભાગે હિંદુ લોકો પોતાના ધર્મક્રિયાને આબાદ મળતી આવતી પારશીઓની ધર્મક્રિયા ઉપરથી હિંદુસાહી ફાઇલોલોજી મુજબ, પારશીઓને પા+રૂષી યાને રૂષીનો પા અંશવાલા હોવાથી પારશી નામ પડેલું હોવાની જેમ ભુલ કરે છે, તેમ એ નામ પડ્યું હોય. પા+રૂષીવાલો અર્થ કેવળ ખોટો છે. ઇરાંનનું જાહોજલાલીભર્યું રાજ ઝુંબાવનાર ખલીફ ઓમર નામના આરબ સરદારના હાથ ઉપર નાહુવાન્દ ખાતે એ પારશીઓ ઈ. સ. ૬૫૧માં હારી ગયા બાદ, પોતાના પવિત્ર કેબલાઓનો બચાવ કરતા પ્રથમતો ઇરાંનનાજ જૂદા જૂદા ભાગોમાં નાહશભાગ કરવા તથા ભટકવા લાગા. કેટલાકો જેમ ધારે છે તેમ એ હાર પછી કાંઇ તુરતજ ઇરાંની પારશીઓ હિંદુસ્થાનમાં નાશી આવેલા નોહોતા. પ્રથમતો તેઓ ઈરાંનનાજ ભાગોમાં ભરાતા ફરતા અને રવડતા ભટકતા હતા. છેવટે ત્યાં થાગ ન લાગાથી ઇ. સ. ૭૦૮ના સુમારે તેઓ હિંદુસ્થાનમાં આવ્યા. કાઠિઆવાડમાં આવેલા ખંભાતના અખાતમાં દીવ બંદરે તેઓ ઉતર્યા. ત્યાં લગભગ ૧૯ વરસ રેહવા છતાં તેઓ કાંઇપણ શરંજામ ન પામ્યા. તે ઉપરથી કહે છેકે, એક બુઝર્ગ દશતુરે ગ્રહોની ચાલના આધારે એવું નિર્માન કર્યું કે આપણને ગૂજરાત તરફ નાશવું પડશે, અને ત્યાં શરંજામ પામીશુ. તેઓએ સર્વ સામાન્ય બંદગી કરી, જે ઇશ્વરે સાંભલી. અને ઇ. સ. ૭૨૭માં દમણથી દક્ષિણે ૨૫ મૈલ ઉપર આવેલી એક જગાએ તેઓનો થાગ લાગ્યો અને તે જગાએ ધારેલો શરંજામ પામ્યાથી તેઓ બોલ્યા કે, એજ આપણો શરંજામ છે. અને તે ઉપરથી પાછળથી એ જગાનું શરંજામ નામ બદલાઇને અપભ્રંશ શનજાંણ બોલાયું છે. ત્યાં રાજ કરનારો હિંદુરાજા જાદવરાંણું કરીને હતો જેને માટે મરહુમ રેવરંડ ડા. જૉન વીલ્સન જણાવે છે કે, તે પાટણનાં અણહીલવાડનો જયદેવ અથવા વણરાજા હતો, જે ઈ. સ. ૭૪૫થી ઇ. સ. ૮૦૬ સૂધી ગૂજરાતમાં

રાજ ચલાવી ગયો છે, એ જયદેવરાણા તેજ જાદવરાણા છે. એ પારશીઓ ગૂજરાતની ભાષાથી તથા ત્યાંના વતનીઓથી ૧૯ વરસમાં વાકેફ થયલા હતા. તેઓમાંના પઢેલા દસ્તુરો સંસ્કૃત ભાષા જાણતા હતા. તે પૈકી એક જૂની દસ્તુરે ૧૬ સંસ્કૃત શ્લોક બનાવી રાજાને બધી હકીકતથી વાકેફ કીધો. આશરે ૩૦૦ વરસ તેઓ ત્યાં રહ્યા, અને તેઓની વસ્તી થવાથી નવસારી–સુરત–ભરૂચ–અંકલેશ્વર–વરીઆવ–એ શેહેરોમાં તેઓ વીખરાઈ ગયા. પણ કેટલાક હેવાલ ઉપરથીતો જણાય છેકે, તે પારશીઓ ખંભાત તરફથી નાઠેલા પેહેલવેહેલા નવસારીમાંજ આવ્યા હતા. અને નવસારી આવ્યા પછીજ સનજાંણતો ગયલા હતા. અને એ વાતને ટેકો આપનારી એક ત્રાંબાંની પ્લેટ, જેકે નવસારીમાંથી મળી આવેલી છે, અને જે આરચ્યોલોજીના મહાન આશક પંડીત ભગવાનલાલ ઈંદ્રજીએ રોયલએશીઆટીક શોશાયટીમાં તરજુમા સહે આપી છે તે ઉપરથી સિદ્ધિ મળે છે. જે બીના આપણે પાછલથી પકડીશું. એટલું તો ખરૂં કે, શનજાણની લડાઇ થવા આગમચ છુટાછવાયા પારશીઓ નવસારીમાં આવ્યા હતા.

પરંતુ નવસારીમાં મોટા જથ્થામાં વસવાત અને ધંધો કરવાને પારશીઓ આવ્યા તેતો છેક ઈ. સ. ૧૧૪૨માંજ હતા. ત્યાર પછીની હકીકત કેટલેક ભાગે સત્તાવાર મળે છે તેનું કારણ એજ છેકે, ઈરાનથી નાશી આવ્યા પછીની દરેક બાબદનો માઆકુલ હેવાલ આપણાંજ નવસારી વતનનાજ વતની મોબેદ બહમન કેકોબાદે ઈ. સ. ૧૬૦૦માં " કીસ્સે શનજાન " નામની કેતાબમાં લખી રાખેલો આપણુ નોશાકરાઓને વારસામાં મળ્યો છે, જે પ્રમાણે શંજાંણમાં પારશીઓને આશ્રો આપનાર હિંદુ રાજા હતો, અને તેણે જેમ બેવાર લગ્નના આશીરવાદ સારવાની–હથ્યાર છોડવાની–વગેરે શરતો કરાવી આશરો આપ્યો હતો, તેજ મુઆફેક નવસારીના ચાલુકયવંશના ધારમરીનાં પડતીમાં આવેલાં રાજ તરફથી એક શરતે પારશીઓને આશ્રો આપવામાં આવ્યો હતો એમ કહેવાયછે. તે શરત એ હતી કે, અત્રેની નાગતળાવડીમાં વસ્તો, આગળ કહીં આવ્યા તે જાલમ નાગ લોકોને બહુ હેરાન કરતો હોવાથી વેહેમી હિંદુઓ તેને મારતાનો'તા. તેને જો પારશીઓ મારેતો નવસારીમાં તેમને રહેવા દેવા. પવિત્ર પારશીઓએ નેઆંગાંનોના પુન્ય પ્રતાપથી અને અવસ્તાના પાક કલામની મદદથી જે ડરમાં તે નાગ ભરાઈ બેસ્તો હતો, તેના ઉપર માંથ્રવાણી ભણી મેખ મારી. આગળ ચાલતાં કથા કહે છે

તેમ, પારશીઓએ રાજાને નાગ સપડાયા બદલ ખાત્રી આપી, પણ રાજાએ માન્યું નહીં. પારશીઓએ તેને અબોલો રહેવા વિનવ્યું, પણ બજીદ થઈ ખાત્રી માંગી. તે પારશીઓએ રાજાને ચેતાવ્યો, કે તારાં રાજની પણ ખરાબી થશે, એમ કહી મેખ કાઢી તો નાગના લોહીમાં ખરડાયલી નીકલી. રાજા કહે પાછી મારો. પારશી કહે હવે વાત ગઇ. નાગ નાશીને ખસી બેઠો. ત્યારબાદ ધારગરીનું રાજ તુટયું, એટલે વેહેમ ખરો પડયો. એ ધારગરી ગામ નવસારીથી ૨-૩ મૈલ ઉપરજ આવેલું છે, જ્યાંનો હિંદુ રાજા નવસારીના મીઆંઓના કોટવાલી જમાએ આવતો હતો. આગળ જણાવ્યું તેમ પેલા નવ સૈયદોએ એલમના જોરથી શ્રાપ દઇ એ કોટ ઉપરનું રેહેઠાંણ જમીનમાં ઉંધું માર્યું, તેથી કહે છે કે, એ કોટની જગા ખોદતાં બધું ઉંધું નીકલે છે. યાને પેહેલ્લાં પાયા, ને પછી મોરી ચોતરા વગેરે સઘળું ઉંધું નીકળે છે.

ઉપર આપણે નાગને મેખ માર્યાનું કહી આવ્યા તેના ટેકામાં મી. રબાડીની કેતાબ ઉપરથી એવો સાર નીકલે છે કે, પહેલાં આવેલા પારશીઓ શાહાનકુવા આગલજ વસ્તા હતા, પણ છેડાયલો નાગ દુઃખ દેશે એવા ખ્યાલથી તેઓ હાલ જ્યાં વસ્તી છે તે તરફ આવી રહ્યા. જે વીશે પાછલથી આપણે લંબાંણથી સમજાવીશું. નવસારીમાં પારશીઓએ ગાલે ગાલે સ્વતંત્ર રાજ ચલાવા માંડયું હતું. તે એટલાં સૂધી કે, ફોજદારી-દિવાંની-મુલકી-લશકરી-ધરમની કે સંસારની સર્વ સત્તા પારશીઓના હાથમાં હતી. તે વખતમાં એટલે ઇ. સ. ૧૩૯૮ ના અરસામાં ગૂજરાત પ્રાંતમાં કોઈ ચોક્કસ રાજા કે પાદશાહના કાબુ કે હકુમત નોહોતાં. અમદાવાદનો નવો સુલતાંન નાગમંડળના રાજ્ય પાસે ખંડણી લેતો હતો, તે ખંડણી ભરનારા પણ પાછલથી તો નવસારીના પારશી રાજાઓજ હતા. તે વેળાએ પારશીઓ સંપથી ચાલતા. નવસારી અને તેની આસપાસ ગૂજરાત તરફ ફરી ગયલા છેક નવમી સદી વખતના મુસાફરોના લખાણ ઉપરથી જણાય છે કે, ઇ. સ. ૮૮૭ માં જ્યારે **મસુદી** નામનો મુસાફર આવ્યો ત્યારે અહિંઆં તેને પારશીઓ જણાયા નોહોતા. પરંતુ ઇ. સ. ૯૨૨ માં **મીસર બીન મુખાહીલ** નામનો અરબ મુસાફર આવ્યો હતો તેણે હિંદુ સ્થિતિમાં રહી પોતાનો જરથોસ્તી ધરમ સાચવતાં પારશીઓને દીઠા હતા. એ ઉપરથી અનુમાન થઇ શકે કે, દીવથી નાશી આવેલા શનજાંન અને નવસારીમાં એકીજ વેલાએ પારશીઓ ઉતરી પડેલા હોવા જોઇએ. વળી ઇ. સ. ૧૩૨૦ માં સુરત, ભરૂચ,

નવસારી, વગેરેની આસપાસના લત્તા તરફ ફરી જનાર ફ્રેન્ચ મુસાફર જેરડન્સનું લખાંણુ "દી. બે. માઝ્દયશ્નની" માં જણાવ્યું છે કે, "આ ભાગમાં સુરતી પુજકની એક નવી જાત વસે છે તે આતશને માને છે, તેઓ લાસને દાતતા કે બાલતા નથી પણ વગર છાપરાંના મીનારામાં ખુલી મુકે છે. ત્યાં જાનવરો ખાઈ જાય છે. તેઓ રોશની તથા અંધારૂં—ભલાઈ તથા બુરાઈ એ બે તત્વો ધ્યાંનમાં રાખી ભલે રસ્તે ચાલે છે." ત્યાર બાદ એક ઇતાલ્યન સાધુ આ તરફ આવેલાંનું કહેવામાં આવે છે. વળી "સધરાજેસંગ" નામની કેતાબમાંતો સિદ્ધરાજ જયશીંગ રાજા ખુદ નવસારીમાં આવી અત્રેના પારશીઓની સખાવતને માટે મોટાં ઇનામ આપી ગયલાંની છેક નવમી સદીની કથા લંબાંણુથી લખી છે. (જૂઓ એ કેતાબને પાને ૧૧૦ થી ૧૧૩) જોકે આ એક કથા છે, અને એ કથા "મુંબઈ સમાચાર" માં કોઈ લખનારે ચાર વર્ષ ઉપર ખરી બનેલી વાત હોય તેમ ઉતારી લીધાથી હમે તેનો રદ જવાબ આપ્યો હતો, અને એ કથા તે કથાજ છે, અને હમે તેને ખરી માનતા નથી, તોપણ નવસારીની અને પારશીઓની તે વેલાની હાલતનો ખ્યાલ થવા સારૂ એ કથા હમો નીચે ઉતારી લઇએ છીયે.

રાજા સધરા જેસંગની નવસારીમાં સ્વારી*

" ગૂર્જરેશ્વરે (સિદ્ધરાજે) મુંબાઇ સૂધી ઉત્તર કોકણનો મૂલક ગૂજરાત જોડે ભેળી દીધો ને સાષ્ટી બેટમાં જબરૂં થાણું બેસાડયું. ત્યાંથી વધારે ઉત્તરમાં આવતાં સંજાણમાં અને આસપાસનાં ગામોમાં તેણે નવી જાતના લોક જોયા. દમણ, વલસાડ; ગણદેવી, વાંસદા ધરમપુર, અને માંડવીના રાજા ગુર્જરેશ્વરને ભેટ મુકવા આવ્યા તેવારે મોટું દરબાર ભરવામાં આવ્યું અને મહારાજાએ એ માંડળિક રાજા ઠાકોર, મોટા જાગીરદાર દેશાઇ વગેરેને સરપાવ આપ્યા. તે વેળા સંજાણના રાજાએ દસ્તુર મનીચેર નામે એ નવા લોકના વડાને મહારાજની હજૂરમાં આણી ઓળખાવ્યા. દસ્તુરજીએ મહારાજાને ખોબો ભરી સુનઈઆની ભેટ મૂકી, ને ગૂર્જરપતીએ તેને શાલજોડી, મોતીની મા-

*જૂઓ રા. સા. મહીપતરામ રૂપરામનો "સધરાજેસંગ" પાન ૧૧૦ થી ૧૧૩ સૂધી.

ળા, સુંદર ઘોડો વગેરેનો સરપાવ આપ્યો. એ દસ્તુર જોડે મહારાજને કેટલીક એકાંત મુલાકત થઇ તેમાં તેણે પારશી લોકને પોતાનો દેશ તજી આ દેશમાં શા વાસ્તે આવવું પડયું તેનાં કારણ કહ્યાં. મનીચેરે પારશી રાજ્યનો ઇતિહાસ વર્ણવ્યો તે સિદ્ધરાજને મનોરંજક અને તેનો છેલ્લો ભાગ ખેદકારક લાગ્યો. મુસલમાન ધર્મની ઉત્પત્તિ, તેનું ઉતાવળે પ્રસરવું, ઇરાનના ઘણા ખરા લોકનું મુસલમાન થવું, થોડાનું પોતાનાં ઘરબાર, વાડી, વજીફા, સગાં વહાલાં વગેરે તમામ પાછળ મૂકી બહુ બહુ દુ:ખ વેઠી અત્રે નાશી આવવું, અહિં આવ્યા પછી ઘણાંક વરસ લગી તેમને પડેલી અડચણો અને મુશીબત આદિકનો હેવાલ સાંભળી મહારાજના ઉદાર મનમાં દયા આવી. દસ્તુરજીનો હાથ સાહી જયસિંહ દેવે કહ્યું કે આપને પાછા સ્વદેશ જવાની ઇચ્છા હોય તો આપની અંજુમનને મેળવી સર્વનો વિચાર પૂછી બહુ મતે જવું ઠરે તો મને ખબર કરજો મારાથી બનશે તેટલી મદદ હું આપીશ. દસ્તુરજી કહે પંચાયતને મેળવી એ વાત પુછવાની જરૂર નથી; જેમ હમારા આ દેશમાં વસનારાં આર્યભાઇનો ચાલ છે કે જેને પેટે દીકરો નથી હોતો તે પોતાનાં કુંટુંબી કે ગોત્રીમાંથી કે દોહીત્રને, ભાણેજને કે બીજા કોઇને દત્તપુત્ર કરી લેછે તેમ હમારૂં રાજ્ય પાયમાલ થયું, હમારો યઝદેઝર્ડ પાદશાહ પડયો, હમારા મોટા મોટા અમીર ઉમરાવ, પહેલવાન, મોબેદો વગેરેનો નાશ થયો ને હમારા પ્યારા દેશની ખરાબી થઇ ત્યારે હમે તે છોડી, હમારા આતશને લેઇ અત્રે આવી વસ્યા ને આનેજ હમારો દેશ કર્યો. અહિંના લોક આર્ય છે, હમે પણ આર્ય છીએ. એટલે બેહુ પિતરાઇ તો હતા તે હવે ભાઇ થયા. ઘર ભાગી પડયું, ત્યારે નવું બાંધી તેમાં વાસ કર્યો તો પછી પાછા ખંડેરમાં રહેવા શા વાસ્તે જઇએ. ત્યાં હમે સુખે જીવી શકીએ નહિ; ત્યાં હમારો પાક ધર્મ પાળી શકીએ નહિ. અહિંજ આપ મહારાજાધિરાજની અને આપના માંડળિક રાજાની મહેરબાની હમારા ઉપર જારી રહે અને ઉદ્યોગમાં હમે બીજા દેશી લોકની જોડે દિલથી સામીલ થઇએ એવી હમારી પૂરી ઇચ્છા છે. હમારા લોક ઉદ્યોગી, પરાક્રમી, અને પરોપકારી છે; હમે એકલપેટા નથી, હમે અતડા નથી. બિન હરકતે આ દેશમાં વસવાની, ઉદ્યમ કરવા દેવાની, જમીન વેચાતી લેવાની, ધન જોડવાની. અને હમારા પૂર્વજોનો પાક દીન પાળવાની રજા આપી આજ સૂધી હમારૂં રક્ષણ કર્યું છે તેવું કર્યાં કરો, અને હમે વખાના માર્યા પરદેશી ઉપર દયા

કરી છે તેવી જારી રાખો ને કૃપા કરી હમને સ્વદેશી, ને આપની સેવા બજાવનારી પ્રજા ગણો એ હમારે માગવાનું છે. આમ બોલતાં દસ્તુરનું મુખ દયામણું થયું ને તેની આંખમાંથી આંસુ વળ્યાં.

સિદ્ધરાજે તેને ધીરજ આપી કહ્યું " તમે અને તમારી કોમ હમારા દેશમાં નિર્ભય રહો. તમારા ગામના રાજાથી મારા જાણવામાં આવ્યું છે કે પારસી લોક રૂડી ચાલના, ભલા, મહેનતુ, હોશીઆર, તેજીવાળા જાગૃત છે. ટંટો ફીસાદ ન કરતાં સારી રીતે વર્તે છે. એ જાણી હું રાજી થયો છું. હું તમારૂં રક્ષણ કરીશ અને મારી બીજી રૈયતમાં અને તમારામાં કાંઇ ભેદ ગણીશ નહિ એટલુંજ નહિ, પણ તમારામાંથી જે યોગ્ય જણાશે તેમને મારી સેનામાં અને મારા દરબારમાં નોકરી આપીશ. કારભારીઓમાં દાખલ કરીશ, અને મોટા હોદ્દા અને જાગીરો યોગ્યતા પ્રમાણે આપીશ." બીજે દીવસે સવારે સંજાણના મોટા આતશ બેરામનાં દર્શન મહારાજે કર્યાં અને સાંજે મુખ્ય પારસી ગૃહસ્થોને દરબારમાં બોલાવી મળ્યા. એ વેળા તેમની સમક્ષ દસ્તુર મનીચેરને પાલખી તથા છડીદાર આપી તેના ખરચને માટે જમીન આપી. પારસીઓ એથી બહુ ખુશી થયા ને કેટલાક ગૂર્જર પતિની સેવા કરવાને તેની જોડે પાટણ ગયા.

સંજાણથી મહારાજની સ્વારી નવસારી આવી. પાછલે પહોરે સિદ્ધરાજ ગુપ્ત વેશે નગરમાં ફરવા નીસર્યા. બજાર મૂકી આગળ ગયા એટલે એક આંધળી ડોશી ભૂખે ટળવળતી હતી. સવારનું તેને ખાવા મળ્યું નહતું. ત્યાં થઇ એક દયાળુ શ્રાવક શેર બે ત્રણ લોટનું પોટલું લેઇને જતો હતો. સિદ્ધરાજે તેને કહ્યું, શેઠ આ બાપડી આંધળીને એમાંથી લોટ આપો, વાણીઓ કહે એ તો કીડીને દરે ચીપટી ચીપટી મૂકવાનો છે. હું ગામમાં કીડીઓના દર શોધુંછું ને જ્યાં જડે ત્યાં એમાંથી ચીપટી મેલુંછું. સિદ્ધરાજ કહે આ માણસજાત છે, આંધળી છે, ઘરડી અશક્ત છે, એને આપવામાં ઓછી દયા શા માટે ? શ્રાવક કહે એ તો બોલે છે, કીડીએ બાપડી કાંઇ બોલેછે ! સિદ્ધરાજ કહે "બોલે માટે દયાને પાત્ર કેમ નહિ ? કીડીઓ તો ઉદ્યોગ કરી કણ ભેગા કરી પોતાના દરમાં ભરેછે તે કાંઇ માણસના ઉપર આધાર રાખતી નથી." પેલા જડસાએ વાત માની નહિ ને ચાલ્યો ગયો. સિદ્ધરાજે તે ડોશીને પાયલી આપી. ડોશીએ પાછી આપી કહ્યું બાપજી તમારૂં ભલું થજો, પરમેશ્વર તમારૂં કલ્યાણ કરજો. બાપજી મારાથી ઊઠાતું નથી, હું પગે

રહી ગએલી છું; ને આંધળીછું; મને તો લોટ આપો તો રોટલો ઘડી આ પાસેના ઝાડ તળે ચૂલો કર્યોછે તેપર સેકી ખાઉં. સિદ્ધરાજે બજારમાં જઇ લોટ આણી આપ્યો. ત્યાંથી રાજા ચાલ્યો ચાલ્યો સમુદ્રકાંડે ગયો. દરિયો શાંત જોઈ હોડીમાં બેશી તેણે સેહેલ કરી. પાછો નગરમાં આવ્યો ત્યારે પહોર રાત ગઇ હતી. બજાર બંધ થયો હતો ને લોકની આવજા પણ ઝાઝી નહતી. પારસી વાડામાં થઇ જાયછે તેવામાં એક પારસીના ઘર આગળ એક આદમી ખાંધે રોટલાની મોટી ઝોળી ભેરવી ઊભેલો દીઠો. દોહાડ બે મણનો બોજો હશે. એટલા બધા રોટલાને આટલી મોડી રાત્રે શું કરશે તે પૂછવાનું કરેછે તેવામાં તે ઘરનાં બારણાં ઉઘડયાં ને ઘરનો ધણી પુખ્ત ઉમરનો પારસી બહાર આવી આગળ ચાલ્યો, ને તેની પાછળ રોટલાવાળો હીંડયો. તેઓ શું કરેછે તે જાણવાની જિજ્ઞાસા રાજાને એટલી થઈ કે બહુ થાકેલો છતાં તેમની પૂઠે ગયો. એ કાળે નવસારી મોટું શેહેર હતું ને ત્યાં મુસાફરોની આવજા ઘણી હતી. નગરમાં કેટલાક મહોલ્લામાં મહેનત મજૂરી કરનારા રહેતા, કેટલાકમાં કારીગરો, કેટલાકમાં ધનવાન વેપારી, એમ જુદા જુદા ભાગમાં જુદા જુદા પ્રકારની વસ્તી હતી. એ પારસી અને તેનો સાથી મેહેલે મેહેલે મંઝરાત સૂધી ફર્યા, ધર્મશાળામાં, તથા બીજા વટેમાર્ગુને ઉતરવાનાં સ્થળે ગયા અને અંતે ઢેડવાડે થઇ પાછા ઘેર આવ્યા. જ્યાં ભૂખ્યું માણસ જોયું ત્યાં ઊભા રહી તેને પેટ ભરીને રોટલા ખવડાવ્યા. રોટલાની જોડે ચપટી મીઠું ને બે મરચાં આપ્યાં તે ખાઇ રહેવા આવે કે આગલ ચાલે, કે જ્યાં ભૂખ્યાનો ઢોંગનો વહેમ મૂદ્દલ જણાય નહિ ત્યાં તે આદમી ધરાય એટલા રોટલા આપી આગળ ચાલે એમ કેટલાંક અપંગ તેણે જમાડયાં, કેટલાંક માંદાંને જમાડયાં. એમ મજૂરી કરી રોજ પૈસા આવે તેનો લોટ કે ખીચડી લાવી રાંધી ખાનારાં પણ માંદા હોઈ અશક્ત થઇ જવાથી મજૂરીએ જવાઇ શકેલું નહિ ને ઊધાર કોઈએ ધારેલું નહિ તેવાં હતાં; પાસે હોય તો ખાય નહિ તો ભૂખ્યાં સૂઇ રહે પણ ભીખ માગવા જાય નહિ એવાં કેટલાંક, છેક ઘરડાં થઇ ગયેલાં એવાં કે ઊઠવાની શક્તિ નહિ તો માગવા કયાંથી જવાય, એવાં ભૂખે મરતાં આદમી તથા તેમનાં બાળકને તેણે સંતોષ્યાં. બીજે દિવસે સિદ્ધરાજે તે પારસીને તેડાવી રાતની વાત પૂછી. રાજાએ કહ્યું આરંભથી તે અંત સૂધી થોડે છેટે હું તમારી પાછળ પાછળ આવ્યો હતો. પારસી કહે મહારાજ મેં આપને દીઠા નથી ને મારા સાથીના

જોવામાં પણ આવ્યા નથી. આજસૂધી એ વાત મને કોઇએ પૂછી નથી ને મેં કોઇને કહી નથી. ભૂખથી પીડાતાં માંદાં, અપંગ, ઘરડાં, બાળક હોવથી, કે કોઇ બીજાં કારણથી જેને ખાવાને અન્ન ન મળ્યું હોય એવાંને હું નિત્ય રોટલા જમાડું છું, પણ તે વાત છાની રાખું છું. જાતિભેદ ન ગણતાં સર્વ મનુષ્યને ખોદાનાં બચ્ચાં ગણું છું. મારો સાથી બ્રાહ્મણ હતો. તે મારો એ કામપર રાખેલો નોકર છે. બ્રાહ્મણના રોટલા ખાવાને કોઇ હરકત લેતું નથી માટે તેને રાખ્યો છે. કીર્તિને માટે હું દાન ધર્મ કરતો નથી. જે દાનને પાત્ર જણાય, તેને હું ગુપ્ત-દાન કરૂં છું. અશક્તને રોટલા ખવાડું છું. તે માત્ર પરમેશ્વરની ખાતર; તે બધું જોય છે ને જાણે છે; આપને અરજ કરૂં છું કે આ બાબત છાની રાખશો. હું વેપારી છું; પૈસે ટકે સુખી છું. સુખી છું એટલે હું પોતાને સુખી માનું છું, કેમકે ' લોભનો કાંઇ થોભ નથી. ' ધનથી માણસ ધરાતા નથી તેથી સન્માર્ગે ખરચી શકતા નથી. અને મારી સત્‌કમાઈથી જે મળે છે તેમાં સંતોષ માનું છું. હું જૂઠું બોલતો નથી, કપટ કરતો નથી ને ઉદ્યોગ ઝાઝો કરૂં છું. એમ પ્રમાણીકપણે જે-મળે છે તેમાંથી થોડો ભાગ ભૂખે પીડાતાં દુઃખી માણસને રોટલા જ-માડવામાં ગૂપચૂપ ખરચું છું; તેઓ નિર્ધન છે પણ મારાં ભાઈબેન છે. ખાવાનું નહિ મળવાથી રાત્રે જેમને ભૂખ્યાં સુવું પડે તેમને માટે એ પ્રમાણે પહોર રાત ગયા પછી નિત્ય કરૂં છું. સિદ્ધરાજ કહે, ધન્ય છે શેઠ તમને ! સાબાશ ! માગો, તમારે જે જોઈએ તે માગો. શેઠ કહે, મહારાજની મહેરબાની ઈચ્છું છું. સિદ્ધરાજ કહે, તમારાં કૃત્યથી તે મળી છે. માટે તેને પેટે જમીન આપું તે લો ને તેમાંથી એ ખરચ કરો. જોઇએ તો લાખ બે લાખ દામ રોકડ આપું તેના વ્યાજમાંથી એ રૂડો ખરચ નીકળશે ને બીજો વધારે કરી શકશો. શેઠ કહે, તેમાં મને શો લાભ ? તેનું પુણ્ય તો આપને મળે. સિદ્ધરાજ કહે, તો મોટી પદવી, મોટો ખિતાબ, ને પાલખી આપું તે સ્વીકારો. શેઠ કહે, તેથી મારૂં પુણ્ય બળી જાય; ખોદાને દફ્તરે મારે ખાતે જમે થાય નહિ; તે આપને દફ્તરે ચડે અને ખોદા આપને ખાતે જમા કરે. ' આ ધર્માત્મા પારસીથી આશ્ચર્ય અને બોધ પામી મહારાજે તેને શેલું પાઘડી ને દુશાલો આપવાને મંગાવ્યાં. પારસી સદ્‌ગૃહસ્થ હાથ જોડી કહે મારે કાંઇ નહિ જોઈએ. સિદ્ધરાજ કહે, બાજુ કાંઇ નહિ લો તો ભલે, પણ આ મારી આંગળીની વીંટી કાઢીને આપું છું તે લેવી પડશે. તમને કે તમારા ફરજનને માથે સંકટ આવી

પડે તેવારે એ મુદ્રા મને દેખાડશો કે મોકલશો એટલે તે હું ટાળીશ" તમારૂં નામ શું ? શેઠ કહે, "જી મહારાજ, મારૂં નામ સોરાબજી શાપુરજી બંગાળી." વીંટી આપી તે બે હાથે ધરી સોરાબજી શેઠે નમીને લીધી અને તેને ચુંબન કરી પોતાની આંગળીએ પહેરી. પછી નમસ્કાર કરી પાછે પગે હઠતા હઠતા રાજાની હજૂરમાંથી જવા લાગ્યા. સિદ્ધરાજે ઊઠી તેનો હાથ ઝાલી તેમ કરતા અટકાવી તેમની જોડે ચાલતાં બારણા સૂધી વાતો કરી બહુ માન સાથે તેમને વળાવ્યા."

એ મુસાફરો ઉપરાંત, આપણા ધરમની જોત પાછી અસકનાર ફ્રેન્ચ અભ્યાસી એકવીટલ ડુ પેરોં નવસારીમાં આવ્યો હતો, અને તેણે જામાસ્પ આશાવાલા જમશેદ દસ્તુર સાથે જે મુલાકાત મોટા દેશાઇની "મોટી જમશેદ વાડી" માં લીધી હતી તેનું બ્યાન તેને ઠેકાણે આપણે વાંચીશું.* ઈ. સ. ૧૦૦૦ થી ઈ. સ. ૧૪૦૦ સુધીમાં હિંદુઓ સાથના વહેવાર વસવાતથી પારસીઓ હિંદુઓ જેવા થઇ ગયા હતા. તેઓનું નવસારીમાં નાનકડું જેવું રાજ ચાલવા છતાં તેઓ લગભગ હિંદુ રાજાજ મનાતા. તે વેલાએ પારશીઓના નાંમ કેવાં ? હાંસજી–ફકીર –ભીખીઆ–જોગીઆ–નરસંગ–ધના વગેરે હિંદુનામો પારશીઓનાં હતાં ! તે વેલાએ નોશાકરા પારશીઓનો પોશાક કેવો ? ભાઠેલાસાહી લાલ પાઘડી —પોત્યાં ને ધોત્યાં એતો તેમનો પેહેરવેશ ! વળી તે વેળાની પારશણોના નાંમ કેવાં ? માલણબાઈ—જીલીબાઇ—ધનાબાઈ વી. તેણીઓનો પોશાક કેવો ? તો કે' ઘાઘડા ઘાળતાં ને ચનીઆંની ચૂર ચઢાવતાં ! પગમાં સપાટ શાંની ને વાત શાંની ? લાકડાંના ચુડા–નથની–ડોલ્લા એવાંતો તેઓના ઘરેણાં હતાં ! નોશારીના પારશીઓ પણ કાંને શોના રૂપાંની બાલી પહેરતા. હિંદુ માફક આખું માંથું મુંડાવીને વચમાં ચોટલી રખાવતા. ઘણાઓ દાઢી મુંછ પણ બોડાવીને સુતકમાં હોય તેવા ફરતા. તેઓની રીતમાંત કેવી ? ઝાડો–પીછી, દોરા—ચીઠી, છુ—મંતર, દેહરાં—થાનક, વગેરે તમામ રીતભાત મરદો તેમજ ઓરતો રાખતી. અંધ્યારૂઓ પણ તેવા દોરા—ચીઠી આપી પોતાનું ગુજરાણ કરતા. વળી ઘણાકો દીન ધરમને ક્રિયા કર્મ ઉપર પણ એતબાર રહેલા હતા. પણ તે વેલાના પારશીઓ માટે વલી એક ગમ લખે છે તે વાત ઘણી અજાયબ જેવી રેત વાર રહેલા હતા. પણ તે વેળાના પારશીઓ માટે વલી એક ગમ

*જુઓ મોંન્સ્યર એકવીટલ ડુ પેરોંના ફ્રેન્ચ પુસ્તકનો અંગ્રેજી તરજુમો પાન ૩૮

લાગેછે કે, તેઓ હિંદુની માફક લાકડાંની કરકટી યાને ગેહાંન વાપરતા! હિંદુઓ સાથે એક બીજાને લાસ ઉચકવા મદદ કરતા ! તેમણે અહેરેમની ચાલ પકડેલી હતી, અને તેઓનાં ઘર કરતાં દોખમાં ભલાં એવી હાલત થઈ પડેલી નજરે જોનાર લખી જાય છે. એટલુંજ નહીં પણ પોતાના ઘરોમાં દેવ વટીક પારશીઓ બેશાડતા હતા. દેશાઇઓના અમલમાં તે વેહેમો તોડવામાં આવ્યા પછી પણ ઘણી ગમ છુપકીથી પેટીમાં મૂર્તિઓ રાખી પુંજતા હતા. એ અગાઉતો નવસારીમાં પેહેલા આવનારા ઇરાંની પારશીઓના નામ અૈદબાર–માહઅૈદબાર–ખઓરાદ–મરદાનશાહ–જાંહાબાદ–વગેરે હતાં. તેઓનો પોશાક શુદ્ધ ઇરાંની હતો. પણ તે વખત બદલાઇને આજ સુધીમાં આ નવસારી ભૂમી ઉપર કેવા કેવા વીરલાઓએ જન્મ લીધો છે તે તો જૂઓ !

ત્રેજન, હેદ્રીઅન, અને થીઓદોસ્યસ જેવા મહાન રાજદ્વારિઓ ધરાવા માટે, તથા મહાન લેખક ક્વીન્ટીલ્યન કેલાહોરાને જન્મ આપવા માટે, તથા મહાન કવિ માર્સ્યલની જન્મભૂમી હોવાને માટે તથા માર્સસ એનીઅસ સેનેકા જેવો ફરેસ્તાઇ ખસ્લતનો ફીલસુફ બેટો જન્મવા માટે, જે પ્રમાણે સ્પેન દેશનું કોર્દોવા શેહેર આજે બધાંમાં વડાઈ લેઆ કરે છે, તેવા નામવર બેટાઓ, નવસારીના નવ રત્નો, અને પ્રકાશિત હીરાઓ, આપણા ચાંગાશા–માંગાશા–મેહેરજીરાંણા–દારાબ પાહલણ–ખુરશેદજી દેશાઈ–મંચેરજી ખુરશેદજી દેશાઇ–જામાસ્પ આશા–મીનોચેર હોમજી –સર જમશેદજી જીજીભાઇ–અને દાદાભાઈ નવરોજજી, નવસારીના વીરલાઓ થઈ ગયાથી આ ગરીબ ભૂમી અને ગરીબ કલમ માન ને મગરૂરી લે, તો તે બરહક છે. એ નંગો નવસારીની ખાંણમાંથી નીકલ્યાં છે. કોર્દોવા શેહેર સાથની એટલીજ સરખામણી બસ નથી; પણ રોમન સંસ્થાનના સારી આબો હવાના મથક લેખે જેમ રોમન પાદશાહ **ઓગસ્ટસે** કોર્દોવાશેહેરને ચુંટી કાઢયું હતું, અને તેને "પેત્રીશ્યન કૉલોની" યાને કુલીન સંસ્થાનનુ મોટું ઉપનામ આપ્યું હતું, તેજ પ્રમાણે કામદીન જરથોસ્ત નામના જે પારશીએ પોતાના પેહેલાં પવિત્ર પગલાં નવસારીમાં મુકયાં, તેણે ઈ. સ. ૧૧૪૨ માં અત્રે આવી ધરમ ટેકડીવાલી સારી હવાની જગાને તેવુ નામ અપાવ્યું. નવસારીના પારશીઓ કોણની ઓલાદના છે એ સવાલનો જવાબ હંમેશાં ગોખી રાખવા જેવો છે, કે સંજાંણનાઆતશબેહેરાંમની ૧ લી બોય દેનાર વિદ્વાન દશતુર નેરીઓસંગ ધવળની ઓલાદના આપણ નવસારીના

પારશીઓ છીએ. યાનેકેઃ——

શેહેરીઆર નામે ઇરાંનીના વડા બેટા
|
શાપુર ના વડા બેટા
|
શંમીઆર ના વડા બેટા
|
હોરમજદયાર ના વડા બેટા
|
મોવદ ના વડા બેટા
|
જરથોસ્ત

ની ઓલાદ નવસારીના પારશીઓની છે. અને તેજ **મોવદના** નોહના બેટા **બેહરાંમની** ઓલાદના પારશીઓ તે ભરૂચવાલા છે. નવસારીમાં અને સંજાણમાં એકીજ વખતે પારશીઓ આવ્યા હશે તેમાં મુખ્ય ભાગ બેહદીન વર્ગનો હોવો જોઈએ, તેમાં અથોરનાન વર્ગ નીર્જીવ હોવો જોઈએ, કેમકે બેહદીન પારશીઓની વસ્તી વધવા લાગ્યાથી પારશી અંધ્યારૂઓની ખુટ પડી તે કારણને લીધેજ કામદીન જરથોસ્તના ૨ દીકરાઓ નામે **રાણા** અને **મોવદ** **સંજાણથી** મોબેદોની એક જોડ ધંધાની મદદમાં બોલાવી. ત્યાંથી **હોમબહમન્યાર** નામના મોબેદ પોતાના બેટા **ફરેદુનને** સાથે લઈ, સહકુટુંબ નવસારી આવ્યો. એ ફરેદુનના ત્રણ બેટા હતા. ૧—આશા ૨—માહીઆર અને ૩—ચાંદા.

પ્રથમ **રાંણા** અને **મોવદ** ની એમ " બે પૉલ " યાને વિભાગ (subdivision) ઓળખાતા હતા. તેમાં ઉપલા ૩ ભાગ્યાઓ વધવાથી " પાંચ પૉલ" થઇ છે; જે આજ સૂધી કાયમ છે. એ પાંચે પૉલનાઓએ ધર્મક્રિયા સંબંધી જૂદા જૂદા અધિકારો વેંહેંચી લીધા, અને દરેક પૉલનો વડો તેનો હુદ્દો ચલાવા લાગ્યો. જે પ્રમાણે ખજાનાની કુંચી રાખનાર પ્રધાન—રાજદંડ સાચવનાર પ્રધાન—રાજનો શીક્કો રાખનાર—દફતર રાખનાર વગેરે ઇંગિલંડની સરકારમાં દરજ્જાઓ છે, તેમજ જે પ્રમાણે આપણાં ધર્મરાજ ગાયકવાડ સરકારમાં દરબારની **મીશલ** રાખનારા તે ગોડગસ્તે, દફતર રાખનારા તે ફડનીશ, એવા હુદ

વંશ પરંપરાના ચાલેછે, તેજ પ્રમાણે આ પાંચ પૉલવાલાઓએ જૂદે જૂદે નાંમે હુદ્દાઓ વેંહેંચી લીધા છે. તેમાં પણ પેલા આશા--માહીઆર-- અને ચાંદાની પૉલવાલાઓને તમામ કમાણીનો માત્ર નીમે હીસ્સો મલે, અને બાકીનો નીમે હીસ્સો તો નવસારીના અસલ પંથકી કામદીન જરથોસ્તના દીકરા રાણા અને મોવદ એ બેજ જણા લીએ. તે નીચે પ્રમાણેઃ——

પૉલ અને તેના આધિકારો.

(પેટા કુટુંબો સહ.)

૧— રાંણાની પૉલ
ઉર્ફે
કાકા પાહુલણની પૉલ.

એ પૉલવાલા ઉઠમણામાં હમાયસ્તે બેઆન તથા શરોશ (અથવા શોશ) પઢાવે. યાને પારશીઓની એ જાતની ધર્મ-ક્રિયાની મંડામણી કરાવે. એ પૉલમાં જે કુટુંબો સમાયલાં છેતેઃ—અથેજી, અરજાંની, ઉમરીગર, કકરીઆ, કોહલા, ખાંધી, ગારૂ, ગેલખરીઆ, ગોઈઆ, ઘરડા, ચલ્લા જામાસ્પઆશા, તાતા, થુથી, દાજી, દારાંશાહના, દીવાર્યા, દોરડી, ધાલા, ધાભર. નરીમાન, નાગલીવાલા, પીરના, પોલ્યા દેશાઇ, બગલી, બનશા, ભરમ પોરીયા, ભરરના, ભુથરા, ભંડારા, મછારી, મશાંની, મુલ્લાં, મેહેરજી રાંણા, મોધર, મોબેદ બહમનના, રાજા, રાવ, લચરકના, વકીલ, વાના, અને સુખીઆ, મળી ૪૨ કુટુંબો એ પૉલમાં ગણેલાં છે.

૨— મોવદની પૉલ
ઉર્ફે
કાકા ધનપાલની પૉલ.

એ પૉલવાલા નિરંગદીનનો કબજો રાખે. યાને પારશીઓમાં ધર્મને લગતી સર્વેથી શ્રેષ્ટ જે ક્રિયા, કે જે ક્રિયાથી ગૌમુતને ઉંચા પ્રકારની ક્રિયાથી શુદ્ધ કરી રાખવામાં આવે છે, તેની સંભાલ રાખવાનો આ હક છે. એ પૉલમાં જે કુટુંબો સમાયલાં છે તેઃ— અદગરા, કુકા, કાંગા, જેશંગ, ધાલી, નાદરશાહ, નાંનીઆ, પાંડેર, બોલીઆ, બુધેલા, ભોશરા, ભેદવાર, માદન, સકલાતવાલા, શગશગીના, અને હોજદાર, મળી ૧૬ ખાંદાંનો એ પૉલમાં આવે છે.

—આશા ફરેદુનની પૉલ. એ પૉલવાલા પેહેલી પતેત માંડે. યાંને એક જરથોસ્તી મરી જાય, તેના ઉઠમણાની ક્રિયા વખતે મરનારનાવતી પરતાવો (પ ‌માની) કરવાનું એક ભણતણછે, તે પેહેલાં મંડાવાનું કામ એ પૉલનું છે.* એ પૉલમાં જે કુટુંબો સમાયલાં છે તેઃ—અલુ, અવાશીઆ, આદરબાદના, ઉનવાલા, કપતાંન, કરીયું, કાતરક, કાવશદાદાના, કાવશબહમનના, ‌કીકાંન, કેઆશ, કોચા, કોટવાલ, ગાએ, ગેતીના, ગેરાના, ગોભઇ, ગોરા, દાએઆ, દાલખાઉ, દોલતાબાદીના, ધાબી, નવદર, નાગલા, પદમ, પરભુ, પાતલા, પાદશાહ, પોચારા, પંથકી, ફકીનજી, ફટાકીઆ, બારેવાટ, બેહાક, બોદ, બાંના, ભવાનના, ભોજલુ, મમગરા, મલવા, મારકર, મોટા દેશાઇ, મોદી, મોરીઆ, રબાડી, રાજીઆ, રાંનજી, લશકરી, વાછા, શહીઆર, શાશુરી, શીરવાઇ, શુખાબેહરા, શુજ, હમજીઆર, હાથીરાંમ, અને હાલું મળી ૫૭ વંસ એ પૉલમાં સમાયલાં છે.

૪—માહીઆર ફરેદુનની પૉલ. એ પૉલવાલા અધ્યારૂને નાવર તથા મરાતબની રજા આપે. એટલે પારશીઓના બ્રાહ્મણને ધર્મ ક્રિયા કરવા સારૂ જે પરિક્ષાઓ આપવી પડેછે, તે એ મોટી પદવી લેનાર લાયક છેકે કેમ તેનો તપાસ કરી પરવાનગી આપવાનો તેમનો હકછે. અને તે થકી વળી પેહેલે દહાડે ક્રિયા કરવાનો પણ તેમનોજ હક છે. એ પૉલમાં જે ખાંદાનો સમાયલાં છે તેઃ—આંતીઆ, કદભાગા, ખરીયું, ખારી, ગંદેવીવાલા કાતરક, ગારા, ચેના, તુત, દાબુ, દામલા, પરબેજ, પીજારા, બાંમજી, મધુઆંતીઆં, માજરા, વાંશ, શીધવા, સંજાણા, અને હવાલદાર, મળી ૧૯ કુટુંબો છે.

"*દીનાએ મ્યુન્યુએ ખેરત" બનાવનાર વિદ્વાન દસ્તુરજી દારાબજી પેશોતનજી શંજાંણા, એ હક વીશે નિચે પ્રમાણે પોતાના પેહેલવી પુસ્તકના છેવટના ગૂજરાતી ભાગમાં લખેછેઃ— "સને ૧૧૨૦ યજદજરદીમાં મરહુમ શેઠ ખરશેદજી તહેમુરજી દેશાઇએ નવસારી ખાતે આતશબહેરામ સાહેબ તખ્તનશીન કીધા, ત્યારે દસ્તુર આસા ફરેદુનથી પોતાના ખાનદાનને ઉતરતો આવેલો પતેત માંડવાનો દસ્તુરીનો હક પોતે દેશાઈ થવાથી પોતાના બનેવી દસ્તુર સોરાબજી રૂસ્તમજી મેહેરજીરાણાને શેઠ ખરશેદજી દેશાઇએ બક્ષેશ આપ્યો હતો." એજ પ્રમાણે એ વિદ્વાન અને હિંમતવાન દસ્તુરજાદાએ પોતાના વડવાની "ચેરાગે દાનેશ" છુટી છપાવી છે, તેના દીબાચામાં એજ મુજબ લખ્યું છે (જૂઓ નીશાંણી ગ અને ઘ)

૫—ચાંદા ફ્રેદુનની પૉલ. કોટવાલી કરવાનો હક તથા અંજુમનને લગતાં ફ્રેહસ્ત વીગેરે દફ્તર સાચવવાનો હક એ પૉલનો છે. એ પૉલમાં જે વંશવાલા સમાયલા છે તેઃ—અગે, કામુશ, કુટાર, ગંદેવીવાલા પંથકી, દારાબ પાહાલણના, પાવરી, બજાં, બીલીમોરેવાલા પંથકી, ભાયેલીના, મનો ચેહેર હોમજી, શેઠ ખાંદાંન, મલી ૧૧ કુટુંબ છે.

એ પ્રમાણે પાંચ પૉલ મળી ૧૪૫ કુટુંબો હતાં. આજે તો તરેહવાર અટકોવાલા ફાંતા પડયા, અને તરેહવાર કુટુંબો થયાંછે. આજનો કોઇ પણ અંધ્યારૂ કઇ પૉલમાં આવેછે, તે ઉપલી ટીપ ઉપરથી શોધી કહાડશે. વળી કોઇ અંજાંણ્યા ભાઈ પુછશેકે, વાંદરીવાલા, ડેબુ, સુતર્યા વગેરે તો એમાં નહીં આવ્યા ? તેણે જાંણવું કે પારશીઓમાં બે વર્ગ મુખ્ય છે અંધ્યારૂ, અને બેહેદીન. ઉપલી ટીપ અંધ્યારૂ વર્ગની છે, બેહેદીન વર્ગમાં વાંદરીવાલા વગેરે હોવાથી તેમનું કશું તેમાં નથી. વળી કેટલીક અટકો બેઉ વર્ગમાં છે, જેમકે હવાલદાર વીગેરે. તેથી જે કુટુંબ ઉપલી ટીપમાં છે, તે અંધ્યારૂનું જાંણવું. આતશબેહરાંમ સાહેબની આશોદાદ જેવી ઉપજ ખાવાનું પણ ઉપલી પૉલવાલાઓને ગોઠવી આપેલા અનુક્રમે ખાયછે.

નવસારીની રાજ્ય સ્થિતિ.

હવે આપણે નવસારીની રાજ્ય સ્થિતિ ઉપર પાછા આવ્યે. ઈ. સ. ૧૪૦૦ પછી ગૂજરાતમાં સોલંકી વંશનું રાજ પુરૂં થયાથી, નવસારી પણ સોલંકી વંશના રાજાના તાબામાંથી ગયું, અને હિંદુરાજ જઇ મુશલમીન રાજની જુસરી હવે આપણ નોશાકરાઓને માંથે આવી પડી. ઈ. સ. ૧૪૧૨માં શાહ અહમદશાહે પોતાના નામ ઉપરથી "અહેમદાબાદ" નામે (હાલનું અમદાવાદ) શેહેર વસાવી ગૂજરાત જીતી લીધું. તે વખતે ગૂજરાતની જે સ્થિતિ થાય તે આપણી નવસારીની પણ થાય. એ પાદશાહના વંશનો પાદશાહ મહમદ ઈ. સ. ૧૪૫૧માં ગાદીએ બેઠો, અને તેણે જુનાગડ તથા ચાંપાનેરગડ એ બે "ગડ" જીતવાથી **બેગડો** યાને બેગડ જીતનાર એવો મોટો એલકાબ લઈ ગૂજરાત અને કોંકણ ઉપર ઈ. સ. ૧૪૭૦માં ચઢી આવ્યો.

નવસારામા વસ્તા પારશાઓને તેણે પોતાની રૈયત લેખે માન્ય રાખી તેઓ પાસે ખંડણીનો ઉચક્કો લઇ આગળ ચાલ્યો. તોપણ એક ગમથી જેવો મુસલમીન જીતનાર આગળ જાય, કે નવસારીમાંતો પાછું હિંદુ-રાજ ચાલુ થાય. અથવાતો મંડાઇ ગયલા પારશીઓ પોતેજ રાજ ચલાવે. એવી હાલતમાં નવસારી ઉપર પણ સૈયદ વંશની હાકમી ઈ. સ. ૧૪૧૪થી સૈયદ ખીજરખાં પછીથી શરૂ થઇ ચુકી હતી. એવી ઢંગધડા વગરની હાલતમાં પારશીઓ ઉપર બહુ જુલમ ગુજરવા લાગ્યો. એ સૈયદ વંશની હાકમીમાં નવસારી ખાતે પટેલ લેખે **આશા** કરીને પારશી પટલાઈ કરતા હતા; તેવણુ મુશલમાન રાજને મદદ કરનારા હતા.

પારશી-જી-અને શાહ.

મુસલમાનોના ચઢતા વર્ગના અમલદારોને "જીઉ" (જીમ+ઇ+વાવ) ની માન ભરેલી સંજ્ઞા, નામની છેડે લગાડવાનો રવૈયો હતો. જેમકે, ખાંન મૌલાજીંઉ— શેખદૌલતખાંજીંઉં, વી. એ ખેતાબ હિંદુઓએ પણ અખ્ત્યાર કર્યો, અને પારશીએએ પણ તે ઉપરથી લીધો. આશા પટેલે પણ **આશાજીંઉ** લખાવા માંડયું. અને આજે પારશીઓના કયાંની નામ પાછલ પણ જીંઉનો અપભ્રંશ જી લગાડવાની વડાઈ લેવામાં આવેછે; એ જી આપણે ધારતા હતા તેમ હિંદુઓનો જી નહીં પણ મુશલમીનોનો જીંઉનું અપભ્રંશ જી થયલો જણાય છે. પરંતુ મુસલમીનો ઉપરથી હિંદુઓએ, અને હિંદુઓ ઉપરથી પારશીઓએ, હિંદુઓએ ભાંગેલી ભાષામાં જીંઉનો જી બોલવા લાગ્યાથી, પારશીઓએબી તે લીધેલો હોવાથી, તેને હિંદુસાહી જી આપણે ગણવા લાગ્યે છીયે.

ઇ. સ ૧૪૧૪થી નવસારી વધવા લાગ્યું. હાદેસા ખમતાં ખમતાં એ **આશાજી** પટેલ બચારા કંટાળી ગયા હતા. પણ છેવટે તેવણુનો નેકનામ પુત્ર **ચાંગા** થયો, જેણે ધારગરીની પડી ગયલી હાકમી અને નવસારીની પટલાઇ ચલાવા માંડી. તેણે આજનો મુસલમીન ધર્મનો ખેતાબ, "શમ્શુલ ઓલમા" અથવા અંગ્રેજી કીતાબત "પી. એચ. ડી." વગેરે લીધા નો'તા. પણ પોતે ઇરાનના બુઝર્ગોની ઓલાદનો હોવાથી "દાવરનો" એલકાબ લીધો. અને "ચાંગા આશા" નું અપભ્રંશ "ચાંગાશા" કરીને ટુંકમાં બોલાવા લાગ્યું. અને "દાવર ચાંગાશા"

ના નામે વખણાઇ ગયો. હવેથી તેવણે નવસારીની હાલત સુધારવા માંડી. ખેડુતો ઉપરનો કર ઓછો કર્યો. અને જે પ્રમાણે ઈરાનના પાદશાહા જમશેદે દરિઓ પૂરીને જમીન બનાવી હતી, એવું કહેવાય છે તે પ્રમાણે તેણે એક કામ કર્યું. હાલનું કાંગાવાડ જે જગાએ છે, તે જગાએ મુસલમાંનોની ખેતી હતી, તે તરફની હવા ઘણી સારી હતી. કાંગાવાડની પૂર્વ બાજુએ એક નાહનું સુકાઇ રહેલું તલાવ હતું, તે તેણે પૂર્યું, અને પારશીઓને તે તરફ વસાવ્યા. અને તેટલા લત્તાને **પારસીપુરી**ના નામે ઓલખવા લાગ્યા. અને પાછલથી તો થોડો કાલ સૂધી "પારસીપૂરી" એવું નામ નવસારીને મલ્યું. વળી ચાંગાશાએ પારશીઓથી હિંદુઓને એલાહેદા રાખવાની ગોઠવણ કરી. અને હાલ જ્યાં દેશાઈ કુવો છે, તે તરફ તેઓના છાપરાં મંડાવ્યાં, અને તે જગાને પોતાના બાવા આશાજીના નામ ઉપરથી **આશાપૂરી** એવું નામ આપ્યું. એ આશાપૂરીનો એક અર્થ એ પ્રમાણે કેટલીક ગમથી સમજાવામાં આવે છે. તોપણ તે જૂદા જૂદા ગ્રહસ્થો તેના જૂદી જૂદી રીતે અર્થ કરેછે. મી. એફ. એ. એચ. એલ્યતે પોતાની બનાવેલી તવારીખમાં આશાપૂરીનો અર્થ "રક્ષણ કરનારી માતા" એવો કર્યો છે, પણ **આશા** શબ્દમાં એવા અર્થનો કાંઈ ભેળ આવેલો જણાતો નથી; તોપણ એ અર્થ તેઓએ શા ઉપર થી કરયો હશે, તે સમજવાને આપણુ પાસે સાધન છે. મારા મિત્ર મી. જોશીએ એ વિષે કેટલુંક જણાંવ્યું છે.

આશાપુરી.

આશાપુરી એ શુદ્ધ સંસ્કૃત **આશાપુરયેત્રી** ઉપરથી થયલું છે. અને તેનો અર્થ આશા અથવા ઇચ્છા ને પુરી કરનારી દેવી એવો થાય છે. વળી ચાંગા આશાતો નવસારીમાંજ થઇ ગયા છે, પણ એ નામની દેવી તો ઘણી જગ્યાએ છે તો ત્યાં આશા ચાંગા સાથે શું સંબંધ હોય? આશાપુરીની ઉત્પત્તિ સંબંધની થોડીએક ઈતિહાસિક લોકવાયકા એવી છે કે:——

આજથી આસરે સો વરસની વાત ઉપર દમણીઆ જ્ઞાતિના એક હરગોવિંદ હરિવલ્લભદાસ નામના અલેના એક સોનીને એક માતાએ સ્વપ્ન આપ્યું કે વીજલપોર ગામ આગલ જોડીઆવડની તળે હું રહી

છું તેમાંથી મને કહાડ અને મારી પુંજા કર. હું તારી મનના ખારા પુરી કરીશ. " આ સોની ધર્મમાં ઘણો શ્રદ્ધાળુ હતો તેથી પોતાને થયલાં સ્વપ્નની વાત પોતાના એક મિત્રને કહી. આ સ્વપ્ન એને દેવ ઉઠતી અગીઆરસની રાત્રીએ થયું હતું. બે દિવસ વચ્ચે જતા રહ્યા તોપણ તેણે કાંઇ કર્યું નહિ. હવે ત્રીજે દિવસ કારતેક સુદ ૧૪ નો હતો. એ દિવસે ઘણા જુના વખતથી નવસારીના લોકો નવસારીની પડોશમાં આવેલા પૂર્ણેશ્વર મહાદેવે શ્રાદ્ધ કરવા જતા આવેલા છે. તે દિવસે આ હરગોવિંદદાસ પણ પૂર્ણેશ્વર ગયેલા જેમિત્રને પોતાને આવેલાં સ્વપ્નની વાત કહી હતી, તે મિત્ર પણ આ વખતે તેની સાથે હતો. પૂર્ણેશ્વર જવાના બે રસ્તા છે. એક જલાલપોરથી જવાયં છે. અને બીજો વીજલપોર નામના ગામ આગલથી પણ જવાય છે. આવતી વખત તેઓ વિજલપોરથી આવ્યા. આમ આવવાનું કારણ ખાસ જોડીઆવડ આગળ પોતાને થયલા સ્વપ્ન સંબંધી કરવાની તજવીજ હતી. જોડીઆવડ આગળ આવતાં હરગોવિંદદાસને એક સરળ જગાએ ઠોકર લાગી. આ ઉપર તેણે ઝાઝો વિચાર ન કરી કાંઇ ન જણાવાથી પોતાના મિત્ર સાથે ઘેર આવતો રહ્યો. પણ તેજ રાત્રે તેને ફરીથી સ્વપ્ન થયું કે જે જગ્યાએ તને ઠોકર વાગી છે તેજ જગ્યાએ હું છું. માટે કાલને કાલ મને કહાડ. બીજે દિવસે પોતાના મિત્ર સાથે ત્યાં જઇ ખોદતાં એક દેવીની મૂર્તિ નિકળી આવી. આ મૂર્તિ લેઇ તેઓ થોડેક આવી હાલ જ્યાં આશાપુરીનું દેવળ છે ત્યાં એક જબરો વડ હતો; જેની આગલ વડનાજ ઝાડો અદ્યાપિ છે, ત્યાં તે મૂર્તિને રાખી કે પોતાને પૂજા દર્શન કરવા આવવા પાસે પડે.

આ હાલતમાં વગર દેવળે વડના મૂળ પાસે થોડોક સમય સુધી આ મૂર્તિ પડી રહી. જોકે તેની પૂજા વગેરેની વ્યવસ્થા તે સોનીએ પોતાના ગોર દાજીભટને સોંપી હતી. આ માતાપર હળવે હળવે લોકોનો ભાવ વધ્યો. માનતા ચાલવા લાગી. અને પોતાની ધારેલી વાત સફળ થવાથી લોકોએ તેને આશાપુરી માતાનું નામ આપ્યું. રોજ રોજ ઘણા લોક દર્શનને માટે પણ જવા લાગ્યા.

આ વખતે નવસારી માહાલ અને ગાયકવાડ સરકારના બીજા માહાલો ઇજારે અપાતા હતા. ઇજારદાર પાસેથી ઠરાવેલી રકમ માત્ર ગાયકવાડ સરકાર લેતા. તે શિવાય સર્વે હકુમત માહાલ ઉપર ઇજારદાર ચલાવતા. ફોજદારી કે દીવાની ગુન્હાની તજવીજ ઇજારદારજ કરતા.

અને પોતાની ઇચ્છા પ્રમાણે ઇનસાફ આપતા. પોતાના વિચાર એજ કાયદો હતો. એઓ જુદી જુદી જગ્યાએ પોતાના તરફથી સુબા તથા બીજા કારભારીઓ રાખતા. થોડા વખત ઉપર નવસારી મહાલ ગોપાલરાવ મૈરાલના હાથમાં હતો અને તેમના તરફથી સુબા તરીકે માધવ રાવબાબા કરીને ભલા હાકમ હતા. ગોપાલરાવ, કેહે છેકે, પોતાના મહાલમાં ફરવા નિકળેલા તે વખતે કઠોર મુકામે તાપી નદીમાં રેલ આવવાથી ભય ભરેલી રીતે ઘેરાઇ ગયા. આ સંકટ કાંઈ જેવું તેવું નહતું. પ્રાણની પણ શંકા કરાવનારૂં હતું પોતાની સહીસલામતીને માટે અનેક દેવની બાધા અને માનતા શરૂ થઇ. અને તેમાં નવસારીના સુબા માધવરાવની પ્રશંસાથી આશાપુરી માતાની પણ માનતા રખાઇ. ઇશ્વરી કારણથી માનતા રાખતાંજ ભય કમી થવા લાગ્યું અને થોડા વખતમાં રેલ તદન ઉતરી જતાં કેવળ નિર્ભય થયા. આથી આશા પુરીના દર્શન કરવાની તેમની ઇચ્છા વધી. દર્શને આવતાં આવી મહા પ્રતાપી માતાજી વગર દેવળે કેવળ આકાશ નીચે પડેલાં હોવાથી તેમને માટે દેવળ બંધાવવાની ઇચ્છા થઈ. દેવળ તથા ધર્મશાળાને માટે થોડીક રકમ મંજુર થઈ અને કામનો આરંભ થયો. કામ ઘણે મોટે પાયે ઉઠાવ્યું એટલે વચ્ચે દેવળ બાંધી ધર્મશાળા બહુ મોટી બાંધવા માંડી એટલે મંજુર થએલી રકમ તો પુરી થઇ ગઇ અને ધર્મશાળા ઘણી અધુરી રહી ગઇ. પણ પાછલથી મોટા મનના સુબાની ભલામણથી વળી વધારે રકમની મંજુરી મળી. તથા પુજારીને મોટું સારૂં વર્ષાસન પણ બાંધી આપ્યું. જેમાંથી હજુ પણ ત્રણસેં રૂપીઆ દર વરસે તેમને મલ્યા કરે છે. એ પ્રમાણે આશાપુરી વિશે મતભેદની વાતો છે, જેમાંથી કઇ માનવી તે તેની હકીકત ઉપરથી વાંચનારને જણાઈ આવશે.

તરાઉતું.

વળી એક વાત ઘરડાંઓ કરે છે તે યાદ આવેલી અત્રે ટાંકીશું. હાલમાં તરઉતા નામનો જે ચકલો નવસારીમાં છે, તે જગાએ તલાવ હતું તે પૂરાયા પછી, તે જગાની નિશાણી કોઈને આપવી પડે તો પેલું " તલાવ હતું " ત્યાં ફલાંણું ચીતું છે. એમ તલાવ હતું-તલાવ હતું બોલાયા કરવા ઉપરથીજ તેનો જલદીથી ઉચ્ચાર કરતાં " તરાવતું-ત-

શેવતું " એમ બોલવાની લઢણ પડી ગઈ છે. એ પ્રમાણે ચાંગાશાએ તલાવ પૂરીને, સારી આબો હવામાં પારશીઓને તેમના ખવાસ પ્રમાણે રહેવા ગમતું હોવાથી, ત્યાં રાખ્યા. આગળ કહી ગયા તેમ અમદાવાદના સુલતાંને નવસારીના પારશી રાજ ઉપર ખંડણી નાંખી હતી, તે શીવાય ત્યાં તેનો કોઇ શુબો નોહોતો, ચાંગાશાજ રાજાબી, દેશાઈબી, પટેલબી, અને મોટા ધરમ ગુરૂબી ગોયા તેવણજ હતા; તો જોકે તેઓ અંધ્યારૂ નહીં પણ એક બેહદીન હતા. એક લખનાર તેવણ માટે લખે છેકે:—
" જરથોસ્તી ધરમનો તે પાસબાંન હતો, અને ઈરાંન સાથે વેહેવાર રાખતો હતો. રાજકાજમાં તે વેલાએ પારશીઓજ હતા. ૧૪મી સદીની અધવચથી નવસારીમાં હિંદુઓનો પગ પેશારો ઘણો વધવા લાગ્યો હતો. તેની એક સદી આગમચ નવસારીમાં મુશલમીન વસ્તી ઘણી વધી પડી હતી. મુસલમીનો જે જગાએ વસ્તા હતા, તે જગા " નીમાજગરા ટેકડા " ને નામે ઓલખાતી હતી. એ ટેકડો હાલ નાશ પાંમી તે જગાએ નવસારીનું રેલ્વેસ્ટેશન બંધાયું છે. નીમાજગરો ટેકડો એટલેકે નીમાજ કરવાની જગા. ટેકડો કહેવાનું કારણ એકે, તે જગા ઉંચા ટેકડા ઉપર છે. એ ટેકડી ઉપર મુસલમાંનોનું નીમાજ કરવાનું મથક હતું. કેમકે પાસે આવેલાં જલાલપોર ગામમાં અને એ લત્તા તરફજ ઘણે ભાગે મુસલમાનો રહેતા હતા. અને તે વખતનું મુશલમાંન ભાઈઓની જુની કબરો સાથનું કબ્રસ્તાંન હજુપણ ત્યાં હૈયાત છે. અને હજુપણ નવસારીનાં કેટલાક કાજીઓના વંશવાલાઓના મુરદાં, એ રેલ્વેસ્ટેશન આગલનાજ કબ્રસ્તાંનમાં દાટવામાં આવે છે. નીમાજગરા ટેકરાવાલી જગા નવસારીમાં સર્વથી ઉંચામાં ઉંચી છે. ખોદા ન કરેને, ધારો કે, નવસારી આખીને આખી રેલના પાણીમાં ડુબે, તોપણ એ ટેકડાની હાલની જગા તરફ અથવા શેઠ ગારડાજીના બંગલાવાલા લત્તા તરફ લોકો ભરાય તો ઘણે ભાગે બચી જાય. નવસારીની જમીન દરિયાની સપાટીથી ૧૫૦ ફીટની ઉંચાઈએ મપાયલી છે. પુર્ણા નદીના પાણી આરબી સમુદ્રમાં જતાં, યાને બીબીઅરજાંણી તરફનો દરિયો ૧૫૦ ફીટ ઉંચાઈએ ચઢે તોપણ નવસારીની ઉંચામાં ઉંચી જગા વેરાવળવાલી–મુસલમાંનોના કોટવાલી એટલે સરકારી ઓસ્પીટલવાલી—અને આ નીમાજગરા ટેકરાની જગા સલાંમત રહે.

જરથોસ્તી મેહફીલ અને મલેશર.

ચાંગાશાએ નવસારીની સ્થિતિ સુધારવાને આગળ શું શું કર્યું તે હવે જાંણવું જોઇએ. ઈ. સ. ૧૪૦૦ ના શાલથીજ પારશીઓ ખેતી કરતા જણાયા છે. આખા નવસારી જિલ્લામાં રાજદરબારી હુદ્દા પારશીઓનાજ હતા. કોઇ કોટવાલ, કોઈ શુબેદાર; કોઈ મુનશી, કોઈ મેહેતા; કોઇ જમાદાર, કોઇ હવાલદાર, કોઈ શીપાઈ, કોઇ પટેલ; કોઈ દેશમુખ, અને કોઇ દેશાઇ; વગેરે તમામ હુદ્દા તેમનાજ હતા. આજની નવસારીની અટકો તેની ગવાહી આપેછે (જૂઓ હમારી બનાવેલી " પારશી અટકો અને નાંમો. ") ઇ. સ. ૧૪૬૦ માં ચાંગાશાએ નવસારીની આસપાસ વસ્તા તમામ પારશીઓને ગામે ગામથી નવસારીમાં ધરમની મેહેફીલમાં સામેલ થવા બોલાવ્યા. એટલે નવસારીમાં પેહેલા પારશીઓ આવ્યા પછી, ધંધાને અર્થે નવસારીની આસપાસ મૈલો ગણત્રી દુરના ગાંમડાંઓમાં કોઇ ખેતી કરવા, તો કોઈ દારૂની દુકાંન ચલાવા, તો કોઈ લાકડાં કાપવા જંગલમાં, એમ છેક શોનગડની હદ સૂધી વીખેરાઇ ગયા હતા. તે બધાને પોતાના કાબુના જોરથી ચાંગાશાએ બોલાવ્યા. ચાંગાના હુકમને માન આપી આસપાસના ગામે ગામથી તેઓ નવસારીમાં આવ્યા. તે વખતની તેમની હાલતનું બ્યાન કમકમાત ને કચવાત ઉત્પન્નકરે એવું છે. કોઇના દિલ ઉપર અમથી દગલી, તો કોઇના દિલ ઉપર સદરો હતો. કોઇના બદન ઉપર કુસ્તી પણ નહીં; અને કોઇના સુદરેહ ઉપરથી ગીરેબાંનં વટીક ખોહવાઇ ગયું હતું ! કોઇ ઉંઘાડે પગે, તો કોઈ ચીથરેહવાલ કેવળ હિંદુ હાલતમાં ગામે ગામથી નવસારીમાં આવ્યા. ઘણા ઘણા વરસોથી તેઓ નવસારીથી બાહાર રાનવાડાઓમાં પડી રહેલા હતા દીન ધરમ કંઇ જાંણે નહીં. શુદ્ધ ઇરાંની તે હવે શુદ્ધ હિંદુ જેવા જમાનાએ કરી નાંખ્યા હતા. તે બધાંને માટે રહેવાની એક જગા ચાંગાશાએ માંડવા નાંખીને મુકરર કરી, તે હાલનો મલેશરનો લત્તો હતો. એ જગાએ મુસલમાંની દોર વખતના પડી રહેલા મલેકોની સરેહ હતી. ત્યાં તેમની મશજીદો હતી, અને આજે પણ તે મશજીદો ઉપલી સરાહની સાક્ષીઆપવા હૈયાત ઉભી રહેલી છે. એ મલેક સરાહ આગલ વસાવેલા ગામડેથી આવેલા પારશીઓના ફૂલ્યાંને મલેકસરાહવાલાં ફૂલ્યાંને નામે

ઓલખવા લાગા. અને મલેકસરાહનું પાછળથી અપભ્રંશ થયું. મલેક-સરેહને બદલે મલેશર એવું નામ પડ્યું છે. અને તે ઉપરથી મલેક-સરાહવાલાનું અપભ્રંશ આજે **મલેસરાને** નામે ઓળખાય છે. ગાંમડેથી આવેલા જે પારશીઓ પાસે સદરા કુસ્તી નહતાં, તે ચાંગાશાએ તેમને અપાવ્યાં. જેમની પાસે જોડા નોહોતા તેપણ તેમને અપાવ્યા. હિંદુઓની રસમો રૂવાનની ક્રિયામાં આમેજ થયલી તે છોડાવી. પછી બધાંને સાથે મેળવી ધરમની વાઆજે સંભળાવા લાગ્યા. અને ધર્મ સંબંધી ચરચા ચલાવા લાગ્યા. છેવટે જે સવાલો બીકટ જણાયા તેના ખુલાસા ઇરાન વેરથી પુછાવીને માહીતી મેળવવાનો ઠરાવ થયો. નવસારીના કોઇએ પણ ઇરાંન જવા હાંમી ભીડી નહીં. અને મેહેફીલમાં આવેલા ભરૂચના એક પારશી નામે નરીમાન હોશંગે ઈરાન જઇ ખુલાસા લઇ આવવા બીડું ઝડપ્યું. અને સવાલો લઇ ઈ. સ. ૧૪૭૦ માં એક મીશન ઇરાંન ગયું. ઈરાંનથી નાશી આવ્યા પછી, પાછા પારશીઓ ઇરાંન પેહેલવેહેલા ગયા હોય, તો તે આ નોશાકરૂં મીશન હતું. એ પ્રમાણે ત્યારે ઈરાંનથી નાશી આવ્યા બાદ હિંદમાં ચુંથાઇ ગયલો ધર્મ સાચવવામાં પેહેલવેહેલા નવસારીનાજ પારશીઓ આગળ પડયા હતા. એ મીશનના કામથી ફારેગ થઇને ચાંગાશાએ ઈ. સ. ૧૪૯૮ માં નવસારીના તમામ હિંદુ મુશલમાનો અને પારશીઓવતી અમદાવાદના હાકેમને પોતે ખંડણી ભરી નવસારીની સમસ્ત રૈયતને તે પીડામાંથી છોડવી. નામીચો ફ્રેન્ચ મુસાફર એકવીટલ દુ પેરાં ચાંગાશા વીશે કહે છે કે,

"'There appeared afterwards at Nowsaree a rich Parsi named Changa Shah, a faithful observer of the Zoroastrian law. He distributed his wealth among the poor, provided the Parsis with Koshtis and Sudras, and endeavoured to bring back those whom ignorance and troubles had led into many errors to the exact practice of the Zoroastrian law. To succeed in this, he applied to the Dastoors of Kerman, consulting them on different points of the Zoroastrian religion, neglected in Gujerat."

નોશાકરાઓ અને વાસ્કો ડી ગામા.

ઇ. સ. ૧૪૯૮માં વાસ્કો ડી ગામા નામનો ફીરંગી સુરતમાં આવ્યો, તેની સાથના તોફાની ફીરંગીઓએ નવસારીમાં આવી પ્રજાને પીડી તે વેલાએ પારશીઓ અને ફીરંગીઓ વચ્ચે માંથાફાડ મારામારી ચાલી હતી. અને સુરતના ફીરંગીઓનો પારશીઓ ઉપર બહુજ ખોફ ઉતર્યો, અને પારશીઓને ધિક્કારવા લાગ્યા, તે છેક ઈ. સ. ૧૭૬૫ સૂધી કડવાશ રહ્યો. ઈ. સ. ૧૭૬૫ માં વાંશી ભેભરાટને દરિયે ફીરંગીઓનું એક વાંહાણ ભાંગી ગયું, અને તેના હબશી ખલાસી તથા ફીરંગી કપટાંન વગેરેને નવસારીમાં પકડી લાવવામાં આવ્યા હતા. અને તે હબશીઓને ગોલાંમ તરીકે વેચવામાં આવ્યા હતા. પણ તે ફીરંગીએ તે વેલાના કરતા કારવતા દેશાઈ શ્રી ખુરશેદજી ટહેમુરજીની મદદ માંગી, ત્યારે દેશાઈજીએ તે ગોલાંમો સહિત તેને છોડવ્યો, ત્યારથી સુરતના ફીરંગીઓ પારશીઓ ઉપરનું વેર છોડી ચાહા રાખવા લાગ્યા. એ વિષે દેશાઇ શ્રી ટહેમુરજી રૂસ્તમજીના ઘરના જમાખરચનો જે રોજમેલ તેવણના બેટા દેશાઇ શ્રી ખુરશેદજીએ લખ્યો છે, તે સંવત ૧૮૨૨ ના રોજમેલ પાન ૧૨ ઉપર નિચે મુજબ ઉધારેલા છેઃ——

"૪૦) ઘર ખાતે ખરચ ફરંગીનુ વાંણ ૧ વાંશીને બારે ભાગુ તેમાં અહફશી હતા તેને રામરાવે પકડી લાવી વેચા ને તે ફીરંગી તેઓ પકડી લાવા તે ફીરંગીએ આપણુને મલમલ થાન ૨ નજર કરાં તાર આપણે શીદીનો પોરો ૧ વેચાતો લેઈને તેને આપો તે એ રૂ. ૪૦ તે રાંમરાવને આપા તે ભવાનીપંથના જમે છે. કારતેક વદ ૮ બુધ."

એ પ્રમાણે એક નોશાકરાજ વતનીએ સુરતના ફીરંગીઓ સાથનો આપણનો ટટો પટાવી પારશી કોમ તરફ તેમનો ચાહ પાછો ખેંચ્યો. પાછી ચાંગાશાની કારકીર્દિ જોઇએ. સુરતની, મુંબઇની, ભરૂચની તમામ પારશી વસ્તી તે વેળાએ નવસારીને તાબે હતી. વળી ચાંગાંશાએ×

×મોન્સયર એકવીટલ ડુ પેરોએ ચાંગાશાનું નામ ઘેરઘેર વાહલું ને માનીતું થઈ પડેલું જોઇને ઈ. સ. ૧૭૭૧ માં આવ્યો તે વેળાએ તેને માટે લખ્યું છે કે " તે પોતાની દોલત ગરીબોના સુખ માટે વાપરતો, તેનો અધીકાર વગર હદનો હતો, તેની પરહેજગારી ચોમેર પંકાયલી હતી, અને

બીજી મોટી બહાદુરી કરી, કે સંજાંણથી પારશીઓ પોતાના આ-તશબેરામને લઇ નાશીને બારોટના ડુંગરોમાં થઇ વાંસદાના જંગલમાં હેરાંન થતા હતા, ત્યાંથી તેઓને બોલાવી નવસારીમાં મથક કરાવ્યું. એ કયા વરસમાં થયું તે વીશે ઘણા લખનારા શકમાં છે, પરતું શાયર શાપુરદારૂ શંજાંણાએ દેશાઈશ્રી ખુરશેદજીના નવસારી ખાતેના આતશબેરાંમનો કિસ્સો લખ્યો છે. અને જેનું પેહેલે નાંમ "કિસ્સે જરથોસ્તીઆંને હિંદુસ્થાંન" એવું આપેલું જણાય છે, તે કિસ્સો મરહુમ-શાપુરદારૂએ જોડેલો તે ખુદ જોડતી• વખતનો ખરડો+ દેશાઇજી બરજોર-જી પાલણજીના દફતરખાંનામાંથી તેવણના બેટા મી. કેખશરોએ શેવક-ને આપ્યો છે, તે કિસ્સો જોકે તમામ ફારશી ભાષામાં છે, તોપણ એ-ક નોંધ ગૂજરાતી ભાષામાં કરેલી સફે ૩૭ ઉપર મોજુદ છે, તે અસ-લ ભાષામાંજ આપણે ઉતારી લઈએ.

આતશબેરાંમની અદલાબદલી.

"આતશબેહેરાંમ વાંશદામાં વરશ ૧૪ રહેઆ તે દાડામાં પેશગી નોશારીમાં બેહેદીન નેકનાંમ ચાંગાશાહા બેન આશા હતા તેહોએ એક દાડે કશદ નોશારીથી વાંશદે આતશબેહેરાંમની ખેદમતમાં બીજાઓને શાથે લેઈને તાંથી પાછા આવીને નોશારીમાં અંજુમન મેલવીને મોબેદ બેહેદીનોને કહીઉ જે આંપણે આતશબેહેરાંમ નોશારીમાં લાવીને જગો કરીએ જેવારે મોબેદોએ કહીઊ જે અમારેને તેહોને શોગંદ છે જે પોતાની હદમાં રહીને અમો અમારૂં કામ કરશું અમારા નેઆંગાનોએ લખેઆં પડેઆં કીધેલાં છે જે હરગેજ એક એકની જાગો ઉપર અમલ નહી કરવો ને નોશારીમાં શંજાંણાં અધેયારૂઓને તા. આતશબેહેરાંમ તમો લાવો તેવારે ચાંગાશાહે મોબેદો પાસે માંગી લીધું જે તે લોકો ઉપર રંજ ને શખતી ગણી છે ને તેનાંનો કોઇ ખરીદાર નથી હું જાંઊ ને તેહોને લાંઊ ને તમોને બેખલાશ કરાંઊ ને કજીઓ બરતરફ કરૂ તેવારે શરવે રાજી થાઇને દેલાશો દીધો ચાંગાશાહેને શાથે શરવે ગીઆ

• તેણે પોતાના જાત ભાઈની સંસારી તથા ધરમની હાલત સુધારવાને પોતાના અમલ તથા દોલતને જોરે કાંઈ કરવું બાકી રાખ્યું નથી."

+એ ખરડો લગભગ સવાસો વરસનો જુનો સેવક પાસે મોજુદછે.

વાંશદે જાઇને આતશબેહેરાંમ લાએઆ એક મકાંન ખાલી કરીને તાંહાં મેલેઆ તેની પરશતશમાં ૩ મોબેદ હતા. તે રગંમ એક નાગનરામ બીજો ખોરશેદ બેન કેઆંમઆદીન ત્રીજો ચાંદણાં શાએર એ ત્રણે આતશબેહેરાંમની ખેદમતમાં હતા તેબી પોતાનાં કબીલા શાથે આવેઆ હતા. શને ૭૮૫ ઇઅજદજરદીમાં લાએઆ પછી શને ૧૧૦૯ રોજ ૨૮ મા. ૧૨ માં આતશબેહેરાંમને લેઇને વલશાડ ગીઆ તે દાડો નોશારીમાં દરમેઆંન વરશ ૩૨૪ રહેઆ. ”

રાજા માંગાશા ચાંગાશા.

પટેલ આંશાજીનું નામ તેવણના નેકનામ પુત્ર ચાગાંશાએ, એ પ્રમાણે દીપાવ્યું,પણ તેના કરતાં વળી ચાંગાશાના બેટા માણેકશા ઉર્ફે માંગાશાએ વધારે દીપાવ્યું. આશા પટેલની ઓલાદના તેઓ હોવાથી હવેથી તે લોકો પોતાના નામની પાછળ, ઓળખાંણને માટે, **આશાનું** અપભ્રંશ **શા** વાપરવા લાગ્યા, કેમકે કંપેરેટીવ ફાઇલોલોજીને કાયદે **આશાનો** પેહેલો હરફ સ્વર હોવાથી, તેની આગળ આવનારા શબ્દના અંત્યાક્ષર વ્યંજનની સાથે આપોઆપ બોલતાં બોલતાં જોડાઈ જાય છે. જેમકે; ચાંગા+આશા = ચાંગાશા. માંકા+આશા = માંકાશા. આજે પારશીઓમાં કેઆંની નામો જેવાંકે ફરેદુન, નાદર, વગેરે ફરદુનશા, નાદરશા, એવી રીતે **શા** પ્રત્ય લાગીને બોલાય છે, તેને માટે જે પ્રમાણે આપણે ધારતા હતા તેમ તે **શા, શાહ** શબ્દનું અપભ્રંશ નથી, પરંતુ **આશા** શબ્દનું અપભ્રંશ જણાયું છે. વળી પારશીઓએ આશાજી પટેલનો આશા એકલો લીધો છે, એટલુંજ નથી, પણ તેવણનો જી પણ સાથે વાપરી એક નામને બે એલકાબ પણ જોડે છે: જેમકે:—ફરદુનશાજી, નાદરશાજી વીગેરે. વળી હિંદુ ઉપરથી લીધેલાં નાંમોને પણ પારશીઓએ એ બે એલકાબ ચોંટાડેલા છે; જેમકે:--- ધનજીશાજી, માણકશાજી વીગેરે. એ ચાંગાશાના બેટાનું નામતો માણેકજી હતું, પણ તેનું લાડકું નામ માણેક હતું. અને આશાના ખાંદાંની હોવાથી માણેકશા લખાયું, પછી લાડમાં ને લાડમાં માંકાશા લખાયું, અને તેનું અપભ્રશ માંગાશા થઇ ગયું ! એક તવારીખ નવેશે એ માંગાશા વીશે નીચે પ્રમાણે હકીકત લખી છે:—

"બાપના મરણથી નવસારીની હાકમી માંગાશાના હાથમાં આવી, તે નવસારીનું રાજ પોતાના બાપના જેટલા અધીકારથી બલકે તેથી વધારે જાહોજલાલીથી ચલાવા લાગો. તેણે પોતાના બાપના દોલતખાંના યાને દરબારને દીપતી કીધી. તે છત્રપતી હતો. તેને ત્યાં નોબતો વાગતી હતી. તેને બેશવાની ખુરશી શોનાની હતી, અને તેના તાબામાં શીપાહો, કારભારીઓ, દાનાવો મલી ૧૦૦૦ માણુસ હતાં. સઘલા પારશીઓજ તેના મદદનીશ હતા, તેનો અધીકાર રાજાના જેટલો હતો. ગુનેહગારોને કેદ કરવાનો, દંડ કરવાનો તેમના હાથપગ કાપવાનો કુલ અખત્યાર તે ભોગવતો." વી, વલી શેઠ ડો. ફ. કરાકા એવણને વીશે કહે છેકે "નકલ કરવા યોગ્ય પીતાનો આ એક નેકનામ બેટો હતો, અને તેણે પોતાના પીતાની માફક પોતાના દેશીઓના ભલાંને ખાતર જેહેમત ખેંચી." તેવણે ઇ. સ. ૧૫૩૧માં પેહેલવેહલું પથ્થરનું એક દોખમું નવસારીમાં બંધાવ્યું હતું, જે હજુ પોતાની નિશાંની રાખી રહ્યું છે. તે અગાઉનું ઈંટનું દોખમું નવસારીમાં હતું, કેજે દોખમું નવસારીનાજ એક બેહેદીન રહીશ નામે બેહેરાંમ જીથરાના ધણીઆંણી માલણબાઇએ રેંત્યો કાંટી કાંટીને ભેગી કરેલી પુંજીમાંથી પોતાના ખરા પશીનાના પૈસાથી બંધાવ્યું હતું. તેણીની એવી સખાવતોને લીધે પારશી અંજુમન પોતાના ભણતણ ક્રિયામાં બીજાં નાંમો ભેગું તેવણનું નામ પણ યાદ કરે છે.

યજદેજરદી ૯૦૦ના વર્ષમાં કાઉશ અને અફ્રશાદ નામના બે ઇરાંની વેપારીઓ નવસારીમાં આવ્યા; અને તેઓએ "કીસ્સે કાઉશ વ અફ્રશાદ" એવે નામની ફારશી ભાષાની બેતોમાં એક કેતાબ બનાવી છે, તેમાં જણાવ્યા પ્રમાણે માલણબાઇનું જે ઈંટનું દોખમું હતું તે ધર્મ વિરૂદ્ધનું ગણીને પથ્થરનું બાંધવા માંગાશાને તેઓએ સમજાવ્યાથી માંગાશાએ નવું પથ્થરનું દોખમું બંધાવ્યું હતું, કેજે આજે પણ "માણેકશાના દોખમા" ને બદલે "મનચેરશાહનું દોખમું." એ નામે ભુલથી ઓલખાય છે, તેનું કારણ એવું છે કે, મીનોચેરશા નામનો એક નબીરો પણ એ વંશમાં થઇ ગયો છે. એ કાઉશ અફ્રશાદના કિસ્સામાં તે વખતના પારશીઓની હાલત ઘણીજ બુતપરસ્તી જેવી, અને દોજખી રવેશોથી ભરપુર ચિતારવામાં આવી છે; તે આ ઠેકાંણે ઉતારવાથી દિલ દુખાય એટલા માટે પડતી રાખી છે. એ માંગાશાએ નવસારીમાં એક સદાવ્રતખાતું સ્થાપ્યું હતું અને લોકોને તે પાલી

લેતો હતો, કેમકે તે વખતમાં મોબેદોને નજીવો આપ હતો. લગ્નજેવી ક્રિયામાં વરકન્યા બંધે મલી ૭ ફદીઆં મોબેદને આપતાં !

એ પ્રમાણે ઇ. સ. ૧૫૨૬ માં બાબર અને હુમાયુ પાદશાહોની મોગલાઇ શાહનશાત વખતે, નવસારી જાંણે સ્વતંત્ર પારશીરાજ હતું. તે છેક અકબર બાદશાહના વખ્તમાં પરતંત્ર થઇ ગયું. ઈ. સ. ૧૫૨૬ માં મોગલ રાજ ગૂજરાતમાં તો બધેજ પસરેલું હતું, પણ નવસારી તેના દોરથી મુક્ત રહેલું હતું. પરંતુ ઇ. સ. ૧૫૭૩ માં અકબરે ચાંગાશાના નબીરાઓ પાસેથી નવસારીની હકુમત છીનવી લીધેલી જણાઈછે.

ઇ. સ. ૧૫૮૧–૮૨ માં જે વેલાએ રોમનો પોપ ગ્રેગરી ૧૩ મો સુધરેલાં રોજ માહાનું "ગ્રેગોરીઅન કેલેંદર" યાને "ગ્રેગરીનું પંચાગ" બનાવવા માટે મેહેફીલો ભરતો હતો, તેજ વરસમાં યાને ઇ. સ. ૧૫૮૧–૮૨ માં દાનાવ દસ્તુર મેહેરજી વાછા વગેરે પરહેજગારો આપણા ધરમની ચુનોચેરા અને કબીસાની તકરારની મેહેફીલો નવસારી ખાતે ભરતા હતા. કેમકે ઇ. સ. ૧૫૮૦ માં નવસારીની અંજુમને દસ્તુર મેહેરજી વાછાને મોબેદોના વડા બનાવી દીન એનના ક્રિયા કામો ઉપર તેમનું વડપણ સ્વિકાર્યું હતું. પણ વળી વધારે અજાયબી જેવું તો એ છેકે, જાંણે એ વરસો બધેબધ ધરમની મેહેફીલોજ ભરવાનાં હોયની, તેમ ઈ. સ. ૧૫૮૧–૮૨ માં દુન્યાના સઘલા મજહબના ધરમ ગુરૂઓની મેહેફીલ દિલ્લીમાં અકબર પાદશાહ ભરતો હતો. અને તે વેલાએ આપણા ધર્મના પ્રતિનિધિ લેખે જેમ ઇરાંનથી તેમ નવસારીથી પણ દાનાંવો ગયા હતા. એમ "આંઇને અકબરી" નામની અકબરની કારકિર્દિની કેતાબમાં લખાયલું મોજુદ છે.

હવેથી મોગલાઇનો જુલમ નોશાકરાઓ ઉપર પડવાનું શરૂ થયું. ચાંગાશાના નબીરા બમનશાનું પણ ઘણો વખત સારૂં ચલણ ચાલ્યું, પણ પછી તેના બેટા મીનોચેરશાના વખતમાં અમલ હાકમી તુટી ગઈ, અને એ પ્રમાણે પારશીપૂરીનું પેહેલવેહેલું આ પારશી રાજ જતું રહ્યું. તે વખતના નોશાકરાઓનાં રીત રીવાજ તો જૂદાંજ હતાં, પણ તે વખતની પારશી–ગૂજરાતી–ભાષા પણ જૂદીજ હતી. ઇ.સ. ૧૫૫૦ માં દીવ ખાતે નવસારીની અંજુમને એક મોબેદ મોકલ્યો તેને આશદીન કાકા નાંમે એક ચંચલ આગેવાન પારશીએ નીચે પ્રમાણે કાગલ લખી આપેલો હતો.

"જત બે ચાંદીકા યમ દીન હુલીએ અગીઆરી માંહી હમો જન ચાર બેઠા હતા. ત એમ કહીઉં જે દીનના સમસતે બેહેદીને કહુ

જે એક એરમદ બરશતુમ શુધાં આંહાં આવે તે બાજધરતું તથા ગેહે-શારતું ને હમારાં મુઆંની નીમત આફ્રગાન કરી તેહની હમો જેવા છુટે, તેહની તેહવી તનખુ કરૂં. એ વાત કીધા પર એ શી મેહેરજી રાણાતું એક શઉદવી તાકીદ કરી દીનનાં કામ ચાલતાં કરવા મોકલીઉં છે. ખુબ છે. લાએક છે. ડાહ્યું છે. સાંસતો છે. જેહેવું આપની દીનમાં જોઇએ તેવું છે. એહેની તંતખુ અહેના ફ્રીલ જોઇ કરજો શહી. શમસતે એહેદીન નઇ હમારૂ પહના ઈજદાબાદ ફોહીશી." એ પ્રમાણેની તે અસલી ભાષા હતી. આપણે આગલ જોઇ આવ્યા તેમ, સુરત-ભરૂચ-અંકલેશ્વર વગેરેના જરથોસ્તીઓની ધર્મ સંબંધી કૉનફરન્સ, કહો કે Religious Congress નવસારીમાં ભરીને ઇરાંન ખાતે ધરમની બાબદોની પરપુછ કરવા મોકલેલું મીશનઇરાંનથી ઇ. સ. ૧૬૦૧માં નવસારી ખાતે પાછું ફર્યું. અને તે વેળાના વડા બેહેદીન શેઠ નોશરવાન બેહેમન આગળ, આવેલાં મીશને બધી હકીકત કહી, અને ઈરાનથી આંણેલી "હોમસલીં" નામનું જરથોસ્તીઓનું પવિત્ર ઔષધિ તત્વ રજુ કર્યું. ઇરાંનથી એ પ્રમાણે સવાલના જવાબો આવ્યા તેને એક પુસ્તકના આકારમાં સંગ્રહ કરી તેને "રેવાયત"નું નામ આપ્યું. અને જેના ઉપરીપણા હેઠલ સવાલો લઇને જે મીશન જાય, તેના જે જવાબો આવે, તે પેલા ઉપરીના નામની રેવાએત કહેવાય. અને તે પ્રમાણે કામાઆશાની-કામા વોહરાની-કામા કાઉશની-અસપંદીઆર શોરાબ બેહમનની-કામદીન શાપુરની એવી પાંચ રેવાયતો, નવસારીના એક દશતુર નામે દારાબ હમજીઆરે ઇ. સ. ૧૬૪૪માં, એકઠી કરીને એકજ બનાવી છે.

નવસારીનું હિંદુ રાજ કુટુંબ.

ઉપર જણાવ્યા પ્રમાણે નવસારી ઉર્ફે પારશીપૂરીનું પેહેલવેહેલું પારશી-રાજ તુટયું તે આગમચતો ઘણા વરસ અગાઉનું નવસારીનું કેવળજ સ્વતંત્ર હિંદુરાજ **ચાલુકયવંશના** રાજાઓનું હતું. સરકારી ઓસ્પીટલ તરફ જ્યાં મુશલમાનભાઇઓનો કોટછે, ત્યાં આશરે ૧૫-૧૭ વર્ષની વાત ઉપર, હું ભુલતો નહીં હોઉંતો, ઘણું કરીને શેઠ બાપુજી મેરવાનજી દેશાઈને હાથ બે તામ્રપત્રો (Copper plates) આવ્યાં હતાં. અને તે મારા માંનવંત ઉસ્તાદ, વિદ્વાન દસ્તુર શેહેરયારજી દાદાભાઇ

ભરૂચાએ ઉકલાવ્યાં હતાં. અને તેનો અંગ્રેજી તરજુમો, સરેહ ખુલાશા સાથે પ્રાચીન જ્ઞાન (Archæology) ના મશહુર મરહુમ મુરશદ પંડીત ભગવાનલાલ ઈંદ્રજીએ રોયલએશીઆટીક શોશાયટીની મુંબઈની શાખા તરફથી બાહાર પાડી નવસારીની તવારીખ ઉપર ઘણું અજવાળું નાખ્યું છે. તે તામ્રપત્રમાં સંસ્કૃત ભાષામાં જે વર્ણન છે, તે ઉપરથી જણાયછે કે, ૯૩૩ વરસની વાત ઉપર ચાલુકય વંશનું નવસારીમાં પણ રાજ્ય હતું. તે ત્રાંબાના પત્રાંનો' શેવકે ગુજરાતીમાં નિચે મુજબ તરજુમો કર્યો છે:——

"ઓંઃ ને નમસ્કાર ! વિષ્ણુનું ભુંડરૂપ વિજ્યી છે, જેણે સમુદ્રને હંફાવ્યો, અને ઉકરી આવેલા મોટા જમણા દાંતની અણી ઉપર તેણે પૃથ્વિને ટેકવી રાખી. **માનવ્યસ** ગોત્ર (યાને વંશ) પૈકીના પ્રસિદ્ધ ચાલુકયનું પાદશાહી ખાંદાન, જે કે આખી પૃથ્વિમાં સ્તુતિને પામ્યું છે, તે ખાંદાનમાં **હારીતી** ના વંશજો, જેઓને સાત માતાઓએ ઉછેર્યા હતા, કે જે સાત માતાઓ સાત દુન્યાની માયો હતી, તે હારીતીના વંશજો **કાર્તિકયના** આશ્રા હેઠલ એક પછી એક આબાદી પામીને સુખ ભોગવતા હતા, અને જેઓ નારાયણની કૃપાથી ભુંડ રૂપ (વિષ્ણુ રૂપ) જોતાંની સાથેજ તુર્તજ શત્રુઓને તાબે કર્યા છે, તે ચાલુકય વંશમાંનો **પલકેશીવલ્લભા** હતો. તે પોતાના શસ્ત્રબળે સઘળા શત્રુ રાજાઓને યુધિસ્થિરના જેટલીજ ખરી કિર્તિથી હરાવીને લડાઈનો અંત લાવનાર હતો. તેનો પુત્ર **જયસિંહવર્મા** હતો, જેની મોટાઇનો વધારો તેના જગ્ત પ્રસિદ્ધ વડાભાઇ **વિક્રમાદિત્યસત્યાશ્રયપૃથ્વિવલ્લભાથી** થયો હતો, એ વિક્રમાદિત્ય શીવનો મોટો ભક્ત હતો. તે ભતારક માહારાજ જયસિંહવર્મા પોતાના માતા પિતાને અને પોતાના ગૂરૂ શ્રી **નાગવર્ધનને** પગે પડયો, કે જે મોટા રાજાઓનો વડો હતો; પછી અનીવાર્ય બળથી તેણે પલ્લવ રાજકુળને તાબે કર્યું. તેનો પુત્ર પ્રખ્યાત **શ્રીયાશ્રય સલાદિત્ય યુવરાજ** (ગાદી વારસ) હતો. તે પોતાના પ્રકાશ પાંથરનારા મદદગારો વડે, સુર્ય પેઠે પ્રકાશતો, કે જે મદદગારો સરદ રૂતુમાં પ્રકાશતા ચંદ્રના કિરણોની હારના ચંદરવાની મીશાલે તેજદાર હતા. અને તેથી કરીને તે પુત્ર સર્વ ઠેકાણે પ્રકાશ પાંથરતો હતો. ચંદ્રના જેવી અતિ ઉત્તમ ખુબસુરતી અને પેશાંની તે ધરાવતો હતો. પ્યારના દેવતાના પ્રત્યેક હુન્નરોમાં તે નિપુણ હતો. વિદ્યાધર (જીમુતવાહાન) ના સર્વ વ્યાપી રાજાના જેટલી કાબેલ્યત ધરાવતો હતો.

અને તે **નવસારી**માં રેહતો હતો. તેણે **સ્વામંતસ્વામી**ના પુત્ર **ભાગીકસ્વામી**, જે કે એક અધવર્યુ (અધ્યારૂ) અથવા બ્રહ્મચારી હતો, તેને **ધાહરીક** પ્રાંત પૈકીના **કંદવલ્લ** વિભાગમાં આવેલું **આસત્તિ** ગામ ઉદકતર્પણ (પિત્રીનું તર્પણ-Libation of water) વિદ્રંગસહ સર્વ હક સંબંધ સહ બક્ષિંદા આપ્યું છે. એ ભાગીકસ્વામીના પિતા **સ્વામંતસ્વામી** કાસ્યપગોત્ર (stock) યાને વંશના **અગામીસ્વામી**ના પુત્ર હતા. એ અગામીસ્વામીના વડાભાઇ **કીકસ્વામી** અને નાહના ભાઇ માત્રીસ્થવીર હતા. આયંદે થનારા સર્વ રાજાઓએ દોલતને પવનથી ઉડી જતા બતીના કરંજાના જેવી નાપાયદાર સમજીને આ પુન્યની બક્ષેશ ચાલુ રાખવી જોઇએ. **સગર** અને બીજા ઘણા રાજા પૃથ્વિના માલેક થયા છે. જે જે વખતે જે જે રાજા થશે તેના વખતમાં આ બક્ષીશનું માન તેનેજ છે. આ બક્ષેશપત્ર માઘસર સુદ ૧૩ (સંવત્સરના) ચારસો એકવીશ ૪૨૧માં સુલેહ અને લડાઈના પ્રધાન પ્રખ્યાત **ધનનજયે** લખ્યું છે. ૐ."

એનો સાર એ છે કે, નવસારીમાં રહેતા ચાલુક્ય વંશના રાજા અયાશ્રય સલાદીત્યે, ભાગીકસ્વામી નામના એક બ્રાહ્મણને પોતાના તાબાનું આસત્તિ નામે ગામ બક્ષેશ આપેલું તેનું આ બક્ષેશ પત્ર છે. એ ઉપરથી નવસારીમાં ચાલુક્ય વંશના કયા રાજાઓ રાજ ચલાવી ગયા છે તેનું વંશચરિત્ર નિચે મુજબ છે:——

રાજા પલકેશીવલ્લભા.

- **સત્યાશ્રય વિક્રમાદિત્ય**
- **ધારાશ્રય જયસિંહવર્મા**
  - **અયાશ્રય સલાદિત્ય** યુવરાજ (ગાદીવારસ)

આવીજ રીતની નવસારીના રાજાઓની બીજી તક્તિ વલસાડ ખાતે દાકટર ભાઉદાજીને એક પારશીએ આપી હતી, અને દક્ષિણ દેશમાં મલી આવેલી એજ પ્રકારની એક પ્લેટ ઉપરથી મી. ફ્લીટ નામના વિદ્દવાંને એક સંસ્કૃત તામ્રપત્રનું ભાષાંતર કરેલું છે, તેને વિષે લંબાણ

૭

ન કરતાં, તે ઉપરથી સામટો સાર ભેગો કરતાં અંદરથી તરેહવાર નવી નવી બાબદો નીકલી છે, તે હાલ પડતી નાંખી ઉપલી પ્લેટ ઉપરથી મળેલી મતલબ જણાવીશું.

૧– નવસારીની પાસેના **ધારગરી**માં જે રાજા રાજ ચલાવતો આપણે કહી ગયા છીએ, તે ગૂજરાતનો ચાલુકય વંશનો રાજા **ધારાશ્રય** હતો, અને તેના નામ ઉપરથી **ધારગરી** નામ પડેલું છે.

૨– આપણે આગળ કહી ગયા કે, ઈ. સ. ૧૧૪૨માં પારશીઓ જથ્થાબંધ આવ્યા તે આગમચ, એટલે શંજાંણ જવા પેહેલાં પારશીઓ અહીંઆં ઉતરેલા હોવા જોઈએ; તે વાત ઉપર લગાર ભાર મુંકયા વિના ચાલતું નથી. કેમકે નાગમંડળનું નામ **નવસારી** પડયાને તો, લેખ ઉપરથી ૯૩૩ વરસ ઉપર થવાં જોઇએ. યાને ઇ. સ. ૯૬૩ની અગાઉ પારશીઓ અહિં આવ્યા હશે. ઉપલી તખ્તિમાં નવસારી નામ બે વાર આવ્યું છે.

"पौरुषवान्विद्याधर चक्रवर्तीव श्रयाश्रय श्री शिलादित्य युवराज नवसारी–काम धि वसत् नवसारी कावास्तव्य;" વીગેરે જણાવેલું છે, ત્યારે જો નવસારી નામ પારશીઓ અત્રે આવ્યા પછીજ પડેલું સિદ્ધ થયું, તો પછી એટલું પણ આપોઆપ નક્કી થવું જોઇએ, કે ૯૩૩ વરસ ઉપર-નાજ પારશીઓ નવસારીમાં છુટા છવાયા પણ આવેલા હોવા જોઇએ.

૩– એ ચાલુકયવંશના ગુરૂ જેઓને એક પછી એક **નાગવર્ધન**-ના ઉપનામથી ઓલખવામાં આવેલ છે, તેમનું મથક નવસારીમાં હતું. એ નાગવર્ધન ગુરૂઓને ધારગરીના રાજાઓ મોટાં માનપાન આપતા હતા, અને મોટી જાગીરો કાઢી આપી હતી. એ નાગવર્ધનોના મથકને નાગવર્ધન નામ અપાયલું જણાય છે.

૪– વળી નવસારીમાં ૧૦૦૦ વરસ ઉપર ચાલુકયવંશના રાજાઓનું રાજ હોવાનું સિદ્ધ થાય છે. પણ પાછળથી બનેલા એક બનાવ વીશે અંગ્રેજ તવારીખનવેશ મી. એફ. એ. એચ. એલ્યટ એક કથા કહે છે. તે કથા નવસારીમાં એવાંતો મજબુત યકીનથી ચાલે છેકે, તેને **કથા** કરીને બોલતાં જો મુસલમાનભાઈઓ આપણને સાંભળે, તો તેઓ નાખુશ થાય છે. એ નાગવર્ધન ગુરૂ માટે નવસારીમાં એવી કથા છે કે:——

૫૧

મુસલમાન સૈયદ અને હિંદુ ગુરૂના યકીનની પરિક્ષા.

સૈયદ નુરૂદ્દીન નુરમહમદ નામે એક આરબ વલી હતો. જેણે પોતાની તરવારના બળે પોતાનો ધર્મ બેલાવરપત્તન–જરાપત્તનૂ–અને બીજા મુલકોમાં ફેલાવ્યો હતો. છેવટે તે નાગમંડળ યાને નવસારીની નજીકની ધારગરી નામે જગા ઉપર આવ્યો. એ ધારગરીમાં એક હિંદુ જોગી નામે નાગવર્ધન ઘણો બળવાન રહેતો હતો. એ હિંદુ ગુરૂએ પેલા સૈયદની મકદુર પુછી ચેલેંજ કર્યો, કે તારી અંતશુદ્ધિ અને યકીન જો સરસ હોય, તો ચાલ આપણે અત્રેના શરબત્યાં તલાવમાં ૪૦ દિવસ સૂધી પડી રહે. જે જીવતો નીકળે તેની પાકીજગી અને બુજરગી વધારે કહેવાય. ૪૦ દિવસ રહીને સૈયદ તો તલાવમાંથી જીવતો બાહાર નીકળ્યો પણ હિંદુ ગુરતો ડુબી મુઓ. આ માહાકર્મ જોવા ગામે ગામના રાજાઓ અને રૈયતો આવ્યાં હતાં. આ ચમત્કારથી ધારગરીનો શ્રયાશ્રય પછીનો એક રાજા સૈયદ ઉપર પ્રસન્ન થયો, અને જે ઈનામી જાગીરો ગુરૂની ગાદીને અંગે આપેલી તે હવે તેણે સૈયદને આપી. એ સૈયદે આગાહી કરી હતી કે, એક દહાડો કફનમાં તરતું તરતું મારૂં મુરદું દરિયાને કિનારે આવી અટકશે. તેજ પ્રમાણે એક દિવસે જલાલપોરના નદિના કિનારા ઉપર કફન અને તેનું મુરદું મલી આવ્યું હતું. અને ત્યારબાદ તેને માટે દરગાહ બનાવી કબર કરવામાં આવી હતી, જે આજે પણ "સૈયદ સાદત" ની દરગાહને નામે ૮૦૦ વરસની જુની નવસારીમાં "શોનાના કળસ" ને નામે ઓલખાય છે. મુસલમીનોજ નહીં, પણ કુણબી વિગેરે હિંદુઓ અને ઘણીક વેહેમી પારસણો પણ આ દરગાહને માને છે, અને તેને અનેક વસ્તુઓ માનતા લેખે ચઢાવે છે. તેની દર વરસે આશરે ૮૦૦૦ રૂપૈયાની આગળ તો ઉપજ થતી હતી, જે હાલ ઘટી જઇને શુમારે ૮૦૦ રૂપૈયા જેટલી રહેલી કહેવાયછે. એ કબરગાહનું મહત્વ રૈયતમાંજ છે એમ નથી, પણ નામદાર ગાયકવાડ સરકાર તરફથી પણ દર વરસે એ દરધા માટે રૂપૈયા ૬૦ની નિમણોક ઠરેલી છે, જે દર શાલોશાલ આપવામાં આવે છે. વળી બીજી ગમથી એ સૈયદ વિષે એમ પણ કહેવામાં આવે છેકે, ઘર સંસાર સંબંધી કાંઈ કજ્યા કંકાસને લીધે, મક્કાની હજ કરવા નીકલી જવું પડયું ત્યારે તેણે આગાહી કરી હતી, કે તેનું

મુરદ્દું જે તે દહાડે નવસારીના લોકોને હાથ આવશે. એ સૈયદ કોઈ એક રજપુતાંણીની સાથે લાંબો વખતનો પરણેલો હતો, અને તેણીની સાથે કાંઇ કજ્યો થતાં તે સૈયદે તેણીને ૯ મૈલ સુધી દરિયાની અધવચમાં લઈ જઈ ડુબારી દીધી. અને તે રાંણીના સતને માટે નવસારીથી ૭-૮ મૈલ ઉપર આવેલાં બાબીઅરજાંની નામના ગામમાં એક મેળો ભરવામાં આવતો હતો. એ સૈયદ સાદતના વાર્ષિક મેળામાં આસપાસના ગામોથી ૭-૮ હજાર લોક આવે છે. એ વિષેની બીજી કથા નિચે મુજબ છે.:—

સૈયદસાદા.

સરબત્યું અને દુધ્યું તળાવ.

કહે છે કે જે જગ્યાએ હાલ સૈયદસાદાનું મોટું દેહરૂં છે, ત્યાં આજથી નવસો વરસ ઉપર કોઇ સાધુનો મઠ હતો. આ મહંત યોગાભ્યારી હતો. તેની પાસે ઘણા ચેલાઓ હતા. યોગ વિદ્યામાં નિપુણ હોવાથી તેના ઉપર શ્રદ્ધા રાખનારા ઘણા ભક્તજન તેની પાસે રોજ રોજ આવતા. હાલ એ જગ્યાએ જે તળાવ છે તેપણ અસલ છે એમ કહેછે. આ તળાવપર ઉંચી ટેકરીપર રમણિક જગ્યાએ તે એકાંતમાં એટલે વસ્તીથી દુર પડેલો હોવાથી એ જગ્યા એને બહુ ગમતી હતી; પણ એ જગ્યા એને આખર સુધી ધારી નહિ. એજ સમયમાં એટલે હીજરી પાંચમાં સૈકામાં કોઇ એક મુસલમાની સાલેક સૈયદ નુરૂદ્દિન નામે ત્યાં આવી કહેવા લાગ્યો કે, આ જગ્યા મને બહુ પસંદ છે, અને તે મારે જોઇએ છે. હું એ જગ્યાને મારી કબર કરવા ધારૂંછું. અને એજ પ્રમાણેનો મને અલ્લા તરફથી હુકમ છે.

સાધુ—તમારૂં કહેવું હું શી રીતે માની શકું ? તમારી શક્તિ કાંઇ મને બતાવો તો હું તમારા શબ્દપર જરા પણ યકીન રાખું.

સૈયદ—ભાઈ, હું કહું છું તે ખરૂં છે. તમે રોજ આ તળાવનું પાણી પીતા હશો, પણ આજે હમણા એ પી જુવો, અલ્લાએ મારે માટે જુવો તે શરબત જેવું ગળ્યું બનાવી દીધું છે. તે મહંતના એક ચેલાએ તેનો બદલાઇ ગયલો રંગ જોઇને તે પાણી પી જોયું તો તે ખરેજ ગળ્યું લાગ્યું.

સાધુ—આ ઉપરથી અલ્લાના તમે એક વહાલા છો એતો નક્કી થાય છે. પણ એમાં કાંઇ નવાઇ નથી.

સૈઇદ—જો નવાઇ નહોય તો પેલાં મોટાં તળાવ ઉપર તમે કાંઈ તમારો ચમત્કાર બતાવો. આ પાણીનું મેં શરબત કર્યું, હવે એના પાણીને તમે દુધ કરી નાંખો.

સાધુ—ચમત્કાર બતાવવો એમાં કાંઈ અર્થ નથી. એમ કરવાથી અમારી સત્ય કમાઈ કમી થઇ જાય છે એમ અમારૂં માનવું છે.

સૈયદ—ત્યારે તમારી કાંઇ શક્તિજ નથી. અને તેથી તમારે આ જગ્યા હમને તરત સ્વાધીન કરી દેવી ઘટે છે.

સાધુ—જે જગ્યા જે કામને માટે હું વાપરૂં છું, તે જગ્યા તેજ કામને (ઇશ્વર ભજનને) માટે તમો વાપરવા માંગોછો તો તે હું આપવા રાજી છું. પણ તેની હજુ મને વધારે ખાતરી થવી જોઇએ. માટે આજ તળાવનાં પાણીમાં રહી તમારે તમારી નિમાજ ત્રણ દિવસ સુધી પઢવી. જો એમ કરશો તો એ જગ્યા આજથીજ તમારી છે.

સૈયદ—કબુલ. પણ કાલે જુમ્માના રોજથી તમારી માંગણી પ્રમાણે હું કરીશ. એમ કહી નિમાજ પઢવાનો વખત થવાથી, હજુ એ તળાવ તથા એ જગાઉપર આપણો હક નથી, એમ માની મોટાં તળાવ (દુધ્યું તળાવ) ઉપર હાથ પગ ધોવા ગયો, તો તેમાં ખરેજ પાણીને બદલે દુધથી તે ભરાયલું દીઠું, અને સાધુની શક્તિથી ચકિત થઈ ગયો. દુધીઆ તળાવની પાળ ઉપર નિમાજ બંદગી કરી ત્યાંજ એક મોટાં લીમડાના ઝાડ તળે પડી રહ્યો. બીજે દહાડે સહવારના સાધુ પાસે પાછો ગયો અને કહ્યું કે આપ પણ ખોદાના મોઠા દોસ્ત છો એમ મને લાગેછે. પણ આ જગ્યા તરફ મારી ખાહેશ ઘણી હોવાથી એતો મને આપવી જોઇએ. આપનાં કહેવા મુજબ હું ત્રણ દિવસ પાણીમાં રહી આપની ખાતરી કરોશ કે એ જગ્યા હું ખરાં પાક કામમાંજ વાપરીશ.

સાધુ—ઠીક ત્યારે પેલા તળાવપર હું મારો મુકામ કરીશ.

તેજ દિવસના સવારથી સૈયદે આ શરબતીઆં તળાવમાં ડુબકી મારી અને ત્રણ દિવસ સુધી પાણીમાંજ રહ્યા. માત્ર એક દિવસમાં પાંચ વખતે સહવાર, બપોર, પાછલેપોર, સાંજ, અને રાત્રે નીમાજ કરવાનો અવાજ થવાથી તેના શબ્દો પાણીમાંથી સંભળાતા એમ કહેવામાં આવે છે! તે દિવસથી સાધુએ મોટાં તળાવમાં જ્યાં હાલ ટેહેલદાસ મહારાજની

ટેકડી છે, ત્યાં આવી પોતાનો મુકામ નાંખ્યો. કહે છેકે એ સાધુ પણ ત્રણ દિવસ સુધી એ તળાવના પાણીમાં સમાધિ ચઢાવી બેસી રહ્યા હતા. અને સહવારે, બપોરે, તથા સાંજના, તેનાચેલા શંખ ફુંકી તેની હસતી પેલા સૈયદને બતાવતા હતા. ત્રણ દિવસ પછી સૈયદે પોતાનો મુકામ સાધુએ છોડી દીધેલા મઠમાં કર્યો. પેલા સાધુને પછી દુધીઆ તળાવની વચ્ચેની ટેકરી અનુકુળ ન આવવાથી તે જગ્યા છોડી કયાંય જતા રહ્યા, અને તેના ચેલાઓ ગુરૂના એકદમ જતા રહેવાથી એકલા પડતાં આ ટે-કડી હસ્તગત કરી ત્યાંજ રહ્યા. આ વાતના બનાવપરથી વાંચક વર્ગ સૈયદસાદા પાસે આવેલાં તળાવનું નામ શરબતીઉં તળાવ કેમ પડયું, તથા મોટાં તળાવનું નામ દુધીઉં તળાવ કેમ પડ્યું, તેનું કારણ જાણી લેશે.

ઉપર કહેલા મહંતના સેવકો ઘણાક ગામડાંના ખેડુતો હતા. તેઓ દર અગીઆરસે મહારાજના દર્શન કરવા આવતા. તેમ સૈયદ નુરૂદ્દીનની તે જગાએ પધરામણીથવા પછી પણ આવ્યા. પોતાનાગુરૂને ન જોતાં, તથા આમ જગ્યાનો મોટો ફેરફાર થઇ જતાં તેઓ ચકિત થઇ તજવિજ કરવા લાગ્યા; ત્યારે સૈયદ સાહેબે પુછ્યું તમારે તે મહંતનું શું કામછે? કણબીઓ કહે, હમને તેઓ ઉપદેશ કરેછે તેથી તેઓ અમારા ગૂરૂ થાયછે.

સૈયદઃ— હમે હવે તમને ઉપદેશ કરીશું, તથા તમારા ગૂરૂ થઈશું.

કણબી—એમ અમે ઉપદેશ લેતા નથી, તથા તમને હમે ગુરૂ કરવાના નથી.

સૈયદઃ— આજ તમે તેમને શું પુછવાના હતા. ?

કણબીઓઃ— આજતો હમે દ્વારિકાંની જાત્રા જવાના છીએ, તેથી માત્ર તેમને પગે લાગીને તેમની રજા લેઈને જઈએ એજ.

સૈયદઃ— દ્વારિકાંની જાત્રા શામાટે જાઓ છો ? હમે તમને તે જાત્રા અંહિથીજ કરાવીએ તો પછી કેમ ?

કણબીઃ— ત્યારે હમે તમને ગુરૂ કરીએ ખરા.

સૈયદઃ— તમારામાં કોઇએ દ્વારિકાંની જાત્રા કરી હોય એવાને સાથે લાવો, અને તે પુરાવો આપે કે હા એજ દ્વારિકાં. એટલે એક કણબી બોલી ઉઠયો, હા, મેં એ જાત્રા એક વાર કરી છે, એટલે હું જાણીશ કે તમે બતાવો તે દ્વારિકાં એજ કે બીજી ?

આ ઉપરથી સૈયદે પોતાના જામાની બાંહે ઉંચી કરી અંદર જોવા તેઓને

કહયું, તો તેઓએ એક મંદિર તથા તેમાં કૃષ્ણની મૂર્તિના દર્શન કર્યાં. તે દિવસથી પેલા કણબીઓએ આ સૈયદનો ઉપદેશ લીધો. મતલબ કે તેઓ મુસલમીન ધરમને પણ માનવા લાગા. જેઓ હાલ મતીઆ કણબીને નામે ઓળખાય છે. આ કણબીઓ આજ પણ મુસલમાની ધર્મને પણ માને છે. તથા સૈયદસાદાપર ઘણો આકીન રાખે છે. તેઓ મુસલમાની ધર્મ માનવા છતાં, હજુ ઘણા રીત રીવાજતો હિંદુનાજ પકડી રહ્યા છે. તેથી તેઓ અરધા હિંદુ અને અરધા મુસલમાન ગણાય છે. હમણા સાંભળ્યા પ્રમાણે તેમાંથી ઘણાકો પાછા અંહીના ટેહેલદાસજી મહારાજ પાસે કંઠી બંધાવી વૈષ્ણવ ધર્મમાં દાખલ થયા છે.

આ સૈયદ નુરૂદ્દીન સાહેબ થોડા વખત પછી અહિંથી એકાએક જતા રહ્યા. કોઈ કહે છેકે મક્કે હજ કરવા તેઓ ગયા, કોઇ કહે છેકે અમદાવાદ જીલ્લામાં પીરાણા કરીને સ્થળ છે (જ્યાંના તેઓ વતની હતા) ત્યાં ગયા. અને કોઇ કહે છેકે જે મહંત આ પ્રમાણે તેમની માંગણીથી વગર ઢીલે પોતાનું મકાન આપી ચાલતા થયા, તેની મોટાઈ, ઉદારતા, અને પોતાનામાં ઘણું હોવા છતાં થોડું બતાવવાની પ્રકૃતિથી પીગળી તેમનો શોધ કરી લાવવા નિકળી પડયા. ગમે તેમ હો, પણ આ વાતતો સૌ કોઇ એક મતે કબુલ કરે છે કે, આ રીતે બહાર નીકળવા પછી ત્યાંજ તેનો દેહ પડયો. પણ પોતાની ઈચ્છા મરતી વખત તેઓ નવસારીમાં દફ્ણાવાની જણાવી ગયાથી તેમને હાલના સૈયદસાદાને નામે ઓલખાતી જગાએ લાયમૂત કર્યા છે. કહેછેકે, તેમની દેહને પેટીમાં રાખી તે પેટી દરિઆમાં એમ ને એમ છોડી દેવાને તેમણે ઇચ્છા જણાવ્યાથી તેમ કરવામાં આવ્યું હતું. તે પેટી તરતી તરતી જલાલપોર આગળ નદીમાં આવી હતી. એ બાબતનું સ્વપ્ન અહિં તેમની ઓલાદમાંના કોઇને થવાથી, પાંચ દશ માણસને લેઇને તે પેટી લેવા ગયો હતો. જલાલપોરમાં પણ કેટલાક મુસલમીનોને આ વાતની ખબર પડવાથી તેઓ પણ તે પેટી લેવા ગયા. આથી પેટી લેવા માટે બેઉ તૈયાર થયા. તેથી એક મોટી તકરાર વચ્ચે ઉભી થઈ. આખરે તેઓ એવા ઠરાવપર આવ્યા કે પેટી પાછી નદીમાં મુંકી દેવી, અને પેટીને જેના તરફ જવાની ઇચ્છા હશે તેણે પેટી રાખવી. આથી પેટી પાછી પાણીમાં મુકી દીધી એટલે પાણીનો પ્રવાહ જુદી દિશાએ હોવા છતાં, પેટી નવસારીવાલા તરફ જોસથી તણાતી આવી. જે તેમણે પાણીમાંથી કહાડી લેઇ નવસારી આણી. નવસારીમાં આણ્યા પછી તેમને સૈયદ સાદાની

દરગાહમાં લાયમૂત એટલે અમર કર્યા. કયા સાલમાં અમર થયા ચાનેકે ગુજર્યા તે સાલ ઝટ યાદ રહેવા માટેજ અરબ્બીક શબ્દ લાયમૂત વાપર્યો છે, કે જેમાં આવેલા અક્ષરોની સંખ્યા અબજદના ફારશી કાયદા પ્રમાણે એકઠી કરતાં હિઝરી સને ૪૮૭ આવી રહેછે; તે નીચે મુજબ.

લાયમૂત શબ્દમાં નીચેના અક્ષરો આવે છે:—

અક્ષરો.		સંખ્યા.
લામ	=	૩૦
અલેફ	=	૧
યે	=	૧૦
મીમ	=	૪૦
વાવ	=	૬
તે	=	૪૦૦
લાયમૂત	=	૪૮૭

સૈયદ સાહેબ હીઝરી સને ૪૮૭માં લાયમૂત થયા, અને હાલ હીઝરી સને ૧૩૧૫ ચાલેછે, તો તેમનો સ્વર્ગવાસ થવાને આજ ૮૨૮ વર્ષ થયાં છે.

આ દરગાહના માલીક સૈયદ બાપુમીઆંના છોકરાઓ હાલછે, તેઓ આ સૈયદ સાહેબનીજ ઓલાદના છે એમ કહેવામાં આવેછે. આ દરગાહનો ઘણા જુના વખતથી ઘણોજ ચમત્કાર તથા માનતા માનવામાં આવે છે. ઘણા દુર ગામના હિંદુઓ તથા મુશલમીન ભાઇઓ એની બાધા રાખેછે. તથા ફુલની ચાદર ઓરાડવાને લાવેછે. તેમાં પણ દરીઆઇ શ્રમ કરનારા દરીઆમાં ફરનારા કાંઠેના લોકો વધારે માને છે.

આ દરગાહના ઉપર જે દેહરૂં બાંધવામાં આવેલું છે, તે સવા આઠસે વર્ષ જેટલું જુનું જણાતું નથી. ઘણું કરીને પાછળથી એટલે હાલ થોડાં વરસ ઉપર બંધાયલું હશે. એ દેહરૂં સોનાના કળસવાલાં દેહરાંને નામે પણ ઓળખાય છે, કેમકે એના ઘૂમટની ઉપલી ટોંચે સોનાના કળસો ચળકે છે. એ દરવા ઉપર બરાનપૂરવાલા સૈયદે થોડાંક વરસની વાત ઉપર નવસારી આવી દાવો ઉઠાવ્યો હતો. ઘણા ઠાઠમાઠથી ઉંટો, ઘોડા વગેરે લઇને દાવો લડવા મોટી જમશેદવાડીમાં ઉતર્યો હતો, તેની પટાવટ કરવામાં આવ્યાથી પાછો ગયો હતો.

દુધ્યાં તળાવની કથા, ઉપર આવી ગઇ તે શીવાય એ તલાવ વીશે બીજી કથા એવીછેકે, એક લાખી વંજારાની વંજાર ભુલી પડી, અને એક વનમાં ભુખી તરસી પાણી પીવાની અધીરાઇમાં રાતોરાત કોઇ દુર દેશાવર તરફ નીકલી ગયલી જણાવાથી તેણે માનતા લીધી કે લાખો રૂપૈઆની મારી વંજાર જે જગાએ હાથ આવે તે જગાએ જા-

નવરોને પાણી પીવાનું એક તલાવ ખોદાઉં. કહે છેકે, આ વણજાર હાલ જ્યાં દુધ્યું તલાવ છે, ત્યાંથી મલી આવ્યાથી એ જગાએ તેણે તલાવ ખોદાવ્યું. અને તે તલાવ ખોદાવતાં નીકળેલું મટોડું એટલું એકઠું થયું, કે તેનો એક કોટ બની ગયો, જે કોટ હાલની ઓસ્પીટલવાલી જગાના કોટને માટે કહેવામાં આવે છે. એ તલાવ ખોદાઇ રહ્યું ત્યારે લાખી વણજારાએ પેહેલવેહેલાં મુહુર્તમાં પાણી પીવા આવનારાં જાનવરો માટે હજારો મણ દુધ અંદર રેડાવી પીવાડયાથી એનું નામ દુધ્યું તલાવ પાડવામાં આવેલું છે, એમ ઘરડાંઓની વાત છે.

નવસારીનાં ભુષણ શું ?

(Characteristics of Navsari.)

નવસારીની આગલી પાછલી તવારીખમાં આગળ વધવા પેહેલાં નવસારીનો જે બાહાર પડતો ગુણ અથવા તેનું વિશેષ લક્ષણ, તેની ખુબીઓ સાથે આપણે પ્રથમ જાણવું જોઇએ. કોઇપણ એક શેહેર શાંને માટે પ્રખ્યાત છે, તથા તેનું ભુષણ શું છે તે પેહેલાંથી જાણવું જોઇએ. અથવા આખી દુન્યામાં શા થકી પોતાનું શેહેર વડાઇ લેઇ શકે તે પ્રથમ જાણવું જોઇએ. અલબત્ત, નવસારીતો મારી જન્મભૂમી અને મારૂં વહાલું વતન, એટલે હુંતો કવિ ગોલ્ડસ્મીઠનાજ શબ્દોમાં બોલું છુંકે :——

Where 'er I roam, whatever realms to see,
My heart untravelled fondly turns to thee;
Still to my brother turns with ceaseless pain,
And drags at each remove a lengthening chain.

એટલા માટે મને તો આખી દુન્યાંના શેહેરો કરતાં કાંઈ વધારે ગુણવાળું શેહેર નવસારીજ લાગે, કેમકે મારાં માનીતા વતનનો હું તો મતલબી તેથી મગરૂબી લાગે, પરંતુ એ નામચીન નગરીની નવાઇ જેવી નોંધ કાંઈ ઓછી નથી. વડાઇ લેઇ બડાઇ મારવા જેવી ખુબી પણ ધરાવનારી આ ભૂમિ છે ખરી. જેમકે;——

૧– આખી દુન્યામાં—આખી સુધરેલી દુન્યામાં કોઇ પણ શેહેર

કરતાં પોતાના પ્રમાણમાં નવસારીજ એકલું શેહેર છે, કે જ્યાં કેળવણી સૌથી આગળ વધેલી છે ! કોઇ પણ દેશમાં એકબી શેહેર એવું નથી, કે જે પ્રમાણમાં નવસારીનાં બાળકો કેળવણી લેછે, તેની બરાબરી કરી શકે ! આ સિદ્ધાંત છે. અને તેને દ્રષ્ટાંત લેખે ઘડીભરતો હશીજ કાઢવામાં આવશે, પણ એ સિદ્ધાંત મારૂંજ નથી; એ સિદ્ધાંત તો નામદાર ગાયકવાડ સરકારે શોધી કાઢ્યું છે. નામદાર ગાયકવાડ શયાજી માહારાજની આજ્ઞાનુસાર ગાયકવાડના રાજ્યમાં અપાતી કેળવણી વીશે તપાસ કરવાને કેળવણી કમીશન બેઠું હતું. તેના પ્રમુખ ખાં. બા. જમશેદજી અરદેશર દલાલ એમ, એ; એલ. એલ. બી; વિઘાધિકારી સાહેબ, વરસો ગણુત્રિ તપાસ કરીને એવાં છેવટ ઉપર આવ્યા છેકે, જરમની—ઇંગ્લંડ—અને બીજા જેબી દેશના જેબી શેહેરમાં કેળવણી આપવાનું પ્રમાણ ઘણું આગળ વધેલું છે, તેના કરતાંબી નવસારીનું પ્રમાણ ઘણું આગળ વધેલું છે. તે ગણુત્રિ એ પ્રમાણે છે, કે નવસારી શેહેરની વસ્તી ૧૬૨૭૯ માણુસની છે, અને કેળવણી લેનારાંઓની સંખ્યા લગભગ ૨૮૦૦ વિદ્યાર્થીઓની છે. એટલે સૂધરેલી પ્રજાએ એવી ગણુત્રિ કરેલી છે કે, ૧૦૦ માણુસની વસ્તીએ જો ૧૭ માણુસ કેળવણીલે, તો તે ઘણુંજ થઇ ગયલું કહેવાય. ત્યારે નવસારીમાંતો ૧૦૦ માણુસે ૧૭ માણુસ કેળવણી લેછે, અને તે ઉપરથી શોધ કરતાં બીજું એક પણ શેહેર એવું નથી, કે જ્યાં સેંકડે ૧૭ ટકા જેટલાં લોકો કેળવણી લેતાં હોય. શીવાય નવસારી. કેળવણી જેવી સર્વથી શ્રેષ્ટ બાબદમાંજ જ્યારે બીજાં શેહરો કરતાં નવસારી સર્વેથી ચઢતુંછે, ત્યારે શા માટે આપણે કહી નહીં શકયે, કે દુન્યાંમાં નવસારી પણ એક નવી નવાઇનું શેહેર છે. એ પેહેલું ભુષણ છે.

૨– બીજું ભુષણ એ છેકે, આખા ગાયકવાડી રાજ્યના સ્થાપકનું પેહેલવેહલું મથક બીજા કોઇજ પ્રાંતમાં નહીં, પણ આ નવસારી પ્રાંતમાં થયું હતું. ગાયકવાડે પેહેલું પગલુંજ આ પ્રાંતમાં મુંકયું, અને તેના સગનથી આખું રાજ્ય પ્રાપ્ત થયું. ટુંકમાં ગાયકવાડી રાજ્ય નવસારીમાંથી પેહેલવેહેલું શરૂ થયું છે.

૩– નવસારીની ઉત્તમ પ્રકારની આરોગ્યતારક્ષક તાડી, એ તેનું ત્રીજું ભુષણ છે.

૪– આખાં હિંદુસ્થાનના પારશી લોકોનું ધર્મનું સૌથી મુખ્ય મથક નવસારી છે. એ ચોથું ભુષણ છે.

૫– પેહેલા પીલાજીરાવ ગાયકવાડને આ રાજ્યમાં લાવનારા આ નવસારીનાજ જરથોસ્તી રહીશ બાપ બેટાઓ દેશાઈ શ્રી તેહમુરજી રૂસ્તમજી તથા દેશાઇશ્રી ખુરશેદજી તેહમુરજી હતા. એ પાંચમું ભુષણ છે.

૬– મહત્વનું ભુષણ ૬ઠું છે. પારશી ટોલાના સર્વેથી જાંણીતામાં જાંણીતા નરો સર જમશેદજી જીજીભાઈ અને પ્રોફેસર દાદાભાઈ નવરોજી એમ. પી.નું બાપેદાદેનું વતન નવસારીજ છે. અહિંઆં જાંણવું અગત્યનું થઇ પડશે, કે નવસારીના જે દોરડીખાંદાંને દાદાભાઈ જેવા હીરાને જન્મ આપી નવસારીનું નામ રાખ્યું છે, તેજ દોરડીખાંદાંને મહા પ્રતાપિ દેશાઈશ્રી મનોચેરજી ખુરશેદજીને પણ જન્મ આપ્યો છે. ફરક માત્ર એટલોજ છે કે શેઠ દાદાભાઈ નવરોજી, દોરડીના દીકરાના દીકરા, અને દેશાઇ મનોચેરજી ખુરશેદજી, દોરડીની દીકરીના દીકરા છે. ત્યારે ખરૂં પુછાવો તો હિંદુસ્થાનનો પેહેલવેહેલો ઈંગ્લંડની પારલામેંટમાં બીરાજેલો નર આપણો નોશાકરોજ છે.

૭– નોશારીના લોકોની મમત–જીદ–એંત–અને બોંહોંશ એ સાતમું ભુષણ છે. નોશાકરાઓ એંતાલ કહેવાય છે. મમતનું એક કાંમ પકડે તેને છેવટ લગી છોડે નહીં.

૮– પણ વલી નવસારીના ભુષણને માટે એક પોંવાડો બોલવામાં આવેછે, જે ઉપરથી નવસારીનું લક્ષણ (Definition) નીકલી આવેછે. નવસારીમાં દાહરી ચાહરી—ઈંટિ અદુસો ને અન્નારી, ને ચૌટા વચ્ચે ખારી. અર્થાત, નવસારીમાં દાહરીવાલા લોકો ઘણા; ભાવાર્થ કે દસ્તુર મોબેદો ઘણા; તેમજ ચાડીચુગલી પણ ઘણી. વલી નવસારીની જમીન ખોદતાં જ્યાં ત્યાં ઈંટ ઘણી નીકલવાનો રેવાજ છે, તેને માટે આપણે આગળ સમજાવેલુંજ છે, કે આ ભૂમી અસલ એક મોટું નગર હોવું જોઇએ, અને તેની ભાંગી ગયલી મોટી ઈમારતોના દાખલા જમીન ખોદતાં નીકળે છે- અને તે ઉપરથી એવી પણ શંકા ઘણાકો લે છે, કે એ નગરમાં પણ કામરેજ તાલુકાની માફક એકાદ મોટો ધરતીકંપ થયલો હશે, તેથી એ જુનું મોટું નગર ઉલટાઇ જઇને દટાઈ ગયું હશે. વલી નવસારીમાં જ્યાં જૂઓ ત્યાં અદુસાના ઝાડો ઘણાજ મલી આવતાં. વલી નવસારીમાં અન્નારીઓ ઘણા વસતા હતા એમ પોંવાડો કહેછે. અને ચૌટા વચ્ચે ખારી, તે મધોમધીની આજે પણ હૈયાતિ ધરાવતી ખાડીને માટે કહેલું છે.

૯– આખા હિંદુસ્થાનમાં પેહેલવેહેલા નાઇટ બેરોનેટ થનાર શેઠ

જમશેદજી જીજીભાઇ આપણું નોશાકરાજ છે.

નવસારીની નાહની નોંધો.

અકબરના બેટા જેહાંગીરનું નવસારીમાં આવી જવું—મુગલાઇ જુલમ—છત્રપતિ શ્રી શીવાજી માહારાજની નવસારીમાં પધરાંમણી—મરાથા લુટારૂઓનો તથા બીજા પીંઢારાઓનો દોર-ગાયકવાડી રાજ્યની સ્થાપના-૩૦૦ વરસ પછીની નવસારીની હાલત-ભગરીઆ અને મીનો-ચેરહોમજી એ બે સાથોમાં કાપાકાપી અને ખુના મરકી-નવસારીના નામવર બેટાઓ-વીગેરે જરૂરની બાબદો ઉપર આપણે આવ્યે તે પેહેલાં નવસારીની ખુદ જગાની થોડી ઘણી હકીકત આપણે જાણીશું.

નવસારી ત્રણ તરેહથી વર્ણવી શકાય. ૧- નવસારી, પ્રાંત રૂપે; ૨- નવસારી, તાલુકા રૂપે; અને ૩- નવસારી, શેહેર રૂપે. નવસારીની તવારીખ જાણતાં આપણે પ્રથમ નવસારી પ્રાંતની થોડીક હકીકતથી વાકેફ થવું જોઇએ. ગાયકવાડી રાજ્યના ચાર ભાગ કરેલા છે, તે પૈકીનો એક ભાગ, તે નવસારી પ્રાંત છે. આપણા નવસારી પ્રાંતની હદ એવી છેકે:——ઉત્તરે—ભરૂચ અને રાજપીપલાનું સંસ્થાન. દક્ષિણે—સુરત જીલ્લો તથા વાંસદાનું રાજ આવેલું છે. પુર્વે—ખાંનદેશ જીલ્લો. અને પશ્ચિમે સુરત જીલ્લો તથા આરબી સમુદ્ર છે. આપણે મોંઢે રાખી યાદ રાખવા જેવી તેની નોંધ એવી છેકે:——

૧- નવસારી પ્રાંતમાં કુલે ૬૮૮ ગામ છે.

૨- તેનો વીસ્તાર ૧૯૮૧ ચોરસ મેલ છે.

૩- તેની વસ્તી ૩૧૯૪૪૩ માણસોની છે.

૪- તેમાં ૧૫૦૯૧ ઘરો આવેલાં છે.

૫- તેની ઉપજ દરવરસે રૂપૈયા ૨૬૦૦૦૦૦ છવીશ લાખની છે.

૬- તેમાં સર્વેથી સારી હવાનું મથક સાલ્હેર છે.

૭- તેને સમુદ્ર લેખે આરબી સમુદ્ર લાગેલો છે.

૮- તેની નદિઓ તાપી- પુર્ણા- મીંઢોળા- અંબીકા- કાવેરી અને કીમ, મળી ૭ છે.

૯- તેની મુખ્ય નીકાશ ડાંગર- કોદરા- જુવાર- કપાસ- તુવર- બાજરી- અને શેરડી છે. આંદુ અને ગોળ મુખ્ય છે.

૧૦– એ પ્રાંતના આઠ ભાગ કરેલા છે, તે દરેકને **તાલુકો** કહેછે. તે તાલુકા નીચે મુજબ છે. ૧- વેળાછા. ૨- પલશાણા. ૩- શોનગડ. ૪- નવસારી. ૫- મહુવા. ૬- કામરેજ. ૭- વ્યારા, અને ૮- ગણદેવી.

૧૧– વળી ૨ પેટા તાલુકા છે, જેને " પેટામાહાલ " કહેછે. ૧- વાંકલ પેટા, જે વેલાછામાં છે, અને ૨- વાજપુર પેટા, જે શોનગડમાંછે. તાલુકાઓના ઉપરીને **વહીવટદાર** અને પેટા માહાલના ઉપરીને **માહાલકરી** કહેછે.

૧૨– સૌથી ખરાબ હવાના મથકો વાજપુર અને વાંકલ છે.

૧૩– એ બધા ૮ તાલુકાને વળી ૩ વિભાગમાં ગોઠવેલા છે.

ક– વિભાગ નવસારીઃ એમાં નવસારી અને ગણદેવી તાલુકા છે.

ખ– વિભાગ કામરેજ: એમાં વેલાછા- કામરેજ- અને પલશાંણા છે. (તેમાં વાંકલ પેટામાહાલ પણ સમાઈ ગયો.)

ગ– વિભાગ વ્યારાઃ એમાં વ્યારા- શોનગડ- અને મહુવા એ ૩ રાંની માહાલો છે. (વાજપુર પેટા માહાલ પણ એમાંજ આવી ગયો.)

૧૪– એ દરેક વિભાગના ઉપરીને નાયબસુબા કહેછે.

૧૫– દરેક તાલુકાઓમાં ઘણાં ઘણાં ગામડાંઓ આવેલાં છે. ગામડાંના ઉપરીને પટેલ કહેછે. તલાટી ત્યાંના મદદનીશ છે.

૧૬– નવસારી પ્રાંતમાં ખુદ નવસારી શેહેરને " તલનવસારી " કહેવામાં આવેછે.

૧૭– તલ નવસારીમાં શુબાયત (collectorate) હોયછે. તેથી નવસારી વિભાગનાનાયબશુબાને " પરશનલ નાયબ શુબા " કરીને પણ કહેછે. પરસનલ (personal) એટલે અંગત. એ નાયબ શુબા, શુબાના અંગત મદદનીશ હોયછે. કેમકે શુબાની વતી ઘણાં કામો તેમણે કરવાનાં હોયછે. જેમકે; જેલનું-અફીણનું-મ્યુનીશીપાલીટીનું-ગીરાસનું વીગેરે.

૧૮– આખા પ્રાંતને માંથે જે ઉપરી, તેને શુબા કહેછે. ખાલસા (British) ના કલેકટરને મળતો આ હુદ્દો છે.

૧૯– આ પ્રાંતના સારા નરસા બે ભાગછે. ૧– રાસ્તી; અને ૨– રાની.

૨૦– તેમજ આ પ્રાંતની પ્રજાના બે ભાગછે. ૧– ઉજલી પરજ અને ૨– કાલી પરજ. તેની સમજણ એવી છેકેઃ—૧– રાસ્તી માહાલો યાને સારી આબો હવાવાલા તાલુકાઓ. ૨– રાનીમાહાલો યાને નઠારી યાને જંગલી આબો હવાવાલા તાલુકાઓ. ૩– ઉજલી પરજ એટલે સારી હવામાં રેહનારી ઉજલી ચાંમડીવાલીપ્રજા; જેવી કેઃ—પારશી- કણબી- અનાવલાબ્રાહ્મણો–વી. ૪– કાલીપરજ એટલે નઠારી હવામાં રહેનારી કાલી ચાંમડીવાલી પ્રજા; જેવીકેઃ—ભીલ- ચોધરા- ગામટ- કોકના- ધોંડીઆ- વારલી- દુબલા- નાયકડા–વી.

૨૧– વળી ઉજલીપરજ ઘણે ભાગે રાસ્તી માહાલોમાંજ રહેછે. અને કાલીપરજ ઘણે ભાગે રાની માહાલોમાંજ રહેછે.

૨૨– એ નવસારી પ્રાંતને એક ખાસ હક એ હતો, કે હાલ જેમ નવસારીમાં શુબા નિમાયછે તેમ આગલી ગાયકવાડીમાં અત્રેનો શુબો શરશુબાના અધિકારથી નીમાતો. તેના ઉપર અપીલ કરવી હોય તો ખુદ હજુરમાંજ કરવી પડે. અને આખા રાજમાં કેઠે પણ શુબા નોહતા. અને શુબાઓ ગાયકવાડીજ રાજના નિમાતા.

૨૩– આગલી ગાયકવાડીમાં એટલે ઇ. સ. ૧૮૬૫ સુધી, નવસારીની શુબાગીરી અથવા બીજાબોલોમાં નવસારીની મામલત, દારૂતાડીના ઈજારા માફક ઇજારે આપવામાં આવતી હતી. જે ઇજારદાર વધારે રૂપૈયા ચઢી નવસારીની હાકમીનો ઇજારો યાને મામલત રાખે, તે શુબા થઇ શકતો હતો. તે શુબા વલી ઇંગ્લંડમાં જે પ્રમાણે Feudal System નાધોરણે મૌકાસાનો વહીવટ ચાલતો હતો, તે પ્રમાણે પેટાઇજારે માહાલો આપતો હતો. તે વખતના મુખ્ય ઈજારદાર શ્રીમંત સાહુકાર ગોપાલરાવ મૈરાલવાલા હતા. ઈજારદાર પોતેજ ગોયા રાજા બની પ્રજાને તારે કે મારે. મહાવ્યથા જેવી મારામારીમાં હાથ પગ ભાંગનારાને પણ રૂ. ૧નો દંડ, અને મારખાનારાને પણ ૧। રૂપ્યો દંડ લેવામાં આવતો હતો એમ કહેછે। એવો તે વખતનો ઈનશાફ હતો. અને તે ઇનસાફ તે વખતના લોકોને કબુલ હતો.

૨૪– આ પ્રાંતની જમીનના ૩ ભાગ કરેલા છે. ૧–ગોરાત એટલે ઉત્તમ. ૨– બેસર એટલે મધ્યમ. અને ૩–કાલી એટલે કનિષ્ટ અથવા છેક ઉતરતી. ગોરાતમાં જીરાયત, બાગાયત, અને ભાથાની જમીન આવેછે. એ જગા સર્વોત્તમ કહેવાય છે. સર્વ પાકને અનુકુળ એ જગા કહેવાય છે.

૨૫– નવસારી પ્રાંતની ફળદ્રુપ જગા આખા રાજ્યમાં વખણા-યલી છે.

૨૬– નવસારી પ્રાંતમાં વધારેમાં વધારે વરસાદ ઇ. સ. ૧૮૭૮ માં પડયા ઉપરથી ૧૦૮ ઈંચ–૮૮ દોકડા ગણાયલો છે. અને ઓછામાં ઓછો ૪૭ ઈંચ–૯૮ દોકડા મપાયલોછે.

૨૭– કોઇપણ પ્રાંત કરતાં આ પ્રાંતમાં ઘણાં જંગલો આવેલાં છે. અને ગીચ ઝાડીઓ પુષ્કળ છે. વાઘની વસ્તી પણ તે કારણથી આ પ્રાંતમાં વિશેષ છે.

૨૮–આ પ્રાંતની ખેતી કરવા માટે ખેડુતો પાસે ૨૩૨૯૩ હળ-૬૫૬૨૫ બળદ-૬૧૧૧૭ ગાય-૩૧૮૮૦ ભેંસ–૨૨૦૮૩ મેંઢાંબકરાં–૧૨૧ ગધેડાં છે, ઘોડાની સંખ્યા ૭૨૯નીછે. વરસાદમાં ખરીફનો અને બીજા દહાડા રબીનો પાક હોયછે.

શેહેર લેખે નવસારીની હકીકત.

નવસારી તાલુકાની હકીકત લગભગ નવસારી શેહેરના જેવી હોવાથી આપણે તાલુકાની હકીકત લંબાવાને બદલે શેહેરનીજ લંબાવ્યે.

૧–મી. પોલોક્ષન, નવસારીની હવાને ઘણી સારી હોવાનું લંબાણ બ્યાન આપે છે. મી. દલાલે પોતાના રિપોર્ટમાં Salubrious climate વાળું શેહેર યાને સાત્વિક અથવા તંદોરસ્તી વધારનારી હવાનું શેહેર કહે છે. મી. એલ્યત પણ અહિંની હવાને ઘણી સારી જણાવેછે. પણ મી. ઑગીલ્વીના લખાણ ઉપરથી જણાય છેકે, જે વખ્તે નવસારીમાં હાલના જેવી ગીચ વસ્તી નોહોતી તેજ વખ્તમાં એ હવા ઘણી સારી હતી. હવે દિન પ્રતિદિન વસ્તીના વધારાને લીધે હવા લગાર બીગડેલી અને બાદીખોર ગણાય છે. હાલની વિદ્યાથી પણ અહિંઆંની હવા સારી હોવાનું જણાય છે, કેમકે નવસારી ઉત્તર–દક્ષિણ અક્ષાંશ (North Latitude) ૨૦° થી ૫૫' અને પૂર્વ–પશ્ચિમ રેખાંશ (East Longitude) ૭૩°થી ૧૦' ઉપર યાને વિષુવવૃતના શમશીતોષ્ણ કટિબંધમાં આવેલી હોવાથી ટાઢ તડકો સરખો હોય છે. અને વળી દરિયાની સપાતીથી ૧૫૦ ફીટ ઉચાંણમાં એ જગા આવી છે.

૨– આવું નવસારી શેહેર છે, પણ તેમાં સરકારની જમીન ઘણી

થોડી અને દેશાઇઓ વગેરેની જમીન ઘણી હોવાથી, આપણા નવસારી શેહેરની જમીન–મેહેસુલના સરકારને માત્ર ૬૦૦૦થી ૭૦૦૦ રૂપૈયા ઉપજે છે! એ એક નવાઇ જેવી વાત છે. જોકે નવસારી તાલુકાની જમીન મેહેસુલ તો ૧ાાથી ૨ લાખ રૂપૈયાની છે; આખા પ્રાંતની ઉપજ ૨૬ લાખ રૂપૈયાની છે.

૩– બીજા બધા પ્રાંતો કરતાં દારૂ તાડીના ઇજારાની ઉપજ નવસારી પ્રાંતની વધારે છે. દર વરસે આબકારીની ઉપજ ૫૭૦૦૦૦ પાંચ લાખ સીત્તેર હજાર સુધીની છે. તેમાં દારૂના ૪૮૦૦૦૦ અને તાડીના ૯૦૦૦૦ ઉપજે છે. જેવી ઉપજ બીજા કોઇ પ્રાંતમાં નથી. કારણકે દારૂતાડી પીનારી રૈયત, બીજા પ્રાંત કરતાં આ પ્રાંતમાંજ વધારે છે. તેથી ઉલટુંજ બીજા બધા પ્રાંતો કરતાં નવસારી પ્રાંતની અફીણની મેહેસુલ ઘણી થોડી છે. ખરચ બાદ કરતાં ઘણાંમાં ઘણી ૨૫૦૦૦ સુધીની દર વર્ષે સરકારને ઉપજ છે. કેમકે બીજા પ્રાંત કરતાં અફીણ ખાનારા અફીણ્યા બંધાણીઓ આ પ્રાંતમાં બહુ થોડા છે.

૩– આપણું નવસારી શેહેર ઘણે ભાગે અંગ્રેજ સરકારની હદથી એટલુંતો ઘેરાયલું છે, કે કેટલીક દિશાએ ૩ મૈલ સુધીબી અંગ્રેજી હદ વટાવ્યા શિવાય જવાતું નથી.

૪– નવસારી શેહેર, મુંબઈથી ૧૪૭ાા મૈલે અને વડોદરેથી ૯૯ મૈલને અંતરે હોવાથી, મુંબઇની નકલ કરતું, દરેક બાબદમાં આપણે તેને જોઈએ છે. નોશાકરાઓ નકલ કરવામાં ઘણાજ આગળ વધેલા ગણાય છે.

૫– ઈ. સ. ૧૮૮૧ની વેસ્તી પ્રમાણે ૧૪૯૩૭ માણસની વસ્તી નવસારીમાં હતી, જ્યારે ૧૮૯૧ની વસ્તી પ્રમાણે ૧૬૨૭૬ માણસ વસે છે. એટલે ૧૩૩૯ આદમા વધેલાં ગણાય. મીલકતો, અને ઘરબાર બાંધવા વગેરેમાં આ શેહેર વધારો કરતુંજ રહ્યું છે. ૧૮૮૧ શાલની વસ્તીમાં હિંદુ ૮૪૨૩–પારશી ૪૦૬૨–મુસલમાન ૨૩૧૫–જૈન ૧૩૪–અને ક્રિસ્ચી અનો ૩ હતા; પણ ઇ. સ. ૧૮૯૧ની વસ્તીની ગણત્રિ પ્રમાણે પારશીઓ ૪૪૨૬ થયા છે. હાલ જેટલા મુસલમાન છે, તેથી બમણા પારશીઓ છે. અને જેટલા પારશી છે તેથી બેવડા હિંદુ છે. આખા વડોદરા રાજ્યની ૨૪૧૫૩૯૬ની વસ્તીમાં પારશીઓ બધા મલી ૮૨૦૬ વસે છે. પ્રથમની નવસારી શેહેરની વસ્તી કરતાં ૩૬૪ પારશીઓનો વધારો થયો છે. એ ૮૨૦૬માં ૩૫૮૫ મરદો અને ૪૬૨૧ ઓરતો છે.

કેમકે ઓરતો ઘરેબારે રહે છે, અને મરદો રળવા કમાવા પરદેશે બહુ ગયા છે. શાલ ૧૮૮૧માં રાજ્યમાં, ૮૧૧૮ પારશી હતા, તેમાં ૧૦ વરસની અંદર ઇ. સ. ૧૮૯૧માં ૮૮ વધીને ૮૨૦૬ થયા છે. નવસારીમાં પારશીઓના ઘરો આશરે ૧૫૦૦ છે. અને કુલે નવસારીમાં ઘરો શુમારે ૪૫૦૦ છે. એ શેહેર પૂર્ણા નદિ ઉપર આવ્યું છે.

૬–ઘણે ભાગે ૮૦ ડિગ્રીઉપર થરમોમીટરમાં પારો રહે એવી હવા છે. વધારેમાં વધારે ૯૮ અને ઓછામાં ઓછી ૬૦ દીગ્રી તાપ પડતો ગણેલો છે. પણ હવેતો સો ડીગ્રી ઉપર પણ તાપ કોઈકોઈવાર જણાયો છે.

૭– નવસારીમાં રૂ. ૩૦૧૮૪ની વાર્ષિક આયાત–અને રૂ. ૧૩૩૫૩ ની નીકાશ થાય છે.

૮– નવસારીમાં કુંભારકામ જેટલું બારીક અને પાતલું તથા ઘાટદાર થાયછે, તેટલું બીજે ઠેકાંણે થતું નથી. અહિંની ઘાઘરો વગેરે ઘણી પાતળી, હલકી, અને નમુનેદાર હોય છે. એ શિવાય બીજી ખુબીઓ પાછલા ભાગમાં લીધી છે.

નવસારીની કારિગીરી.

નવસારીમાં ખત્રીઓ અને તાઈ લોકોજ હાલમાંતો વણવાનું કામ કરે છે. ખેડુતો વગેરે હલકી સ્થિતિના લોકોને બરના સુતરાઉ કાપડ ખત્રીઓ બનાવે છે. તાઈ લોકો હલકી જાતની દોટી અને ખાડીના કામ કરે છે. આગળ તો પારશી વણકરોએ વણાતના કામમાં નવસારીને પ્રસિદ્ધિની ટોચ ઉપર ચઢાવી દીધું હતું. તે વીશે મી. એલ્યત એક નવીજ વાત જણાવે છે; કે જ્યારે અંગ્રેજ, ડચ, અને પોરચુગીસોએ સુરતમાં કારખાંના સ્થાપ્યાં, તે વેળાએ સાડી–ધોતી–બાસ્તા–અને ગાજ નવસારી અને ગણદેવીમાં એવીતો ઉત્તમ બનાવામાં આવતી, કે સુરતની ફૅકટરી (કારખાંના) ના એજન્ટો અને આડત્યાઓ, તે યુરોપવેર મોકલી આપતા હતા. તે એટલે સુધી કે ઇ. સ. ૧૭૮૭-૮૮માં ડાકટર હોવ નામે યુરોપ્યન મુસાફર નવસારીમાં અને ગણદેવીમાં એ નામાંકિત હુન્નર શીખવા ખાસ આવ્યો હતો ! એ પ્રમાણે નવસારીમાં એ હુન્નર જુના વખતથી વખણાયલો હતો. પારશીઓને ઘેરેઘેર

વણવાની શાલો (Looms) હતીઓ. તે હુન્નરની પડતી છેલ્લાં ૬૫ વરસથી થતાં થતાં હમણા લગભગ સમુળો તે નાશ પામ્યો છે, એ ખેદયુકત છે. તે વેળાના પારશીઓ ખરા કારિગરોજ હતા. તેનો કાંઈક ભાસ થવાને આજે આખા હિંદુસ્થાનમાં હાલ નવસારીની ગોરાંણીઓની વણેલી કુસ્તી વખણાયલી છે, તે ઉપરથી ખ્યાલ આવે છે. ત્યારે જે હુન્નરમાં આપણા નોશાકરાઓના બાપદાદાઓએ નામ કાઢેલું તે હુન્નરજ, અફ્શોશ ! આજે સદાબરો ગુમ થયો છે

નવસારીના તે વેળાના હુન્નર અને કારિગીરીમાં માહેર ને જાહેર થયલા હુન્નરમંદ પારશીઓ માટે કેપટન એલેકઝાંદર હેમીલ્ટન્સ જરનીઝ વાલમ ૧ લાંને પાને ૧૫૭ ઉપર લંબાંણ હેવાલ આવેલો તેનો માત્ર સાર કહીએઃ——

" ઇરાંનથી નાઠેલાં ૪૦૦-૫૦૦ પારશી કુટુંબ વગર કંપાસ અને વગર સુકાંને દર્યા માર્ગે હિંદ તરફ આવ્યાં. અને ૨૦ દહાડે રાતને વખતે હિંદુસ્થાનના એક કિનારાઉપર આવ્યાં. તેઓને એક નદિને કિનારે આતશનો શોલ્લો જણાયો, અને તેઓ જેવા દરિયામાંથી જમીન ઉપર ઉતર્યા કે મરઘો વાસ્યો, અને ગોયા તેણે તેઓને આવકાર આપ્યો; યાને મરઘો તેઓની સલાંમતીને માટે વાસ્યો. જે ઉપરથી મરઘાને પારશીઓ કદિપણ કપાવી ખાતા નથી, તથા તેને પારશી ટોલાનોજ એક ઘણી ગણી માન આપે છે. તેઓ પોતાના કામ ધંધામાં ઉદ્યોગી અને ઉમંગી છે. તેઓ વેપાર કરવાની અને જમીન ખેડવાની તાલીમ લે છે. તેઓ અચ્છા સુથાર અને વાહાણ બનાવનારા છે. વણવાના કામમાં અને ગુંઠણ કામમાં નવસારી સાહી બાસ્તા બહુ વખણાય છે. તે તેમના કારખાંનાંઓમાં બને છે. હાથીદાંત અને અકીક ઉપર તેઓ અચ્છી કારીગરી કરે છે. તેઓ સર્વોત્તમ કેબીનેતમેકર ગણાય છે. તેઓ દારૂ ગાળે છે, અને તેનાથી તેઓ પોતાનું ગુજરાણ ઘણું મનપસંદ કરે છે. ૧૮ મી શદીની શરૂઆતમાં તો સુતરાઉ કાપડનું કારખાંનું નવસારીમાં હતું. અને ત્યાં જાડું ઝીણું બંન્ને પ્રકારનું કાપડ વણાતું હતું. " ઇત્યાદિ.

નવસારીના તે વખતના પારશીઓ અંજાંણપણામાં પરધર્મના કામો કરતા. તે લોકોના કરારમાં તરેહવાર માનતાસુનત આવતી. કોઇ કાંઇ કરારથી ફરે, તો તેને મુસલમાન કે હિંદુ ધર્મને લગતી માનતાસુનતાના સોગંદ આપવામાં આવતા. મશીદમાં દીવેલ ચઢાવાનો અને બીજો એવો બુતપરસ્તી રીવાજ કસમ ખાવામાં ચાલુ હતો. દસ્તુર કેકોબાદ મે-

હેરજીએ ઈ. સ. ૧૬૦૮માં લખાવી લીધેલાં એક કરારનામાંમાં લખ્યું છે કે:—"જે કોઈ ફીકા વામાને હવેથી મલે તેને માતા રેવા તથા માતા તાપી હોરખે. ને તે તેના બાપનો જણેલો નહિં." તે વખતના મોટામાં મોટા સપત એ હતા. "પોતાના બાપનો જણેલો નહિં" એ સોગંદ ઘણાજ ભારે હતા. આજેતો બાપને બાપ નહીં કહેનાર બેટાઓ છે. આજે તો બાપના કરેલાં ઉપર પાણી ફેરવનારા વસે છે. આજે એવા જુઠા સોગંદોતો ભર કોર્ટમાં વટીક મૅનસ્ની–ગવસ્ની–અને કુનસ્ની જેવા પાક કલાંમો ઓચરીને સવાયાના સો ખાનારા પોષાય છે ।

મારે તેની તલવારનું રાજ્ય.

(શીવાજીની પધરામણી.)

જે વખતે પોરચુગીસોના હાથમાંથી ઈ. સ. ૧૬૬૨માં મુંબઈની હાકમી અંગ્રેજના હાથમાં ગઈ, અને તેની ધામધુમનો હિંગાંમ મુંબઈમાં ચાલી રહ્યો હતો, તથા જે વખ્તમાં ઈંગલાંડમાં Non-Conformistsની ટોળીઓમાં દાખલ થનારા લોકો ઉપર Conventicle આકટની રૂએ દંડ નાંખવાથી ત્યાં ઇ. સ. ૧૬૬૪માં ધમરચકરી મચી રહી હતી, તેજ વખ્તે ઈ. સ. ૧૬૬૨થી ૧૬૬૪ સુધીમાં ઉપલા બંન્ને પ્રકારો જેવાજ આપણી નવસારીમાં પણ બન્યા હતા. મોગલના હાથમાંથી મરાથાના હાથમાં નવસારીની હાકમી જવાની તૈયારી ચાલવા લાગી. મરાથાઓ અનેક તરેહનો ધુજારો નવસારી ઉપર કરવા લાગ્યા. મરાથાની ગોયા નૉન કૉનફરમીસ્ટ ટોળીમાં દાખલ થનારાઓ ઉપર મોગલોનો મોગલાઇ ધારો, ગોયા કૉનવેન્ટીકલ આકટની માફક નોશાકરાઓને દંડવા, સુરત લઈ જઇને કેદ કરવા, માર મારવા, વગેરેની ધરપચ ધામધુમની ધમરચકરીમાં લાગુ થઇ ચુકયો હતો. અને જે વખ્તમાં ફ્રેન્ચ લોકો પોન્ડીચરીમાં પોતાની સત્તા બેસાડતા હતા, તે વખતમાં યાને ઇ. સ. ૧૬૬૪માં શુરવીર શીવાજી નવસારીમાં પોતાનો કાબુ વધારવા લાગો. અને અહિંની રૈયતને તેણે વારંવાર ખંડણીના દબાણમાં દાબી. પણ ફરી જ્યારે ઈ. સ. ૧૬૬૯માં નવસારી થઇને તેમની સ્વારી સુરત ગઈ ત્યારે, ત્યાંની પોચી પ્રજા અને રાંક રૈયતને બીલકુલ નુકશાન ન કરતાં, આગળ

ચાલ્યો. સુરતના લોકો એ ઉપરથી પોતાના દરદાગીના નવસારીમાં સં-તાડી જવા લાગ્યા. પણ જ્યારે મરાથાઓની અને ધાંડપાડુઓની નજર વારંવાર નવસારી ઉપર જવા લાગી, અને મરાથાઓને એમ જણાયું કે, નવસારી સધન અને શ્રીમંત છે, અને સુરત નિર્ધન થયું છે, ત્યારે સુરતને બદલે નવસારી ઉપર પીડા ઉતરી. વળી તે સાથે દર સાલ ગરાશીઆઓનો પગદંડો અત્રે થવા લાગ્યાથી ઉલટાં હવે નવસારીનાજ લોકો પોતાનાં જણસભાવ અને દસ્તાવેજ સુરતમાં છુપાવી આવવા લાગા. એવા કટાકટીના હિંગામમાં નહીં મુસલમાનનું રાજ ગણાય, કે નહીં હિંદુનું. એ ધાડ, લુટ, દંરોરા, અને ગીરાશને લેફ. કર્નલ. આર. વૉલેશ Going to the white Crownની ઉપમા આપેછે. એ લુટારૂઓ એક જાતના ચોર પ-ક્ષીની માફક મોસમમાં લુટવાને માટે આ તરફ ઉતરી પડતા, અ-ને ચોમાસું બેસવાની મોસમ અગાઉ કોતર કોચરમાં અને પાહડ ડું-ગરમાં ભરાઇ બેસતા. કાગડાના જેવાં મુસાફર પક્ષીની એક જાત એવી આવે છે, કે જે દેશના કેટલાક ભાગોમાં વરસમાં એકવાર જઇ આખા વરસનો ખોરાક લાવી માળામાં ભરાઈ રહે છે, તેમ તે પીંઢારાઓ આપણાં નોશાકરાં ચલ્યાંઓનો માળો ચુંટી, ચારો ચોરી, ભાગી જતા. શાળ ઉપર કામ વણાતું હોય તો તે તોડી પીખી નાંખે ! અનાજની કોથીઓના મોં પોતાના ઘોડાઓ આગળ ખુલી મુકતા ! ઓરતોની લાજ લુટતા ! અને વળી ગીરાશીઆ નામે લુટારૂઓનો તો જુલમનો પાર નોહોતો. છીંકતાં દંડવું અને તેરી ભેંશાંને મેરી ખીંચાં પાડી એવી છેડતી શો-ધવાનો તો જાણે તેમનો ધર્મજ હતો. ખાઇપી, લઈ દઈ, લુટીલગડી, ઢીંગાં મસ્તી મચાવીનેજ ધરાતા નોહોતા. પણ વળી આવતાં વરસને માટે છેડતી કાઢવા સારૂ કોઈના બારણાં આગળ છાણનો ટોપલો નાંખી જતા ! કોઇના આંગણાં આગળ માંછલીઓ નાંખી જતા ! અને કોઈના દરવાજા આગળ કચરો નાંખી જતા ! એવી એવી કોહીને વેહેલી બગ-ડી જાય એવી નાશક ચીજો ગીરાશ લેખે મુકી જતા. લોકોપણ એક બે વાર ઠોકડાઇને સમજી જે ગયલા, તે કચરો હોય કે નર્ક હોય તે જરાએ જરા ઓસપી વીંણી લઇને ઘરના એકાદ ખુંણાંમાં સંચરી રાખતા. બીજે વરસે છીટું શોધતો પેલો ગીરાશીઓ આવીને પોતાની અનામત માંગે, કે તેઓ તુરત કાઢી આપતા. જો તે વસ્તુ ગુમ થઇ ગઇ હોય તો રાંણુ ખુમરાંણુ કરી લુટફાટ કરતા ! એ ગરાશીઆઓની તરેહવાર રમુજી બનેલી વાતો નવસારીમાં ચાલે છે, પણ તે વાતો કરવાની આ

જગા નથી. એવા જુલમોમાં આપણા નોશાકરા બાપદાદાઓએ દહાડા કાઢી પોતાનો ભવ પાર કર્યો છે. આજે તેવું કશું નથી. અંધારી રાતે બાર વાગે ઉંઘાડે બારણે જાવ અને શુંનું ઉછાળતા ચાલો તો કોઇ હાથ પકડનાર નથી.

એ ગરાશીઆઓના* અને પીંઢારાઓના જુલમથી જે લોકોથી પોતાના જાન માલ સાથે નાશી જવાય તે લોકો સુરત જતા, પણ નાશવાને અશકત એવા લોકો તરેહવાર છુપી જગાએ ભરાઇ બેસતા. એકવાર એવાજ પીંઢારાઓ નવસારીમાં લુટવા ચઢી આવ્યા ત્યારે, કેર-

---

*એ ગીરાશીઆઓને આજેપણ ગાયકવાડ સરકાર, તેઓએ રૈયતને નહીં પીડવાના કરારો વીગેરે કરવાથી દર વરસે "ગીરાશ" ને નામે રૂા. ચાલીશ હજારની રકમ દર વરસે નવસારી ખાતે વેંહેંચી આપે છે. અને દર વરસે તે ગીરાશીઆઓના વંશ વારસો ગીરાશ ચીરડાનો હક લેવા સેંકડોબંધ અત્રે આજેપણ ઉતરી પડે છે, અને રૈયતને માટે આપણી માયાળુ સરકાર પોતાની ગીરોથી હજારો રૂપૈયા કાઢી આપે છે.

ગ્રાસ અથવા ગરાસ અથવા ગીરાશ એ, સંસ્કૃત ग्रस = એટલે ખાવું તે ઉપરથી ग्रास = એટલે ખાવાનો ખોરાક, એ ઉપરથી નીકળેલો શબ્દ છે. અને તેનો છેલ્લો અર્થ ઉદર પોષણને માટે આપેલી જમીન, એવો થાય છે. અને તેવી જમીન ધરાવનારને ગ્રાસિયો કહે છે. એ ગરાસીઆઓ રજપુતોની એક જાત છે. ગરાસનો અર્થ ગૂજરાતીમાં કોળિયો, અથવા બુકકો થાય છે. ફૉર્બસ પોતાની " રાસમાળા " માં કહે છેકે,

" The term Gras appears, as has been already mentioned, to have originally been applied to gift made to religious persons, such as were afterwards more particularly denominated Pusav."

તોપણ ભાટચારણોની તવારિખમાં મુખ્ય ગરાસીઆના નિભાવને માટે કાઢી આપવામાં આવેલી જમીનોને એ શબ્દ લાગુ કરવામાં આવેલો જણાય છે. વળી ગામડાંઓની આસપાસ રેહેનારા ગરીબ લોકો પોતાનો બચાવ કરવા માટે અમુક રકમ ગરાસ લેખે (Black mail) આસપાસના લુટારાઓને બાંધી આપતા હતા. તે ગરાસ કહેવાતું હતું. એ પ્રમાણે ગરાસિઆનો ખેતાબ પેહેલે તો માન ભરેલો હતો, અને તે ખેતાબ ધરાવનારને સરદાર જેવો ગણવામાં આવતો હતો. પણ પાછળથીતો એ શબ્દ, ઘણોજ ખરાબ જાતનો લુટારૂ (A soldier of the night)એવી સંજ્ઞાથી ઓળખાય છે. ભાન્કોરાના કૂંપોજીનો મલીકુર જેવા જબરા ગરાશીઆઓ થઇ ગયા છે, જેઓએ નવસારીને પાયમાલ કરી નાંખ્યું હતું.

શાસ્પજી ગોટલા નામે એક દોસા નાશી ન જવાયાથી જણુસ ભાવ લઇને પોતાની પાસેના પડોશી અને જાની દોસ્ત નવરોજદારૂ નામે મોબેદની સાથે નવસારીમાં રહ્યા. બંને જણા વાતે બેઠેલા હતા, એવામાં તેમના મોહલ્લામાં પીંઢારાઓ પેઠા. નવરોજદારૂતો ઘરના કાતરીયાં ઉપર જઈ અડાયાંના ઢગલામાં ભરાઈ બેઠા, ને કેરશાસ્પજી પોતાના ઘરના કાતર્યા ઉપર મુંકેલી કોથીમાં જણુસભાવ લઇને ભરાઇ બેઠા. અને પોતાની ઉપર થોડાંક ઓઢવાના ગોદડાં વગેરે દાબી દીધાં. પીંઢારાઓએ આવીને અસલના વખતની નોશાકરી પેટીઓ, તે આપણા કેઆશજી કાકાની કોથીઓ ખોલવા માંડી, તો પેલી કોથીઓમાંથીતો ગોદડાંજ ગોદડાં નીકલ્યા કીધાં, ત્યારે ચીચવાઇને તેઓ બોલ્યા કે "ઇસમે તો સબ ગોદરીઆંજ ગોદરીઆં," એમ બોલી ચાલી ગયા. તેઓના જવા પછી બન્ને દોસ્તો પોત પોતાના ઘરમાંથી બાહાર આવ્યા, ત્યારે નવરોજદારૂ જેવણે પાસેથી પીંઢારાઓને બોલતાં સાંભલ્યા હતા, તેવણે હશીને દોસ્તની ટકોર કીધીકે "કેમ છેઓ ગોદરીઆં!" તે ઉપરથી કેરશાસ્પજીના ખાંદાનની ગોટલા અટક બદલાઈને ગોદરીઆની અટક પડી. એવી એવી રમુજી વાતો ઘણી છે.

ચોધરી સીસ્ટમ.

આવી રીતે મરાથાઓનો દોર દિન પર દિન વધી જવાથી ઇ. સ. ૧૭૨૮ માં મરાથા લુટારૂઓને ઠેકાંણે પાડવા ચોતરફથી ઘરનાર "ચોધરી" એવો એલકાબ આપી નવસારીના સુધારા પાછળ મેહેનત લેવા મોગલ સરકારે દેશાઈ ટેહમુલજી રૂસ્તમજીને નિમ્યા. પણ પારશીને ચોધરી નિમેલો જોઇ, અત્રેના મોગલ મલેકોને પરવડયું નહીં. કેમકે તેમનો જુલમ અતિશય હતો. તેમની અનીતિ અનંત હતી. તેમનો "જો હુકમ" તોડનાર કોઈ નો'તો. એ કારણથી જે કામ ટેમુલજી દેશાઇ કરતા તેની વિરૂદ્ધ તે મલેકો વર્તતા. ઘસાઘસી ઘણી ચાલી. હાથીની લડાઇમાં ઝાડનો ખો, તેમ મોટા મોટાની અદેખાઇના ઝેરના ભોગ અહીંના લોક થવા લાગાં. તે વખતે દેશાઈ-કુવો ન હોવાથી સતાપીર આગલના મરીઅમ પુરાની પછાડી ચુરગડોના ઘર આગળ મીઠા કુવાનું પાણી પારશણો પણ ભરતી. હાલના મલેશર આગલની

મલેક સરાહનો મલેક તથા સતાપીર આગલની સરાહનો મલેક બંન્ને ભાઇ ભાઈ હતા. એ સતાપીર આગલવાલો મલેક નાહનો પણ સ્વછંદી અને સ્ત્રિ વિષયી હતો. તે તરફ પાંણી ભરવા જતી પારશણોની કમકમાત ભરેલી રીતે તે લાજ લુટતો. અને પારશી ચોધરી ઉપરતું વેર પારશી ઓરતો ઉપર કાઢતો. આ અનીતિનો અંત લાવવા માટે એક લઠ્ઠ ખુબસુરત પારશી બચ્ચાને પારશણનો વેશ આપી રાતો રાત તે મુંજી મલેકનો અંત આણવાની તદબીર પાર પડી. એવી રીતે એક ગમથી જે સાંહનશાત તરફથી ચોધરાઇ આપવામાં આવેલી તેનાજ હુદ્દેદારો તરફથી આફત, અને બીજું તો જે લોકોને ઠેકાંણે લાવવા તે આપેલી, તેમના તરફથી વિપત્ત. છીંકતા દંડે એવો એણનો એ વખ્ત હતો. વળી સુરતનો નવાબ રૂસ્તમ અલીખાન નવસારીના મલેકની અનીતિને ઉત્તેજનરૂપ થઇ અખાડા કરતો. એવી રીતે બચારી રાંક રૈયતનો ચોતરફથી મરો થવા લાગો. મરાથા કરતાં મુગલોનો માર પુષ્કળ હતો. મુગલાઇ કરતાં મરાથી રાજ્ય સર્વે કોઇને આવકારદાયક થઇ પડયું. અસલી અમેરીકનોએ જેમ અંગ્રેજોના ઘણા જુલમોથી કંટાળીને આખરે જેનરલ જ્યોર્જ વૉશીંગટનને બાહાર પડવા અરજ ગુજારી હતી, અને અમેરીકાને જેમ સ્વતંત્રતા અપાવી, તેમ લોકોએ તે વેળાના નોશાકરા વૉશીંગટન ચોધરી તેહમુરજી રૂસ્તમજી દેશાઇને અરજ કરી, કે આ મુસલમાન જુલમમાંથી છોડવવાનો કાંઈ પ્રયત્ન કરો. છોડવે કોણ? અને છોડવે કેમ? જ્યારે દુ:ખનીબી હદ્દ આવેછે, ત્યારે નાશીપાશીને હિંમત ઘણું બક્ષવેછે.

પેલી ગમ નજર કરતાં, પૂર્વ દિશાએથી કાંઇ ધાટ ધડાય એવું દેશાઇ ટેહમુલજીને અને તેમના નેકનાંમ બેટા ખુરશેદજીને લાગ્યું. તેઓને એક મસલતથી ફત્તેહની બાજુ પૂર્વ દિશાએજ જણાઈ. ૧૮મી સદીની શરૂવાતથી, બલકે તે પેહેલાંથીજ મરાથાઓની ચઢાઈ નવસારી ઉપર થતી હતી. અને પીલાજી ગાયકવાડ નામના મરાઠા જોકે શોનગઢ ખાતે ઇ. સ. ૧૭૧૯થીજ ઠરીઠાંમ થયલા હતા, તોપણ મોગલાઈ રાજ નવસારીમાંથી નાબુદ થતાં, ઈ. સ. ૧૭૫૩માં જ્યારથી ગુજરાતની રાજધાંની ગઇ ત્યારથીજ ખરી રીતેતો મરાથા રાજ નવસારીમાં થયલું ગણાય. નવસારીમાં પીંઢારા અને ધારપાડુઓના ટોળાં આવતાં તેનો સેનાપતિ દાભાડે નામનો સરદાર હતો, તે પીંઢારાઓને નવસારીની રૈયત પાસેથી ખંડણી ઉઘરાવાનો હક મુગલ રાજ તરફથી મલ્યો હતો.

ડાભાડેના જમના હાથ જેવા આસીસ્ટંટ તરીકે ગાયકવાડ નામના એક મરાથા મુખી જોડાયા. તે સઘળાનો ઉપરી રાજા સતારાનો રાજા હતો. અને એ ડાભાડે તથા ગાયકવાડ સરદારો વધવાથી પેશ્વા સરકારને મોટી મુશકેલી નડી. મોગલાઇ સરકાર પેશ્વાની પક્ષ પકડવા લાગી, અને તેથી મોગલાઇ સરકારને ગાયકવાડ સાથે ઘસાવા લાગ્યું. આ બધો સંજોગ સાધીને અને મારેલો ફટકો આબાદ લાગશે એવું ધારીને, જે પ્રમાણે અંગ્રેજો અને ફ્રેન્ચોને અમેરીકામાં ઘસાતું ચાલવાનો દાવ જોઇને, લાભ લઇને, જેનરલ જ્યોર્જ વૉશીંગટને ફ્રેન્ચોને મળી જઈ અંગ્રેજી અમલનો અમેરીકામાંથી પગ કાઢયો, અને જુલમ તોડી સ્વતંત્રતા અપાવી રૈયતને ઉગારી, તેજ પ્રમાણે બેઉ બાપ બેટા દેશાઇજીઓએ, તેજ ધોરણ ઉપર ઘાટ ઘડીને ગાયકવાડને મળી જવાનું દુરસ્ત વિચાર્યું. નોશાકરી રૈયત મોગલાઈ જુલમોથી ત્રાહે ત્રાહે પોકારી રહેલી, તેથી મોગલોને નવસારીમાંથી હાંકી કાઢી ગાયકવાડને હાથ નવસારી જાય તો સહાયભુત રહેવાના એકરાર કર્યા. તેનો હેવાલ હું પોતે આપું તેના કરતાં મી. એલ્યતના તથા મી. દોશાભાઈ. ફ્ર. કરાકાનાજ શખ્સોનોમાંજ ઉતારી લઉંછું:——

" In 1700 Temoolji Rustamji went to Delhi and obtained the post of Desai, and in 1720 when Navsari was groaning under the tyranny of Rustam Alikhan, Nawab of Surat, he induced Pilaji Gaikwar to come from Songad to Navsari. For this act he was imprisoned by the Nawab of Surat, but was subsequently released by Pilaji. "

એ પ્રમાણે ઇ. સ. ૧૭૦૦ માં તેહમુરજી રૂસ્તમજી, જેવણ તે વેલાએ શીરવઈ ખાંદાનના હોવાથી શીરવઇની અટકના હતા, તેઓ દીલ્લી ગયા, અને દેશાઇગીરી પામ્યા ત્યારથી તેવણ "દેશાઇ" કેહવાયા. ઇ. સ. ૧૭૨૦માં સુરતના નવાબ રૂસ્તમ અલીખાંનના જુલમથી નવસારીના લોકો ત્રાસી ગયાં હતાં, તે વેળાએ તે તેહમુલજી દેશાઈ, પીલાજી ગાયકવાડને સોનગડના કીલ્લા ઉપરથી નવસારીમાં લાવ્યા. અને મુગલાઇ સામે રાજદ્રોહી ખટપટ ગણીને રૂસ્તમઅલીખાંને તેવણને કેદ નાંખ્યા હતા, પણ પાછલથી પીલાજીએ તેવણને છોડવ્યા હતા. ત્યારે પીલાજીરાવ, જે ૧લો ગાયકવાડ રાજા, તેને નવસારીમાં લાવનાર એક નોશાકરો પારશી

દેશાઈ હતો. ત્યારે ગોયા વડોદરા રાજની લગામ પેહેલ વેહેલી ગાયકવાડ ઘરાણાના હાથમાં આપનાર આપણો નવસારીનોજ એક વતની હતો. અને આમ થવાથી અણીહિલવાડનું હિંદુરાજ જે મોગલ રાજાઓએ ખુંચવી લીધું હતું, તે એક પારશીના પ્રયત્નથી પાછું હિંદુરાજ થવા પામ્યું છે. દેશાઈજી મોસુફની પોતાની રૈયત તરફની આવી નેકનાંમી માટે મી. એલ્યત વળી કહેછેકેઃ——

"તેમુલજીના બેટા ખરશેદજીને પીલાજીએ દેશાઈગીરી આપી હતી. અને હજુ તેમનું ખાંદાંન ગાયકવાડની ઘણી નેમણુકો ધરાવે છે. ઈ. સ. ૧૮૦૦ માં ગોવીંદરાવ ગાયકવાડ સાથના તહનામામાં ખરશેદજીના બેટા મનચેરજીએ મુંબઈના ગવર્નર મી. દંકનને મદદ કરવાથી અંગ્રેજ સરકારે તેમને પોતાની બાંહેધરી* આપી. વલી ૧૮૦૨ માં તહનામાની બજાવણી વખતે અંગ્રેજ સરકારને એ દેશાઈએ મદદ કરવાથી છેક ૧૮૧૭ માં દર માસે રૂ. ૨૦૦ નું પોલીટીકલ પેનશન તેમને અંગ્રેજ સરકારે આપતું કર્યું હતું. તેમના એટલે દેશાઈ મનચેરજીના બેટા જમશેદજી, વળી બીજા શયાજીરાવ માહરાજાના બહુ માનીતા હોવાથી, શયાજીરાવ તેમને પોતાના નાલાભાઈ કહેતા હતા. આ દેશાઈ કુટુંબને કોલાશણાનું ઈનામી ગામ ગાયકવાડ સરકારે બક્ષીશ આપ્યું છે. " એ પ્રમાણે નવસારીમાં ગાયકવાડ રાજનો અમલ કેમ અને શાથકી થયો, તથા ગાયકવાડનું રાજ કેવા સંજોગો વચ્ચે સ્થાપિત

---

*બાંહેધરી, એ સંસ્કૃત શબ્દ છે. **बांही** = હાથ; અને **धरडे** = એટલે ધરવું—પકડવું. યાને જે પ્રમાણે એક માણસ મરતી વખતે પોતાના બચ્ચાંનો હાથ, પોતાના કોઈ મેહેરબાંનના હાથમાં આપી જાયછે, અને હાથમાં હાથ લીધા પછી તે બચ્ચાંને જેમ પાલવામાં આવે છે, તેમજ ગોયા અંગ્રેજ મુરબ્બીએ પોતાના બચ્ચાં લેખે દેશાઈઓનો હાથમાં હાથ લીધોછે. વળી મગરૂર થવા જેવી એક વાત એવી છેકે ૨૫—૩૦ અંગ્રેજ બાંહેધરી પ્રથમ હતી, તે બધી રદ્દ કરીને આજે અંગ્રેજ સરકારે માત્ર ૪ બાંહેધરી કાયમ રાખી છે, તેમાંની બે તો નવસારી પ્રાંતનાજ વતનદારો અને જાગીરદારોની છે. અને વળી તેમાં પણ કર્નલ વૉલેસ પ્રમાણે ૧ લો દરજ્જો નવસારીના પારશી દેશાઈની બાંહેધરીનો છે. નવસારી પ્રાંતમાં નવસારી કસ્બાના મોટા દેશાઈ ખાંદાંનની, અને પલશાણા તાલુકામાં આવેલાં બલેશરના હિંદુ દેશાઈની મલી બે બાંહેધરી છે. વળી આપણા નવસારી પ્રાંતમાં ચાર પાલકી પદસ્ત દેશાઈઓ છે. ૧—નવસારીના દેશાઈ; ૨—બલેશરના દેશાઈ; ૩—મહુવાના દેશાઈ; અને ૪—ગણદેવીના દેશાઈ.

થયું, તે સઘળું તપાસતાં નવસારીની ભૂમીને તે સર્વેનો જશ વગર શકે આપી શકાય.

એ પ્રમાણે ઇ સ. ૧૮૧૯ સુધી ગાયકવાડની તવારીખ જુદીજ તરેહની છે. અને ત્યારપછીની નિરાલીજ છે. વૉટસન્સ હીસ્તરી ઓફ ગુજરાત ઉપરથી જણાય છે કે, ઇ. સ. ૧૭૦૫ માં મરાથાઓએ ગુજરાત ઉપરની ચઢાઇમાં પેહેલાં પગલાંજ નવસારીમાં મુકયાં. અને રતનપુર તથા બાબાપ્યારા આગળ જીતો મેળવી. પણ ઈ. સ. ૧૭૧૧ માં જે વેળાએ મરાથાઓ નવસારીમાં આવ્યા છે એવી ખબર સુરતના નવાબ સાહામતખાંનને થઇ ત્યારે તેણે તૈયારીઓ કરી મરાથાઓને આગળ વધવા ન દેતાં મારી હઠાવ્યા. બાલાપુરની લડાઈમાં ઈ. સ. ૧૭૨૦–૨૧ માં દામાજી ગાયકવાડ પોતાના ખેશીઓ સહ ઘણી બાહાદુરીથી લડયો, સબબ શાહુ છત્રપતિએ તે દામાજીને "શમશેર બાહાદુર" (Illustrious Swordman) નો ખેતાબ આપ્યો. દામાજીનું મરણ ૧૭૨૧ માં થતાં તેનો ભત્રીજો પીલાજી, જે સેનાપતિનો આસીસ્ટંટ હતો, તે શોનગડની ગાદીએ આવ્યો. ટુંકમાં ગાયકવાડનું વંશ એક ગામની પટલાઇ ધરાવનારૂં હતું, તે હવે મોટા મુલકનું રાજ ધરાવનારૂં થયું. નવસારીમાં પેહેલા ઉતરનારા મરાથા ૩ હતા. ઉદાજી પવાર–કાન્ટાજી કદમબાંન્દે–અને પીલાજી ગાયકવાડ. પ્રથમ આપણું ગાયકવાડી મથક નવાપુરામાં હતું. પણ બાંન્ડેના વંશવાલાઓએ તે પોતાની હદનું છે એમ જણાવ્યાથી, ગાયકવાડ સરકારને શોનગડમાં ગાદી સ્થાપવી પડી. ગાયકવાડ સરકારની પેહેલી રાજધાંણી નવસારી પ્રાંતના શોનગડ કસબામાં હતી. ગાદી પણ ત્યાંજ હતી. શોનગડમાં તેણે મોટો કિલ્લો બંધાવ્યો, અને પછી જેમ જિત થતી ગઇ તેમ, કોન્દ–વાજપુર–સકળખેડા–અને રૂપગડમાં કિલ્લાઓ બાંધ્યા. ઇ. સ. ૧૭૧૯માં સુરતના મુત્સદ્દી સૈખ ઉલ હીસલામે પીલાજી સામે લડાઇ જગાવી, તે વખ્તે નવસારીની તમામ પ્રજા ગાયકવાડ તરફથી મુસલમાનોની સામે લડી. અને મુસલમાનોને માર મારનારા નવસારીના કોળીઓ હતા. છેક ઇ. સ. ૧૭૬૬માં દામાજીએ પાટણ ઉપર ચઢાઇ કરી ત્યાંસૂધી તો આપણા નવસારી પ્રાંતમાંજ ગાયકવાડની ગાદી હતી. પણ ત્યારપછી સરજમીનની અર્ધવચમાં ગાદી સ્થાન કરી વડોદરામાં રાજગાદી સ્થાપી, વડોદરાની ભૂમીને રાજધાંની બનાવામાં આવી. તે વખતમાં આપણો નવસારી કસ્બો "સુરત અઠાવીસી" માં ગણાતો હતો. સુરત જિલ્લાના તે વખતમાં ૨૮ વિભાગો કરેલા હોવાથી (પાછળથી

૧૪ માહાલ ગાયકવાડમાં અને ૧૪ માહાલ અંગ્રેજ સરકારમાં ગણાયછે.) "સુરત અઠાવીસી"નામ તેને આપવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૭૨૪માં પાછો સુરતનો નવાબ રૂસ્તમઅલીખાન પીલાજીને હંફાવા લાગો, અને નવસારીના લોકો ઉપર લુટ ચલાવી. એ વખ્તમાં પીલાજીને શેનગડના ભીલો, કોલીઓ, વગેરે રૈયતે, તેમજ નવસારીના પારશી દેશાઇઓ; અને બધા માહાલના પટેલો વગેરે મુખીઓએ મુગલરાજથી કંટાલેલા હોવાથી એક ખટપટ અને એક મસલતથી એકામતે એકાજતે મરાથાઓ જોડે જોડાઈ ગયા. એ ૨૮ માહાલ (તે વખ્તે નવસારીના આઠને બદલે ૨૮ માહાલ કહેવાતા.) ના સર્વ લોકોનાં ખીલા ઉપાડ કરવાના કસદથી સુરતનાં નવાબ સરબુલંદખાંને પુનાના બાજીરાવ પેશ્વા સાથે મલી જઇ એવી સલાહ કરી, કે પેશ્વાને તે નવાબ નવસારીના માહાલો પૈકી ચૉઠ અને સરદેશમુખી આપે, અને તેના બદલામાં મરાથા ગાયકવાડને મારી હથાવામાં ૨૫૦૦ ઘોડેસ્વારની પેશ્વાએ મદદ આપવી.

ઈ. સ. ૧૭૩૧માં પેશ્વા અને ગાયકવાડ વચ્ચે વડોદરા આગળના ભીલાપુર ગામ આગળ લડાઇ થઇ, તેમાં પીલાજી ઘાયલ થયો. લડાઇનો અંત કેમે કરી આવ્યો નહીં. છેવટે સલાહ થઇ, તેમાં ડાભાડેના મરણથી જુવાન યશવંતરાવ દાભાડેને શેનાપતી બનાવી તેના મુતાલીક લેખે બાજીરાવે પીલાજીને ઠરાવ્યો. અને "શેનાખાસખેલ" નો ખેતાબઆપ્યો. એ પ્રમાણે આપણા ગાયકવાડ સરકારને બે તબક્કે મલી જુદા જુદા બે ખેતાબો, બાહાદુરી કરી શમશેર મારવા માટેજ મલ્યા છે. અને આજે તે બેઉ ખેતાબો સાથે જોડાઇને "શેનાખાસખેલ શમશેર બાહાદુર" નો ખેતાબ થયો છે. અને આજના આપણા પ્રજાપ્રિય નામદાર માહારાજા શ્રીમંત સરકાર શયાજીરાવને, તેમની ભારે કુશળતા માટે અંગ્રેજ સરકાર તરફથી G. C. S. I. નો પૌઢ એલકાબ મલ્યો છે, તે સાથે ગાયક-

---

શેનાખાસખેલનો અંગ્રેજીમાં ગ્રાન્ટ ડફે એવો અર્થ કર્યો છેકે; "Commander of the Special Band" અથવા "Leader of the Sovereign Band." યાને ખાસ ટોળીનો વડો. એમ જણાય છેકે, એ એલકાબ પ્રથમતો સેનાપતિ દાભાડેનો હતો, પણ મુસલમીનો ઉપર જીત મેળવ્યા પછી ગાયકવાડને આપવામાં આવ્યો હતો. અને ગાયકવાડનો તે ખાસ ખેતાબ થઈ પડયો છે. વળી પેહેલાંતો એટલે સૂધી હતું, કે કોઈપણ નવો ગાયકવાડ ગાદી ઉપર આવે, ત્યારે તેને માટે એ ખેતાબના અધિકારનોપોશાક પુના દરબાર તરફથી આવતો હતો.

વાડ સરકારના મોટા ત્રણ ખેતાબો છે. એ વખ્ત પછી નવસારીમાંથી મોગલાઇ રાજ છેકજ જતું રહ્યું, અને મરેથી રાજ મંડાયું. એ ગાયકવાડના પેહેલા ચાર રાજા એકજ મળતાં નામોને અનુક્રમે ગાદીએ આવેલા હોવાથી તવારીખમાં ઘણાઓ ગુંચવાય છે. ૧લા ગાયકવાડનું નામ **પીલાજી.** ૨જાનું નામ **દામાજી.** ૩જાનું નામ **પીલાજી.** ૪થાનું નામ **દામાજી,** એમ તેના તેજ નામો આવે છે. તો જો કે તે રાજાઓ તો જૂદા જૂદા છે. ઉપર જણાવેલો શોનગડનો કિલ્લો એવા હેતુથી બાંધવામાં આવ્યો હતો, કે માલવા અને દાંગના મુલકો તરફ નવસારી પ્રાંતનું વખણાયલું સાગનું લાકડું અને બીજો વેપાર, બીજી તરફ ઘસડાઇ જાય નહીં. તેજ પ્રમાણે સાલોટનો કિલ્લો એવા હેતુથી બાંધેલો, કે નજદીકના કોચરડાંઓમાં ભરાઇ રહેતા ભીલ લોકોને શીકસ્ત આપવી, અને તેમને નિસ્તેજ કરવા. મી. ઑગીલ્વીના જણાવા પ્રમાણે એ શોનગડનો કિલ્લો, ગામની સપાતીથી ૧ા મૈલ ઉંચો છે.

દેશાઇઓની વેઠ સીસ્તમ.

નવસારીમાં ગાયકવાડી સ્થપાઇ, તેમાં મુખ્ય હાથ ત્યાંના દેશાઇઓનો હોવાથી નવસારીની મામલત કરવાનું કામ, અને વસુલ ઉઘરાવાનું કામ ગાયકવાડે દેશાઇઓનેજ સોંપ્યું હતું. તે દેશાઇઓ નવસારીની રૈયત પાસેથી " વેઠ " ને નામે જૂદા જૂદા આકારમાં કર લેતા હતા. ઈંગ્લંડમાં પણ મોટા લૉર્ડ લોકોના વેઠ લેવાના જેવા ધારા સરકારે પાળ્યા છે. જેને Petty Rights કહે છે. એ વેઠ દેશાઇઓ તમામ રૈયત પાસેથી લેતા હતા, અને તેના બદલામાં તેમનું રક્ષણ થતું. તેમના તરફથી દેશાઇઓજ સરકાર દરબારમાં તેમના પ્રતિનિધિ, અગ્રેસર, વકીલ કે બેરીસ્તર થઈ બચાવ કરતા. વેઠ, યાનેકે વગર મેહેનતાંણું કે વગર અવેજ લેવે મજુરી કરવી, કિંવા માલ આપવો તે. જેવું જેનું કામ, જેવો જેનો ધંધો, તેવી તેની પાસે વેઠ લેવાતી. વેઠવું શબ્દ વેઠ ઉપરથી નીકળેલો છે. એટલે ગોયા નવસારીની રૈયત પોતાનો બધી વાતે બચાવ કરનારની બધી ચીજ વેઠતા હતા. અને તેમાં તેઓ રાજી હતા. કારણકે કોહરૂં કાકડી આપીને દેશાઇની આગળ શુર્ખરૂ રહેવાનું હતું. આજની માફક વકીલોને ત્યાં કે દીવાંની અને ફોજદારી કોર્ટોમાં તેઓને

ખરાબ થવાનું નોહોતું. મોટી ફી આપવી પડતી નોહોતી. અડચણ પડે તે દેશાઇ તાળી દે, અને બદલામાં વેઠ લે. એ વેઠ સીસ્ટમ કેવી રીતે ચાલતી હતી, તે આપણે જણાવીશું. એ સીસ્ટમને "વેઠ બીગાર" ની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તેમાં કેટલાક હક, દસ્તુર, લવાજમ વગેરે રોકડમાં, માલમાં, કિંવા જાતમેહેનતમાં વશુલ કરવામાં આવતા હતાં. એ ઠરાવ પણ દેશાઈઓએજ નક્કી કરેલા. કેમકે નવસારીના તે વેળા હાકમજ તેઓ હતા. કજ્યાટંટા ચુકવનાર, અને ગુન્હાની સજા કરનારા વટીક તેઓ હતા. ચાંગાશાના ખાંદાનમાં જેવી હાકમી હતી, તેવી એ દેશાઇ ખાંદાનમાં તે વેળાએ આવી હતી. માર મારવાથી તે જીવથી મારી નાંખવાનો પણ તેમની પાસે અણલેખીત અધિકાર હતો ! આજે જેવા અધિકારો નવસારીના શુબાને કે દિવાનને નથી, તેવા અધિકારો તે વેળાના દેશાઇઓ પોતાના ઘેરના કાયદાથી વાપરતા. નવસારીના કણીઆ સમસ્ત–કલાલભઠ્ઠીના પીઠાંવાલા–ઈંટ પંજાવાવાળા–પરતાકીઆ લોકો–ભરવાડ઼ા લોકો–ખાલપાઓ– તરવાડાઓ–ખેડુતો–કુંભારો–ખાટકીઓ–માંછીઓ–ઘાંચી લોકો–શુખડીઆઓ– વણકર–કંસારા–સુતરવાલા–માલી–તંબોલી–સુથાર–મોચી–દરજી–તાઇ લોકો–કાગદી–ગોળા–વગેરે તતમામ ધંધાદારીઓ મેહેનત મજુરી કરીને અથવા માલ આપીને દેશાઇને વેઠ ભરી આપતા. તે વીશે લંબાણ હકીકત, સમજણ સાથે હમારા માનવંત મુરબ્બી પિતાજી દેશાઈ મનચેરજી બરજોરજી તરફથી બાહાર પડનારી દેશાઇ ખાંદાનની સંપુર્ણ તવારીખમાં આપવામાં આવશે.

એ વિગેરે વેઠબીગાર, હક દસ્તુરી, ની સીસ્ટમ નવસારીમાં દેશાઈઓની હકુમત વખતે હતી. અને જે બીના હમે આપી છે તે કાંઈ માત્ર દંતકથા નથી, પણ હજુ સૂધી દેશાઇ ખાંદાનના દફતરમાં મોજુદ છે, એવા દસ્તાવેજી પુરાવા ઉપરથી આપી છે. અલબત્ત એમાંની જુજ શિવાય કાંઇ પણ વેઠ આજના રાજ્ય અમલમાં રહી નથી. તેમજ આ વેઠ આજે આપણને જુલમ જેવી કદાપિ લાગે, પરંતુ તે વખતના લોકો આવી નિર્જિવ વેઠમાં સરકાર દરબારના ધકકા ધકકીથી મોકળા હોવાને લીધે, તથા કોર્ટના કજીઆથી મુક્ત હોવાને લીધે, એ વેઠ ઘણા આનંદથી આપતા. એટલુંજ નહીં પણ આ વેઠો આજે આપણને હસવા સરખી લાગતી હોય તો જાંણવું અગત્યનું થઇ પડશે, કે ઈંગ્લંડમાં લૉર્ડ લોકોના એવા Petty rights હજુ છે. અને એવા નાહના ફીરકોલ હકક આજે પણ નામદાર ગાયકવાડ સરકારેજ નહીં, પણ ખુદ

નામદાર અંગ્રેજ સરકારે પાલ્યા છે, તે એવી રીતે કે, સુધરેલું રાજ અમલ સ્થાપન થવાથી અને દેશાઇઓની હકુમત ઉતરી મામલત ગયા પછી જેટલા વખતથી આજ સૂધી વેઠ બંધ થયલી, તેની નુકશાંની બદલ હમારા પિતાજી દેશાઇ મનચેરજી બરજોરજીએ નામદાર ગાયકવાડ સરકારમાં વર્ષો ગણત્રિથી કામ ચલાવી એ વેઠ બીગાર બદલનાં કંપન- શેશન મલવા મથન કર્યાથી, આજે કૃપાવંત અને માયાળુ એવી નામદાર ગાયકવાડ સરકારે કંપનશેશન આપવાનું સ્વિકાર્યું છે; અને તેમાં અંગ્રે- જ સરકારે પણ ખુશી માની છે. દસ્તાવેજ નોંધવાનું રેજીષ્ટ્રેશન ખા- તું પણ દેશાઇનેજ ત્યાં હતું, અને તેની નોંધણીની ફી સૌ વેઠમાંજ સ- મજી લેવાની હતી ! ત્યારે એવી વેઠ કોણ નહીં પસંદ કરે ?

આપકારીખાતું પણ દેશાઇનેજ ઘર હતું, અને જેને જેમ ગમે તેમ પીઠાં માંડી દારૂ ગાળે, વેચે, અને તાડી ખપાવે. તેનો દરદાંમ સૌ વેઠમાંજ આવી રેહેતો !

એ પ્રમાણે નવસારીમાં બીજો કોઈ કર નોહોતો. પણ વેઠ સીસ્ટમ ચાલતી હતી. આજની મ્યુનિશિપાલીટી પણ દેશાઇઓનાજ ઘરમાં હ- તી. લોકોને ઘર બાંધવાની, કે બારી બારણા મુંકવાની પરવાનગી લેવી અથવા તેની ફી આપવી પડતી નોહોતી, પણ તે બધું વેઠમાંજ આવી રેહેતું હતું ! ત્યારે એવી વેઠ કોણે નહીં ગમે ? જકાત ખાતું પણ દે- શાઇનેજ ત્યાં, એટલે બંદર ઉપરથી આવતા માલ ઉપરની જકાત કંઈ- બી લેવામાં આવતી નોહોતી, તે સૌ વેઠમાંજ પેશી ગયલું. ટુંકમાં ક- હીએ તો તે વખતના લોકોને આજના જેવું ધકકા મુકકીનું કે પૈસા ટકાના ઘસારાનું દુ:ખજ નોહોતું. ત્યારે આજના વકીલ ખર્ચ, મ્યુનીશીપાલીટીના ખર્ચે, જકાત, આપકારી, દસ્તાવેજ નોંધણીના ખ- રચાલુપણાં કરતાં દેશાઇઓની વેઠ સીસ્ટમ હજાર દરજ્જે સારી હતી, એમ કોણ ડાહ્યો માણસ કહી શકશે નહીં ?

નવસારી પારશી પ્રકાશ.

નવસારીની ભુગોળ, તથા તેની પરચુરણ હકીકત આપણે કેટલી- એક ઉપર જણાવી છે. હવે પારશીઓના હિંદુસ્થાનમાં આવ્યા પછી- ની તવારીખના ઉસ્તાદ શેઠ બ. બે. પટેલના વખણાયલાં પારશી પ્રકા-

શને આધારે, તેમજ એ. જા. શે. દસ્તુર મેહેરજી રાંણાંની હસ્તલેખી એ કેતાબોને અનુસરીને, તથા દીનબેહ માજદયસ્ની નામની કેતાબની મદદથી નવસારીના આગલા પારશીઓની હકીકતો આપ્યે. પારશી પ્રકાશમાંથી ગોયા નવસારીનો ભાગ એકઠો કરી, એકજ પ્રકરણ " નવસારી પારશી પ્રકાશ " ને નામે આપણે એકજ ઠેકાંણે સંગ્રહ કર્યે.

નવસારીમાં અરદાવીરાફ નામાનો જન્મ. ઇ. સ. ૧૫૩૩માં ઇરાંનના યજદ શેહેરથી આવેલા ઇરાંની નામે કાઉશ ફરીબરોજ બીન નવરોજને નવસારીના વડા અકાબર માણેક ચાંગા તથા તેવણના બેટા બહમન માણેકે ફરમાશ કરીને, બેહેસ્ત દોજખની સમજણ પાડવા સારૂ ફારસી બેતોની અંદર " અરદાયવિરાફ નામે " લખાવ્યું, જેની એક અસલ પ્રત " વીરાફે કાઉશી " નામની તેના બનાવનારના નામ સાથની હજુ હૈયાત છે. એ પ્રમાણે પારશીઓનું આ થીઓસૉફીકલ પુસ્તક નવસારીની પેદાયશ છે.

૧૫૮૦ મેહેરજીરાણા. ઇ. સ. ૧૫૮૦માં, પોરચુગાલ ઉપરનું વડપણ સ્પેનના ફીલીપ બીજાને પોરચુગીસોએ સોંપીને ફીલીપને પોતાનો વડો બનાવ્યો, તેજ પ્રમાણે અને તેજ વર્ષમાં નવસારીની અંજુમનમાં એરવદ મેહેરજી વાછા નામના મોબેદને, મોબેદોના વડા બનાવવામાં આવ્યા. અને દીન ઐનના ક્રિયા કામો ઉપર તેવણની દેખરેખ રેહવા લાગી. એ મેહેરજીના બાવાનું નામતો **રાંણા** હતું, પણ પોતાના કાકા એરવદ વાછા જેશંગના પાલક થવાથી મેહેરજી વાછાને નામે ભણતણોમાં નામ લેવાય છે, અને સાધારણ વાતમાં મેહેરજી રાણા લખાય છે. વળી એ રાણાના ધણીઆંણીનું નામ **રાંણો** હતું એમ કહે છે. એ મેહેરજી રાણા પોતાના વખતમાં ઘણા કામેલ, પરહેજગાર, અને દીનદાર હતા. એવણ ઈ. સ. ૧૫૯૧માં ગુજર્યા હતા. એવણને મોગલાઇમાંથી ઘેલખરીનો વીઘાં ૨૦૦નો વજીફો ઇનામ મળેલો કહેવાય છે.

૧૫૯૮ વડી દરેહમેહેર. નવસારીની વડી દરેહમેહેરની ઇમારત જુની થવાથી સર્વે બેહેદીન તથા આસ્તા અંજુમને મલી એવો ઠરાવ કર્યો કે, " આપણી એક વરસની લગન તથા ગગરનાની આવક વેંહચી ન લેતાં તે મધેથી ખરચ કરી દરૂસ્ત કરાવવી. " તે પ્રમાણે એ વરસમાં એ વડી દરેહમેહેર સમારવામાં આવી હતી. પાછળથી પાછી જુની થવાથી

દેશાઇ મનોચેરજી ખુરશેદજીએ નવેસર પાછી બાંધી હતી. તે વીશે પાછળથી વાંચીશું.

નોશારી પંથકનાં ગાંમો. ૩૦૦ વરસ ઉપર નવસારીનું પારશી ધર્મક્રિયાનું મુખ્ય મથક પોતાની હદ-સત્તા નિચલાં ગામો ઉપર ધરાવતું હતું, એમ એક જુના લેખ ઉપરથી જણાયછે. "સીસોદરા, મહવા, મરોલી, કોદાદા, કલાંન, વીસલપોર, ગંદેવી, ગુનસવેલ, મેલદેરી, દેલવાલા, ઊન, ચેઓલ, મોહલ, કુચદ, વીલનપોર, કુરલ, થાંણા, મકુવરીઆ, વીકલ, દીવ, તવડી, આંને, સરભોણ, સાતંમ, બોદાલી, કેસબી, ખરભાંન, મતવાડ, બેરડી, ભીદર, જમાલપોર, તીગરા, આંબલી, ઇંતાલવા, ખંભાલી, વાંકળ, ખદરપોર, દેગાંમ, ખેરપોર, મગોદ, વીકીઆ, બીલી, મલેકપોર, હુનાઈ, વલવાડા, શુરખાઈ, બેહેદા, ઊભર, વસલાહીન, કુકેરી, બેહદા, મેદર, તરભાંન, ચીકલી, સતરાઉ, અને શીઓદપુની." એ ગામો કયાં કયાં આવેલાં છે, તે પારશી પ્રકાશમાં જે જણાવેલું છે તે બરાબર ન હોવાથી, હમે તેટલો ભાગ કાઢી નાંખ્યો છે.

૧૬૦૮ કેકોબાદ મેહેરજી. નવસારીના એ વખતના વડાઓ "પટકીલ" કહેવાતા. પટકીલ યાને પટેલ. ચાંગાશાની ઓલાદથી ઉતરી આવેલા શેઠ મીનોચેહેર બહમનના ચાકરો પોતાના શેઠની જાગીરો પચાવી પડી હાથેના હાથે પટકીલ થઈ પડી, પોતાને પટેલ કેહવડાવતા હતા. તેઓ પાસેથી ઇ. સ. ૧૬૦૮માં મેહેરજીરાંણાના બેટા કેકોબાદજીએ જાગીરો છીનવી લઈ પોતાની તરફેણનો લેખ લખાવી લીધો હતો. વળી એજ કેકોબાદજીને ઇ. સ. ૧૬૧૯માં દીલ્લીના મોગલ શાહાનશાહ-જાંહાંગીરશાહની દરબાર તરફથી નવસારીની જમીનનું મેહેસુલ વસુલ કરવાનો ઇજારો મલ્યો હતો. આ ઇજારો મલવાથી ચાંગાશાના વંશના દેશાઈ નોકરોએ દાવો ઉઠાવ્યો, કે દેશાઇગરૂંતો હમારૂં છે. આ તકરાર જોઇ દેશાઇ ગરાંનું કામ પણ મોગલ સરકારે ઇ. સ. ૧૬૨૨માં ઇજારે આપવા માંડયું. એવણને મોગલાઇમાંથી ઘેલખરીમાં વીંઘાં ૧૦૦નો વજીફો વધારી આપવામાં આવેલો કહેવાય છે. એ ઘેલખરીની જગાનું કોઈ ફરમાન રીતસર દીવાંનમાં નોંધાયા વગર અને તે બજ્યા વગર જમીનનો વહીવટ ચાલેલો હોવાથી તે વીશે મોટો વાંધો ઉઠયો હતો, અને પારશી પ્રકાશ પ્રમાણે "ઇ. સ. ૧૫૯૪માં એવણ પોતાના બાપને આપેલી

જાગીરના કાંઇ વાંધાસર દીલ્લી ગયા હતા." એવણ ઈ. સ. ૧૬૧૯માં ગુજર્યા હતા. એવણ દસ્તુરીના કરતાં પણ જમેદારીમાં વધારે કુશળ હતા.

૧૬૧૬ નવસારીમાં નવી સગડી. ઇ. સ. ૧૬૧૬માં, બહેદીન ખરશેદજી કાહાનજીએ માણેક ચાંગાવાળાં દોખમોની સામેની અસલ સગડી ભાંગી જવાથી, નવી સગડી કરાવી હતી. તેની ઉપર નીચે પ્રમાણે તખતિ મારેલી છેઃ—
" રોજ ગોશ માહા મેહેર, સંવત ૧૬૭૨ વરખે સગડી પુરી થાઇ ખુરશેદ કાંહાંનજી. "

૧૬૧૯ વજીફદાર વંશમાં દસ્તુરી. ઈ. સ. ૧૬૧૯માં કેકોબાદજી દસ્તુરના મરણથી તેવણના બેટા મેહેરનોશજી ઉર્ફે મેહેજદારૂ, જેઓ " વજીફદાર " ને નામે ઓલખાતા હતા, અને ત્યારથી વજીફદાર વંશ બોલાય છે, તેવણને દસ્તુરી મળી હતી. એવણ જમેદારીમાં બાહોશ, અને કોખુવાલા હતા. મરહુમ શેરાબજી ખરશેદજી વજીફદાર ઉરફે ધ્રેલખરીઆના વંશના વડવા. એવણ ઈ. સ. ૧૬૬૪માં ગુજર્યા.

૧૬૨૨ પોલ્યા દેશાઈના વડા. ઈ. સ. ૧૬૨૨માં પોલીઆ દેશાઇ ખાંનદાંનના વડા બહેરાંમ ફરેદુન મરણ પામ્યા. એવણ ચાંગાશાના નબીરા મીનોચેર બેહેમનના કારભારી હતા.

ઑબર્ટ ડી માન્દેલ્સો.

૧૬૨૬ પારશીઓની હાલત. ઇ. સ. ૧૬૨૬માં ઑલબર્ટ ડી માન્દેલ્સો નામનો ફ્રેંચ એલચી આ તરફ આવી ગયો હતો. તેણે ઈરાંન અને હિંદુસ્થાનની મુસાફરીની પ્રસિદ્ધ કરેલ ચોપડીમાં નવસારીનાજ નહીં, પણ આસપાસના તમામ ગુજરાતના પારશીઓ વિષે જે અભિપ્રાય આપ્યો છે, તે બોલેબોલ મી. રબાડીની કેતાબમાંથી ઉતારી લેવા લાયક છે. કેમકે તે વખતના નોશાકરાઓ કેવા હશે, તેમની રીતભાત કેવી હશે, તેનો આપણને ખ્યાલ થાયછે. તે પારશીઓ માટે લખે છેકે, " તેઓ ઘણાખરા કીનારા ઉપર રહે

છે, અને સલાહ સંપથી ચાલે છે, તથા તમાખુની ખેતી અને તાડીના દારૂની આએપત ઉપર ઘણાખરા રહે છે. તેઓને દારૂ પીવાની છુટ છે. તેઓ વ્યાપાર વનજ, સરાફી, દુકાનદારી, અને બીજા બધા ધંધાઓમાં ગુંટાયલા છે. ફક્ત લોહાર અને સોનીના ધંધામાં તેઓ પડતા નથી, કારણકે આતશને બુજાવવો એ તેઓ મોટો ગુનાહ સમજે છે. **પારસીઓ એકજ સરવ શક્તિમાન ખોદાને માનનારા છે,** તેમના ઘરો નાયલાં અને અંધારાં તથા તેમાં સામન થોડોજ હોય છે. તેઓમાં કોઈ ચોકસ માજીસટરેટ નથી, પણ પોતાનીજ કોમ મધેથી બે સારાં માણસોને તેઓ પોતાનો ઇનસાફ સોંપે છે, અને પોતાના ટંટાઓની બાબદ ઘણીખરી બીજાઓ આગલ લાવતા નથી. તેઓ આતશ જેવી પવીત્ર ચીજ બીજી કોઇ ગણતા નથી, અને તેથી તેઓ એક બતી અથવા ચેરાગને ફુક મારીને બુજાવતા નથી, તથા આતશને બુજાવવા કદીપણ પાણી વાપડતા નથી. અગર કોઇનું ઘર આગથી બળી જાય, તોબી તેપર પાણી નામતા નથી, પણ ધુલ અથવા માટી તેપર દાબી દીએ છે, અને તેબી તેઓ ઘણું મુસીબત જેવું સમજે છે. તેઓ બચ્ચાંઓને નાહનપણથી પરણાવે છે, પણ તેમનો સંબંધ ૧૫કે ૧૬ વરસની વયે પુગા પછી થાય છે; તેઓમાં વીધવાઓ નાતરૂં કરી શકે છે. છીનાલું અને રંડીબાજી તેઓમાં મોટા ગુનાહ ગણાય છે, અને જો ઈનસાફ તેઓના હાથમાં હોયતો એવા ગુનેહગારોને તેઓ મોતની સજા કરે. તેઓ અંગે ઘણા કદાવર નથી. તોપણ તેમનો દેખાવ હિંદુસ્થાનના બીજા લોકો કરતાં સોભઈતો છે; તેઓની ઓરતો દેશની બીજી ન્યાતની ઓરતો કરતાં મુકાબલો નહીં થઈ શકે એવી ગોરી અને ખુબસુરત છે. મરદો લાંબી અને ગોલ કાપેલી ડાઢી રાખે છે, કે જે રીત આજ ૫૦ વરશ થયાં ફ્રાંસમાં દાખલ થયલી છે. તેઓમાંના કોઇ બાલ રાખે છે અને કોઈ કાપે છે. જેઓ કાપે છે તેઓ માથાની તાળકી ઉપર એક અંગોઠા જેટલી લાંબી વાલેલી ચોટલી રાખે છે."

૧૬૨૭

વધાર નાંખવાનો રેવાજ.

ઈ. સ ૧૬૨૭માં ઇરાંનથી ઘંબારને માટે પેહેલ વેહેલો **શીતાબ** નવસારીમાં લાવવામાં આવ્યો હતો. એની સમજણ એવી છે કે, ઇરાંનમાં અંજુમનના ઘંબાર થાય છે, તેના ખાંણાની પેહેલી દેગ ચુહલા ઉપર ચઢે, તેમાં દરતુર મોબેદો હાજર થઇને તેઓમાંનો વડો પોતાને હાથે તે દેગમાં દુધ-સરકો-અને

શીતાળ નાંખે. તે રવૈયો ઇરાંનથી નવસારીમાં આવ્યા પછી પારશીઓ માંથી દુરજ્યાત નીકલી ગયલો, કેમકે શીતાળની ઉત્પત્તિ તે વેળા અત્રે જણાયલી નોહતી તેથી શીતાળ પેહેલ વેહેલો આ વખ્તે આવ્યો. ત્યાર પછી ઇરાંનની માફકજ અંજુમનના ધંબારના ખાંણાંમાં વઘાર નંખાવા લાગો. હાલ એ રેવાજ આજે મરહુમ દેશાઈ મનચેરજીની બાજનું ગામ જમન થાય છે તેમાં, તથા તીરમહીંનાના ધંબાર જે દેશાઇજી હસ્તક થાયછે તેમાં, એક દહાડો આગમચથી બુઝર્ગો જઇને વઘાર નંખાવે છે.

૧૬૩૮

આશદીન કાકાનું મરણ.

ઇ. સ. ૧૬૩૮માં નવસારીના જાંણીતા પરહેજગાર દસ્તુર "આશદીન કાકા" ગુજર્યા. તેઓએ ધરમની તેમજ દીનઆંઇનની ઘણીક કેતાબો બનાવી હતી. પુનાં વાલા મરહુમ-ટેહમુલજી હોજદારના વડવા એવણ હતા.

સુર્યદાહની રૂઢી વિષે વિચિત્ર વિચાર.

કેપ્ટન એલેકઝાંડર હેમીલટને, નવસારી અને સુરતમાં પારશીઓ પોતાનાં મુરદાંને ઠેકાંણે પાડે છે તે શા મુલ ઉપરથી છે, તે વીશે સમજાવતાં અજબ જેવો ફટવો આપ્યોછે. તે કહે છેકે, એ પારશીઓની દફન ક્રીયા એવા હેતુથી ઉત્પન્ન થઇ છે, કે મરણ બાદ જે ચાર તત્વો યાને અનાસરોથી આદમી બનેલું છે, તે ચાર તત્વોમાં તેના મરણ બાદ તેના શરીરના ભાગ પાડવા જોઇએ. સૂર્યદાહ થવાથી અગ્નિ તત્વ–વરસાદના પાણીથી હાડકાં ઘસડાઇ જવાથી જળ તત્વ–અને રસી જમીનમાં જવાથી મટ્ટી તત્વ–અને ગીધો તેમના તુકડા હવામાં ફેંકી દેછે, તેથી હવાઇ તત્વ, સચવાયલાં છે ! વળી જયાંસુધી મુરદાંની એક આંખ ગીધ ફોડીનાંખે ત્યાંસુધી એ પારશીઓ આખો દહાડો મુરદાં આગળ બેશી રહેછે ! ! જો ગીધરો જમણી આંખને પેહેલી ખેંચી કાઢે તો મુરદાં બેહેસ્ત જાય, અને તેથી તેના સગાં વાહાલાં ખુશી થાયછે, અને ખાંણું કરેછે. પણ જો પેહેલાં ડાબી આંખ ગીધરો ખેંચી કાઢે તો તે રૂવાંન દોજખમાં જાયછે, અને લોકો નાખુશ થાય છે ! ! આવી રીતનો ખોટો વેહેમ, ભુંડો વીચાર, અને અટકળનો ફાટીઓ ભણી, જુઠો ફટવો તેણે આપેલો છે.

૧૬૪૨

આંદરણીના કાયદા.

ઇ. સ. ૧૬૪૦માં મુંબઇમાં પેહેલ વેહેલા પારશીઓ પેશી ચુકયા હતા, તોપણ નવસારીની અંજુમનનું ત્યાંના પારશીઓ ઉપર

ઉપરીપણું હોવાથી, ઇ. સ. ૧૬૪૨માંનવસારીની અંજુમને છોકરાને અદ-રાવતી વખતે શું કાયદો રાખવો તે નકકી કીધું, કે છોકરીનો બાપ ગોળ શેર ૫ તથા નાલ્યર નંગ ૨ આપે, તથા અંજુમનની પાંચ મોહોર યાને રૂ. ૨ આપે. એથી વધારે આપે તે અંજુમનના દીવાનમાં રૂ. ૨૫ ગુનેહગારી આપે એ ધારાને માન આપીને તે વેળાના પારસીઓ ચાલતા. હાલતો તાળો બગડી જઇ આંદરણીની પણ મોટ મોટી રીતો થવા લાગી છે, અને ગરીબી ડોકયાં કરતીજ જાયછે.

૧૬૭૨ ધુરકા. ધુરકીના લેખો. ઇ. સ. ૧૬૭૨માં ખુરશેદ બહેરાંમ, માણેક મેહેરનોશ, કેરશાસ્પ મેહેરજી, દારાબ જમશેદ, ફરેદુન એરવદ, નવરોજ રૂસ્તમ, રૂસ્તમ શેરાબ, ખુરશેદ કેરશાસ્પ, આશા રાંનજી, બહમન પેશતન, જીવણ નરીમાન, બેહરાંમ કુકા, પાલણ ફરેદુન, ફરાંમરોજ બહમન, જીવણ બહેરોજ, બરજોર જેશંગ, કાઉશ હોમજી, રૂસ્તમ હોમજી, કુકા સોરાબ એટલા ભગરીઆઓએ એવો લેખ કર્યો કે, “ નવસારીને લગતો મોટો ફલ્યો તથા મલેશર ફલ્યું તથા ગંદેવી, બીલી,* કેસલીપાતી, મેધર, મહુવા, શીઓદપુણી, આંબલી, તવડી, મરોલી, દીવ, ચેઓલ, કલેઆંણી, ભીમડી, થાંણા, મુંબઇ, વગેરે નવસારીના પંથકના ગામોમાં વહેવા તથા ગગરના, શીઆર, શરોશ, તથા અંધેઆરૂપણા સંબંધી જે કામ હોય તે વારાના ધણી વગર તથા પંચની રજા વગર જે ચલાવે તે દીવાંનના ગુનેહગાર થાય, તથા રૂ. ૨૫ ગુનેહગારીના આપે. ”

આ ઉપરથી તા. ૮ નવેંબર ૧૬૭૩ને દીને નવસારીના બેહેદીનો, કાઉશ આશદીન, પટેલ નાનાભાઇ મહેરજી, ફીકા હોશંગ, કેરશાસ્પ મીનોચેહેર, મેહેરનોશહોરમજદ, શાપુર જમશેદ, ચાંદાં ધાયા, ફીકા ચાંદજી, શેરાબ કાકા, મેહેરજીરાંણા મેધરના, હીરા ચાંદા, બરજોર બહેરાંમ ડીગરીઆ, જમશેદ ફરેદુન, શેરાબ અસલાજી, હોમજી જમશેદ ગાંધી, ભીખલા કામા, દારા કુકા, હોશંગ કેકોબાદ, બહમન નરશંગ વઇદ, આશદીન અસપંદીઆર, રૂસ્તમ કામદીન, જમશેદ હોશંગ, દારાબ સુખલા, રૂશતમ ખુરશેદ, જમશેદ ખુરશેદ, માણેક ખુરશેદ સાંગા, મેહેરજી અસપંદીઆર સુઇ, પેશીતન કુકા ખુરશેદ, કેરશાસ્પ કાઉશ ગાંધી, ખુ-

---

*બીલી, તે બીલીમોરા મધેનું ગામ છે. મોરો એટલે ટેકડી ઉપર આવેલી જગા. મોરો અને બીલી બેઉ ગામો પાસે પાસે હોવાથી બીલીમોરા સાથે બોલાય છે, બાકી એ બે જુદાં જુદાં ગામો છે.

રશીદ મેહેરજી, ભાઇઆ કુકા, રાંનજી કુકા, ચાંદજી કાંનજી, કાંનજી મેહેરજી, એ સમસ્ત બેહેદીનોએ, ઈ. સ. ૧૬૭૨માં થયલા અંધ્યારૂઓના લેખની વિરૂદ્ધ એવો લેખ કર્યો કે, "હાલમાં કેટલાક ભગરીઆ મોબેદોએ એવું લખયું કીધું છેકે જેનો વારો આવે તે સરવે મોબેદીનું કામ કરે પણ તે ઉપર આપણે બેહદીનો રાજી નથી, માટે આપણે જેમ આપણને મન માને તે મોબેદોની પાસે સર્વે કામ કરાવવું, તથા જે કાંઈ આપવું હોય તે પોતાને મન માને તેમ આપવું."

૧૬૭૩ પંથકોની હદ. ઈ. સ. ૧૬૭૩માં ભગરીઆ મોબેદોએ ક્રિયાકામના દરદાંમ અને પંથકોની હદ મુકરર કરવા માંડી. પેહેલાંતો એવું હતું, કે બેહેદીનની નજરમાં આવે તેની પાસે ક્રિયાકામ કરાવે, અને જેને જે આપવાની શકિત હોય તે આપે. મોબેદોની મરજીનું આપવાનું નોહોતું. કેમકે તે વેળા તો ધારા બાંધનારા પણ પગભર થયલા બેહેદીન હતા. પણ આ વખ્તથી મોબેદો પોતાનો દરદાંમ નક્કી કરવા મથન કરવા લાગા.

૧૬૭૬ પાલક કરવાનો કાયદો. કોઇ પણ પારશી, વગર ફરજંદે ગુજરી જાય, તેને ત્રણ દિવસના અંદર બનતાં સુધી તેના કુટંબમાંથીજ એક છોકરાને પાલક કરી આપવાનો કાયદો ઈ. સ. ૧૬૭૬માં કાઢવામાં આવ્યો. બનતાં સુધી તો ઘણીગમ નવસારીના પારશીઓ પોતાના ભાઈનેજ પાલક કરેછે. તે એટલે સુધી કે ૩ ભાઇઓ હોય, તેઓને ત્યાં ફરજંદ થાય ન થાય, તોપણ વડો ભાઇ પોતાથી ઉતરતાને પાલક કરી લે, અને તે ઉતરતો ભાઇ પોતાથી નાહના ભાઇને પાલક કરીલે. એટલે તેથી કાંઈ માલ મીલકતનો તે ધણી થતો નથી, પણ મુઆ બાદ તેમના એકેકની સાથે નામ લેવાય છે. એવી રીતના પાલકને "સાંકલ્યા" કહે છે. એટલે સાંકળની કડીઓની માફક વીંટલાયલા. વળી એક ધણીનો વડો બેટો હોય તેજ ધણીનો તે પાલક રહે છે, તે વડા બેટાને અથવા એક પુરા બેટાને કોઈ પાલક કરી આપતું નથી. પણ પૈસાની લાલચે અથવા બીજો બેટો અવતરવાની ઉમેદ રાખીને ઘણી ગમ વડા અને એક પૂરા બેટાને પણ બીજાનો પાલક કરી આપેછે. વળી બે પ્રકારના પાલક પારશીઓમાં કરેછે. ૧—હકક આપી કરેલો પાલક. ૨—તમામ માલમીલકતનો

વારસ––પાલક અથવા મીરાશગીર. વળી કેટલીક ગમ એવો કાયદો છે કે બાપની હયાતીમાં, જો એક દીકરાને બીજા કોઇનો પાલક કરી આપવામાં આવેછે, તો તે હેયાત બાપના જેટલા દીકરા હોય, તે બધાને પેલા પાલક કરી લેનારની માલ મીલકતનો સરખો ભાગ મળે છે. આ કાયદાને માન આપીને કોઈ પણ ઉઠમણાની મીજલશમાં આગળતો પાલક કરી આપવા વિના ચાલતું નોહોતું. કહેછે કે, પાલક નહીં મળી શકવાથી, કેટેથી પણ બોલી કાઢી મરનાર સાથે સંબંધ જોડી આપવા સારૂ ઉઠમણાની મીજલસો, આગળતો રાત પડી જવા છતાં બરખાસ્ત થઈ નોહતી. પાલક કરી આપીનેજ ઉઠમણું ઓગરવાનો રેવાજ હતો. આજતો તે કાંઈ રહ્યું નથી. પણ ઇ. સ. ૧૬૭૬માં નવસારીની અંજુમનનો પાલક બદલનો કાયદો એવો હતો કે, " જે ધણી જેનો પાલક થાય તે તેની મીલકત લીએ. તે ઉપર કોઇ વારસ થઇને દાવો કરે તથા હક લેવા માંગે તે અંજુમનનો ગોનેહગાર થાય. જે મરદને બેટો નહી હોય તે પોતાની હયાતીમાં જેને ગમે તેને પાલક કરી લીએ તે રવા છે. અગર તે જીવતા જીવત નહીં કરે, અને તેના મુઆ બાદ તેની ઓરત કોઇ તરાહેત ધણીને પાલક કરે તે રવા નથી. તે ગુજરયા પછી તેના કુંટુંબમાં અતલગ જેને ઘટે તેને અંજુમનની હજુરમાં પાલક કરે. અંજુમનની સલાહ વગર કરે તે નારવા છે. વળી એવું ઠેડવ્યું છે જે આજ દંનથી જે કોઈ પાલકનો હક ભાંજે તેને અંજુમન મલી શજા કરે. જે કોઈ પાલક થાય તે પેલા મરનારની માલ મીલકતનો ધણી. તેનું દેવું હોયતે આપે, લેનું હોયતે લીએ. તેનાં મુવાં જીવતાંનો ખશમાંનો કરે, તથા પેલા મરનારની ધણીઆંની જીવે તાંહ લગણ ઘેરમાં રહે. એ બંદોબસ્તથી જે ફરે તે શ્રી દેવાનમાં રૂ. ૧૦૧) ગુનેહગારીના આપે. "

૧૬૮૩
ભગરીઆ માટે સુરતની ખેરખાહી.

ઈ. સ. ૧૬૮૩ માં સુરતની અંજુમન તરફથી બેહદીનો ખુરશેદ આદરજી, કુવરજી નાનાભાઇ મોદી, વીગેરે સુરતના મુખી અકાબરો ઉપરાંત ૨૫ મુખીઓએ નવસારીમાં રેહેનારા શંજાણા મોબેદો એ. બરજોરજી ખુરશેદજી તથા એ. મનોચેરજી બરજોરજી વગેરે સમસ્ત હમકાર શંજાણા મોબેદો ઉપર એક કાગજ લખી ધ્યાંન પોંહોંચાડવા જોગ શીખામણ પત્ર લખ્યો હતો કે, નવસારીની વડી દરેહમેહેરના મોબેદોએ અમોને લખવા ઉપરથી જણા-

શું કે શંજાણા મોબેદો નવસારીમાં બાજ દરૂન કરે છે, ઈજે છે, પણ અમારી ખાતરમાં નહીં આવ્યું જે દીન દાનાવ થઈને પારકાં પંથકમાં કેમ કામ ચલાવે. તમે દીન દાનાવ છેઓ જેતે વાતે આપણા વડા વેનો બોલ કુલ રાહ રસમ ચાલે છે તે અમલ ચાલે તે કરજો. એ **દીનનું બંધ આપણ અંધેઆરૂને હાથ છે. આપણે રાખેલું રહે.** બીજું આજની વેળા ઘણી કપરી છે. જે હજુરના લખેઆથી સુરતમાં તથા ગુજરાતમાં પારકા મહજબની ચરચા ઘણી થાએ છે તે શું લખીએ તમુને માલમ હશે."

૧૬૮૫ મોબેદો અને કાજી આઉદીન. ઉપર પ્રમાણે ભગર્યા અને શંજાંણા વચ્ચે મારામારી ચાલ્યા કરતી હોવાથી તા. ૩૦ માર્ચ ૧૬૮૫ ને દીને નવસારીના કાજી આઉદીન ઉશમાનીની મોહોર શીલ સાથે ભગરીયા તથા શંજાંણા મોબેદો વચ્ચે એક લેખ થયો કે "કશબાં નવસારીના અંધીઆરૂ માહો માહે પોતાની કદીમ રાહ રસમને વાસ્તે મરાતા હતા તેઓ પોતાના દરમીઆંન માહો માહે સમજ્યા અને એવો કરાર કીધો જે આજ પછી કદીમ રાહ રસમ જે પોતાના બાપદાદા કરતા આવીઆ છે તે કરીએ. એ કરારથી ફરીએ નહી, અને કસબે નવસારીના અંધીઆરૂ કસબા વીગેરેનું અને સંજાણા અંધીઆરૂ દમણમાં અંધીઆરૂપણું કરે. જો કદી એ કરારથી ફરે તો સરેહ તથા હાકમના ગુનેહગાર થાએ."

૧૬૮૫ પાંચે પંથકો-નાં હદ-હક. તા. ૬ જુન ૧૬૮૫ના રોજે નવસારીના સંજાંણુ મોબેદોના પથંદોએ બંદોબસ્ત કીધો કે આજથી કોઈબી મોબેદે એક બીજાના પંથકમાં ક્રિયા વગેરેનું કામ કરવું નહીં. સંજાણા મોબેદોએ જેમ તેઓ કરતા આવ્યા છે તેમ નવસારી લાવી રાખેલા પોતાના આંતશબેહેરાંમની બોઈ દેવી, બીજી કાંઇ ક્રિયા નવસારીમાં કરવી નહીં. અને નવસારીના મોબેદોએ સંજાણુવાલાઓના પંથકમાં અમલ કરવો નહીં. આ ઠેકાણે સમજાવેલું વાજબી ગણાશે, કે નોશાકરા-ગોદાવરા-સંજાણ-ભરૂચા-અને ખંબાતવાલા, એ પાંચે પંથકવાલાની હદ, ક્રિયા કામ કરવાને સારૂ, નિચે પ્રમાણે નક્કી કરવામાં આવી હતી. ૧- સંજાણુમાં વસનારા સંજાણવાલાની હદ દનતોરાની ખાડીથી વલસાડ નજીકની **પાર** નામની નદિ સૂધીની;

૨—નવસારીમાં રહેનારા નોશાકરાઓની હદ પાર નદિથી તે વરીઆંવની નદિ સુધીની; ૩—વરીઆવના રહીશ ગોદાવરા અંધ્યારૂઓની હદ વરીઆવથી તે અંકલેશ્વરસુધીની; ૪—ભરૂચમાં રહેતા ભરૂચા મોબેદોની હદ અંકલેશ્વરથી તે ખંબાત સુધીની; અને ૫—ખંબાતમાં રહેલા ખંબાતના મોબેદોની હદ ખંબાતમાં હતી.

નવસારીમાં ખુના મરકીની લડાઇ.

ઇ. સ. ૧૬૮૬માં નવસારી મધે ભગરીઆ મોબેદો તથા સંજાણુવાલા વચ્ચે એક લડાઈ જાગી, કારણકે તેઓ વચ્ચે અસલથી થયલા લેખ પ્રમાણે આખા નવસારી કસ્બાનો, અને સંજાણુવાળાઓના પોતાના ઘરના મુવાં જીવતાંની સઘળી ક્રિયા કરવાનો હક નવસારીવાળાઓનો હતો. સંજાણુવાળાઓનો હક ફકત આતશબેહેરાંમની બોઓ દેવાનો તથા તેની પેદાએશ ખાવાનો હતો. તે પ્રમાણે ચાલ્યા કીધું હતું, પણ આ વર્ષમાં અત્રેના કેટલાક બેહેદીનોની ઉશ્કેરણીથી સંજાણુવાલાઓ ફતાંઉ થઇ ગયા કે હમો કાંએ નહીં હમારે તથા બેહેદીનોને ઘેરની મરણ જીવણની ક્રિયા કર્યે ? આ કામમાં તેઓની મદદે બેહેદીનો આવ્યા અને મોટો ઝગડો થયો, તે દરમ્યાનમાં બેહેદીનોને હાથે બે ભગરીઆ મોબેદો અંધેઆરૂ માણેકજી બહેરાંમજી નરીમાન તથા અંધેઆરૂ રૂશ્તમજી શાપુરજી આંતીઆ માર્યા ગયા. આ બે ખુન થવાથી ભગરીઆ મોબેદો ઉશકેરાયા, અને તેમણે છ બહેદીનોને મારી નાંખ્યાઃ—નાહના મેહેરજી—કુકા શાપુર—નાલા ચાંદજી—મેહેરજી સુખલા—બહમન પેશતન, અને રૂસ્તમ શાપુર એટલા છના ખુન કીધાં. એ શીવાય ઘણાઓ જખમી પણ થયા. એ ઉપરથી ખુંન કરનારા લેખે છ મોબેદો નામે મેહેરનોશ ફરામરોજ—હોમજી આદર—દાદા સોહરાબ—જીવણ બેહરોજ તથા અસપંદી આર કુકાને ખુન કરવાના વાંક માટે, અને બીજા છ મોબેદો નાંમે આદર હોમજી—પાલન ફ્રેદુન—દાદા જમશેદ—બરજોર કેરશાસ્પ—રૂસ્તમ શોહરાબ—તથા નોશેરવાન ફ્રેદુનને ખુનની ઉશકેરણી કરવાના વાંક માટે સુરત ખાતે પકડી લઇ જઇ કેદ કર્યા. કેટલીક મુદ્દત પછી સુરતના અકાબર મોદી કુવરજી નાનાભાઇએ પોતાના લાગવગથી તેઓને છોડવ્યા. એ મારામારી

પીશે પુરતી તજવીજ ચલાવવા નવસારીના કાજી આકેદીન ઉશમાંની વગેરેએ તા. ૧૫ માહ જીલકાદ સને ૧૦૯૭ હીજરી તા. ૨૬ સપ્ટેંબર ૧૬૮૬ ને દીને પોતાની મોહોર સાથે એક જાહેરનામું નીચે મુજબ કાઢયું હતું:——

" સવાલ કરે છે અને શાહેદ માગે છે શોરાબ અસપુ તથા નોશરવાન મહેરજી વગેરે પારસી ટોળો મારેઆ ગએઆના વારસો, કશએ નોશારીનાં મુસલમાંનની જમાએત તથા હીંદુની જમાએત તથા પારસી જમાએત છે તથા એ સવાલ કરનારના ટોળાનાં દરમેઆંન તથા અંધેઆરનાં દરમેઆંનમાં કદીમથી ખેરાતને વાસતે તથા નેકા પઢવાની લવાજમને વાસતે તથા મઇઆતની લવાજમને વાસતે તથા ગોફ્તેગો તથા રદ-બદલ રાખતા હતા તેમાં અંધેઆર લોકો જબરજશતીની રાહે ચાહતા હતા કે હરેક તરેહ ખેરાતનો પઇસો એ સવાલનાં કરનારના ટોળા પારેથી લીજીએ. તે વાત હમોએ કબુલ નહી કીધી તે ઉપર અંધેઆરની જમાએત એકથી થાઇને હમોને મારવાને પછવાડે ચએઆ તથા તમાંમ જુલમ તથા શીહાશત કરી જીવથી મારી નાંખેઆ, ને ઘરમાંની માલમતા તથા નગદ તથા જનશ વગેરે જે કાંઈ હતું તે સરવે લુટી લઇ ગયા." તે લુટી લઈ ગયલા માલની વિગતઃ——

૩૧૭૫) શોરાબ અસપુના ઘરમધેથી.
૫૪૭ાા આઃ મનોચેર હોમજીના ઘરમધેથી.
૪૨૬ા ગાંધી બહમન પેશતનના ઘરમધેથી.
૨૭૩ાા જમશેદ ખુરશેદના ઘરમધેથી.
૧૫૫) નાંધલા ચાંદજી ગોડીઆના ઘરમધેથી.
પાા ભીખા જમશેદના ઘરમધેથી.
૨૫૨) પટેલ નાનાભાઇ મહેરજીના ઘરમધેથી.
૧૭૮) પટેલ નશરવાનજી મહેરજીના ઘરમધેથી.
૩૪ાા આ. ગોસતાસ્પ તેહમુરના ઘરમધેથી.
૫૮) માણેક હોશંગ ઉલ્લાના ઘરમધેથી.
૯૬ા આ. શાપુર રૂસ્તમ આંટીઆના ઘરમધેથી.
૨૧) માણેક અસપંદીઆરના ઘરમધેથી.
૧૩) માકા માપલ્લાના ઘરમધેથી.

૧૩ાા ગાંધી શેરાબજી જમશેદજીના ઘરમધેથી.
૪૧) જમશેદ હોશંગ ગઉલાના ઘરમધેથી.

આ મારામારીને મુકરદમો સુરતની સરકાર હજુર ગયો હતો, અને ત્યાં આગળ કહી આવ્યા તેમ કેદ પડેલા ગોબેદોને મોદી કુવરજી નાના ભાઈએ પોતાના લાગવગથી છોડવ્યા, અને ઘણી મદદ કીધી તેના પાડમાં સંવત ૧૭૪૬માં (ઇ. સ. ૧૬૯૦માં) મોદી કુવરજીના કુટુંબમાં બે મરણ થયાં, તે વેળાએ નવસારીના ભગરીઆઓએ વડી દરેહમેહેરમાં તેમનાં ઉઠમણાં કરાવ્યાં હતાં, તથા પોતાને ખરચે નીચે પ્રમાણે લાખ* પઢાવ્યા હતા.

" સંવત ૧૭૪૬ રોજ ૧ માહ ૩ હીરાંબાઈ એ. ખુરશેદજી આદરજી ઘેરાંનું ઊથેનું કીધું. લાખ ૨૨ અંજુમને મુકેઆ. ફરમાએશની શેઠ કુવરજી નાનાભાઇ. બીજું ઉથેનું રોજ ૫ માહ ૪ વીરબાઇ એ. ધનજી પદમ નાહનારાંમ ગાંધી સુરતનાં. લાખ ૨૫ અંજુમને મુકેઆ. ફરમાએશની શેઠ કુવરજી નાનાભાઈ. હા. પાલણ ફરેદુન. "

ઉપલી મારામારી અને ખુનામરકીથી નવસારીના બેહેદીનો ઉશકેરાઇ ગયા, અને તેઓએ એજ વખતે એક બાહાદુર, હિંમતવાન, અને હુસ્યાર ભગરીઆ મોબેદને પોતાની પક્ષમાં લેવાની સાજેશ કરી. તે બાહદુર નર બજાં ખાંદાંનનો બાપેદાદે એક ભગર્યો મોબેદ આ. મનોચેર

---

*લાખ=એટલે ૧૦૦૦૦૦એની મતલબ એવી છે કે, હાલ જે પ્રમાણે એક પારશીના મરણ પછી ત્રીજે દહાડે ઉઠમણામાં સખાવતના કામોમાં નાંણાની રકમો ભરવામાં આવે છે, તે પ્રમાણે અગાઉ નવસારીમાં અને બીજે જે ઠેકાણે એક પારશીના ઉઠમણાની ક્રિયા થાય ત્યાં " લાખ " પઢાવવાનો ચાલ હતો. યાનેકે મરનારની નૈયતે મોબેદની પાસે એક લાખને પાનસો યથાઅહુવેર્યો (અહુનવર) પઢાવામાં આવતી. મરનારના ખેશી કુટુંબીઆ તથા દોસ્ત આશનાવો એક બે કે જેટલા ગમે એટલા રૂપ્યાની દર રૂા. ૧ ની ૧૦૦૫૦૦ અહુનવર પઢાવતા હતા, તે એક રૂપ્યાની તેટલી અહુનવર પઢાવવાનું ટુંકું રૂપ " લાખ પઢાવવી " એવું થયું. પણ પાછળથી થોડાંક વર્ષથી એ અહુનવર પઢાવાને બદલે રૂા. ૧ ની માસ એક સુધી મરનારની નૈયતે પતેત પઢાવાનો નવસારીમાં પેહેલ વેહેલો રીવાજ પડયો. ૫–૧૦ વરસની વાત ઉપર પણ ઉઠમણામાં, "લાખ આટલા પઢાવ્યા " કરીને જાહેર કરવાનો રેવાજ હતો. આજે તે જાહેર કરવાને બદલે ધર્મ ખાતાંઓમાં આપેલી રકમજ જાહેર કરવામાં આવે છે. અને જેટલી લાખ હોય તેટલી આખું વર્ષ સુધી પઢાયા કરેછે.

હોમજી બજાં કરીને હતો. તે ભગરીઆ ટોળાથી છુટો પડયો, અને જાં-ણે એક શેર છેડાયો હોય તેમ, તેણે બેહેદીનોના છાંયામાં રહી એક જાુદી દરેહમેહેર પોતાનાજ ઘરમાં બનાવી; અને ત્યાં તે તથા જે કોઈ મોબેદો તેને મલતા થાય તેમની પાસે પોતાને ત્યાંની સર્વે દીન ધર્મની ક્રિયા કરાવવાનો બંદોબસ્ત કીધો. પ્રથમ તો ભગરીઆઓની મોટી સંખ્યાના બળથી કોઇ મોબેદ એ. મનોચેર હોમજીની સાથે જોડાયો નહીં. અને પેહેલાં તો તેવણે પોતાના ત્રણ બેટાઓ મેહેરનોશ-દારાબ અને આદરને સાથે રાખી તમામ મોબેદીનું કામ કર્યા કીધું. અને તેમનાથી જે થોડી ઘણી ક્રિયા બની શકે તે ઉપર બેહેદીનોએ રાજી ખુશીથી સંતોષ જાહેર કર્યો. પણ જેમ બનતું આવ્યું છે તેમ, ટોળામાં એક ફાટ પડી કે બીજી પડતાં વીલંબ લાગતો નથી, તેમજ એ. દાદાચાંદજી નામના મોબેદ ભગરીઆ ટોળાથી છુટા પડીને પોતાના ૭ દીકરાઓ જમશેદ-બહમન-હીરા*-માણેક-બહેરામ-મનોચેર-અને રતનને લઈને એ. મનોચેર હોમજી સાથે સામેલ થઈ ગયા. એજ વખતે કકલ્યા ખાંદાંનના મુખી, દાનાવ અને કાબેલ મોબેદ મેહેરજી ચાંદનાના* વારસો બહમન-નોશરવાન-કુકા અને પાહાલણ જોડાયા. વલી જ્યારે બેહેદીનોનો મમતને લીધે આપ વધતો ગયો, તથા યજમાન ઘણા અને પંથકી બહુ થોડા હોવાથી મનોચેર હોમજીવાલાઓને તથા તેમની સાથે જોડાઈ ગયલા મોબેદોને ઘણીજ કમાણી થવા લાગાથી, તથા તેથી ઉલટું ભગર્યાઓમાં પંથકી ઘણા ને યજમાન થોડા થઈ પડવાથી ભગર્યા મોબેદોને કમાણી જીવ જેવી નહીં થવાથી એજ હીંગામમાં એ. માણક પેશતન રબાડી નામના મોબેદ પોતાના બે બેટાઓ બેહેરામ અને બરજોર સાથે જોડાયા. વલી વલસાડવાલા મોબેદ જામાસ્પ ભાઇજીના નાંધલા દીકરા એ. કાઊશજી, જેવણ નવસારીમાં પોતાના મમાવાના પાલક થયા હતા, અને જેવણ ભંડારીની અટકથી ઓલખાતા હતા તેવણ પણ પોતાના ૩ બેટા

---

* એ હીરાજી દાદાચાંદજીના બે નબીરાઓ શાપુરજી અને જીજીભાઈ ઉપર મોગલાઈથી મોટા વાંકો આવી પડયાને લીધે તારાપોરમાં જઈ ભરાયા હતા. અને ત્યાંજ વસવાત કીધો હતો. તેમના વંશવારસો આજેપણ તારાપોરમાં વસે છે.

* પારશી પ્રકાશમાં ખુદ પોતે મેહેરજી ચાંદના પણ જોડાયા એમ લખેલું છે, પણ તેમ નથી, કેમકે એવણતો મીનોચેર હોમજીના છુટા પડયા પેહેલાં પાંચ વરસ અગાઉ એટલે સંવત ૧૭૩૭માં ગુજર્યા હતા.

આ બહેરામ-મનોચેર-અને નવરોજ સહ છુટા પડી, એ. મનોચેર હોમજી સાથે સામેલ થયા. એ પ્રમાણે થોડાંક વરસમાં એ મનોચેર હોમજીની જુદી **સાથ** થઇ પડી, અને આજેપણ મનોચેર હોમજી-દાદાચાંદજી-કકરીઆ-રબાડી-અને ભંડારી એ પાંચ કુટુંબો "મનોચેર હોમજીની સાથ" ને નામે નવસારીમાં "ભગરીઆ સાથ" થી જૂદા ઓળખાય છે.

૧૬૮૭ નો મેગ્ના ચારટા.

એ પ્રમાણે મારામારી ચાલવાથી એક વરસ રહીને ઇ. સ. ૧૬૮૭ માં નવસારીના બેહેદીનો શોરાબજી અસપુજી- પટેલ નોશરવાનજી મેહેરજી, હોશંગજી કેકોબાદ, કાઉશ આશદીન, જીવણજી બહમનજી, કુવરજી બહમનજી, ભાઇજી શાગર, લીબરા રામા, તથા શમસ્ત બેહેદીનોએ ભગરીઆ મોબેદો પાસે એક લખત કરાવી લીધું કેઃ— "અમારે તમ સાથે ભીખ અંધેઆરૂપણાં સંબંધી રદ બદલ થાઇ તે અંધેઆરૂએ જાદતી કીધી તે ઉપર હમે તમુને એકરાર કીધો જે ભીખ **અંધેઆરૂપણાની** છે. તે જોરાવરીની નથી. રજાવંદીની છે. માટે જે અંધેઆરૂપણું મરણ તથા પરણનું તથા જે ધરમનું કામ હોય તે જે બેહેદીન પોતાની રાજીએ જેની ઉપર રાજી હોય તે પાસે કામ કરાવે અને તેને આપે, તે સાથે હમારે લાગે નહી; અને જે બેહેદીનના કહેઆ ઉપર જે અંધેઆરૂ કામ ચલાવે તે સાથે જે હમારા અંધેઆરૂ થઇને દખલ કરે તે શ્રી સરાહનો (યાને દાદગાંહનો) તથા શ્રી દીવાનનો (યાને દરબારનો) ગુનેહગાર. જે બેહેદીન પોતાને મન માને તેને આપે. ને મન માંને તેની પાસે કામ કરાવે તે અમારે કબુલ છે. તથા સંજાણા અંધેઆરૂ કશબે નવસારી મધે રહેછે તે પોતાનું અંધેઆરૂપણું પોતાની જાતનું મરણ તથા પરણનું શરવે ધરમનું પોતે કરે. નોશારીમધે પોતાનું મુઆં જીવતાંનું તથા ધરમનું કામ ચલાવે તે સાથે હમારે દર દાવો નહીં. જે દાવો કરે તે મસીદમાં ૫૦ મન તેલ તથા દીવાનમાં રૂ. ૪૦૦ ગુનેહગારી આપે. આ લેખ ઉપર ભગરીઆ મોબેદો તેહેમુલ શોરાબ, રૂસ્તમ ખુરશેદ, હોમજી કેરશાસ્પ, રૂસ્તમ હોમજી, દારાબ રૂસ્તમ, પેશોતન રૂસ્તમ, મેહેરજી બહમન, માણેક શોરાબ, લીમજી અશપંદીઆર, શોરાબ કુકા, ફરાંમ બરજોર, ભીખા હમજીયાર, ભાઇજી કેકોબાદ, હોમજી ચાંદજી, લોહરાસ્પ બરજોર, નવરોજ હોમજી, રૂસ્તમ હોમજી, કેકોબાદ કેરશાસ્પ, બરજોર નોશરવાંન, ખુરશેદ ફરેદુન, કેર-

શાસ્પ હોમજી, માણેક મેહેરનોશ, જમશેદ પદમ, શેરાબ ફરેદુન, દારાબ રાંનજી, ખુરશેદ શાપુર, કેરશાસ્પ દાજી, બહેરાંમ કુકા, મેહેરનોશ બહમન, અને બહમન પેશીતન, એટલા ભગર્યાઓની શહીઓ છે. જે પ્રમાણે ઈંગ્લંડના રૂફસ રાજાના વખતથી રાજવર્ગ અને ધર્મવર્ગ વચ્ચે ઘસાતું ચાલી છેવટ જે પ્રમાણે ઈ. સ. ૧૨૧૫માં ઈંગ્લંડના રાજા જૉનને, ઈંગ્લંડના લોકોને સ્વતંત્રપણાના મોટા લેખ Magna Charta ઉપર ફરજીઆત શહી કરવી પડી હતી, તેજ પ્રમાણે નોશાકરાઓમાં માંહોમાંહે ઝગડા જાગ્યા બાદ Magna Charta of Treaty ઉપર અરસપરસ રાજવર્ગ યાને બેહેદીનવર્ગ વચ્ચે, ધર્મવર્ગ યાને અંધ્યારૂઓને સહીઓ કરવાની ફરજ પડી હતી. એટલુંજ કરીને બેહેદીનો બેશી ન રહ્યા, પણ ભગરીઆઓ સામે અનેક ખટપટો ચલાવા લાગ્યા. ઈ. સ. ૧૬૯૧માં નવસારીમાં વસનારા સંજાંણા મોબેદોએ અત્રેના બેહદીનોને એક લખત કરી આપ્યું કે, "જે ભગરીઆ મોબેદો પાસે બેહેદીનો મોબેદીનું કામ કરાવે તેને ઘેર આપણ વેહવાએ તથા મરણે જાઇએ તથા તેઓને તેડયે. પણ જે ભગરીઆ મોબેદોને બેહેદીનોએ ના કબુલ કીધા છે તેને ઘર મરણે તથા પરણે જઈએ નહી તેની સાથે બેશી જમયે નહી.* તેને જમવા તેડયે નહી. તેને ઘેર જમવા જઇએ નહી. તેને ઈજનું આપયે નહી. જે એથી ઉલટો ચાલી તેમ કરે તે રૂા. ૫) ગુનેહગારી આપે, તથા પોતાના ભાગથી ત્રણ વર્ષ દુર રૂહે." એ લખત ઉપર

*આજે પણ નવસારીમાં એક કુચાલ હૈયાતી ભોગવે છેકે, એ જુની મારામારીને લીધે મીનોચેર હોમજીના મોબેદે જે ખાંણાંનું સતુમ ભણ્યું હોય, તે ખાણું ભગરીયા મોબેદોથી બીલકુલ ખવાય નહીં, અને ભગરીયાનું પઢેલું સતુમવાળું ખાંણું મીનોચેર હોમજીવાલા મોબેદોથી ખવાય નહીં ! તેથી તેમના જુદાં જુદાં ખાંણાં કરી જુદાં એલાહેદાં રાખી, એકમેકના એલાહીદાં સતુમ ભણાવી, એલાહીદાજ જમાડવાનો ચાલ હજૂ હૈયાતી ભોગવે છે. આ કુચાલ કાઢી નાંખી ભાઈચારાથી હવે એકસંપ થઈ જઈ, આવો હશવાજેવો અંતર હવે દુર થવો જોઈએ છે. આ રસમ હિંદુસાહી છે, તોપણ ઘણાક ધર્માંધો તો તેને પણ પોતાના ધર્મ ક્રિયાનો એક ભાગ સમજવાની ભુલ કરે છે ! આપણા માનવંતા નોશાકરા ખા. બા. કેરશાસ્પજી રૂસ્તમજી દાદાચાંદજી, જેઓ વડોદરારાજમાં સર્વે સેટલમેંટ કમીશનરનો માનવંતો હુદો ભોગવતા હોવાથી નોશાકરાઓ મગરૂર છે, તેઓ સાહેબે એકવાર એ કામ ઉઠાવ્યું હતું, તે નિષ્ફળ ગયું હતું, પણ ફરીથી તે માથે ઉઠાવવા તેઓ સાહેબને નમ્ર ભલાંમણ થઈ શકશે.

મનોચેર હોમજી સુધાં ૯ શહી છે. .

હિંદુઓમાં ચાલ છે કે જો, કાંઇ મારામારી કે ટંટો થાય, તો મોટામાં મોટો પ્રતિબંધ, જમવા ખાવામાં જવું,. નહીં જવું, તે ઉપર વિશેષ આધાર રાખે છે. તે હિંદુઓનું જોઇને આપણા આગલા પારશી બાપદાદા ખાધા ઉપર લેખની શરતનો મદાર બાંધતા હતા. વચમાં વચમાં એવી મારામારી ચાલવા બાદ ૪૦ વરસમાં ફેસાદના પજરણમાંથી ધુંમાડો નીકલ્યા કરતો હતો, તે ઈ. સ. ૧૭૨૯માં પાછો ભડકો લઈ ઉઠયો. એ વરસમાં શેઠ મનાજી કુકાજી તલાટી જેઓ વડોદરામાં સરકારી દરબારી કામમાંજ મશગુલ રહેતા હતા, તેવણ ઉપર નવસારીના બેહેદીનોએ કાગળ લખ્યો કે, “ તમો સાહેબતો દેશાવર જઇ બેઠા, અને અત્રે બે વરસ થયાં આવાં મજબુત લખાંણ છતાં પણ પાછો ભગરીયા મોબેદોનો જુલમ થવા માંડયો છે. આપણા મોબેદોપર લગન વગેરેના દાવા કાઢયા છે, અને થાંણામાં તેડી મચકડા વગેરે લખાવી લીધા છે, અને હજુ શું શું જુલમ થાશે તે કહેવાઈ શકાતું નથી, અને તમો વગર તેને કોઇ ભરતબે પોંહચાડનાર નથી. અમો સર્વેતો તમોને વલગેલા છીએ, માટે જે તદબીર વગેરે કરવી ઘટે તે આવીને કરવી.” વલી મનોચેર હોમજીના બેટા મેહેરનોશજીએ પોતાના ટોલાવાલાઓ સાથે મલી તા. ૨૦ અકટોબર ૧૭૨૯ રોજે એક અરજી શેઠ મનાજી ઉપર ભગરીઆ મોબેદોની જાસતી બાબે લખી મોકલી હતી, અને તેમાં જણાવ્યું હતું કે, “ બાજે લોક અમને ધમકી દીએ છે જે તમોને શુબેદાર સુધી જવું પડશે તેની ચંતા લાગી છે. જે નોરોજ ધાંહબારના દાહડા નજદીક આવીઆ તેનું શું કરીએ. માટે અમો જાણીએ છે જે તમો સરખા મુરબી હાં છો તો હમોને શું કરવા તેડાવશે, માટે સાહેબની ખીજમતમાં જેને ફરમાવો તે બેહદીનને મોકલીએ અને જે ફરમાવો તે કરીએ. ” વીગેરે. એવી લડાઇઓ અને ઘસાઘસી જ્યારથી ચાલી છે, ત્યારથી તે આજલગણ આ કલમ ચાલે છે તે ઘડી સુધી ભગરીઆઓ અને મનોચેરહોમજી એ બે ટોલા વચ્ચે બોલબોલતાં પોતાના હક અધિકાર અને સ્વામિત્વ કે તાબેદારી વીશે વરવાંધા ઉઠયાજ કરે છે, અને તેનો નિવેડો સેહેજમાં આવે તો નોશારીનો એ જુનો ખખ થઇ ગયલો, જડ ઘાલી બેઠેલો રખનો નરમ પડયાથી નોશારીની સુલેહ શાંતિમાં મોટો વધારો થાય. કેમકે આગળ રેડાયલાં લોહી સુકાઇ ગયાને, અને વેર ભુલાઈ ગયાને, દાહેકાઓ વિટવાથી, કાંઇપણ અસર અથવા જીવ રહેલો

નથી. તો અત્રેના થોડા ઘણા બન્ને પક્ષના દાનાવો મલી કાંઇ બંદોબસ્ત ઉપર આવેતો આપણા ધર્મની મુઠી જાહેર અને બાહેર પડતી અટકે. અને અકેકનું ભણાયેલું ખાવાથી વટલી જવા જેવી ગણાતી હીણપસ્તી ભરેલી શરમ લગાડનારી કુચાલ બંધ પડે: હિંદુઓમાં એવો એક ધારો છે, કે યજમાન, બ્રાહ્મણ પૈકીનો, ન હોય, તો તેને હાથનું રાંધેલું બ્રાહ્મણથી ખવાય નહીં. તેજ રવૈયો આપણા મોબેદોમાં પણ છે. બેહેદીનને હાથનું રાંધેલું તેઓ ખાતાં નથી. એજ પ્રમાણેના અનેક કઢંગા રેવાજો હિંદુઓના આપણા નોશાકરાઓએ દાખલ કરેલા છે, તે હવે નીકલી જાય, એવું દરેક દાનાવ ઇચ્છવા વિના રહેશે નહીં. અને એવા કુચાલો ખોદા કરેને આપણાંમાંથી વેહેલાને પેહેલાં નીકલી જાય. આમીન !

૧૬૮૯ નવસારીથી સુરતમાં જઈ વસેલા પારશીઓ.

નવસારીથી હવે ભગરસાથના લોકો ઘણે ભાગે સુરત જઇ વસવા લાગા. ઘણાકોએ તો ત્યાં ઘરબાર અને વતન કર્યાં. તેઓ પોતાનો ધંધો રોજગાર ત્યાં ચલાવા લાગ્યા. અને ઇ. સ. ૧૬૮૯માં ઑવીંગટન નામનો એક અંગ્રેજ મુસાફર સુરત આવ્યો હતો, તે પોતાના ગ્રંથમાં જે કાંઇ મત આપણા તે વેળાના પારશીઓ માટે આપે છે, તે મી. રબાડીનાજ ગ્રંથની મદદથી આપણે જાણ્યે છીએ. તે મુસાફર પારશીઓ સારૂ લખે છેકે, " તેઓ એકજ ખોદાને માને છે. તેઓ ગંબારપર પરાંમાં સો બસો માણસો ભેગાં થાય છે, ઘેરેઘેરથી ભોણા લાવી હલીમલીને ખાય છે. તેઓ પોતાના જાતભાઇઓપર ઘણી પ્રીતી રાખે છે, ગરીબોને મદદ કરે છે, અને તંગીમાં હોય તેને હંમેશ મદદ આપે છે. કામ કરે તેવાને કામ સોંપે છે, ને મુફલેશને સખાવત કરે છે. તેઓ એકબી માણસને ભીક્ષક રહેવા દેતા નથી, અને એ બાબતમાં પીઠાગૉરાસની સૌથી ઉમદા નહશીઅત, કે પોતાના દોસ્ત આસનાવોમાં સરખાપણું રાખવું, એ રીતે તેઓ ચાલતા આવે છે. "

૧૭૧૫-૧૬ નવસારીમાં નવી પેગંબરી.

દીનબેહ માઝદયસ્ની નામની કેતાબના બનાવનારે જે ટીકા રૂપી લખાણ કર્યું છે, તે ઉપર હમારા વિચાર આપ્યા વગર, સદાબરૂ ઉતારી લઇએ. " નવસારીમાં થોડાંક વરસ થયાં એક નવી પેગંબરી જેવી ઉભી થવા માંડી. અશો પેગંબર જરથોસ્તના ધરમમાં નીશાન તરીકે સુદરાપર એક ચોરસ ઈંચ ગીરીબાન રખાવયું હતું, તેમ હવે એક નવું

ગોરીબાન્ પદાન નામે દાખલ થયું. તે એકને બદલે ૩૬ ઈંચનું હતું. એ કોઇ, દસ્તુરપદ પામેલાની શોધ હશે. જ્યારે માણસ મરણ પામે તારે તેના મહોંપર એક કકડો બાંધવો એવી કોઇ રીત દાખલ કરી હશે. આ પદાન બાંધ્યા વગર લાસ દોખમે જાયનો તે ગોયા ચીનવદ-પુલ પસાર કરે નહીં એવો એક રવઇઓ તે મોબેદી ટોલાએ ઉભો કીધો. દીન સાચવવાને જે ખરાં કામ નવસારીના દાવરોએ આરંભેલાં તે મતલબ હાંશલ થયા પછી પારસીઓ લગાર નીરાંત થઇ બેઠા હતા, એવામાં આવા ધરમના ઢોંગો દાખલ થવા લાગા."

૧૭૨૩ નવસારીની આગેવાનીથી સુરતમાં દોખમું. મરાઠાઓના હુમલાઓથી કાયર થયલા, મોબેદ બેહેદીનોથી પોતાના ધર્મને અપમાન થયલું સહન ન થવાથી તેઓ ધીમે ધીમે પરદેશ જતા ગયા. થોડાક મુંબઈ ગયા. અને મોટેફલ્યેના કેટલાક મોબેદ બેહેદીનો સુરત રૂસ્તમપરામાં જઈ રહ્યા, અને ત્યાં પોતાનો એક મોટો મોહોલ્લો વસાવ્યો. તેઓની ઓલાદ વધતી જવાથી ઇ. સ. ૧૭૨૩માં તે લોકો માટે એલાહીદું દોખમું બાંધવાનો વિચાર થયો. કેમકે પદાંનીઆ પારશીઓનું મુરદું જે દોખમામાં નંખાય, તેમાં વગર પદાંનીઆઓનું રૂવાંન ચઢાવવા હરકત થાય છે. ૧૫ વરસથી ઉપરના દરેક જરથોસ્તીઓએ દોખમું બાંધવાના ફંડમાં ગુંજાશ માફક રકમો ભરી. આ કામ નવસારીના દેશાઈજી શ્રી ટેહમુરજી રૂસ્તમજી તથા પટેલ શ્રી અસપંદીઆરજી શેરાબજીએ મલી બજાવ્યું હતું. અને દેશાઇજીએ તે દોખમાં માટે પોતાની જગા આપી હતી.

૧૭૨૩ બાપ છતાં દસ્તુરી ભોગવનાર. નવસારીના દસ્તુર માણેકજી મેહેરનોશજી મેહેરજીરાણા ઉર્ફે વજીફદાર, એક સાલેકની માફક પોતાની જીંદગી ગુજારવા સારૂ એકાંતવાસ લઇ દુન્યાંના લોભ લાલચથી દુર બેઠા, ત્યારે પોતાના ૨ જા બેટા રૂસ્તમજીને પોતાનીવતી કામ કરવા દસ્તુરી આપી. પણ બાપની અગાઉ પોતે રૂસ્તમજી ૩૭ વરસની ઉમરે ગુજરી જવાથી બચારા માણેકજી વજીફદારને એકાંતવાસ છોડી ૩–૪ મહીનાને ખાતર પાછી દસ્તુરી લેવી પડી હતી. એ માણેકજી દસ્તુર વીશે નીચે હેવાલ જણાવ્યો છે:—

૧૭૨૩ યોગી થયલા દસ્તુરજી. દસ્તુર માણેકજી યોગી થયલા એટલે કાંઈ હિંદુ થઇ જઈને જોગી થયલા નહીં સમજવા, પણ પોતાની પરહેજગારી અને દી-

નદારીથી સર્વેત્યાગ કરી એક યોગી જેવા થયા હતા. તેઓએ ખોદાની બં-દગીમાં પાછલા દહાડા ગુજારવા સારૂ, પોતાની વતી દસ્તુરી ચલાવવાનું પોતાના દીકરા રૂસ્તમજીને સોંપી એકાંતવાસ પકડયો. ખરૂં ઈમાન, યકીન, અને સૃદ્ધા રાખી, એવણ તપ કરવા બેઠા હતા. તેથી પોતાના છોકરાને પોતાની હૈયાતીમાં દસ્તુરી દરજ્જો આપ્યો હતો. પણ કમનશીબે તે દીકરો મરણ પામવાથી આખી અંજુમને તેવણને વિનંતિ કરી દસ્તુરી લેવાની ફરજ પાડી. જેથી તેવણને ૩-૪મહિનાને ખાતર તપ છોડવી પડી. એવણને ઇ. સ. ૧૬૬૪માં, જેવારે શીવાજી માહારાજ નવસારીમાં લતાર મારી ગયો તેવારે, પોતાના બાપના મરણથી દસ્તુરી મલી હતી. પોતાના બપાવા કેકોબાદજીની માફકજ એવણને, મલેલી જાગીર સંબંધે કાંઇ વાંધો પડવાથી, દીલ્લી દરબારમાં શાહાજાંન પાદશાહે બોલાવ્યા હતા. એવણનાજ વખતમાં મોબેદોમાં મોટો ફેસાદ થઇ મીનોચેર હોમજીવાલાઓએ છુટા પડીને નવી અગ્યારી કરી. પોતાના દીકરા પછી ૪ મહીના રહી ૭૨ વરસની ઉમરે એવણ મરણ પામ્યા હતા. એવણના વખતમાં ભગર્યા મોબેદોમાં માંહોમાંહે મારામારી થઇ, મીનોચેર હોમજીએ છુટા પડી ટોલો બનાવી નવી અગ્યારી પેહેલવેહેલી કરી હતી.

૧૭૨૮ દેશાઈ શ્રી કુમુરજીનું અજબ-જેવું મરણ.

દેશાઇ શ્રી ટેહમુરજી રૂસ્તમજી જેવણને નવસારી કસ્બાની તથા પારચોલ પરગણાની ચોધરાઈ મલી હતી, તથા જેવણને દિલ્લીના પાદશાહે ફરમાન તથા અભયપત્ર હતાં, તથા જેવણ પીલાજી ગાયકવાડને, ગાયકવાડનું રાજ સ્થાપવા અત્રે તથા જેવણે નવસારીની રૈયતને મુગલાઈ જુલમમાંથી છોડવી, તમાં કેદ પડેલા, પુસ્કળ માર ખાધેલો, તેવણ ઘડપણમાં ખરેખરા જેવા સાલેક થયા હતા. તેવણનું આગાહી ભરેલું મોત નીપજ્યું રાવો છે. તેવણના નામવર બેટા દેશાઇ શ્રી ખુરશેદજીએ પોતાને સ્વવર્ણન (Autobiography) માં પોતાના પવિત્ર પિતું જે બ્યાંન લખ્યું છે, તે અસલ ભાષામાંજ ઉતારી

આધારૂ તેહેમુરજી રૂસ્તમજીનાં ધરમ ને પુનથી નાપાક શેતાંન આન્તર તપનો થાયો ને ગેહન ઘણું થાઉ જે ઉંઘીજ રે ઉંઘમાંથી જાગે. સવાલના જવાબ બેજા દીએ. ખા જગાડીએ ને વાતો સરવે કરે, ભુલ

હોશીઆરી સારી. તેવામાં ગનીમ પમાર ગુજરાતથી તાપી ઉતરી આવો તેની ખબર આવી તેથી મેહવર ગામ નાશી ગઆ. તાંહપણ ગેનથી જગાડીએ તારે જાગે બોલે. તેવામાં પુમારનો છોકરો તાં નોશારી આ-વી મુકાંમ લુનશીકુઇ સરબતીઆં તલાવપર કરીને ગનીમાઇનું થાતું તમામ લગાડી બાલીને બીજે રોજ ગણદેવી આવી મોકાંમ કરો. તે ખબર આવીતે સાંભલા પછી ઉઠી બેઠા ને સેવક ખુરશેદને ઘણી શીખામણો દીધી જે તમો નોશારી જાઓ, બેહતું કામ ચલાવો, પુમાર આગલ ચાલે ને અમો સરવેને લેઇ ઉતાવલાજ આવું છેઉં. તાર અમો કહું જે તમારા દુશમન બદખાહને આજારં તે મુકી કેમ જાઉં. તારે કેહજે અમારા બાપ રૂસ્તમજી હોમજી આજારી હતા તે હું ચાકરીમાં રહો તેથી બેડ ખરાબ થાઈ તેથી કરજ થાઉં. એવું ઘણું કરજ થાઆની સરવે વાતો કહી. તારે પોતેજ કેહેજે મે મારા બાપની ચાકરી ઘણીજ કીધી તારે તેહો કેહજે બાપની ચાકરીમાં કશીવાતની ચાકરીમાં કમી કીધી નહી. તેની દુઆથી તમો પણ મારી ચાકરી ઘણીજ કરોછે. શ્રી હોરમજદ તમારી સરવે મોરાદને ઉમેદ પુરી પાડશે ને તમારાં ફરજંદોબી તમારી ચાકરી કરશે. તાર અમો કહું જે તમો આજારી તેથી તમને મુકી હર જીનહાર અમો જાનાર નહી.

પછી પુજજીશ્રીને* પોતાની પુનાઇથી મોહોતજ સુજ પડું, તે[illegible] શેવકને* બોલાવીને એકાંત લેઇ બેશીને ઘણો ઘણો દેલાસો દેલબરી [illegible] જે તમારી મેહનતથી ને દાનાઇથી હું સરવે વાતે નચીંત બે[illegible] થાઓ છેઉ......એ રીતે ઘણી ઘણી શીખામણ દેઈને બોલાજે[illegible] તમારા પરાંણું દાડા સાતનાં છેઉં. સાત દાડા પછે તમારા પાસે[illegible] રની દરગામાં જાવાનાં. તારે અમો દલગીર થાઆ, તારે પોતા[illegible] દીધા ને અમને તેજ વેલા તાકીદ કરી જે દોલી લાવો ને [illegible] ઇ જાઓ. તેથી તેજ વેલા દોલી તઇઆર હતી તેમાં બેસા[illegible] લા અમારા પટેલ વસઇ ભુલા ધાલા ભાણજી આવા ને [illegible] મને કહું જે સોનવાડીમાં માશતાંન* છે તેને આવેછે તેથી [illegible] તે કેહેછે. નાલીએર ફુલ તેની આગલ મુકીએ, જે આ[illegible]

---

* પુજજી શ્રી તે દેશાઇ શ્રી ટેહમુરજી રૂસ્તમજી.
* શેવક, તે લખનાર દેશાઈ શ્રી ખુરશેદજી ટેહમુર[illegible]
* માશતાંન ધ્રનનારો ધ્રણે છે. તેને આવે છે એટ[illegible]

તારે તે બોલેજ નહી ને જીવવાનું હોએ તારે તે બાધા લેવાડશેજ, ઘરમ કરાવશે ને આરાંમ થાશે. તેથી હમો છડી દોલી સોનવાડી રાહે કાડી. છોકરાં સરવે ઘેર મોકલાં. સોનવાડી પોચા તારે પોતે ગેનમાંથી ખબરદાર થાઆ ને અમને કેહજે તમે સોનવાડી લાવા દેખું, જાઓ તે પુછો. પન કાંનમા મનેજ હલુસે કહું જે કોઈથી કાંઈ થાવાનું નથી તમને કહું તેટલા દાડા થાશેજ. અમો તો તેને તાંહાં ગઆ તે તાંહાં વાડીમાંજ રેહતા હતા. નાલીએર તથા ફુલ તેવોની ાંડીમાંથી લેઇ આગલ મુકાં. નાલીએર લેઇ ઘણી ખુણી ખુશાલી બોલો જે દેસાઈના નીમાલા ૧ ને આલ આવવાની નથી. આજથીજ તાજગી થાશેજ. બાધા સારી લંઓ જે ભાતદાલની બાધા લેઓ, સારૂં થાએ તારે તમારા બાંમણ ૫૦૦ જમાડો, માશ ૧ માં મોધરેલ સારૂં ચડાવાને હમેશાં મોકલાવા કરજો, ઘર જાતાવાર દેસાઇને આરામ થાશેજ ને તેલ મોધરેલ નલી ૫ શેર રાા ની મોકલાવજો. તેથી અમો ખુશાલ થઇ ઘર આવા ને દેસાઈજીતો ખબરદાર થઇ બારસે ઓટલા પર બેઠા. સરવે મલવા આવા તે સાથે વાત વગત પુછી બીજે રોજ પણ ખુશાલીથી સરવે સાથ બોલા. ઘેન પણ હંમેશાંના કરતાં અરધ થાઉં, અમને તો ઉમેદ ઘણીજ થાઈ તેથી સોનવાડી મોધરેલ તેલ રોજ મોકલીએ, ખ-
ર રોજ તાજગીની પોચાડીએ. રોજ ૪ થાઆ તારે અધારૂ માણેક-
નોરોજજી પાવડી સાથ ઘણી દોસ્તી હતી. હરરોજ રાતે બેશવું
ોર ૧ાા હતું તેને બોલાવી એકાંત કહું હવે મારા દહાડા ૪ રહા
ો ભાઈ ખુરશેદજી કહેલું * છે..........એ પરમાંણે સરવે અ-
માણકજી નોરોજજી પાવડી કણ લખાવું ને પછી કહજે અધારૂ શ્રી
શજી માણકજી આંતીઆ તાં સુરતમાં વખાર હતી તાંહાં હતા તેઓને
ા, જે મલાનું હેત છે તે બોલાવો. તેપણ આવા તેઓને એકાંત
દીન ૩ બાકી હઆતીના છે, છોકરાં તમારે હવાલે છે, તમો
પાલસોજ, ને નસગસાલારનાં કપડાં વાગા કરાવો.
જે તે દીવસ ગઆ જે બીજે દીવસ હોશીઆરીથી બોલા
ડો સવારનાં પોરમાં ખુરશેદજીને બોલાવી કહું જે હવે
ાચ, દલગીર થાસોમાં, સરવને દલાસો કરજો, દલગીર
માં, રડવા દેસેમાંજ. રાવ શ્રી ગંગાજી ગાયકવાડ તા.

* માંગી લેઆ, એટલે પોતાના વડા બેટા ખરશેદજી પાસે

સોબેદાર સાહેબ પીલાજીરાવ ગાયકવાડ મુલકગીરીથી નવેપોરે રેહેતા તાંહાં આવા તાંહાં ગઆ તેહોને કાગજ ૧ લખાવો તથા સોબેદાર સાહેબજીને કાગજ લખાત્રો જે અમો ચાકરી કરી તેવોજ ચાકરને નભાજા ને ચાકર તાં દેવલોકોની ચાકરીમાં જાવાનાં, છોકરા સાહેબની ચરણરજ છે તેને પાળવા નવાજવા. એ અરજનો આ કાગજ લખાવો, ને ખાવાતું સરવે સાથનું કરાવું, સરવને સોગંદ પોતાનાં દેઈ જમાડા, પોતે પણ એ જમા, ઇઆદ* પીધી. દીન પોહોર ૧॥ દોડ ચડો. આ. નોશરવાંનજી કુસુરજી રાણજીનાં ઘરમાં સુતા હતા ને કબીલા તાં અંધારૂં શ્રી ફ્રેદુનજી આદરજીવાળું ઘર પાસનું અંધારૂ શ્રી રતનજી માણકજી કણ માંગતાંમાં હતું તાંહાં કબીલાવાલાં ઘરમાં લઈ જાઓ ને નવાડો તાકીદથી. તે ઓસરીપરજ બેસી નાહા ને ઘરમાં લઇ આઆ કે તેજ વેળા ચેન ફ્રી ગઊ ને અશમવહુ પડવા લાગા. ખુરશેદજીએ અશમવહુ પડા કીધી. જાન કબજ થાઓ, રોજ અમરદાદ રોજ ૭ માહા આવાં માહા ૮, વાર સંવત ૧૮૮૨ અધાર બેઆશી* ને દાડે બપોરે બેહેસ્તી થાઆ ને તેજ રોજ શ્રી દાદગાહા પોચા. એવાં ખુશ મોહોત બેહેસ્તી રવાનોને હોજો." એ પ્રમાણે આગાહી ભરેલું મોહોત આ પરહેઝગાર પુરૂષનું થયું હતું. સાત દહાડા અગાઉથી અને વળી બરાબર કલાક ગણત્રીથી મોહત પારખનાર કેવો ફ્રેસ્તાઇ ખસલતનો હોવો જોઈએ તેનો વિચાર વાંચનારેજ કરવાનો છે. ઇ. સ. ૧૭૧૪ના અરસામાં નવસારીના લોકો મોગલાઇ અમલદારોના દો ઘણા કંટાલી ગયા હતા. જેથી એવણ તે જુલમમાંથી પોતાના ઓને છોડવી નવસારીમાં ગાયકવાડી અમલ બેસાડવાને માટે ઈ. ૧૭૨૦ માં સોનગડ ખાતે શુબેદાર પીલાજીરાવ ગાયકવાડને જઇ મ અને એવી ભલાંમણ કીધી કે સઘલા જમીનદારો મોગલોના અ એટલાતો કંટાલી ગયા છે કે, જો તમો સુરત અઠાવીશીના પરગ થાંણાં બેસાડવા આવશો તો તેઓ તુરત તમારે તાબે થશે. ખબર કોઈએ સુરતના તે વેળાના મોગલાઇ નવાબ રૂ નને જણાવ્યાથી એવણ તથા એવણના આખા કુટુંબને ખાતે તેડાવી કેદ કરાવ્યું. પણ તે પછી પીલાજીરાવ ગા

* ઈઆદ=એટલે દારૂ સમજવો.

* ૧૮૮૨ ભુલથી લખાયલા જણાય છે. સંવત ૧ ૧૮ થઈ ગયલા છે.

અમદાવાદની ચઢાઈપરથી પાછો ફરતાં સુરતખાતે આવી એવણને એ-મનાં આખા કુટુંબ સહીત કેદમાંથી છોડવ્યા, અને પોતાના હાથ તળે સરકારી કામ કાજોને માટે રાખ્યા. એવણે નવસારીના કેટલાક માહાલોની હાલત જે મોગલોના અમલમાં બતંગ થઇ હતી, તેમાં ઘણોજ સુધારો કરાવ્યો હતો. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ એક આગેવાન અકાબર હતા.

૧૭૨૮ નવસારીના નજુમી. વલસાડવાલા આ. જામાસ્પ ભાઇજીના નાહના દીકરા આ. કાઉશજી જામાસ્પજી ભંડારી, નવસારીમાં વસ્તા પોતાના મમાવાના પાલક થવાથી અને મીનોચેર હોમજીના સાથ સાથે મલત્યા થવાથી નવસારીમાં એવણ પ્રખ્યાત થયા હતા. મીનોચેર હોમજી સાથ તરફથી સુરતખાતે પંથકી તરીકે નવસારીથી એવણ ગયા કેડે બીબીની વાડીની દરેહમેહેરમાં નીશાલ પઢાવાનો ધંધો કરવા લાગ્યા. એવણ નજુમ જોવામાં ઘણા પંકાયલા હતા. સુરતના નવાબની રાજદ્વારિ અને સંસારી બાબદમાં એવણની નજુમ આબાદ ખરી પડવાથી એવણને તે નવાબે પોતાના ભંડારના ઉપરી ઠરાવ્યા. જે ઉપરથી એવણની અટક **ભંડારી** પડી છે, અને ભંડારીના ખાંદાનના એવણ મુલ પુરૂષ ગણાય છે. *

---

* આ ઠેકાંણે પારશીઓને લગતી આબેહુબ એવીજ કેફીએત થયલી છે,
તે જણાવવી ફોકટ જશે નહીં. મુશલમાંનોના માનવંત પેગંબર હજરત મ-
હમદે તમામ પારશી ટોળાના બચાવને વાસ્તે, દીનીઆર નામના દસ્તુરજીના
ભાઈ મહેદી ફરૂખ બીન શાખસાંન ઉર્ફે "સલમાંને ફારશી" ને એક એહેદ-
નામું અરબ્બી ભાષામાં લખી આપ્યું હતું. એ એહેદનામાનો તરજુમો તથા કેટલીક
[illegible]ી ભાષામાંથી અને મુશલમાન લોકોની રેવાએતોમાંથી પારશીઓના રક્ષણ
[illegible] માટેના દાખલાઓ એકથા કરી " તકવીઅતે દીને માઝદીઅશના "
[illegible] એક કેતાબ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈએ છપાવી છે. તેમાં
[illegible] ઉપલા પારશીબચ્ચાને મહમદ પેગંબરે પોતાને નશીએતનો દેનાર
[illegible] ને કહેલું છેકે તમામ મુશલમાંનો જે નશીહત થાએલા છે તે સલમાંને
[illegible] એઆ છે. એ રીતે ૨ મેહેજરો પારશીઓના બચાવમાં એક
[illegible] રે, અને એક અલીએ આપેલાં છે, તેમાં કંઈ અજબ જેવી
[illegible] એ પેગંબરોએ પારશીઓની પરવરશી કરવા સારૂ પોતાના
[illegible] પોતાના સોગંદ ઘાલીને ફરમાવેલા છે; એનું બધાનું કા-
[illegible] ભંડારીની માફક એ સલમાન પોતે ઘણો સરસ નજુમી
[illegible] ંબરની ફતેહની નજુમ આબાદ જોવાથી, મહમદે પોતાના

દેશાઈ અને શીરવાઈ.

નવસારીના મોટાં દેશાઇ ખાંદાંનના મુલ પુરૂષ દેશાઇ ટેહમુલજી રૂશતમજી, શીરવાઇ ખાંદાંનના હતા. પણ દેશાઇગરૂં મલ્યા બાદ શીરવાઈના દેશાઈ થયા હતા. એ દેશાઇના વડા ભાઇ હોરમજી રૂસ્તમજી શીરવૈ, તે મુંબઈવાલા દંત-ડાક્ટર ફરદુનજી શીરવૈના વડવા દીલ્લી ગયા હતા, ત્યાંજ મરણ પણ પામ્યા હતા. બીજા ભાઇ મનચેરજી, ગંદેવીના દેશાઇના કારભારી શેઠ જીવણજીના જમાઇ હોવાથી ગંદેવી પોતાના સસરાના હાથ હેઠલ રહ્યા હતા, અને પોતાના બે દીકરાઓ દારાબજી તથા માણેકજીને મેલી ગંદેવીમાંજ મરણ પામ્યા હતા. ત્રીજા ભાઇ નશરવાનજી પ્રથમ ટેમુલજીની સાથે દેશાઇગરાંમાં સામેલ થયા હતા, તેમને પેટે માણેકજી અને એદલજી નામના બે બેટાઓ હતા. એ નશરવાનજી હંમેશાં છાપરા ગામમાંજ ખુશી ખુરમીમાં દહાડા કાઢવા લાગ્યા હતા. એવણને માટે દેશાઈ ખુરશેદજી લખે છેકે "નશરવાનજીને સરાબનો ખેઆલ ઘણોજ હદથી જાદા હતોજ. છાપરેજ હંમેશાં દારૂ ગળાતો. આશનામાં જણા ૭ હતા." એ ટેમુલજી દેશાઇના નાહના ભાઇ કેરશાસ્પજી હતા. એ મુંબઇના માનવંત મરહુમ ઈનકમટેક્ષ કલેકટર શેઠ ખરશેદજી નશરવાનજી શીરવૈના વડવા. એવણને નવસારીમાંજ ગરાશીયાઓએ મારી નાંખ્યા હતા. એ પ્રમાણે શીરવૈ ખાંદાંન ઉપરથી દેશાઈના ખાંદાંનની શાખા નીકલી છે.

૧૭૩૦ પારશીઓ અને ગાયકવાડ.

ગાયકવાડનો અમલ ઈ. સ. ૧૭૩૦માં તો મંડાઈ ગયો હતો. "નવસારીનું રાજ ગા-યકવાડના હાથમાં ગયા કેડે, એ નવા રાજ
ને પારશીઓનીજ ગરજ વધારે હતી. કેમકે આ જગાનો વહીવટ લાં
મુદતથી તેઓ જાંણતા હતા. દેશાઇ નામના જરથોસ્તીઓએ એ
રાજની સારી વફાદારી કરીને ત્યાંના દરેક ઓધાપર પારશીઓ
દેશાઇઓ રખાવા લાગા, અને પોતાનો કાબુ વધારતા ગયા.
ઇ. સ. ૧૭૩૧-૩૨માં મીનોચેર હોમજીના પંથના મોએદો ઉ

વાહલા ખેરખાહ દાખલ પોતાની આગલ રાખ્યો હતો, કેમકે
ઇચ્છામાં બીલકુલ હારવા લાગ્યો ત્યારે, નાશીપાશીમાંથી પા
એ પારશી નજુમી હતો. આ ફરમાંનો એકે એક મુશલ
પારશીબંધુઓએ વાંચીને વાકેફ થવાની ઘણી જરૂર છે.
તે દીને માહદયરાના."

પંથનાઓએ કાંઇ હક સંબંધી આગલી પાછલી બાકી કાઢી, અને મીનોચેર હોમજીવાલા તો ભગર્યાના તાબેદાર છે એવો દાવો કર્યો. લડાઈ ટંટા ચાલતાં ચાલતાં આખરે દેશાઇઓના લાગવગને લીધે મીનોચેર હોમજીવાલાઓને ભગર્યાઓએ કેદ કરાવ્યા. અને મહાપરિશ્રમે જામીન ઉપર છુટા હતા. ફરી બીજીવાર એ બંન્ને પંથ વચ્ચે ટંટો ઉભો થયો. જ્યારે એ બે વચ્ચે ટંટો થાય, ત્યારે વચમાં બેહેદીનો છુંદાય. કેમકે બેહેદીનોને ત્યાંનું ક્રીયા કામ અટકે. વારંવાર બેહેદીનો ઉપર જુલમ થવાથી શેઠ મનાજી કુકાજી તલાટી નામે કુનેહ અને લાગવગવાલો એક નર બાહાર પડયો. અને ઇ. સ. ૧૬૮૬માં ભગર્યાઓએ તેવણના બાપનું અને સગાંવાહલાંઓનું ખુન કરેલું તથા તેમના ઘરબારનું આશરે રૂા. ૫૦૦૦નું નુકશાન કરી માલમતા લુટી લીધેલી તેનો ઉશકેરાત થવાથી ભગર્યાઓને તોડવાના હેતુથી અને તેમની જુસરીમાંથી નીકલવા સારૂ જીવપર ખેડીને વડોદરા દરબારમાં જઇ લડત ચલાવાનું બીડું ઝડપ્યું." અને લાંબી મુદ્દત દરબારમાં ધક્કા ખાઇને આખરે એવી મતલબનું ફરમાન લાવ્યા, કે " વહીવટ મુજબ બેહેદીનો પોતાની મરજી માફક ચાલે, મોબેદો કેટલોક લવાજમો ભગરીઆઓને આપે, અને એ પ્રમાણે તેમના કામની હદ ઠરાવી.

૧૭૩૦ પોલ્યા દેશાઈનું મરણ. નવસારીના પોલ્યા દેશાઇ હોમજી ટહેમુલજીના વડા બેટા માણેકજી ઈ. સ. ૧૭૩૦માં ગુજર્યા. એવણના વખતમાં એવણના પિત્રાઓ શેહેરયારજી બહમનજીના વારેસોએ ઈ. સ. ૧૭૦૪માં આ. હોમજી ...દરજી હોમજીને, તથા દોરાબજી રૂસ્તમજી દેશાઇએ ઇ. સ. ૧૭૧૪માં ...ઇ ટેહમુરજી રૂસ્તમજીને પોતાની જમીનના ફાલાનો ભાગ ગીરવી ... હતો. તે ગીરો ભાગોનો કંઇક હિસ્સો છોડવવાની કોશેશ મરનારે ...કહેવાય છે.

...૭૩૨ ...ું પંથક. ગંદેવી, નવસારીની અંજુમનને તાબે હોવાથી પેહેલવેહેલા પંથકી દાખલ નવસારીથી દેશાઈઓએ આ. ફરાંમરોજ મે... પાસે લેખ લખાવી લઇ તેવણને મોકલ્યા હતા.

...ક. મહુવા, નવસારીની અંજુમનને તાબે હોવાથી મહુવા ગામના પારશી બેહેદીનો નાહનજી ધનજી–આશા ધના–જોગી માંણેક–

હોમજી નરીમાન-રતન દારાબ-નાહના આશા-શેરાબ ભાઈજી-ધનજી કાંનજી, તથા નવરોજ નાહના વગેરે સમસ્ત બેહેદીનોએ નવસારીના દેશાઈ ખુરશેદજી ટેહમુલજી તથા સમસ્ત અંજુમનને એક લેખ કરી આપ્યો કે હમારે ત્યાં શ્રી મહુવામધે બાજ બરસમ વગેરેના કામોને વાસ્તે તમે મોબેદ મોકલો તેને હમે ત્યાં લઇ જઈ રાખ્યે. અને તેના વરસાણુના રૂા. ૨૧ દર શાલો શાલ તમોને આપ્યે. અને તે મોબેદને પોતાને લવાજમ નીચે પ્રમાણે આપ્યે.

૨) વેહેવા વખતે છોકરા પાસેથી રૂા.
૧) છોકરી પાસેથી વેહેવા વખતે રૂા.
૦॥ નવજોતના છોકરાની ગમથી રૂા.
૦)≡ નવજોતના છોકરીની ગમથી રૂા.
૦॥ નીશાન ગરતું છોકરાની ગમથી રૂા.
૩) ગગરનાના આશીરવાદના રૂા.
૦)≡ નાહન નાહે તેના રૂા.
૦॥ શીશીઓ નાહે તેના રૂા.
૦॥ શરોશનો રૂા.
૦॥ ગેહશારનાંનો રૂા.
૦)૨ આફ્રરંગાનના પઇશા ૨.
૦)≡ શીરોજાની બાજના રૂા.
૦)≡ ધુપ દેઆંમની રૂા.
૦) શીઆવ જેવા પાંમે તેવા તથા વાસણ અસલ આપતા માફક.

૧૭૩૩-૩૪ સંજાણવાલા આતશબેહરામ.

સંજાનવાલા આતશબેરાંમ, જે કે અ... આગળ કહ્યું તેમ દાવર આંગાશા... લમાં નવસારીમાં લાવવામાં આ... તેની બરાબર શેવા મોબેદોથી... લીધે, મોબેદો લડવા લાગા, અને પીંઢારા લુટારૂઓ ... ધાડો પાડવા લાગાથી, એ આતશબેહેરાંમને ઈ. સ. ૧૭... માં ગુપચુપ સુરત લઈ સંજાણવાલા મોબેદો નાશી ગ... મોબેદો સુરતના બેહેદીનોના મોબેદો ઉપર ધાસો કરવા... ૧૭૩૪માં મીનોચેર હોમજી વાલાઓને ભગર્યાઓને વશ...

એમ થવાથી નવસારીના બેહેદીનોએ ઠરાવ કીધો, કે મોબેદો ભણે તો મુઆં તરે, ને નહી તો અટકી રહે એમ બીલકુલ નથી. માટે મોબેદોને પડતા મુકી તંદરોસ્તી પઢીને લગન કરવાં; લોબાન મુકી બાજની ચાસની કરવી, ઘેહેસારણું અટકાવે તો શરોશબાજ પઢી, પટેટન્યાયેશ પઢી, રૂવાંનને હોબમે ચહાવવાં. અને તેવી રીતે ઘણી વાર નવસારી અને સુરતમાં થયું પણ ખરૂં. એ અરસામાં નવસારીમાં હાથેના હાથે દસ્તુરો થવા લાગા. મોબેદો જરા થયું કે પોતાનો નવો ઉપરી ઉભો કરવા લાગા. સુરતના મીનોચેર હોમજીવાલાઓને પણ જ્યારે ભગર્યાઓ સતાવવા લાગા, ત્યારે છેવટે ઇ. સ. ૧૭૩૫ માં નવસારીના પટેલ દાદાજી બહેરાંમજીએ નવાબને ત્યાંથી હુકમનામું કરાવ્યું, કે વેહવા તથા ગગરના શિવાય ભગરીઆઓ તમામ કામ મીનોચેર હોમજીવાલા પાસે કરવાદે. અને તેના પણ લવાજમ ઠરાવી મુંકયાં. મોબેદોને આશીરવાદ નવજોત મલીને રૂ. ૨ આપે, ગગરનાના આશીરવાદના રૂ. ૨ આપે, ગેહેસારણું તથા ત્રણ શરોશ મલીને રૂ. ૦ાા આપે ઇત્યાદી. એ અરસામાં નવસારી ખાતે કબીસાની તકરાર જાગી હતી. કેમકે ભણતણોમાં કોઇ એક મહિનો આગળ પઢવા લાગા, તો કોઈ પાછળ પઢવા લાગા.

૧૭૩૪ ખંડણીની માફીનો પરવાનો. નવસારીના મોબેદોને, આગળ થયલી અરજી ઉપરથી, ઇ. સ. ૧૭૩૪માં એક પરવાંનો નીચે મુજબ મલ્યો હતોઃ— "શ્રીરાજ માહરાજાધીરાજ માહારાણા શ્રી દુરજનશૈહીજી આ દેશાત કશબે ...શારીના દેશાઇ શમશત તથા પટેલ શમશત તથા બેઠક લોક શમ... જત માલુમ થાય કે પારસીના અંધારૂ બામણને ખંડણી શુદાંમત ...છે. માટે ખંડણીના પૈસાની ખાતર અંધારૂને મુજામત રખે થાઓ.' ...૧૭૯૦નાં ચૈતર શુદ ૧ "

...૪ સુરતના ...ો લેખ. ઇ. સ. ૧૭૩૪માં સુરતની રૂસ્તમપુરાની અંજુમને નવસારીની અંજુમનના આગેવાંનો દેશાઇ ખુરશેદજી તેહમુરજી, કુકાજી ...દેશાઈ જીવણજી માણેકજીને એક લેખ કરી આપ્યો હતો, ...તમપરાંમધે અમો તમારી રજાએ બેહદીનોના મુઆંનું ...જીવતાંના કામ, વેહવા-ગગરનું-અને નવજોત, તમો ...વે તેવા મોબેદો પાસે કરાવો તેમાં અમો દખલ

૧૭૩૪ દસ્તુર દારાબ પાહાલન. નવસારીના ઘણાજ ખબરદાર અને વિદ્દ્વાન દસ્તુરજી સાહેબ દારાબ પાહાલન, જેવણ દેશાઇ ખુરશેદજી તેહમુલજીના ઉસ્તાદ થતા હતા, તથા જેવણના બાપના હાથ હેઠળ દસ્તુર જામાસ્પ આશાએ તાલીમ લીધી હતી, તેવણ ઇ. સ. ૧૭૩૪માં ૬૭ વર્ષની વયે ગુજર્યા. નવસારીની અંજુમનમાં હાલે એવણના વંશવાલાઓનો ૨ જી ખુરશીએ બેસવાનો રેવાજ છે. ઈ. સ. ૧૬૯૦માં એવણે " ખોલાસેદીન, " અને ત્યાર પછી " ફરજીઆતનામું " એવાં બે પુસ્તકો બનાવ્યાથી આજલગણ તેવણની કીર્તે ગવાય છે. એ ચોપડીઓ ફારશી બૈતોમાં બનાવેલી છે.

નોશાકરાઓનો મેગ્ના ચાર્તા.

૧૭૩૫ પારશી ધરમ ક્રિયા અને હિંદુઓની લવાદી. ઇ. સ. ૧૭૩૫માં નવસારીના મોટા ફલીઆના તથા નાહના ફલ્યાના સમસ્ત બેહદીનો પટેલ દાદાજી બહેરાંમજી, પટેલ ફરાંમજી નાનાભાઇ, તલાટી મનાજી કુકાજી, દારાબજી ચાંદજી, જમશેદજી માણેકજી, ફરદુનજી ખરશેદજી, હોમજી શાગર, બેહરાંમજી ભાઈજી, કુવરજી બેરાંમજી રાંણા, વગેરે મોટાફલ્યા અને અલેશરના તમામ આગેવાંન બેહદીનોએ મોટે ફલ્યેના તમામ આગેવા[illegible] દેશાઈ ખુરશેદજી તેહમુરજી, આ. નવરોજી કેરશાસ્પજી,આ. બચાજી [illegible] શરવાનજી કોટવાલ, આ. માણેકજી નવરોજી પાવડી, આ. મહેર[illegible] દારાબજી દોરડી (આપણા વીરલા દાદાભાઇ નવરોજી એમ. પી. ના[illegible] બાપાવાના બપાવા.) દસ્તુર જમશેદજી, રૂસ્તમજી મહેરજીરાંણ[illegible] બરજોરજી દારાબ પાહલણ, દસ્તુર જામાસ્પજી આશાજી, દે[illegible] મેહેરજી, દેશાઇ જીવણજી માણેકજી, આ. રતનજી માણેક[illegible] તથા આ. ફરાંમરોજ દારબજી વગેરેને એક લેખ કરી[illegible] કે, આપણને ધરમના તથા પરણના તથા મરણના કાંમે[illegible] માહોમાંહે મીનાકેશો હતો. તે ઉપર રાવ શ્રી ગંગા[illegible] આપણે ગયા, અને તે હાકમે આપણા ટંટાનો ફેંસ[illegible] શુરજભાઇ શુંદરજી, તથા પરગણે ચોરેઆશીના [illegible]

જગાં, તથા ગંદેવીના શેઠ ગાંધી પરેમજી ગોટીદાસ, તથા પંરી. વનમાલીદાશ શોમદાશ, તથા કસ્બે નવસારીના શેઠ શ્રી ભવાનીદાસ વલભદાસ, તથા શા. નથુ વનારશીદાસ, તથા ભતરૂપી હરી વઈદ, તથા ભટ વીશેશ હરી, તથા પંડીયા દેઆલ શીવજી (તે દેશાઇ ખુરશેદજી તેહમુલજીનાં શિક્ષાગુર.) તથા ભટ આંનંદ મંગળ, એઓની લવાદી અને મુનસફી ઉપર સોંપ્યો. તે મુનસફોએ બંધે તરફના કાગજો જોયાં અને હકીકતથી વાકેફ થઈને આંગલાં પાછલાં કાગજ બંધે તરફના તે લવાદોએ રદ કીધાં, અને તા. ૧૮ જાનેવારી ૧૭૩૫ને રોજ નવો શીરેસ્તો તેઓએ ઠરાવી આપ્યો. તેની વિગત:——

૧– ભગરની જુની અગીઆરીમાં કુલ ધર્મનું કામ પોતાનું તથા પોતાના મલતીઆ બેહદીનોનું ભગરીયાઓ કરે.

૨– અગીઆરી ૧) આ. મનોચેર હોમજી વગેરેના મલતીઆ સાથને બેહદીન શમશતે પરઠી આપી છે તે મધે કામ કુલ ધર્મનું તથા હેરબદ થાય તે કરે. જે મોબેદ એ સાથેનો ભગરની જુની અગીઆરીમાં રાજીએ હેરબદ થાય તેને કોઇ મુજાએમ નહિ કરે. એ અગીઆરીમાં મનોચેહર હોમજીવાલાઓ નીરંગદીન તથા વરશીયો તથા પોતાના તાલુકામાં આવેલા બેહદીનોનું મરણનું કુલ કામ કરે. પણ વેહવા તથા ગગરનાનું તમામ કામ ભગરીયાઓ કરે. તથા ભગરીયાઓ પોતાને તાલુકેના ગામો જેવાંકે મહુવા, શીઓદ, તથા ગંદેવી, વગેરેના બેહદીનોના કુલ ધર્મનાં ...મ મરણ તથા પરણનાં પોતે કરે.

૩– તે સર્વે હકનું બેહુ તરફનું જે નાણું આવે તે રાસમાં રાખી ...હાડે બેહુ તરફના મોબેદો પાઘડી દીઠ વેંહચી લીએ.

...૪– વેહેવા તથા ગગરનાંનો હક આપવાની વીગતઃ—૨) આશીર... વરની તથા નવજોત વીગેરેના રૂ. ૨–તથા ૨॥) ગગરનાંનાં ...ના રૂ. ૨॥–તથા ०॥ ગેહેશારનું તથા શરોશ ૩નો રૂ. ०॥ ... જે રવાંન ગુજરે તેનો જેવો પાંમે તેવો આપે.

...ગરીઆ મોબેદો અસલથી જુની અગીઆરીમાં જેમ ...શીઓ તથા નીરંગદીન વગેરેનું કામ કરતા આવ્યા છે

...હીંદુભાઇઓએ આપણા પારશીઓની લવાદી કરી ...ામેલા છે.

૧૭૩૬ સુરતથી શ્રીજીનું પાછું આવવું.

ઉપર કહ્યું તેમ ઇ. સ. ૧૭૩૩માં જે આતશબેહરાંમને સુરત લઇ જવામાં આવ્યા હતા, તે નવસારીવાલાઓની ખાહેશથી ઇ. સ. ૧૭૩૬માં અત્રે પાછા લાવવામાં આવ્યા. સંજાણા મોબેદો પોતાની મરજી માફક શ્રીજીને જ્યાં ગમે ત્યાં લઇ જાય, એ ભગર્યા મોબેદોને રૂચ્યું નહીં. તેઓને હવે નવસારીમાંજ આતશબેહરાંમ રહે, તથા તેમાં ભગર્યાઓનો પણ હક રહે એવો ઇરાદો તેમનો થયો. સંજાણા અને ભગર્યાઓમાં એ કારણથી બેદિલી પથરાઇ. આથી ઈ. સ. ૧૭૪૧માં વડી દરેહમેહેરના આતશબેરાંમ, ગુપચુપ સંજાણવાલાઓ વલસાડ લઇ રાતોરાત નાશી ગયા. વલસાડથી ઈ. સ. ૧૭૪૨માં ઉદવાડે લઇ ગયા. અને આજસૂધી ત્યાં હરીહાંમ થયા છે.

૧૭૪૦ ભગરીઆ સામે શંજાણાવાલા.

ઇ. સ. ૧૭૪૦માં નવસારીમાં વસતા સંજાણા મોબેદોએ નવસારીમાં એકઠા મળી એવો બંદોબસ્ત કીધો હતો કે "દેશાઈ ખુરશેદજી ટેહમુરજી વગેરે ભગરીયા હરેક વાતે આપણી ઉપર જીઆદતી કરેછે તે ઉપર આપણે એતેફાક કીધો જે તે સાથે આપણે જે કંઇ રદબાતેલ કરવી પડે તથા જાંહ જાવું પડે તાંહાં શરવે જનાં આપણે એતેફાક એકામત એકાજત થાઈ જે કરવું હોએ તે કરીએ તથા જે કંઇ ખરચ બેશે તે શરવે મલી આપીએ" આ લેખ ઉપર ૧૦ સંજાણા મોબેદોની શહીઓ છે.

૧૭૪૦ દામાજી ગાયકવાડ અને મોબેદો.

ઈ. સ. ૧૭૪૦માં નવસારીના દસ્તુર જમ
શેદજી રૂસતમજી મેહેરજીરાણા, દશ
બરજોરજી દારાબજી દારાબ પાહલ
આ. નવરોજજી કેરસાસ્પજી, બર
હોમજી, શેરાબજી કેરશાસ્પજી, કાઉશજી ખરશેદજી, હોરમજજી
જી, કાઉશજી હોરમજી, અને શેહેરયારજી રૂસ્તમજી, એ સમ
એ શ્રીમંત સરકાર દામાજીરાવ ગાયકવાડ ઉપર એક અરજ
તી કે, "પીલાજીરાવ ગાયકવાડે હિંદુના બ્રાહ્મણો તથા પા
દો ઉપરની ખંડણી માફ કરવાનો પરવાંનો આપ્યો હતો
નવસારીના કાજીઓ તથા માહજન ખંડણી માંગે છે,
રવાનો બીજો પરવાંનો અમોને આપવો, કે અમો
કરૈં."

૧૭૪૦
દીવનું પંથક.

આ. રૂસ્તમજી બેહરામજી દાજીને ઇ. સ. ૧૭૪૦માં નવસારીની અંજુમને લેખ લખાવી દીવ ખાતે પંથકી દાખલ મોકલ્યા હતા, અને કરાર કીધો કે અંજુમનનું લવાજમ. તેવણે અંજુમનની રાસમાં દર શાલ મોકલ્યા જવું વીગેરે. આ લેખ ઉપર ધરમદાસ તદખા વગેરેની શાખ થયલી છે. એજ વખતે દીવના બેહેદીનો કુવરજી પદમજી ઉપર પણ સદર બાબતનો કાગજ નવસારીવાલાઓએ લખેલો છે.

૧૭૪૦
આતશબેરાંમની આશોદાદ અને ગાયકવાડ.

ઇ. સ. ૧૭૪૦માં ગંગાજીરાવ ગાયકવાડે નવસારીના સંજાંણાવાલા આતશબેરાંમની સાથે વસનારા સંજાંણા મોબેદો આ. શાપુરજી બેરાંમજી તથા આ. રૂસ્તમજી શેહેરીયારજી વગેરેને એક પરવાંનો કરી અપ્યો કે, " તમારી આતશની અગીઆરીમાં આશોદાદ જેને આપે તે સાથે કોઇનો દાવો નહીં; તથા જે કાંઇ રાસમાં આવે તે સરવે જેમ શુદાંમત વેંહચી લેતા હતા તેમ વેંહચી લીએ. બીજી દખશણા છુટી આપે તેમાં કોઇને મુજાહેમ નહી."

૧૭૪૧
ભગરીઆની હીમાયતમાં ગાયકવાડ.

ઇ. સ. ૧૭૪૧માં સુરતના અંધ્યારૂ અને બેહેદીનો ઉપર દામાજીરાવ ગાયકવાડે એક ફરમાન મોકલ્યું કે " સુરતના મોબેદો નવસારીના મોબેદોના હક ઉપર તરાપ મારે છે, તેટલા માટે તેવા ફેસાદીઆ મોબેદોને ...વજો કે તેમ કરે નહિ; એવો સુરતના નવાબનોબી હોકમ છે, ...મારા લોકના લખીઆં છે. જો એ પ્રમાણે નહિ કરશો તો અમા... માં તમારો વ્યાપાર ચાલે છે તે બંધ કરવામાં આવશે."

૧૭૪૧
...રાંમ લઇ ...રવાંનો.

સુરતથી શંજાંણાવાલા આતશબેરાંમને પાછા નવસારી લાવ્યા પછી, સંજાણથી રખેવાલીમાં આવેલા મોબેદોના વારેસો તથા નવસારીના ભગરીયા મોબેદો વચ્ચે તે... માટે અપસ અપસમાં મારામારી ચાલ્યા કીધી, તે... ખાતે ગાયકવાડની હજુરમાં ગયાથી ગાયકવાડે નીચે ... આપ્યો:——

સુબેદાર દાંમાજીરાવ ગાએકુવાર શમશેર બાહા-

દ્ર વ. પારસીના અંધેઆર શંજાંનાં આતશના પુંજારા શાપુરજી તથા રૂશતમજી વગેરે. જત તમારે ને અંધીઆર ભગરીઆવોને કજીઓ થાઇઓ તે ઉપર તમો ફરીઆદ થાએઆ તે પર ભગરીઆને તેડાવીને સમજાવા તો તમારે ને ભગરીઆને ધરમ મધે બનતું નહી માટે તમારી દરખાસ્ત માફક તમોને રજા આપી છે જે તમો આતશ તમારા તથા પંથકનાં-પારશીનાં ઘેર પચીશ તીશ હશે તે લઈને વલસાડ તથા શુંગર વગેરે જાંહાં મન ગમે તાંહાં જજો. તમોને કોઈ કશી વાત માટે મોઝંમ નહી થાશે. સરકારનો કોલછે. સંવત ૧૭૯૭ આશો શુદી ૭"

એ પરવાના ઉપરથી એજ વરસમાં નવસારીથી સંજાંણાવાલા આતશબેરાંમને વલસાડ લઇ જવામાં આવ્યા હતા. ઘણાઓ કહેછે કે, એતો ચોરી છુપાઇથી તેઓ લઈ ગયા હતા તે વાત આ ઉપરથી ખોટી ઠરેછે.

૧૭૪૧
દસ્તુરોની ચોઠાઈની માફી.

ઈ. સ. ૧૭૪૧માં રાવ શ્રી ગંગાજીરાવ ગાયકવાડે નવસારીના કુમાવીસદાર તથા દેસાઈ અને પટેલ જોગ એક ફરમાંન મોકલ્યું કે "દસતુરો જમશેદજી રૂસતમજી તથા શોરાબજી રૂશતમજી મેહેરજીરાંણાના એ કસબામાં આવેલા વજીફાઓની ચોથ માફ કીધી છે."

૧૭૪૧
ગાયકવાડે ભગર્થીઓની ઠરાવેલી હદ.

ભગર્થા મોબેદોથી તથા દેશાઇ ખુરશેદજીથી જુલમ પડે છે, એવી મતલબથી શંજાણ વાલાઓએ તે બદલ સામે થવા ઇ. સ ૧૭૪૦માં એક લેખ કરવાથી, ઈ. સ. ૧૭ માં ભગર્થીઓએ એક લેખ દેશાઇ ખુરશેદજીને કરી આપ્યો, અને જુમનનો બચાવ કરવા સોંપ્યું. કજીઓ લડતાં ૧લા ખંડેરાવ ગા ખુરશેદજી દેશાઇને તથા અંજુમનને નામે એક લેખ કરી આ "તમારાં પંથકો સુરત, શોનગડ, નવાપરા, બ્યારા, વાંસદા, દાંગ, બેહાર, દીવ, કલ્યાંણી, વસઇ, ચેઓલ, થાંણાં, મુંબ વેં પંથકો કદીમથી તમારાં છે. ત્યાં તમો બેહેદીનોને મુંઆં જીવતાંનાં કામો, જેવાંકે વેવાહવાજણ, બાજ ઘેહસારણું વી. તમારી દરેહમેહેરના મોબેદો એકલા છો તે પ્રમાણે કરવો. તેમાં સંજાંણા ઈઆ બીજે વાતનો અમલ દખલ કરે નહી તમારો હક અસ ખાતર જમે રાખી કામ કરજો. તમોને કોઇ મુ

૧૭૪૧
અંજુમન અને
દેશાઇજી.

ઇ. સ. ૧૭૪૧માં નવસારીના શમશત મોબેદોની અંજુમને દેશાઇજી ખરશેદજી તેહમુરજીને નીચે મુજબ લેખ કરી આપ્યો:– “આજ મુદ્દત થાઈ અમોને સુરતવાલા મોબેદો સાથ તથા સંજાંણવાલા મોબેદો સાથ અમારા હકોને માટે કજીઓ ચાલે છે તેનો ટંટો હાકમ દરબારમાં તમો અમારી તરફથી ચલાવો, અને જે ખરચ થાય તે તમો કરી આપણી રાસ ભાગમાંથી તમો લેવો, જ્યાંવેર તમારૂં કરજ વ્યાજ સુધાં ફીટે ત્યાંવેર તમો લેવો. તે પછી આપણે વેંહચી લઇજીએ શહી.” એ લેખ ઉપર દસ્તુર જમશેદજી રૂસ્તમજી મેહેરજીરાંણા, દશતુર બરજોરજી દારાબ પાહલણ, દસ્તુર જામાસ્પજી આશાજી, દેશાઇ કુકાજી મેહેરજી, દેશાઈ જીવણજી માણેકજી, આ. રતનજી માણેકજી આંટીઆ, આ. કાવશજી હોમજી ખોરી, આ. માણેકજી દસ્તુર પાલનજી વગેરે શમશત ૨૪૪ મોબેદોની શહીઓછે.

૧૭૪૨
કુકાજી મેહેરજી.

પોલીઆ દેશાઇ* મેહેરજી બહમનજીના દીકરા કુકાજી મેહેરજી ૯૦ વરસની ઉમરે ઈ. સ. ૧૭૪૨માં ગુજર્યા. એવણના બાપ ઇ. સ. ૧૬૫૭માં મરણ પામ્યા તે વેળાએ એવણ ઘણા નાહના હોવાથી એમના કાકા પિત્રાઇઓએ દેશાઇગરાંનું કામકાજ કરેલું, પણ પોતે ઘણા બાહોશ અને હિંમતવાન હોવાથી પોતે ઉગી નીકલી સરકારી દરબારી કામો પણ કરવામાં આગળ પડયા હતા.

૧૭૪૨
દોરડી અને
દીલ્લીશાહ.

નવસારીના એક પ્રખ્યાત મોબેદ અને આગેવાન અકાબર આ. મેહેરનોશજી દારાબજી દોરડી ઇ. સ. ૧૭૪૨ માં મરણ પામ્યા. એવણના બાપના બપાવા આ. ચાંદજી કામદીન ...નો એક ભત્રીજો આ. હોશંગ રાનજી દીલ્લી ખાતે મોગલ ...બરના બેટા જાંહાંગીરશાહની દરબારમાં ઈ. સ. ૧૬૧૯ ... એઓએ આ દીલ્લીશાહને મોગરાના અતિ ઉત્તમ અ...ી નજર કીધો, જેથી તે નામદારે ખુશી થઇને એ-

---

...બે દેશાઈ ખાંદાંનો છે. ૧–મોટા દેશાઈવાલા. અને ૨–પો... દેશાઈવાળાને “દેશાઈ” ની સંજ્ઞાથી ઓળખવા, ...ોલ્યા દેશાઇ” ની ઉપમાથી ઓળખવામાં આવેછે.

ઓને નવસારી કશબામાં ૧૦૦ વીંઘા જમીન વંશપરંપરા ચલાવવા ભેટ આપી. એઓ દીલ્લીથી નવસારી આવ્યા ત્યારે એઓને " મુલ્લાં જામાસ્પ " ને નામે ઓળખવામાં આવ્યા. તેના ટેકામાં પેલા વિદ્વાન દસ્તુર ફરાંમજી શેરાબજી મેહેરજીરાણાએ એક દસ્તાવેજની પીઠે લખ્યું છે કે " ચાંદજી કાંમદીને અકબર પાદશાહએ મુલ્લાં જામાસ્પનો ખેતાબ આપેલો હતો." એવણના એક નબીરા આ. શેરાબજી બરજોરજી તે મુંબઈવાલા શેઠ શેરાબજી રૂસ્તમજી બનશાના વડવાને નવસારીમાં " હાફેઝ " ના એલકાબથી ઓળખવામાં આવતા હતા. અને તેવણના નબીરા એદલજી નવરોજજી હતા, તેવણ પ્રખ્યાત દેશાઇ ખુરશેદજી તેહમુલજીના સસરા અને દેશાઇ મનોચેરજીના મમાવા થતા હતા. જે સબબથી આજ સૂધી " હાફેઝજી " ના નામથી દેશાઈ કુટુંબમાં દરનખાજ થાયછે. મજકુર શેરાબજીના બીજા ભાઈ આ. દોરાબજી બરજોરજી નામે હતા. તેવણ દોરડીની અટકથી ઓળખાતા હતા, જે વંશનો આપણો પેલો પ્રખ્યાત નોશાકરો ઓનરેબલ પ્રોફેસર દાદાભાઇ નવરોજજી એમ. પી. છે.

૧૭૪૪
ભરૂચાઓ અને નોશાકરાઓ.

ઈ. સ. ૧૭૪૪માં ભરૂચની શમશત જરથોસ્તી અંજુમને નવસારી ખાતે દેસાઇ ખુરશેદજી તેહમુરજી ઉપર એક કાગજ લખ્યો કે ભરૂચના એક જરથોસ્તી શેઠ હીરાજી દારાબજી સુરતથી અતરે આવ્યા. તેવણથી અમોએ સાંભલ્યું સંજાણવાલાં પુરાતમ આતશબેહરાંમ જે નવસારીથી ઉંચકી લઇ યા છે તે ભરૂચમાં મોકલવાને ખાએસ રાખો છો, માટે જો સાહેબ મુબારક દસખતે લખી મોકલોતો અમો આતશબેહરાંમને શ્રી મંગાવીએ. એ કાગજ ઉપર મોબેદો બેહરાંમ અરદેશર, દસતુ દજી કામદીનજી તથા બેહેદીનો બહમન શેરાબજી, જીવા હે આદર, રસોદ મંના, વગેરે ૧૭ મોબેદો અને ૪૭ શહીઓ છે.

આ કાગજના જવાબમાં દેશાઇ ખુરશેદજીએ ભરૂ લખી જણાવ્યું કે, " શ્રીજી શનજાંણા અંધેઆરૂ ના. ને પોતાની મતા લેવા સારૂંને જુથી વાતે આગળ કરી પોતે રૂશવા થાતા ફરેછે. થેકાંનું મું કરેછે. તેમાં હમો તાં સંજાણાઅંધેઆરૂને હર

જે તમારા વદ્દાની કદીમ રાહ ચાલ, તે મુકીને બેરાહ શાંને ચાલોછો. પન તેહોન આગળ હમારી શીખામણ કારગત થાતી નહી, ને પોતાના ભાગીઆ સાથે મીનાકેસો કરીને ચેકાંનું મુંકીને જે વાતમાં શ્રી આતશબેરાંન ફરેસતા નાખુશી થાય તે કરે છે તો હમું શું કરૂં. શરવે હકીકત બેહદીન હીરાજીના કેઆથી રાશ થારોજી." ભરૂચાઓની મરજી માફક જો આતશબેરાંમ, ભરૂચ લઇ જવામાં આવતે તો, આજે આપણને ઉડવાદાને બદલે ભરૂચ, શેજદાને માટે જવું પડતે.

૧૭૪૫ આતશબેરાંમના મકાન ઉપર દાવો. ઉપલા શંજાણવાલા આતશબેરાંમને ઉદવાડે લઇ જવા પછી તેને લગતું નવસારીનું મકાંન જે કહેછે કે, દેશાઇ ખુરશેદજીના હાલના આતશબેરાંમવાલી જગાએજ હતું, તે મકાંન ઉપર આ. બરજોરજી નવરોજી નામના એક મોબેદે દાવો કીધો હતો કે તે ઘર તેનું છે. આ ઉપરથી નવસારીના લોકોએ દામાજીરાવ ગાયકવાડ ઉપર એક અરજી કીધી કે, એ જગો વરસ ૩૨૫) થયાં અમારી કોમના અગનીના દેહરાંની છે, અને તે નવસારીના સર્વે હીંદુ તથા મુસલમાન લોકો પણ જાંણે છે. તથા અમો સર્વે માહજને મલી રાવ શ્રી કેદારજીબાવા તથા દાદુબાપંથ વગેરે શુબેદાર તથા કાજી તથા સર્વે માહજનને બોલાવી સાહેબના હલકારા સાથે તે જગા દેખાડી, અને તે દહેરાંમાં તેના શમારનારનું નામ પથર ઉપર લખેલું હતું તે વાંચયાથી સર્વે સાહેબોની નીશાં પુરી થાઇ, વાસતે તમો જેવા ધરમ રાજાએ એ બાનાનો રૂડી રીતે ફેસલો ...વો.

શાપુર શામરો.

...ચિત્ર કેબલા- ...મારી. નવસારીમાં રહેલાં શંજાણા મોબેદોના ૩ મુલ કુટુંબો હતાં. ખોરશેદ કામદીનનું-નાગન રામનું-અને ચાંઇઆ શહીંઆરનું, ...ાં ઊતરેલો વડો શંજાણો શાપુર શેહેરીઆર શામરો ...તેને અને તેના ભાગ્યા શંજાણા વચ્ચે જે મારામારી ... ઘણો જાણવા લાયક હેવાલ નીચે પ્રમાણે છે:— ...નવસારીથી આતશબેરાંમને ઉદવાડે લઇ ગયા

ખરા, પણ ત્યાંપણ નહીં પાળવવાથી મુંબઇ શેઠ માણેકજી નવરોજી શેઠના ઉપર તે શંજાણાના વડા દસ્તુર ભીખાજી રૂસ્તમજી મારફતે એક અરજી કીધી હતી કે, નવસારીમાં ભગરીઆ મોબેદો તથા દેશાઇ ખુરશેદજીએ અમોને અમારે ઘરની ધર્મ ક્રિયા કરવાનો અટકાવ કર્યાથી તથા બીજા કેટલાક અણબનાવોને લીધે અમો આતશબહેરાંમ સાહેબને અતરે લાવ્યા છૈયે. પણ અગર શ્રીજીની જગા વલસાડ મધે કરી ઠેરાવીને સાહેબ દસ્તગીરી કરી જગા બનાવીને વલસાડ મધે થાંનક કરી અપાવો. તો તમારૂં અહેશાંન થાય. આના જવાબમાં શેઠ માણેકજીએ શંજાણા દસ્તુર ભીખાજીને લખી જણાવ્યું કે "હમોને સુજતું નથી જે નોશારી મધે ભગરીઆ તમને તમારી અરવીશગાહની અગીઆરીમાં પોતાના ઇજના શમંદી તથા ઘર શમંદી મુવાં જીવતાંનું કામ કરવા દીએ. વલી વલસાડ મધે શ્રીજીની જગા કરીએ ને થાંનકે બેસાડીએ ને તાંહાં ગયા પછી તમો વલી રખે દેશાઇ ખુરશેદજીને બદનાંમ કરો. કાંજે તમારો ભાગીઓ (શાપુર) શાંમરો છે તેને તમો અગીઆરીમાં કામ કરવા દેતા નથી જે વલસાડ ગયા પછી તે શાંમરો તમો સાથે કજીઓ કરશે તેનું શું વીચારીઉં. ભાગીઓ શો વરસે ભાગ મુકે નહીં. માટે તેનો પ્રથમ માંહોમાંહે બંદોબસત કરો. તે વીના અમારાથી વચે અવાય નહીં." એના જવાબમાં તા. ૭ સપ્ટેંબર ૧૭૪૬ના દીને સંજાણવાલાઓએ શેઠ માણેકજી ઉપર લંબાણ પત્ર લખ્યો કે "નોશારી મધે હમો અમારા ઘરનું કામ શાદી ગમી વગેરેનું કરીએ તેમાં એ ભગરીઅ અંધેઆરૂનું નુકશાંન શું થાએ છે. બલકે ખાવાનું હક એ લોકોને શ્રી સાહેબની દોલતથી શારી રવેશે પેદાએશ ઘણી થાએ છે. તો સ કેશો કે શું, તેહેનું જાણવું કે જે લોક સુરતના તા. ભરૂચના તા. વગેરેના શ્રીજી સાહેબની કદમ બોશીમાં આવે છે તેઓના ઉતારા ઘણાખરા એ લોકો ભગરીઆને તાંહાં. તેથી ઇજના શમંદી દાદ ઈજશનેનું કામ ઘણુંખરૂં એહોના હાથપર આવે. ને કંઇએક પેદાએશ છે તે શ્રીજી સાહેબની દોલતથી તો ભ લોક તો શ્રી ૧ આતશબહેરાંમ શાહેબની દરબારની પર ચલાઉં. ને અમારી જાતનું કામ ધરમનું અમારી ચલાઉં, નહીકે એવોના બહેદીનનું દાંપાં શમંદી ક પેદાએશ વાલી લેઉંચ. તેતો આજશુધી કીધુંબી

*..........મુંબઈ પંથક અશલ હમારૂ છે ને

લોક ખાએ છે ને વલી હમો પાસેથી લખી પન લીધાં છે તેને હમો શું કરું છેઉ. આજતો જોરાવરના ચેઆર ભાગ તે વાલું છે પણ સાહેબજી દાંનાવ છેઓ. અંદેશો કરી શુલેહ કુલેની નજર રાખીને વીચારજો જે મુંબાઈ શંનજાનાંની છેકે નહી. એ વાત તજવીજ કરજો જે અસલમાં શનજાનાં આંહાં અમલ કરતાતા કે નહી..........શાંમરો (શાપુર) અસલથીં હમારો ભાગીઓ છે ને તાંહાંનાં મોહોટા હમારા ભાગીઆ જન ૧૦૦ને આશરે છે તેમ એભી છે ને એનાં ફાકા પીતરીઆ શરવે અમ શાથે છે..........તેમ તેણે પોતાનાં તોલા મલંતું ચાલવું હતું તે ઉપરાંત જે દાદેથી દેશાઇ ખુરશેદજીએ હમોને અગીઆરીનું કામ ધરમનું કરતા અતકાવેઆ ને હમો ઉપર મોહોશુલ મુફી જબરજશતીએ લખી પન લીધું તે દનથી શાંમરાને હમારા તોલાથી ફૂતાઈઓ કરી ખુરશેદજીએ ગનોએક દેલાસો ફરીને હાત દીધો. ને હમારી બાબદ શાહેદીઓ પાશ કેહેવાદે જે શંનજાનાં જુથા ને ભગરીઆ ખરા ને તે શાંમરાને હમારે સાથે લદાવે તાંહાં ખુરશેદજી તેહેની તરફીનથી મુનશરી કરે ને શાહેદી દીએ જે એ શાંમરો જે વાતે દાવો કરે છે તે ખરો ને એ જુથા એ રવેશે અકેકના ગરૂ ચેલા થાઇને વરસ ૮) સુધી હમોને નોશારીમાં તોબાહા ખત કરાવા ને હમોને શાંમરાને પુથે તે શાહેદી દેવારીને તમામ તોલો હમારો ખરાબ ફરાવો ને પાયમાલ
ફીધા ને એ સાંમરાએ જેવાં કેહેઆં તેવાં લખાં પન ખુરશેદજીએ અમો
ાશેથી તેહેને કરાવી આપેઆં. જે ભાગીઆએ પોતાના ધંદાપર રેહીને
ા લખીઆં ઉપર મતુ નહીં ફીધું તેહેને શ્રીજીની બોએ દીધાનો વારો
તે દન શ્રીજીની બોએ અતકાવી દોવાઈ દેઇ બેશે, ને તે બોએના
બાહાર કાહાદે ને આખર દેશાઈજીને બારને તે રાવ લઇ જાવી
ં પન જે રવેશ દેશાઇ પોતાનાં મુદા માફક ગમે તે રવેશે
એકાવીને લખી અપાવે. તેવાર પછે શ્રીજીની બોએ દેવાદે. એ
ાામરા પુથે દેશાઇએ હમો ઉપર જીઆદેતી ગની કરાવીછે.
ામાં આવતું નથી. ને શ્રીજીની દરગાની રાશ શેવાએ જે
ા હક કુલ ભાગીઆવોનો સુધાં એ શાંમરો વરશ ૮
ને કોઇને દરગામાં તકવા દીએ નહી. ને ગનાજ
ાારે દેશાઇ પાશે અનશાફ લેઇ જઈએ તેવારે દેશાઇ
એ શાંમરો કેહે તે માફક ચાલો..........
ાજ શુબેદાર સાહેબ દામાજીરાવ રજુ ફરીઆદી

ગીઆ ને પોતાનો હેવાલ સરવે જાંહેર કીધો...........ખુરશેદજીએ પન
શુબેદારના માંનાંપર એકરાર કીધો જે એ પોતાના આતશ લઈને સુખે
જાએ કાંએજે એ છે તેણે હમારા કશબામાં ફીશાદ છે...શ્રીજીને વલસાર
લઇ જવા લાગા તેવાર વલી ખુરશેદજી પોતે છુપા રેહીને શામરા પાશે
દોવાઈ દેવારી ને હમે કહુ કે ચાલ સાથે વલશાદ શ્રીજીની સાથે જઈએ
વહડીઆજ નહીં કરીએ ઘણી મીનતી કીધી પણ તેના ખાતરમાં વાત
આવી નહીં ને હાકમના ભની જાઈ બેશીને અટકાવેઆ તેહેવારે હાકમ
તે કહેવા લાગા જે જો ખુરશેદજી તમોને મુંજાએમ થાતો હોએતો
તમોને રજા આપે પન એતો તમારો ભાગીઓ. એ તરે હાકમે જવાબ
દીધો. પછે વલી ફરીને બીજી વાર હમારા ભાઇદા ૩–૪ શુનગર જાઇને
જે એવાલ હતો તે જાહેર કીધો...........પછી અમો શ્રીજી સાહબને
લઈને વલસાડ આવા......તેવાર પછે વલી હમોએ નોશારી શાંમરા
વગેરે કેતલીએક આશામી હતી તેહેને કેહેવાડીઉ જે આવો ને જે કાંઇ
આપનું શુદ આમદનો ભાગ હીશો છે તે માફક અમલ કરૂ ને ભાગ
ખાશું કોજે આપણો શરેશતો એછે જે કોઇ વખતપર હોએ હાજર
હોએ ને પોતે પોતાની જાતે પોતાનો બોએનો વારો સારે ને હાશલ
આવે તે ખાએ ને હાજર નહી હોએતો જે કાંઈ મેનત કરી શારે તેહેનુ
તેથી જે કોઇ હતા તે પોતાના વારાપર આવેઆને ખુબ કરીને શ્રીજી
સાહેબની બોએ પોતે પોતાના દારાપર કરવા લાગા. પછે કેટલાએક દને
શાંમરો વલશાર આવેઓ.........તેને બેહેદીનો શરવે મલીને સમજાવ
લાગા જે તોલા વના પાર નહીને આગલાના શીખવેઆથી ખરાબ માં
જેમ તારા બાપદાદા ચાલેઆ હોએ તે શરેશતા પરમાંને ચાલે તો
શરવે અંજુમન તુંથી રાજી રેહેશું તે ઉપર કહેવા લાગો જે તમે
છેઓ ને અનજુમન કાંન છે. જેકંઇ દેશાઈએ મને નોશારીમાં
આપીઉ છે તે પરમાને ઉં અમલ કરૂં એ તરે ગનોએક બ
ને જબાંમાંથી જીઆદેતીના શખુનો ગનાં બોલવા લાગો.
લખવામે આવે નહી. જાતી મુકીને હમોએભી વરજેઓ પછે
પન વરજેઓ અને એ વાત હમો મુખતેસર લખું. જે
લખીએતો ગનું છે. એતો શોમો હીશો લખેઓ છે.
૨ સુધી નોશારી જાઈને દેશાઇની મારફતે પદ્ની રં
આવેઓ નહીં. પછે દેશાઇ ખરશેદજીની મારફત
કરીને અમોને ખેંચાવેઆને ખશારત નીચે હમે

પછે આંમોલ ગીરદી થાઈ તેથી વલશારમાં પણ હમોને થરવા દીધા નહી તેથી એ પાશાપર ગોશો અખતીઆર કીધો છે. ભલું. કોઈ કંઈ હમારા દાંનાં પાંનીને એ શ્રીજી સાહેબ હમારે માંથે છે તો બીજુ શરવે અમારૂ ગીઉ છે. તે શરવે બની રહેશે. કાંજે હમાં આં આવા પછે નોશારી મધે શાંમરો હમારાં શરવે શાથનાં ગેહેરોનાં તાલાં ભાંજીને એશતેગાદ શરવે લઇ જાએ છે ને તે ગેર શઘલાં ખાલી કરી લેઇને ગેહેર ભાદે આપીને તેંહના ભાદાં પન ખાએ છે. કેટલાંએક ગરને ગરો પન મેલાં છે. કેતલાએક હમારા સાથી નોશારીમાં તેહેને હાત આવાં તેને દંદેઆ ને કોઈ સાથી મુફલેશ હોએ તેહેને પાશે રૂપીઆ નગદ નહી હોએ તો ચીઠી વગર નામની વેઆજેકી નેશાંનમાં ગર લખી લીએ. એ તરેહ છે તે શવાએ વરશ ૪ થાઆં અમારૂં વલશાડ પનથકનુ આંશલ શરવે તે શામરો લઇ જાએ છે. તે આજસુધીના રૂપીઆ ૮૦૦ ને આશરે એ તરેહ લુટી ગીઓ છે. કાંએજે હમનાં ઈનશાફનાં દરવાજા બંદ છે તેથી ભલું વીચારીએ છેઈએ જે આશમાંન કાંઇ બેકાર નથી. એ હકીકત શામરાની છે...........તેથી જીઆદેતી કીધી હોએ તેથી પશેમાન થાએ ને જેબદીઅતનાં લખાં લીધાં છે તે પાછાં આપે તથા જે કાંઈ એશતેગાત વગેરે ભાગીઆવોના ભાગ રાશ વગેરે લુતાવેઉં છે તેહનો જવાબ કરેતો તેનો વાજબી હોએ તે આપી મલી ભાગ ખાએ
વાતે કાંન નાં કહેશે. પન જેવારે એ રવેશે પશેમાન થાઇને તે તોલા
તો થાએ ખરો પન તેતો દેશાઇ ખરશેદજીનું અથીઆર છે. હમો
સદાવીઆનો ને વલી પોતે શોગન ખાતા શામા વાશતે શેઠજી
અમોને શુજેચકે વલશાદ મધે સાહેબ દસતેગરી કરીને જગા
ો ને શ્રીજી સાહેબનુ થેકાંનુ કરી તાંહાં લેઇ જાશુંતો શામરાનો
ઈ ખરશેદજી છે તે શાંમરાને સાહેબની અદબથી કેહેજે
શ્રીજીએ વાત હાત ધરી વાશતે અમોથી હવે ખંચાશે
ં જે રવેશે તાહારો તોલો કેહે તે માફક હરેક વાતે
જનશ લીધી હોએ તે વાજબી પરમાંને ખા, એ રવેશે
તેહેને કેહે તો શાંમરો જે રવેશે પંચ કે તેથી ઉકરો
સાહેબનો પગ દરમીઆંન આવે તેવારે શાંમરાથી
એ. કાંએજે દેશાઇ શેઠ સાહેબની અદબથી મને
છે........સાહેબતો શ્રી દાદારના પુરા છેઓ.
એતો અમો એ વાતે રાજી છેઉ કે હમારી

અગીઆરી બાબત લખી લીધું છે તે શવાએ જબરદશતીથી શી દેશાઇએ એકરાર લખી લીધો તે શરવે પાછા પાછા આપેને નવેશરથી દેશાઇ લખી આપે પોતાના તોલાંના મતાં શાહેદી શાથે જે શનજાંનાં અંશ્રેઆરૂ નોશારી ગધે કુલ ધરમનું પોતાની જાતનું કામ ધરમનું મુંવાં જીવતાં વગર નોજુદ, નીરંગદીન, વરશ, સાથે પોતે પોતાનું કરે, તા. શ્રીજી સાહેબની દરગામાં ભગરીઓ અંધેઆરૂ કોઇ જીઆદતી નહી કરે ને એ વાતનો પુરો બંદોબસ્ત સાહેબ હજુર થાએ તો અમારે કબુલ છે. પન અલબતે સાહેબઃ એ વાતે કમરબંદી કરો તો દુર નથી અશલ સાહેબના ખાંદાંનથી શ્રી જશજ છે. ને તે કરતાં અમો તેહનાં પંથકના બહેદીનનાં કામ કરૂં તો તે વાતે ગુનેહગાર. એ અમારો કરાર છે ને સાહેબ અમારા તે વાતના મોતાજ. બીજું સાહેબની ખીદમતમાં અમો લોકની અરજ એકે અમોએ કાગજ સાહેબને લખું છે તે શાહેબનાં દફતર ખાંનાથી એક નકલ ઇઆ એ કાગજ બાહાર પડે નહી તે કરવું." એ ઉપર ભીખાજી રૂસ્તમજી વગેરે ૧૩ શંજાણાઓની શહી છે.

આ કાગળમાં શનજાંણાવાલાઓએ ચાહ્યું એટલું પોતાના દિલનું દુઃખ ગમે તે શબ્દોમાં દરશાવેલું છે. એ ઉપરથી તે વખતની આપણા લોકોની ઘણીક નવી સ્થિતિ જણાઇ આવે છે, અને દેશાઇ ખુરશેદજીએ ભગર ટોલા માટે ખેડેલી જેહમત અને બદનામી ઉપર પૂરતો પ્રકાશ પડે છે. એના જવાબમાં શેઠ માણેકજીએ તા. ૧ અકટોબર ૧૭૪૬ ને દીને ઉદવાડે દસ્તુર બીખાજી રૂસ્તમજી તથા બીજાઓ ગો એવી મતલબનો એક કાગળ લખ્યો કે ભગરીયા મોબેદો પોતાનાં પંથકમાં શી રીતે કોલ કરવા દેશે. બાજે લોકોને તો જોવાની ખાહેસ છે તેમ કાંઇ મારે નથી કરવું. મેં તો તમોને હતું તે લખ્યું છે. વલસાડ આવી રેહવા બાબદ શાપુર હકીકત એટલી લંબાન લખી તે સરવે મેં વીચારૂં તો કસું થાશે નહી. ને મદદથી પતે તેવું દીસતું નથી. તો હતી જે નવસારીમાં હમો દુખમું બાંધું છે તે મારી તરફ આંઉં ને શ્રીજીની કદમ બોસી કરી સાથે તમારૂં ફેશલ કરૂં પણ મારા જોવામાં એ થાએ મારો દાંણા પાણી નથી જે તમારી તરફ પોહચું હોકમ હશે તેમ થાશે."

૧૭૪૭ રૂસતમજી દેશાઈનું મરણ.

નવસારીના દેશાઈ ટેહમુલજીના બેટા અને દેશાઈ ખુરશેદજીના વચલા ભાઇ રૂશતમજી ઈ. સ. ૧૭૪૭માં ગુજર્યા. એવણના બાપના મરણથી એવણને અને એવણના નાહનાભાઈ જમશેદજીને પીલાજીરાવ ગાયકવાડે પોતાની નોકરીમાં રાખી ઘણીક જમીનો ભેટ આપી હતી.

આતશબેહેરાંમ અને પેશવા સરકાર.

૧૭૪૯ નો પરવાનો.

ઈ. સ. ૧૭૪૯માં પેશવા સરકાર બાલાજી બાજીરાવ પ્રધાને પારડી પરગણાના મામલેદાર ઉપર એક પરવાનો લખી ઉદવાડા મધે પારશીઓનાં પુરાતમ આતશબહેરાંમને માટે દર શાલ જે સુખડ, કાઠી, વગેરે આવે છે તેના રૂા. ૨૦૦૦) સુધીના માલ ઉપરની જકાતની માફી કરી આપી હતી. અને ઈ. સ. ૧૭૫૨માં એજ પેશવા સરકારે

૧૭૫૨ ટંટાનું છેવટ.

સંજાંણા મોબેદો દસ્તુર ભીખાજી રૂસ્તમજી તથા દસતુર રૂસતમજી શેહેરીઆરજીને એક સનદ કરી તેમનાં પુરાતમ આતશબ-
ાંમને ઉદવાડા અથવા વલસાડ જ્યાં ખુશી પડે ત્યાં બેફીકર રીતે
ાનો પરવાંનો આપ્યો હતો. વલી શાપુર શામરા સાથનો લહડો પટાવવા
ા કુમાવીશદાર સર્વોત્તમ શંકરને લવાદ ઠરાવ્યા. તેવણે ઇ. સ.
ોં એવો ફેસલો કીધો કે, સંજાંણા મોબેદોના પંથકની હદ કા-
ા તીર તે હદ નદી વહતરણી કીનારા મોજે દાંતીવેરે પરગણે
ા વસાઇ હીઆંના તથા કાવેરી તીર પ્રાંત સુરત તીઆંના
ાં અંધીઆરૂપણું પુરાતમ તમારૂં ચાલતું આવયું છે.
મુખ્ય છે, અને તેના પેટા ભાગો મલી ૯ વિભાગો છે.
નું ઉપલી હદનું પંથક શુદામતથી ચાલતું આવેલું
ો વેંહચી લેવા તથા આતશબહેરામના વારાના મહીના
પ્રમાણે વેંહચી લેવા અને એક દેવલ (અગી-
ં સર્વેએ પુંજા કરવાનો હોકમ કીધો હતો. એ
સાથે લડાઈ થયા કીધી. અને એ શામરો તા.

૨૨ મે ૧૭૭૬ને દીને મરણ પામ્યો ત્યારથી માંહો માંહેનો ટંટો તુટયો.

૧૭૪૯

રવાંનના પગ લાંબા કરવાની રૂઢી.

પારશીઓમાં બે તડાં છે. ૧–શેહેનશાહી, અને ૨–કદીમી. શેહેનશાહીઓમાં કોઇ મરણ પામે છે, તેના પગ લાંબા રાખવાનો રેવાજ છે, અને કદિમીઓ પલાંઠીની માફક પગ વાલે છે. એ ઉપરથી રવાંનના પગ લાંબા રાખવાની ભલાંમણનો પત્ર નવસારીની અંજુમને ઇ. સ. ૧૭૪૯માં મુંબઇની પંચાતના મુખીઓ ઉપર લખ્યો. તે ઉપરથી મુંબઇની પંચાએતના આગેવાનોએ એકઠા મલી નવસારીના દેશાઇ ખુરશેદજી અને સમસ્ત અંજુમન ઉપર એક કાગળ લખ્યો કે, "હમો એવો ઠરાવ કરી ઉઠયા છીએ કે, જેને ગમે તે રવાંનના પગ લાંબા રાખે, અને જેને ગમે તે વાલે માટે તમો પણ ફરીથી મોબેદોને તાકીદ લખજો કે બેહુ તરફનું કામ ચલાવે."

૧૭૫૦

મુંબઇનું દોખમું. નવસારીનું સ્વામિત્વ.

ઇ. સ. ૧૭૫૦માં મુંબઇની જરથોસ્તી અંજુમને નવસારી દેશાઇ ખુરશેદજી તેહમુરજી અને સમસ્ત અંજુમન જોગ એક કાગજ લખ્યો, કે મુંબઇ મધે અંજુમન સર્વે મલીને નવું દોખમું બાંધવા ઠેરવ્યું છે, માટે તેનો તાંનો પુરવાને ક્રિયા કરવાને મોબેદની જોડ એક બરશનુમવાલી મોકલજો, તથા નવસારીમાં માણેકજી શેઠનાં (માંગાશા) દોખમાંનો દોર, અને તેની ઉપ ની તથા વચ્ચેની પાવીઓની પોહલાઇ તથા લંબાઇ અને તેમની સ ખ્યા, તથા ભંડારની ઉંડાઇ કેટલી છે તે લખી જણાવજો. તે ભંડારને મથાલેથી ચીરા માંડી તે ઉપર ફરતી દેવાલ બાંધે છે રાથી કેટલી ઉંચી, તથા તાંનો પુરવાના લોઢાંના ખીલા કેહવા તે પણ લખજો.

૧૭૫૩

૧ લા દસતુર જામાસ્પ આશા.

મુંબઇ અને પુનાના મશહુર "આશા" ના ખાંદાનના મુલ પુરુ નામ ઉપરથી એ અટક પ જામાસ્પ બીન આશા ખબરદાર દસ્તુર હતા. નવસારીથી ભરૂચ ખાતેની મ અરબ્બી, વગેરે ભાષાનો અને જંદ પેહેલવીનો અ અભ્યાસના ઉંડાંણમાં ઉતરવા સારૂ ઇ. સ. ૧૭ વેલા ઇરાંની નામે "જામાસ્પ વીલાયતી" પાસે

એ અભ્યાસ વધાર્યો હતો. ઈ. સ. ૧૭૨૧-૨૨માં એવણે ધર્મને લગતા કેટલાક ભારી સવાલો ઇરાંન પુછાવ્યા, અને તેના જવાબો આવ્યા, તેને "રેવાયતે દસ્તુર જામાસ્પ આશા" નું નામ આપ્યું. એવણે ઘણીક ગઝલો ફારશીમાં, અને કેટલીક ગઝલો ઉરદુમાં જોડેલી હઇઆત છે. એવણની નવસારીની અન્જુમનમાં પ્રથમતો બીજી બેઠક હતી. પણ પાછલથી શરમા શરમીમાં ૩જી ખુરશીએ બેસવાનો ચાલ પડી ગયો, તે આજ સૂધી તેમજ ચાલે છે. એવણ ઈ સ. ૧૭૫૩માં ૫૬ વરસની, તે જમાનામાં ગણાતી ઘણીજ કાચી ઉમરે ગુજર્યા હતા.

૧૭૫૪ જમશેદજી દેશાઈ. દેશાઇ જમશેદજી ટેહમુરજી તે દેશાઇ ખરશેદજી ટેહમુરજીના નાહના ભાઇ ઈ. સ. ૧૭૫૪માં ગુજર્યા. ટેહમૂરજી દેશાઇના મરણથી ઇ. સ. ૧૭૩૭માં પીલાજીરાવ ગાયકવાડે પોતાની નોકરીમાં રાખ્યા હતા. તથા નવસારી કસ્બામાં અને પારચોલ પરગણામાં કેટલીક જમીન ભેટ આપી હતી.

૧૭૫૪ ટંટો તોડવાની તાકીદ. મુંબઇના જાંણીતા પંથકીઓ આ. ફરાંમજી નવરોજી તથા આ. જમશેદજી મેહેરનોશજી વચ્ચે કાંઇ ભાગ હીસ્સાની મારામારીને લીધે મુંબઇના બેહેદીનોને ત્યાંના ક્રિયા કામો કરવામાં ઘણી અડચણ થઈ. જેથી તેઓએ નવસારી દેશાઇજી ખુરશેદજી ઉપર ફરીઆદ લખી મોકલવાથી ઇ. સ. ૧૭૫૪ માં દેશાઇજીએ મુંબઈના તમામ મોબેદોને હોકમ લખ્યો કે, "મુંબઇમાં મોબેદો બે આ. ફરાંમજી તથા આ. જમશેદજી પોતાના ભાગને માટે લડે છે, અને તે ઉપરથી બેહેદીનોને ઘેરની બાજ વગેરે અટકાવે છે એવી અતરે ફરીઆદ થઇ છે, માટે અમો તમોને લખ્યે છીએ કે તમો એકદીલ થઇ કોઈબી બહેદીનને ઘેરનું કાંઇ કામ અટકાવશો ના. તેઓના ભાગનું નાણું, જો તેઓ ન સમજેતો અટકાવજો, અને પછી અમો લખ્યે તેમ કરજો. અમોએ તે વિષે સુરતવાલા આ. મનચેરજી ખરશેદજી શેઠ પાસે મોદી બોધાભાઇપરબી લખાવ્યું છે."

૧૭૫૫ મુંબઈનું નવસારીને નમી પડવું. ઈ. સ. ૧૭૫૫માં મુંબઇની જરથોસ્તી અંજુમન તરફથી નવસારીની અંજુમન ઉપર એક અરજી આવી કે "આજ પાંચ સાત માસ થયા અતરેના સઘલા મોબેદો

એકસંપ કરીને કોઇબી મોબેદ તથા બહેદીનને બરશનુમ આપતા નથી, કે જેથી ઘણી અડચણ પડે છે. અગર કોઇ બહેદીન, રવાંનને અડકી બરશનુમ લેવા ચાહે તો મોબેદો તેને આપતા નથી, જે તે, વગર બરશનુમે આતશ વીગેરેને આંમોખતા થાએ છે. અતરે મુંબાઇમાં ફક્ત બરશનુમવાલા મોબેદોની જોર ૨ છે, અને જ્યારે અમો તેમને એ પ્રમાણે બીજાઓને બરશનુમ નહિ આપવાનું કારણ પુછયેછ ત્યારે કહેછે કે અમોને નવસારીથી દેશાઇજી ખુરશેદજીની મને છે" વી.

પટેલ ટલાટી.

૧૭૫૮
મનાજી ટલાટી.

નવસારીમાં પ્રખ્યાત ખાંદાંનો જેટલાં થયાં છે, તેમાં પારશી પટેલ અને પારશી તલાટીના ખાંદાંનો પણ ઘણાં મશહુર થયાં છે. તેમાં પણ શેઠ મનાજી તલાટી નામે એક સધ્ધર પારશી નામાંકિત થઇ ગયો છે. શેઠ કુકાજી અસપુજી તલાટીના તેવણ વડા બેટા હતા. એવણ ગાયકવાડ સરકાર તરફથી નવસારી તથા પારચોલ અને તેને લગતાં ૧૮ ગાંમો, જલાલપોર, ગંદીઆરી, એરૂ, મટવાડ, પરતાપોર, ભુતસાડ, ઓડાલી, ખભલાવ, કોઠીમરી, કરાડી, અનચેલી, ચડવાશન, આંટ, મેહધર, વીજલપોર, હાંસાપોર, વેડછા, અને મછાડ, એ ગામોમાં તલાટીપણું ચલાવતા હતા. ઇ. સ. ૧૬૮૬માં નવસારીમધે મોબેદો અને બેહદીનો વચ્ચે થયલી ખુના મરકી વેળાએ એવણે ભગરીઆ મોબેદોનો ઘણોક દેર તોડવાને હાંમ ભીડી હતી; એટલુંજ નહીં, પણ આ. મનોચેર હોમજી વગેરે ભગરયાઓથી * છુટા પડયા તે મુખ્ય એવણની કુમકથી

* ડૉ. માર્ટીન હાઉગ તથા ડૉ. ટી. દબલ્યુ. વેસ્ટની બનાવેલી "The Book of Arda Viraf" માં ભગર્યા શબ્દની ઉત્પત્તિ "ભાગ" શબ્દ ઉપરથી જણાવી છે. "Bagarya or Bhagadya is the surname (?) of all the Parsi priests having their share in the panthak or diocese of Nausari. It is from bhâga, Z. bagha (Dest.)" ભગર્યા = ભાગર્યા. નવસારીના પંથકમાં જેઓનો ભાગ તેને ભાગર્યા કહેતાં ભગર્યા થયું છે.

હતું. એવણ ખરા પોલીટીકલ નર હતા. મનોચેર હોમજી નામે બન્ના કુટુંબના અસલ ભગરીઆ મોબેદ, ભગર સાથથી છુટા પડી "મનોચેર હોમજીની સાથ" નામે નવું તડું બનાવ્યું તેના, જેમ ભગર્યાઓના મુખી તરીકે દેશાઈવાલા હતા, તેમ તે મનોચેર હોમજી સાથના મુખી તલાટીવાલા હતા. અને તેમાં મનાજી મુખિ હતા. તે ઉપરથી મનોચેર હોમજીવાલાઓએ એવણને "દાવર" નો ખેતાબ આપ્યો હતો. તે વેળાએ ખરૂં કહેતો ખેતાબ આપવાનું કામ સરકારના હાથમાં નોહોતું, પણ રૈયતનાજ હાથમાં હતું. જે પોતાનો હાથ પકડનાર, તેને સર્વથી મોટો એલકાબ, સુરત કે નવસારીમાં, દાવરનો આપવામાં આવતો હતો. એ મનાજી ઉપર એટલીજ ફીદાગીરી બસ નહતી, પણ એ તલાટીના કુટુંબમાંથી પહેડી દર પહેડી શીઆવ, લગન, ગગરનાં, નવજોત, વગેરે ક્રિયાઓના લવાજમા નહીં લેવાના મનોચેર હોમજીવાલાઓએ બંદોબસ્ત કર્યા હતા, જે આજેપણ ચાલુ છે. ગાયકવાડ સરકારમાં ભગર્યાઓ તરફથી દેશાઇજીનો લાગવગ હતો, ત્યારે મનોચેર હોમજી તરફથી એવણનો કાબુ હતો. એવણના રતનજી તથા શોરાબજી નામે બે ભાઈઓ હતા. દારાબજી, રતનજી, અને બહેરાંમજી નામે ૩ દીકરા હતા. વડા દીકરા દારાબજીને દાવર નો ખેતાબ હુદ્દે ઉતર્યો હતો. એ ૩ દીકરાઓ પોતાના બાપનું તલાટીપણું ચલાવતા હતા. એ ૩ ભાઇઓ તથા તેઓના પીત્રાઇઓની શાખામાંથી તલાટીનું મોટું કુટુંબ આજે હૈઆતી ભોગવે છે. તેનો વિસ્તાર કેટલો હશે તેનો ખ્યાલ એટલાથીજ થશે, કે એજ ખાંદાંનને લગતી હકીકતો છાપીઆ કરવાને સારૂ "તલાટી સમાચાર" નામે એક વર્તમાનપત્ર, તલાટી ખાંદાંનના વિદ્વાન નર શેઠ એદલજી દોરાબજી તલાટી પરવરતાવે છે ! આખી દુન્યામાં એવું વર્તમાનપત્ર કોઇકજ હશે, કે જે નવસારીના ફક્ત એકજ કુટુંબને માટે પ્રગટ કરવામાં આવતાં પત્રની પેઠે ચલાવવામાં આવતું હોય. એ તલાટી કુટુંબનાઓ જેટલા આફ્રીકા, અરબસ્તાન, ઇરાન, વગેરે દુર દેશાવરોમાં ધંધાને અર્થે ચોતરફ ફેલાઇ ગયલા છે, એટલા કોઈપણ પારશી કુટુંબનાં નર નારીઓ ફેલાયલાં નહીં હશે. નવસારીને એ પણ મગરૂર થવા જોગ બીના છે. કોઇ વાઈસ પ્રીન્સીપાલ છે. કોઇ માજીસ્ત્રેટ છે. કોઈ વેપારી છે. એ રીતે બહુ પંકાઇ ગયલું, બોહોલા વીસ્તારવાલું, કેળવણી અને વેપારમાં આગલ વધેલું એ નોશાકરૂં કુટુંબ હમારી આંખ આગલ હમોને મગરૂરીના આવેશમાં રમ્યા કરે છે. એ મનાજી તલાટીના બાપના

બપાવા પેશુતન ચાંદાને હીજરી ૧૦૧૯ યાને ઇ. સ. ૧૬૧૦માં સુરતના

૧૬૧૦ પેશોતન ચાંદા.

નવાબ નોશરતયારખાન તરફથી પારચોલ પરગણાંનું તલાટીપણું જે તેમના બાપદાદાથી ચાલતું આવતું હતું તે, તથા બીજાં ૭ ગાંમો, મેધર, કછોલી, શદલા, અમલસાડ, પનાર, અને પારડીનું તલાટીપણું ચલાવવા માટે એક પરવાંનો કરી આપી તેમાં નીચે મુજબનો હક ઠરાવી આપ્યો હતો. ૧—દર એક સો રૂપૈયા સરકારમાં જમે થાય તેઉપર રૂા. ૧ પ્રમાણે. ૨—ભાતની કીઆરીના વીંઘા ૧ ઉપર રૂા. ૦ાા~ ૩—જુવારના જરાયત વીંઘા ૧ ઉપર રૂા. ૦ા~ અને ૪ શેરડીનાં પતાનાં કાગજનો રૂા. ૦ા એ પ્રમાણે લવાજમો ઠરાવી આપ્યો હતો. એ પેશોતન ચાંદાના છોકરા અસપુ તથા તેમના ૩ બેટાઓ બેહરામ, કુકા, અને શોરાબ અસપુ પણ પોતાના વડીલોનું તલાટીપણું ચલાવતા હતા. એ તલાટીપણું શીલશીલાબંધ લાગત ૩૦૦ વરસ સૂધી એ વંશવાલાઓએ ચલાવ્યું છે, અને તે મધેના એ વંશ પૈકીના છેલ્લા તલાટીઓ, તલાટીપણું ચલાવતા આ લખનારના પણ દીઠામાં આવ્યા હતા.

પટેલની પૉલ.

નવસારીમાં " પૉલ " ઉપર સર. કા. જે. મદ્રેસાનું જુનું મકાન જે જગાએ હાલ છે, તે જગાએ પટેલના ખાંદાંનવાલાઓ વસતા હતા. એ ખાંદાંન પણ આગલા વખતમાં જાહોજલાલી ભોગવી ગયું છે. ઉપર જણાવેલા પારશીઓ જ્યારે તલાટીપણું કરીને જાંણીતા થયા હતા, ત્યારે એ પટેલવાલાઓ નવસારી અને તેની આસપાસના ગામોમાં પટલાઈ ચલાવી જાણીતા થયા હતા. પટેલ ઉપરાંત શેઠખાંદાંન પણ નવસારીમાં પ્રખ્યાત થયું છે. પટેલવાલા—શેઠ ખાંદાંનવાલા—અને એ તલાટીવાલા એકજ ઝાડના દાંખલાં છે. આગલ જણાવેલા ચાંગા આશાથી એ ત્રણેની પેઢી ઉતરતી આવેલી છે. તેઓનો જે શીલશીલો હાલ સૂધી હાથ લાગે છે તે નીચે પ્રમાણેઃ—ફરાંમજી—શાપુરજી—દાદાભાઈ—હોરમજજી—બહેરાંમજી—દારાબજી—બહમનજી—પદમજી—હોશંગજી—કેકોબાદ—મનોચેહેર—બહમન—માણેક—**ચાંગા**—આશા—રાંણા—તોલા—અશકાલ—વેજલ—અને આશીઆ.

એ પટેલના કુટુંબની એક શાખા સુરતમાં અને એક મુંબઈમાં વસે છે. ખુદ મુંબઈના પટેલ ખાંદાંનથી એ ખાંદાંન જુદું જ છે. જેમ તલાટીવાલાઓએ તેમ એ પટેલવાલાઓએ પણ નવસારીના મીનોચેર હોમજી સાથને મદદ કરેલી હોવાથી તલાટીની માફકજ એ કુટુંબ પણ બેહેદીન હોવા

છતાં તેમના તરફથી પણ શીઆવ, લગન, ગંગરનાં, નવજોત વીગેરેની ક્રિઆઓના લવાજમા નહીં લેવાના બંદોબસ્ત તે મોબેદોએ કરેલા છે. એજ માફક એ શેઠનાં કુટુંબની એક શાખા આજે નવસારીમાં "ગોટલા" ની અટકની વસે છે. તેની એક શાખા સુરતમાં અને બીજી મુંબાઇમાં "શેઠના" ની અટકની વસે છે. એ કુટુંબના પ્રખ્યાત વડીલો નિચે પ્રમાણે ૨૦૦ વરસમાં થઈ ગયા છેઃ——

જામાસ્પ હોશંગ શેઠ—રાંનજી જામાસ્પ શેઠ—શેરાબ જામાસ્પ શેઠ—કુકા શાપુર શેઠ—કુકા રૂસ્તમ શેઠ—દાદા કુકા શેઠ—હોશંગ દાદા શેઠ—નરીમાન શાગર શેઠ—કડવા કેરશાસ્પ શેઠ—રાનજી પેશીતન શેઠ—કુકા નોશરવાન શેઠ.

એ પ્રમાણે નવસારીના જાંણીતાં ખાંદાંનોમાં તલાટી—પટેલ—અને શેઠના ખાંદાંનો પણ જાહોજલાલી અને કાબુ ભોગવી ગયાં છે. આજેપણ હાઇસ્કુલનું જુંનું મકાન "પટેલની પૉલ" ને નામે, "પોલ્યાની પૉલ" તથા "મોટા દેશાઇની પૉલ" ની વચ્ચે ઓલખાતું ઉભું છે.

દસ્તુર જમશેદજીનું મરણ. નવસારીવાલા દસ્તુર રૂસ્તમજી માણેકજી, મહેરજીરાણાના વડા દીકરા જમશેદજી વરસ ૬૦ની વયે ઇ. સ. ૧૭૬૧માં ગુજર્યા. ઇ. સ. ૧૭૨૩માં જ્યારે એવણના બપાવા મરણ પામ્યા ત્યારે એવણ એરવદ થયલા ન હોવાથી દસ્તુરીની જગા ખાલી રહી હતી. પણ જ્યારે તા. ૪ જાનેવારી ૧૭૨૪માં એવણ ાવર થયા ત્યારે એવણને દસ્તુરી મલી હતી. એવણના વખતમાં દેશ પરદેશ ઘણાં મોબેદો પંથકી તરીકે ગયા હતા.

દેશાઇજીના લેહણાનો ફડચો. ઈ. સ. ૧૭૬૧માં નવસારીની અંજુમને દેશાઈશ્રી ખુરશેદજી તેહમુરજીને લેખ કરી આપ્યો કે "સુરતના પદાંની દોખમાના હમારે હીસ્સેના રૂા. ૧૦૫૧ જે તમોએ આપ્યા હતા, તે આપણી ભગર સાથની રાસમાંથી તમોએ બ્યાંજ સુધાં ચુકાવી લેવા." એ લેખ ઉપર દસ્તુર શેરાબજી રૂસ્તમજી મહેરજી રાંણા, બરજોરજી દારાબ પાહલણ, જમશેદજી જામારપ આશા, પોલ્યા દેશાઇઓ વગેરેની શહીઓછે.

૧૭૬૪ આતશબેરાંમ પરઠવાની તંદારસ્તી.

ઈ. સ. ૧૭૬૪ માં તા. ૧૯ અકટોબર રોજ ૩ માહા ૧ (શે.) ૧૧૩૪ યજ્દે. બપોરે નવસારીમાં રપીથવનના જશનની ક્રિયા પુરી થવા પછી દેશાઈ ખુરશેદજી ટેહમુલજીએ નવસારીમાં પોતાના ખરચથી નવા આતશબેહરાંમ પરઠાવ-વાની તંદરોસ્તી પઢાવી હતી.

૧૭૬૫ આતશ મેળવવાની શરૂવાત અને સમાપ્તિ.

તા. ૧૫ જાનેવારી ૧૮૬૫ના રોજે દેશાઈ ખુરશેદજી તેહમુરજીએ નવસારીમાં પોતાને ખરચે આતશબહેરાંમ બનાવવાની જે ઇ. સ. ૧૭૬૪માં તંદોરસ્તી પઢાવી હતી, તે આતશબહેરામ માટે આતશો મેળવવાનું ક્રિયા કામ આજ દીને વડા દસ્તુર શેરાબજી રૂસ્તમજી મહેરજીરાંણાના ઉપરીપણા હેઠલ શરૂ કરવામાં આવ્યું હતું. અને એજ વરસમાં તા. ૨ જી ડીસેંબરે એ આતશબહેરામ સાહેબને તખ્તનશીન કીધા હતા. તેની પહેલી બોઈ દસ્તુર શેરાબજી મોસુફે દીધી હતી.

૧૭૬૫ નવસારીમાં નવો સુરજ.

ઇ. સ. ૧૭૪૧માં સંજાંણાઓ પોતાના આતશબહેરાંમ વલસાદ લઇ ગયા પછી ૨૪ વર્ષ રહીને આતશબેરાંમ વગર, મો-બેદ બેહેદીનો અકેકને સંતાપવા લાગા. એક કહે કે ભગર્થાના દુઃખે પાદશાહ જતા રહ્યા. બીજા કહે કે, બેહે-દીનો અને મીનોચેર હોમજીવાલાની ઉશકેરણીથી પાદશાહને ચોરી ગયા. પશ્ચિમ તરફના દેશોમાં Great American War જોરમાં ચાલી રહી છે તેજ વેળાએ આ કજ્યો પણ ચાલી રહ્યો છે. આમ ટંટો ચા-લ્યાથી ઇ. સ. ૧૭૬૫માં દેશાઇશ્રી ખુરશેદજી તેહમુરજીએ પોતાને ખરચે નવસારીમાં આતશબહેરાંમ પરઠાવ્યા. અને ત્યારથી નવસારીનો એ નવો સુરજ (**ખુરશેદ**) પ્રકાશ વધારવા લાગ્યો.

૧૭૬૯ સુધારા માટે નાપસંદગી.

ઈ. સ. ૧૭૬૯માં સુરતની અંજુમનની તરફથી ત્યાંના અકાબરોએ તેમજ ત્યાંના આ. મનચેરજી ખરશેદજી શેઠે, દેશાઈ ખુર-શેદજી ઉપર એક મેહેજર લખી મોકલ્યો કે, " રૂસ્તમ પરાંના નવસારીને તાબેના મોબેદો નવો ચાલ કાઢી બેહે-દીનોને ઘેરના મુંવા જીવતાંના કામ વારા પાંડી કરવાનો બંદોબસ્ત

કરવા માંગે છે તે ઉપરથી સર્વે બેહેદીનો હમારી પાસે ફરીઆદ લાવ્યા હતા કે એમ કરવાનો તે મોબેદોનો કસો હક નથી. એતો બેહેદીનોની મરજીપર છે તેઓ જેની પાસે ચાહે તેની પાસે પોતાને ઘેરનું ક્રીયા કામ કરાવે. માટે અમો સર્વે મલી આએ તમોને લખ્યે છૈએ કે જે રીતે અમારી તરફ આએ ૩૫) વરસ થયાં ચાલે છે તેજ માફક ચલાવી લેવું, કસ્સી નવી વાત કરવી દરૂસ્ત નથી, એવી સર્વેની ખુશી છે. ”

૧૭૭૦ બરજોરજી દારાબ પાલણ. દસ્તુર બરજોરજી દારાબજી તે નવસારીવાલા દસ્તુર દારાબ પાહલણના બેટા, જેવણે ઇ. સ. ૧૭૬૫માં નવસારીના આતશબેહરાંમ પરઠવાને લગતી ક્રિયા કરાવવામાં ઘણી મદદ કરી હતી, અને જેવણને ઈ. સ. ૧૭૩૪માં એવણના બાપના મરણ બાદ તેમની જગા ઉપર અહિંની અંજુમને દસ્તુરી આપી હતી.* તેવણ ૭૫) વરસની ઉમરે ઇ. સ. ૧૭૭૦માં મરણ પામ્યા. એવણના બપાવા પાલણજીને મનોચેર હોમજીવાલી ખુના મરકીની લડાઈમાં કેદમાં રાખવામાં આવ્યા હતા.

૧૭૭૩ જીવણજી પોલ્યા દેશાઈ. ઇ. સ. ૧૭૩૦માં એ જીવણજી પોલ્યા દેશાઇના બાવા માણેકજી ગુજરવા બાદ પોલ્યા દેશાઈ ખાંદાંનના એવણ વડા ગણાયા હતા. એવણને દેશાઇ ખુરશેદજી તેહમુલજી સાથે વતનની હદ, વગેરેને લગતી કેટલીક ભાંજગડો ચાલતી હતી, જેથી ઇ. સ. ૧૭૪૬માં ગાયકવાડ દામાજીરાવના હોકમથી વતનની હદ માપી બંન્નેનો ટટો મીટાડવામાં આવ્યો હતો. એવણ ૬૪ વરસની ઉમરે ઈ. સ. ૧૭૭૩માં ગુજર્યા હતા.

પારસણોની પાકદામની.

“ સુરતની તવારીખ ” પ્રમાણે ૧૦૦૦–૨૦૦૦ નોશાકરાઓ સુરત જઈ વસવા પછી ત્યાં પારશીઓની રેળછેળ થઇ ગઇ હતી.

---

* નવસારીમાં એક દસ્તુર નથી, પણ મહેરજીરાંણાવાલા જુદા–દારાબ પાહલણવાલા જુદા–અને જામાસ્પ આશાવાલા જુદા; એ પ્રમાણે ત્રણે ખાંદાંનવાલા પોતપોતાને દસ્તુર લેખાવે છે.

૧૭૭૪
નવસારીથી જઈ વસેલા તથા અસલ સુરતના પારશી વતનીઓ વીશે.

મી. સ્ટાડીએ, સ્ટેવોરીન્સ નામના ડચ અમલદારના તે જમાનાના પારશીઓ વીશેના વિચારો જણાવ્યા છે. તે સ્ટેવોરીન્સ પારશીઓ વીશે કહેછે કે, "તેઓની સંખ્યા વધતી જાય છે, તેઓ પરાંને પરાં બાંધીને વસેછે, ધંધાનેસર કેટલાક હીંદુસતાનના બીજા ભાગપર જઇ વસે છે, સુરતમાં ઘણા માતબર પારસી વેપારીઓ છે. તેઓ હીંદુ લોક કરતાં ગોરા છે, તેઓની ચામડીનો રંગ સ્પેનીયર્દ લોકોને મળતો છે. ઘણું કરીને તેમની આંખો મ્હોટી, નાક વાંકાં અને બાંધો સીધો છે. તેઓ એકથી વધુ બાયડી એકી વખતે કરતા નથી. તેથી તેમની કોમ સ્વચ્છ તથા બીજી પ્રજાના લોહી સાથે ભેળસેળ વગરની છે. **હરામ્ઇલિતના હવસવાલા ઘણા સખસોથી મેં સાંભલ્યું છે કે, ગમે એટલી મેહેનત અને પઇસાનો ખરચ કરી લલચાવ્યા છતાં કોઇથી પારશી ઓરતને ફુસલાવી શકયા નથી.** તેમની કોમમાં એવો પાકો બંદોબસ્ત ચાલતો આવેછે કે, જો એવાં કામમાં પકડાય તો તેઓ માર્યા જયા વના રહે નહીં. તેઓ મોહલામાં ફરહર કરે છે, અને એકઠી થઇને કુવેથી પાણી લાવે છે, અને જ્યાં જાયછે, ત્યાં એકલી કોઇજ જતી નથી." આહા! તે વેળાનાં કેવાં પારશી લોકો! આ ઘડાની નકલ આજના પારશીઓ કયારે કરશે! આજે જો સ્ટેવોરીન્સ પારશીઓ વીશે વિચાર આપે તો એથી કેવળ ઉલટોજ આપે એવી આપણી આજની હાલત શું નથી?

૧૭૭૬
વરસીઆજીના મરણની મુશકેલી.

પારશીઓમાં કેવળ સફેદ રંગના ગોધાના મુત્ર ઉપર તેમની ધર્મ ક્રિયાનો મુખ્ય આધાર છે, અને તેના કારણમાં હમે ઇ. સ. ૧૮૯૬ના રાસ્ત ગોફતારમાં હમારી શહી સાથે લંબાંણ બ્યાન કરેલું છે. એવી જાતનો એક ગોધો વરસીઓ કહેવાય છે. તેના મરણથી બધી ક્રિયા અટકી પડે છે. તે એટલે સુધી કે, નવસારીમાં ઇ. સ. ૧૭૭૬માં વરશીઓ ગુજરીઓ, તે બીજો વરશીઓ મેળવતાં સુધી નવસારીનું ધર્મ ક્રિયાનું કામ અટકી પડયું તો પંડયું, પણ નવસારીને તાબેની તમામ જગા ઉપરનું પણ અટકી પડવાથી તા. ૮ સપ્ટેબંર ૧૭૭૬ ને દીને મુંબઇના તમામ મોબેદો તરફથી

એક અરજ નવસારી દેશાઇ ખુરશેદજી ટેહમુરજી ઉપર આવી કે, "નવસારીમાં વરશીઓ ગુજરવાની ખબર અતરે આવી. અને તે પછી 'અતરે રોજ રવાન ૨–૩ તથા ૪બી થાયછે. અને વરશ વગર તેઓના દીન ધર્મના કામ અટકી પડવાથી લોક ઘણું આજુરદેહ થયું છે, અહિનું અંજુમન સર્વ ફરી બેઠું છે. કોઇ કોઇના અખત્યારમાં નથી. માટે મેહેરબાંની કરી વરશ તાકીદે મોકલશો તો ઘણું સારૂં." એવીજ રીતે મુંબઈની પંચાતના એક અકાબર આ. મનચેરજી બમનજી શેઠે દેશાઇજી મોસુફ ઉપર લખ્યું કે, "અહિં રવાંનોનાં શરોશના કામ અટકી પડવાથી બેહેદીનોનાં દીલ ઘણાં ઉશકેરાયાં છે, અને તેઓ બીજાં પંથકવાલા મોબેદો પાસે વરશીઓ અતરે કરાવી ક્રિયા માર્ગના કામો શરૂ કરાવવા માંગેછે, માટે મેં આપણા મોબેદો પાસે હાલ તરત તો હા ભણાવી વરશીઓ મુંબઇમાં કરવાને તેઓને સમજાવ્યું છે. તે માટે છાસટી તરફ ગોધો શોધવાને માણસ પણ ગયું છે. વાસ્તે તમો બનતાં તુલીક જલદીથી વરશ મોકલાવો તો ઠીક. હું પોતેબી નવસારીને તાએનો તથા ભગરીઓ છું. માટે નવસારીવાલાઓની આબરૂને મારી આબરૂ સમજું છું." એ ઉપરથી નવસારીવાલાઓએ મુંબઇના મુખી મોબેદો આ. ફરાંમજી નવરોજી, આ. નશરવાંનજી નવરોજી, આ. જમશેદજી મેહેરનોશજી, આ. બહમનજી જીવણજી તથા આ. કાવશજી બચાજી ઉપર તા. ૩ અકટોબર ૧૭૭૬ ને દીને કાગલ લખ્યો કે, "પણ અમોને માલમ નથી પડતું જે કીઆ અંધારૂએ એ નવો રખનો નાખોછે ને કયા અંધારૂ કરવા માંગે છે. ને જે કોઈ પોતાના બુજેરગોથી ઊફરો થઇ વડાવોનો રસમ મેલીને નવો રાહ કરેછે તેને આગલ ભલી વાર દીઠી નથી. એવા નવા નવા રાહ ધરીને અગીઆરી ૪–૫ તો કીધી તે કહી અગીઆરીવાલા કરેછે તે લખજો." આ કાગજ વાંચી મુંબઈના મોબેદો ઘણા ગભરાયા; તેઓએ પાછો એક કાગજ દેશાઈ ખુરશેદજી અને શમસ્ત અંજુમન જોગ લખી બચાવ કીધો જે, "મુંબઇની પંચાતવાલાઓએ અમોને નવો વરશીઓ કરવાની ઘણી બોહોશ કીધી તોપણ હમેતો સાફ ના કહ્યું. અમોએ તેઓને કહ્યું જે આજતો વરશીઓ કરાવોચ, ને કાલે તમો નીરંગ કરાવશો. પછી કેશોજે હેરબદળી કરો તે કેમ થશે. અમોને શું પુછનાર નથી." વીગેરે.

૧૭૭૬
મુંબઈની મરકી અને નવસારીનો વરષ.

ઇ. સ. ૧૭૭૬માં મુંબઇમાં મરકી ચાલી, અને તે વેળાએ ત્યાં પારશીની વસ્તી ઘણી થોડી છતાં, ૩-૪ રવાંન થવા લાગાં. તે રવાંનોની શરેશની અને બીજી ક્રિયા મોબેદોએ કરવા ના પાડી, કેમકે નવસારીની અન્જુમનની મનાઇ હતી. કારણ કે નવસારીના વરશીઆજી ગુજરી જવાથી નવો વરષ કરવાનો હોવાથી રેવાજ પ્રમાણે બધેજ કામ અટકી પડયાં. સબબકે નવસારીના વરષ વગર કેઠે પણ તે વખતે કામ ચાલતું નોહોતું. એજ વરસમાં નવસારીમાં ધાડ પડી, લોકો બારણાં બંધ કરી ઘરોમાં ભરાઈ બેઠાં, ઘણાં લોકો સુરત નાઠાં, તેથી દેશાઇજીવાલા નવા થયલા આતશબેરાંમને સુરત લઇ જઈ ત્યાંના શેઠ દાદાભાઇ માણેકજી શેઠની હવેલીમાં સંતાડવામાં આવ્યા હતા.

૧૭૭૬
પીંઢારા અને આતશબેરાંમ.

ઈ. સ. ૧૭૭૬માં પીંઢારા લોકોની ધાડ પડી તેથી દેશાઈજીવાલા આતશબેરામને નિચલા ૮ મોબેદોએ હિંમતથી ઉઠાવી લઇને સુરત શેઠ દાદાભાઈ માણેકજી શેઠની હવેલીમાં સંતાડયા હતા. આ. માણેકજી જમશેદજી મહેરજીરાંણા—આ. શાપુરજી ખરશેદજી વાછા—આ. માણેકજી ખરશેદજી વાછા—આ. ભીખાજી રતનજી નરીમાન—આ. કાવશજી માણેકજી દાદાજી, વજીફદાર—આ. જમશેદજી દારાબજી કારતક—આ. શાપુરજી ફરદુનજી પાવરી—આ. માણેકજી પરએજજી રતનજી આંતીઆ. આ ધાડને "ગંજામનો ખેલ થયાની ગીરદી" ને નામે ઓલખે છે. એ આઠ જણાઓએ બરંશનુમ સલાંમત રાખીને શ્રીજીને બચાવ્યાથી તેની મોજદ મહેનતના બદલામાં નાવર પાંચ તેવણુને શીરાસમાંથી બક્ષીશ આપવામાં આવ્યા હતા. યાને એ પાંચ નાવર ઉપલગ કર્યા બાદ ૬ઠો આવે તે વારાદાર શારે. એ પ્રમાણે તેઓને બદલો મલ્યો હતો.

૧૭૭૭
મુંબઈમાં મરકી. દોખમાની તાંણ.

ઈ. સ. ૧૭૭૭માં મુંબઇમાં મરકી ચાલવાથી ત્યાંની અંજુમનના અકાબરોએ નવસારીની અંજુમન ઉપર લખ્યું કે, "મુંબઈ શેહેરના દરમેઆનમાં હાલમાં ઘણાં રવાન થાય છે, તેથી દોખમામધે જગા રહી નથી, અને બીજું જુનું દોખમું હતું, તેબી વાપરવા માંડયું છે, પણ એવું માલમ પડે છેકે ૧૦-૧૫

દીવંસમાં તેમાંબી જગા રેહેશે નહીં માટે તમો અંજુમન સાહેબોને પુછયે છૈએ કે નાચારને મેસે એ બાબદમાં દીનનો શો હોકમ છે તે લખજો. હાલ તરત કાંઇ નવું દોખમુ બાંધવાને બની આવતું નથી, અને અમોનેતો નાચારે એવું સુજે છે કે અતરે દોખમાની જગા પાહાડ ઉપર છે, અને ત્યાં કોઇની વસ્તી નથી, તેથી તે પાહાડ ઉપર ચુના તથા પથરની પાકી ફરતી એક દેવાલ બાંધ્યે, અને ભંડારને ઠેકાંણે મોટો ખાડો ખોદાવ્યે અને ત્યાં રવાંન નંખાવ્યે. અગર તમારી નજરમાં પાકી દેવાલથી કામ ચલાવવાનું દરૂસ્ત લાગેતો અમોને વીગતે લખજો કે દોખમાંથી કેટલા ગજ દુર તે દેવાલનો વાડો કર્યે. આએ કાગજ અતરેથી ખેપીઆ પાસે પાંચ દીનનો વાએદો કરી મોકલ્યો છે, માટે તાકીદે જવાબ લખજો." એ ઉપર બધા અકાબરોની શહી છે. એ પત્ર તા. ૨૧મી મેનો હતો, તેનો જવાબ તા. ૩૦મી મેએ નવસારીવાલાઓએ એવો લખ્યો કે, "મુંબઇમાં જે મરકીથી ઘણાં રવાંનો થાય છે તે વિષે દલગીર છીએ. આપણી દીનની બારીકીથી તમોતો વાકેફ છો. પણ શું કર્યે, નાચારે જેમ તમે વિચાર ઠેડવ્યા છે તે માફક કામ લેવું, અને તે જગા ઉપર બાજ વગેરે ધરાવવી, તથા તૈયાર થયા પછી ત્યાં વંદીદાદ અને શરોશ કરાવવા. અગરજો તમારી તરફના પાહાડની જગા ફરાખ હોયતો નવી દેવાલ દોખમાંથી ૩૦૦ કદમ દુર રાખવી, અને જગો વધારે નહિ હોય તો વચ્ચે પાવી ખણાવી નજદીકમાં કામ લેવું, કાંએજે વચ્ચે પાવી આવી એટલે દુર નજદીકનો કસ્સો મુજાકો નથી." આ કાગજ ઉપર નવસારીના દેશાઇ દસ્તુરો વગેરેની શહીઓ છે.

૧૭૭૮ ટેહમુલજી પોલ્યાનું મરણ.

નવસારીના પોલ્યા દેશાઇ જીવણજી માણેકજીના વડા દીકરા ટેહમુલજી જેવણ ઇ. સ. ૧૭૭૩માં પોતાના બાપના મરણ પછી તેમનો દેશાઇગરાંનો વહીવટ કરતા હતા, તેવણ ઇ. સ. ૧૭૭૮માં મરણ પામ્યા.

૧૭૭૯માં ખુરશેદ અસ્ત થયો.

નવસારીવાલા દેશાઇ તેહમુલજી રૂસ્તમજીના વડા દીકરા ખરશેદજી ઇ. સ. ૧૭૭૯માં તા. ૨૨ ફેબ્રુઆરી રોજ ૧૨ માહ ૫ (શે.) યજદે. ૧૧૪૮માં ૮૧ વરસની ઉમરે ગુજર્યા. એવણને ઇ. સ. ૧૭૨૮માં પોતાના બાપના મરણથી પીલાજીરાવ ગાયકવાડે મદદ કરી તેમની નવસારી કસ્બાની ચોધરાઇ

તથા દેશાઇગરૂ અપાવ્યું હતું. તે પીલાજીરાવે કેદાજીરાવ નામના પોતાના એક ખેશાને નવસારીનો શુબો નેમ્યો હતો, પણ તેને સઘળું કામ તથા વહીવટ ખુરશેદજી દેશાઇને પુછીને કરવાનો હોકમ આપેલો હતો. એ કેદાજીરાવ સાથે એ દેશાઇજીને અતિશય મોહબત હતી, અને તે બંન્ને દોસ્તોએ મલી નવસારીમાં ઘણા સુધારા કર્યા હતા, જેનો એક ગરબો બંન્નેના નામનો હજુ ઘરડાંઓ ગાએ છે. જે વેળાએ નેપોલ્યન બોના-પાર્ટ બાલ્યાવસ્થામાં લાડ લડતો અને લડાઇ લડવાના પાઠો ભણતો હતો; જે વેળાએ હિંદુસ્થાનનો પેહેલવેહેલો વાઇસરાય વૉર્ન હેસ્તીંગ્સ દેશી રાજ્યો સાથની રાજદ્વારિ ખટપટો ચલાવી રહ્યો હતો, જે વેળાએ ફ્રાન્સમાં ફ્રેન્ચ રેવોલ્યુશન ચાલી રહ્યાથી ફ્રેન્ચોએ જરમની ઉપર હુમલો કીધો ત્યારે, ફ્રાન્કફર્ટ ખાતે રેહેતા રોથ્સચાઇલ્ડ ખાંદાંનના મુલ પુરૂષ મોઝીઝ રોથ્સચાઇલ્ડને **હેસીકેસલનો** રાજા પોતાનું દ્રવ્ય સોંપી નાશી ગયો હતો, અને જે વેળાએ અમેરીકન સ્વદેશાભિમાની નર વૉશીંગટન પોતાની ફત્તેહમંદ કારકિર્દીથી પ્રકાશવા લાગ્યો હતો, તે વેળાએજ અને તેવાં મોટાં નહીં તો તે પ્રકારના જેવાંજ નાહના પરાક્રમો આપણો આ ખુરશેદ વિરલો ચલાવતો હતો. હેસીકેસલના રાજાની માફકજ મરાઠા લુટારૂઓ દ્રવ્ય સોંપી જવા જેવો વિશવાસ ખરશેદજી ઉપર રાખતા હતા. મોગલોની જુલમી જુસરીમાંથી વૉશીંગટનની માફક નોશાકરા અમેરીકનોને તે છોડવતો હતો. નેપોલ્યનની માફકજ મલેકો સાથે અફડતો. અને વૉર્ન હેસ્તીંગ્સ માફકજ શોનગડમાં ગાયકવાડ સાથે અને સુરતમાં મોગલાઇ અમલદારો સાથે તેની અનેક પ્રકારની ખટપટો જારી હતી. નવસારી તથા તેને લગતા માહલોના મેહસુલમાં એવણની મદદથી ઘણો વધારો થયો હતો, અને તે ઉપરથી ગાયકવાડ સરકારનો એવણ ઉપર મોટો ઇતબાર બેઠો હતો. નવસારીની ગરીબ રૈયતને એવણે ગા-યકવાડી સરકારમાં વગ લગાડી ઘણાક અણઘટતા વેરાઓમાંથી છોડવી હતી, તથા કેટલીક વખત ગરીબોની તરફના વેરાવો એવણે પોતાની ગીરેથી આપ્યા હતા. એવણે તા. ૨ જી ડીસેંબર ૧૭૬૫ને દીને નવસારીમાં પોતાને ખરચે આતશબેહરાંમ પરઠાવ્યા હતા, તથા નવસારીના પારશીઓને સરઅવસરે વાપડવાને એક જમનશાલાનો ઓટલો બંધાવી આપ્યો હતો, જેં તેવણંની " ખરશેદ વાડી " માં હતો, તે ઇ. સ. ૧૮૯૬ની રેલમાં તણાઈ જવાથી તેવણના વારેસોએ તે જગા ટાટાસ્કુલના કંપાઉન્ડમાં આપી, તેને બદલે નવો બંગલો બંધાવી ઇ. સ- ૧૮૯૭માં

તૈયાર કરાવીઓ છે નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ મુખ્ય અકાબર હતા, અને પોતાની કોમમાં ઘણાક સુધારાઓ કરવાની એવણે આગેવાની લીધી હતી. એવણે ખોરદેહઅવસ્તાનો તરજુમો કર્યો હતો, તથ ફરાંમરોજનામું અને મફરૂલ કલુબ નામની કેતાબો ફારશીમાં પોતે લખી હતી. એ છેલ્લી કેતાબ ધરાવવાનું માન આ લખનાર ધરાવેછે. નવસારીના દરેક કામમાં એવણનીજ આગેવાંની હોવાથી તે લંબાણ કરવાની જરૂર નથી, કેમકે તે સર્વે પોતપોતાને ઠેકાંણે આપણે દરશાવી છે. એવણ સુરતમાં ગુજર્યાં હતા.

૧૭૭૯
ખુરશેદની સાથેજ ગરૂબ થયલો માહાતાબ.

દેશાઇ ખરશેદજીના જોડીદાર દસ્તુરજી શોરાબજી રૂસ્તમજી મહેરજીરાંણા ઉમર વર્ષ ૬૦ ગુજર્યા. એવણ સંવત ૧૭૭૦માં જન્મેલા હતા. રૂસ્તમજી માણેકજી મહેરજીરાંણાના એવણ બીજા બેટા હતા. ઇ. સ. ૧૭૬૧માં એવણના ભાઇ જમશેદજીના મરણથી નવસારીની દસ્તુરી એવણને મલી હતી. દેશાઈ ખરશેદજીના એવણ બનેવી થતા હતા. એવણના વખતમાં દેશાઇ ખરશેદજીએ નવસારીમાં નવા આતશબેરાંમ પોતાને ખરચે બંધાવી તા. ૨ જી ડીસેંબર ૧૭૬૫ને દીને તખ્તનશીન કીધા તેની સઘળી ક્રિયા એવણના ઉપરીપણાં હેઠલ થઇ હતી, તથા તેની પેહેલી બોઇ એવણે દીધી હતી. ઈ. સ. ૧૭૭૬માં જ્યારે મોટી ધાડ પડી ત્યારે આતશબેરાંમની સાથે એવણ તેની જાળવણી કાજે સુરત જઈ રહ્યા હતા. એવણની હૈયાતીમાં એવણના બેટા રૂશતમજી ગુજર્યા હતા. તેવણે, ઘેલખરીમાં કોશ ફરતો હતો તેની સાથે કાંઇ આશનાઇ કીધી તેથી કુવામાં પડી ગુજર્યા હતા.

૧૭૮૧
નવસારીનો કાયદો સુરતમાં.

નવસારીમાં પીંઢારાઓની ગીરદી વારંવાર પડયાથી લોકોમાં કાંઇ દઈવત રહ્યું નહીં, અને પાયમાલ થયા; તેથી સુરતના રૂસ્તમપરા—ફરાંમપરા—નાહનપરા—તથા સૈયદપરાંની નવસારીને તાબેની અંજુમને મલી વેહવા વાજનનો ખરચ કમી કરવા માટે એવો ઠરાવ કર્યો કે, " વેહવાની રીતના છોકરાની માએ જે વેહવાન, તેને રૂ. ૫) સારીના આપે તથા છોકરાના બાપને રૂ. ૧) તથા જમાઇને રૂ. ૧) મલી જુમલે રૂ. ૭) રીત કરે, તથા શનગાર અને નાતરાંની રીતનાબી રૂ. ૭) આપે તથા લીએ. વેહવાઈ, જમાઈ, તથા

વેહવાંન સિવાય કોઈ બીજાને કાંઇ આપે નહિ. તથા પદ જેવું પામે તેવું આપે. એ બંદોબસ્તથી જે ફરે, તે પંચાતમાં ગુનેહગારીના રૂા. ૫૦) આપે. " એ ઉપર દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પાહલણ વગેરે ૬૯ મોબેદોની શહીઓ છે.

૧૭૮૭ **જમશેદજી જામાશ આશા.** નવસારીવાલા દસ્તુર જામાસ્પ આશાના બીજા દીકરા જમશેદજી વરસ ૫૫ની વયે ઈ. સ. ૧૭૮૭માં ગુજર્યા. ઇ. સ. ૧૭૫૩માં પોતાના બાપના મરણથી એવણને દસ્તુરી મલી હતી. એવણે પોતાના બાવાની આગલ અવસ્તા, પેહેલવી, તથા ફારશીનો પુખ્ત અભિયાસ કર્યો હતો. ઇ. સ. ૧૭૬૦માં મો૦ એકવીટલ દુ પેરોં નવસારી ખાતે નીરંગશતાન કેતાબને સારૂ એવણની મુલાકાતે આવ્યો હતો. અને એવણ જોડે ઘણોક વખત વેર પેહેલવી અને ફારશીમાં વાતો કીધી હતી. ઈ. સ. ૧૭૮૧માં એવણ જ્યારે મુંબઇ સિધાર્યા ત્યારે ત્યાં એવણને બહુ માન મલ્યું હતું. એવને ફારશી ગઝલો, બેતો, વગેરેની "દીવાને જમશેદ" નામની કેતાબ તથા કેટલીક મુખમ્મસ અને ઘણીક મુસદ્દસ બનાવી છે. જે તમામ કેતાબ જોઈ વલવાનું માન આ લખનારને મળેલું છે.

૧૭૯૧ **નીરંગદીન અને વરશીઓ.** ઇ. સ. ૧૭૯૧માં મુંબઇના શસસ્ત પંથકીઓ, તથા બરશનુમવાલા અને વગર બરશનુમવાલા મોબદોએ એક લેખ કર્યો કે, " અમોએ મોબેદ જણ ૪ નામે આ. જમશેદજી ખરશેદજી વાછા, આ. માણેકજી સુખાજી પાવરી, આ. જમશેદજી રૂશતમજી દારૂ, તથા આ. ફરાંમજી મનચેરજી રાનજી, એઓને આગળ પાડીને નવસારીની અંજુમન, તથા દસ્તુર સાહેબ, તથા દેશાઇજીના ફરમાંનથી વરશીઓ અને નીરંગદીનનું કામ મુંબઇમાં કરાવ્યું છે. " એ ઉપર ૨૨ મોબેદોની શહીઓ છે.

૧૭૯૩ **આનંદરાવ ગાયકવાડનો પરવાંનો.** ઇ. સ. ૧૭૯૩ માં નામદાર ગાયકવાડ મહારાજા આંનંદરાવે નવસારીના દેસાઇશ્રી મનચેરજી ખરશેદજીને અંગ્રેજ સરકારની બાંહેધરી હેઠળ તેમના પોતાના તથા તેમના કુટુંબના બચાવ સારૂ એક પરવાંનો નીચે મુજબ કરી આપ્યો:—
" તમે કેટલી લાંબી મુદતના અમારી નોકરીમાં છો તે અમે ધ્યાંનપર

લઇને સુરતના વડા મી. ગ્રીરીઠ ઉપર એક કાગજ લખી તેને એવી અરૂજ કરી છે કે, આગળ જેમ અંગ્રેજ સરકારને નામે તમોને પરવાંનો લખી આપ્યો હતો, તેમ હાલમાંબી જુલમથી તમારો બચાવ કરવા માટે અંગ્રેજ સરકારની જામીનગીરી હેઠળ તમોને અમારી ખાતરી આપવી. અમે તમને અમારી સરકારના શક્તિવાલા અને ઉત્કંહિત નોકર દાખલ ગણીએ છીએ. તમારી ઉપર જુલમ ચલાવવામાં, અથવા તમારી સુચના સામે વગર કારણે હરકત લેવામાં આવશે નહીં. અમારી ગંભીર કબુલાતો અને અંગ્રેજ સરકારની જામીનગીરી ઉપર ભરૂસો લાવીને તમારા પરગણાંઓ તરફ તમે પાછા ફરો, અને તેના સુધારા પાછળ મહેનત કરો. તમોએ, તમારા ગુમાસ્તાઓએ; તમારાં કુટુંબ પરીવારે, અને તમારાં હાથ નીચેનાં દરેક માણસે જાણીને સંતોષ લેવો કે તમારી સામે કોઇ પણ પ્રકારનો ગેરઇનસાફ ગુજારવામાં આવશે નહીં."

૧૭૯૫
વડી દરેહમેહેર.

ઇ. સ. ૧૭૯૫માં નવસારીની વડી દરેહમેહેર નવેસર દેસાઈ મનચેરજી ખરશેદજીએ પોતાને ખરચે બંધાવી તા. ૭ ફેબરવારી ૧૭૯૫ને રોજ પાછી પરઠાવી હતી.

૧૭૯૯
"સર" ના બાવા.

ઈ. સ. ૧૭૯૯ માં આપણા પુજ્ય સર જમશેદજી જીજીભાઇના બાવા બહેદીન જીજીભાઈ ચાનજીભાઇ વાછા, નવસારી ખાતે મરણ પામ્યા હતા. એવણ ઘણી ગરીબી હાલતમાં કામ વણવાનો ધંધો જોકે ચલાવતા હતા, તોપણ મલેશરમધે એવણના વાછા કુટુંબમાં એવણનું વિશેષ માન હતું. મલેશર મધે વાછા મોહલામાં ઝુપડાં જેવાં ઘરમાં તેઓ વસતા હતા.

૧૮૦૨
ખરશેદજી દારાબ પાહલણ.

દસ્તુર દારાબ પાહલણના પૌત્ર ખરશેદજી બરજોરજી ૫૬ વરસની ઉમરે ગુજર્યા. ઈ. સ. ૧૭૭૦માં એવણના બાવાના મરણથી એવણને નવસારીની અંજુમને દસ્તુરી આપી હતી. એવણ સુરતમાં રૂસ્તમપરાંમાં દસ્તુરી ચલાવતા, અને મોટું માન મેલવતા હતા.

૧૮૦૪
ગવર્નર, ગૌશીતલા, અને નોશારીના દસ્તુરો.

શીતલાના મરજથી હિંદમાં દરશાલ હજારો આદમીઓ મરણ પામવાથી, મુંબઇના નામદાર ગવરનર જોનાધન ડંકને ગૌશીતલા મેળાવાની લોકોને ફરજ પાડી. નવસારીવાલા દસ્તુર દારાબ પાહલણના નબીરા ખરજોરજી ખરશેદજી દસ્તુરે સુરતના લોકોને એવું સમજાવ્યું કે, ગાયની રસીની આલુદગી ધર્મ પ્રમાણે આપણી રસી સાથે ન થવી જોઇએ. એ ફતવાથી સુરતીઓ આ રસી મેળાવવાની સામા થયા. આ ઉપરથી ગવરનરે બીજા દશતુરો ભેગું તે વેળાના પઢેલા નોશાકરા દશતુર ફરાંમજી શોરાબજી મેહેરજીરાંણાનું મત માંગ્યું, જેઓએ એવું મત આપ્યું, કે ગઉશીતલાના ચેપ અથવા રસીના શીતલા મેળવાથી દીન ધરમમાં કશું નુકશાન થતું નથી. એ પ્રમાણે ગવર્નર વતીક આપણા તે વેળાના નોશાકરા દસ્તુર પઢેલા હોવાથી તેમનું મત માંગતા હતા.

૧૮૦૫
શાયર શાપુરદારૂ શંજાણા.

સુરતવાલા દસ્તુર રૂસ્તમજી બેહરાંમજી શંજાણાના ભત્રિજા શાપુરજી માણેકજી શંજાણા ઉમર વરસ ૭૦નીએ ગુજર્યા. એવણ પેહેલવી તથા ફારશીમાં ઘણા કાબેલ હતા. તથા ફારશી બેતોમાં કેટલીક મોનાજાતો, અને ઇ. સ. ૧૭૬૫માં નવસારીમાં આતશબહેરાંમે દેશાઈ ખુરશેદ પરઠાયાને લગતો હેવાલ એવણે રચેલો છે. એ આતશબહેરાંમ પરઠવાને લગતી ક્રિયા કરવામાં એવણે પણ પોતાના કાકા રૂસ્તમજીની સાથે ઘણી મદદ કરી હતી. એવણનો, એ આતશબહેરાંમ વીશે બેતમાં જોડી કાઢેલો, એ કેબલો બનાવનાર દેશાઈજીની તારીફનો, ફારશી હેવાલનો અસલ ખરડો ધરાવવાનું આ કમતરીન લખનારને માન છે.

૧૮૦૬
દાનાવ દસ્તુર.

નવસારીમાં ૧૯મી સદીમાં કોઇ પણ ભણેલા શીખેલા દસ્તુર વધારે પ્રખ્યાત થયા હોય, તો તે દસ્તુર શોરાબજી રૂસ્તમજી મેહેરજી રાંણાંના બેટા દસ્તુર ફરાંમજી હતા. એવણ ૪૮ વરસની કાચી વયે ઇ. સ. ૧૮૦૬માં ગુજરી ગયા. કેરશાશજી દસ્તુરના એવણ પાલક થયા હતા. એ કેરશાસપજી દશતુર સુરત જતા હતા, ત્યાં માર્ગમાં "મોગલની ખાડી" માં ગાડી ખુંટી બેડી, તેને બલદ સાથે પોતે પોતાની કેડ ઉપર ઉંચકી કાઢી હતી, તેથી કલેજાંને નુકશાન થઇ મરણ પામ્યા. તે

વેળાના કેવા જોરાવર મોએદો હશે તેનો ખ્યાલ એ ઉપરથી થઇ શકશે. એ ફ્રાંમજીને ઇ. સ. ૧૭૯૩માં પોતાના વડાભાઇ દસ્તુર કાઉશજીના મરણ પછી દસ્તુરી મલી હતી. એવણ ઇ. સ. ૧૮૦૩માં મુંબઈમધે શેઠ અરદેશર દાદીભાઈની ફરમાશથી તેમને ત્યાં શાદીમાં સામેલ થવા મુંબઈ ગયા હતા. મુંબઈના પારશીઓએ તેમને બહુ માન આપ્યું હતું. નવસારીના મેહેરજીરાંણાના કુટુંબના પાછલા દસ્તુરોમાં એવણ વધારે કાબેલ થઇ ગયા છે. પેહેલ વેહેલો ખોરદેહ અવસ્તાનો ગુજરાતી તરજુમો એજ નોશારીના દસ્તુરે કીધો હતો. વળી શાહનામા અને બરજોરનામાના પણ એવણે ગુજરાતી તરજુમા કર્યા હતા. કદમીઓના વડા દસ્તુર મુલ્લાં ફીરોજજીએ એવણની તારીફમાં ફારશી ભાષામાં ઘણાંક બેતો જોડેલા છે.

૧૮૦૭
સુરતમાં નોસારીની સખાવત.

ઈ. સ. ૧૮૦૭માં તા. ૨૨મી સપ્ટેંબરે સુરત રૂસ્તમપરાંમાં નવસારીવાલા દેશાઈ મનચેરજી ખુરશેદજીએ એક દરેહમેહેર બંધાવી પરહાવી. એ આગમચ ઈ. સ. ૧૭૭૬માં જ્યારે નવસારીમાં ગીરદી પડી અને બધું લોક સુરત નાશી ગયું ત્યારે તેઓને ધર્મ ક્રિયા કરવા માટે એજ જગા ઉપર મરહુમ દેશાઈ ખુરશેદજી ટેહમુરજીએ બેત્રણ હિંદોલા મુંકાવ્યા હતા.

૧૮૧૦
દેશાઇ મનચેરજીનું મરણ.

નવસારીવાલા દેશાઇ ખુરશેદજી તેહમુલજીના દીકરા મનોચેરજી ૮૮ વરસની ઉમરે ઇ. સ. ૧૮૧૦ માં ગુજર્યા. ઈ. સ. ૧૭૭૯ માં એવણના બાપના મરણથી એવણ નવસારીના દેશાઈની ગાદીએ આવ્યા હતા. ગાયકવાડ અને અંગ્રેજ વચ્ચેના ઘણાક રાજદ્વારિ કામોમાં એવણે વચ્ચે પડી ઘણી મદદ આપી હતી. ઇ. સ. ૧૭૯૩ માં એવણને આંનંદરાવ ગાયકવાડે ઈંગ્રેજ સરકારની જામીનગીરી હેઠલ દેશાઇગરાંનો જે મજબુત પરવાંનો કરી આપ્યો હતો તે વીશે આગળ આપણે જણાવ્યું છે. ઈ. સ. ૧૮૦૦ માં અંગ્રેજ સરકારની વતી મુંબઇના ગવરનર જોનાઠન દંકન તથા આંનંદરાવ ગાયકવાડ અને તેમના દિવાન રાઓજી આપાજી વચ્ચે ગાયકવાડના મુલકમાં ૨૦૦૦ માણસોનું ઈંગ્રેજી બેરાજી લશકર રાખવા વિષે જે છુપા કોલકરારો થયા હતા તેમાં એવણની ઘણી મદદ હતી. બંન્ને સરકારો વચ્ચે કોલકરાર થયા તેનું માન બેઉ સરકારો કબુલ કરે છે કે તે દેશાઇ મનચે-

રજીને ધરે છે. આથી આનંદરાવ ગાયકવાડે એમને કેટલાંક ગામો જાગીર તરીકે ઇનામમાં આપ્યાં, તથા અંગ્રેજ સરકારે રૂ. ૨૪૦૦ નું વાર્ષિક પોલીટીકલ પેનશન બાંધી આપ્યું. એ પછી ગાયકવાડી તથા અંગ્રેજી અમલદારોમાં એવણનો વગલાગ વધતો ગયો. ગાયકવાડે એવણને નવસારી તથા ગણદેવી ઉપરાંત શુપા, પારચોલ, ચોરાશી, ચીકલી, કોશ, વગેરેના પરગણાઓની હકુમત ઇજારે આપી હતી. ઇ. સ. ૧૮૦૩ ની આખરીએ એવણને ગેરકાયદે થોડોક વખત ગાયકવાડ મહારાજ થઇ બેઠેલા રક્ષાજી કાનોબા સાથે કાંઇ વાંધો પડયાથી પાછળથી પોતાના કુટુંબ સહિત થોડુંક સૂધી સુરત ખાતે જઇ વસવું પડયું હતું. નવસારીની અંજુમનના એવણ આગેવાન અકાબર હતા. પોતે ઘણા પરહેઝગાર હોવાથી ઘણા દીન ધરમના કામો બાપની માફકજ કીધાં હતાં. નવસારીની વડી દરેહમેહરની ઈમારત તથા સુરતની દરેહમેહર વીશે આપણે આગળ વર્ણન કર્યું છે તે ઉપરથી જણાશે. વલી પોતાના બાપના બંધાવેલા આતશબહેરામનું મકાન એવણે ૧૧૭૮ યજદેજરદીમાં બંધાવ્યું હતું, અને તે મકાન બંધાયા બાદ તેનું જશન પુરું થયું કે તુરતજ પોતાનો પ્રાણ પરમેશ્વરને પાછો સોંપ્યો હતો. એવણ વીશે તે વેલાનું મુંબઈમાં છપાતું તા. ૧૫ ડીસેંબર ૧૮૧૦ ની તારીખનું Bombay Courier નીચે પ્રમાણે ઉત્તમ અભિપ્રાય આપે છેઃ——

29th November 1810

MANCHERJEE CURSETJEE DESSOY.—At Nowsary in the neighbourhood of Surat, on Thursday the 29th of November last, and at the advanced age of 88, Muncherjee Cursetjee Dessoy, a character well known to, and most deservedly respected by every European, who has visited that part of the country.

From a long and intimate intercourse with most of the servants of the Hon'ble Company, under this Presidency, he had imbibed a spirit of liberality, surpassed but by few of themselves—his hospitable home was hence ever open to the

reception of the traveller, and every comfort that it yielded freely and spontaneously afforded. Descended from a head Dustoor of one of the ancient branches of Parsees, who first arrived in India, and landed at Nowsary Muncherjee continued until the hour of his disese to uphold unimpaired that respectability which his Forefathers bequeathed him. Trough each successive generation, have they been employed in the same reputable capacity of Dessoy, during the Mogul Government, and afterwards under that of the Guikawar, in the service of the latter for 107 years for 35 of which Muncherjee himself officiated as such.

Under the Guikawar Government his faithful conduct was duly rewarded—and though he is now gone, a hope still lives, that a Government liberal and enlightened as that of the Hon'ble Company, will yet repay in the persons of his descendants, the eminent and acknowledged services he has, on most particular occasions, been the means of rendering to it.

He has left behind him a numerous family, consisting of 3 sons and 2 daughters, grand and great grand children, in all about 150.

(Bombay Courier, 15th December)

૧૮૧૮
ફરાંમજી
બાતલીવાલા.

મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટના માસા તેમજ સસરા શેઠ ફરાંમજી નશરવાનજી બાતલીવાલાએ નવસારીના જરથોસ્તીઓ ઉપર ગાયકવાડી સરકારની તરફથી દર વર્ષે નંખાતી ખંડણી અથવા ઘરવેરો નહીં ભરાયાને લીધે તેઓની તરફથી તે સરકારમાં ભરવાને રૂા. ૨૦૦૦૦ ની એક રકમ કાઢી

આપી હતી એવણ ઇ. સ. ૧૮૧૮માં ૪૮ વરસની ઉમરે ગુજર્યા હતા.

૧૮૧૯ **ધર્મી દેશાઈજીનું મરણ.** નવસારીવાલા દેશાઈ મનચેરજી ખરશેદજીના બીજા બેટા દેશાઇ નવરોજી, તે આ લખનારના બાપના બપાવા ઈ. સ. ૧૮૧૯માં ૫૯ વરસની ઉમરે ગુજર્યા. એવણ પોતાના બાપના વખતમાં ગાયકવાડ સરકાર તરફથી પરગણે ગંદેવી, કોશ, અનાવલ, વગેરે માહાલોમાં મામલતદારીનો હુદ્દો ચલાવતા હતા. ઇ. સ. ૧૮૦૧ માં ઈંગ્રેજ સરકારે સુરત લીધા પછી ત્યાંના ચોરાશી વગેરે પરગણાંઓમાં એઓએ જુદે જુદે વખતે અંગ્રેજો તરફથી મામલતદારી કીધી હતી. તે પછી ઇ. સ. ૧૮૧૦માં બાપના મરણ બાદ પોતાના ભાઇઓની સાથે તેમનાં દેશાઇગરાંનો વહીવટ ચલાવતા હતા. ઈ. સ. ૧૮૧૧માં એવણને ગાયકવાડ સરકાર તરફથી પાલકીમાં બેસી ફરવાનો એક પરવાંનો આપવામાં આવ્યો હતો, અને તે માટે દર વર્ષે રૂા. ૧૦૦૦નો લવાજમો પણ વંશપરંપરા બાંધી આપેલો તે આજસૂધી વારસોને મલતો રહ્યો છે. એવણ પોતે છુપો ધરમ કરવામાં ઘણાજ ચીવટ હતા. પરહેજગાર અને ધર્માતુ હોવાથી એવણ લોકોમાં પ્રિય હતા.

૧૮૨૧ **રૂસ્તમજી સાહેબ.** નવસારીવાલા દેશાઇ મનચેરજી ખરશેદજીના વડા દીકરા ૬૪ વરસની ઉમરે ઇ. સ. ૧૮૨૧ માં ગુજર્યા. પ્રથમમાં એવણ પોતાના બાપનો નવસારી કસબાને લગતો કારભાર ચલાવતા હતા. ઈ. સ. ૧૮૦૩માં દેશાઈના ગાયકવાડ સાથના વાંધાનો ફડચો લાવવાને એવણને મુંબઇ ખાતે નામદાર ગવરનર જોનાથન ડંકનની મુલાકાતે બોલાવામાં આવ્યા હતા. એવણને ગવરનરે ગાયકવાડ સરકાર સાથે અંગ્રેજને તહ કરાવ્યામાં તથા કડી સર કરવામાં જે મોટી મદદ કરી હતી તેના ઇનામમાં આપવા કબુલ કરેલાં ગામો એનાયત કરી સરફરાઝ કરવા બોલાવવામાં આવ્યા હતા. તે પછી ઇ. સ. ૧૮૧૦માં પોતાના બાવાના મરણ બાદ ૧૧ દિવસે એટલે તા. ૧ ડીસેંબર ૧૮૧૦ને દીને આનંદરાવ ગાયકવાડે એવણ ઉપર એક પત્ર એવો લખ્યો કે, " તમારા પિતા દેશાઈ મનચેરજી ખરશેદજી ગુજરી ગયાથી આ પત્ર તમારા ઉપર એટલા માટે લખવામાં આવ્યો છેકે, તે મરહુમ જે પ્રમાણે દેશાઇગરૂં ચલાવતા હતા તેજ પ્રમાણે તમોએ ચલાવ્યા જવું. તમારા હક, દસ્તુર, ઇનામ, ખાતાં, વતન અને ગીરા

મિલકત ઉપ્રાંત પીલાજીરાવના વખતથી આજસુધી તમો જેબી કાંઈ ભોગવો છો તે તમામ વંશપરંપરા પેઢી દર પેઢી ચલાવામાં આવશે." અને એ પ્રમાણે વહિવટ ચલાવા બદલ વડોદરાના રેશીદંત મેજર કરનાકની ભલામણ ઉપરથી એક સનદ કરી આપી હતી. એવણને ગાયકવાડી સરકાર તરફથી "કોલાંસણા" નામે એક ગામ ઈનામમાં મલ્યું હતું. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ આગેવાન અકાબર હતા. એવણનો ધાક અને કડબ નવસારીના લોકો ઉપર ઘણોજ મજબુત હતો.

એક શેહેરમાં એકજ આતશબેહરામ.

પાદશાહ એક.
આતશબેરાંમ એક.

ઈ. સ. ૧૭૬૫માં દેશાઈ ખરશેદજી તેહમુલજીએ નવસારીમાં આતશબેહરામ પરઠાવ્યા તેવારે ઉદવારેના દસ્તુર મોબેદોએ વાંધો ઉઠાવ્યો હતો, કે આખા દેશમાં યાને હિંદુસ્થાનમાં એકજ આતશબેરાંમ જોઈએ, અને એક થયલા છે એટલે બીજે કેઠે નવા પરઠાય નહીં. આ ફરીઆદમાં તા. ૧૫ નવેમ્બર ૧૭૬૪ને દીને ત્યાંના દસ્તુર રૂસ્તમજી શેહેરયારજીએ બીજા ૨૧ મોબેદોની શહી સાથે સુરતની અંજુમનને ફરિયાદપત્ર લખ્યો કે, "દીનના પાદશાહની દરકાર હતી તેથી દિન મુઆફેક તેણાંએ શ્રી આતશબેહરાંમ પરઠેઆ.. કાંએજે દીનનો પાદશાહ એક મલુક મધે-તેથી દીનનું કામ ચાલે-ને આજે એ લોક પોતાનાં જોર ઉપર મગરૂર થાઇ અદાવતે બીજા આતશબેહરાંમ કરવા માંગે છે, તે દીનની રાહે થનાર નથી.......... તમો વીચારજો જે આજ એનાંને શું અટકાઊ છે. જેને એ લોકોને શ્રીજીના* દરશણની ખાહેશ છે તે આંહાં (ઉદવારે) આવે છે. કદમબોશી કરી પોતાની મોરાદ હાંશેલ કરી જાએ છે. આંહાં એનાને કોણ મોજાએમ થાય છે. અસલમાં પણ શંજાણ હતા (આતશબેહરાંમ.) તેવારે ખંભાએત તથા ભરૂચ તથા નોશારી, સુરત વગેરેથી આવતા સરવે અંજુમન કદમબોશી કરી જાતા. જો નવા કરતેતો તે લોક

---

*આતશબેહરાંમનો માટે આગલા લોકો ઘણીવાર "શ્રીજી" કરીને બોલે છે, તથા લખે છે.

કરતે. કાંએજે તે લોક કમ નહીં હતા. પણ તેણુંએ નવું નહી કીધું કાંએજે દીનનો પાદશાહ એકજ હોએ. " એટલીજ તકરાર થઇ રહી નહીં, પણ સુરતમાં જ્યારે શેઠ દાદાભાઇ નશરવાંનજી મોદીના વીધવા બાઇ જાઇજીએ આતશબેહરાંમ પરઠાવ્યા, અને બીજા આતશબેહરાંમ શેઠ પેશતનજી કાલાભાઇ વકીલે કદિમીઓ માટે પરઠાવા શરૂ કર્યું, ત્યારેપણ એક શેહેરમાં બે આતશબેહરાંમ યાને બે પાદશાહ હોય નહીં, અને જોઈએ નહીં એવી તકરાર ઉઠી અને કોરટે કેસ ચાલ્યો ત્યારે નવસારીથી દસ્તુર નોશરવાનજી શોરાબજી મેહેરજીરાંણા અને બીજા ૨૫૮ મોબેદ બેહેદીનોની શેહી સાથનો મેહેજર થયો હતો કે, " નવસારીનું આતશબેહરાંમ ત્યાંની અંજુમનની પરવાંનગી લઇ બાંધવામાં આવ્યું હતું. અને તે માટે એવી પરવાંનગીની જરૂર છે. અમારા વડવાઓના રેવાજ મુજબ એક શેહેરમાં બે આતશબેહરાંમ થાયજ નહિ. " એ પ્રમાણે લંબાણ જીકર ચાલી હતી.

૧૮૨૨
નશરવાનજી દસ્તુર.

નવસારીના દસ્તુર શોરાબજી રૂસ્તમજી મેહેરજીરાંણાના ત્રીજા દીકરા નોશરવાનજી ઈ. સ. ૧૮૨૨માં ૬૨ વરસની ઉમરે ગુજર્યા હતા. પોતાના ભાઇ ફ્રરાંમજીના મરણ પછી ઇ. સ. ૧૮૦૬માં એવણને દસ્તુરી મલી હતી. એવણ ઘણા પરહેજગાર હતા. દેશાઈ નવરોજી મનોચેરજી એવણના ખરા ખેરખાહ હોવાથી એવણનો દસ્તુરી મોભો સાચવવાને ઘણું ઘણું કર્યું હતું.

૧૮૨૨
જગરેલમાં નવસારીની ખુહારી.

ઇ. સ. ૧૮૨૨માં આખા ગુજરાતમાં જ્યારે " જગરેલ " આવી ત્યારે નવસારીના ઘણાં ઘરો પાયમાલ થઇ ગયાં. અને મોટા વાંણ્યા વેપારીઓનો વેપાર એ રેલ વખતે તુટી ગયો. કેટલાંક હિંદુ કુટુંબના કુટુંબો ઘસડાઇ ગયાં. ખેતીનો નાશ થયાં, અને નવસારીની પાયમાલી થઇ.

૧૮૨૩
ભાભાનું દોખમું.

તા. ૬ માર્ચ ૧૮૨૩ને દીને નવસારી મધે શેઠ હોરમજજી મનચેરજી ભાભા ઉર્ફે કેરાંવાલાએ ૧૯૫ પાવીનું એક દોખમું નવસારીમાં બંધાવી પરઠાવ્યું. કારણકે માલણબાઇવાલું તથા માણેકશાવાલું એ બંન્ને દોખમા બીસમાર થવા લાગ્યાં હતાં. ભાભાવાળાં દોખમાના જશનની ક્રિયામાં જરથોસ્તીઓનો એક મોટો મે-

લાવડો થયો હતો. જેમાં ૩૦૦૦ નવસારીના અને બાહાર ગામના ૭૦૦૦ પારશી આંવ્યા હતા. જશનની ક્રિયા પુરી થવા બાદ શેઠ હોરમજીએ નવસારીમાં ૪૦ વીંધા જમીનનો એક વજીફો વેચાતો લઇ તે વેળાના વડા દસ્તુર રૂશતમજી નશરવાનજી મેહેરજીરાંણાને ભેટ આપ્યો હતો. એ બાદ સર્વે લોકો ન્યાતીનું જમન જમી વિદાય થયાં હતાં. ઝાંઝો વખત નહીં એટલી ખુશાલીમાં નવસારીએ ખુશી ખુરમી ભરેલો દિવસ આ જોયો હતો. એ દોખમું પરઠાયાની બે માસ આગમચ બાહાર દેશાવરો ખાતેથી બેશુમાર પારસીઓ, હિંદુઓ, તથા મુસલમાંનો વટીક તે જોવાને આવજા કર્યા કરતા હતા. જે પરોણાઓમાં વડોદરાવાલા સીતારાંમ બાપુ–સચીનવાલા નવાબ બાલુ સાહેબ–નવસારીવાલા અમીન જમાદાર–બાપુ સાહેબ શુબા–તથા બીજા માહાલોના મુખી દેશાઈઓ મોટી મોટી સ્વારીઓ લઇ જોવા આવ્યા હતા. એ દોખમું પરથાવવા જ્યારે મુંબઈથી શેઠ ભાભા અત્રે આવ્યા ત્યારે તેમને એસ્તેકબાલ લેવા દેશાઇજી–દસ્તુરજી–તથા સર્વે અંજુમન ૧૦–૧૨ કોશ સૂધી ગયું હતું. અને ઢોલ તાશા સુધાં ઘણીક ધામધુમ તથા આદરભાવથી તેમને નવસારીમાં લાવ્યા હતા. એ શેઠ ભાભાએ સુરતથી મુંબઇ જઇ પરતાકીઆનો ધંધો કરી ધનધાન મેલવ્યાં હતાં. એવશુ ઇ. સ. ૧૮૨૮માં ગુજર્યો હતા.

૧ લી. ૨ જી. ખુરશી.

૧૮૨૩ **મીજલશની મીશલ.** મુંબઈ તેમજ નવસારીમાં ઉઠમણા વગેરેની મીજલશમાં જે કોઇ દશતુર બેસે છે તેની પાસે બીજા દશતુરોને બેશવાને અવારનવાર મીનાકેસો થવાથી, તે ઘણું નામુનાશેબ લાગ્યાથી એવો ઠરાવ ઈ. સ. ૧૮૨૩ માં મુંબઇ ખાતે થયો કે, હવે પછી હરેક મીજલશમધે પ્રથમ નીચલા દશતુરો બેશે. ૧ લે દસ્તુર ખુરશેદજી જમશેદજી નવસારીવાલા બેશે. ૨ જા દસ્તુર મુલ્લાં ફીરોજજી કાઉશજી બેશે. ૩ જા દસ્તુર એદલજી દારબજી શંજાંણા બેશે. ૪ થો મેહેરજી રાંણા ખાંદાંનનો જે કોઇ વડો હોય તે બેશે. એ પ્રમાણે ચાર દસ્તુરો બેઠા પછી જે કોઈ બીજા દસ્તુરો તથા પંથકી સુરત તથા નવસારીમાં બેશે છે તે પ્રમાણે બેશે શહી. અને તેનાંની પાસે બીજા સારા મોબેદો હોય તે બે

પોતાની ઉમર પ્રમાણે બેશે." નવસારીનું વડપણ એ પ્રમાણે મુંબઈ-ની મીજલશની મીશલમાં પણ રહ્યું છે. જે આજ લગણ તેજ પ્રમાણે ચાલે છે. નવસારીમાં મીજલશની જાજમ ઉપર પેહેલે મેહેરજીરાંણા ખાંદાંનના જે વડા દશતુર હોય તે બેશે છે. બીજા—પ્રથમતો જામાસ્પ આશાવાલા બેશતા હતા, પણ કેટલાંક વરસથી હવે એ બીજી મીશલે દારાબ પાહલણવાલા બેશે છે. ત્રીજા—હાલ જામાસ્પ આશાવાળા બે-શે છે. અને ૪ થા ભરમપોરીવાલા દશતુર બેશે છે. અને પછી કોટવાલ વગેરે ઉમર પ્રમાણે બેશે છે. અને સામેની હારમાં જાજમ ઉપર તેમ-જ ખુરશી ઉપર પેહેલા મોટા દેશાઈ ખાંદાંનવાલા અને ૨ જા પોલ્યા દેશાઇવાલાને બેશવાનો રેવાજ છે. અને એ મીશલને "૧ લી ખુરશી" "૨ જી ખુરશી" એવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે.

૧૮૨૩
નવસારીના રીવાજ પ્રમાણે લગ્ન.

ઇ. સ. ૧૮૨૩માં મુંબઇમાં શેઠ હોરમજી બમનજી વાહાડીઆજીએ પોતાના ફરજંદોના લગ્ન કર્યાં તે વેળાએ નવસારીના દેશાઇજી ઉપર પત્ર લખી ખાહેશ બતાવી, કે મારે તમારા રીવાજ પ્રમાણે લગ્ન કરી દાખલો બેસાડવો છે. વાહાડયાજી લ-ક્ષાધીશ હતા, તોપણ આ અસલી દેશાઇસાહી રેવાજ પ્રમાણે ચાલી રીતમાં ફકત ૩ વાસણ, ૯ રૂપૈયા, અને રૂા. ૨૫ની એક સારી માત્ર આપી. કોમના ભલાંને ખાતર એ પ્રમાણે કરનારા હવે કોણ રહ્યા છે?

૧૮૩૨
પદાંન બાંધવાનો ઝઘડો.

દસ્તુર ફરાંમજી અસપંદીઆરજી રબાડી નામના મીનોચેર હોમજીની સાથવાલા એક દસ્તુરે ઇ. સ. ૧૮૩૨માં નવસારીના ભગરીઆઓની વિરૂધનું એક કામ ઉઠા-વાનો સાહાસ કર્યો. પોતાની વહુ ગુજરી ગઈ તેના રૂઆંનને પદાંન નહીં બાંધ્યું. ભગર્યાઓએ વાંધો ઉઠાવ્યો, કે પદાંન વગર દોખમું -રીમન થાય, માટે રૂવાંનને દોખમે ચઢાવા દઈએ નહીં. રૂઆંન અટ-કી પડવાથી દાવર રૂસ્તમજી ખરશેદજી મોદી અને ખાન બાહાદુર અરદેશર કોટવાલ સરકારમાં દોડી ગયા, અને ઠરાવ કરાવી લાવ્યા, કે બેહેદીનો ઉપર મોબેદી ટોળાનો કાંઇ જોરો જબરદસ્તી નથી, માટે દોખમાના તાલાંની કુંચી ન આપે તો તાલું તોડી રૂઆંન-ને ઠેકાણે પાડવું. એ હુકમ પ્રમાણે થયું હતું. આથી ઉશકેરાઇને ભગ-રીઆએ બેહેદીનોના લગન મરણના કામ અટકાવ્યાં, અને મીનોચેર

હોમજીના મોબેદો જો તે કામ કરેતો તેમને મારી નાંખવાની ધમકી આપી. કરવું કેમ? છોકરાં મોટાં થયાં. નવજોત લગનતો થવાંજ જોઇએ. મરણ સચકાર કાંઇ પાડી રખાય? તેથી હવે બેહેદીનોએ ગેહેસારવાને બદલે શરેશબાજ ભણીને કામો ચલાવ્યાં. બેહેદીનોએ તો આશીરવાદ સાર્યા! અને વળી નવજોત પણ કરી! તેમાં તંદોરસ્તી ભણી કામ ચલાવ્યું. આમ થવાથી ભગરીઆઓના દસ્તુર ખુરશેદજીએ દાવર રૂસ્તમજીઉપર તથા રૂસ્તમપરાંના પટેલ ઉપર ફરીયાદ માંડી, તેનો કેસ ત્રણ કોરટ સુધી ચાલ્યો અને સદર અદાલતે ઠરાવ કર્યો કે, ભગરીઆઓને બેહેદીન સાથે તથા તેમના મોબેદ સાથે કાંઇ લાગતું વલગતું નથી. બેહદીનની નજરમાં આવે તે કરે. દોખમું તથા તેને લગતી મીલકતનું બહેદીનની નજરમાં આવે તે કરે. દોખમું તથા તેને લગતી મીલકત બહેદીનોની અંજુમનની છે. એ પ્રમાણે મોટા ઝગડા જાગ્યા હતા.

૧૮૨૫
૫૦૦ ગાડીનો સંઘ.

ઇ.સ. ૧૮૨૫ના અરસામાં પારસીઓની નવસારીમાં કેટલી બધી વસ્તી હતી તેનો ખ્યાલ એટલાથી થશે કે, એ વરસમાં સુરતમધે ભલથાંણા આગળ નોશારીવાલા સાથને માટે અંજુમનના ઉંધરાતથી બંધાવેલાં દોખમાંનો તાણો પુરવાની ક્રિયા કરવામાં આવી હતી. તે વેળાએ નવસારીથી ૫૦૦ ગાડીનો સંઘ એ મેળાવડામાં ગયો હતો, જેમાં દસ્તુરજીઓ, દેશાઇજીઓ, તથા સર્વે અંજુમન સામેલ થયું હતું. સઘળી ક્રિયા નવસારીવાલા દસ્તુરોની આગેવાંની હેઠલ થઇ હતી. આ વખતે પારશીઓ બાહાર ગામ ગયલા જાંણી જબરી લુટફાંટ નવસારીમાં ચાલી હતી.

૧૮૨૬
એક ખબરદાર દસ્તુરજાદા.

નવસારીવાલા બાહોશ દસ્તુર જમશેદજી જામાસ્પ આશાના બીજા દીકરા બહમનજી ઘણા ચંચળ ને ખબરદાર હતા. બાપ તેવા બેટા નીવડયા હતા. પોતાના બાપની આગળ જંદ, પેહેલવી, તથા ફારશીનો અને દીનઆંઇનનો ઘણો પક્કો અભિયાશ કીધો હતો, અને અત્રે ઘણા વિદ્વાનમાં ગણત્રિ હતી. તેવણ ઇ. સ. ૧૮૨૬માં ૮૧ વરસની વયે ગુજર્યા હતા.

ગામડયો રાજા.

૧૮૨૭ **વેહેવલ્યા દેશાઈ.** નવસારી પ્રાંતમાં વેહેવલવાલા પારશી દેશાઇઓ ઘણા પંકાયલા હતા. નવસારી તાબેના કોશ અનાવલ પરગણાનું દેશાઈગરૂં તે પારશીઓ એક રાજાના જેટલા દોર દમામથી કરતા હતા. વેહેવલ નામના ગામમાં તેમની ગાદી હોવાથી, તેઓ "વેહવલ્યા દેશાઇ" કહેવાતા હતા. એ વેહેવલ ગામ આખું તેમજ બીજાં ૪–૫ ગાંમો તેમના તાબામાં હતાં. આજે પણ તે વેહેવલ ગામ લગભગ આખું તેમના વંશજોના તાબામાં છે. એ ગામોમાં તેમને ચોધરાઇનો હક સરકારે બક્ષેલો હતો. ગાયકવાડી તેમજ વાંસદા અને દાંગ જીલ્લાના રાજાઓની દરબારમાં પણ એ દેશાઇઓનો મોટો વગ વસીલો હતો. તે મધેના છેલ્લી જાહોજલાલી વાલા દેશાઈ શેઠજીભાઇ ફરાંમજી થઇ ગયા છે. એવણના સર્વથી પેહેલા વડવા નશરવાંનજી નરશંગજી નામનાને કોશ તથા અનાવલ પરગણાનું દેશાઇગરૂં ઇ. સ. ૧૬૫૫માં દીલ્લીના પાદશાહ ગાજીસાહેબ કેરાંનશાંની શાહાબોદીન મહમદ શાહાજેહાંન જેહાંઆરા બેગમની શહી મોહોર સુધાંના એક ફરમાનથી મલ્યું હતું. તેમાં લખ્યું છે કે, "જે વખત પરગણે અનાવલ તથા કોશ નવું આબાદ થાશે તે વખતે દેશાઈ નહીં હતો. નોશેરવાંન પારશીને—કે કામની આબાદીનો સરબરાહી કરનાર છે, તેથી તેને તે જગાની દેશાઇગીરી ઉપર મુકરર કરયો છે." એવણના મરણ પછી એવણના ભાઈ કુંવરજી નરશંગજીને મજકુર દેશાઈગરાંનો અખત્યાર મલ્યો હતો, અને તેવણને પણ ઈ. સ. ૧૭૩૭માં દીલ્લીના પાદશાહ મહમદશાહ ગાજી સાહેબ કેરાંનશાંની નાશરૂદીન અબુફતેહની શાહી મોહોર સુધાંનું એક બીજું ફરમાન મલ્યું હતું, તેમાં લખેલું હતું કે, "તે જગાનો મજબુત ચોધરી જાણીને પોસ્ત દર પોસ્ત મજકુર ખેદમતને તેનાં ફરજંદો સુધાં તેના કબજામાં ચાલવા દેવી તથા તમામ બાબતની હક દસ્તુરીથી માફી અને કાપેલી કલમ ગણવી, અને હર વરસ બીજી નવી શનદ માંગવી નહીં." એ પછી નવસારીના પરગણાઓ ગાયકવાડ સરકારને તાબે થવા પછી પેહેલ વેહેલા ગાયકવાડ પીલાજીરાવે પણ એમની દેશાઈગરી બાહાલ રાખી એક પરવાંનો આપ્યો હતો. એવણના મરણ પછી મજકુર દેશાઈગરાં-

નો ભોગવતો એવણના વડા દીકરા બેહરામજી કુંવરજીને મલ્યો હતો. તેવણને પણ ઇ. સ. ૧૭૪૯માં દામાજીરાવ ગાયકવાડે એક પરવાનો આપી તેમનો હક કબુલ રાખ્યો હતો. તેવણના મરણ પછી તેવણના બીજા ભાઈ ફરાંમજી કુંવરજી તે મજકુર શેઠજીભાઇ ફરાંમજીના બાવાને ઊપલાં પરગણાંઓનું દેશાઇગરૂં મલ્યું હતું, અને તેમને પણ કેદારજીરાવ ગાયકવાડે ઈ. સ. ૧૭૫૫માં એક પરવાંનો આપ્યો હતો. ઉપલા શેઠજીભાઇ દેશાઈના મરણબાદ તેમની દીકરીના દીકરા તે નવસારીવાલા વડા દેશાઇજી શ્રી બરજોરજી નવરોજજી (તે આ કમતરીન લખનારના બપાવા) ને ઊપલાં ગામોનું તેમને હીસ્સેનું દેશાઇગિરૂં મલ્યું હતું, બાકીના અરધાં દેશાઇગરાંનો ઉપભોગ શેઠજીભાઇના કાકા જીજીભાઇ કુંવરજીના નબીરા રતનજી ભીખાજીના નબીરા મેનાભાઇ જીજીભાઇ ચલાવે છે.

આ દેશાઇજીને ત્યાં ૫૦ ઘોડેસ્વારોની પાયગા રેહતી હતી. અને વેહેવલ ગામને નાકે એક ધજા તેવણની ચઢતી હતી. હજુ પણ તે ધજાની યાદ આપતો સ્થંભ વેહેવલ ગામ આગળ ઉભો છે. વેહેવલમાં અગ્યારી પણ તેવણે બનાવી હતી, અને ઉનાઈ વગેરે જગાએ જનારાઓ માટે એ " ગામડયા રાજા " નું ઘર એક સદાવ્રત જેવું હતું.

૧૮૨૭
" સર " ના ભાઈ.

માણેકજી જીજીભાઇ વાછા, (સર જમશેદજીની અસલ અટક વાછા છે.) જેવણ પોતાની જન્મભૂમા નવસારીથી મુંબઇ જઇ ગણબાવાના કુવાની સામે ગાંધીની દુકાન માંડી હતી, તેવણ ઇ. સ. ૧૮૨૭ માં ગુજર્યા. એવણના ભાઇ સર જમશેદજી જીજીભાઇએ પોતાનો વ્યાપાર સારી રીતે ચાલતો જોઇ એવણને તેમાં ભાગ્યા કર્યા હતા. એવણ વીશે તા૦ ૧૮ જુન ૧૮૨૭ ના મુંબઇ સમાચારે ઘણું સારૂં લખ્યું છે.

૧૮૨૭
ગાયકવાડનો ૧૦૦ ગામનો પારશી દેશાઇ.

વલસાડની પાડોસમાં " પાંડેરાઘડ " ના કીલ્લાની આસપાસના જગાના, ગાયકવાડ સરકારે પારનેરા—બગવાડા—અને ભુછર એવા ૩ વિભાગ કરેલા હતા. તેના ગામ ૧૦૦ હતાં. તેનું દેશાઇગરૂં, વલસાડયા પારશી જીવણ વોહરા અને તેવણના દીકરા બચાભાઇ દેશાઈને સોંપેલુ

હતું. પણ પાછળથી અંગ્રેજ સરકારે પાંડેરાધડ જીતી લીધા બાદ, કેટલોક વખતવેર એ દેશાઈગરું ચલાવા દઈ, છેવટ તે દેશાઈઓને રૂ. ૫૦ની આસામી ઉપર લાવી મેલ્યું હતું. એ બચાભાઇ દેશાઈએ, નવસારીથી સંજાણવાલો આતશબેરાંમને ઉદવાડે પોંહોંચાડી આપવામાં ઘણી મદદ કરેલી. એ વંશના છેલ્લા મુખી દેશાઈ બમનજી કાંનજી ઈ. સ. ૧૮૨૭ માં ૬૦ વરસની ઉમરે ગુજર્યા. તેવણે પણ પોતાના ભાઇ જીવણજી તથા પિત્રાઇ ફરાંમજી કુંવરજી સાથે એ દેશાઈગરું ચલાવ્યું હતું. એવણને ગાયકવાડ તરફથી કેટલાક હકો તથા જાગીરો ઇનામમાં મળેલી હતી. એ દેશાઈઓનું દુરનું મુળ નવસારીમાં હતું, પાછલથી એ ખાંદાંન વલશાડ ગયું હતું.

૧૮૨૯
અંગ્રેજ અદાલતના માનીતા દસ્તુર.

નવસારીવાલા દસ્તુર જમશેદજી જામાસ્પ આશાના બીજા દીકરા ખુરશેદજી ઇ. સ. ૧૮૦૧ માં નવસારીથી મુંબઈ જઈ ઘણું માન પાન પામ્યા હતા. અને શેહેનશાહી ટોળાના વડા દસ્તુરના જેવો દરજ્જો ધરાવતા હતા. મુંબઇની પારશી પંચાતના એવણ અકાબર હતા. મુંબઇની સદર અદાલતમાંથી મુશલમાનોના કાજીને તથા હિંદુઓના ગુરૂને જેમ દરમાયો મળતો હતો, તેમજ પારશીના ધર્મગુરૂ લેખે એવણને સદર અદાલતમાંથી રૂ. ૩૦ નો દરમાયો આપવામાં આવી બહુ માન વધારવામાં આવ્યું હતું. એવણ ઇ. સ. ૧૮૨૯ માં ૮૩ વરસની વયે ગુજર્યા. એવણ વીશે તા. ૧ જુન ૧૮૨૯ નું મુંબઈ સમાચાર ઘણું સારૂં મત છાપે છે.

૧૮૩૦
જામાસજી પોલ્યા.

પોલીઆ દેશાઇ ટેહમુલજી જીવણજીના વડા દીકરા જામાસજી ઇ. સ. ૧૮૩૦માં ૭૦ વરસની ઉમરે ગુજર્યા. પોતાના બાપ પછી એવણ એ ખાંદાંનમાં વડપણ ભોગવતા હતા. પોતાના કાકા દેશાઈ બરજોરજી જીવણજી સાથે કારભાર ચલાવતા, પણ પાછળથી ભાગલાગ સંબંધે કંઇ વાંધો અરસપરસ પડવાથી કાકા ભત્રિજાને વડોદરા દરબારમાં ઇનશાફ માટે જવું પડયું હતું. તે બાદ ઇ. સ. ૧૮૨૧ માં બરજોરજીના મંરણ બાદ એવણે એકલાએ વહીવટ ચલાવ્યો હતો.

૧૮૩૧
ચીજગરવાલા.

મુંબઈમાં ચીજગરના ખાંદાંનના જે પુરૂષો પ્રખ્યાતિને પામ્યા છે તે અસલ નવસારીનાજ હતા. શેઠ દોરાબજી જમશેદજી શક-

લાતવાલાના ભાઈ અને શેઠ પેશતનજી મનચેરજી ચીંજગરના પિત્રાઈ શેઠ રૂસ્તમજી જમશેદજી ચીજગર નવસારીથી મુંબઈ જઈ શા. રતનસી ધારસી સાથે કાપડનો વેપાર ચલાવા લાગ્યા. પછી ચીન ખાતે અફીમનો મોટો વેપાર ચલાવા લાગ્યા. એવણના બાવા શેઠ જમશેદજી તથા કાકા શેઠ મનચેરજી બેરામજી ચીજગર નવસારીમાં ખેશ વેચવાનો ધંધો કરતા હતા.

નવા વખતનો જુનો ઝગડો.

૧૮૩૨ નાવર મરાતબની ૧ લી લડાઈ.

ઇ. સ. ૧૮૩૨ માં મુંબઇથી શેહેનશાહી કમીટીના મેમબરો શેઠો હોરમજી બમનજી શેઠના, બહમનજી હોરમજી વાહાડયા, ખરશેદજી માણેકજી શરાફ, ખરશેદજી રૂસ્તમજી વાહાડયા, પેશતનજી નવરોજજી શેઠના, હોરમજી ભીખાજી ચીનાઇ, જાંગીરજી નશરવાંનજી વાહાડયા, ફરાંમજી બમનજી શરાફ, જમશેદજી જીજીભાઇ, જીજીભાઇ દાદાભાઇ, વીકાજી મેહેરજી, હોરમજી ધનજી પટેલ, તથા મનચેરજી ફરદુનજી વજીફદાર એઓએ નવસારી ખાતે દસ્તુર રૂસ્તમજી નશરવાનજી મેહરજીરાંણા, દેશાઈજી જમશેદજી મનોચેહેરજી, દેશાઈજી ખુરશેદજી રૂસ્તમજી તથા શમસ્ત અંજુમનપર એક કાગજ લખ્યો કે, " અત્રે શેહેનશાહીઓના આતશબેહરાંમ થયાથી અમો હીંયાં મોબેદોના ફરજંદોને નાવર તથા હેરબદ કરવાના કામની ગોઠવણ કર્યે છૈયે, તે બાબે શ્રી નોશારીનું અસલ પંથક જાંણીને અમો તમોને લખી જણાવ્યેછ કે એ નેક કામમાં મદદ કરવી, અને મુંબઇના મોબેદોપર કાગજ લખવો જે એ દીનના કામમાં શામેલ થઇને એ નેક કાંમ બજા લાવે. એવું તમો સાહેબોના લખવાથી અમારે ને તમારે જે એખલાસ તથા ઘરોબો છે તેથી જીયાદા થશે. " એના જવાબમાં દસ્તુર રૂસ્તમજી નશરવાંનજી મેહેરજીરાંણા–દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પાહલણના, દસ્તુર માણેકજી રૂસ્તમજી જામાસ્પ આશાના, દસ્તુર કાઉસજી એદલજી, એ. રતનજી મનચેરજી કુતાર, એ. મનચેરજી ફરાંમજી હોજદાર, એ. ફરાંમજી મનચેરજી માદન, એ. દારાબજી કેરશાશજી પાવરી, એ. ફરાંમજી ખરશેદજી નરીમાન, એ. દારાબજી શાપુરજી દાબુ, એ. એદલજી બર-

બેરજી કોટવાલ, એ. એદલજી ભીખાજી આગે, એ. માણેકજી નવરોજી બેદવાર, એ. બહમનજી ફરદુનજી કાંગા, એ. રૂસ્તમજી બેરામજી મોદી, એ. હોરમજી મનચેરજી ધાબર એઓએ લખ્યું કે, "હમારે તાં હેવો શરેશતો છે કે હમે શરવેથી એલાહેદું બરશનુમ વાપરીએ છૈએ ને હમારે તાંના શુરત તથા ગણદેવી તથા બીલીમોરે મોએદો છે તે સાથે-બી પણ હમે વાપરતા નથી તે બાંચે પંથકના શાહેબો જાણે છે. તેજ મુજબ કાનુન આજ શુધી જારી પણ છે ને તે હાલમાં મશહુર છે. ને એદલદારૂ (તે દસ્તુર એદલજી દારાબજી શંજાણા જાંણવા) વીગેરે શરવે સાહેબો જાંનો છો તેથી એ મુજબ એ જગો ઉપર જે હેરબદ થાશે તે સાથે હમે વાપરશું નહી ને હમે કાંઈ નવો શરેશતો નથી કાહાડતા. આજે મુદતનો બુજરગોથી કાનુન છે તે મુજબ ચાલીએ છે ને કદી તે લૌક આવશે તેને બરશનુમ આપીશું શરવે પણ હમે તે સાથે વાપરવામાં શામેલ થવાના નથી." એ લેખ ઉપર દેશાઇજીઓની શહી નથી તેના ચોક્કસ સબબો છે.

૧૮૩૩

એદલજી વાછા. નવસારીના રહીશ શેઠ એદલજી જીજીભાઇ વાછાએ ઈ. સ. ૧૭૮૦માં અત્રેથી મુંબઈ જઈ વીલાયતી સામન વીગેરેની મોટી દુકાન અંગ્રેજ બજારમાં સ્થાપિ. અને સારી પુંજી એકઠી કરી ત્યાં "એદલ વાછા" ને નામે સુપ્રસિદ્ધ થયા હતા. એવણના ૫ બેટા હતા, તે બધા એવણની હૈયાતિમાંજ મરણ પામ્યાથી એવણે પાછળથી એકાંત જીંદગી ગુજારી ઈ. સ. ૧૮૩૩માં ૮૫ની ઉમરે ગુજર્યા હતા.

૧૮૩૩

મહુવાનું દોખમું. ઇ. સ. ૧૮૩૩માં મહુવા ગામે શેઠ માણેકજી જીનાજીએ એક દોખમું નવસારીવાલાઓના સ્વામિત્વ હેઠળ બાંધ્યું હતું.

૧૮૩૩

એદલજી બાતલીવાલા નવસારીના એક પ્રખ્યાત વેપારી શેઠ એદલજી રૂસ્તમજી બાતલીવાલા ઇ. સ. ૧૭૭૯માં નવસારીથી મુંબઈ જઇ ખાલી બાતલી વેચવાનો ધંધો કરી "બાતલીવાલા" કહેવાયા. ચીનની આડતનું કામ કર્યું. મોટી પુંજી મેલવી. અને મુંબઇ કોટમાં ગણબાવાના કુવા પાસે ઢોરોને પાણી પીવાનો એક મોટો અભાડો બંધાવી નામ કાઢયું. એવણને પુત્ર ન હોવાથી પોતાના ભાણેજ શેઠ રતનજી બમનજી તંબોલીને પાલક કરી સર્વ પુંજી સોંપી. ઇ. સ ૧૮૩૩માં ૫૫ વરસની

ઉમરે ગુજર્યા. એવણુ વીશે તા. ૧૭ નવેંબર ૧૮૩૩નું મુંબઇ સમાચાર ઉત્તમ મત આપે છે.

૧૮૩૩ **નવસારીનો નાવરીઓ** અસલથી ભગરસાથના મોબેદો હંમેશાં નવસારીમાંજ નાવર થતા હતા. પણ તેની ભાંજગડ ચાલ્યા બાદ એવો ઠરાવ થયો, કે જે મોબેદોના છોકરાઓ મોબેદીનું કામ નહીં ચલાવાના હોય તેઓને નાવર કરવાનું મુંબઇમાં શરૂ કરવું. તે ઉપરથી ઇ. સ. ૧૮૩૨માં નાવર કરવાનું શરૂ થતાંજ મુંબઈમાં પેહેલવેહેલો નાવર એ. નવરોજી રૂસ્તમજી હવાલદાર થયો, અને તે પછી એ. દોરાબજી બેહરાંમજી શંજાણા, ત્થા એ. ફરાંમજી માણેકજી સંજાણા નાવર થયા હતા. ત્યાર પછી બીજી દરેહમેહરોમાં નાવર કરવાનો રેવાજ ચાલ્યો છે. તે અગાઉ નાવર મુંબઈમાં થતા નોહોતા.

૧૮૩૪ **મુરદાંની ખીશલની મારામારી.** મુંબઈની કોટ મધેની શેઠ ખરશેદજી માણેકજી શરાફવાલી દરેહમેહેરના પંથકી આ. મેહેરનોશજી બરજોરજી કુટાર ૬૦ વરસની વયે ઇ. સ. ૧૮૩૪માં ગુજર્યા. એવણના રૂવાંનના પગ, નવસારીના શરેશતાથી ઉલટી રીતે, શેઠ ખરશેદજી માણેકજી શરાફે આગલ ઉભા રહીને લાંબા રાખવાને બદલે વલાવી દીધા ! આથી મુંબઇ ખાતેના ભગરીઆ મોબેદોમાં ઘણું ઝનુન ઉશકેરાયું. તેઓની એક મોટી સંખ્યા થઈ, અને રાતોરાત પોતાની સાથે બે ખાંધીયાઓને તેડી લઇ જઈ, કુટારના ઘર આગલ આવી રૂવાંનને સંજોગેલું છોડાવી તેના પગ લાંબા રખાવ્યા હતા !!

૧૮૩૬ **એદલજી જામાશ આશા.** દસ્તુર એદલજી બહમનજી જામાસ્પ આશા ઉમર વરસ ૭૦નીએ ઈ. સ. ૧૮૩૬માં ગુજર્યા. ઇ. સ. ૧૮૨૬થી પોતાના બાપના મરણ બાદ નવસારીમાં દસ્તુર નીમાયા હતા. મરનાર ઘણા ખબરદાર અને શાલેક હતા.

૧૮૩૭ **દસ્તુર રૂસ્તમજીનું મરણ.** નવસારીના મરહુમ છેલ્લા દસ્તુર કેકોબાદજીના બાવા દસ્તુર રૂસ્તમજી નોશરવાનજી ૫૪ વરસની ઉમરે ઇ. સ. ૧૮૩૭માં ગુજર્યા. એવણને ઇ. સ. ૧૮૨૨માં પોતાના બાપના મરણથી દશતુરી મલી હતી. તા. ૨—૨—૧૮૩૭ના મુંબઇ સ-

માચારમાં એવણ વીશે એવો અભિપ્રાય છેકે, " એ મરનાર શારે, દાહપણવાલો ધણી હતો, અને શાદો તથા નમતાઇ ભરેલો અને શવરૂપ ચેહરાવાલો હતો." તા. ૨૮ જાનેવારીના રોજે એવણના ઉઠમણામાં એવણના બેટા કેકોબાદજીને શાલ આપી દસ્તુર ઠરાવામાં આવ્યા હતા. એવણ વીશે તા. ૨ ફેબરૂઆરી ૧૮૩૭નું મુંબઇ સમાચાર ઉંચું મત લંબાણથી આપે છે.

નવશારી ઉપર ઘેરો ઘલાયો.

૧૮૩૯
દેશાઇ અને ગાયકવાડ વચ્ચે લડાઈ.

ગાયકવાડી સંક્ષિપ્ત ઇતિહાસના કર્તા મી. ગોવીંદ અમૃત વૈધ નીચે પ્રમાણે મરાઠી ભાષામાં લખે છે:——

" नवसरीस मंचरजी देशाइ ह्मणून एक पारसी रहात असे. त्याची खाल मिळकत गायकवाडांनीं जप्त केली होती, ती, त्या घराण्यास ब्रिटिस सरकारची बहादारी असल्या मुळें, सोडून द्यावी असें त्या सरकारानीं बोलणें घातलें होतें. व त्या प्रमाणें एक वर्षाच्या आंत करण्या विषयीं सयाजीरावांनी वचन दिलें होतें. परंतु त्या प्रमाणें गोष्ट घडून आली नाहीं ह्मणून मुंबई सरकारांनीं आपला पूर्वीचा क्रम सुरु करुन नवसरी प्रांत जप्त केला. इतकें झालें तथापि मुंबई सरकारा विरुद्ध वागण्याचा क्रम सयाजीरावांनीं तसाच चालविला. तेव्हां त्या सरकारांनीं विशेष कडक उपाय योजण्याचा निश्चय केला. तो असा- कीं, गायकवाडाच्या राज्याचा आणखी भाग

जप्त करावा व इतकें करूनही सयाजीराव सावध होत नसतील तर त्यांस गादी वरून काढून त्यांचे पुत्रास गादीवर बसवावें. ह्या निश्चया प्रमाणे इ. स. १८३८ चे नवंबर महिन्यांत पेटलाद परगणा ब्रिटिस सरकारांनीं आपल्या ताब्यांत घेऊन दोन महिन्याचें आंत सयाजीरावांनीं ब्रिटिस सरकारांचीं मागणी कबूल केली नाहींत तर तो परगणा इंग्रेजांचे राज्यास जोडला जाइल असा जाहीरनामा लाविला, व त्या प्रमाणे दोन महीने झाल्यावर त्या प्रांतावर गायकवाडांचा कांहीं हक्क राहिला नाहीं असें जाहीर केलें.

इंग्रेज सरकारचें असें द्रढ निश्चयाचें वर्त्तन पाहून सयाजीरावांनीं आपला हट्ट सोडिला आणि त्या सरकारचीं बहुतेक मागणीं कबूल केली. ह्या प्रकरणाचा चांगले रितीनें निकाल करावा म्हणून मुंबईचे गव्हरनर सर जेम्स कारन्याक साहेब यांनीं बदोद्यास प्रयाण केलें. त्यावेळीं ठरलें कीं, नौसरी व पेटलाद हे प्रांत इंग्रेज सरकारानें सोडावेत. ”

એ પ્રમાણે દેશાઇ અને નામદાર ગાયકવાડ સરકાર વચ્ચે લડાઇ ચાલી હતી, તેનો છેડો નામદાર અંગ્રેજ સરકારની દરમ્યાનગીરીથી આવ્યો હતો. એ પ્રકરણ ઘણું લાંબું છે, પણ તે સઘળું અમારા મુરબ્બી પિતાજી તરફથી બાહાર પડનારા એક મોટા ગ્રંથમાં સવિસ્તર આવનાર છે. સબબ આ ઠેકાંણે તે લંબાવાની જરૂર નથી.

૧૮૩૯ **શન્યાશી જેવા દસ્તુરજી.** નવસારીવાલા દસ્તુરજી જમશેદજી જામાસ્પ આશાના નાહના દીકરા દસ્તૂર દારાબજી નવસારીથી મુંબઇ જઈ ત્યાં દીનઆંઇનનું કામ કરતા હતા. એવણ ઇ. સ. ૧૮૩૯ માં ૭૮ વરસની વયે મુંબઈમાં ગુજર્યા. " એ મરનાર ઘણો વીશી અને મોહોટો પરહેજગાર અને એકમારગી હતો અને તે સાથે આએ પરથવીપરનાં શઘલાં શંનશારી કાંમોથી વેગળો પડીને પોતાના કેરતારની ભગતીમો રાત દાહડો મશગુલ હતો. " (જુઓ મુંબઇ સમાચાર તા. ૩ નવેંબર ૧૮૩૯)

૧૮૪૧ **નાલ્લાભાઈ દેશાઇ.** નવસારીવાલા દેશાઈજી મનચેરજી ખુરશેદજીના નાહના બેટા દેશાઈ જમશેદજી ઉર્ફે "નાલ્લાભાઇ દેસાઇ" પોતાના બાવાના વખતથીંજ વડોદરાખાતે ગાયકવાડ સરકારની દરબારમાં માનીતા થઈ પડયા હતા. માહારાજા શયાજીરાવ બીજાને ગાદી અપાવામાં એવણે ઘણી મેહેનત લીધી હતી, જેથી શયાજીરાવના માય ગાયાબાઇએ પોતાની હૈયાતી સુધી એવણને રૂ. ૨૮૦૦ નું વરસાન આપ્યું હતું. અને શયાજીરાવના ભાઇ લેખેજ તેવણને સઘળું રાજઘરાંણું " નાલ્લાભાઇ " ના ઉપમાનથી પીછાણતું હતું. વડોદરામાં પારશીઓના દોખમાને માટે ગાયકવાડ સરકાર તરફથી જમીન મેળવી આપવામાં એવણે ઘણી મેહેનત લીધી હતી. એવણ ઈ. સ. ૧૮૪૧ માં ૬૪ વરસની ઉમરે ગુજર્યા. તે વખતનું તા. ૭ નવેંબર ૧૮૪૧ નું મુંબઇ સમાચાર લખે છે કે:——

તા૦ ૧ લી નવેમબર.

રોજ ૪ માહ ૨ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

જમશેદજી મનચેરજી દેસાઈ—હમોને લખવાથી મોટી દલગીરી ઉપજેચ કે શ્રી નવશારી મધે ચાલતા મહીનાંની તા૦ ૧ લીની રાતરે બાર ઉપર ૧ કલાકને અમલે દેશાઇ જમશેદજી મંનચેરજીએ આશરે ૬૪ વરશની વએમો ઘણાં દાહડાનાં કશટ ભરેલા માંદથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની અને ખોટી માએઆની જગતમોથી નીકલીને વઇકુંઠવાશી લોકોમો જાઇ પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કરેઓ. એ મરનાર બાપદાદેથી દેશાઈનાં ખાંનદાંનનો એક નાંમીચો અને હશતાં મોહડાંનો તથા ખુશ મીજાજનો અને શવભાવનો

ધીરે અને શબદનો મીઠો અને પાકી બુધીનો પુરશ હતો. એ મરના-રની ઓલખાંન આપીએતો નોશારીવાલા મોટા દેશાઇનાં વંનશથી છે કે જેણે પારશીનાં ટોલાંનાં ભલાંને સારૂં આગલા વખતમો પોતાથી બની આવીઉં તે કરીને નાંમ મેલવીઉં છે કે તે વાતને એક બાલક પણ આજના વખતમો એ ખાનદાંનનાં નાંમ લેણાંની ઈધાંની કબુલ રાખે છે તેવાં નાંમીચાં ખાંનદાંનનો એ મરનાર હતો. એ મરનાર ધણીએ શરવ સાથે નંમતાઇમો ખુબી કરી છે પછે શું તવંગર કે શું ગરીબ શરત્રે કોઇને શરખી રીતે નમીને આબરૂ આપેઆ વીનાં એ રહેઓ નથી તેથી કરીને શરવ કોઇએ મરનારની મુલાકાત લીધાથી ઘણું ખુશી હતા. એ મરનારમો બુધીએ હેવુંતો રેહઠાંણ કરીઉંતું કે જેથી એ ધણીએ પોતાની શઘલી વએના દીવશ મોટાં રાજદોઆરી કાંમમો ખરચ કરી હતી તેથી કરીને રાજદોઆરી બાબતમો એ ધણીનાં વીચારને ઘણાં શાહેબો પસંદ રાખતા હતા. એ મરનાર એટલોતો માએઆવંતો અને મોટાં ઘેઆંનવાલો હતો કે હરેક આદમી પોતાની કોઇ બાબતશર એ મરનાર પાશે જાઈ ઉભો રેહતો તેહની વાત શંધલી શાંભલી લેઈ જે પોતાથી બની આવતી તે મદદ કરતો પણ કશી રીતે કંટાલતોતો નહી. તે શાથે પોતાનાં ખાંનદાંનનાં શંઘલા આદમીઓને પોતાની અમીરપસંદ બુધીથી હેવાંતો ફાંટમો રાખી રહેલો હતો કે તેહની અપરંમપાર માએઆનાં શબબને લીધે કોઇ તેહની ફાંટમોથી ખીશીઉંતું નહી તે શંધલાંની એ મરનારનાં મોતની ઉતાવલને લીધે ખરાબી થાઈ છે. હેવી ખુબીનાં અને મીઠી બોલીનાં બોલનાર ધણીનાં મરણ પામવાને લીધે તેહનાં ફરજંદોને તથા કુટુંમબ પરીવારને મોટું શંતાપ ભરેલું દુખ ઉપજીઉં છે કે તેવો એ મરનારની ઇઆદ જાંહાંશુધી જીવશે તાંહશુધી કવચીત મનથી મેલશે નહી અને હઈડાંથી ભુલશે નહી.

[મુંબઇના શમાચાર, ૭ મી નવેમબર ૧૮૪૧.]

૧૮૪૨

"સર" અને નોશાકરાઓ.

નવસારીના વતની સર જમશેદજી જીજીભાઇને નામદાર માહારાંણી વીકટોર્યાએ નાઈટનો ખેતાબ બક્ષ્યો ત્યારે નવસારીથી દસ્તુર દેશાઈઓ મલી તથા બેહેદીનો મલી ૬૧૫ શહી શાથનું એક માનપત્ર મુંબઇ મોકલાવામાં આવ્યું હતું, જે માનપત્ર મોટી મીજલસ વચ્ચે દેશાઇજી ટેહમુરસભાઇ જમશેદજીએ વાંચી સંભલાવ્યું હતું.

૧૮૪૨

નોશાકરાઓનું પ્રોવી-દંત ફંડ.

નવસારીની વડી દરેમેહેરને તાબેના ભગર સાથના મોબેદો જેઓ મુંબઇ મધે પારશીઓની વસતી થઇ તે વખતથી તેઓના ઘરનાં દીનઐનનાં ક્રિયા કામો કરવા ગયલા, તેઓ ત્યાં પગભર થવાથી, પોત પોતામાં બંદોબસ્તો કરી એક ફંડ ભેગું કર્યું. તે મધેથી મુંબઇ જનારા નોશાકરા મોબેદોના ઉતારા— તેમની બીમારી વખતે રેહવા માટે ઘર—નાવારેસ મોબેદોના મૈયત ખરચ—ઘંબાર, જશન, ઇજશને, બાજઆફ્રંગાંન, મુકતાદ, તથા બીજાં સવાબનાં કામો કરવાનું ઠરાવ્યું. એ ફંડના ટ્રસ્ટી તરીકે શેઠ માણેકજી મેરવાંનજી શેઠના, અને મેનેજરો લેખે આ. ખરશેદજી દોરાબજી વાછા, આ. દાદાભાઇ રૂસ્તમજી માદન, આ. ફરાંમજી બહમનજી કાંગા, અને આ. જમશેદજી પાલણજી ભેદવારને ઠરાવામાં આવ્યા હતા. એ ફંડમાં ૧૧૦૦૦ રૂપૈયા સૂધી પેહેલાંજ ભરાઇ ગયા હતા. તેમાં મરહુમ બાઇ સાહેબ મોતલાંબાઇએ રૂા. ૩૦૦૦ તથા જીજીભાઈ દાદાભાઇએ રૂા. ૧૫૦૦ તથા શેઠ દોરાબજી જમશેદજી શકલાતવાલાએ રૂા. ૨૫૦૧ તથા શેઠ દાદાભાઇ ફરાંમજી બોદે રૂા. ૯૦૧ એ પ્રગાણે બીજી ચઢ ઉતર રકમો બરી હતી.

૧૮૪૬

નોશાકરો દસ્તુર પુનામાં.

નવસારીવાલા દસ્તુર એદલજી બમનજી જામાસ્પ આશાના નાહના દીકરા જામાસ્પજી પ્રથમ મુંબઈમાં મોબેદીનું કામ કરતા હતા. ઇ. સ. ૧૮૨૪માં શેઠ શોરાબજી રતનજી પટેલે મુંબઈની અંજુમનની પરવાનગીથી એવણને પુણે લઈ જઇ ત્યાં દરેહમેહેર, દોખમું, વગેરે બંધાવી તેની ક્રિયા એવણ પાસે કરાવી હતી, તથા ત્યાંના દસ્તુર ઠરાવ્યા હતા. પુણાં, હેદરાબાદ, ઔરંગાબાદ, અને શોલાપુરની દરેહમેહેર તથા દોખમાંઓ વગેરેની ક્રિયા એવણના ઉપરીપણા હેઠલ થઈ હતી. એવણ પેહેલવી અને ફારશીમાં ખબરદાર હતા. ફારશીમાં જોડેલા એવણના કશીદાઓ હજુ મોજુદ છે. એવણ પછી દખણની દસ્તુરી સ્થપાઇ. પુણાવાલા દસ્તુરો નોશેરવાંનજી, હોશંગજી, ત્થા આંકોલાવાલા દસ્તુર બહમનજી, તથા હેદ્રાબાદવાલા દસ્તુરો બેહરાંમજી અને રતનજીના તથા મરહુમ દસ્તુર હોરમજીના એવણ બાવા થાય છે.

૧૮૪૭
એક આલેમનું મરણ.

નવસારીવાલા દસ્તુર એદલજી બહમનજી જામાસ્પ આશાના વડા દીકરા જમશેદજી, તે મુંબઇની શેઠ બનાજી લીમજીની દરેહમેહેરના વડા પંથકી હતા. એવણ જંદ, પેહેલવી, ફારશી, તથા દીનઆંઇનમાં મોટા આલેમ હતા. એવણે ઈ. સ. ૧૮૪૦માં આદરબાદ મારેસ્પંદના પેહેલવી પંદનામાનો તથા મીનોખેરદનો ગુજરાતી તરજુમો કર્યો હતો. મુંબઇના બનાજીવાલા આતશબેહરાંમ પરથવાની ક્રીયા ઇ. સ. ૧૮૪૫માં એવણની દેખરેખ હેઠલ થઇ હતી. ઇ. સ. ૧૮૪૭માં ૫૯ વરસની ઉમરે ગુજર્યો.

૧૮૫૦
ગાયકવાડને રૂા. ૧૦૦૦૦૦નું નજરાંણું.

સર જમશેદજી પોતાના તાબાના નવસારી કસ્બાના વતની હોઇ બારોનેટ થયલા જાંણી વડોદરાવાલા ગણપતરાવ ગાયકવાડે તેવણની મુલાકાત લીધી. તે વેળા ભારે રચના કરી, આપણા આ નોશાકરાએ આપણા હાકેમને ખુશી કરી રૂા. ૧૦૦૦૦૦ એક લાખનું નજરાંણું કર્યું હતું.

૧૮૫૦
સર જમશેદજીની નવસારીમાં પધરામણી.

ઇ. સ. ૧૮૫૦ માં સર જમશેદજી નવસારી પધાર્યા, તે વેળાએ નવસારીના શુબા, દસ્તુરો, દેશાઇઓ, હિંદુ મુસલમાનો સર્વે તેવણને એસ્તેકબાલ લેવા ગયા હતા. મલેશરમાં પોતે ઇ. સ. ૧૮૪૯ માં બાંધેલી " જમશેદ બાગ " નામની કુશાદે ધર્મશાળામાં એક મોટું જશન કર્યું હતું. એ પધરાંમણી પછી તેઓએ નવસારીના લોકોને માટે નિચલો ધર્મ કર્યોઃ—૧-મલેશરમાં તે વેળાએ ૪૫૦ ઘર બેહેદીનોના હોવાથી પોતાના મરહુમ મુરબ્બી શેઠ ફરાંમજી નશરવાનજી બાતલીવાલાના પુનને માટે એક આદરાંન, જમશેદ બાગની પાસે પરથાવ્યું. ૨- લેડી આંવાંબાઇના માય તે સર જમશેદજીના માસીના પુનને માટે નવસારીના દોખમાને આસપાસ ફરતી એક દેવાલ ચોતરફ બંધાવી. ૩-પોતાના માતાજી જીવણબાઇના પુનને માટે દોખમા આગળ જશન કરવાનો એક બંગલો સગ્રડી સાથે બંધાવી એક મોટો કુવો ખોદાવ્યો. ૪-દેશાઇ શ્રી ખુરશેદજીની " ખરશેદ વાડી " માં પોતાના બાવા શેઠ જીજીભાઈ ચાંનજીભાઇના પુનને માટે એક મોટી જમનશાળા બંધાવી. ૫-મલેશર ફલ્યાંની હાલ જે મોટી નીશાળ છે તેનું નવેસર કુશાદે

મકાન બંધાવ્યું. ૬– મોટે ફલ્યેના તથા મલેશર ફલ્યેના ગરીબ બેહેદીનો તથા જઈફ મોબેદોને આશરો આપવા રૂા. ૫૦૦૦૦ અને પાછળથી રૂા. ૬૨૫૦૦ એલાહીદા કાઢયા. અને સુરતના નાચાર બેચારો માટે રૂા. ૧૦૦૦૦૦ જુદા કાઢયા.

એ બધાં ધરમખાતાંના મેનેજર લેખે દેશાઈ દસ્તુરો તથા જાંણીતા બેહેદીનોને ઠરાવ્યા. એ દરેક ધર્મખાતાં ઉપર સંપુર્ણ હકીકત સાથની તખતીઓ મારેલી છે. અને એ બધાં ખાતાં હજુ હૈયાત છે.

૧૮૫૦

નાવર મરાતબની ૨ જી લડાઈ.

નવસારીમાંજ નાવર મરાતબ થયલો મોબેદ સઘળે બરશનુમ વાપરી શકે, એવા રીવાજને તોડવા ઈ. સ. ૧૮૩૨માં મુંબઇગરા અને નોશાકરાઓ વચ્ચે જે લડાઇ ચાલી જલદીથી બંધ પડી હતી, તે લડાઇ પાછી ઇ. સ. ૧૮૫૦માં જાગી. સર જમશેદજી જીજીભાઇ નાઇટ, પોતાના વતન. નવસારીમાં આવ્યા તે ટકનો લાભ લઇ, તેવણ ઉપર દશતુર એરાંમજી દારાબજી શંજાંણા અને બીજા ૫૦ મોબેદોએ સર ઉપર એક "ખુલ્લો પત્ર" લખ્યો હતો કે "જે દહાડેથી આતશબહેરાંમ સાહેબને (મુંબઈવાલા વાહડયાજીના) તખ્તનશીન કીધાચ તે દહાડેથી અત્રે દીનઆંઇનનાં એક વતરોગે સઘળાં કાંમો દરોબસ્ત થતાં આવ્યાં છે, પણ આજની ઘડી સુધી હમારેથી હમારા છોકરાવોને નાવર તથા મરાતબ કરી શકાતા નથી. કાંએજે નવસારીની અંજુમનના સાહેબો એવો વાંધો લીએચ કે મુંબઈના આતશબેરાંમ મધે નાવર મરાતેબ થાએલાઓ સાથે નવસારીવાલા મોબેદો પદાંન બાંધીને વાપરે નહી. આ હરકત દીન આઇનનાં હોકમથી તદન ઉલટી અને નામુનાશેબ છે, તોપણ નવસારીની વડી દરેહમેહેરને તાબે રહેવાને હમો માન ભરેલું વીચારીને આજ લાંબી મુદત થાઈ તેવોની તરફનો એવો અણઘટતો જુલમ ખમીએચ. પણ આએ નામીચો સંજોગ કે જે તમો નામદારને તે તરફ સીધારવાનો બની આવેઓચ તે ઉપરથી હમો તમોને વીનંતી કરીએચ કે તમો સાહેબ એ અડચણ ટાલી નાંખવા શારૂ ઘટતો ઉપાય કરીને નવસારીની અંજુમન પાસેથી હમોને મુંબઈ મધે નાવર મરાતેબ કરવાનો હક્ક અપાવવો. હમો સારીપેઠે જાંણીએચ કે મુંબઇમાં આતશબેરાંમ થાએઆથી નવસારી ખાતે આગળની પેઠે દીનઆઇનનાં કાંમો વધારે થતાં નથી, તેથી તે તરફના મોબેદો તથા દશતુરોની પેદાયશમાં ઘટારો થયોં

છે, અને જો નાવર મરાતેબનો હક મુંબઇ ખાતે આપ્યામાં આવેતો વધારે ઘતારો થાય. માટે આએ લખીઆથી હમો તમો સાહેબને કબુલ થાઇએચ કે જો મુંબઇ ખાતે નાવર મરાતેબ કરવાનો હક અમોને આપવામાં આવેતો નીચે પ્રમાણેનો લવાજમો હમો નવસારીની અંજુમનને આપવાને કબુલ છૈએ —

૧—મુંબઇના આતશબેહેરામના વારાના રૂા. ૧૦૦૦૦) થી વધારે હાલમાં એકઠા થાએલા છે તે મધેથી રૂા. ૨૦૦૦) નવસારીના મોબેદોની અંજુમનને આપીએ.

૨—દર નાવરે અંજુમનને રૂા. ૫) આપીએ.

૩—દર મરાતબે એજ અંજુમનને રૂા. ૨) આપીએ.

૪—દર વરસે શેઆળના રૂા. ૭૫) એજ અંજુમનને આપીએ.

ઉપલા લવાજમો આપવાની કબુલાત છતાં નવસારીની અંજુમન એ હક અમોને નહીં આપશે તો મુંબઇમાં આતશબહેરાંમ સાહેબની દોલત જે આઇતો વજીફો હમો ગરીબ ટોલાને મલી આવેઓચ તે વજીફાથી હાથ ધોવા પડશે, અને એવું થાએઆથી બીજા મોબેદો કદાચ આગળ પડી નવસારીની અંજુમનની તાબેદારી છોડી દઇ આપખુદીથી અતરે નાવર મરાતેબ કરશે તો હમારા ગરીબ ટોલામાં તડાં પડશે, વાસ્તે તમો નામદારે એ ઉપર સારી પેઠે ધેઆંન પોંહચાડવું. એ કામ તમારે હાથ પાર પડેઆથી જરથોસ્તી ટોલા ઉપર તમોએ જે મોટી પ્રીતથી સખાવતનાં વખાંણુવા લાયક કામો કર્યા છે તેમાં આએ કામ મોટો સણુગાર થઇ પડશે." આ "ખુલ્લો પત્ર," તા. ૯ માર્ચ ૧૮૫૦ને દીને શેઠો નવરોજી જમશેદજી વાહાડયા, હોરમજી બમનજી શેઠના, બમનજી હોરમજી વાહાડયા, અને દાદાભાઇ પેશતનજી વાહાડયાએ નવસારી સર જમશેદજી ઉપર બીજાં ખાંનગી કાગળો લખીને દરયાફતી કરવા મોકલ્યો હતો. એ અરજી સામે કોટની માણેકજી શેઠની દરેહમેહેરના ૨૫૦) મોબેદોની સહીનો મેહેજર નવસારીના દેશાઇ દસતુરો અને અંજુમન જોગ આવ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે, "ઉપલી સર જશેદજીપર કરેલી અરજીમાંની બાબદ કદાચ તમો કબુલ કરશો તો **તમારા કીધાને અમો માન આપીશું નહીં.** આ ઉપરથી નવસારીમાં પંચાતા પંચાતી ચાલી. અને અંતે સર જમશેદજીએ તા. ૨૭ માર્ચ ૧૮૫૦ને દીને મુંબઇ શેઠ બમનજી હોરમજી વાહાડયાને લખી જણાવ્યું કે, "આં વાલા સરવે મમતી

છે. ને તેની પાછળ નાદાંન ખુધીવાલા ઘણાં તેનું બેઆંન લખવાને બનતું નથી...........એવી એવી કેટલીએક બીના અરચણ ભરેલી છે. એ કામ કાંઇ જોરથી કરવાનું નથી. ને તેમ કીધાથી આગળ જતાં નીભે નહી ને વળી ઓરખી હસી જેવું થાય. એ મધે લોભ લાલચનું કામ નથી, દીન ધરમનું છે. માટે હાલ એ વાતની વધારે ચકચાર કરવી નહી એવું શેવકનું આધીન મત છે. ” એ પછી એ બાબદ પડતી નાખવામાં આવી, તે છેક ઇ. સ. ૧૮૮૩માં પાછી ૩ જી લડાઈ વખતે જાગેલી છે. તે પાછળથી જોઈશું.

ઉપલી ભાંગજડ જ્યારે ઇ. સ. ૧૮૩૨માં ચાલી, ત્યારેપણ સર જમશેદજીએ અહીંના લોકોને એ વીશે ઘણા સમજાવા માંડયા, ત્યારે તેવણની સાથે આવેલા “ મુંબઇ ચાબુક “ ના અધિપતિ “ હલકારૂ” એ, તે વેળાએ ૧૯ની ઉમરના દેસાઇ મનચેરજીભાઇ હોરમજીભાઇને તેવણે પેહેરેલા શોનાના વાળા દેખાડીને, નવસારીવાલાઓની તરફથી કહ્યું “ દેશાઈ ! ખાવા નહીં મળેતો એ વારા વેચજો ! પણ શેઠ સાહેબના કહ્યાપર બાપદાદાનો હક નોં વેચતા ! ” આ તાંણા ઉપરથી સરે તે વેળાએ એ કામથી હાથ ખેંચ્યો હતો.

૧૮૫૧

મોટલાંબાઈની નવસારીમાં સખાવત.

અત્રેની દેશાઇશ્રી મનોચેરજી ખુરશેદજી વાલી “ વડી દરેહમેહેર ” ની ઇમારત સમરાવા તથા ત્યાં એક મોટો હોલ બાંધવા મુંબઇના મરહુમ બાઈ મોટલાંબાઇએ રૂ. ૨૦૦૦૦ ની સખાવત ઇ. સ. ૧૮૫૧ માં કરી હતી.

૧૮૫૨

પેહેલો પારશી નૌકા શાસ્ત્રિ.

જે પ્રમાણે આખા હિંદુસ્થાનમાં ૧ લો બારોનેટ થનાર એક નોશાકરો હતો, જે પ્રમાણે આખા હિંદમાંથી ૧ લો પાર્લામેંટનો મેમબર થનાર એક નોશાકરો હતો, જે પ્રમાણે આપણા ગાયકવાડી રાજ્યનો ૧ લો પારશી દિવાન એક નોશાકરો હતો, તેજ પ્રમાણે આખા હિંદમાં પેહેલ વેહેલો પારશી નૌકાશાસ્ત્રિ પણ આપણો નોશાકરોજ હતો. નવસારીના આ. શાપુરજી કાવશજી કાતરકના બેટા “ કાવશજી કપતાંન ” તે પેહેલા નૌકાશાસ્ત્રિ હતા ! નવસારીથી નાનપણમાં મુંબઇ ગયા. ઇ. સ. ૧૮૧૮ માં શેઠ મોતીચંદ અમીચંદના આડતીઆ લેખે એવણ પેહેલ વેહેલા પીનાંગ ગયા હતા,

વારંવાર સફર કરવી પડતી હોવાથી ખુદરતી શોખને અવલંબીને દરેક સ્ટીમરોના કપટાંન પાસે દરિયામાં વાહાણો ચલાવવાના હુન્નરની તાલીમ લેવા માંડી. એ હુન્નરમાં પુર્ણ માહિતી મળ્યા બાદ માહે માર્ચ ૧૮૨૬ માં " ફૉર્બર્ટ સ્પાનકી " નામની ૧૦૦ ટન વજનની એક બ્રીગ વેચાતી લઇ, પોતાનો તેમજ બીજાઓનો નોલી માલ ભરી તેની સરદારી પોતાના હાથમાં રાખી મલાઈ કોસ્તા તરફ હંકારવાને પેહેલ વેહેલા કેપટન તરીકે બાહાર પડયા. એ પ્રમાણે રંગુન, મોરીસ, વીગેરે જે બંદરો લાભકારી જણાયાં ત્યાં પોતે સફર કર્યા કીધી. ૧૬ વરસ સુધી આ વાહાણનું કપટાનપણું ચલાવ્યા બાદ ઇ. સ. ૧૮૪૦ માં સીંગાપોરખાતે એક અંગ્રેજ કપટાંન સાથે ભાગમાં " કર્નેલ બર્ની " નામે ૫૦૦ ટન વજનનું એક વાહાંણ ખરીદયું. તેમાં પણ વારંવાર પોતે કપટાંન થઇને ઉપલાં બારાંઓમાં ફેરવ્યા કર્યું. પાછળથી પેલા અંગ્રેજની દયાનત બગડી અને ઇ. સ. ૧૮૪૩ માં ઉપલું વાહાણ ચીકાર ભરીને મલાઇ કોસ્તા નજીકના એક ખરાબા સાથે પેલા કપટાંને અફડાવી મેલી માંહેલો માલ તથા વાહાણનું ખોખું વેચી નાંખી તેનો અવેજ લઈ કલકતેથી પાધરો યુરોપ પોબારા ગણી ગયો. એથી મોટું નુકશાન આ નોશાકરાને થયું, અને વલી એજ વરસમાં એવણના એક પૂરા બેટા મેરવાનજીનું તથા પોતાના શાલા ખરશેદજી ફરાંમજી કાતરકનું ખુન થવાથી એવણ વિપત્તિમાં પડયા. અને તે ગમગીનીમાં મોલમીન ગામમાં ૫૫ વરસની ઉમરે ઈ. સ. ૧૮૫૨ માં આપણો પેહલ વેહલો પારશી કપટાંન નોશાકરો મરણ પામ્યો. કાતરક ખાંદાંનનો એક ફાંટો " કપટાંન " ની અટકથી એવણના પછી ઓલખાય છે, તેનું કારણ એ ઉપરથી સમજાશે. એવણ સંબંધે " મુંબઇના ચાબુક " માં ઘણો લંબાણ હેવાલ આવેલો છે, તેમાંથી ૧ લોજ ફકરો ઉતાર્યે:——

તા૦ ૨૩ મી અકટોબર.

રોજ ૨૫ માહ ૧ (શે૦) ૧૨૧૩ યજદજરદી.

ખરશેદજી ફરાંમજી કાતરક તથા મેહરવાંનજી કાવશજી કપટાંન—શ્રી આચીનના કોશતા ઉપર શ્રી મરદુ કરીને એક ટાપુ છે તે ટાપુનો રાજા મદશ આજ કેટલુએક થાઈઉં અંગરેજી બારકશોને લુટે છે તથા અંગરેજી પરજાને મારી નાંખવાનો ભએઆંકાર જુલમ ચલાવે છે. તે દુશટ રાજાએ ગીઆ અકટોબર મહીનાંમો બીરીગ રાબરટ ઇશપાંનકીનાં કપતાંન તથા શુપરકારગો નાંમે ખરશેદજી ફરાંમજી તથા

મેહેરવાંનજી કાવશજીને મારી નાંખી તે બીરીગમોનો માલ લુટી લીધોચ. તે વીશેની ભએ ભરેલી ખબર તારીખ ૧૧ મી નવેમબર ૧૮૪૩નાં પીનાંગ ગેજેટમોથી હમો મોટાં દુખ શાથે હેઠલ ઉતારીલી જીએચ.

૧૮૫૩ **બીજા " સર "** ઇ. સ. ૧૮૫૩માં, પોતાના બાવા સર જમશેદજી જીજીભાઇએ મલેશર ખાતે બંધાવેલાં આંદરાંનને પરથવાની ક્રિયામાં ભાગ લેવા સર જમશેદજીના બેટા ખરશેદજી (તે બીજા " સર ")અને રૂસ્તમજી નવસારી પધાર્યા હતા. અને સખાવતો કરી હતી.

૧૮૫૩ **દાજી મેહેલ્લા.** એક જાંણીતા નોશાકરા શેઠ દોરાબજી જમશેદજી શકલાતવાલા ઉરફે " દાજી મેહેલ્લા " ઇ. સ. ૧૮૧૬માં નવસારીથી મુંબઇ જઇ બજારગેટના નાંકા ઉપર ઉનના બનાવેલા ખેશો તથા સકલાત વેચવાની એક દુકાંન શેઠો હોરમજી બમનજી વાડીયા અને માધવદાસ રણછોડદાસના આસરા હેઠળ ઉઘાડી હતી. ઇ. સ. ૧૮૩૦માં ઇંગ્લંડનો રાજા ૪થો જ્યોર્જ મરણ પામ્યો તે વેળાએ મુંબઇના સરકારી અમલદારોને શોક પાળવાનો હોકમ થયાથી કાલી શકલાતનો ન ધારેલો મોટો ખપ જાગ્યો. એ ખપતમાં મોટો નફો એવણને થયો, આ ઉપરથી એવણનો વેપાર ધીકયો, અને સરકારમાં પણ ઉંચી સકલાતો એવણ પૂરી પાડવા લાગ્યા. સુરતના રૂસ્તમપરાંના નોશારીના મોબેદો માટે એક વજીફો વેચાતો લઇ એવણે ધર્મ ખાતે આપ્યો હતો. મુંબઇ ખાતે નોશારીના વસનારા લોકોની એવણ હંમેશ આગેવાની કરતા હતા. નવસારીના મોટા બજારમાં એવણે પારશીઓ માટે પાણી પીવાનું પરભ બંધાવી તેનો ખરચ નીભાવ્યો હતો. તેને ૧૮૮૭માં શેઠ એદલજી નવરોજી મેહેતા ઉર્ફે ચીનાઇએ સમરાવ્યું હતું, અને રૂા. ૧૫૦૦ની રકમ એલાહીદી કાઢીછે. અને આજે ત્યાંથી તે કાઢીને સામેની જગાએ બાંધવામાં આવેલું છે. હાલમાં જે નવી તખ્તી મારી છે, તેમાં ભુલથી દાજીભાઇ જમશેદજીને બદલે દાજીભાઈ નવરોજી લખાયલું છે.

૧૮૫૪ **બરજોરદારૂ કકલ્યા.** નવસારીની મલેસરની સર જમશેદજીવાલી દરેહમેહેરના વડા પંથકી આ. બરજોરજી બહેરાંમજી કકલ્યા ઇ. સ. ૧૮૫૪માં ૮૫ વરસની ઉમરે ગુજર્યા. તા. ૧૩ માર્ચ ૧૮૫૪ના જામે જમશેદમાં એવણ વીશે છાપ્યું છેકેઃ——

તા. ૭ મી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

આ. બરજોરજી બહેરાંમજી કકલીઆ, શ્રી નવસારીથી ચાલતા મહીનાની તારીખ ૮ મીનો લખેલો એક પતર અતરે આવેઓ છે તે ઉપરથી જોએઆમાં આવે છેકે શ્રી નવશારીના મલેશર ફરીઆની દરેહમેહેરવાલા વડા પંથકી મોબેદ બરજોરજી બહેરાંમજી કકલીઆએ ૮૫ વરસની વએમાં રોજ ૧૩ મે ને માહા ૬ ઠેને દીને આ ફાંની દુનીઆંમાંથી અશબાબ ઉઠાવીને શવરગવાશીઓમાં જાઈ વાશો કીધો છે. એ મરનાર શારી આબરૂવાલો અને દીનઆઇનનાં કામમાં માહીતકાર તથા મોહબાદાર તથા દુરઅંદેશ પુરશ હતો વાશતે હેનાં મરણથી એખલા હેનાં કુટુમબમાંજ નહી પણ શ્રી નવસારીની આખી વશતીમાં અને તેમજ શુરત અને મુમબઈ માંહેલા હેના પીછાંણુવાલાઓમાં દુખ ઉપજીઉં હોએ.

[જામે જમશેદ, ૧૩ મી મારચ ૧૮૫૪.]

એવણ ઉપર સર જમશેદજીનો તથા એવણના ટોલાનો અતિશય વિશ્વાશ હતો. મીનોચેર હોમજીના ટોલાવાલા કકલ્યા સાહેબો તરફ સરની કેટલી બધી પ્રિત હતી, તે સર જમશેદજીના નિચલા અભિપ્રાયથીજ જણાઇ આવે છે.

સર જમશેદજી અને કકલ્યાઓ.

" સ્વશત શ્રી નવશારી કશબે માહાસુભસ્થાંને પુજારાધે શ્રી ૫ નેકનામ ભાઈ રૂસ્તમજી રતનજી ભોટ શ્રી મુંબાઇ બંદરેથી લા. શેવક જમશેદજી જીજીભાઈનાં શલાંમ વાંચજો. જત લખવા કારણ એજે તમારો કાગજ અથવા આંકડો કરીને મોકલીઓ તે પોહોતો છે ને ભાઇ હમોએ શાભલીઊચકે આપના પંનથકી દસ્તુર બરજોરદારૂને કેટલાએક મોબેદોના શીખવીઆથી પેલા..................વારે ગડીએ એવનની ઇજત ઊપર હોમલો કરેચ પન એ બેહદીન લોકો કઇ શારૂ નથી કરતા. એવન વરેતો અહીઆના બેહેદીનો ઈજત આબરૂમો આવેલા છે આજે તે તમે લોકો બીચારા ગરીબ મોબેદોને ઇજત આબરૂ આપીને ચાલવું જોઈએ. આવા મોબેદ કોઇ નહી થસે તે સત્ય કરી જાંનજો. ભઈજી ત-

મોને એ વાતની ખબર હોએતે હમારી ઊપર ખોલાસેવાર લખી જણાવજો ને આપના પંથકી દસ્તુર બરજોરદારૂને હમારી ગનાગની સલાંમ કેજો ને કેજોકે તમારો કાગજ પોહોતો છે. હમો તે વીસેનો જવાબ લખીશું કરીને જરૂર કેહેજો કાગજનો જવાબ લખજો.
મુંબાઇ તા. ૧૭મી એપરેલ શને ૧૮૫૩ અંગરેજી.

ભાઇજી તમો ઊપર જે કાગજો મોકલાગે તે તમો દસ્તુર બરજોરદારૂને હાતો હાત પોહોચાડજો. બાઈ સાહેબની દુવા કેજો. ને તમોબી કબુલ કરજો. ”

એટલુંજ નહીં પણ મલેશરના આંદરાંન માટે પૂર સત્તા સર જમશેદજીએ કેવી અજબ જેવી રીતે આપેલી છે, તેનો ખ્યાલ થવા તે પટો નિચે પ્રમાણે જાંણવા સારૂ આપ્યેછે. કારણકે એ લેખ બાહાર પડેલો જોવાની ઘણા સાહેબો તરફથી શેવકને ભલાંમણ થઈ છે.

સર જમશેદજીના આદરાંનનો પટો.

શવસ્ત શ્રી નવશારી કસબે માહાસુભસ્થાને પુજારાધે શ્રી ૫) નેકનામ દસતુરજી બરજોરજી બેહરાંમજી કકરીઆ લા. શ્રી મુબાઇ બદરેથી સેવક જમશેદજી જીજીભાઇની દુવા સલાંમ વાંચજો. જત લખવા કારણ એજે તમારાં કાગજ ૨) બે હમોને પોહોચા છે. વાંચીઆથી વાકેફ થઓ છો ને તમો જે આપણી અગીઆરી વીસે લખોચ તે જાંણીઉ. તેનુ જાંણવુ એજે તમો કોઇબી રીતની ફકર ના કરસો હમોએ તમુને આપણી અગીઆરીનો બધો કારભાર શોપેલો છે તેની વીગત નીચે લખેલી છે તે પરમાણે તમો કરીઆં જાજો ને તમો પછીથી તમારાં વારેસ વંશ કરીઆ જાઓ હમો અથવા હમારા વારેસો વંશ બી એ પરમાણે ચાલીને તમોને માન આપશે તે શત કરી જાણજો.
મુંબાઇ તા. ૨૯ મી એપરેલ સને ૧૮૫૩ અંગરેજી.

૧–પેલુ આદરીઆન શાહેબની બોએ દેવાનું કાંમ તમો અથવા તમારા વારેસો કરીઆ જાઓ. અગર તમારી મરજી પડેતો તમારામેન મોબેદાને શોપીને કરાવો તેહેમા હમોને હરકત નહી.

૨–બીજુ આપની અગીઆરીમે રાણને પેટના છોકરાઓને સુદરે પેહેરાવવો નહી અગર બીજા પાસે પેહેરાવવા દેવો નહી. અગરજો બા-

હાર ગાંમના શણને પેટનાં સુદરા પેહેરી આવે તેને આપણા આ-દરીઆનમા શેહેજદા કરવા દેવા નહી.

૩–ત્રીજુ આપણી અગીઆરીમે તમારા સાથના કોઈબી મોબેદનો છોકરો એોજદાથરીગરીનુ કાંમ કરવા લાએકનો હોએ ને તે મોબેદ તમારી રજા લેએ ને તેને તમારૂ ધીઆંન પુગે તો વાપરવા લાએકનુ હોએ તેને તમારે રજા આપવી, નહીતોકે નહી આપવી.

૪–ચોથુ આપણી અગીઆરીમેના દરેક વાસણ રૂપાના અથવા કોપર બરાસનાં અથવા તરાંબાના વગેરે પરચુતન સાંમન અથવા બીલોર કાંમ વીગેરે શરવે તમારે શવાધીન કીવો છે તે શાંમનની તીપ તમોએ હમુને લખી આપીછ ને હમોએ તમુને લખી આપીચ તે પરમાણે હમો અથવા હમારો કોઈબી વારેશ જોવા માગે તેવારે દેખાડવા. અગરજો કોઈબી શામન ભાગે તેની નોધ રાખીને હમો ઊપર મોકલાવવી. ને અગીઆરીમેના વપરાતાં વાસન જાએતો કાંમના કરનારા વગેરે મોબેદો પાશેથી ભરાવી લેવાં.

૫–પાંચમુ રૂપાં કાંમની તીજોરીની કુચી અથવા દરેક બારણાઓના તાલાંની કુચી તમારા શવાધીન રાખવી. કાંમ પરે તેવારે ઊગાદી આપવું.

૬–છઠુ આપણી અગીઆરીમે દરરોજ ઇજસની વનીદાડ વીગેરે જેબી કાંમ થાએ તેની નોધ એક ચોપડીમે લખીને તમારી કને રાખવી. અગર કોઈબી તમારો રાખેલો મોબેદ આદરીઆનમે હોએ તે પાશે દરરોજ લખાવવુ ને તમારે તપાશ રાખવી ને જોવુ ને જેવારે ચોપડી મંગાવીએ તેવારે મોકલી આપવી.

૭–શાતમુ આપણી અગીઆરીમે દીવા બતી કરવા માનસ રાખેલુ છે તે પાસે દરરોજ કચરો વલાવવો અથવા કુશતી કરવાનુ પાણી દરરોજ ભરાવુ અથવા અગીઆરીને લગતુ કઈબી કાંમ કરાવવુ ને બધુ સફાઈ રખાવવુ અગરજો તમારા કેવાશર નઈ ચાલેતો તમારે તેને રજા આપવી ને બીજુ માનસ રાખવુ ને હમો ઉપર લખી જનાવવું.

૮–આથમુ આપણી અગીઆરીમેના કોઈબી મોબેદ તમારા કેવાશર નહી ચાલે તેને તમો અગીઆરીમેથી ઈજશની વનીદાદ વીગેરે કાંમ કરતો અટકાવવો ને હમો ઉપર લખી જણાવવુ હમોએ તમુને એ સતા આપેલી છે.

૯–નવમુ હમારા નેમેલા મેનીજરો આપની અગીઆરીમે કઇબી શમાર કામ કરવુ હોશે તો તમુને પુછીને કરાવશે. અગરજો તે લોકો

તમારા કેવાશર નહી ચાલશે તો તમારા લખવાથી તે મેનીજરને હમો બરતરફ કરસુ અથવા થપકો આપસુ.

૧૦—દશમું કોઇબી બીજી અગીઆરીનો મોબેદ અથવા બીજા પંથકનો મોબેદ આપની અગીઆરીમે આવીને હીડોરા ઉપર કાંમ કરવા માગેતો તમારી રજા શીવાએ કરવા દેવુ નહી તમો મુખતીઆર છેઓ.

૧૧—અગીઆરમુ આપણી અગીઆરીમે કોઇબી બેહેદીનને તાંહતુ રાતની વખતે વનીદાદ કરાવે ને તે બેહદીન અગીઆરીમે સુવા માગેતો તમારી રજા સીવાએ તેને સુવા દેવો નહી અગરજો તેની વનીદાદ જોવાની મરજી હોએતો વખતસર આવીને જોઇ જાએ.

૧૨-બારમુ એ પરમાણે તમો અથવા તમારા હવે પછીના વારેસો વંસ હોએતે એ પરમાણે કરીઆ જાઓ.

૧૩-તેરમુ કોઇબી બેહદીનને તાંહાં અથવા મોબેદને તાંહાં ઊથમનાના વાશન માગેતો આપવાં. ને તે શાફ કરાવીને પાછા તમારા શવાધીનમા રાખવાં.

લા. જમશેદજી જીજીભાઇની સલાંમ.

આ ઉપરથી જણાય છેકે, નામદાર સર જમશેદજીનો વિશ્વાશ આપણા મીનોચેર હોમજીનાસાથવાલા કકલ્યા ભાઇઓ ઉપર પૂરેપૂરો હોવો જોઇએ. પાછલથી ૧૦ મી કલમમાં ભગરીયાઓના સંબંધે કંઈક સુધારો થયલો જણાય છે.

૧૮૫૪ ટેહમુલજી પોલ્યા. નવસારીના પોલ્યા દેશાઇ જામાસજી ટેહમુલજીના વડા દીકરા ટેહમુલજી ઇ. સ. ૧૮૩૦માં પોતાના બાપના મરણથી પોલ્યા દેશાઈ ખાંદાંનમાં વડા થયા હતા. ઇ. સ. ૧૮૨૮માં એવણને પણ મોટા દેશાઈ ખાંદાંનવાલાઓ માફક મામલત મલી હતી. એવણનો ઘણો ખરો વખત વડોદરામાં ગયો હતો.

૧૮૫૪ ખંડણીની માફી. ઇ. સ. ૧૮૫૪માં સર જમશેદજી જીજીભાઇએ નવસારીના ગરીબ લોકો ઉપર ગાયકવાડ સરકાર તરફથી દરશાલ રૂા. ૭૧૪ા⊃ ની ખંડણી લેવાતી હતી તે માફ કરાવી; તેના બદલામાં તા. ૨ જી માર્ચ ૧૮૫૪ ને દીને ગાયકવાડ સરકારના અત્રેના પ્રતિનિધિ ગોપાલરાવ મૈરાલની માર્ફતે રૂા. ૧૧૯૦૭ા પોતાની તરફથી ભર્યા હતા.

૧૮૫૫ દેશાઇ રૂસ્તમજી મનચેરજીના વડા દીકરા

ખરશેદજીભાઇ દેશાઈ. "ખરશેદજીભાઈ" એવણ "નાહના ખરૂશેદજીભાઇ" ને નામે ઓલખાતા હતા. એવણ પોતાના વખતમાં પારશીઓના આગેવાન હતા. એવણની અકાબરીમાં મોટાં તરફ મહલાજો, અને દસ્તુર મોબેદોની સારી રીતભાત એ મુખ્ય સચવાયાં હતાં. એવણનો મજબુત કડબ અને તાપ આજે પણ મીઠાસ લઇ લઈને ઘરડાઓ વખાંણે છે. જોકે કાઠી કદે નાહના દેખાવના હતા, પણ તેવણનો દમામ એટલો હતો કે, તેમને દેખતાંની સાથેજ એક આદમીને આપો આપ અદબ આદાબ આવડી જતી હતી. તા. ૬ મે ૧૮૫૫ ના જામે જમશેદમાં એવણ માટે છાપે છે કે,

તા. ૨ જી મેએ.

રોજ ૯ માહ ૮ (શે.) ૧૨૨૪ યજદજરદી.

ખરશેદજી રૂસતમજી દેસાઈ, નવસારીના——શ્રી નોશારીના ચાલતા મહીનાની તારીખ ૨ જીના લખેલા પરભાડા કાગલ ઉપરથી જાહેર કરવાને હમોને મોટી દલગીરી લાગેચ કે—શ્રી નોશારીના દેશાઇજીનાં નાંમાચાં અને પુરાતન ખાંનદાંનનાં હાલના વડા દેશાઇજી શેઠ ખોરશેદજી રૂશતમજીએ આશરે ૭૨ વરશની વએમાં થોડાએક દીવશ માંદ ભોગવેઆ પછે ચાલતા મહીનાંની તારીખ ૨ જીને દીને આએ જુઠી અને વગર ભરોશાની દુનીઆંમેથી પોતાનો અશબાબ ઉઠાવીને શદાના શુખવાશી આકાશી લોકોમાં જાઈ વાશો કરેઓ છે. એ મરનાર દેશાઇજી જેહેવા ગમભીર અને ચંચલ હતા તેહેવાજ દએઆલુ અને શારા શવભાવના હતા તેથી કરીને એ મરનારે પોતાના ગરીબ ટોલાને શંશારી કાંમમાં પોતાથી બની આવતી મદદ આપેઆને લીધે શરવે કોઇ એ મરનારને મોટું માન આપતા હતા. એ દેશાઈજીનાં મરણથી જેમ એવણનાં બોહલાં કુટુમબને તેમજ તેઓના દોશત આશનાવોને તથા પીછાંણવાલા ઘરહશથોને મોટી દલગીરી ઉપજીઆ વનાએ રહી નહી હશે. એ શવરગવાશી દેશાઈજીની ખાલી પડેલી જગો ધારેઆમેલે એવણના ભાઇ દેશાઇજી હોરમજજી રૂશતમજીને આપેઆમાં આવી હશે—કાંએજે હમો શારી પેઠે જાંણીએચ કે દેશાઇ હોરમજજી પોતાના વડવાઓની જગો માંનભરેલી રીતે ચલાવવાને લાએક છે.

[જામે જમશેદ, ૬ ઠી મેએ ૧૮૫૫.]

૧૮૫૬ **કાહારવાડાની ધર્મશાળા.** આગલા વખતમાં જે જગાએ કાહારડાં માંછીઆંઓ વસતાં હતાં, તે જગાએ રફતે રફતે નોશાકરા પારશીઓની વસતી વધવા લાગ્યાથી, હાલ જે જગાએ બારીઆચાડ છે, તે તરફના પારશીવાડાઓના લત્તાને કાહારવાડનું નામ આપવામાં આવ્યું છે. એ કાહારવાડના બજારની સાંમે જરથોસ્તી મુસાફરોના ઉતારા તથા લોકોને સર અવસરે વાપડવા માટે બાઈ નવાજબાઈ તે શેઠ કુવરજી હોરમજી ભાભાના ધણીઆંણીએ એક ધર્મશાળા બંધાવી તા. ૨૩ મે ૧૮૫૬ને દીને ખુલ્લી મુંકાવી. અને એજ મકાંનમાં એવણના બેટી બાઈ પીરોજબાઈ તે શેઠ દાદાભાઇ માણેકજી વાછાના ધણીઆંણીએ એજ વરસમાં એક કુશાદે કુવો બંધાવ્યો છે.

૧૮૫૭ **કાવશજી લંગડા.** શેઠ કાવશજી શાપુરજી લંગડા પોતાના વતન નવસારીથી મુંબઇ જઇ શેઠ જમશેદજી શેરાબજી બારભાયાની મારફત લઇ ચીન ગયા હતા. પાછલથી શેઠ બેરાંમજી હીરાજી કોહલા તથા શેઠો બેરાંમજી અને નશરવાનજી દોરાબજી મેહેતા સાથે વેપાર ચલાવી સારી પુંજી ભેગી કરી. ચીનમાં ઇ. સ. ૧૮૪૫માં ત્યાંની અંજુમનને લગતું ધર્મનું ફંડ સ્થાપવામાં એવણે આગેવાંની લીધી હતી. તે ફંડના પેહેલવેહેલા પોતે ત્રસ્ટી ઠર્યા હતા. એવણ વીશે તા. ૧૬ ફેબ્રુઆરી ૧૮૫૭નું જામે જમશેદ લખે છે કેઃ——

એ મરનાર એક સારી લાએકીવાલો તથા ધીરા શવભાવનો અને મોટી આબરૂવાલો હતો. એ મરનારે પોતાની ઘણીખરી વએ શ્રી ચીન તથા કલકતા ખાતેનાં વેપારનાં કામમાં કાહડી હતી અને તે સાથે સભાવમાં એક અમીરનાં જેહવી ખાશીઅત રાખતો હતો તેથી ઘણાંએક વેપારીઓ તથા બીજા શારી આબરૂવાલા ઘરહશયો એ મરનારને ઘટતું માન આપતા હતા. એ મરનારનાં ગુજરવાથી તેહનાં કુટુંબમાં તથા દોશત આશનાંઓમાં એક મોહોટી નાખુશી ઉપજી છે.

[જામે જમશેદ, ૧૬ મી ફેબરવારી ૧૮૫૭.]

૧૮૫૮ **નવસારીનો પ્રેલો નામવર બેટો.** નવસારી ભુમીનું નામીચું નંગ, જેણે પોતાના વતન લેખે નવસારીને જેબ આપ્યો છે, જેણે પોતાના પરાક્રમોથી મુંબઈ ભૂમીનું નામ આશકારા કર્યું છે, અને જેણે પારશી ટો-

લાને કેટલાક જમાનાઓ સુધી જીવતો જાગતો ઉભો રેહવાના કામો ક-
ર્યા છે તે સર જમશેદજી જીજીભાઇ. બાપેદાદે આપણો એક નોશાકરો ઇ.
સ. ૧૮૫૯માં તા. ૧૪ મી એપ્રેલને દિને આ જેહાંનથી બીજી જેહાંનમાં
મુસાફરી કરવા ઉપડી ગયો હતો. એક ગરીબ માબાપને પેટે ગરીબ
પુત્ર લેખે પેદા પડી દુધ પુતે અને ખજાને આબાદ થઇ એક પાદશાહી
પદ્ધિમાં મરણ પામ્યા હતા. નવસારીથી મુંબઇમાં નાહની ઉમરે જઇ
પોતાના માસા અને સસરા શેઠ ફરાંમજી નશરવાનજીની ખાલી બાતલી
વેચવાની દુકાંન ઉપર પ્રથમ રહ્યા હતા. રારત ગોફતાર તા. ૧૭
એપ્રીલ ૧૮૫૯માં કહે છે કે:—સર જમશેદજી જીજીભાઇનો
જનમ ઇસવી સને ૧૭૮૩નાં વરશની તારીખ ૧૫ મી જુલાઇને દીને
ગુજરાત પરાંતમાં નોસારી કશબામાં "મલેશર" મધે થાએઓ હતો.
સર જમશેદજીના બાપનું નાંમ જીજીભાઇ ચાંનજીભાઈ કરીને હતું.
જીજીભાઇ મલેસરનો એક ગરીબ તોપણ આબરૂવાલો રેહેવાસી હતો.
સર જમશેદજીની ઉમર ૧૬) વરશની પુરી થાઇ નહી હતી એટલામાં
તેવણના બાવા તથા માતાજી (જીવનબાઇ) એક વરસનાં અરસાની અં-
દર બંધે ગુજરી ગયાં હતાં. એ માંબાપોએ સર જમશેદજીને નાંહાંન-
પણથી ગુજરાંન સોધવાને સારૂ મુંબઇ ખાતે મોકલેઆ હતા: મુંબઇ
મધે જમશેદજીએ પોતાના શશરા મરનાર શેઠ ફરાંમજી નશરવાંનજી
બાટલીવાલાનાં ઘરમાં ઉતારો લીધો હતો.

ઈ. સ. ૧૭૯૯માં ચીન ખાતે મેહેતાગીરી કરવા ગયા હતા. અને
ઇ. સ. ૧૮૦૨થી ચીન ખાતે પોતાના સસરા સાથે ભાગમાં વેપાર કરવા
લાગ્યા. વેપારી કુનેહમાં એવણ જોડા વગરના હતા. એવણ ૪–૫ વાર
ચીનની મુસાફરીએ ગયા હતા. ઇ. સ. ૧૮૦૫માં એવણને "કેપ ઓફ
ગુડ હોપ" ખાતે એકવાર એવણના વાહાણસાથે ફ્રેંન્ચોની લડાઈની
એ મનવારવાલાઓ, લડાઇના બંધવા દાખલ, પકડી લઇ ગયા હતા, પ-
છી પેહેરેલે કપડેજ એવણને છોડી દેવામાં આવ્યા હતા. મોટા નાખોદા
મહમદઅલી રોગે સાથે તથા શા. મોતીચંદ અમીચંદ સાથે મોટા
પાયા ઉપર ચોતરફનો વેપાર ચલાવ્યો અને કરોડપતિ થયા. સંખ્યા-
બંધ વાંહાણો ખરીદયાં. ઇ. સ. ૧૮૪૯ પછી એવણે દીકરાઓને
વેપાર ધંધો સોંપી એકાંત જીંદગી ગુજારવા માંડી હતી. ઇ. સ. ૧૮૨૨
થી "સખાવત" ની સંજ્ઞા અને "સખી" નું વિશેષણ પોતાનુંજ
કરી બેઠા. લગભગ ૩૩ લાખ રૂપીયાની સખાવત કરી. "Indian

Peebody " કેહવાયા હતા. એવણનું વૃતાંત બહુ લાંબું છે, તે આ જગાએ આપી શકાતું નથી. પણ આખા હીંદમાં પેહેલવેહેલો બારોનેટ થનાર આપણો આ નોશાકરો હતો એમ આપણે એના નામથી વડાઇ લેવામાં મોટી બડાઈ મારતા ગણાશું નહીં.

૧૮૬૦ **બ્યારાનું દોખમું.** કસ્બે બ્યારા પ્રાંત નવસારીમાં અંજુમનના ઉંઘરાટથી અને મુંબઇવાલા શેઠ ખરશેદજી નશરવાંનજી કામાની આગેવાનીથી એક દોખમું બાંધવાનો તાંણો ઇ. સ. ૧૮૬૦માં પુરવામાં આવ્યો હતો, અને ઈ. સ. ૧૮૬૩માં એ દોખમું તૈયાર થયું તેની તમામ મેનેજમેંટ નવસારીવાલા હિંમતવાન અને સ્વતંત્ર વિચારના નર, આ. એરચજી જમશેદજી મોદી, જેવણે નવસારીની પ્રજાના ઘણા ઉપયોગી કામોમાં આગેવાન ભાગ લીધો હતો, તેવણે કરી હતી. જે વીશે તે દોખમાની તખ્તિ ઉપર પણ લેખ કોતરેલો છે કે " એ દખમું બંધાવા ઉપર. મેનીજર મોદી એરચજી જમશેદજી એદલજી નોશારીના."

૧૮૬૦ **ગારડાજી.** નવસારીના પ્રખ્યાત ગારડાજીના કુટુંબને પ્રકાશમાં લાવનાર શેઠ રૂસ્તમજી નવરોજી ગારડાજી હતા. એવણ નવસારીમાં તેમજ ધરમપોર, વાંસદા, વગેરે ગામોમાં બહુ જાંણીતા અને માનીતા હતા. પ્રથમમાં દારૂનો મોટો રોજગાર કીધો હતો. તે પછી પરચુરણ મકતાઓ રાખતા હતા. વાંસદા અને ધરમપોર જેવાં દેશી રાજ્યોમાં નાંણાની ધીરધાર એવણ ચલાવતા હતા. નવસારીવાલા લોકપ્રિય મરહુમ શેઠો જામાશજી તથા બરજોરજી ગારડાના એવણ પિતા થતા હતા. ઇ. સ. ૧૮૬૦ની તા. ૩૦ જુલાઇને દીને એવણ ૬૦ વરસની ઉમરે ગુજર્યા હતા. એવણ વીશે તા. ૧૫ આગષ્ટ ૧૮૬૦નું મુંબઈ સમાચાર કહે છેકે,

તા. ૩૦ મી જુલાઇ.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી

રૂસતમજી નવરોજજી ગારડા—તારીખ ૩૦ મી જુલાઇને દીને નોશારી મધે રૂશતમજી ગારડા નાંમનો એક ગરહસથ મરણ પાંમેઓચ. એ ગરહશથે નોશારીમાં અશતરી કેલવણીનાં કામને ઘણી શારી મદત કરી હતી.

[મુંબઈ સમાચાર, ૧૫ મી આગશટ ૧૮૬૦.]

૧૮૬૦
પહેલવહેલી ડીસ્પેન્સરી.

શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ પોતાના મરહુમ પીતાના પુન માટેની "વિકટોર્યા ડીસ્પેનસરી" ઉંઘડે તેટલાં તા. ૩જી મૈથી પોતાને ખરચે એક ધર્મનું દવાખાનું નવસારીમાં ઉઘાડ્યું હતું, અને તેના તબીબ ડાકટર રૂસ્તમજી હોરમજજી હાથીરાંમને નવસારી મોકલ્યા હતા. તે પછી હાલના નવસારીના "મોટા ડાકટર" જમશેદજી બેરાંમજી આવ્યા. જેવણ અત્રે લોકપ્રિય થઇ પડી, દુધ પુતે નવસારીની દોલત સુખી થયા. અને નવસારી જો કોઇને પણ વધારે ફળી હોય, તો તે એજ લાયકીવાલા ડાકટરને ફળી છે. એ વિકટોર્યા ડીસ્પેન્સરી કાલ્યાવાડી આગળ, ઇ. સ. ૧૮૬૨માં ઉઘાડવામાં આવી હતી. એ ડીસ્પેનસરી કાઢવા સર જમશેદજીએ ૭૫૦૦૦ રૂપૈઆ એલાહીદા કાઢયા હતા. આજેપણ એ ડીસ્પેન્સરી નોશારીને અને તેની આસપાસના લોકોને એક આશીરવાદ સમાન છે.

આ "વિકટોર્યા ચેરીટેબલ ડીસ્પેનરી" માટેના રૂ. ૭૫૦૦૦ મધેથી ઓસ્પીટલનું મકાન બાંધવા માટે રૂ. ૧૦૩૫૯ ખરચી બાકીના રૂપ્યાનું વ્યાજ ચાલુ ખરચમાં વાપરવાને અંગ્રેજ સરકારમાં અનામત રાખવામાં આવ્યા હતા, અને એ દવાખાનું ઇ. સ. ૧૮૬૨થી ચાલુ થયું હતું. નવસારીથી એ દવાખાનાં સુધી જવાનો રસ્તો ઘણોજ ખરાબ હતો, તે પાકો કરી મોટા ૨ પુલો બાંધવાને ડાવેજર લેડી આંવાંબાઇએ પોતાના ખાવીંદ મરહુમ સર જમશેદજીના પુનને માટે બાજા રૂ. ૧૮૩૭૬ સરકારમાં આપ્યા. અને અંગ્રેજ સરકારે કૃપાવંત થઇ તેમાં રૂ. ૩૭૬૬ ઉમેરીને રૂ. ૨૨૧૪૨ને ખરચે પાકો રસ્તો અને પથ્થરના પુલો બાંધી આપ્યા છે.

૧૮૬૧
દેશાઈ દરવાજામાં ખંડેરાવ માહારાજ.

તા. ૭ માર્ચ ૧૮૬૧ને દીને કૈલાસવાસી ખંડેરાવ માહારાજા મોટા દેશાઇજીના દરવાજામાં કરેલી ખાસ દરબારમાં પધાર્યા હતા. ત્યાં મોટા માણસોની મુલાકાત લીધી હતી, અને પારસીઓની રીતભાત માટે તથા તે દિવસે પારશીવાડાઓમાં કરેલી ધામધુમોથી પોતે ઘણા ખુશી થઇ સંતોષ જાહેર કીધો હતો.

૧૮૬૨
તવડીનું દોખમું.

ઇ. સ. ૧૮૬૨માં નવસારીની અંજુમનના સ્વામિત્વ હેઠલ નવસારીની પડોશમાં આવેલાં તવડી ગામમાં અંજુમનના ઉંઘરાટથી એક

દોખમું બાંધવાનો તાંણો પુરવામાં આવ્યો હતો. એ દોખમું તા. ૧૯ એપ્રીલ ૧૮૬૪ના રોજે નોશારોવાલાઓએ ઈજ્યું હતું. શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇ તરફથી ન્યાતનું ખાણું એ દિને થયું હતું. અને નવસારી તથા સુરતની વચ્ચે પોતાને ખરચે ખાસ ટ્રેન ફરતી કરાવી હતી. જે લોકો રહી ગયાં તેઓ તવડીની સીમમાં આંખી રાત પડયાં રહ્યાં, અને "ગીઆ તવડી ને આવ્યા રવડી" ની કેહવત ત્યારથી પડી ગઈ.

૧૮૬૨

મીનોચેર હોમજીવાલી અગ્યારી.

શેઠો અરદેસર, નસરવાનજી, અને હોમજી ખરશેદજી દાદી શેઠે પોતાના માતાજી મરહુમ બાઇ ભીખાઈજીનાં પુનને માટે નવસારી મધે દેશાઇજી ખરશેદજીના આતશબેરાંમ આગળની મનોચેર હોમજીવાલી પુરાંણી દરેહમેહેર નવેસર બંધાવી આપી હતી. તેને પરઠવાનું જશન તા. ૧૦ મે ૧૮૬૨ને દીને કર્યું હતું. જશન થઈ રહેવા બાદ મજકુર શેઠોએ દસ્તુર કેકોબાદજી રૂસ્તમજીને, દેશાઇ બરજોરજી નવરોજીને તથા શેઠ જામાસપજી રૂસ્તમજી ગારડાજીને તથા આ. બરજોરજી બહમનજી મીનોચેર હોમજીનાને અકેકી શાલ ભેટ આપી હતી.

૧૮૬૨

નવસારીના પ્રતાપે મુંબઇમાં મદ્રેસા.

બાઇ આંવાંબાઈ તે ડાવેજરલેડી જમશેદજી જીજીભાઈએ પોતાના ખાવીંદ મરહુમ સર જમશેદજીના ઉઠમણામાં નવસારીના દોખમા આગલ ચોમાસાંમાં જવાનો રસ્તો ઘણો બીકટ હોવાથી ત્યાં એક પાકી બાંધણીનો પુલ બંધાવી આપવા સારૂ રૂા. ૩૫૦૦૦ની તંદોરસ્તી પઢાવી હતી. પણ એક ધર્મનું કામ તોડી પાડવાને જે પ્રમાણે આજેપણ અહિંઆં કેટલાક વિઘ્નસંતોષીઓ ખટપટો ચલાવે છે, તેજ પ્રમાણે એ પુલની અગત નથી એવી એક તરફથી કાંનાસોરી થવાથી બાઇ સાહેએ તેજ રકમ "સર જમશેદજી જીજીભાઇ જરથોસ્તી મદ્રેસા" સ્થાપવામાં આપી દીધી, અને તેમાં રૂા. ૩૬૦૦ શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ આપ્યા પછી, તે ખાતું પગભર થઇ આપણા ધર્મના માહેર પેશ્વાઓ બાહાર પડવા પામ્યા છે. ટુંકમાં મુંબઇની એ મોટી મદ્રેસાનું મુળ નવસારીની મંજુર થયલી સખાવતને આભારી છે. કહોકે, ધર્મનું મુખ્ય મથક નવસારી, તેનાજ પ્રતાપથી ધર્મની મોટી મદ્રેસા મુંબઇમાં મંડાઇ ગયલી છે, અને તેમાંથી

દર વર્ષે વિદ્‌વાંનો બાહાર પડે છે.

૧૮૬૨
બેરાંમજી બાતલીવાલા.

નવસારીના એક જાંણીતા મલેશરા શેઠ બહેરાંમજી કાવશજી બાતલીવાલા નવસારીથી ઇ. સ. ૧૮૦૦ની શરૂવાતમાં મુંબઇ જઇ ગનબાવાના કુવા આગળ પરચુરણ સામાન વેચવાની પ્રથમ એક નાહની દુકાંન માંડીને વેપાર કરવા લાગા. વધતાં વધતાં અંગ્રેજી સામાન તથા દારૂનો મોટો વેપાર ચલાવ્યો. પાછળથી વેપાર ધીકવાથી ઇ. સ. ૧૮૫૧માં પોતાના સગા શેઠ પાલનજી હીરજીભાઇ બાતલીવાલા સાથે ભાગમાં " બહેરાંમજી અને પાલનજી " ની કુંપનીને નામે વેપાર ચલાવા લાગા. ઈ. સ. ૧૮૩૩માં મુંબઈમાં વરસાદ ઘણોજ ઓછો પડવાથી તે માટે એકત્ર બંદગી કરવાને એવણે પોતાને ખરચે વાહાડયાજીના આતશબેરાંમમાં જશન તથા નેઆતનું જમણ કીધું હતું. તે વેળાએ ત્યાંની અંજુમને તેવણને બહુ માન આપી શાલ ઓઢારી. તા. ૧ અકટોબર ૧૮૬૨ના મુંબઇ ચાબુકમાં એવણ માટે લખેછે કે " ખુદ પોતાની અક્કલ હુશીઆરીથી ગરીબી હાલતમાંથી નીકલી એક સારી દોલત ભેગી કરી હતી—અને દોલતનો કાંઇ નહી પણ ઘટતો ઉપયોગ કરેઓ હતો. " એ પ્રમાણે એક ગરીબ નોશાકરો મુંબઇમાં મોટાલોક થવા પામ્યો હતો.

૧૮૬૩
નોશારીનો પેહેલવેહેલો ડાકટર.

ઇ. સ. ૧૮૬૦માં નવસારી મધે શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ પોતાના મરહુમ પીતાવાલી " વીકટોર્યા દીસ્પેન્સરી " ઉંઘાડે ત્યાં સુધી કાઢેલાં કામ ચલાઉ ધર્મના દવાખાંનામાં નવસારી ખાતે પેહેલવેહેલા શીખેલા ડાકટર તરીકે શેઠ રૂસ્તમજી હોરમજજી હાથીરાંમ, જેવણે મુંબઈની ગ્રાંટ મેડીકલ કોલેજમાં વૈદાંનો અભીઆસ કરી ઈ. સ. ૧૮૬૦માં તબીબપણું ચલાવાની શનદ મેલવી હતી તેવણને મોકલ્યા હતા. અને ઇ. સ. ૧૮૬૨માં એ " વીકટોર્યા દીસ્પેનસરી " રીતસર ઉંઘડી તેના પણ સરકાર તરફથી એવણનેજ તબીબ તરીકે કાયમ રાખવામાં આવ્યા. એવણ ૨૭ વરસની કાચી ઉમરમાં નવસારી ખાતે ઇ. સ. ૧૮૬૩માં ગુજર્યા હતા. એવણ નવસારીના પેહેલવેહેલાજ " ડાકટર " હતા. ઘણા હુશીઆર અને મલતાવડા સ્વભાવના હતા.

૧૮૯૩
પેહેલ વેહેલો નોશાકરો મુનસફ.

ઈ. સ. ૧૮૯૩માં મુંબઈની હાઇકોર્ટ તરફથી નવસારીના વતની મોબેદ નશરવાંનજી શોરાબજી વજીફદારને મુનસફના હુદ્દાની સનદ આપવામાં આવી હતી. નવશારીના મોબેદોમાં એ પ્રમાણે પેહેલ વેહેલા સનદ પામનાર ગ્રહસ્થ આ હતા.

૧૮૯૩
મોંઘવારીમાં મદદ.

જે પ્રમાણે આજે ઈ. સ. ૧૮૯૭ના વરસમાં વરસાદ કમી પડવાથી નવસારીમાં મોંઘવારી ચાલવાથી દુકાળનું મદદ ફંડ સ્થપાઈ ગરીબ લોકોને સસતો અનાજ પુરો પાડવામાં આવે છે, તેજ પ્રમાણે ઈ. સ. ૧૮૯૩ના સપ્ટેંબર મહીનામાં નવસારી અને તેની આસપાસ તમામ ગુજરાતમાં મોંઘવારી ચાલવાથી ઓનરેબલ રૂસતમજી જમશેદજી જીજીભાઈએ ફ્રેરેફ ગરીબ હમજાતીઓને ત્યાં પોતાને ખરચે અનાજ પુરો પાડયો હતો.

૧૮૯૩
ડાકટર હાઉગ નવસારીમાં.

મુંબઈનાં કેળવણી ખાતાંના વડા મી. ઇ. આઇ. હાવર્ડની સુચના ઉપરથી મુંબઇ સરકારને ખરચે પુના કોલેજના સંસ્કૃત ભાષાના પ્રોફેસર ડાકટર માર્ટીન હાઉગ, દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસ્પઆશા સાથે જુનાં પુરાંણાં જંદ પેહેલવી તથા પારશીઓના ધર્મને લગતાં દફતરોની શોધ કરવાને ગુજરાત તરફ આવ્યો હતો. તે તા. ૭ જાનેવારી ૧૮૬૪ ને દીને સુરત થઇ નવસારીમાં આવ્યો હતો. અત્રેના દસ્તુર કેકોબાદજી રૂસ્તમજી મેહેરજીરાંણા પાસેથી યજદેજરદી ૮૦૦ (ઇ. સ. ૧૪૩૧) માં લખાયલી દીનકર્દ કેતાબના સાત જુજો, તેમજ દસ્તુર જમશેદજી રૂશતમજી જામાસ્પઆશાના પાસેથી ૩૦૦ વર્ષની લખેલી એક રેવાયત તથા શેકન ગુમાની વજારની કેતાબો, તથા શેઠ શોરાબજી એદલજી વજીફદાર તે હાઇસ્કુલના હેડમાસ્તર પાસેથી ૨૨૫ વર્ષ ઉપર લખાયલી વંદીદાદની એક નકલ લઇ ગયો હતો. એ ઉપરાંત વંદીદાદ, ઈજશને, વીસ્પરદ, અને ખોરદેહ અવસ્તાના ૩૫૦ વર્ષ ઉપર લખાયલાં કેટલાંક દફતરો તથા "વેહા તુરક" ની એક નકલ, કોઈ એક મોબેદની પાસેથી વેચાતાં લઈ ગયો હતો. હેડમાસ્તર મી. શોરાબજીએ ડાકટર હાઉગ તથા દસ્તુર હોશંગજીને, દસ્તુર દેશાઈઓ તથા મોબેદોનો એક મોટો મેળાવડો ભેગો કરી, તા. ૧૩ જાનેવારીને દીને મોટી જી-

આફ્રત આપી દેશાઈ દશતુરોની ઓલખાંણ કરાવી હતી.

૧૮૬૪ **કાઉભઈ શકલાતવાલા.** નવસારીના વતની શેઠ દોરાબજી જમશેદજી શકલાતવાલાના વડા દીકરા શેઠ કાવશજી ઉર્ફે "કાઉભઇ" ઇ. સ. ૧૮૬૪ માં ૭૦ વરસની વયે મુજર્યો હતા. એવણે પોતાના બાપની સાથે શકલાતના વેપારમાં પડીને ઘણી પુંજી અને ઇજ્જત મેળવી હતી. ઇ. સ. ૧૮૫૩માં બાપના મરણ પછી પોતાના ભાઇઓની સાથે મુંબઇ મધે "દોરાબજી જમશેદજીના છોકરાઓ" ને નામે પેઢી ચલાવી હતી.

૧૮૬૪ **બહુમાન માટે નાપસંદગી.** વડોદરાના ગાયકવાડ મહારાજા ખંડેરાવ મુંબઈ મધે ફરવાને ઇ. સ. ૧૮૬૪ માં ગયા ત્યારે સર જમશેદજીએ પોતે એક નોશાકરા હોવાથી પોતાને ત્યાં તેવણને નોતર્યા. અને મોટી માનવંત મીજલશ મલી હતી. સરે, ખંડેરાવ મહારાજને જરીઆંનનો કિંમતી પોશાક તથા કેટલાંક નાંમીચાં જહવેરાતનું નજરાંણું કર્યું, તથા મહારાજ સાથે ગયલા સરદારોને ઉંચી કાશમીરી શાલો ઓઢાડી, જેથી ખુશી થઇને મહારાજે સર જમશેદજીને તેમનાં મકાંન આગલ હમેશાં નગારખાનું ચાલુ રાખવાને, અને તેના ખરચ સારૂ ગાયકવાડી મુલકમાંથી મોટી જાગીર કાઢી આપવાને તથા મુંબઇમાં બેશી ફરવા રાજદ્દારિ પાલખી આપી, "ગાયકવાડના પાલકી પદસ્ત" નું બહુમાન આપવા જણાવ્યું, પણ તે લેવાની સરે ઉપકાર સાથે ના પાડી. (જુઓ તા. ૧૯ જાનેવારી ૧૮૬૪ નું જાંમેજમશેદ)

૧૮૬૪ **સર બાર્ટલ ફ્રીઅર અને નોશાકરાઓ.** ઇ. સ. ૧૮૬૪માં મુંબઇનો નામદાર ગવર્નર સર બારટલ ફ્રીઅર, સુરત ખાતેની સર કાવશજી જેહાંગીરવાલી ઓસ્પીટલ ઉઘાડવાના સમારંભ સારૂ જતો હતો. તે પ્રસંગે શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ લેડી આંવાંબાઈ સાથે અત્રે પધાર્યા હતા. અને ગરીબ લોકોમાં મોટ મોટી રકમોનું વેંહેંચાંણ કરતાં હતાં; તે પ્રસંગે ગવર્નરને સુરત તરફ જતો જાંણી તેવણે નોશાકરાઓ પાસે એક માનપત્ર તૈયાર કરાવ્યું. નવસારીના તે વેળાના શુબાએ તથા દેશાઈઓએ તેમાં મુખ્ય ભાગ લીધો હતો. ગવર્નર નવસારી સ્ટેશન ઉપર ઉતર્યા હતા, અને માનપત્ર સ્વિકાર્યું હતું. ગવર્નરે શેઠ રૂસતમ-

જીને નવસારીમાં જોઇ સંતોષ બતાવ્યો હતો કે, "તેવણ મુંબઈની હેજગારી એકવાર પડતી મેલીને પોતાના સ્વદેશીઓ તથા સગાં વાહલાંઓ સાથે આ કશબાઓમાં કેટલોક વખત પોતાના વતનીઓને ફાયદો કરવામાં ગુજારવાથી તમો ઓનરેબલ શેઠને મોટો દિલાસો અને સુખ મલતું હશે." વળી નવસારીના પારશીઓએ તેજ અરસામાં ડાકટર હાકિંગને મદદ કરવા માટે ગવર્નરે નોશાકરાઓનો ઉપકાર માન્યો હતો, અને દસ્તુર હોશંગજીની તારીફ કીધી કે તેવણ કાબેલ અને વફાદારછે.

૧૮૬૪

કાવશજી જાંગીરનું દવાખાંનું. ઈ. સ. ૧૮૬૪ તા. ૧૭ અકટોબરથી શેઠ કાવશજી જાંગીરજી રેડીમનીએ નવશારી કશબામાં આજ એક ધર્મનું દવાખાનું ડાકટર જમશેદજી બેહરાંમજી વીમા દલાલનાં ઉપરીપણાં હેઠલ પોતાને ખરચે ચાલુ કીધું હતું. તા. ૩૦ અકટોબર ૧૮૬૪ના ગુજરાત મિત્ર ઉપરથી જણાય છે કે એ દવાખાંનું ઇ. સ. ૧૮૬૭ના માર્ચ માસં સુધી શેઠ કાવશજીએ ચાલુ રાખ્યું હતું, અને તે પાછલ તેવણના રૂા. ૪૫૬૫ ખરચાયા હતા. એ બાદ એ દવાખાંનું શેઠ અરદેશર હોરમજી વાડીઆએ દેશાઈજી ટેહમુરસ્પભાઇના ઘરમાં આસરે ૪ વર્ષ સુધી પોતાને ખરચે ચાલુ રાખ્યું હતું.

ગંદેવીનું દોખમું. નવસારીની અંજુમનના ઉપરીપણાં હેઠલ ગંદેવી ગામમાં અંજુમનના ઉંગરાટથી તથા શેઠ કાવશજી જેહાંગીર રેડીમનીની મદદથી દોખમું બાંધવાનો તાંણો પુરવાની ક્રિયા ઇ. સ. ૧૮૬૬ માં કરવામાં આવી હતી. જે વેળાએ ૪૦૦૦ પારશીઓ ભેગા મલ્યા હતા. એ દોખમું ઈ. સ. ૧૮૭૦ માં તૈયાર થવાથી નવસારીની અંજુમનના ઉપરીપણા હેઠલ ઇજવામાં આવ્યું હતું.

વાએજી કરવાનો ચાલ. રપીથવનનાં જશનની ક્રિયાઓમાં, જશન પુરૂં થવા પછી ધર્મ સંબંધી વાએજી, વિદ્દ્વાન દસ્તુર કૉમશજી દારાબજી મેહેરજીરાંણા (ઉર્ફે "રાહનુમાયનું સાંકલ્યું" યાને રાહનુમાય સભામાં જેબી અવસ્તા કે બીજી માહીતી જોઇએ તે એવણ મોંઢે બોલી જતા હતા તેથી સાંકલ્યાંની ગરજ ગોયા સારતા હતા) ઘણી દીનદારીની વાએજો કરતા હતા, તે ચાલ બંધ પડી ગયાથી તે પાછો ચાલુ કરવાનો રવૈયો ઇ. સ. ૧૮૬૬માં નીકલ્યો હતો. અને પેહેલવેહેલી વાએજી "માણસ જાતને સચ્ચાઇથી રેહેવાની જરૂર" વીશે અવસ્તાની દલીલો સાથની એક અસરકારક વાએજી તા. ૨૫ સપ્ટેંબર

ને દીને દસ્તુર રૂસ્તમજી કેકોબાદજી મેહેરજીરાંણાએ સમજાવી હતી.

રૂપાંના પાત્રાંની પેહેલ. દેશાઈ શ્રી ખુરશેદજીવાલાં અત્રેનાં આતશબેહરાંમ સાહેબમાં તાંબા પીતલના યજ્ઞકુંડને બદલે કેબલો રાખવા સારૂ રૂ. ૧૦૦૦૦ ની કિંમતનું ચાંદીનું એક પાત્રું આ. બેહરાંમજી નશરવાંનજી શીરવૈયે ચઢાવ્યું હતું. જે વેલા દેશાઈજી બરજોરજી નવરોજજીએ પોતાના કુટુંબના હક સંબંધી વાજબી વાંધો લઇ રીતસર લેખ થવા પછી ચઢવા દીધું હતુ. તે વેલાએ મોટી તકરાર ચાલી રહી હતી.

ઈંગ્લંડમાં પાસ થનાર પહેલ વેહેલો નોશાકરેજ. ઇ. સ. ૧૮૬૭ માં હિંદુસ્થાનનાં જંગલ ખાતાંમાં સરકાર તરફની નેમણુકને માટે લંદનમધે લેવાયલી પરિક્ષામાં ૨૦૦ ઉમેદવારો મધેથી ફક્ત પાંચ જણા પસાર થયા હતા, જેઓમાં એકજ નેટીવ હતો, અને તે એકજ પારશી હતો, અને તે આપણો પોલ્યા દેશાઈના ખાંદાંનનો નોશાકરો ભાઈ મી. ફરાંમજી રૂસ્તમજી દેશાઈ હતો. આ જંગલ ખાતાંની પરિક્ષામાં પસાર થનાર પેહેલવેહેલો નેટીવ હમારો નોશાકરોજ હતો. મી. ફરાંમજીએ પરિક્ષા પસાર કર્યા પછી કાયદા પ્રમાણે ફ્રાન્સ તથા જરમનીનાં મોટાં મોટાં જંગલોમાં અઢી વરસ સુધી તાલીમ લઇ ઇ. સ. ૧૮૬૯ માં હિંદુસ્થાનમાં આવી સીંધના જંગલ ખાતાંમાં નેમાયા હતા તા. ૯ માર્ચ ૧૮૬૭નું ટાઇમ્સ ઓફ ઇન્ડયા ખબર આપે છે કે, "Out of about 200 candidates who were examined in London for five Government appointments in the Forest Department of India, Mr. Framjee Rustomjee Desaee was declared to be one of the successful competitors. The salary attached to the office is Rs 250 per mensem to commence with. Mr. Framjee had been prosecuting his studies in England for some time; and, before coming out to India, will have to travel over the continent to gain special knowledge connected with the Forest Department."

" શોરાબ બાગ. " તથા " નશરવાંન બાગ. "

બાહાર ગામોએથી નવસારીમાં આવનારા પારશીઓને ઉતારા માટે બહુ અગવડ પડવાથી નવસારીના વતની આ. કાવશજી શોરાબજી ભેદવારે પારશી મુસાફરોને વાપરવા તથા નવસારીના જરથોસ્તીઓને સર અવસરે વાપરવા, પોતાના મમાઈ બાઈ કુવરબાઇ તે એ. દાદાભાઇ નશરવાનજી ભેદવારના ધણીઆંણીના પુનને માટે, એક ધર્મશાળા બંધાવી તેને પોતાના બાવા એ. શોરાબજી પાલણજી ભેદવારના નામ ઉપરથી " શોરાબ બાગ" નામ આપી ઈ. સ. ૧૮૬૮ માં ખુલ્લી મેલી હતી. અને તેની મરામત માટે રૂ. ૨૦૦૦ એલાહીદા કાઢયા હતા. અને એ મકાંન તૈયાર થયાની ખુશાલીમાં બીજે દહાડે નોશારીના તમામ મરદોની, અને ત્રીજે દહાડે તમામ ઓરતોની ન્યાત જમાડી હતી.

ઉપલી ધર્મશાળા તૈયાર થયા પછી ૪ મહિના રહીને એ મકાંનથી થોડેજ છેટે, એ. નશરવાનજી ખરશેદજી કાંગાએ અહિંઆના જરથોસ્તીઓને વાપરવા તેમજ બાહાર ગામના પારશીઓને ઉતરવા "નોશારવાન બાગ " નામે એક ધર્મશાળા બંધાવી ખુલ્લી મેલી હતી. તેની મરામતને માટે રૂ. ૨૦૦૦ એલાહીદા કાઢયા હતા.

શાપુરજી શકલાતવાલા. શેઠ દોરાબજી જમશેદજી શકલાતવાલાના ચોઠા દીકરા શેઠ શાપુરજી જેવણ પોતાના બાપની સાથે સકલાતનો ઓહોલો વેપાર ચલાવતા હતા તેવણ એક નોશાકરા હતા. તેવણ ઇ. સ. ૧૮૫૩ થી બાપના મરણને લીધે " દોરાબજી જમશેદજીના છોકરાઓ " ને નામે વેપાર ચલાવતા હતા. વલી તે ઉપરાંત ઇ. સ. ૧૮૬૦॥ થી એવણે નવસારીના વતની શેઠો નશરવાનજી રતનજી તાતા, તથા જમશેદજી નશરવાંનજી તાતા તથા મુંબઇના શેઠ કાહાનદાસ નારણદાસ સાથે " નશરવાંનજી રતનજીની કુંપની " ના નાંમથી બીજો વેપાર તથા કંટ્રાકટ ચલાવતા હતા. મુંબઈની યુનાઇટેડ સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપનીના એવણ ડાયરેકટર હતા. આરઓ સાથના નાહનપણનાજ પરિચયને લીધે એવણ અરબી ભાષા અચ્છી જાણતા હતા. એવણ ઇ. સ. ૧૮૬૮માં ૬૦ વરસની વયે ગુજર્યા હતા.

૧૭૯

પાદરી વીલસન નવસારીમાં.

મુંબઇનો પ્રખ્યાત પાદરી રેવરંડ ડાકટર જૉન વીલસન ડી. ડી. જે મુંબઇમાં ઇ. સ. ૧૮૨૯ના સુમારે આવી દાહેકાઓ સુધી ત્યાં રહી પોતાના ધર્મમાં હિંદુસ્થાનના લોકોને વટલાવામાં ફત્તેહ પામતો હતો, તથા જેના માનમાં મુંબઇમાં વીલસન કોલેજ સ્થપાયલી છે, અને જેને પારશી, હીંદુ વગેરે મુંબઇની સઘળી જ્ઞાતના લોકોએ ગવર્નરના પ્રમુખપણા હેઠળ માનપત્ર આપી રૂપાંનો એક " સાલ્વર, " તથા રૂા ૨૭૦૦૦ નું ફંડ ભેગું કરી તેનું વ્યાજ. એ વિદ્વાનને આપતું કર્યું હતું, તે વીલસન પાદરી ગુપચુપ નવસારીમાં ઇ. સ. ૧૮૪૪-૪૫ (સંવત ૧૯૦૦) ના અરસામાં આવ્યો હતો. કાલ્યાવાડીમાં તેણે પોતાનો મુકામ રાખ્યો હતો, અને ત્રણ દિવસ રહી પોતાનું નામ જણાવ્યા વગર, શોધખોલ ચલાવા લાગો. એક દહાડે પાછલા પોહોરના ઘોડા ઉપર ફરતો ફરતો દેશાઇજીના આતશબેહેરાંમ આગલ આવી ઘોડા ઉપરથી ઉતરી પડી, આતશબહેરાંમ સાહેબના પેહેલા દરવાજામાં દાખલ થયો. તે વેળાએ વારાદાર મોબેદો આ. નવરોજી જમશેદજી બામજી અને રૂસ્તમજી ખરશેદજી. ગાંરા અગ્યારીના અંદરના ભાગમાં ગભરાતથી બુમો પાડતા ચાલી ગયા, " ટોપીવારો અગ્યારીમાં દાખલ થયો છે. " ત્યાં દેશાઇ ફરદુનજી હોરમજી ઉર્ફે " જીજીસાહેબ " હાજર હતા, તેવણે આતશબહેરાંમના જુના બંગલાની સીહડી આગળ તેને રોકી રાખ્યો. તે અંદર જાવા માંગે, પણ જીજીસાહેબ તે કાંઇ સમજી શકે નહીં, એટલે હોંજનતોજી કર્યા કરે. એવામાં મરહુમ દશતુર જમશેદજી રૂસ્તમજી જામાસપઆશા આવી લાગ્યા. તેવણે વીલસનને ફારશી ભાષામાં સવાલ કર્યો. તે વેળાએ વીલસન ફારશી સમજતો હતો, પણ બોલતાં અચકાતો હતો. જ્યારે વીલસનને ખબર થઇ, કે એતો પવિત્ર આતશનો કેબલો છે, તેવાંજ દરગુજર ચાહી બાહાર નીકલી પડયો. આ વખતે દેશાઇજી બરજોરજી નવરોજીવાલું મોટું ઘર બંધાયલું નોહોતું, તે જગા ઉપર જમશેદજી દસ્તુર સાથે ઉભા રહી લાંબો વખતવેર વાતો ચલાવી. બંન્નેની ગોફતેગો જરથોસ્તી ધર્મ સંબંધી હતી. તે પછી તેણે જરથોસ્તી ધર્મની કેતાબો જોવા ઇચ્છા બતાવી. જમશેદજી દસ્તુર ઘણા કાબેલ, અને

સ્વતંત્ર વિચારના એક ખરેખરા નોશાકરા નર હતા, તેવણનું ઘર આતશ-બેરાંમવાલા મોહોલ્લામાંજ હોવાથી ત્યાં તેને લઇ જઇ પોતાના ઓટલા ઉપર બાહાર બેસાડી ધર્મની જુની કેતાબો બતાવા માંડી. એ ઘર આગળ તે નવાઇ જેવું જોવા લોકોની ઠઠ મલી હતી. વીલ્સને કેટલીક કેતાબો પોતે વેચાતી લેવા ચાહી, પણ તે વેળાના નવસારીના ધર્મ ચુસ્ત દશતુર મોબેદો અસલ બાપદાદાની કેતાબો કદિપણ ઘરમાંથી બાહાર કાઢતા ન હોવાથી, તે કેતાબો વેચવા સાફ નાં પાડી! વીલ્સન આથી ઘણો દિલગીર થઇ ગયો. તે કેતાબોમાં શાહનામાનો પાછલો ભાગ, તેનું અરધું દફતર હતું; જે સને ૯૦૦માં લખાયલું હતું, તેના રૂ. ૩૦૦ આપવા વીલ્સને જણાવ્યું. જમશેદજી દસ્તુર જોકે ગરીબ હાલતના હતા છતાં સાફ ના પાડી! એ વખતે તેવણના બેટા દસ્તુર ખરશેદજી, જેવણ હાલ મકિના વડા દશતુર છે, તેવણ જોકે હેરબદ થયલા નોહતા, તોપણ ઇજશને, વંદીદાદ, વીસ્પરદ ભણી જાણતા હતા, તેવણ પાસે વીલ્સને તે અવસ્તાઇ કલાંમો ભણાવી પોતે ખુશ ખુશ થઇ ગયો, અને રૂ. ૫) આશોદાદ આપવા કર્યા, પણ જમશેદજી દસ્તુરે તે લેવાને પણ ના પાડી. કેમકે જુદદીનને હાથની આશોદાદ લેવી, તે વેળાએ ગુનાહભરેલું સમજવામાં આવતું. તોપણ તેવણની ગરીબી હાલત છતાં એ આશોદાદ વગેરે ન લીધાથી કેટલાક લોકોએ તેવણને ઠપકો આપ્યો હતો. કલાક પાને શુમારે તે નાશીપાશીથી છુટો પડયો હતો.

જોકે, મુંબઇમાં પાદરી વીલ્શન બધાંને વટલાવે છે, એવી વાતથી ચોતરફ હિંદમાં લોકો બીહ ગયાં હતાં, પરંતુ નવસારીમાં તે જેટલો વખત રહ્યો તેટલો વખત એ વીલ્સન પાદરી છે એમ કોઇના જાંણવામાં આવ્યું નોહોતું, પણ વીલ્સને પોતે જ્યારે મુંબઇમાં તે વીશે ઘણાઓની આગળ ઉમલી બધી હકીકત કહી ત્યારે એક મહીનો રહીને મુંબઇથી નવસારી ખાતે ઠપકાના કાગળો લખાઇ આવ્યાં કે " પાદરી વીલ્સન નવસારીમાં આવ્યો તેને જમશેદજી દસ્તુરે બધી દીન ધરમની કેતાબો દેખાડીને બધું કહી આપ્યું તે સારૂં નહીં, કાંજે તેતો પારશીઓને વતલાવે છે. "

એ જમશેદજી દસ્તુર સ્વતંત્ર વિચારના પઢેલા દસ્તુર હોવાથી અત્રેના હેડમાસ્તર મરહુમ શેરાબજી વજીફદારને ત્યાં પાછલી રાતે જ્યાફ-તમાં ચસાથી થોડોક વખત છુટા પાડેલા પણ તેની બીલકુલ

પરવા ન કરવાથી ઉલટા પોતે કેહતા કે, મેં બધાઓને ન્યાતબાહાર મુકેલા છે. આખરે અંજુમને તેવણ સાથે પાછી સલાહ કરવાનું વાજબી વિચાર્યું હતું. એ પ્રમાણે ડાકટર વીલ્સન પણ નવસારીની મુલાકાત લઇ ગયો છે. "

દાદાભાઈ વાછા. નવસારીના વતની શેઠ દાદાભાઇ માણેકજી વાછા, તે શેઠ માણેકજી જીજીભાઇ વાછાના નાહલા દીકરા. એવણ પોતાના કાકા મરહુમ સર જમશેદજી તરફથી વ્યાપાર માટે ચીન જઇ સારી પુંજી મેલવી પ્રખ્યાત થયા હતા. અને તે પુંજીનો મોટો ભાગ, પોતાના કુટુંબમાં ઓપ્રે ઉતરતા આવેલા " સખાવત " ના વારસાની રૂએ, ધર્મખાતે આપ્યો હતો.

હુઅરસ્તે ઉર્ફે જેનરલ ફંડ.

નવસારીની અંજુમનને લગતાં ધર્મનાં કામો કરવાને માટે તા: ૧૩ મે ૧૮૭૦ ને દીને અત્રેની અંજુમને ભેગી મલી " નવસારી હુઅરેસ્તે ફંડ " યાને નવસારીના જરથોસ્તીઓનું નેક કામને લગતું ફંડ ઉભું કીધું હતું, અને તેના બ્યાજમાંથી પ્રથમ જરથોસ્તી રવાંનોને અવલ મંજલ પોંહચાડવાનાં કારણસર નવસારી ખાતે દોખમા સુધી જે રસ્તો બંધાય તેની ઘટતી મરામત કરવાનો, તથા તે ઉપરાંત જો વધુ ઉપજ થાય તો દરરોજની એક ઇજિશની તથા આફ્રીંગાંન બાજ અને દર ફરવરદીન રોજે દોખમા આગળ જશન કરવાનો, તથા તે કરતાં પણ વધુ ઉપજ થાય તો દરશાલનો તીરમહીનાનો એક શેહેરી ઘાહંબાર કરવાનો, વગેરે ઠરાવો થયા હતા. એ ફંડનો વહીવટ ચલાવવા માટે દેશાઇ બરજોરજી પાલણજી (ચેરનશીન તથા ખજાનચી) તથા તે વેળાના હૈયાત દસ્તુર કૈકોબાદજીના બેટા માહીઆરજી (નાયબ શેરેનશીન તથા ખજાંનચી), દેશાઈ મનચેરજી બરજોરજી (સેક્રેટરી), તથા જામાસપજી એદલજી દેશાઇ (પોલ્યા), નવરોજજી રતનજી કુતાર. માણેકજી બેરાંમજી મુનશી, જામાસપજી રૂસ્તમજી ગારડા, એદલજી રૂસ્તમજી ગાએ, ફરાંમજી ફકીરજી તંબોલી તથા રતનજી પેશતનજી સુતરીઆને તરસ્ટીઓ ઠરાવ્યા હતા.

તે પછી તા. ૪ ડીસેંબર ૧૮૭૨ ને દીને નવાં ઉભાં થયલાં અંગ્રેજી નામ સાથના " જેનરલ ફંડ " સાથે, અવસ્તાઈ નામવાલું " હુઅરેસ્તે ફંડ " જોડી નાંખવામાં આવ્યું, તેમાં રૂા. ૪૩૫૫ (તે મધે નવસારી ખાતે રૂા. ૨૮૦૪ અને મુંબઇના રૂા. ૧૫૫૧) પૈકી ૨॥ વર્ષના બ્યાજ મધેથી ખરચ બાદ જતાં રૂા. ૪૦૦૦ની સરકારી નોટ અને રૂાં. ૩૫૫ રોકડા, નવાં ફંડમાં આપી, હુઅરેસ્તે ફંડનો હિસાબ બંધ કર્યો હતો. એ ફંડના પાછળથી ૧૧ નવા સભાસદો થયા હતા. તેમાં મુખ્ય ભાગ બેહેદીન હોરમજી આશાજી હવાલદાર નામના " નવસારીના નવરોજી ફરદુનજી " ગણાતા એક ઘણા હિંમતવાન, અને કદિ છોડે નહીં એવા મજબુત અને દ્રઢ વિચારના નરે એ ફંડના રક્ષણ માટે કોર્ટ દરબારે પૈસા ટકાથી હેરાંન થઇ નોશારીની અચ્છી શેવા બજાવી હતી. જેના માનમાં એવણ જ્યારે ઈ. સ. ૧૮૯૫ માં ગુજરી ગયા, ત્યારે એક ગ્રહસ્થે રૂા. ૩૦૦ની રકમ એલાહીદી કાઢેલી જણાવી હતી. હાલ એ જેનરલ ફંડમાં આશરે રૂા. ૧૨૦૦૦ ની થાપણ થયલી છે. એ ફંડનાં વહિવટમાં સ્વતંત્ર વિચારના મરહુમ દેશાઇ બરજોરજી પાલણજીએ ઘણી મેહેનત અને જોહેમતથી સારો વધારો કર્યો હતો. જેના બદલામાં તેવણને એક શાલ અંજુમને ઓઢાડી હતી.

૧૮૭૦
કબીસાની તકરાર.

ઇ. સ. ૧૮૭૦ માં કબીસાની તકરાર ચોતરફ ફેલાયલી હોવાથી નવસારીના વિદ્વાન એરવદ મનચેરજી શાપુરજી વાછાએ વડા દેશાઇજી બરજોરજી નવરોજીના પ્રમુખપણાં હેઠલ તા. ૨૨ મે ૧૮૭૦ને દીને " કબીશા " વીશે એક છટાદાર ભાષણ કર્યું હતું.

એ કબાસાની સમજણ એવી છે કેઃ—હાલમાં પારશીઓમાં બે મુખ્ય વિભાગો છે. ૧—કદમી, અને ૨—રસમી અથવા શેહેનશાહી. કદમી = યાને કદિમિ, અથવા કદિમથી ચાલતા આવેલા રેવાજ પ્રમાણે ચાલનારા. અને રસમી = એટલે ચાલતી આવેલી રસમને અવલંબી વર્તનારા, અને ઇરાંનના શાહનશાહના રેવાજ પ્રમાણેની ગણત્રિ ગણનારા, તે ઉપરથી શેહેનશાહી પણ કહેવાય છે. એ વિભાગો મી. અ. બ. પટેલના કહેવા પ્રમાણે ઇ. સ. ૧૭૪૫થી પડેલા છે. એ બે વિભાગો થવાનું કારણ આ છે. જે કેટલાક પારસીઓ અમુક મહિનો ગણે છે, તે બીજા કેટલાકો ન ગણતાં તેની આગળનો ગણે છે. યાને કદિમીઓ એક મહીનો આગળ અને શેહેનશાહીઓ એક મહીનો પાછળ ગણે છે.

કદમિઓનો અરદીબેહેસ્ત મહિનો હોયતો શેહેનશાહીઓનો ફરવરદીન મહિનો હોય છે. એક મહિનો પાછલ ગણનારાઓની દલીલ એવી છે કે, ઇરાનથી પારશીઓ હિંદમાં નાશી આવ્યા પછી એક કબિસો (૩૬૫ દહાડાનું એક વરસ એનો હિસાબ મેળવવા દર ૧૨૦ વરસે એક મહિનો ઉમેરવાના રેવાજને કબિશો અથવા કબીશો કહે છે) કીધો છે. જેઓ એક મહિનો આગલ છે, તેઓ કહે છે કે એ કબીસો આપણે કીધો નથી, એવી તકરાર ઘણા વરસો સુધી જોસભેર ચાલ્યા પછી અંતે ઇ. સ. ૧૭૪૫માં કદમીઓએ એક મહિનો આગમચથી મુકતાદ માંડવા શરૂ કીધા, તે દિવસથી કદમી અને રસમી એવા બે ભાગો થયા. એક મહિનો આગળ રોજ માહ ભણવાની રીત અરમાનીના દલાલ શેઠ માણેકજી એદલજી અરમાનીએ છેક સને ૧૭૨૨ થી શરૂ કરી હતી એમ કહે છે.

૧૮૭૧ કેકોબાદજી દસ્તુર. નવસારીના દશતુર રૂશતમજી નશરવાનજીના વડા બેટા દસ્તુર કેકોબાદજી, તે હાલના દશતુર દારાબજી માહીયારજીના બાપાવા ૫૭ વરસની વયે તા. ૯ જાનેવારી ૧૮૭૧ ને દીને ગુજર્યા હતા. પોતાના બાપના મરણથી ઈ. સ. ૧૮૩૭ માં એવણને દશતુરી મલી હતી. એવણના વખતમાં નવસારી પંથકને તાબેના આસપાસના ઘણાં ગામોમાં નવી દરેહમેહેરો અને દોખમાઓ પરણાયાં હતાં. નવસારીમાં પારશી પંચાતના તથા સર જમશેદજી જીજીભાઇના ચેરીટી ફંડના ધર્મના કામોના ઇ. સ. ૧૮૫૦ થી એવણ એક મુખ્ય મેમબર હતા. ઇ. સ. ૧૮૬૧ માં કૈલાશવાશી ખંડેરાવ મહારાજની એવણે મુલાકાત લીધાથી એવણને કશબી શાલ તથા પાઘડી ભેટ મલ્યાં હતાં. તેમજ માહરાજે પોતાના ઘરડાં માતાજી સાથે પણ એઓને ઓલખાવ્યા હતા.

બીજા મેહેરજીરાંણા. દસ્તુર કેકોબાદજીએ ૩૪ વર્ષની લાંબામાં લાંબી દશતુરી ભોગવી, ત્યારે તેવણના બેટા મેહેરજીરાંણા તે હાલના વડા દશતુર દારાબજીના બાવાએ ૩૪ મહિનાનીજ ટુંકામાં ટુંકી દશતુરી ભોગવી ઈ. સ. ૧૮૭૩ માં ગુજરી ગયા. એવણને બાપના મરણથી ઇ. સ. ૧૮૭૧ માં દશતુરી મલી હતી. એવણ ઘણા સુધા અને ભણનાર ગણનાર હતા. જો એવણની દશતુરી થોડાં વધારે વર્ષ લંબાઈ હોત, તો એવણના ખાંદાનને તેમજ

નવસારીને ઘણો લાભ થાત એમ એવણના ભલા સ્વભાવ ઉપરથી ઘુ-જગો મત આપતા રહ્યા છે.

છેલ્લા ગાદીનશીન દેશાઇઓ.

પ્રથમ છુટી છુટી હકીકત નવસારીના છ ગાદીનશીન દેશાઇઓ વીશે આપણે જણાવી છે, હવે બાકીના ચાર ગાદીનશીના જે થઈ ગયા, તેઓ વગેરેની સામટી હકીકત જણાવ્યે.

૧—એ. હોરમજ એ. રૂસ્તમ. દેશાઇ રૂસ્તમજી મનચેરજીના બીજા બેટા. નવસારીના વડા દેસાઇની ગાદી ઉપર સાતમા દેશાઈ લેખે એવણ આવ્યા હતા. એવણ "હોરમજીભાઇ" ને નામે સાધારણ રીતે ઓલખાતા હતા. એવણનો જન્મ સંવત ૧૮૪૦માં થયો હતો. તા. ૪ મે ૧૮૫૫ ઇસવી રોજ ૧૧ માહ ૮, ૧૨૨૪ યજ્દેજરદીને દીને એવણના ભાઇ ખરશેદજીભાઇની ગાદીએ તેવણના ઉઠમણાને દીને આવ્યા હતા. સ્વભાવે હદ બાહાર ભોલા હતા. એવણ પોતાના બપાવાના પિત્રાઇ ભાઈ તેહમુરજી રૂસ્તમજીના પાલખ થયા હતા. તેથી એ. હોરમજ એ. તેહમુર નાંમે ફેહરેસ્તમાં લેવાય છે. એવણ સંવત ૧૯૧૪માં ગુજરી ગયા હતા. તા. ૬ મે ૧૮૫૫નું જામે જમશેદ એવણ માટે કહે છેકેઃ—"હમો શારીપેઠે જાણીએચ કે દેશાઇ હોરમજજી પોતાના વડીલાઓની જગો માંન ભરેલી રીતે ચલાવવાને લાએક છે."

૨—એ. તેહમુરસ્પ એ. બેહમન. એવણ દેશાઇની ગાદી ઉપર આઠમા દેશાઇ હતા. એવણના બાપ દેશાઈ જમશેદજી વરસો સુધી ગાયકવાડ સરકાર સાથે લડત ચલાવી તેના મીઠાં ફળ ચાખ્યા વિના ગુજરી ગયા હતા, તેના ફળો એ દેશાઇજીના વખતમાં મલ્યાં હતાં. એવણ ઘણો ભાગ મુંબઇનાજ એક શેઠયા તરીકે મુંબઇમાંજ રેહેતા હોવાથી એવણની વતી દેશાઇજી બરજોરજી નવરોજી દેશાઇગરૂં ચલાવતા હતા. એવણનો જન્મ સંવત ૧૮૬૧ માં થયો હતો. મુંબઈમાં નાવર મસાતબ કરવા સારૂ એવણે યોજના જાહેર કરી હતી, તે ફતેહ પામવા પામી નહી હતી. એવણ સંવત ૧૯૩૨ માં મરણ પામ્યા હતા. મુંબઇના દરેક મોટાં જાહેર કામોમાં એવણનો આગેવાની ભર્યો ભાગ હતો, એમ મુંબઇની પારસીઓને લગતી તવારીખોમાંથી

જણાઈ આવે છે. મરહુમ હોશીઆર, અને પરહેઝગાર હતા.

૩-**એ. બરજોર એ. નવરોજ.** નવસારીના દેશાઈની ગાદી ઉપર નવમા દેશાઇ લેખે દેશાઇ બરજોરજીભાઈ આવ્યા હતા. નવમા હોવાથી નવસો વીઘ્નો અને નવસો ખટપટો એવણની કારકીર્દી વખતે જાગી હતી. એવણનો જન્મ સંવત ૧૮૬૪ના શ્રાવણ વદ ૧૦ના રોજ થયો હતો. વેહેવલવાલા દેશાઇ શેઠજીભાઇની દીકરીના એવણ દીકરા થાય છે. જાણે ગોયા રીજંટ તરીકે એવણની કારકીર્દી દેશાઇ તેહમુરસજીની ગેરહાજરીમાં ચાલી હતી. દેશાઇ ખાંદાંન ઉપર સવા લાખ રૂપ્યાની જે વેળાએ ગાયકવાડ સરકારમાં તવાઈ આવી પડી હતી, તે એવણની કુનેહથી ખાંદાંનના લાભમાં ઉતરી હતી. એવણને પોતાના વડવાઓથી ઉતરતું આવેલું રૂ. ૩૦૦નું અંગ્રેજ સરકાર તરફથી પોલીટીકલ પેનશન મળતું હતું. તે એવણના મરણ પછી બંધ પડ્યું હતું. દેશાઇ ખુરશેદજીવાલા અત્રેના આતશબેહરાંમમાં રૂપાંનું પાતરૂં ચઢાવતી વેળા થયલા ઝગડાનો પોતાને મનમાનતો નીકાલ એવણના વખતમાં આવ્યો હતો. મ્યુનીશીપાલીટીમાં રૈયતને પણ ભાગ અપાવામાં એવણની પેહેલ હતી. અને તે વીશે સંવત ૧૯૧૯માં એવણ અને સરકાર વચ્ચે લખાંણો ચાલ્યાં હતાં. એવણને ખંડેરાવ ગાયકવાડ સાથે ગાઢ મીત્રાચારી હતી; અને સંવત ૧૮૫૭ના બળવા વખતે ખંડેરાવ માહારાજે અંગ્રેજ સરકારને મદદ કરવીજ જોઈએ એવી એવણની ખંતીલી સલાહ ઉપરથી માહારાજે બીજા તંત્રીઓની સલાહ લઈ તે પ્રમાણેજ વર્તણ કર્યું હતું. અકાબરોની શાક્ષી કોર્ટમાં ન લેતાં કમીશનથી લેવાનો ચાલ એવણથી થયો હતો. એક અચ્છા ઘોડેસ્વાર લેખે એવણનું નામ પ્રસિદ્ધ છે. છત્રેના સરકસમાં આજે ઘોડાના જેવા ખેલો થાય છે, તેવા કેટલાક એવણે નાનપણથી કરવા માંડતાં જોખમો પણ ખેડયા હતા. ગઝલો જોડવા તથા ગાવા વગેરેનો એવણનો શોખ જાંણીતો છે. પારશીઓને નાતરાં વગેરેની રજા સરકારમાંથી ન લેતાં પારશી અકાબરો સાથેજ સંબંધ રાખવા જેવો ધારો એવણે પસાર કરાવ્યો હતો. પોતાની ઓતોબાયોગ્રાફી એવણે કરૂણારસીક લખેલી, તથા કેટલીક વાર્તાઓ, કેટલીક પોતાની બનાવેલી ગજલો, પોતાના ખાસ ઘોડાની વિસ્મય પમાડનારી તવારીખ, ઘોડાના તથા બીજાં જાનવરો અને માણસો વીગેરેની દવાના નુસકાસંગ્રહ વીગેરે ઘણીક કેતાબો એવણે લખેલી વગર છપાવે ઉધઈનો ખોરાક

થવા લાગી છે. ભોદાનું આહવું થશે તો "એહેવાલે બરજોર" માં તે રીશે રસભરી હકીકત આપણે વાંચીશું. ફારશી, મરાઠી, વગેરેનું જ્ઞાન હોવાથી વાતોના, કેહવતોના, બેતોના, દોહરાઓના, અને ગઝલો કે કવિતાના દાખલા આપવામાં એવણ સમયસુચક હતા. ધરમપોરના રાજા વીજયદેવજી, મુંબઈના પેહેલા બારોનેટ, તથા બીજા બેરોનેટ, તથા રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ સાથે તથા વાહાડયાજી જીજીભાઈ દાદાભાઇ અને છોકરાઓ વગેરે સાથે એવણને ઘણી દોસ્તી મોહબત હતી. મરણ સંવત ૧૯૪૦ માં થયું. એવણના લાગવગ, ફુનેહ, અને સારી સમજથી પોતાના મોટા દેશાઇ ખાંદાંનવાલાઓના ઓહોલાં વતન, ઇનાંમી ગામ, પાલકી વગેરેની આસામી, તથા દેશાઇગરાંની હક દસ્તુરીના સરકાર સાથે પાકા બંદોબસ્તો થવાથી આજ સૂધી તે સર્વે સુરલીતપણે એ કુટુંબ ભોગવે છે.

૪-એ. મીનોચેહેર એ. હોરમજ. એવણ ૭મા દેશાઇ હોરમજીભાઇના બેટા થાય છે. એવણનો જન્મ સંવત ૧૮૭૦માં થયો હતો. એવણની યાદદાસ્તશક્તિ અજાયબ જેવી હતી. દશ દશ પંદર પંદર પેઢીઓના કુટુંબીઓમાં થયલાં જન્મ, મરણો, લગનો વગેરેની આબાદ હકીકત પરપર બોલી જતા હતા. માત્ર ૭ માસ દેશાઇગરૂં ચલાવી સંવત ૧૯૪૦માં મરણ પામ્યા હતા. દેખાવમાં ખુબસુરત, સ્વભાવમાં ભોલા, અને નીતિમાં પરહેજગાર હતા.

૫-એ. જામાસ્પ. એ. જાંગીર. એવણ કાંઈ વડા દેશાઇની ગાદીએ આવ્યા નોહોતા. પણ દેશાઇની ગાદીને છેક લાયક એવા એક બુજરોગને ગાદી ઉપર આવવાનો વખત ન આવવાથી વિવેકને ખાતર તેવણના બુજરોગો તરફથી અંજુમન ઉપર થયલા ઉપકારો ધ્યાંનમાં લઇ ફેહરેસ્તમાં એવણનું નામ લેવાય છે. એવણ ૬ થા દેશાઇ ખરશેદજીના બેટા હતા. પોતાના વડા ભાઇ જાંગીરજીના પાલક થયા હતા. એવણે સતત ૧૨ વરસ વડોદરા ખાતે રહી પોતાના બેટા સાથે કેટલાંક સરકારી કાંમો કર્યાં હતાં. જ્યારે શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇ કુટુંબ સહ વડોદરે ગયલા તે વેળાએ એવણની અને એવણના બેટા દેશાઇ બેજનજીની મેહેનતથી ગાયકવાડના દીવાંને પણ સામીલગીરી આપી શેઠ શોરાબજીને પ્રજા તરફનું માનપત્ર અપાવ્યું હતું. સંવત ૧૮૬૫માં જન્મી સંવત ૧૯૩૧માં મરણ પામ્યા હતા. વડોદરામાં પ્રથમ નીકળેલી દરગદાર કચેરી જે હાલની સરદાર કોર્ટને નામે ઓલખાય છે તેના

એવણને નવસારીના મોટા દેશાઇ તરફથી જડજં લેખે સરકારથી ઠેરાવવામાં આવ્યા હતા.

૬-એ. બેહમન એ. એદલ. એવણના બાપતો દારાબજી હતા, પણ પોતાના પીત્રાઇ એદલજીના પાલક થયા હતા. એવણ પોલીઆદ દેશાઇ હતા. મોટા દેશાઇથી એવણ જુદા હતા. પણ દેશાઇ બરજોરજીભાઇ સાથે એવણને ધાડી મીત્રાચારી હતી. સ્વભાવે ઘણા ભોલા હતા. અંગે કદાવર, જુબાંગે બોલીદરાજ, અને શ્યાણા હતા. ફારશી ભાષાનું થોડુંક જ્ઞાન પણ હતું. એવણ ઇ. સ. ૧૮૮૯ માં ગુજર્યા હતા.

ભગર્યાઓનો એટ ચારટર.

આજે ભગરીઆ પંથક પોતાના ટોલા ઉપર જે સ્વામિત્વ ભોગવે છે, તથા પોતાના તાબાના મોબેદોને ઇ. સ. ૧૭૩૩ના કાયદાની રૂએ બંધારણમાં રાખી શકે છે, તે મુખ્ય લેખ તા. ૨૯ અકટોબર ૧૭૩૩માં થયો હતો. એ દીને નવસારીના તમામ ભગરીઆ મોબેદોએ એકઠા મલી એક મુખ્ય કરારનામું કરી પોત પોતામાં એવા એકરાર કર્યા કે—"અસલ આપણાં વડાં - વડોરાની રાહ તથા લખીઆ માફક આપણાં પંથકો જે નવસારીનો મોટો મોહોલો* તથા મલેસર ફલીઓ, તથા ગંદેવી, બીલીમોરા, કેશલીપાટી, વલસાડ, મેહધર, કરાડી, મહુઆ, શીઓદપુણી, આંમલી, તવડી, મરોલી, તથા પેલીગમ વસાઇ, થાંણા, મુંબઈ, કલ્યાંણી, બીમરડી, ચેઓલ, દીવ, તેમજ વાંસડા, ખડકા, તથા વેઆરે પાલનાં વગેરે જગાઓપર આપણા જજમાનો બહેદીનો રહે છે તથા હવે પછી રેહેશે તેઓને ઘરનું બાજ, બરશનુમ, વેવાહ, ગગરનાં, શેઆવ, શરોશ, આફરંગાન, વગેરેનું કામ કોઇબી મોબેદે અંજુમનની રજા વગર જઇને કરવું નહીં. અગર કોઇ મોબેદ ખુદી કરી રજા વગર જાઇ એ કામો કરેતો તે અંજુમનનો ગુનેહગાર ઠેરે, અને રા. ૨૫૧) ગુનેહગારીના ભરે. જે મોબેદને અંજુમન મોકલે તે જાએ અને આશાદ જોઈએ તે નવસારીની દરેહમેહેરમાંથી

* નવસારીમાં પારશીઓ બ જથ્થે રહે છે. ૧-મોટો ફલ્યો. અને ૨-મલેશર ફલ્યો. એ મોટા ફલ્યાને અગાઉ મોટો મોહોલ્લો, એમ ઓલખવામાં આવતો હતો.

લઇ જાએ. " આ લેખ ઉપર દશતુર દારાબજી પાલણજી— દસ્તુર જમશેદજી રૂસ્તમજી મેહેરજીરાંણા—દેશાઇજી ખરશેદજી ટેહમુરજી—કુકાજી મેહેરજી પોલ્યા દેશાઇ—જીવણજી હોમજી પોલ્યા દેશાઇ—વગેરે ૫૫ મોબેદોની શહીઓ છે.

આ લેખ થયાથી બેહેદીનોમાં વલી નવેસર ખટપટ ચાલી, અને તેઓએ નાશીપાશી અને નાચારીથી એક હિંમતવાન લેખ કર્યો.

રસાકસીનો રમુજી અને રસીક રક્ષાપત્ર.

તા. ૧૪ ડીસેંબર ૧૭૩૪ને દીને, ઉપલા ભગર્યાઓની માફક હવે નોશારીના તમામ બેહેદીનો ભેગા મલ્યા. તેઓની મોટી સભા મલી. તેમાં નવસારીના મોટે ફલ્યે તથા મલેશરના, ગંદેવી, મહુવા, મરોલી, તવડી, શીઓદપુણી, બીલીમોરા, મેહધર, કરારી, આમલી, વગેરેના શમશત બહેદીનોએ નવસારીમાં ભાગ લીધો. તે સભામાં મોબેદોના વહેવં, ગગરનાં, શીઆવ, વગેરેના લવાજમા બાબે બંદોબસ્તના નિચલા ઠરાવો પસાર કીધા. " સંવત ૧૭૪૨ (ઇ. સ. ૧૬૮૬) માં સર્વે બહેદીનોએ મલી જેમ ઠેડવ્યું છે તેમ આપવું, તથા જો તે બંદોબસ્તો મુજબ મોબેદો નહીં ચાલે અને જીઆદા માંગી કામ અટકાવેતો મોબેદ વના કામ ચલાવીએ. આશીરવાદ તથા ગગરનું સારવા અટકાવેતો તંદરોસ્તી પઢીને વહુવરને ઉઠાડી ઘર લાવીએ, શીઆવ તથા બાજ અટકાવે તો લોબાંન મેલીને બાજ પોતાને ઘર ખાઇએ અને શીઆવ [illegible]ીએ, ઘેહસારણું અટકાવેતો સરોશબાજ તથા નીઆએશ તથા પટેટ પઢીને રવાંનને દોખમે પોંહચાડીએ. તથા આ. મનોચેર હોમજીવાલી અગીઆરી જે સંવત ૧૭૪૨ (ઇ. સ. ૧૬૮૬) થી અંજુમને ઠરાવી છે તે બાહાલ છે, તે અગીઆરી ઉપર સુખન લાવેતો નામંજુર છે. એ અગીઆરી સારૂ **પોતાનો જીવ જાઆમો** આપીએ ને તે બાહાલ રાખીએ. " આ લેખ ઉપર રતનજી કુકાજી તલાટી, મનાજી કુકાજી તલાટી, રાંમજી શાગર, બહેરાંમ ભાઇજી, નશરવાન ભાઈજી શાગર, જમશેદજી માણેકજી વાછા (સર જમશેદજીના વડવા,) પટેલ માણેકજી અસપંદીઆરજી, બરજોરજી નવરોજી તલાટી, મનોચેહેર કુકા, પટેલ મેહેરજી કારા, પેશી રાંનજી, નવરોજજી રૂસ્તમજી, કાવશ જીવણ, પેશી આશા નાહનજી,

અસપંદીઆર માંણેક લીમરા, દારાબ અસપંદીઆર, શોરાબ જમશેદ, આદર જમશેદ કરારીના, માણેક શાપુર, આશા દારાબ ગેઆરા, જમશેદ રતન શીરવાઇ, અસપંદીઆર દાદા શીરવાઇ તવડીઆ, માણેક બહેરાંમ પાહલણ તવડીઆ, નવરોજ નરીમાંન શેઠ, દારાબ શોરાબ માણેક, બરજોર નવરોજ, રૂસ્તમ નાનજી, બચા ધનજી ગાંધી, હીરા રતન તવડીઆ, શાપુર નવરોજ શાંગા, શુખલાજી આશાજી, રતનજી બહેરાંમજી રાણા, બહેરામજી નવરોજી વાડીઆ, શોરાબજી રૂસ્તમજી ખોખરી, હોરમજી રૂસ્તમજી ખોખરી, બચા જમશેદ પેશીખાંન વઇદ, માણેક દારાબ બહમન વજીફદાર, હોશંગજી નાના વાછા, હીરજી જમશેદ સુઇ, નાનાભાઇ ફરાંમજી તવડીના, દારાબ ફરાંમ આશા, જોગી શોરાબ, રતન દારાબ મહુવાના, હોમજી લીમજી મહુવાના, શોહરાબજી ભાઇજી મહુવાના, આશા ધનજી મહુવાના, નાનજી ધનજી મહુવાના, ગાંધી કોહેઆ ખરશેદ કુકા, ચાંદજી બહેરાંમજી ભાઇજી તલાટી, દારાબજી નાનજી કરાડીઆ, કાઉશજી રૂશતમજી અસપંદીઆરજી પટેલ, બચાજી રતનજી ખોખરી, ફરાંમજી પાલનજી મગરા, બોગા હોમજી વાછા, બહમન કીકા માણેક, નવરોજી કાવશજી ચાંદજી, નાના આશા મહુવાના, જીવા રૂસ્તમ મરોલીઆ, નવરોજ નાનના મરોલીઆ, શોરાબ દારાબ સુઇ, દારાબ હીરા દીગરીઆ, માણેક જીવા દીગરીઆ, વગેરે બહેદીનોની શહીઓ છે.

એ પ્રમાણે ઉશકેરાયલા બેહેદીનોએ છેલ્લું પગલું ભર્યું. એવું પગલું આગળાજ વખતમાં ભરાયલું છે, એમ નથી, પણ છેક ઈ. સ. ૧૮૩૩માં કાંઇક વાંધાને લીધે મોબેદોએ બહેદીનોને ત્યાંના કામો અટકાવ્યાં હતાં, જેથી કેટલાક દીનચુસ્ત **બેહેદીનોએ પોતે** થોડાક મહીના સુધી ઉપલા બહેદીનોની માફકજ, લોકોને ત્યાં બાજ આફ્રીગાંન, ઘેહસારણું આશીરવાદ, નવજોત વગેરેની ક્રિયા કીધી હતી ! પશ્ચિમ તરફના ખંડોમાં જે મારામારી અને જે પ્રકારના વરવાંધા રોમન કેથલીક અને પૅાટેસ્ટંટ પંથો વચ્ચે ચાલી તેનો પસરાત આજસૂધી ચાલુ રહેલો છે, તેવાજ પ્રકારની આપણી નોશાકરી જુંબેશ જાગૃત રહી હતી.

દૅારધામનો દાહેકો.

ઈ. સ. ૧૭૪૦થી તો ભગરીયાઓ અને બહેદીનો વચ્ચેની લડાઈ-

ભગરીયાઓ અને સંજાણા વચ્ચેની મારામારી—ભગરીયાઓ અને ગૌ-નોચેર હોમજી સાથનો ઝગડો—ભગરીયાઓ અને સુરતીઓ સાથના વરવાંધા એવો દોરધાંમનોજ દાહેડો ચાલવા લાગ્યો હતો. બધા કેસોમાં ભગરીયાઓ તો વાદી કે પ્રતિવાદી હતાજ હતા. આગળ આપણે તે વીશેની છુટી હકીકત તો શાલવાર આપેલી છે. હાલ તેનો મુદ્દાનો ભાગ, અને તે ઊપરથી તે વખતની આપણી હાલત ઉપર પડતું અજવાળું જોવા સારૂ નવી બાબદ હાથ ધરીશું. ઈ. સ. ૧૭૪૦માં રાવ શ્રી ગંગાજીરાવ ગાયકવાડે નવસારી મધ્યે સંજાણાના આતશબેરામની સાથે વસનારા સંજાણા મોબેદો આ. શાપુરજી બહેરાંમજી તથા આ. રૂશતમજી શેહેરીઆરજી વગેરેને પરવાંનો કરી આપ્યો હતો કે, તમારી આતશની અગ્યારીમાં આશોદાદ જેને આપે તે સાથે કોઇનો દાવો નહીં, તથા જે કાંઇ રાસમાં આવે તે સરવે જેમ શુદાંમત વેંહચી લેતા હતા તેમ વેંહેચી લીઐ. બીજી દખશણા છુટી આપે તેમાં કોઇને મુજાહેમ નહીં." આ પ્રમાણે સંજાણા સાથે દિનપ્રતિદિન ઘસાતુંજ ચાલ્યા કીધાથી ભગરીઆઓએ સંજાણાઓ સામે પોતાની ફરિયાદોની એક અરજી તૈયાર કરી, અને દેશાઇ ખરશેદજી તેહમુલજી, પોલ્યા દેશાઇઓ કુકાજી મેહેરજી, તથા જીવણજી માણેકજી, અને દસ્તુરજી સાહેબ જામાસ્પજી આશાજી એવા ૪ મુખીઓના ડેપ્યુટેશન જોડે શોનગડ ખાતે રાવ શ્રી ગંગાજીરાવની હજુરમાં તા. ૫ સપ્ટેંબર ૧૭૪૦ના રોજે મોકલી આપી. એ અરજી ગંગાજીરાવને પોંહોંચાડયા પછી ઉપલા ચારેવ મુખીઓઓએ તા. ૧૯ સપ્ટેંબર ૧૭૪૦ને દીને નવસારીની અંજુમન ઉપર શોનગડથી એક પત્ર લખી ખબર આપી કે, "ગંગાજીરાવે સંજાણાઓને ફક્ત આતશબહેરામની બોઓ દેવાને તથા ભગરીઆઓને પોતાનાં પંથકમાં કામ કરવાનો હોકમ આપ્યો છે." વળી દેશાઈ ખરશેદજીએ એ વીશેનો એક કાગજ સુરત ખાતે શેઠ માણેકજી નવરોજી શેઠના ઉપર તા. ૨૨ સપ્ટેંબરને રોજ લખ્યો હતો, જેમાં પોતાની સાથે શોનગડ આવેલા દશતુરજી જામાસ્પજી આશાજી (તે પ્રખ્યાત જામાસ્પ આશાના ખાંદાંનના મુખ્ય વડીલ) ની કાબેલ્યત વગેરે વીશે લખે છેકે; "બીજું અરજ એજે હમો દશતુર શ્રી જામાશજી શુ. આશાજીને તાંહા સાથે લઈ ગઆ હતા. તાંહાં આપના ધરમની ચરચા શુબેદાર સાહેબ આગળ ઘણી થાઇ. કાંએજે પહેલાં દેવાંનજી આગળ થાઈતી જે એ દેવાંનજીએ દશતુરનાં પદાંનીને આંપણા ધરમની

ખુબી ઘણી કહી. જેથી શુએદારજીએ બોલાવા ને શરવે પુછું ઈજત ઘણી દીધી. તેપર પેલાંતો આપણા શલોક પરી દેખાડા. તેથી શુએદારજી ઘણાજ ખુશી થાએઆ ને આપણા ધરમથી વાકેફ થાએઆ ને ઘણી ખુબી ધરમની હર વખતે બોલી કરે જે લખવામાં આવે નહી. દશતુરજી તાં શંશક્રૂત શહી પઢાથી ઘણાં ખુશાલ થાએઆ. એ વેળામાં હીંદોશતાંનમાં આંપણા ટોલાને રેશંન કરાતે ખુબી લખવામોં આવતી નથી. એવી રાશતી દશતુરજીથી થાઇ છે. શરવે વાતે દશતુરજીએ સવાલનાં જવાબ રાશતીથી ધરંમને રાહાના ઘણા શારા કરા છે. બીજા માએના જંદ અવશતાના શંશક્રૂતમાં વાંચી દેખાડા તેથી ઘણી ખુબી જાહેર થઈ છે. " * આના જવાબમાં ભગરીઆઓના તમામ

---

* નવસારીમાં જમાનાઓ થયા એવાજ પ્રકારની એક વાત, મરહુમ દશતુરજી પેહેલા મેહેરજીરાંણા વીશે બોલાતી આવી છે. તે વાતની સચ્ચાઈ ઉપર હાલમાં શક નાંખવામાં આવ્યો છે. અને મી. રૂ. પે. કરકરીયા જેવા વિદ્વાન તવારીખનવેશ એ વાત ખોટી છે એમ પુરવાર કરવા માંગે છે. ગમે તેમ હોય. એક યા બીજી પક્ષ તરફ જાહેરમાં મારો અદના વિચાર આપવાથી હું પરહેજ રેહવાનું દુરસ્ત વિચારૂંછું. પરંતુ નવસારીની તવારીખ પેહેલવેહેલોજ તડકો જોતી હોવાથી તેમાં સિદ્ધ વાત, કે બોલાતી વાત, કે કથા, સર્વનો સમાવેશ કરવાનો હોવાથી નવસારીમાં જે વાત ચાલતી આવેલી છે તેજ માત્ર આપણે જણાવ્યે.

એમ કહે છે કે, દિલ્લીના પાદશાહ અકબરે ઈ. સ. ૧૫૮૦–૮૧ માં બધા ધર્મોનું સંશોધન કરી તેમાંથી સાત્વિકતત્વ ખેંચી કાઢી તેનો એકત્ર સંગ્રહ કરી, એક અકબરી મજહબ સ્થાપવાની નેમથી દેશ પરદેશના જૂદા જૂદા ધર્મોના માહેર મોલવીઓની મેહેફીલ દિલ્લીમાં ભેગી કરી. હિંદુ. ક્રિસ્તી, મુશલમાન, પારશી, બુધીસ્ટ વગેરે સર્વ ધર્મના પેશવાઓને ત્યાં બોલાવામાં આવ્યા હતા. તેમાં નવસારી ખાતેથી જે પારશી પેશવાઓ ગયલાનું એને અકબરીમાં આવેલું છે; તે પારશીઓમાં મેહેરજીરાણાં પણ ગયા હતા એમ કહેવાય છે. હીંદુ ધર્મનો પેશવા, જે કે જગતગુરૂના કીતાબથી ઓળખાતો હતો, તેણે પોતાના યોગામલથી આકાશ ઉપર બીજો એક સુરજ બતાવી એમપુરવાર કરવા માંગ્યું કે હીંદુ ધર્મ સર્વોત્તમ છે. પાદશાહ અચરત થયો, અને આ એહમને જાહેર વ બાહેર પાડવા બીજા ધરમવાલાઓની મદદુર પુછતાં, છેવટે પારશી ધરમ ગુરૂ મેહેરજીરાંણાએ એ ગુહ્ય કરાંમત બતાવી આપવા બીડું ઝડફ્યું. અને તેઓએ પાક અવસ્તા વાંણી નેક નૈયતે ભણતાંની સાથેજ, બીજો ઉભો કરેલો સુર્ય, જે માત્ર એક શોનાની થાળી હતી, તે અદ્ધર લટકેલી હતી ત્યાંથી જમીન ઉપર આવી પડી. પાદશાહને એ નોશા-

ટોલાએ દેશાઇજી ખરશેદજી ઉપર શોકર ગુજારીનો પત્ર લખ્યો હતો કે, " શ્રી સુંગડની હકીકત શરવે રદ બદલની લખી જે જાણી ખુશી થાએઆ છે. ખોદાતાલા તમારો બોલબાલા કરે ને રૂડાં કામ શીદ કરી આવો હમારી દોવા છે. ને શ્રી દાદારહોરમજદની તથા બેરામયજદની તથા મુકતાદમા વગેરે શરવે ફરેશતાની મદદ તમોને હોજો. બીજું

કરા દસ્તુરજીએ જરથોસ્તી ધરમની બીજી ખુબીઓ ભેગી આતશની ખુબીઓ સમજાવ્યાથી, કહેછે કે પાદશાહે પોતાના મેહેલમાં આતશ બરપા કર્યો હતો, અને કુસ્તી શુદરેહ પેહેરી જરથોસ્તી ધરમ અખત્યાર કર્યો હતો. અને મેહેલમાં પોતાની રાંણીઓ પાસે વટીક એ ધરમ અખ્ત્યાર કરાવ્યો. અને મેહેરજીરાંણાને ૨૦૦ વીંઘાનો વજીફો પારચોલ પરગણામાં ઈનામ દાખલ આપ્યો હતો. આ વાત જો ખરીજ હોયતો નોશારીની તવારીખનો તે એક સુંગાર છે. પણ બીજા સાહેબો તે ઉપર શક બતાવી તે માનવાની નાં પાડે છે. એ વાત વીશે વલી એક ઉરદુ ભાષામાં ખ્યાલ પણ જોડાયલો ગવાયછે. પરંતુ એટલી વાતતો ખોટીજ હોવી જોઇએ, કે પાદશાહે સુદરેહ કુસ્તી પેહેરી જરથોશ્તી ધરમ કબુલ કરયો હોય. કારણ કે અકબર પાદશાહે એ ધરમ અખત્યાર કરયો છે, એવી અફવા દીલ્લી શેહેરમાં ફેલાઇ ગયાથી તમામ મુસલમાન કોમ ઉશકેરાઈ ગઈ હતી. અને અકબર ઉપર હુમલો કરી તેને ગાદી ઉપરથી ઉઠાડી દઇ તેનો ઘાટ કરવાનો એકજ રાતમાં કસદ કરવામાં આવ્યો. આથી અકબરે પોતાના સલાહકારોની શાજેશ કરી બીજે દહાડે સહવારમાં એક જાહેરનામું બાહાર પાડી પારકો ધરમ અખત્યાર કર્યા બદલ ઇનકાર કરયો. તે જાહેરનામું આખું વાંચવા યોગ્ય છે. તે ઉપર જે અરબ્બીક મુદ્રાલેખ લખેલો છે તે ઉપરથીજ જણાય છે કે, કેહવામાં આવે છે તેમ તેણે કશું આડું પગલું ભર્યું નોહોતું. અકબરને લખતાં વાંચતાં બીલકુલ આવડતું નોહતું. માત્ર પોતાની શહી કરી જાંણતો હતો, તોપણ તેણે લખાવ્યું કેઃ—

" કીલ ઈન્નલ અલ્લા ગ્રુ વલદીન,
કીલ ઈન્નલ રસુલો કદ કહના,
માનજ અલ્લાહો વ અલ રસુલે માન,
મીન લેસાંન અલ વરા ફકે અફ અના. "

ભાવાર્થઃ—કોણે ખોદાતાલાને વટીક સ્ત્રી સાથે સંબંધમાં આવેલો, યાને છોકરાનો બાપ હોવા બદલના આળમાંથી છોડયો છે? કોણે પાક પેગંબર મહમદને વટીક જાદુગર હોવાના તોહમતમાંથી મુકત કરયો છે? જ્યારે આ દોરંગી દુન્યાએ પાક પેદા કરનાર ખુદાને અને પાક પેગંબરને એવું એવું કહેવાને આંચકી કીધી નથી તો પછી અકબર જેવા નાચીજ બંદાને

કાગજ ૧ હમો રાવ શ્રી ગંગાજીબાવાને લખો છે. આપા ગતે તો આપજો. " વીગેરે. આ પ્રમાણે ગાયકવાડ સરકારે પાછી ભગરીયાઓની પક્ષ પકડેલી જોઈ ન શકાવાથી, એજ વરસમાં સુરતના કેટલાક બેહેદીનોએ દામાજીરાવ ગાયકવાડને એક અરજી કીધી કે, " સંજાણા મોબેદોને નવસારીમાં ધર્મની ક્રિયા કરતાં પાછા અટકાવ્યા તે અમોને કબુલ નથી, અને અમોતો સંજાણા મોબેદોનાં બે વડાં ધરો જે દશતુર ખરશેદજી કેકોબાદજી તથા દસતુર બરજોરજી કામદીનજીનાં છે તેને માનયે છૈયે, અને ગૅારને માનવો તથા દખણાં આપવી તે કાંઇ જોરાવરીની નથી પોતાની રાજી હોય તેને આપવી. " આવી રીતે વળી સંજાણા તરફથી સુરતીઆઓ પ્રતિવાદીમાં પોતેજ માંગી લઇને દાખલ થયા. અને છેવટે દામાજીરાવ ગાયકવાડે ભગરીયાઓને એવું જડજમેંટ

ખોટાં બોહતાનમાંથી કોણ છોડનાર છે? ટુંકમાં લોકોમાં જે અફવા હતી તે અકબરે ખરી લાગણીથી સરતાપા ખોટી પાડી છે.

મી. એફ. એ. એચ. ઇલ્યેતે પોતાના " બરોડા ગેઝેટયર " માં જો કે એ હકીકત લબાંણથી લખીછે, પરંતુ લંબાંણુ થઇ જાય માટે આ જગાએ ઉતારી નથી.

તોપણ શેઠ પેશતનજી જેહાંગીર તથા શેઠ ખરશેદજી રૂસ્તમજી થાંણાવાલા જે વેળાએ હાલના નામદાર મહારાજા શયાજીરાવને નાનપણમાં હરેક બાબદોના ભાષણો સમજાવતા હતા, તે અરસામાં " પારશીઓ કોણ છે " એ સંબંધમાં એક ભાષણ શેઠ ખરશેદજી રૂસ્તમજી થાણાવાલાએ સમજાવતાં નવસારીને માટે વાજબી મગરૂરી લેતાં નવસારીનું જે ભુષણ તે નિચલા શબ્દોમાં બતાવી આપ્યું હતું, તેમાંથી કેટલોક સાર સમજાય છે.

" Nowsaree where the Parsis had become an influential and opulent race.........In 1142 A. D. Nowsaree was a feudal village under the sway of the Mahomedan Kings of Delhi. The Dastoors, as well as the Desais were constantly in communication with the Delhi Court, and notwithstanding religious differences between the latter and the Parsees, the Parsee-Desais were entrusted with the collections of the public revenues on behalf of the Delhi Government.

આપ્યું કે, " તમો તથા સંજાણા મોબેદો અગીઆરીમાં આતશની તેઓની ફરીઆદપરથી અમોએ તજવીજ કરી સરવે કાગજ પત્રો જોયાપરથી જાહેર થયું કે કદીમથી તમારાં પંથકમાં સંજાણા મોબેદો રહેછે તેનું જીવતાં મુવાંનું તથા ધરમનું કામ સરવે તમો કરતા આયા છો, તથા આતશની પુંજાપાત, ભોગ, ફુલારૂં, વગેરે તેઓ કરતા આયા છે, માટે તમારો કદીમ રાહા ચાલતો આવેઆ પ્રમાણે કરજો; અને કદી સંજાણા મોબેદો તમારાં પંથકમાં પોતાનું કામ મુવાં જીવતાંનું પોતે કરેતો તમોબી સંજાણા પંથકનાં આતશ અગીઆરીમાં આતશની ઓએ દેજો. "

Of these Desais, the most distinguished was Changa Asha, who 400 years ago got from the Mogals the Desaigiri of Nowsaree and of Parchol Prugna. On failure of his heirs, the Desaigiri was transferred to Kekobadjee Meherjee Ráná, who was Dastoor that is the high priest of the Parsees. His father as well as himself had gone to Delhi and obtained grants of extensive Vazifas which are known by the name of Ghel Kharee (ઘેલા ખાડી તે ઉપરથી ઘેલખરી થયું છે.) and which the Dustoor family enjoy at the present day. In 1700 one Temooljee Rustomjee went to Delhi, and obtained the Desaigiri of Nowsary and of Parchol Paragna. This Desai was the means of bringing Pilajee Rao Gaikwar to Nowsari from Songar in about 1720. This act of the Desai displeased the Nawab of Surat who had him arrested and imprisoned at Surat, Pilajee Rao Gaikwar however came to his rescue and he was liberated. Pilajee Rao then appointed his son Khursedjee as the Desai of Nowsary, and his heirs now enjoy certain Nemnooks from His Highness's Government.

જે વેળાએ શંજાણીઓ આતશબેરાંમ લઇ પ્રથમ વલસાડ નાશી ગયા, તે વેળાએ તેઓમાં એક ખોટી ધાસ્તી પેઠી હતી, કે શાપુર શામરાને હાથમાં રાખી ભગરીયાઓ આતશબેહરાંમના પાક કેબલા ઉપર પાણી રેડાવી તેને નુકશાંન કરાવનાર છે!! આવી તદનં બેહુંદી અને ભયંકર હફ્વા તે વેળાએ ભગરીઆઓના દુશમનોએ ફેલાવી હતી, અને તે શંજાણાં તેમજ આસપાસ તમામ બેહદીનોએ ખરીજ માની હતી. કારણ પણ તેઓને મળ્યું એવું, કે શાપુર શામરો તેજ અરસામાં વલસાડ પોતાનો દાવો ઉઠાવા અત્રેના કેટલાક ભાયડાઓ સાથે ઉપડી ગયો હતો. અને આતશબેરાંમની રખેવાલી કરનારા બહુજં બીધા હતા. તે ઉપરથી સંભાળથી અને હુશીઆરીથી રેહવા બેહેદીનોએ શંજાણાવાલાઓને ચેતાવેલા રાખવા કસદ કીધો.

આમ થવાથી સુન્તીઆઓ સાથે હવે નવસારી, તવડી, વગેરે અનેક ઠેકાંણેના બેહેદીનો, ભગર્યાઓ સામે આવી ઉભા. એ હફ્વાથી સર્વેના દીલ ભગરીયાઓ ઉપર નારાજ અને ખફા થઇ ગયાં. ભગરીઆ-

---

The first Baronet Sir Jamsetjee Jeejeebhai was a native of Nowsary." ભાષણ સાંભળવા અરકાંને દૌલત મહારાજની આસપાસ બીરાજેલા હતા, અને જે વેળાએ ભાષણ પુરૂં થયું તે વેળાએ રેસીદંતે મહારાજાને ઉઠતી વખતે સેકંડ કરતાં કહ્યું કે, " Remember Mahraja that you are made a king by the Parsee Desai of Nowsari. "

શોનગડ ખાતે જે પ્રસંગ ગાયકવાડ મહારાજાની હજુર દસ્તુર જમાસ્પઆશાને પડયો હતો તેવોજ પ્રસંગ નવસારી ખાતે શ્રીમંત સરકાર કૈલાશવાશી ખંડેરાવ માહારાજની સ્વારી પધારી હતી તે વેળાએ તે વેળાના દશતુર કેકોબાદજી રૂશતમજીને તા. ૭ મારચ ૧૮૬૧ ના રોજે પડયો હતો. મહારાજાની હજુરમાં અત્રેના દેશાઈઓ મુજરો કરવા ગયા, ત્યાં એ દશતુરજી પણ સાથે ગયા હતા. માહારાજે દશતુરજીને પોતાના ધરમનો શ્લોક પઢવા જણાવ્યો. એટલે ત્યાં બેઠેલા શેઠ મંચેરજી મેરવાનજી ગુરગુરે " યથા અહુ વેરયો " ના કલામ પઢી જવા દશતુરજીને જણાવ્યું. તે પ્રમાણે અહુનવર આખી દશતુરજી પઢી ગયાથી મહારાજાને તે ભણતણ પોતાના હિંદુ ધરમના વેદોક્ત શ્લોક જેવું લાગ્યાથી ખુશી થયા, અને હીંદુ પારશી પ્રથમ એક ઝાડના મુળ્યાં હોવાથી આર્ય છે એમ જાંણી આનંદ પામ્યા હતા, અને દસ્તુરજીને એક કશાબી શાલ તથા પાઘડીની બક્ષેશ કરી હતી.

ઓનો બચાવ કરનાર તે વખતે એક કિલ્લાની માફક પ્રકાશતો ખુરશેદ તેમની પીઠે ઉભો રહેલો હોવાથી, જો કે ચોતરફની દુશમનાઇનો તે જવાબ આપતો હતો, તોપણ ચોતરફ ગરગાંમડેના બેહેદીનોએ મલી એક મેહેજર વલસાડની અંજુમન ઉપર લખ્યો કે, "સંજાણવાલાં પુરાતમ આતશબેહરાંમ સાહેબ જે તમારી તરફ લાવેલા છે તેની દરગાહની ખબર હરઘડીએ લેતા રેહેજો. સંજાણા આ. શાપુર શેહેરીઆર શામરા વગેરે જણ ત્રણ ચાર પોતાના ટોળાથી ફતાંઉ થયલા છે તેથી તેઓ જો શ્રીજીને દરગાહમાં કસ્સી વાતની નુકશાની કરે તો આપણો ધરમ કસ્સો રહે નહી. સરવે વાતે હુશીઆર રહી કામ કરજો. બાજે લોકો દીનની ખરાબી ઉપર બેઠા છે, અને આપણને તો શ્રી ધરમના તતવ એજ શ્રી આતશબેરાંમ છે. માટે તમો સર્વે પંચાત મલી એ વાતની તાકીદ રાખજો એ આતશબેરાંમની બરકતે કરી તમારી જગાનું ઘણું સારૂં કલીઆંણ થાશે. શ્રી આતશબેહરાંમની બોઓના દેનારને હરઘડી તાકીદ કરજો જે મોટી ખુબ કીધા વીના કોઈ બોએ દીએ નહી. ખુબ કરનારને આગલ પાછલ તઇઆર રાખજો. જે રવેસે દીનમાં ફરમાવ્યું છે તે માફક કામ કરાવજો. કસ્સી વાતે દીનનાં કામમાં કોતાઈ તથા રેઆઅત મરૂઅત કરશો તો એ વાતની ફરજ તમારે સર છે." આ કાગળ ઉપર પટેલ બહમનજી નશરવાનજી મેહેરજી, પટેલ ફરાંમજી નાનાભાઇ, પટેલ માણેકજી અશપંદીઆરજી, દારાબજી અસલાજી, બરજોરજી નવરોજી તલાટી, એદલજી કેરશાસ્પજી તલાટી, બેહરાંમજી જીજીભાઇ તલાટી, જીજીભાઈ કેરશાસ્પજી રાનજી, નવરોજી રાંનજી ચાંદજી, જમશેદજી રાનજી તલાટી, મનચેરજી કુકાજી શેઠ, મનાજી કુકાજી તલાટી, દારાબજી શેરાબજી પટેલ, કુકાજી કીકાજી, કેરશાસ્પજી ભાઇજી, દારાબજી હીરાજી દીગરીઆ, હોમજી રૂસ્તમજી ખોખરી, જીવણજી દાદાજી, ફરાંમજી આદરજી તલાટી, હોશંગજી નાનાભાઈ વાછા, બચાજી દારાબજી પટેલ, દારાબજી બહમનજી બારીયા, બીખાજી શેરાબજી ચાનજી, ભીખાજી કેરશાસ્પજી નાકરા, કડવાજી બરજોરજી મેહેતર, કાઉશજી રૂસ્તમજી પટેલ, પેશતનજી નવરોજી મેહતર, જમશેદજી ફરદુનજી ઇતાલીઆ, ફરદુનજી ચાંદજી મેહતર, ધનજી જીવાજી ચાંદજી, બચા ધનજી ગાંધી, હોમજી જમશેદજી કરાડીના, તથા તવડીના પટેલ મેહેરજી ફરાંમજી, નવરોજજી ભીખાજી, ભીખાજી ફરાંમજી, બચા હોશંગજી વગેરે પુષ્કળ શહીઓ છે.

૧૯૭
નવસારી અને સુરત વચ્ચે લાગેલું ગ્રહણ.

ઉપલી મારામારી એટલાથીજ સમી નહીં. સુરત ખાતે જઇ વસેલા ભગરીઆ મોબેદોનો ખીલા ઉપાડ કરવા ચઢી સુરતીઓ એકઠા થઇ ખટપટો ચલાવા લાગા. તે વખતે ભગરીઆ ટોલો પૈસેતો ગરીબ હતોજ પણ પક્ષે પણ ગરીબ હતો. તેઓની તરફેણ કોઈજ નહીં. તેઓના પ્રતિસ્પર્ધીઓની વાહરે ચઢવાનેતો ઘણા લાગવગવાલા ધનાઢ્ય બેહેદીન શેઠીઆઓ હતા. ભગરીઆઓને તો પૈસે કે પક્ષે તે વેળાએ તમામ ટેકો એકલા દેશાઇ ખુરશેદજી ઉપર રાખવાનો હતો. ઇ. સ. ૧૭૪૧ ની તા. ૨૮ મી અકટોબરે સુરતમાં વસનારા નવસારીના ભગરીઆ મોબેદો શેરાબજી નશરવાનજી તાતા, દારાબજી નશરવાનજી મુલ્લાં, બચાજી નશરવાનજી કોટવાલ, તથા કાવશજી બમનજી પાવરી વગેરેએ નવાબ તેગબેગખાનની દરબારમાં સુરતીઆ મોબેદો મનોચેરજી ખુરશેદજી, દારાબજી રૂશતમજી નજુમી, માણેકજી હોમજી ટટી, બેહરામજી મેહેરજી આખુદી, દારાબજી કામદીનજી વેલાએતી, દારાબજી જમશેદજી જંગલી, જમશેદજી રૂસ્તમજી ગોદરેજ, બેહરામજી નવરોજી ચીરીમાર, નાધલા શેરાબજી કારા, ખુરશેદજી દારાબજી દેવ, કુકાજી બેહરામજી ગાજી, કાઉશજી ફરદુનજી મુનજમી, વગેરે ઉપર દાવો કીધો કે, નવશારી કશબાના શંજાણા મોબેદો તથા પારશી જજમાનો જેઓએ વેપાર ધંધાસર અથવા લુટારાઓના તોફાનને લીધે સુરતમાં આવી વતન પકડયું છે, તેઓને ત્યાંના લગન, ખુશાલી તથા ગમીની રસમોનાં સઘલાં કામો કરવાનો કદીમઉલ ઐયામથી અમારો તાલુકો છે, અને તે બાબેનો પરવાનો પણ હાથમાં રાખીએચ, તે છતાં સુરત બંદરવાસી મોબેદો તે અમારી મેહેનતમાં જાસ્તીથી દાખલ થાય છે." આ ફરીયાદ થવા ઉપરથી સુરતના નવાબ સાહેબે ચોરાસી પરગણાંના ફોજદાર મીરજા અબદુલલ્લા બેગને એ બાબેની તેહકીક કરવાને ફરમાવ્યાથી તેણે સુરતવાસી મોબેદોનો હક રદ કીધો, અને તેઓ પાસે તા. ૨૭ શાબાંન ૧૧૫૪ હીજરીને દીને એક લેખ લખાવી આપ્યો કે ઉપલા સંજાણા મોબેદો તથા સર્વે પોતાના જજમાંનોનાં કામો કરવાનો હક ભગરીઆ મોબેદોનો છે, તેમાં અમારો કસો દાવો દખલ નથી.

આમ ભગરીઆઓની તરફેણમાં ચુકાદો થવા બાદ ઇ. સ. ૧૭૪૨ માં રાવ શ્રી ખંડેરાવે સુરત મધે શેઠ માણેકજી નવરોજી શેઠના, દશતુર ભીખાજી જમશેદજી, મોદી નાનાભાઇ ભીખાજી વગેરે મુખીઓ ઉપર એક ફરમાન મોકલ્યું કે, સુરતમાં નવસારીને તાબેના જે બેહેદીનો રેહે છે તેમને ત્યાંનું મોબેદીનું કામ જે સુરતવાલા મોબેદો જબરીથી કરવા ચાહે છે તેમને અટકાવી નવસારીવાલાઓને તેમના હક મુજબ કરવા દેવું, અને મુલકમાં ગોર જજમાની કોઈની ગઇ નથી તો એ કેમ જશે. તે પર એહોનો હક રહેશે નહી જે કોઇ ફીશાદ હીંગામો કરશે તે માત થાશે. માટે જે ફીશાદ હીંગામો કરે તેને મને કરજો. ને આગળ ફીશાદ વધે નહી. ગોરને ગોરની જગા. જુજમાંનને જુજમાંનની જગા તે તાલા તલશ નહીં." વીગેરે કેટલીક તાકીદ દીધી છે.

એ ફરમાન સુરતના બક્ષીજી સાહેબ મારફતે ખંડેરાવે મોકલ્યો હતો.

નવસારીનો "આપ" ધારો.

નવસારીમાં અસલ મોબેદોને કેવી રીતે વરતાવવામાં આવતા હતા, તેનો એક દાખલો, જ્યારે ઇ. સ. ૧૬૭૨માં વલસાડની અંજુમને અંધ્યારૂ શાપુરજી રાંણાના વારસને નવસારીને ધારે "આપ" આપવાનું ઠરાવ્યું છે તે ઉપરથી નીચે મુજબ જણાય છે.

લગન મુરતનો રૂા. ૧)
અરમારી ધારણ મુરત રૂા. ૧)
બરશાખ મુંકે મુરત રૂા. ૧ા
ઘર ઉખેડે તે દાડે રૂા. ૧)
કુવો ખોદાવી ને તૈયાર કરાવે મુરત રૂા. ૧ાા
કુવાની શાઈ કરે રૂા. ૨)
જહાજ (યાને વાહાંણ) નો પથાંન નાંખે મુરત રૂા. ૧)
જહાજ તયાર થાયને પાણીમાં ઉતારે તે દહાડે પાઘડી રૂા. ૩)
છોકરીને અધંનની બાંધે મુરત રૂા. ૧)
છોકરાને ભણવા બેસાડે રૂા. ૧)
પતેતીને દહાડે રૂા. ૧)

શુરજ ધરણને દાડે ધરદીથ ૦)=
વલાવો હોએ રૂા. ૧॥
શાદી બાબતમાં વદ મુરત રૂા. ૧)
બેહરાંમ ઈજતનાં ગળી તથા નગદ રૂા. ૨॥
રેજ્ગે તથા શારી વગેરે રૂા. ૫)
આશોદાદને દાદે કુદરત પરમાણે. ગંબારને દાડે ધાશ મુજબ દ-
ર પાંચ મહીને રૂા. ૦।
છોકરાને તથા છોકરીને શદરો પેરાવે ધારા મુજબ આપે.
હરેખ પરબ ઉપર રૂા. ૦।

એ પ્રમાણે મોબેદનો આપ ઠરેલો જણાયલો છે. તે ઉપરથી જ- ણાય છે કે, આગલા પારશીઓ વાહાણ ફેરવવાના ધંધામાં ઘણા આ- ગળ વધેલા હતા, અને સુરજ ધરણ જેવાંનો વેહેમ હિંદુઓ જેવોજ હતો.

જીંદેરવાંનની ક્રિયાનો કાયદો.

નિચે પ્રમાણેનો એક લેખ મનોચેર હોમજીવાલાઓએ ભગરીઆ સાથવાલાઓને લખી આપેલો દશતુર જા. શો. મેહેરજીરાંણાંની હસ્ત લેખી કેતાબમાંથી ઉતારી લઉં છું:——

"શ્રી અંનજુમન નોશારીનાં અંધેઆરૂ ભગરીઆ દશતુર શ્રી તથા દેશાઇ તા. હમકાર શમશતે વડી દરેમેહેરનાં વગેરે શમશતે અંધેઆરૂ જોગ લા. નોશારીનાં અંધેઆરૂ શમશતે મનચેર હોમજીનાં તા. શોહો- રાબ ચાંદણાના તા. દાદાચાંદજી શમશતે જત અમારા મળતા નોશારીનાં બેહેદીનનું જંદરૂઆંનનું કામ નહી કરૂ. અમોએ કેટલાંએક બેહેદીનનાં જંદરવાન તમારી ચોરીએ કરેઆં તે જાહેર થાએઆં તે પર અમો શરવેની મીનત આજેજી તમારી આગલ કરી તકશીર માફ કરાવી ત- મો અમોને માફ કીધી ને આજ દીનથી લખી આપીઉ છે જે શ્રી ભગરીઆ અંનજુમનનાં પંથકમાં કોઈ બેહેદીનનું જંદરવાન અમો કરૂ નહી. હવે પછી કરૂ ને શાબેત થાએતો શ્રી હાકેમ તા. પંચનો ગુને- ગાર. એ લખીઉ રાજી રજાવંદીથી લખી આપેઉ તે શહી. સંવત

૧૮૧૫ શરાવન વદ ૧૩ રોજ ૭ મા. ૧૧ તેરીખ ૨૬ માહે જેલહેજ અને ૧૧૭૨ હીજરી."

અત્ર	મતું	તત્ર	શાખ
૧ આ. બેરાંમ દારાબ મતું.		૧ તલાટી દારાબજી મનાંજી શાખ ધની રજા.	
૧ આ. બેહેરાંમ બરજોર મતું.			
૧ આ. વીખા દારાબ મતું,		૧ પા. માણેક દારાબજી શાખ.	
૧ આ. રૂશતમ બેહમન મતું.		૧ બે. નવરોજી માણેકજી શાખ.	
૧ આ. બરજોર માણેક મતું.		૧ વો. ચાંડજી બેરાંમજી શાખ.	
૧ આ. નવરોજ પેશુ મતું.			
૧ આ. ફરાંમ જમશેદ મતું.			
૧ આ. શેહેરીઆર ફુકા મતું.			
૧ આ. એદલ હીરા મતું.			

આ પ્રમાણે થયલા લેખની રૂએ આજેપણ મીનોચેર હોમજીવાલા સાહેબો પોતાના કોલને મજબુત વલગી રહ્યા છે. તેઓ એ કોલ કદિ તોડતા નથી, અને જીંદેરવાનની ક્રિયા ભગરીઆઓજ આજેપણ કરે છે. વલી આ ઠેકાંણે જાંણવું જોઈએ કે જે છેલ્લી શાખની આગળ વો. કરીને લખ્યું છે તે "વોરા" નું સંક્ષિપ્ત છે. આગલા બહેદીનો ઘણે ભાગે **વોરા** કરીને પોતાના નામની આગલ લખતા હતા. આગલા વખતમાં તો પારશીઓ પોતાનું અને પછી પોતાના બાપનું નામ લખતા હતા. પણ પાછળથી અટક લખવાનો ચાલ પડેલોછે. એના સંબંધમાં, પ્રો. દાદાભાઇ નવરોજી જ્યારે લંડનની યુનીવરસીટી કોલેજમાં ગૂજરાતી ભાષાના પ્રોફેસર હતા, ત્યારે તા. ૧૩ માર્ચ ૧૮૬૧ને દીને "ધી લીવરપુલ ફીલોમેથીક સોસાયટી" આગળ "પારશીઓની રીતભાત અને રેવાજો" ઉપર એક ભાષણ આપતાં પારશીઓના નામ અને અટક લખવાની રૂઢી વીશે જણાવ્યું હતું કે:——

"Every family has a surname, but it is not in ordinary use, except for important legal documents. My name is Dadabhai, which is the name given to me on my birth. My father's name is Naoroji given to him in the same way. My surname, or family name is Dodi. Now I am always addressed in conversation, not Naoroji, but Dadabhai. In letters, D. Naoroji is

incorrect; the name must be full, Dadabhai Naoroji, and in any important documents, I may sign Dadabhai Naoroji Dodi." (જુઓ પાન ૧૮)"

એ પ્રમાણે નવસારીના પારશીઓમાં પોતાના નામ ઠામ લખવાનો જે ચાલ પડતો, તે હિંદુસ્થાનના તમામ પારશી ટોલામાંજ ચાલતો જણાયો છે.

નવસારીના જરથોસ્તીઓ અને દિલ્લી દરબાર.

જ્યારે નવસારીમાં ધાડ પડી, ગરાશીઆઓ આવ્યા, અને લુટારાઓ ચાલુ વર્ષો વર્ષ લુટ ચલાવા લાગા ત્યારે, અહીંઆંના અંધેઆરૂઓ તથા બેહેદીનો સુરત જઇ ભરાયા, તે વેળાએ સર્વેના હક સાચવવાના તથા તેઓની સંભાળ રાખવા અભય વચનના તરેહવાર ફરમાનો નવસારીના જરથોસ્તીઓને દિલ્લીના પાદશાહો તરફથી મળેલાં છે. તે બધાંની જગા કરવાથી આ તવારીખ લાંબી થઇ પડે, તે ફરમાનોમાં ૧લું. ભગરીઆઓના અંધેઆરૂપણાના હક સંબંધીનું ફરમાન મોહમદશાહા બાદશાહા ગાજી તહેરખાન તથા મોમીનખાનની મોહોરોનું છે. ૨ જું. પીંઢારાઓની ધાસ્તીથી નોશાકરાઓ સુરત ગયલા તે વેળાએનું મોહમદશાહા બાદશાહ ગાજી મોમીનખાનની મોહોરનું છે. ૩જું નોશારીના પંથકના મોટપ વીશેનું મોહમદશાહ બાદશાહ ગાજી સોહરાબખાનની મોહોરનું છે. ૪ થું એવાજ પ્રકારનું મોહમદશાહા બાદશાહ ગાજી તેગબેગખાંનની મોહોરનું છે. ૫ મું એજ મતલબનું મોહમદશાહા બાદશાહા ગાજી શફદરખાન બાહાદુરની મોહોરનું છે. ૬ થું. સુરતમાં નોશાકરા અંધેઆરૂની જજમાનવૃતી બદલનું દોરે આલમશાહ ગાજી અમાંનખાંની મોહોર, તથા આલમગીરી બાદશાહનો મુરીદ મુખતારખાંનની મોહોર, તથા નેજાતખાંનની દેવાનની મોહર, તથા મઅતેમદખાંનની દેવાનની મોહોર સાથનું ફરમાન છે. ૭ મું. ઉપરના જેવું પાદશાહ ગાજી ફીદવી મોઇનુદીન ખાંનબાહદુર કુતુબજગશ એદકાએમુલદૌલાની મોહોરનું છે. ૮મું સવાલ જવાબ રૂપે કરેલું લખત છે. એ શીવાય નવસારીના ઘણાં ઘણાં ખાંનગી કુટુંબોમાં મુશલમીન, પારશી, તેમજ હીંદુઓને દીલ્લી દરબાર તરફથી ફરમાનો મળેલાં છે. તે પૈકી નમુનાનું ૧ ફરમાન આપણે ઉતારી લઇએઃ—

દેસાઈ ખુરશેદજી તેહેમુરજીને મળેલું ફરમાન.

દેશાઈગરાં આબતનું.

તોગરા

અબુઅલ ફતેહ નાસરૂદીન મહમદ શાહ બાદશાહ ગાઝીનું ફરમાંન.

બીન મીરાનશાહ
શાહ
અમીર તેમુર સાહેબ કરાન
બીન શેખ ઓમર
બીન ઓમર શેખ બાદશાહ
બીન સુલતાન અબુસયદ બાદશાહ
બીન સુલતાન મહમદશાહ
બીન બાબર બાદશાહ
બીન હુમાયુ બાદશાહ
બીન અકબર બાદશાહ
બીન જેહાંગીર બાદશાહ
બીન શાહેજેહાં બાદશાહ
બીન આલમગીર બાદશાહ

બહાદર સાહેબ
કરાન સાની અબુઅલ
ફતેહ નાસરૂદીન મહમદ
શાહ બાદશાહ ગાઝી
બીન જેહાનશાહ
૧૧૩૧

આ વખતે મોટા મરતબાનું ફરમાન મુબારકી ભરેલું તાબેદારી કરવાને લાયકનું ફરમાવ્યામાં આવે છેકે કસબે નવસારી પરગણે પારચોલ અમદાવાદના સુબાની સુરતની સરકારના અમલદારોને જાણવું જોઈએ કે મજકુરની ચોધરાઈ (દેસાઈગીરી) ખોરશેદજી પારસીને નામે પેટામાં લખ્યા પ્રમાણે મુકરર કરીને સોંપવામાં આવી છે, તેટલા સારૂ રૈયતની

આબાદીને તથા ખેતીના વધારાને તથા સરકારમાં માલનો અવેજ અદા કરવાને ઘટતી રીતે કોશેશ કરે, અને વાટપાડુઓને અને ચોરોને પોતાની હદમાં આવવા નહીં દીએ. વાસ્તે હાકમો તથા અમલદારો તથા જાગીરદારો વગેરે હાલના તથા આવતા વખતનાને લાયક છેકે મજકુર (દેસાઇ) ને તે જગાના ચોધરી (દેસાઇ) મુકરર જાણીને તેની સલાહ તથા હીસાબના સુખુન પ્રમાણે ચાલવું. ઉલટું ચાલવું નહીં. એ વીશે પુરતી તાકીદ જાણીને અમલ કરવો. લખ્યાની તારીખ ૭ મી જમાદુલસાની સને ૩૦ જલ્લુસી.

(મોહોરછે.) (મોહોરછે.)

૧૧૧૬
મહુમદશાહ બાદશાહ ગાઝીનો વજીર અલમમાલક એતેમાદઉલ દોલા કમરૂદીનખાનબહાદર નુસરતે જંગ મહમદ શાહી

મહુમદશાહ બાદશાહ ગાઝીનો ખાનેઝાદ અબદુલ હમીખાન સને ૧૧૧૬

(નકલો દફતરોમાં લીધી છે.) સને ૩૦ જલ્લુસી તા. ૨૭ રમઝાન

ફકલ્યાઓની મુખ્ય સનદ.

આજે નવસારીમાં અને બીજે જેજે ઠેકાણે ફકલ્યા અથવા ફરફરીઆની અટકથી જે ટોળો ઓળખાયછે, તે ટોળાના મુખી વડીલ આ. મેહેરજી ચાંદણા નામે એક દાનાવ ભગરીયા મોબેદ હતા. એવણ વીશે નવસારીમાં આવી વસેલા મલેકસરાહમધેના પારશીઓનો મોટો વિશ્વાશ અને માન હોવાથી તમામ મલેશરની અંજુમને તેવણને પોતાના પંથકી બનાવી, આખું મલેશર ફલ્યું તેવણનું યજમાન થયું, અને નીચે પ્રમાણે એક લેખ કરી આપ્યોહતો. એ લેખ અસલ હમારી પાસે આવ્યો છે. તે અસલ લેખ આ પ્રમાણે છે:——

ાા શ્રી મલેસર પહલીએનાં* પારશી શમસ્ત નાંહનાં તથા મોટા સમસ્ત

* પહલ્યું = એટલે ફલ્યું સમજવું.

જત અમો શરવ પંચ એતફાક થઇ કરાર કીધોજે આંપણાં વડાએ અશલ આં. મિહિરજી ચાંદણાંના વડાનિ*કુલકરી લાવા છેજે અમારૂ અધારૂપણાંનું કાંમ તમો પાસિ કરાવીએ તેની વગત વેહેવા થાએ જેની વરણી તથા ઊઠેણાંની ધુપ દેખડાવી તા. ચેહારંમનુ આફ્રગાંન કરિ તથા કુંઆરા છોકરાની નવજોત તા. રોજ દીશા શાંલ ૫ શાલ તમો પાસૈ કાંમ કરાવીએ તે ઉપર આ. મિહિરજીનાં બાપદાદા હમેસૈ કાંમ કરતા આવા અને આંપણાં વડાંએ એહો પાસૈ કામ કરાવેઊ તે ઊપર અમો શરવ પંચ બિશીને લખુ કરૂજે એહોનાં વડા બાપદાદા કામ કરતા આવા જે અમોભી રાજી થાઇને એહો પાસૈ શાલ ૫ શાલ કાંમ કરાવીએ એ ઉપર કોએ બીજો લોદગી કરી અમલ કરી તથા કરિએ નહી જે કોઈ એ લખા ઊપર લોદકી કરી અમલ કરૈ તે શ્રી શરિનો ગોનેગાર તા. દીવાંનમાં ગોનેગારી રૂા. ૨૫ પચીશ ભરૈ તથા અમારા વડા કુલ કરી એહોને લાવો છે. માટે અમો અમારા વડાનું કુલ પાળવા લખુ કરૂ છે તા. અધારૂએ કબુલ કરૂ છે અમારા વડાં શાથૈ જે તમારૂ કાંમ શાલ ૫ શાલ ચલાવું માટે શરવ પંચ રાજી થાઇને લખુ કરૂ છે શંવત ૧૭૨૮ વરખે રોજ ૧૬ મા. ૧૦ શ્રાવણ વદી ૧૩ એ અમો શરવ રાજી થાઇને લખુ છે આ. મિહેરજી ચાંદના ઊપર રાજી રેહેઊ." (અહીંથી ફાટી ગએલી ૧ જ લીટી છે) એ લેખ વીશે તરેહવાર અજબ જેવી કથાઓ છે, તે જગાની તંગીને લીધે મોકુફ રાખી છે. આ લેખ ઉપર નીચલા બેહેદીનોની શહીઓ છે.

શાગર બહેરાંમ, ધનજી બહેરાંમ, ખરશેદ ધરવાંન, શાગર રાંનાં, રૂશતમ રાંમજી, રાંમાં ધરપાલ, ચાંદજી કાંમજી, જમશેદ ચાંદા, ચાંદજી ધનજી, કાંમજી ખરશેદ, જીવન ધનજી, વોહરા નાંહનજી કલાં, મેહરજી માંણેક, રાંમજી ખરશેદ, લીમડા રાંમજી, ભાઇજી આશડીન, ચાંનજી શનજી, ધરપાલ બમન, વો. પેશતન રૂશતંમ, વો. ફ્રેશી આસડીન. દારાબ અમીઆ, વો. બામ કાવશ, વો. શાગર આશડીન, ચાંદા કડવા, જમશેદ ધનજી, વો. બાંમ મેહેરજી, વો. ફીકા માંનક, હોશંગ રાંનાં, બેરાંમ ખરશેદ, આચર મલી, જમશેદ હોશંગ, ચાંદનાં રૂશતમ, જીવન રાંમાં, હીરા ચાંદા, જોગી આદર, જીવન પદમ, શાપુર હાંશા, ખરશેદ હોરા, પોમાં કાંમાં, બાંમજી ચાંદા, કાવશ વાછા, જમશેદ માંકા, હીરા

* જયાં જયાં રસ્વ " ઈ " હોય, ત્યાં ત્યાં " ઈ " નો " એ " વાંચવો.

નરશંગ, મહેરજી રૂશતંમ, તેમુલ ચાંદજી, કાંનજી આશા, ગા. હોશંગ શાગર, શાપુર પદંમ, વો. આશા હીરા, વો. મેહેરજી ચાંદના, કુકા કાંમદીન, વોં. પેશતન પદમ, વો. ચાંદા શાગર, માંનેક કાવશ, વો. ચાંદજી રાંમજી, ધનજી નરશંગ, વો. એરાંમ હીરાજી, એરાંમ કાવા, શાગર કાવા, હીરજી ખરશેદ શરવે ભાઇઓ શમેત, મહેરજી શહીઆર, જમશેદ શહીઆર, જીવન ધનજી કરવા, કાવશ ધનજી, કાવશ રાંનાં, અશપુ નરીમાંન, વો. હીરા શાગર, વો. માંનેકજી નરશંગ, નાંનાં માંકા, મહેરજી જમશેદ, વો. બાંમ પદમ, વો. તાકા મંજી, બહેમન આશદીન, ફારેશ લીબા, માંણેક રાંમજી, મહેરજી પેશતંન, વો. દાજી ધનજી, વો. બહેમન માહીઆં રાંમજી, ખરશેદ રાંમજી, વો. કાંમજી મેરજી.

મોબેદ કુળોના મુળો.

૧– માંદનના તથા ભેદવાર અને માંધના ખાંદાંનના મુળ પુરૂષ એ. લીમરા એ. રેલીઆ, એ ઘણાં પરહેજગાર અને એકસાલેક હતા. એવણુ રોજ ૫ માહ ૧૧ સંવત* ૧૬૮૭ માં ગુજર્યા હતા.

૨– હોજદાર ખાંદાંનના મુળ પુરૂષ દશતુર આશદીન એ. કાકા હતા. એવણુ પણુ દાનાવ અને ભણેલા દશતુર, "આશદીન કાકા" ને નામે ઓલખાતા હતા. એવણુ રોજ ૧૦ માહ ૪ સંવત ૧૬૯૪ માં ગુજર્યા.

૩– કાંગા તથા કુકા ખાંદાંનના મુળ પુરૂષ એ. હીરા એ. મોવદ એ. હમજીઆર એ. કાકા, એવણુ સંવત ૧૬૯૭ રોજ ૪ મા. ૧૦ ને રોજે ગુજર્યા. એવણુ દીનઈનના કામમાં ઘણા કામેલ હતા.

---

*ઘણીક ગમ દસ્તાવેજ વિગેરેમાં સંવત આવે છે. કોઇગમ યજદેજરદી શાલ આવે છે, માટે યજદેજરદી શનેને ઈસવીસન કરવો હોય તો તેમાં ૬૩૧ ઉમેરવા, અને ઇસવી સનમાંથી યજદેજરદી સને બનાવવો હોયતો ઈસવી સનમાંથી ૬૩૧ બાદ કરવા. તેમજ હીજરીમાંથી ઈસવીસન લાવવો હોય તો હીજરીમાંથી સેંકડે ૩ ટકા બાદ કરી તેમાં ૬૨૨ ઉમેરવાથી ઇસવીસન આવશે. તેમજ ઇસવીમાંથી વિક્રમાજીત સને લાવવો હોય, તો ઈસવીમાં ૫૬ ઉમેરવા, અને સંવતમાંથી ૫૬ બાદ કરતાં ઈસવી સને આવે છે.

૪— શકલાતવાલા તથા બોશરા તથા બુધેલા વગેરે ખાંદાંનના મુળ પુરૂષ એ. ચાંદના એ. કાકા હતા. એવણુ રોજ ૨૭ માહ ૪ સંવત ૧૬૮૭ માં ગુજર્યા.

૫— રાંનજી ખાંદાંન, તથા મોદી વગેરે ખાંદાંનના મુળ પુરૂષ એ. કુકા એ. શેહારાબ રાનજી રોજ ૫ માહ ૩ સંવત ૧૭૪૦ માં ગુજર્યા. એવણુ એક પરહેજગાર સાલેક હતા.

૬— શંજાણા ખાંદાંનના મુળ પુરૂષ એ. માણેક એ. પેશીતન તે ઉદવાડેના સંજાંણા પેશતન માણેકના બાવા. એવણુ નોશારીના જીવા શાએર ચાંદાના પાળક થવાથી નવસારીમાં માહીઆર ફરેદુનની પોલમાં આવ્યા હતા. એવણુ રોજ ૨૪ મા. ૮ સંવત ૧૭૪૪માં ગુજર્યા.

૭— શેઠ ખાંદાંનના મુળ પુરૂષ એ. રૂશતમ એ. માનેક, જેવણુ "રૂસ્તમ માનેક" ને નામે ઘણા પ્રખ્યાત હતા, તેવણુ રોજ ૧૭ માહ ૧૦ સંવત ૧૭૭૭માં ગુજર્યા.

૮— શીરવાઇ, દેશાઇ, અવાશીઆ, વગેરે ખાંદાંનના વડા એ. હોમજી એ. ફરેદુન, તે દેશાઇ ખાંદાંનના મુળ પુરૂષ તેહમુલજી દેશાઇના બપાવા રોજ ૪ માહ ૭ સંવત ૧૭૦૮ માં ગુજર્યા.

૯— નરશંગ નવદર બીન ચાચા વાછાના પૌત્ર દારાબના પૌત્ર લોહોરાસ્પજી નામે નવદર અટકના એક બુજર્ગ મોબેદ થઇ ગયા છે, કહે છે કે, હાલના બોદવારમાં એવણનું ઘર હતું, તેને પાછલે બારણે સારી જાતની બોરડી હતી, તેના બોર એવણ મોહલામાં રમતાં છોકરાંઓને આપતા હતા. એક દહાડે એવણુ માંદા હતા અને છોકરાઓએ બોર માંગ્યાં, ત્યારે ધ્રુજતા ધ્રુજતા બોલ્યા કે "બોદ લાવ ! બોદ લાવ ! તે બોદ કયા ચુલામાંથી લાવે ! "તે ઉપરથી કહેછે કે નવદર અટક બદલાઇને બોદની પડી છે. બોદ ખાંદાંનના એવણુ મુખી ગણી શકાય, તોજેકે તેવણુના બાપદાદા નવદરની અટકના હતા. વલી એ લોહોરાસ્પના બેટા રૂશતમજી એક જાંણીતા ખેડુત હતા. તેવણુ દેશાઇઓનો અરદોવારો નામે વજીફો ખેડી ત્યાંજ ઘણે ભાગે રહેતા હતા. તે વીશે દેશાઇ ખુરશેદજીએ સંવત ૧૮૨૧માં નોંધ કરેલી છે. મરનારે કંટાળીને બોરદી ઉખડાવી નાંખી ત્યાં છાપરી બંધાવતાં, પાયામાંથી કેટલુંક ધન જડયું ત્યારથી શ્રીમંત થયા એમ કહેવાય છે.

એ પ્રમાણે આ ૯ મુળ પુરૂષોની જાંણવા લાયક હકીકત જ-

ણાવી છે, અને બીજાઓની બીના "નવસારીનાં નામવર બેટાઓ" ચાલી હમારી ચોપડીમાં આવશે.

નવસારીના નવાબ સાહેબ.

નવસારીના દેશાઇજી નવરોજી મનોચેરજીના વડા બેટા એદલજી ભાઇ, સંવત ૧૮૪૪ માં જન્મ પામ્યા હતા. એવણ ઘણા ખબરદાર અને હિંમતવાન છતાં ભોળાં દિલના હતા. બાપના મરણ પછી ગણદેવીની મામલત એવણે ચલાવી હતી. નવસારીના તે વેળાના લક્ષાધિશો માં એવણની ગણત્રિ હતી. ગંદેવીની મામલત કરવા ઉપરાંત વડોદરા દરબારના અને નવસારીની અંજુમનના દરેક જાહેર કામોમાં એવણ આગેવાંની ભર્યો ભાગ લેતા હતા. દિલના એટલાતો દુલ્લા હતા, કે તેવણને "નવસારીના નવાબ સાહેબ" કરીનેજ લોકો કહેતાં હતાં. તેવણનો ઠાઠ અને કડબ ખરેખરજ એક નવાબને છાજતો હતો. જોકે વડા દેશાઈની ગાદીએ એવણ આવવા પામ્યા નોહતા, કારણ કે મોટા દેશાઇની ગાદીએ, ગુજરનાર ગાદીનશીનનો બેટો આવતો નથી, પણ કુટુંબમાં ઉમરે જે વડો હોય તે વડો દેશાઇ થાય એવો કાયદો ચાલતો આવેલો છે. તોપણ તેવણને નવસારીમાં તેટલુંજ માનતો મળતું હતું. તેવણ જ્યારેપણ ગણદેવીથી નવસારી આવતા ત્યારે આતશબેહરાંમ સાહેબમાં જેટલા રૂપ્યા ચઢીને મોબેદ સાહેબો "વારો" લઈ આવ્યા હોય તેટલા રૂપ્યા આપી દેતા! એક વાર સુરતમાં અમીરોની કાઉન્શીલ મલી હતી, ત્યાં એવણ મોંડેથી સિધારેલા હોવાથી, પોતાને લાયકની જગા ઘેરાઇ ગયલી હોવાથી એક જમાદારે પ્રેસીદંતની પાસેથી એક ગ્રહસ્થને ઉઠાડયો, કે એદલજીભાઇ સરીખા ઉમરાવની એ બેઠક છે. તે જગાએ એદલજીભાઇને બેસાડયા. સભા પુરી થઇને સભાસદો બાહાર નીકળ્યા, કે તુર્તજ પોતાની આબરૂ વધારનાર જમાદારને પોતાની આંગલીએથી કિંમતી હીરાની વીંટી કાઢી આપી! એવા એવણના દુલ્લાપણાના ઘણા દાખલા છે. એવણને દુષ્ટ ફીમ્યાગરો વળગેલા હોવાથી પુષ્કળ દોલત ગુમાવવી પડી હતી. ગણદેવીથી નવસારી આવતાં સંખ્યાબંધ માણસ કુનસોના સ્વારીના જેવા ઠાઠમાઠથી એવણ આવતા. અને "નવાબ સાહેબ" આવે છે, એમજ લોકો બોલતાં.

એવણુને સુરતની કોઠીના ૧૧ મા "ચીફ" મી. એન્ડ્રુસ સાથે ભારે મિત્રાચારી હતી. મી. એન્ડ્રુસે કરેલા દેશાઈની તરફેણના વાજબી રિપોર્ટો લીધે આખું દેશાઈ ખાંદાંન આજે પણ એદલજીભાઇને યાદ કરે છે. એવણ ઉપર ધરમપોરના રાજા વિજયદેવજીનું અતિ હેત હતું. ધરમપોરના રાજમાં એવણના હજારો રૂપ્યા ઉછીકા વપરાયલા છે. એ રાજા વિજયદેવજીએ એવણને ઘણીવાર મોટાં ઇનામો આપ્યાં હતાં, તેમાં ૨૦૦૦ રૂપૈયાનો એક કિંમતી લશકરી ઘોડો પણ ભેટ આપ્યો હતો. એવણ ૫૮ વર્ષની વયે સંવત ૧૯૦૨ માં ગુજર્યા હતા. સુરતની આગમાં બચી ગયલા દસ્તાવેજો બદલનો સુસ્વપ્નો એવણને આવ્યા બદલ બીજે ઠેકાણે આપણે વાંચીશું. ગણદેવીમાં એવણે પોતાને ખરચે આદરાંન પરઠવાની સઘળી તૈયારી કરી હતી. જમીન પણ લીધી હતી, અને તેના ખરચ માટે વજીફો પણ કાઢયો હતો. પણ તે શુભ કામ પાર પાડવામાં નવસારીના કેટલાકોએ અડથળો નાંખવાથી તે કામ એવણને હાથ પાર પડતું અટકયું હતું. ગણદેવીમાં એવણે ઘણાંક ધર્મના કામો કર્યા હતાં.

નવસારીના લુકમાન.

નવસારીમાં હિંદુ દેશી વૈદોનો પ્રચાર આગળથીજ ચાલતો આવેલો છે. તેમાંપણ ઘણા પ્રખ્યાત અને અચ્છા નારીવૈદોએ છેક કાઠિયાવાડ સુધી નામના કાઢી છે. ઘણાઓએ ભોંએ પડેલાંએને પોતાના રામબાણ અક્સીરોથી ઉઠાડેલાં છે. તેમાંપણ ફકીરભઇ વૈદ, જદુભઇ વૈદ, તુલજારામ વૈદ વિગેરેમાં બાપેદાદેજ એલ્મનો ગુણ વિશેષ ઉતરેલો હતો. તેઓ નવસારી અને તેની આસપાસ ૩૦ ગાઉ સુધીમાં પોતાની પ્રખ્યાતિ અને વિખ્યાતી ફેલાવી ચુકયા છે. તે બધામાં એક પારશી દેશી હકીમે પોતાની તિક્ષણ બુદ્ધિ અને દર્દ પારખવામાં તથા તેના અસરકારક ઉપચાર કરવામાં નવસારામાં અને આસપાસ સઘળે "નવસારીના લુકમાન" નો મોટો એલકાબ મેલવ્યો છે. તે હકીમ મરહુમ શેઠ પાલનજી ખરશેદજી બામજી*નામે બાપેદાદે એક નોશાકરા, બાપેદાદે ભગરીઆ મોબેદ,

*બામ નામના મોબેદ ઉપરથી બામજીની અટક પડેલી છે.

ખામજી કુટુંબના નરે ઘણી તારીફલાયક નામના કરી છે. એવણની જીંદગીના બનાવો એટલાતો જાણવા લાયક છે, કે તેને માટે " ડાકટર પહાલણજીનું જન્મ ચરિત્ર " એવી એક ચોપડી પણ તેવણના એક ખેરખાહે પ્રસિદ્ધ કરવાની જરૂર વિચારી છે. મરનારે ભોંએ પડેલાંને ઉઠાડયાં છે. વૈદાં ઉપરાંત, ઝાડપાનની વિદ્યામાં-મંત્રતંત્રના એલ્મમાં-હુન્નર કારિગરીમાં-અંગબળ અને તર્ક બળમાં-એવણની ઘણી તારીફ થાય છે. ઘોડાની સ્વારીમાં, શીકારમાં, અને કુસ્તી બાજીમાં વખણાયલા હતા. ગાયણ ગાવામાં પણ ખાં હતા. નવસારીમાં શૈત્રંજ રમનાર લેખે એવણની વખાંણ હતી. દેશાઇજી બરજોરજી નવરોજીના જાની મિત્ર હતા. એક વેળાએ મરણને બીછાણેથી એ દેશાઇજીને એવણે ઉઠાડયાથી દેશાઇજી મોસુફે એક વજીફો એવણને ઈનામમાં આપ્યો હતો. વડોદરા દરબાર તથા ધરમપોર અને વાંસદાની દરબારો તરફથી એવણે ઘણાં ઇનામો મેલવ્યાં હતાં. જડીબુટ્ટીમાં માહિતી હોવાથી, હડખાંનો-સર્પદંશનો-વીછુના દંખનો- પાથાં-કોહોડ-લકવો-ખહી-વગેરે જ્યાંગાર દરદોનો તો એવણનો ખાસ અભ્યાસ હતો. એવા સેંકડો દરદીઓને એવણને હાથે આરામ થયાથી અત્રે બહુજ વખણાઈ ગયા હતા. એકજ દાખલો. દેશાઇ ખાંદાનની એક નોજવાન સ્ત્રી એક અંગ્રેજી વૈદું શીખેલા પારશી દાકટરની સારવાર હેઠળ હતી. તેનો છેલ્લો દમ ચાલે છે અને ઘરકલો થઇ રહ્યો છે, એટલે અંગ્રેજી દાકટરે બીલકુલ આશા છોડાવી જણાવ્યું કે અરધા કલાકમાં તેણી મરણ પામશે. દાકટરે ત્રીજે દહાડે તેણીનું ઉઠમણું થયલું જાંણી, ઉઠમણાની મીજલશે જવાની તૈયારી કરી. ખબર કાઢતાં જણાયું કે તે સ્ત્રીતો પાલણજી દાકટરની દવાથી હુસ્યાર થઈ છે. એટલે પેલા દાકટર સાહેબની અજાયબીનો પાર રહ્યો નહીં. આજે તે સ્ત્રી બચ્ચાં બાલાંની માતા થઇ પાલણજીભાઈના પ્રતાપે પોતાનો સુખી સંસાર સુલીતપણે ચલાવે છે !

એવણ પાસે ઘણા અકશીર મલમ હતા.* અને કેટલીક અતિ

* આ ઠેકાંણે નવસારીનો સુપ્રસિદ્ધ " કુકીનો મલમ " યાદ કરવો બરાબર થઈ પડશે. જે પ્રમાણે શેઠ માણેકજી બહમનજી કલકાતીના ધણીઆંણી અને શેઠ નશરવાનજી (નશલી) બચાજી દાવરના બેટી જીવીબાઈ મુંબઇમાં આજસુધી " નશલીની જીવી " ના નામથી પોતાના પ્રખ્યાત મલમને લીધે પંકાયલાં છે, તેજ પ્રમાણે હાલના " કુકી " તે વીસરબાઇ બહેરાંમજી તલાટી પોતાના " કુકીના મલમ " ને લીધે નવસારીમાં પંકા-

કિંમતી દવાઓ, મરી જતા માણસની સાથે વાત કરાવા જેટલી અગતની હતી, એમ કહેવાય છે. ટુંકમાં એવણની આખી કારકીર્દી એકજ અંગ્રેજી કહેવતમાં સમાઇ જાય છેકે, "Jack of all trades and master of some one." અથવા Something of everything and everything of something.

એ નોશાકરા લુકમાનનો જન્મ નવસારીમાં તા. ૬ નવેંબર ૧૮૦૮ને દિને થયો હતો, અને તા. ૧૬ જાનેવારી ૧૮૯૧ ને દીને ૮૨ વરસની વયે મરણ પામ્યા હતા. ગુજરતાં સુધી મરહુમ પોતે કાઠીએ કદાવર, આંખે આખા, મને મજબુત, અને તને તંદોરસ્ત ટકી રહ્યા હતા. મરહુમ નવસારીની એક નોંક હતી. પોતાનો આ જાતનો લગભગ સઘળો વારસો પોતાના વડા બેટા ડાકટર શોરાબજીને સોંપી ગયા છે.

નવસારી સાથે સુરતની સગાઈ.

નવસારી સાથે જો કોઈપણ શેહેરને બેહેનબેહેનના જેવી સગાઇ અસલવારેથી થયલી હોયતો તે સુરત શેહેર સાથેનીછે. તે વીશે "સુરતની તવારીખ" ના બનાવનાર મી. અ. બ. પટેલે ઘણી સારી નોંધો કરેલીછે, અને તે તવારીખ આ સગાઇ વીશેના ટેકામાં આગળ

ચલાં છે. એટલુંજ નહીં, પણ મુંબઇ અને ગુજરાતના ઘણા ભાગોમાં પણ પોતાના મલમથી વખણાયલાં છે. એ મલમ તલાટી ખાંદાનવાલાઓ અરબસ્તાન, ઇરાન, અને આફ્રીકાના ભાગોમાં પણ ફેલાવે છે. એ મલમ પણ નવસારીની મોટાઇઓમાં એક ગણી શકાશે. એ "કુકીનો મલમ" આશરે ૭ પેઢીથી પુત્રિવંશમાં ઉતરતો આવેલો છે. કોઈ ફકીરની મેહેરબાનીથી પેહેલવેહેલે કુકીબાઈ નામની પારશણ ઉપર ઉતરેલી તેના પ્રતાપ છે. ખુબી એ છેકે એ મલમની પટી ગમે એવાં જીવલેણ દરદો, ગુંમડાં, પાકાં, સડેલાં હાડકાં, ભગંદર વગેરે વગેરે ઉપર ઉત્તમ અક્ષીર ગણાય છે. એવાં કફોડાં દરદો ઇંગ્રેજી વૈદાંવાળા ડાકટરોથી નથી સાજાં થયાં ત્યારે એ મલમથી અજાબ જેવી રીતે દુરસ્ત થયાં છે. વલી ખુબી એ છેકે એજ મલમની પટી એક દરદને પાકવે છે, તેજ પટી દરદને ખેંચી કાઢે છે, અને તેજ પટી રૂજવે છે. એ મલમ ઠંડો છે. અને ટુંકમાં નવસારીના એ પ્રખ્યાત "કુકીના મલમ" થી હજારો આદમીએ આજે આશીરવાદ દેતાં સાજાં થયાં છે.

હવે જોવી જોઇએ. ગોયા સુરતની તવારીખ તે નવસારીની તવારીખછે. કેહોકે સુરતમાં જેબી કંઇ બનતું, તે બહુધા દરેક વાતની સાથે નવસારીનોસંબંધ એટલે દરજ્જે હતો, કે નવસારી ગોયા સુરતનું એક પરૂં હોય, અને સુરતમાં બનતા બનાવની અસર જેવી ગોપીપરાંમાં કે સલાબતપરાંમાં થાય, તેવીજ "નવસારી પરાં"માં થાય. ત્યારે સુરતમાં જે આફ્ત તે નવસારીમાં હતી. સુરતમાં સુખ અને આબાદી તે નવસારીમાં ઉતરતી. સુરતમાં રેલ કે દુકાળ આવે તે નવસારીમાં પણ આવે. સુરતના નવાબો અને મુત્સદ્દિઓ તે નવસારીના પણ નવાબો હતા. ફકત તેમના પ્રતિનિધિ મલેકો, અત્રે વસતા હતા. ત્યારે જે વિચારો હમો આ ઠેકાંણે જણાવ્યે તે "સુરતની તવારીખ" ની સાથે ભેલી દઇનેજ જણાવીશું. "સુરતની તવારીખ"ના વિદ્વાન બનાવનારે નવસારી વિશે જે કંઇ લખ્યું છે તે, અને નવસારીને પણ લાગું પડતું જે તેણે લખ્યું છે, તે ભેલીને આપણે જણાવ્યે.

સુરત શેહેર ૭૦૦ વરસ ઉપર એક મેદાંન હતું, અને રાંદેર ગંજાવર શેહેર હતું. રાંદેર તુટીને સુરત જ્યારે "બાબ ઉલ મકકા" યાને મકકે હજ કરવા જવાનો દરવાજો એવું રૌઢ નામ લઇને મંડાયું તે વેળાએ પણ સુરત કાંઈ ચઢતી અવસ્થામાં નોહોતું. હજુ તે મેદાંન હતું. " તેરમી સદીમાં સુરત જ્યારે એવી અવસ્થામાં હતું ત્યારે ભરૂચ, ખંભાત, તથા **નવસારી** આબાદ હાલતમાં હતાં. અમદાવાદ તે વખતે હતું નહીં." ત્યારે કહો કે જે વેળાએ સુરત અને અમદાવાદ જેવાં શેહેરો નહીં હતાં, તે વેળાએં આપણું નવસારી તો શેહેર જેવી આબાદીમાં હતું. " પારશીઓ એ વખતે સુરતથી દક્ષિણે બાર કોશ પર તરતના વસેલાં શેહેર **નવીસારી** માં સુરતની નજદીકજ, પણ છેક સને ૧૧૪૨ના સાલના આવીને વસેલા હતા......પારસીઓની વસ્તી પંદરમી સદીમાં નવસારી ખાતે બારે હતી.................. એ સદીમાં સુરતમાં પારશી થોડા થોડા વસવા માંડયા હતા, અને નવસારી પારસીઓના ધર્મનું વડું મથક હતું."

"માલેતોજાર" નવસારીની ઉત્પત્તિ. "મહમદ તગલખ નામનો હિંદુસ્થાનમાં એક ગાંડો પાદશાહ ઇ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧ લગી રાજ કરી ગયો. તેના વખતમાં ગુજરાતમાં એક મોટો બળવો જાગ્યો. તે બલવામાં ગુજરાતમાં (નવસારીમાં અને ચોમેર) અંધેર રાજ ચાલી રહ્યું. એ બળવા વ-

અને તગલખ પાદશાહે સુરત શેહેર લુટી લેવાની રજા આપી.” સુરત લુટીને નવસારીમાં તે આવ્યો. ત્યાં પણ લોકોને લુટયા અને ખરાબ કીધાં. નવસારી થઇ તે દેવગઢ ઉપર ચઢાઈ લઇ ગયો. “તેણે અહમદવાઝ (નામે એક અમીર) ને ગુજરાતની શુબાગીરી આપી, મલેક મુકબીલને તેનો વજીર ઠરાવ્યો. આ વેળાએ બીજા કેટલાક સરદારોને ગુજરાતમાં જાગીરો મળી, તેમાં એક સરદાર નામે “મલેક ઉતુઝાર” એટલે મોટો સોદાગર એ નામે સરદાર હતો, તેને **નવસારી અને તેના તાબાના મુલકો જાગીરમાં આપ્યાં.”** એ મલેક મોટો શ્રીમંત હતો. આ ભાગમાં દ્રવ્યવાન માણસને “માલેતોઝાર” કેહવામાં આવે છે, તે એ “મલેક ઉતુઝાર” ના નામ ઉપરથી અપભ્રંશ થઇને બોલાતો શબ્દ છે.

નવસારીના નવ સૈયદો સુરતમાં. આગલ આપણે નવસારીના નવસૈયદોની હકીકત વાંચી છે. તે નવે સૈયદ ભાઇ ભાઇ હતા. ગોપી તલાવની વાયવ્ય ખુણે નવસારીના “નવસૈયદપીરની દરગાહ છે. એ સૈયદની યાદગીરીમાં ૩૦૦ વરસ થયાં દર વરસ મેળો ભરાય છે, અને મહમદનો ઉપરાંત નીચ વર્ગના હિંદુઓ એની માનતા લેછે.”

નવસારી ભાગળ. સુરતમાં ઈ. સ. ૧૬૦૮ માં પેહેલ વેહેલા અંગ્રેજ લોકો વેપાર કરવા આવ્યા, તે વખતે સુરત શેહેરની આસપાસ ફકત એક કિલ્લો હતો. તે “શેહેર પનાહ” યાને શેહેરને બચાવનારો એવા નામથી ઓળખાતો હતો. તેમાં ત્રણજ ભાગળ હતી. વરીઆવી, બરાહન પુરી, અને નવસારી ભાગળ. પેલી નવસૈયદવાલી દરઘા તે વખતથીજ નવસારી ભાગળની દક્ષિણે ઉભી હતી. સુરતનો વેહેવાર નવસારી સાથે એ ભાગળ મારફતે ચાલતો હતો. એજ પ્રમાણે સુરતમાં નવસારી બજાર પણ છે.

શીવાજી અને પીંઢારાઓ નવસારીમાં. મરાઠાઓની જે ધાડ અને લુંટ સુરતમાં ચાલતી તેજ નવસારીમાં ચાલતી. બલકે પેહેલાં નવસારીમાં ધાડ પડતી અને પછી સુરત લુટાતું. ધાડપાડુ અને પીંઢારાનું નવસારીતો ગોયા “બાબ ઉલ ગુજરાત” હતું. ગુજરાત લુટવાની નવસારીમાંથી શરૂવાત થતી. પીંઢારાઓ કેમ આવતા અને કેમ લુટતા તે “સુરતની તવારીખ” આપણને બરાબર શીખવે છે. શીવાજીએ ગુજરાત તરફ નજર કરી,

તે વેળાએ તેણે બહિરજી નામના એક વિશ્વાસુ જાસુદને આ તરફ ચારે-બારે જોઇ આવવા મોકલ્યો. આ તરફની આબાદી જોઇને તે પાછો ગયો એટલે શીવાજીએ નાશકની જાત્રાએ જવાને બાહાંને ૪૦૦૦ લુટારા ભેગા કર્યા, અને આપણે આગલ કહી ગયા તેમ, ઇ. સ. ૧૬૬૪માં આ તરફ તેણે લુટ ચલાવીને અને ૪૦૦૦ ઘોડેસ્વાર લઇ આ ભાગમાં પેઠો. ગભરાયલાં લોકો પોતાની જીણસમાત્ર ભોંયરાંઓમાં દાટવા લાગ્યાં. વારંવાર લુટ થવાથી લોકો પણ જાણી રહેલાં તે રાંધવાના ચુલાની નિચે, અથવા દિવાલોની ફાટમાં, અને સંદાશની નીચે જીવતગાળો હોય તે સાંતતાં. કોઇતો ઘરમાં બારણાંને બાહારથી તાલું મારીને અથવા અંદરથી ખીલી દઇને ભરાઇ બેસતાં. કોઇ સુરત તરફ નાશી જતાં. શીવાજી અને તેના માણસો ઠર જીવે લુટ ચલાવતા. બાહાદુર લોકો સામે થતાં, હિંચકારાં લોકો શરણ થતાં, અને ચાલાક લોકો પીંઢારાને છેતરવા યુકિત પ્રયુકિતઓ ચલાવતાં. નવસારીની એક બાહાદુર રજપુતાંણીની વાત ચાલે છે કે, તેને ત્યાં બે પીંઢારા ભરાયા. રજપુત બાહાર ગયલો એટલે એક જણને તેણે ભોંય તળીઆંની ઓરડી તરફ આંગલી બતાવી, કે જે છે તે એમાં છે અને બીજાને માળીયાં ઉપરનો મસ મોટો ઉંડો પેટારો બતાવ્યો. એક પીંઢારો માળ ઉપર ગયો, તેની પુઠે જઇ પેટારો ખોલી આપ્યો. પેટારો ઉંડો હોવાથી અંદરનો માલ લેવા પીંઢારો વાંકો વલી ડીંગાયો, કે તાંટયા પકડી બાહાદુર રજપુતાંણીએ પેટારામાં તેને ઉઠલાવી દઇ બારણું નાંખી દઇ સાંકલ મોઇ દીધી ! અને નિચે ઉતરી પડી ઓરડીમાં ભરાયલાને અંદર ખોલભએડ કરતો રેહવાદઇ હિંમત અને સમયસુચકતાથી બારણું બંધ કરી દીધું. રજપુત આવી લાગો અને રજપુતાંણીની હિકમત ઉપર આફ્રીન કરી પેલા બંન્નેને મરણતોલ હાલતમાં બીજે દહાડે બાહાર કાઢયા ! એજ પ્રમાણેનો એક મોબેદનો દાખલો કહે છે, કે એક પીંઢારો તેના ઘરમાં આવ્યો તેને પોતાનો પેટારો ઉંઘાડી આપી અંદરથી માલ જીણસ લેવા કહ્યું. પીંઢારાએ જેવું ડોકું પેટારામાં ઘાલ્યું, કે મોબેદ સાહેબે પેટારાનું બારણું પાડી નાંખ્યું, અને પીંઢારાની ટોકી કચડી રાખી ખોખરો કરી નાંખ્યો ! એક હીંચકારી વાંણયેણે બાળહંત્યાનું પાપ થાય કરીને પીંઢારાના દેખતા એક કોમળ બાળકને કુવામાં નાંખી દીધું. પીંઢારાએ બાળહંત્યામાંથી ઉગરવાને તેણીનું ઘર છોડી દીધું. પાછળથી વાણયેણ પોક મુંકી માથું અફાળવા લાગી. કેમકે જાન

કરતાં જીણુસને તેણીએ વાહાલી ગણવામાં પાપ કર્યું હતું. પીંઢારા નવસારીમાં આવતા તે દોડદોડમાં જેટલું લુટાય તેટલું એક બે દહાડામાંજ નાશ ભાગમાં લુટતા. કંઇ શાંત જીરેજ બધીવાર લુટાતું નોહોતું. એક મોહલ્લામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં દોડ દોડ ચલી રહે. કેમકે તે લોકોને પણ નવાબ અને મલેકના માણસોનો તથા બીજી બાહાદુર રૈયતનો ડર હતો. ધાડ પડી ત્યારે એકવાર એક દોસીએ એવી તાલ લગાવી, કે ઘરમાંથી અનાજનાં થોડાંએક હાલ્લાં લાવી ઘરના બારણાં આગળ ફોડી નાખ્યાં, અને ઓટલા ઉપર બેશી રડવા લાગી. પીંઢારાઓ જેવા તેણીના ઘર આગળ આવ્યા તેવાજ તેઓએ આ દેખાવ જોઈ એવું વિચાર્યું કે, તેમના કોઇ ભાઇબંધ પીંઢારાઓ આ મોહોલ્લો લુટી ગયા છે, અને જીણસભાવ લઈને અનાજના હાંલ્લાં બાહાર ફોડી ગયલા છે, આવા ખોટા ખ્યાલથી તેઓ પેલી દોસીના ઘરમાં તો નહીંજ પેઠા પણ આખા મોહોલ્લામાં પણ નહીં પેઠા !

એકવાર પીંઢારાઓએ નવસારીમાંથી લુટેલું તમામ દ્રવ્ય અને જીણસભાવ નવસારીનાજ એક ધોબીનો બળદ લુટીલઈ તે ઉપર તે લાઢી લઇ ગયા. અર્ધવચ્ચે ગયા ને મોગલ સરકારના લોકો ઉપરથી તેમના ઉપર હુમલો ચલતાં નાશભાગ ચાલી. બીધેલો બલદ ત્યાંથી છુટયો તે આબાદ પોતાના ધોબી ધણીને ત્યાં આવી ઉભો. એ રીતે એક ધોબી નેહાલ થઇ ગયો. પીંઢારા આવ્યા ત્યારે એક ઓરતે પોતાના ધણીને જીણસભાવ સંતાડવા તાકીદ કરી આગણામાં વટાણાં રેડી દીધા. વટાણા ઉપરથી ચાલતાં માણસના પગ લપસી પડે છે, એ વાત જાંણીતી હોવાથી તેણીએ આ સમયસુચકતા વાપડી. તે ઉપરથી દોડતાં પીંઢારાઓ સરી પડવા લાગ્યા. ઘરમાં દાખલ થવાને એમ કરતાં થોડીક વાર લાગી અને જનસભાવ ઉંચું નીચું કરવામાં ઘરધણી ફાવ્યો.

"બતાવ ધન કાંહ છે ?" એમ છતાં તે પીંઢારાઓ દાટેલું શંતાડેલું, કે બચાવેલું છુપાવેલું ધનદોલત બતાવા માટે ઘરધણીઓ ઉપર ઘણી ઘણી સખતાઇ કરતા. ઘોડાની માફક માણસોનાં મોઢાંમાં મરચાંના તોબડા બાંધતા ! ગરમ તાડવેલા શલ્યા પકડાવતા ! ઉની ઉની તવા ઉપર ઉભા રખાવતા ! આંખમાં તપકીર દાબતા ! સંદાસમાં મુંડી ચાંપતા ! વગેરે વગેરે

અનેક ઉપાયોથી આપણા નોશાકરા બાપદાદાઓને હિણતા અને પુછતા-ને પુછતા એજ કે, " બતાવ ધન કાંહ છે ? " બે ભાઈઓના પાસે પાસે બે ઘર હતાં. એક ઘરમાં ભોંયરૂં હતું અને બીજામાં નોહતું. તેમના મોહોલામાં પીંઢારાઓ પેઠા; કે જે ઘરમાં ભોંયરૂં નોહતું તે ઘરવાલા ભાઇએ પાસેના ઘરમાં પોતાના માળ્યાં ઉપરથી સામાન નાંખવા માંડયો. સામાનની ગાંસડીઓ પૂરી થઈ ત્યારે પીંઢારો બોલ્યો, "બસ એટલીજ !" એમ કેહતાંની સાથેજ મોબેદના હાંજા ગગડી ગયા. અને સામાન લઈ દઇને પણ આ છેતરપીંડી કરવા માટે તે મોબેદને માળ્યાં ઉપરજ છી-કડીને સજ્જડ માર માર્યો. જામાસ્પઆશાખાંદાંનના એક ભોળા મો-બેદ પોતાના ઓટલા ઉપર વંદીદાદનો પોથો લખતા હતા. પીંઢારાઓ તેવણના મોહાલ્લામાં જેવા પેઠા, કે તેવણે વંદીદાદનો પોથો અને અ-વસ્તાની બીજી કેતાબોનું પોતલું બાંધી નાશવા માંડયું. પીંઢારો સમ-જ્યો કે ધન દોલત લઇને તે નાશે છે. મોબેદ "સાહેબ કરગરી કેહવા લાગા " જો ભઇ આએ મારી કીંમતી દોલત છે. એને તું ના અડક !" પીંઢારો તે ઉપરથી લલચાયો, અને પુછયું કે એમાં શું છે! મોબેદ કહે, " જે છે તે બધું એમાંજ છે તો. તતવતો બધું એમાંજ છે. એ-વડે મુઆનું બી થાય ને જીવતાંનું બી થાય. " આ ઉપરથી પીંઢારાએ જોસદાંન ઝુંટવી લીધું, અને પોથો ઉથલાવા લાગો, તો તેમાં કંઇ દીઠું નહીં. એટલે અકેકું પાંનું ફાડતો જાય ને મોબેદ બચારા રડીને કકલી પડતા જાય; તેમ તેમ પેલો કેહતો જાય, કે ધન દોલત બતાવ. મોબેદ બચારા આંખ પાણી કરી ભોલાઇથી કહે, કે ધન દોલત સો તો એજ છે. આખરે પોથો ફાડી પીંઢારો* ચાલ્યો ગયો.

નિર્ધન નવસારી. એ પીંઢારાઓ સામે બળતવારીથી અંગ્રેજ લોકો અને વલંદા લોકો લડતા. પણ તે જમાનામાં તેઓની સંખ્યા પણ નાહની હોવાથી તેઓ પોતાના જાત ભાઇઓનુંજ રક્ષણ કરી શકતા. પાછળથી અંગ્રેજી કંપનિના અમલદારોએ સુરતની પ્રજાનોતો બચાવ કરવા માંડયો. અને તે ઉપરથી સુરતના ન-

*પીંઢારા શબ્દનો સાધારણ લોક એવો અર્થ સમજાવે છે કે, પ-શુ+ધાડા; યાને ધાડ પાડવાનું પણ યાને વૃત લેનારા. પણ વલી સત્તાદાર રીતે તે શબ્દ સંસ્કૃત પિણ્ડાર ઉપરથી પિંડારા અથવા ગોવાલ્યા કરીને સમજવામાં આવે છે. અને તે ગોવાલ્યાઓ પાછળથી લુટનું કામ ચલાવતા હોવાથી તેજ નામે ઓળખાતા રહેલા છે.

પામે તો તેના ઇનામમાં એ કંપની ઉપર ૩॥ ટકા જકાત હતું તેને બદલે ૧ ટકો કર્યું. શીવાજીની આ ભાગમાં ઇ. સ. ૧૬૬૪ની ધાડ વેળા નવસારી સુરત વગેરે ઠેકાણેથી કરોડ રૂપીઆ સુધી શીવાજી પુને લઈ ગયો કહેવાય છે. એ લુટ પછી પાંચ વરસ રહી પાછો આપણા આ ગરીબ ભાગો ઉપર લુટ ચલાવા આવ્યો. ઇ. સ. ૧૬૭૦–૧૬૭૧–૧૬૭૪–૧૬૭૫માં તેની લુટ ભારે હતી. નવસારીતો નિર્ધન થઇનેજ રહ્યું, પણ સુરતને લુટયું તો લુટયું પણ આખરે સળગાવી દઇ ગયો. લોકો પાયમાલ થયા. વેપાર ધંધો ભાગી પડયો. નાશભાગ કરી લોકો પરદેશ જતા રહ્યા; તેમાંથી કોઈ કુટુંબો તો પાછાં ફર્યાંજ નહીં. નવસારીના જે કુટુંબો નાહાં તેતો મુંબઇમાં મંડાઇ ગયાં. તે વખત અગાઉની નવસારીની સુરતથી ઉતરતી સગાઇ મુંબઇ સાથે અટલગની ગણાતી હતી. શીવાજી પોતે કેમ લુટ ચલાવતો તેને માટે સુરતની તવારીખમાં કહેલું છેકે, શીવાજી અગાઉથી ફકીરને વેશે એકલો મોહલ્લે મોહલ્લે ફરી જતો, અને તાલેવંત લોકો ક્યાં ક્યાં વસે છે, તે નગરીઓ અને પરાંઓ નજરમાં રાખતો. ઇ. સ. ૧૬૮૦માં શીવાજી મરણ પામ્યો ત્યારે સુરત અઠ્ઠાવીશીમાં એટલે નવસારીમાં પણ સઘળે લોકોમાં ખુશાલી થઇ. આપણું નોશારી શેહેર તે વેળા ઔરંગજેબને તાબે હતું. સુરત અને આસપાસના લોકોની ખરાબી શીવાજીએ કરેલી જાંણી તે ક્રોધાયમાન થયો. શીવાજીના રાજ્ય ઉપર તે ચઢાઇ લઇ ગયો. તેના દીકરા શંભાજીને પકડી કેદ કીધો. શંભાજીએ પેગંબર હઝરત મહમદને ગાળ દીધી છે એવું તોહમત મુંકી તેની જીવતાં જીવત જીભ કાપી નંખાવી, અને તેની આંખોમાં લોઢાંનો ઢગઢગતો સળીઓ ઘોંચાવી તેનો શીરચ્છેદ કર્યો. આ સજાથી પણ કંઈ પીંડારાઓ ધરાયા નોહોતા. શીવાજીના લશકરના જંગલી મરાઠાઓ લુંટતા! લુંટ નહીં મળતી તે ઘરમાં મારફાડ કરતા! ઉંધા લટકાવતા! ભારવટે તાંગી નીચે બળતું કરતા! અને તેના કરતાં માબાપના રૂબરૂ, ભાઇબેહેનના સમક્ષ, સ્ત્રીઓને નગ્ન કરી દાંહાંમ દેતા. અને લાજ લુટતા! અને ફાવે તો સાથે ઉંચકી જતા! શીવાજીનું નામ સાંભલી નવસારીના કહો કે સુરતના સર્વે લોકો ઠરઠર કાંપતા અને તેનાથી હેબકી જતાં. એ પ્રમાણે દખ્ખણના દેશીઓએ ગુજરાતના દેશીઓને હેરાંન વેરાંન કરી પાયમાલ કર્યા છે. ગરીબ નોશાકરાઓની અને નરમ સુરતીઓની લુટ લઈ જઇ પોતાના દેશી જાતભાઈઓને તે આપી દેતો. ખપ જોગું રાખી બ્રાહ્મણોને દાન કરતો. એક ગમથી

લોકો એવી રીતે લુટાતાં ત્યારે બીજી ગમથી ઔરંગઝેબ હિંદુઓ પાસેથી પૈસા કઢાવી મુસલમાનોને આપતો. તે વખતે પારસીઓની સાથે મુસલમાનો ઘણા સારી રીતે વર્તતા. તે વખતે નવસારી શેહેર સુરત અઠ્ઠાવીશીમાં હતું, અને તે તમામ ૨૮ મહાલો મળી વાર્ષિક આવક ૧૩ લાખની હતી, જ્યારે આજે માત્ર નવસારી પ્રાંતનીજ આવક તેથી બેવડી છે. તે વેલાએ "નઊસારી" ની પેદાશ માત્ર ૬૦૩૨૦૦ દામની હતી (૪૦ દામનો એક રૂપીઓ થાય છે.) સુરતમાં જે પ્રમાણે તે વખતે રાજવહિવટ ચાલતો તે પ્રમાણેજ નવસારીમાં નાહના પાયા ઉપર ચાલતો. તે એવી રીતે કે, નવસારીનો વડો હાકમ સુરતમાં "મુત્સદ્દી" ના એલકાબથી રાજ ચલાવતો. તેના હાથ નીચે ઇનસાફ કરનાર જે જડજ તે "કાઝી" કેહેવાતો. તેથી ઉતરતો અમલદાર "વાંકા નવીશ" ના નામે ઓળખાતો હતો. તેના તાબામાં દફ્તરખાનું રહેતું. જકાતખાતાંના ઉપરીને "શાહે બંદર" ને નામે ઓળખતા. શેહેરોના બંદોબસ્ત માટે ઉપરીઓ હતા. નવસારીના ઉપરીને મલેક કહેતા, અને તેના હાથ હેઠલના મેજીસ્ટ્રેટને "કોટવાલ" કહેતા. તેના હાથ હેઠળ એક ફોજદાર રહેતો. એ કોટવાલ તથા ફોજદાર પોતે પણ રાતે ૯ કલાકથી પાછલી રાતે ૩ વાગા સુધી શેહેરમાં "રોન" (Round) ફરતા. અને શેહેરની પાસબાંની કરતા. કેમકે એક રાતે કંઇપણ ખાતર નહીં પડે એમ બનવું નવાઇ જેવું ગણાતું. વળી નવસારીમાં તે વેળાએ લોકોને સજાગરૂ રાખવાને અને સાવધ રહેવાને આખી રાત ઢોલ અફાળતા "દાંડીઆ" ફરતા રહેતા. રાજ્યરંગવિષે લંબાણ કરવા બેસ્યે તો ઘણું છે, પરંતુ, જે ગાયકવાડોએ ગાયકવાડી રાજ ઉપર હકુમત ચલાવી હતી તેઓએજ નવસારી ઉપર ચલાવી, તેમજ જે મુગલ પાદશાહો અને સુરતના નવાબો, મુત્સદ્દીઓએ ગુજરાતમાં હાકમી કરી તેઓએજ નવસારી ઉપર પણ ચલાવી, માટે તેઓનું બ્યાન લંબાવાની જરૂર જોઇ નથી.

તે વખતની સરકાર.

ફરજીઆત સાદાપણું.

એવી રીતે લોકોમાં ચોર લુટારાનો અને પીંઢારા તથા ગ્રાસીયાઓનો ભારે ડર હતો. થોડાક સિવાય બીજાઓથી મોટી હવેલી બંધાતી નહીં. ગાડી ઘોડે બેસી ફરાતું નહીં. સારાં કપડાં પેહેરી બાહાર નીકલાતું નોહતું. આજના પેહેરવેશના રેવાજથી ઉલટુંજ હતું, કે ઘરમાં સારૂં સારૂં પેહેરવું, પણ બાહાર જવાનો વખત થાય ત્યારે દોટીની દગલી, ને ફાટેલો

જોડા પેહેરવો પડતો ! બોલતા જોડા પેહેરનારની કમબખ્તી થતી. ઓરતો જવલેજ એકલી બાહાર નીકલતી. તેમાં જવાન ખુબસુરત ઓરતથી તો બાહાર નીકલી શકાતુંજ નોહતું. ખુબસુરતી એતો ગોયા તેણીને કેદખાંનાની બેડી હતી. જાંણે ઓરતે ખુબસુરત પેદા પડવું, એ-તો તે દાહાડા ઉપર ગુન્હાનું કામ હતું. ઓરતોને જો ન છુટકે પાંણી-છાંણીએ બાહાર જવું હોય તો પાંચ સાતનું ટોળું થઇ નીકલી શકાતું.

લોકોની દયાંનત. તે વખતના આપણા લોકોના પ્રમાણીકપણા માટે લખે છેકે, વેપારીઓમાં પ્રમાણી-કપણું મોટું હતું. રૂપીઆની બાંધીને સીલ કરેલી થેલીઓ એક ઠેકાંણેથી બીજે ઠેકાંણે વગર ગણુવે અને વગર પરખવે વરસના વરસ આપ લે કરવામાં આવતી. એવી તે વખતે સાફ દયાંનત હતી. તેની તેજ થેલીઓ એક બીજાને ત્યાં આપ લે થતી. તે વખતે દસ્તાવેજ ઉપર શાખ વટીક સુરજ અને ચંદ્ર ને નામે થતી. વેપારમાં પણ બરકત હતી. નવસારીમાં તો ખુમલા, વાંસ, ચોખા, નાલ્યર, અને ગોળનો વેપાર તે વખતે બહુ દીપેલો હતો. પારશીઓ વટીક માંછલાં વેચતા. ઘણેભાગે નવસારી અને સુરતનો લગભગ બધી જાતનો (લોહાર સોની જેવા આતશ ઉપર જવાલ ગુજરનારા ધંધા અને હલકી જાતના નીચ પેશા શિવાયના) વેપાર રોજગાર પારશીઓના હાથમાં હતો. સુથાર, માંછી, પસ્તાકીઆ, વણુકર, ખેડુત, શીપાઈ, બ્યાજખોરા, ગાંધી, વગેરે તમામ પારશીઓ હતા. વેપારમાં તે વખતે થોડામાં ઘણો નફો હતો. અને થોડામાં ઘણી બરકત તેઓ સમજતા. તે વખતના પારશીઓનો લાગવગ જેવો તેવો નોહોતો. નવસારીમાં મોબેદ બેહેદીનોમાં થયલી ખુનામરકીના ગુન્હામાં ફાંસીને લાકડે ચઢે એવા ૧૨ તોહમતદારોને સુરતના શેઠ કુંવરજી નાહનાભાઈએ પોતાના લાગવગથી ફાંસીએ જતા અટકાવ્યા હતા. એટલુંજ નહીં પણ કહે છેકે, સુરતના એક પ્રખ્યાત ખાંદાંનનો પારસી નબીરો ઈંગ્રેજોની કોઠીમાં ચોરી કરવા જતાં દારૂખાનાં અને હથ્યારખાનામાં ઉતરી પડયો; અને ત્યાં દીવા સલગાવતાં દારૂખાનું સળગી ઉઠી એક માણુસનો ભોગ લીધો. તે છોકરા ઉપર રાજદ્રોહ માટે પ્રપંચ કરવાનો અને ખુન કરવાનો વાંક મેલી પટેટીને દહાડે ફાંસી દેવાનો ઠરાવ થયલો, તેને ફાંસીને લાકડેથી નવસારીના દેશાઈ મનોચેરજી ખરશેદજીએ પોતાના લાગવગથી છોડવ્યો હતો, અને તેને માટે " ઉન્નો તો ઉન્ની બજાઇ " વાલો ખ્યાલ આજેપણુ સુરતમાં ગવાય છે.

અઢારમી સદીની શરૂઆતમાં સુરતમાં પારશીઓ કેમ અને કયારે વધ્યા

નવસારીએ પારસી–સુરતને વસાવ્યું.

તે વીશે "સુરતની તવારીખ" માં લખે છેકે, "નવસારી પેશ્વાના હાથમાં ગયું. ત્યાં કામદારોના જુલમ તથા મરાઠાઓની વારંવારની લુટથી પારસીઓ કંટાલી ગયા. તેથી એકી વખતે આસરે ૧૦૦૦–૨૦૦૦ પારસીઓ પોતાના કુટુંબ કબીલા સહીત સુરત આવ્યા. તેઓએ "રૂસ્તમ પુરા" નામનું આખું પરૂં નવસારીવાલાઓનુંજ વસાવ્યું. અને રોઆંનને કેટલાંક વરસ લગી નવસારીનેજ દોખમે ચઢાવા લાવતા. આડે દહાડે તેમને એ કામમાં મુશકેલી લાગતી નહીં હશે, પણ ચોમાસામાં કાદવ કીચલમાં તથા નદીઓ રેલપાણીથી ભરપૂર હોય, તેવા વખતમાં તેમને હેરાનગતી અતિશય પડતી, તેથી રૂસ્તમપુરાની (નોશાકરી) પારશી અંજુમનના તે વખતના પટેલ અસપંદીઆરજી શેરાબજીએ નવાબ મીર મોમીન-ખાન (જે ઈ. સ. ૧૭૭૫માં સુરતના નવાબની ગાદીએ આવ્યો હતો) પાસે પીપલોદ તથા ભરથાણાના સીમાડાપરજ જમીન લઈ ઉઘરાણું કરી પીળા પથ્થરનું એક દોખમું બંધાવ્યું. એ જમીન રૂસ્તમ-પરાંના સઘળા પારસીઓને માટે વકફ તરીકે માશીમાં વંશપરંપરા આપ્યા બાબતનું નવાબ સાહેબે મોહોર સાથનું ફરમાન આપ્યું છે." પારશીઓમાં બે પ્રકારના દોખમા બોલાય છે. પદાનીઆઓનું, અને વગર પદાંન્યાઓનું. યાને નવસારીના લોકો મુરદાંના મોંઢાં ઉપર પદાંન નામનો લુગડાંનો કકડો બાંધે છે, અને સુરત તરફનાઓમાં તેવો રેવાજ નથી. તેથી પદાંનીઆઓને આગળા જમાનામાં દોખમે ચઢાવામાં હરકત પડતી. નવસારીના લોકો પદાનીઆ હોવાથી, સુરત ગયાં ત્યાંથી પણ મુરદું ચઢાવા નવસારી લાવતા. વરસાદ પાણીમાં, નદી નાલામાં જ્યારે રેલના કે પૂરના પાણી ચઢતાં, ત્યારે કહે છેકે દહાડાઓ લગી પાણી ઓસરતાં સુધી મુરદાંને ઝાડ ઉપર બાંધી રાખવાં પડેલાંના દાખલા બન્યા છે. જાણે બજાર હાટ કરવા જવાનું હોય, તેમ સુરત ગયલા નવસારીના પારશીઓ ચાલતા નવસારી આવતા. તે એટલે સુધી કે મહિનાના જેટલા હમકારા, તેટલા દહાડા સુરત જઈ વસેલા ઘણા નોશાકરા મોબેદો માત્ર કરશલી દોરી સાથે લઈને ચાલતા આતશ-બેહેરાંમ સાહેબને શેજદો કરવા નવસારી આવતા, અને બપોરે અત્રે ખાઈલઈને પાછા-સુરતમાં સાંજે તો દાખલ થઇ જતા.

રૂસ્તમઅલીખાંન. નવસારીમાં જે વેલાએ લુટનો સમય સમી ગયો હતો, ત્યારે ઈ. સ. ૧૭૨૩ પછી સુરતના નવાબનો મોગલાઈ જુલમ, અને નવાબી દોર વધી પડયો. તેમાં ઈ. સ. ૧૭૨૩ માં રૂસ્તમઅલી નામના એક બાંહાદુર સિપાહને નવાબ બનાવી સુરત અને નવસારીની હાકમી તેને મોગલ સરકારે સોંપી. તે જોકે મરાઠાઓને પૂરો પડયો ખરો, તોપણ લોકોતો ઉલમાંથી ચુલમાં પડયાં. મરાઠા લુટારૂઓથી છુટીને હવે મોગલાઇ મારમાં છુંદાવા લાગ્યાં. રૂસ્તમઅલીખાંન પોતાના ભાઈના ખુનનું વેર લેવા મરાઠા સામે લડવા અમદાવાદ ગયો, ત્યાં તે માર્યો ગયો. અને જે પ્રમાણે ઇરાંની બાહાદુર પેહેલવાન રૂસ્તમને પેટે બાહાદુર બેટો શેરાબ પેદા પડયો હતો, તેજ પ્રમાણે રૂસ્તમઅલીખાંનને પેટે બાહાદુર બેટો શોહરાબખાંન અવતર્યો હતો. તેણે પણ નવસારી ઉપર બાપના જેવોજ જુલમ જારી રાખ્યો. સુરતનો હાકમ મુત્સદ્દી ગણાતો હતો ત્યાં સુધી તો ઠીકજ હતું, પણ ઇ. સ. ૧૭૩૩ માં સુરત અહાવીશીનો હાકમ " નવાબ " ના પૌઢ નામથી યાને વાઇસરાય જેવો ગણાવા લાગ્યો ત્યારથી, યાને નવાબ તેગબખ્તખાનના વખતથી નવાબી દોર ઘણો વધી પડયો હતો. તેના વખતમાં સુરતમાં " નવાબની સ્વારી " બહુ ઠાઠમાઠથી નીકળતી હતી. અને આજે જેમ વડોદરે દશેરાની સ્વારી જોવા લોકો જાય છે, તેમ નવસારીથી એ સ્વારી નીકળવાને દિવસે પુષ્કલ લોક સુરત જતું હતું.

નવસારીમાં મોટી રેલ. ઈ. સ. ૧૭૨૯માં એકાએક તાપી, મીંઢોલા, અને પૂર્ણા નદિઓમાં રેલ ચઢી આવી. નવસારીમાં તો તમામ પાકનો નાશ થયો હતો. પૂર્ણા નદિને કાંઠેના પારસીઓના તમામ મોહોલાઓ રેલમાં ડુબી રહ્યા હતા. ઘણું ઘરોમાંતો માળપર વેર રેલના પાણીનો વોહ ચાલતો હતો. લોકોમાં ધભરાટ બહુ ફેલાયો. કેમકે સુરતમાં એ રેલથી ભારે ખરાબી હતી. ત્યાંતો લોકો ઝાડ ઉપર અને ઘરના છાપરાંઓ ઉપર બએ દહાડા ભુખાં બેશી રહ્યાં હતાં !

પારશીઓનો પોશાક. સુરતના હિંદુ તથા પારશીઓનો જે પોશાક ૧૮ મી સદી અને ૧૯ મી સદીની શરૂવાતમાં હતો, તેજ નવસારીના હિંદુ અને પારશીઓનો હતો. તે એટલે સુધી કે પેહેરવાના જોડા વટીક સુરતથી નવસારીમાં મંગાવામાં આવતા હતા. સુરતની તવારીખમાં તે વીશે અચ્છું બ્યાન કરેલું છે. તે વખતના

લોકોનો પોશાક સાદો હતો. સઘળાં લોકો હાથે વણેલાં તલબદ્દ જાડાં લુગડાં પેહેરતાં હતાં. હિંદુઓ હલકી પાઘડીઓ અને દોટી તથા ખાદીના અંગરખા અને ધોતીઆં પહેરતા હતા. હિંદુ સ્ત્રીઓ ઘરેણાં ઘાલતી તે પોકલ અને લાખથી ભરેલાં હતાં. મોટો ભાગ રૂપાંના ઘરેણાં હતાં, અને તવંગરોજ શોનાનાં તો પેહેરતા. પારશી લોકોમાં ૧૮ મી સદીમાં અને ૧૯મી સદીની શરૂવાતમાં મોટો ભાગ છીંટની સુતરાઉ, હાથે બાંધેલી પાઘડી પેહેરવાનો નવસારીમાં રેવાજ હતો. વલી દરેક રૂતુની પાઘડીઓ જુદી હતી. તાપના દહાડાની જુદિ, ટાઢના દહાડાની જુદિ, અને ચોમાસામાં પેહેરવાની પાઘડી જુદિ હતી. ઘણાઓ તો એ સદીઓમાં પણ લાલ કસુંબા પાઘડી પેહેરતા. અંગરખાને બદલે દોટીના જામા અથવા નીમા પેહેરતા. તેની ઉપર પીછોડીની "કમ્મર" બાંધવાનો રેવાજ હતો. કમ્મરે પીછોડી બાંધ્યા વિના, બાહાર જવું અવિવેકી ગણાતું ! આજે પણ દેશાઈ ખાંદાનમાં તે રેવાજ કેટલાક સાહેબો રાખી રહેલા જણાશે. સુરતમાં વગર ચાંચના, પણ નવસારીમાં ચાંચવાલા જોડા પેહેરતા. જોડા પણ ભારી ઘરખમ, અને વાધરી બાંધવાના હતા. ચોમાસામાં તો લાકડાંના જોડા અને ખડાઉ કે પાવડી પેહેરવામાં આવતી. મરદોમાં પણ ઘણાકો નાક કાન વીંધાવી વાલી પેહેરતા. પારશીઓ પણ રાતે પોતીઆં પેહેરીને સુતા હતા. પારસણો સુતરાઉ સાડી, સુતરાઉ ઇજાર, અને ઘાઘડા તથા ચણીઆ પેહેરતી. શદરા અને માથાંબાંના પણ જાડાં દોટીના પેહેરાતાં, તો જોકે એ તવારીખમાં કહે છે તેમ નવસારીમાં ઉંચા પ્રકારની મલમલ પણ બનતી હતી. "ઝીણી મલમલ નવસારી અને ભરૂચમાં બનતી; તેવી કોઇ ઠેકાંણે નહોતી." કાંચલી પેહેરવાનો, કપાળે ચાંદલો ચોઢવાનો અથવા તીલાં કરવાનો ચાલ હતો. સુરતમાંતો ઘણીક પારશણો આંખ આંજને બાહાર નીકલતી. હાથે હિંદુ માફક પોહોલા પઠાના કાળાં લાકડાં, ધાતુ, કે કાળા કાચના ચુડા પેહેરતી હતી !

ખાધાનો ખોરાક. નવસારીમાં ૧૯ મી સદીની અધવચ સુધી તો ઘણી સોંઘવારી હતી. દરેક વસ્તુ સોંઘી અને સસતી મળતી. પૈસો પેદા કરવો ઘણો મોંઘો હતો. આ જમાનાની માફક આવક થોડી ને ખર્ચ ઘણો નોહોતો, પણ ખર્ચ થોડો ને આવક ઘણી હતી. "હિંદુ લોકો ઘરમાં તેમજ લગન મરણના વરામાં શું ખાતા ? તેઓ ઘણું કરીને જાડા ચોખાનો ભાત, દાળ, કઢી તથા શાક

ખાતા. ઉતરતા લોકો વાલ તથા રોટલા ખાતા. જે સખસ ગોળ તથા ઘઉંના લોટની ગોળપાપડી ખવાડતો તે તવંગર ગણાતો. ઘી, માખણ, દુધ સસ્તું છતાં, તે ઘણું ઓછું વાપરવામાં આવતું. વરામાં ખાંડ જવલેજ વાપરવામાં આવતી. પારશી લોકોનો ખોરાક પણ સાદો હતો. તેઓ ઘરમાં ઘણું સાદું ખાતા, (આજના જેવી ખાધાની વરણાગી નોહોતી.) તેમજ લગન તથા મરણના વરામાં પણ તેવુંજ હતું. જાડા ચોખા, અને મગની કે વાલની દાળ. એ દાળને મોંઘી ગણી કોઇતો દાળને ઠેકાણે કોહલું કે વેંગણાની ખુરીઆંનીથી કામ લેતા. માંસનો ખોરાક તે વખતે વરામાં વપરાતો નહોતો. દારૂતાડી વરામાં પાવામાં આવતું નોહતું. ”

ખેતીવાડી. નવસારી, એ ગુજરાતનો મુખ્ય ભાગ, અને ગુજરાત એતો “ હિંદુસ્તાનનો બાગ ” ગણાયલો ઉત્તમ ખેતીવાડીનો લત્તો ઠરેલો છે. એટલે પછી નવસારીની જમીનની ફળદ્રુપતા વિષે વિચાર કરવાનો હોયજ શાંનો ? “ નવસારી ગંદેવીની જમીનમાં પથ્થર વાવે તો તેનેબી ફળ આવે ” એવી અતિશ્યોકિતની કહેતી છે. એ ભાગ મધેની કેરી જેવી ઉત્તમ ગણાય છે તેવી બીજે કેઇની ગણાઇ નથી. સુરત અઠ્ઠાવીશીના એ તમામ ભાગ વીશે સ્ટેવોરીન્શ મુસાફરે કહેલું છેકે “ ૧૮ મી સદીના ખેડુતો ઉદયોગી ખેડુત હતા. ખેડયા વગરની જમીન કવચિતજ નજરે પડતી. સુરતની આસપાસની ખેતી ઘણી ઉત્તમ હતી. ખેતરોને વાડ કરતા, અને વાડેવાડ આંબા આંબલીના શોભાયમાન ઝાડો આવી રહેલાં હતાં. તેમાં ભાત, ઘઉં, બાજરી અને બીજો દાણો થતો હતો. કપાસ, સણ, તંબાકુ સારો થતો હતો. ” સુરત સાથે, એશીયા-યુરોપ-અને આફ્રિકા દેશના બધાંમલી ૮૪ બંદરો ને વહેવાર હોવાથી “ ચોર્યાશી બંદરનો વાવટો ” કહેવાતો, તે બંદરોમાં સર્વથી પેહેલું બંદર આપણા નવસારીને મુકેલું છે. પ્રથમ તો પારશીઓ પણ ખેડુતો હતા, અને સર રીચર્ડ ટેંપલે (મુંબઇના ગવરનર) તાતા શેઠવાલાં દોખમા વખતે દેશાઇ બરજોરજી નવરોજીને કહી સમજાવ્યું હતું કેઃ—

“ તમો ખેડુત ઉપરથી દેશાઇ થયા છો. ”

સુરત જીત્યું ત્યારે નવસારીનો હદયો.

સુરતના નવાબના હાથમાંથી જ્યારે ઈ. સ. ૧૮૦૦ માં અંગ્રેજ સરકારે સુરત લઇ લીધું, ત્યારે મુંબઇના ગવર્નર જોનાથન ડંકન ઉપર નવસારીના દેશાઈજીને ત્યાંથી મોબારકબાદીનો પેગાંમ તથા ભેટ સોગાદનો સામાન ગયો હતો. અને તે નવસારી સાથનો સુરતનો સંબંધ જારી રાખવાનું ગોયા ઇજન હતું. એ બદલ મી. જોનાથન ડંકને લખેલી નોંધમાં પણ લખેલું છે કે "પેસ્વાના (ગાયકવાડના) દેશાઇ નવરોજીને ત્યાંથી મેવો તથા ફુળ આવ્યાં."

નાંણાનું ચલણ. સુરતમાં જે નાંણું ચાલતું, તેજ નવસારીમાં ચાલતું હતું. માત્ર "અકબરશાહી" અને "દામ" નું ચલણ વપરાતું નોહતું. બાકી **ચાંગાશાહી** રૂપ્યા તો નવસારીમાં પણ સુરત પેઠેજ આગળ વપરાયલા નોંધાયલા છે. પાછળથી "સુરતી" અને "ભરૂચી" રૂપ્યા નવસારીમાં ચાલેલા જણાયા છે. તે ભરૂચીમાં પણ વલી ૧૫ આનાવાળાથી તે છેક ૧૨ આના સુધીના ઘસાઇ રહેલા રૂપ્યા વટાવ સાથે વપરાતા. તેમાં વલી સકકઇ- લીસો-બાળેલો-ટાંણેલો-નાંકેલ-અંતરીઓ-સીસેલ-ત્રાંબાનો એ સૌ સુરતની માફકજ નવસારીમાં ઓલખાતા હતા. સુરતની તવારીખ ઉપરથી તેના ભાવો પણ જણાયા છે.

સિકકાનું નામ—	કિંમત આંના.
નાંકેલ	૧૫
ટાંણેલો	૧૪॥
અનતારીયો	૧૪॥
બાળેલો	૧૪॥
સીસેલ	૭
ત્રાંબાનો	૨

એ ઉપરાંત સોલાકી, એડીદાર વગેરે ખાંમીભર્યા રૂપીયા જે સુરતમાં નહીં ચાલતા તે નવસારીમાં ચાલી જતા. "સુરતી" શિવાય કોઇ પણ રૂપીઆની કિંમત પુરા ૧૬ આના ઉપજતી નોહોતી. આજે વડોદરામાં જુના બાબાશાહી રૂપીઆની ઢપના અર્ધા-પાવલાં-બેઆંના વગેરે રૂપાંના નાંણા આવતાં હતાં. પૈસા પણ તે ઢબના આવતા હતા. કહે છે કે ત્રાંબાનો એક આનો પણ આવતો હતો. વલી બદાંમ અને કો-

ડીનું પણ નવસારીમાં ચળણ આજથી ૨૫ વરસ ઉપર હતું. એક પ-
ઇસાની ૧૦૦ કે તેથી ઓછી બદામ (આપણે ખાઇએ છે તે નહીં
જાંણવી), અને એક બદાંમની ૨ કોડી મલતી. નાહના ચલણે લો-
કોને મોટો ફાયદો હતો. ૧ પાઇ અને ઉપર ૪ બદામ આપેતો તે
આજનો "સવાયો" ગણાતો. ૧૨ બદાંમની નાહાસડી કેહવાતી. અને
૭ બદાંમની "દમડી" કહેવાતી. નવસારીમાં ઘણે ભાગેતો એવી આ-
પ લે ચાલતી, કે સુથારને મોચી જોડા શીવી આપે, અને શુથાર મો-
ચીને વીંઢણા વગેરેના હાથા ઘડી આપે. વૈદોને ત્યાં વટીક ખેડુતો જુ-
વાર આપતા, એટલુંજ નહીં પણ છેલ્લાં છેલ્લાં નવસારીમાં જ્યારે
માત્ર બેજ વકીલો હતા ત્યારે તેઓને બસેર પાંછેર જુવાર આપી કામ
કરાવામાં આવતું.

મજુરી અને ભાવ તાલ.

છેક ૧૯ મી સદીની અધવચ સુધીમાં મજુરીના દર ઘણાજ
ઓછા હતા. તેમજ અનાજની ઘણી સોંઘવારી હતી. જેમ દર ઓછા તેમ
લોકો સુખી હતાં. સંવત ૧૮૨૧-૨૨-૨૩-૨૪ શાલોના મહાપુજ્ય દેશાઈ
શ્રી ખુરશેદજી તેહમુલજીના રોજમેલોને આધારે તેમજ બીજી હાથની
લખેલી વહી વગેરેથી તે વખતના અનાજનાં ભાવો તથા મજુરીનો અડ-
સટો નીકલે છે, જે ઘણે ભાગે સુરતના ભાવોને મળતોજ આવે છે. આ
ભાવ ૧૮ મી સદીનો સુરતની તવારીખ પ્રમાણે આપ્યે છેઃ——

ધંધાદારી.	નવસારીની મજુરીનો રોજ, આના.	સુરતનો દર, આના.
સુથાર	૬	૪
લુહાર	૮	૮
દરજી	૩	૪
મોચી	૨	૨
મજુર	૨	૩
કડિયા	૫	૪
બાઇ મજુર	૧।।	૧।।
ખેતીના મજુર	૨	૨
જોડા	૭	૬

ખાંધા બદલના મજુર	૨॥ પૈસા	૦
કલાઇગર	૫૦ વાસણ નાનામોટાં રૂા. ૧	૦
શોની	૧૨ આના	૦
કંસારો	૭ આના	૬ આના

હજામ = મોટાં મરદનો ૧॥ પૈસો અને નાનાનો સવાયો. નવસારી પ્રમાણે.

અનાજ વીગેરે.	નવસારીના ભાવ રૂા.		સુરતનો દર રૂા.	
ભાત બંગાલીયું	૪॥	હારો	૪	હારો
” સાળિયું	૨॥	”	૨	”
” કડા	૨।	”	૨	”
ઘંઉનો લોટ	૦॥-॥ર	મણ	૦।	મણ
જુવાર બાજરી	૦।	”	૦)॥	”
દાળ તુવરની	૧	”	૦।	”
દાળ ચણાની	૦॥=	”	૦	”
કપાસ	૧॥	”	૧॥	”
ઘી	૬॥	”	૪	”
દારૂ	૨। ૦।	”	૨	”
દીવેલ	૨। =॥ર	”	૧॥	”
તેલ	૨॥	”	૨	”
દલાંણુ	૦)=	”	૦	”
મશાલો	૮	”	૦	”
ગોળ	૧॥ =૧	”	૧।	”
મટન	૧	”	૧	”
હલવાન	૦॥	”	૦	”
તાડી	૦। વાસણ ૧		૦)=	”
ઈંડાં	૧ પૈનું ૧		૧ પૈનું. ૧	
મરઘાં	૧ આનાનું ૧		૧ આનાના ૨	
મીઠું	૦)-।	મણ	૦)-	મણ
દુધ	૦।=॥	”	૦। =	”
મરી	૪॥ =	”	૪	”
મરચાં	૦। -	”	૦। -	”
ખાંડ	૨॥	”	૨	”

કેરી	૦)~	"	૦)=	"
દોધી, કોલું	૦)~॥	"	૦)=	"
કાપડ જીનું	૦॥ =	ગજ	૦।	ગજ
કાપડ જાડું	૦।	"	૦)=	"
ઇમારતી લાકડાં	૪	"	૩	"
બાલવાના "	૧ =	હેલ* એકના	૦)~	મણુ
ચુનો	૧॥	મણુ	૦	
છાં	૩	સો મણુ	૦	
ત્રાંબું	૨૫	મણુ	૦	
પીતલ	૩૫	"	૦	
બબરચી	૧	રોજ ૧ના	૦॥	રોજ ૧ના
પાણીભરા	૦॥ =	"	૦	
લાકડાં ફાડનારની-મજુરી	૨॥ =	હેલ ૧ ના	૦	

એ પ્રમાણે સસનો સુકાળ તે વેળાએ હતો. તો લોકો સુખી કાં ન હોય? તે વેળાએ જો પીંઢારા ને ગરાશીઆઓનો જુલમ નહોત, તો લોકો દુઃખ જેવોતો શબ્દજ જાણત નહીં.

મારગેજ મજુરી. **Mortgage Labour.** નવસારીમાંજ નહીં, પણ આખા નવસારી પ્રાંતમાં "મારગેજ મજુરી" યાને ધરેણે મુંકેલી મજુરી ચાલતી. જેને મી. એક્યેતે Mortgage Labour કહેલી છે. દેશાઈઓ કોલીના છોકરાઓને પરણાવતા, અને તે છોકરાઓ નાહાણુપણથીજ દેશાઇને ત્યાં મુફતમાં મજુરી કરતા, અને ભથ્થું લેતા. તેઓને "કોલીના પોરાઓ"—"ગોલાંમો"—વિગેરે સંજ્ઞાથી ઓળખવામાં આવતા. તેઓ મારગેજ મજુરી કરતા. તેવા ૨૦૦—૩૦૦ કોલીઓ, તે "દેશાઇનું લશકર"ને નામે ઓલખાતા. અને કામ પડવે પીંઢારાઓની સામે તેઓ લડી શકતા. તેઓ ખાઇને મસ્ત થઇ રહેલા, દેશાઇની તાબેદારી અને નોકરી હરખથી ઉપાડવાને નીમકહલાલીથી જીવ આપવા વટીક તત્પર રહેતા. એકજ દાખલો બસ થશે, કે

* હેલ= એટલે બેલગાડી; તેનો અપભ્રંશ હેલ થયોછે. જે જગાએ જે જણસના ભાવમાં શુન્ય મુંકયું હોય, તે ભાવના આધાર ન મળવાથી મીંડાં મુંકયાં છે.

સચીનના નવાબનો એક ખાસ નામીચી કેરીનો આંબો સચીનમાં હ- તો. તેની કેરી ચોરાય નહીં કરીને, નવાબ, આરબ શીપાહોનો પેહેરો રાખતો. નવાબ અબદુલકરીમ યાકુતખાન (બાલુમીઆં) દેશાઇ મન- ચેરજી ખરશેદજીના મિત્ર હતા. તેવણ નવસારીમાં દેશાઇના પરોણા લેખે અત્રે આવ્યા હતા. બંન્ને વચ્ચે ખુશ તોલટપ્પા થતાં અકેકના લશક- રની સરફરાઝી ઉપર આવતાં, તે આંબાની કેરી લાવવા નવાબે દેશાઈજીને કહ્યું. દેશાઈજીએ કોલીના પોરાઓનું "લશકર" બોલાવ્યું, અને દારૂ તથા વાલ રોટલાથી તૃપ્ત કરી આંબા ઉપરથી એકપણ કે- રી લાવવા ફરમાવ્યું. રાતોરાત આપણી "રીજમીટ" દંડુકા વગેરે લ- ઇને સચીન ઉપર ગુપચુપ ચઢાઈ લઈ ગઇ. આરબોને મારી હઠાવી આંબાનું એકેએક ફળ પાંદડાં સુધાં સહવારના પોહોરમાં લાવી હાજર કીધું. અને બાલુમીઆંએ અચરજ થઇ આ લશકરની તારીફ કરી. આજે પણ અત્રેના કોલીઓ નવસારીના ગરબામાં "લશકર કોનું ને કેહવાયરે— લશકર દેછાઈનું કહેવાય." એવો ગરબો મીઠાસ લઇ લઇને હોંશથી ગાતા ગાતા દેશાઈ દરવાજામાં દાખલ થાયછે. બીજો દાખલો એ છે કે, વડોદરેથી દેશાઇના કિંમતી દસ્તાવેજ લઈ આવતો એક કોલીનો પો- રીયો રસ્તામાં માંદો મરણતોલ પડયો. ભરૂચ આગળ આવતાં તેને કો- લેરા લાગુ પડયો, અને ગધેરમાંજ મરણતોલ માંદો પડયો. તેણે પોતા- નું મરણ નજીક આવેલું પીછાંણી, પોતાના જીવજાંનની દરકાર ન રાખતાં પોતાના ધણીના કીંમતી કાગળોનું પોડકું બચાવવાનો વિચાર કરી, જેમ તેમ પડતો આખડતો નજીકના એક ઝાડ આગળ ગયો, અને જેમ તેમ ચકમક પાડવાના લોઢાંવતી તે ઝાડ નીચે જરા જેટલો ખાડો પાડી તેમાં તે પોડકું સંતાડી ઉપર આસપાસના કચરાનો ઢગલો કરી મેલ્યો. તેણે વિચાર્યું કે, આ ઝાડ નીચે મરી જઇશ, તો આ પોડકું કોઇને પણ સંશયભુત થઇ પડશે, તેથી ધસડાતો ફસડાતો પાછો પેલી ગધેર ઉપર જઇને પડયો. અને ત્યાંજ મરણ પામ્યો. ઘણે દિવસે પુછ- પાછ થતાં જણાયું કે વડોદરેથી કાગળો લઈ નીકળેલા પોરીયાનો પ- ત્તો મળતો નથી, ત્યારે વેહેમી કોલીઓએ, કહેછે કે, તેનું "માણનું" મંડાવ્યું, અને તેમાં તે મરનારે આવી સર્વ હકીકત કહી; જે ઉપરથી પેલાં પોટલાંની તપાસ કરાવતાં આબાદ મળી આવ્યું હતું. એ પોટ- લું મળી આવ્યાના કદાપિ બીજા સંજોગો પણ હશે, અને પાછલી "માણના" ની વાત કથા જેવી પણ હશે, તોપણ એટલીજ વાત આપણા

મુદ્દાને તો ટેકો આપવા બસ છે કે, તે મારગેજ મજુરીવાલા કોલીઓ પોતાના ધણીનું નીમકહલાલ કરવાને પોતાના જીવજાંનની પણ દરકાર રાખતા નોહતા. બ્યારા, શોનગઢ, વગેરે ઠેકાંણે તો ચોધરા, દુબલા, કોલી ધોડયા, ગામટ, ભીલ, અને વસાવા એ લોકોને ગામના સધન લોકો પાળતા, પરણાવતા, અને બચ્ચાંની માફક રાખતા, અને તેઓ ગુલાંમ જેવાજ થઇ રેહેતા. ગોયા તે ગુલાંમી વેપાર આજે પણ તે તરફ મરી ગયો નથી, પણ ધણે ભાગે હૈયાત છે. એ ગરીબ લોકો પોતાના મુંઆંના ખરચ માટે પોતે સાહુકારોને ત્યાં વેચાય છે. ૧૦૦ રૂપીઆ ખાતરં તેઓ ૮-૧૦ વરસ સૂધી પોતાને વેચે છે. રાંની માહાલોમાં તો રૂ. ૨૫ માટે ૪-૫ વર્ષ બચારો ગરીબ ગામટ ગુલાંમી કરતો. તે પણ માત્ર એકવેર ખાવાનું મેળવે, અને બીજી વેરને માટે તેના બચ્ચાં છોકરાં રળી લાવે તેમાંથી ખાય. વળી કેટલાક ખેડવૈયા, સાહુકારના ગુલામ જેવા થઈ રહેલા. લુચ્ચા સાહુકારો સાલ આખરે તે બચારા દુબળાઓ સાથે હિશાબ કરવા બેશે. ચાલીશે અઢીએ દશ (!) અને દશે પા સાડાબાર (!) એવા હિશાબ કરી બચારાઓને નીચવીને ખાલી કરી નાંખે. જ્યારે તે બચારાના હાથમાં જુજ પૈસા બચે, ત્યારે મનસે બોલે, "ઓણનું વરછ કંઈ છારૂં નીંહ. મેધતો છારો પધરો પધણુ પાક નહદો રાછ ઉતરેલો નીંહ." એમ બચારા નહીં મોંઘવારીની મોંત્રવારી સમજતા. જેથી હવે તેમના બચ્ચાંઓને સરકારે ભણાવા માંડયાથી કંઈક પણ ફાયદો થશે. તો જોકે દુબળાઓને લખતાં વાંચતાં નહીં આવડયાનો લાભ દસ્તાવેજો તપાસતાં કોર્ટ તેની તરફેણ જતી-કેમકે તેઓ નહીં લખતાં આવડયાથી શહી બીજા પાસે કરાવતા-પણ હવે માત્ર શહી કરતાં શીખ્યાથી કદાચિ તે ગેરલાભ કેળવણીને બદનામ કરનારો નીવડે પણ ખરો.

જે લોકો સાહુકારના ગુલાંમ કે બચ્ચાં જેવા થઈ રહેતા, તેને વળી શેઠ દયાળુ થઇ વરસ દહાડે ૧ ધોતર, ૧ બંડી, અને ૧ ટોપી આલતો. ઘણેભાગે તો તે ગુલાંમ તેના શેઠને ઘરનોજ માણસ થઇ પડે છે; અને વંશપરંપરા તેના કુટુંબમાં નોકરી બજાવામાં આવે છે. બશેર અનાજ અને તાડીના બરડાં ઉપર રાજી રહી નીમકહલાલીથી વર્તે છે.

અવ્યવસ્થિત રાજ.

"અસલી" વખતમાં* સુરત જીલ્લામાં, અને તેમ કરીને આપણા નવસારીમાં કેવું અવ્યવસ્થિત રાજ ચાલતું હતું તે વીશે "રાસમાળા" મધેના એક ફકરાનો તરજુમો સુરતની તવારીખે પુરો પાડેલો છે, તે ઉપરથી ટુંકમાં સમજાઇ જશે.

"ગાયકવાડ અને પેશ્વાની વારા ફરતી ચઢતી પડતી ગુજરાતમાં થતી, તેમ તેમ તેઓ ગુજરાતને પોતાના વારામાં ચુસતા. ગુજરાત એક, અને તેને ચુસનાર જમ જેવા બે, એટલે ગુજરાતની દુર્દશામાં શી બાકી? સન ૧૮૧૮ સુધી ગુજરાતવાસીથી નિર્મળ વસ્ત્ર પહેરાતાં નહિ, તો નિર્મળ મનની તો આશાજ શી? કોઇને ઉજલો દીઠો તો ચાડીયા તૈયાર હતા. તેઓ ચાડી ખાય અને તે પ્રમાણે મુખ્ય રાજાના મુખ્ય સરદારો તેને લુટે. **ધન** નામ ધરાવનારા સર્વે પદાર્થોને પૃથ્વિમાં દટાઈ રેહેવું પડતું. જ્યાં ત્યાં બળાત્કાર, અન્યાય, અનીતિ, વ્યભિચાર, આદી દુર્ગુણનો પરીવાર માહાલી રહેલો. અરે? ઇતિહાસમાં વાંચતાં અને કોઈ ઘરડા માણસનાથી સાંભલતાં આજપણ કમકમી આવે છે, એવી અવસ્થામાં ગુજરાત પચી રહ્યું હતું. એવા અંધકારમાં ઇ. સ. ૧૮૦૦ નીશાલથી કહિંકહિં કિરણ પડવા માંડયાં."

અવ્યવસ્થિત રાજ તેવખતે એટલું હતું, કે એક ચાડીયા દુશમને જુલમી રક્ષાપુત્ર કાનોજી રાજા આગળ ચાડી ખાધાથી નવસારીના આખા દેશાઇ કુટુંબને, ધાવતાં બચ્ચાંઓ સહ કેદ કરાવી વડોદરે પકડાવી મંગાવ્યું હતું. તે તેવું નારાજ રાજ ૧૦૦ વરસ થવાં બંધ પડવા માંડયું હોય એમ માનનારાઓ ઠગાશે. છેક ઈ. સ. ૧૮૭૦ ના અરસામાં પણ વડોદરામાં તેવું તેવું ઘણું ચાલ્યું હતું. આજે દેવાન તે કાલે કેદી થતો. નામદાર મહારાજા ખંડેરાવના પ્રિય દિવાંન ભાઉ સીંધ્યાને વાંક પુરવાર થયા વગર, કૈલાસવાસી મલ્લાહરાવ મહારાજાની રાજનીતિમાં રાજ્યના બદ સલાહકારોએ કેદ કરાવ્યો હતો. અને તેના પગમાં મણ લોખંડની બેડી, અને હાથમાં ઝાડુ કાઢવાનો બુતારો આપી મૈલ દોઢ મૈલ સૂધી રાજવાડા

---

* જ્યાં જ્યાં "અસલી" વખત એમ લખેલું છે ત્યાં જાણવું કે ૧૯ મી સદીની અધવચ અગાઉના જમાનાઓમાં.

સુધી ચલાવી લઇ જઈ, જે રાજવાડા આગળ તે હાકમી ચલાવતો, અને જે દરવાજા આગળ હજારો અરજદારો તેના દર્શનના અભિલાષિ રહેતા, તે આગળની ગટર સાફ કરાવામાં આવી હતી. અને છેવટે તેની છાતી ઉપર ચઢી બેશી જબરદસ્તીથી તેને ઝેરનો પ્યાલો ભચડીકચડીને પાઈ મારી નાંખવામાં આવ્યો ! આ નોંધ પાર્લામેંટની બ્લુ બુકમાં નોંધાયલી છે. વળી ગોવીંદ નાયક નામના કેદીને તો ખાવાને માટે પાશેર મરચાંના ભુકામાં શેર બાજરીનો લોટ અને પાશેર મીઠું અને પાશેર લસણ ભેગી બનાવેલો રોટલો ફરજ પાડીને ખવડાવામાં આવતો, અને તે ઉપર પાણી પીવા માંગેતો એક નાહની ૨ ગોટની કરશલીમાં પાણી આપવામાં આવતું ! વધારે પાણી અપાતું નોહોતું ! આજની ઇનશાફી ગાયકવાડ સરકારમાં તેવાં અંધેર હવે રહ્યાં નથી, અને કેળવણીની દોલત કેળવાયલા મહારાજાના આબાદ અને ન્યાયી રાજમાં આપણે કેવાં સુખી છીયે તેનો ખ્યાલ ઉપલા અન્યાયોથી થઇ શકશે. આગળ તો રજપુત ગરાસીયાઓ ગરીબ ખેડુતોના પાકથી ભરપુર ખેતરો સળગાવતા, લુટ ચલાવતા, અને ખુનો કરતા, હથીઆરબંધ માણસો રાખતા, આગલા રાજાના વખતથી જેમ મળતું તેમ મેળવવાને કોશેશ કરતા. તેઓ એક ગામપર સીલટ સાથે તીર કાંમઠાંવાળા માણસો મોકલતા. તેઓ ગામના દેશાઇ પાસે ગરાસ માંગતા. દેશાઈઓ તે ઉઘરાવીને આપતા. કોઇવાર જોઇએ તેથી વધારે ગરાસ લોકો પાસે ઉઘરાવી વધારાનું નાણું દેશાઇ તથા ગરાશીઆઓના માણસો વેંહેંચી લેતાં. આવી રીતે જુલમથી ખેડુતો પાસેથી લેતા, તેથી વારંવાર લડાઇ થતી, અને ખુનો થતાં. નવસારીના દેશાઈએ તો ગરાશીઆને તોડવાને બહુ પ્રયત્નો કર્યા હતા. દેશાઈ ખરશેદજીએ ગરાશીઆઓને ઠેકાંણે લાવવાની બીના સ્વચરિત્રમાં લંબાંણ લખી છે. ગામડીઆ ગરાસ આપવાની નાં પાડતા, તો ગરાશીઆ તેઓના ઘાસના કુંડાં સળગાવી મુંકતા, અથવા એકાદ ગાંમડીઆને પકડી ચીરી નાંખતા. તેમ છતાં જો ગરાશ ન આપતા તો આખું ગામ સળગાવી દેતા, અને બચારાં વાહલાં છોકરાં બચ્ચાંને કેદ કરી પકડી લઇ જતા. સુરતની તવારીખમાં તેના દાખલા આપ્યા છે. ગરાસીઆઓ નજીવે બાંહાંને પોતાનું ગરાસ લાગુ પાડી દેતા, તેના ઘણા દાખલા દફતરે વટીક નોંધાયલા છે. મી. મોરીસન લખે છેકે, પુવા ગામમાં એક કુવા ઉપર બાયડીઓ પાણી ભરતી હતી, ત્યાં એક ગરાસીયો જઇ ચઢયો. તેણે થોડોક વાર કુવામાં જોયા કર્યું, તેથી એક

બાયડીએ પુછ્યું "ઠાકોર શું જુઓ છો ?" ઠાકોરે જવાબ દીધો કે તેનો બાપ તે કુવામાં પડેલો છે, તેની સાથે તે વાતો કરે છે. આ ઉપરથી એક તીખલી સ્ત્રી બોલી કે "તમારા બાપા લુગડાં માંગે છે; કેમકે કુવાની ટાઢ ખમાતી નથી." ઠાકોરે પોતાના દીલપરથી વસ્ત્ર કાઢી કુવામાં નાંખ્યાં અને ચાલતો થયો. આ ગરાશીઓ થોડા દીવસ પછી તે ગામે પાછો ગયો, અને કેટલાંક ઘર સળગાવી દઇને બોલ્યો કે, તેના બાપને લુગડાં જોઇએ છે, તે લુગડાં માટે નાંણું આપો. તે વખતથી મુવા ગામમાં દર વરસ રૂ. ૩૦ નું ગરાસ દાખલ થયું. બીજી કહાંણી એવી નોંધાઇ છેકે, ડુંગરી ગામમાં એક ગરાસીઆની દકરાંણીને પ્રસવ થયો, અને છોકરો આવ્યો. તેણીનું કોઈ સગું વહાલું નહીં, તેથી ગામના પટેલે દયા ખાઇ ગોળ અને સુંઠ તેણીને માટે મોકલાવ્યું. જ્યારે તે છોકરો મોટો થયો ત્યારે તેણે દર વરસ સુંઠાંણાની રકમનો દાવો કર્યો, અને દયાની માને ડાકણ ખાય તે લડાઇ ટંટો થયા છતાં, અંતે દર વરસ રૂ. ૧॥ નું ગરાસ તે ગામને માથે પડયું. એમ ધરમ કરતાં કરમ નડે, અને બેંશને પાહુંતેમાં પાડાને દામવા જેવું થતું. એ બધું અંધેરરાજવાલાઓ મુંગે મોંઢે જોયા કરતા, અને અંધેર ચલાવા દેતા. ગરાસીઆ ઉપરાંત લુટારાના વળી ટોળે ટોળાં ઉતરી પડતાં. મારામારીઓ થતી. ખુનો થતાં. ગામડયાઓને ઝેર દેતા. છાકટ પડી રહેતા. તે એટલે સુધી કે ઈ. સ. ૧૮૧૫ માં એક સીનીયર જડજે પોતાની સરકીટ વખતે એવું મત નોંધ્યું હતું કે, "નાતજાતના પટેલોનો અધીકાર નબળો પડી ગયાથી, તથા ઉતરતા લોકો ચઢતાને માન આપવાને બંધાયલા છે એમ જે સમજવામાં આવતું હતું તે સમજવું બંધ પડયાથી, એ અનીતિનો વધારો થયો છે, અને એજ કારણથી અસંખ્ય દુરાચરણો અને નીચ દુરગુણો તથા વધતું જતું છાકટપણું ઉભરી નીકળ્યું છે." લુટ અને ચાંચ્યા-ચોરી વધી પડી હતી. નદિ દર્યામાં વાહાંણના વાંહાંણ ડુબારી દેવામાં આવતાં. પણ બ્રીટીશ સરકારે સુરત જીતી લીધું ત્યારથી એવાં કામો તરફ આંખઆડા થઈ શકયા નહીં. અંધેર રાજે વટીક જરા ચોંપ રાખવા લાગાં. ઈ. સ. ૧૮૧૨ માં નામદાર સરકારે એવી ગોઠવણ કરી કે દરેક ગરાશીઆએ પોતાના જે જે ગામો ઉપર ગરાસ હોય તેનો આંકડો કલેકટર પાસેથી લખાવી લઇ જઇને ગામના દેશાઇને દેખાડવો. બીજે વરસે આગેવાન ગરાશીઆની સાથે મળીને એવી ગોઠવણ કરીકે કલેકટર ગરાસના આંકડા એકઠા કરે,

અને તે ગરાશીઆઓના આડતીઆને આપે. ગાયકવાડ અને દેશી રાજ્યોમાં પણ આગળ આપણે કહી આવ્યા તેમ ગરાશના આંકડા મુકરર થઇ, રૈયત પાસે નહીં, પણ સરકાર પાસે ગરાશ લેવાનું શરૂ કરવામાં આવ્યાથી ઇ. સ. ૧૮૧૬થી એ તેલખું નરમ પડ્યું. અંધેરરાજમાં આપણા બાપદાદાઓએ શાંશાં વિપત્તો ખમ્યાં છે ! છેક ઈ. સ. ૧૮૭૩ સુધી તેવાં અંધેર રાજ ચાલ્યાં છે. ધોળે દિવસે એક મહારાજ રૈયતની પોતાને ગમે તે આબરૂદાર સ્ત્રીને પકડાવી મંઆવી બળાત્કાર ગુજારતો હતો. તેવી ૫૦૦ સ્ત્રીઓને તે મહારાજાએ બગાડી હતી. તેના કમકમાટ ઉપજે એવા હેવાલો પાર્લામેંટની બ્લુબુકમાં નોંધેલા છે, તે આ ઠેકાણે ઉતારી લેતાં પણ શરમ લાગે છે.

નવસારીમાં રેલ્વે અને વીજલીનો કાસદ.

નવસારીમાં જ્યારે રેલ્વે જેવું સાધન ન હતું ત્યારે મુંબઇ તરફ જવાને માટે બેલગાડાં વપરાતાં હતાં. વેહેલવાનની ગાડીઓ રેલ્વેનું કામ બજાવતી. ૮ થી ૧૦ દહાડે મુંબઈ પોહોંચી શકાતું. સુરત જવાને ઘણા લોકો પગે ચાલીને જતા, તો ઘણાઓ ગાડાંમાં જતા. શ્રીમંત લોકોને ત્યાં માફાની ગાડીઓ હતી. તે વખતે મુંબઇ જવું, તે ગોયા હિંદુસ્થાનથી આફ્રીકા જવા જેવુંભારે હતું. કેમકે રસ્તામાં ચોર લુટારૂ અને ફાડી ખાનારાં જાનવરોવી બહુ દેહશત રહેતી. લુનશી કુઇ તરફની "ગંદેવીની ચપેર" ને રસ્તે મુંબઇ જવાતું. તેથી મુંબઇ કમાવા રળવા ગયલાઓ ૮–૧૦ વરસે પાછા અત્રે આવી શકતા. એક ધણી મુંબઇ રળવા કમાવા જાય, તે જાણે પાછો આવવાનોજ નહીં હોય, એવી રડારોડ તેના ઘરમાં ચાલતી. અને તેની ગાડી મોહોલામાંથી પસાર થાય તે જાણે એક મરનારને લઇને ખાંધીઆઓ ગેહાંન ઉંચકી જતા હોય એવું ભયાનક લાગતું. પાછલી રાતે ગાડું આવી ઘર આગળ છુટે ત્યારથી રડારોડ ચાલતી. ઘણીવાર એવી રડારોડથી અંજાણાઓ કોઈ મરી ગયું હશે એવોજ ખ્યાલ કરતા. બૈરાંઓ મોહલાને નાંકે સુધી આંસુપાણી કરતાં કરતાં મુકવા જતાં. મુંબઇ જનાર ધણી પણ ઘણો આંખપાણી કરતો. વળી મરદ લોકો પૈકી કેટલાકો બજાર સુધી, તો કેટલાકો "ગંદેવીની ચોકી"ને નામે ઓળખાતી લુનશીકુઇની પછ-

વાડેની ટેકડી સુધી જતા. અને ઘણા અતસગના દોસ્તો વળી ગંદેવી સુધી વળાવા જતા. તેજ પ્રમાણે જ્યારે મુંબઇથી કોઈ આવે ત્યારે તેને લેવા જવાનું સ્ટેશન ગંદેવીની ચોકીજ હતું. અને ઘણા આબરૂદારોને લેવા ગંદેવી સુધી જતા. વળી કેટલાક લોકોતો સંવત ૧૯૦૦ ના અરસા સુધી સુરતને બંદરેથી મુંબઇ જા આવ કરતા. મુંબઇથી માલ આવતો તેતો સુરત બંદરેથી વાહાણમાં આવતો. એ ગાડીઓ ભાડે ફેરવનારા વેહેલવાંનો પારશીઓ હતા. નવસારીમાં લંગડાવાડમાં જન્મેલા આપણા પારશી કવિ મી. મનચેરજી કાવશજી લંગડા ઉર્ફે "મનસુખ"* ના બાપદાદાઓ સુઇ અને લંગડાવાલાઓ વેહેલવાનનું* કામ કરતા હતા.

આ પ્રમાણે સફરની આપદા હોવાથી તે વેળાએ "દિલ્લીને ઝાંપે" જવું એ ઘણું મોટું પરાક્રમ અને સાહાસ કહેવાતો. દરિયાની સફર કરવી તે વેળાએ ઘણી ભય ભરેલી ગણાતી. દિલ્લી જઇ આવે એટલે તે વેળાએ ગોયા બીજી દુન્યાંમાંજ જઇ આવેલા જેવું ગણાતું. તેમાંથી પણ નવસારીના દેશાઇ દશતુરો દિલ્લી જઈ આવતા. કેટલાક નોશાકરાઓ તે વેળાથીજ ચીન, સીંગાપોર, વગેરે દુર દરાજ ઠેકાંણે જતા. પણ ઘણે ભાગે પાછા ફરતા નોહોતા. એ બધી આપદા મટી જવાનું છેક ઈ. સ. ૧૮૫૭ થી શરૂ થયું. એક ગમ હિંદુસ્થાનમાં સત્તાવનનો બળવો ચાલી રહ્યો હતો, ત્યારે બીજી ગમ આપણા નવસારીમાં રેલ્વે લાઇન નાંખવાતું શરૂ થતું હતું. મુંબઇ અને નવસારી વચ્ચે રેલ્વેનો વહેવાર ચાલવાનું પેહેલવેહેલું ઈ. સ. ૧૮૬૪ માં શરૂ થયું. લોકો અજબ અજબ થઇ બોલતાં કે "આંખ વીંચીને પાછી ઉઘાડયે તેટલાં તો સુરત જવાયચ"! પવન-

*એ મી. મનસુખ નવસારીના લંગડાવાડમાં નદિને કાંઠે આવેલાં બીસ્માર હાલતમાં હાલ મોજુદ છે તે ઘરમાં શાપુરજી નવરોજી સુઇને પેટે જન્મ્યા હતા. એવણના એક વડીલ પુરૂષ પગે લંગડાતા હોવાથી એવણના ખાંદાંનની અટક "લંગડાના" ની પડેલી છે, અને તે ખાંદાંન જે મોહોલામાં વસ્તું હતું તેનું નામ "લંગડાવાડ" પડેલું છે. ટુંકમાં આપણો પારશી કવિ મી. મનસુખ પણ એક નોશાકરોજ છે, એ આ ઠેકાંણે નોંધી રાખેલું વ્યર્થ જશે નહીં. વળી બીજા પારશી કવિઓ મી. રીરોજ. ર. બાતલીવાલા અને મી. ખ. બ. ફરામરોજ પણ નોશાકરાઓજ છે.

*વ્હેલ = ગાડી (પાછળથી વેહેલનો અપભ્રંશ હેલ = ગાડી થયો છે.) અને વાન=રાખનાર. વેહેલવાંન એટલે ગાડી રાખનાર, અથવા ગાડી ભાડે ફેરવનાર.

પાવડીની કથા તો સાંભળેલી અને આતો નજરે જોઇ ઘરડાંઓમાં તો અચરતીનો પાર ન રહ્યો. એ રેલ્વે શરૂ થઇ ત્યારથીજ મોંઘવારી શરૂ થઈ. એક પલ્લાંમાં સુખ થયું, અને બીજામાં દુઃખ થયું. રેલ્વેથી લોકોનો ધંધો રોજગાર ચાલવા લાગો. નીમાજગરા ટેકડાનો એક ભાગ તોડીને ત્યાં રેલ્વે સ્ટેશન સ્થાપ્યું. તે જુનું સ્ટેશન ૧૨ વરસ થયાં તોડી નાંખીને સવા લાખનું નવું સ્ટેશન હાલે બંધાયું છે. બી. બી. એન્ડ. સી. આઈ. રેલ્વેમાં એ સ્ટેશન આવેલું છે, અને આપણું એ સ્ટેશન બીજા નંબરના સ્ટેશનમાં મુંકાયલું છે.

રેલ્વે સાથેજ વીજલીક કાસદ નવસારીમાં આવ્યો. યાને ઇ. સ. ૧૮૫૭ થીજ તારના દોરડાં નાંખવાનું કામ પણ શરૂ થયું. તારનાં દોરડાં ન હતાં તે વખતે ખેપ્યાઓ અને કાસદો ટપાલ લઇને તારની ખબર વટીક લઈ જતા. ઓછામાં ઓછા ૩-૪ દહાડા કાસદને મુંબઈ જતાં લાગતા. આજે તો સ્ટેશન ઉપર, તેમજ શેહેરમાં પોષ્ટઆફીસમાં, એમ બે ઠેકાણે તારના દોરડાં નંખાયલાં હોવાથી લોકોને બેવડું સુખ થયું છે. તો જોકે આજે પણ કેઠે તાર આવે છે, કે લોકો ગભરાઇને હાંજા મુંકી દેછે. કેમકે તાર તો કોઈ મરી ગયાંનોજ આવે, એવો તે જરૂરનો લોકો સમજે છે !

ટપાલ સીસ્ટમ.

હાલનું ટપાલ ખાતું (પોષ્ટ ઓફીસ) જેવું આગળ કશું નોહોતું. હાલનું પોષ્ટ ખાતું પણ રેલ્વે થયા પછીજ થયું છે. પ્રથમ તો સારી આંટવાલા શાહુકારોની પેઢી ઉપર આખા કસબાનો ટપાલ એકઠો થયા કરતો ! અને આઠ દહાડા સુધી તે કાગળો પેલી પેઢી ઉપર એકઠાં થયાં કરતાં ! વળી ઘણું જરૂરનું, યાને હાલ તાર માર્ફતે ખબર આપ્યે છીએ તેવી ખબર આપવા જેવું હોય, તો સ્પેશીઅલ કાસદ તે પેઢી-વાલો કાઢતો, અને તેનો દર પણ વધારે હતો. ટપાલ ઉપર ટીકીટ ચોઢવાની નોહોતી. પણ હલકાં ભારી પાકીટ પ્રમાણે બે આનાથી એક રૂપ્યો સુધી પેઢી-વાલો લેતો. અને આઠ દહાડે એક ખેપીઓ મુંબઈ મોકળવામાં આવતો. વળી ગંદેવી—વલસાડ—તારાપોર વગેરે મથકેથી ખેપીઆ બદલાતા. વડોદરે પણ તેજ પ્રમાણે કાગળો જતાં. આઠ દહાડામાં ઘણુંમાં ઘણું ૫૦ કાગળો

ભેગાં થતાં. જોખમના કાગળો શ્રીમંતો પોત પોતાના કાસદો પાસેજ મોકળતા. જબરા કાસદોએ દોઢ દહાડામાં વડોદરે, અને ૩ દહાડામાં મુંબઇ જરૂરી કાગળો પોંહોંચાડેલાંના દાખલા બનેલા છે. એક પોલ્યા દેશાઈના મા મરવા પડયાં, તેના દીકરાને મેં જોવાને મુંબઇથી તેડાવ્યો. કાસદ ૪ થે દહાડે મુંબઈ પુગો ! અને ૩ દહાડામાં તેજી બલદોની મારતી ગાડીથી તે દીકરો મુંબઈથી નવસારી આવી લાગી મરતી માનું મેં જોવા પામેલાની વાતો ચાલે છે. કાસદોને લુટતા, તેથી ભીલામું નાંખેલી શાહી વટી પોતાની પીઠ ઉપર સંદેસો લખાવી લઇ ફકીરને વેશે તાતા ખાંદાંનના ખેપીઆઓ વડોદરા ખાતે દેશાઇના સરકાર દરબારી ખટપટના કાગળો લઇ ગયલાંના દાખલા નોંધાયલા છે. લુટારૂને લીધે તો ઘણા કાસદો તો જોડાના માંજરમાં રૂકકો ખોસી લઇ જઇ પોંહચાંડતા. મુંબઇથી આવેલાં કાગળો એક વહીમાં શહી કરાવી લઈ જેના તેના આપવામાં આવતાં, અને તે પણ પેઢીવાલાને ત્યાં જઇને લઇ આવવાં પડતાં. મુંબઇમાં પણ એવીજ ખાનગી પેઢીઓ ટપાલનું કામ કરતી. અને હાલની સીસ્ટમના પોષ્ટ ખાતાં નીકલ્યાં ત્યારથી તે વહીવટ બંધ પડયો. સરકારે ફરજીઆત તે રૂઢી બંધ પડાવી. તોપણ અત્રે નોશાકરાઓને મગરૂર થવા જોગ એક બીના નોંધવા જેવી છેકે, પોષ્ટ ખાતાંના કાગળો ગમે ત્યાં પોતાના છાપ મારી, પોષ્ટ આફીસની માર્ફત વગર, મેલમાં બાહારો બાહાર મોકળવાનો હક, અંગ્રેજ સરકારે બધેથી બંધ પડાવ્યા છતાં, એકલા એકજ નોશાકરા નાંમે આ. દાદાભાઈ બમનજી કકલ્યાને આજે પણ આપેલો છે. જે હક આજે પણ તેવણુના વારસો મુંબઈ-બાહારકોટ-ખારા કુવાની સામે ચલાવતા કહેવાય છે.

આગળ જ્યારે ૮ દહાડે ૫૦ કાગળો પેઢી ઉપર ભેગાં થતાં, ત્યારે આજે નવસારીમાં ૫ ટપાલવાલા રોજ કાગળ વેંહેંચવા ફરે છે, તોપણ તે જલદી વેંહેંચાઇ શકાતાં નથી. કેમકે સરાસરી ૧૦૦૦ કાગળોની આવજા નવસારી પોષ્ટ આફીસમાંથી થાય છે.

શેરના સટાની નવસારી ઉપર અસર.

" સને ૧૮૬૦ માં અમેરિકામાં લડાઇ જાગ્યાથી ઈંગ્લાંદમાં અમેરિકાનો રૂ આવી શકયો નહીં, કેમકે લડાઇ ટંટાને લીધે ત્યાં રૂ પાકયોજ

નહીં. તેથી હિંદુસ્થાનના રૂ નો ભાવ વધી ગયો. જે રૂ એકસો રૂપ્યે ખાંડી મળતો તેના રૂા. ૭૦૦ થી ૮૦૦ ઊપજ્યા. આવા મોંઘા ભાવને લીધે કરોડો રૂપ્યાની નહીં ધારેલી દોલત આ દેશમાં ઈંગ્લાંદથી ધસડાઇ આવી. ખેડુતો, વેપારીઓ વગેરે એકાએક તવંગર બની ગયા. આવી રીતે એકદમ પૈસો વધી પડયાથી મુંબઇમાં એક નવી જાતની ઘેલાઇ ઉભી થઇ. ઈંગ્લાંદમાં જેવી રીતે અગાઉ પાયમાલી થઈ હતી તેવી પાયમાલી થઇ. દરિઓ પુરી જમીન બનાવવા, પારકા દેશો સાથે વેપાર કરવા, વગેરે, ગાંડા ગાંડા વિચારો ઉભા થયા. મોટી મોટી કંપનીઓ થઈ, શેરના સટા ચાલ્યા. વગર નફે, વગર વેપારે તે શેરના કાગળીયાંના ભાવ એકના દશ થઇ પડયા, તેથી તે વેચીને તેમાંથી નીકલી નાઠા તેઓ તાલેવાન થઇ પડયા. જેઓ એથી પણ વધારે નફો ખાવાની આશાએ તે ચીટડાં રાખી રહ્યા તેઓ પાયમાલ થયા. એવી રીતે મીર લોકો ફકીર થયા અને ફકીર લોકો મીર થયા.

શેર સત્તાની ગાંડાઈમાં મોટી મોટી ઊઠલપાટલો થઇ. ગરીબ લાચાર મજુર, દળનારીઓ, રેહેંત્યો કાંટનારીઓ, પાંણી ભરનારાં, (મોબેદો) સરખાં સરવે લોભાઇ ગયાં. જણસ ભાવ વેચી વેચીને શેર લીધા. તે સઘળાં પાયમાલ થયાં. એ ગાંડાઈ ન નીકળી હોતતો (નવસારીમાં) જે કેટલાંએક ધર્મને નામે કામો થયાં છે, તે કામો થાત નહીં."

"તે વખતે મુંબઈના ઘણાએક તવંગર પારસીઓ (નવસારી) તરફ ઉપરાસાપરી ફરવા આવ્યા હતા. તેઓ રૂ ના વેપારમાં લાખો રૂપ્યા કમાયા હતા. મરહુમ શેઠો રૂસ્તમજી તથા શેરાબજી જમશેદજી જીજીભાઇ તથા શેઠ ખરશેદજી ફરદુનજી પારખ તથા શેઠ બેરાંમજી જીજીભાઇ વગેરેએ પોતાની મુસાફરીમાં ગરીબ ગુરબાંઓને ભારે સખાવતો કરી હતી. પાણીના પરબ, અવાડા, કુવા, ધર્મશાળા, નિશાળો, દવાખાનાં વગેરે (નવસારીમાં થયાં તે શેર સટાને પણ આભારી છે.) કોણ જાણે કાળ કેવી છે એ વિચારથી શેઠ રૂસ્તમજી તથા શેરાબજીએ એક બે વરસમાં લાખો રૂપીઆ આપ્યા. તેઓએ નાતજાતનો તફાવત રાખ્યા વના હિંદુ, મુસલમાન, કે પારસી, એ સઘળાંના દુ:ખ ટાળવાને લાખો રૂા. ની દોલત આપી દીધી. (નવસારીના પારશીઓને વેહેંચાણ ને નામે મૂઠે મુઠે રૂપ્યા આપ્યા હતા. જતા આવતા ગરીબ મુસલમાન કે હિંદુઓના દિલ ઉપર પાવલી બેઆંનીના ખોબા નાંખવામાં આવતા.)

નવસારીમાં સગાં વાહલાને સોનાની જણસો, લુગડાં, ઘરબાર વટીક બંધાવી આપ્યાં હતાં. મૂંડે મૂંડે મળતું જોઇ, જેણે કે જેના બાપદાદાએ હાથ ઓરેલો નહીં, તેવા કેટલાક હાથ ઓરતા થઇ ગયા. મોબેદોમાં વેહેંચાંણ પુષ્કળ હતું. વળી એ શેઠો નવસારીથી સુરત કે ઉદવાડે આતશબેહેરાંમને સેજ્દો કરવા જતા, તો મોબેદો તથા ભીક્ષુકો તેઓની પુઠે સુરત પણ જતા. ઘણા મોબેદો તે વખતથી તવંગર થઇ ગયા છે. નવસારીમાં મોંઘવારી વખતે ચોખાની ગુણોની ગુણો તેઓ ઘેર બેઠાં પોંહોંચાડતા. તવડી ગામમાં દોખમાની ક્રિયા થઇ ત્યારે ચુરમા, મલીદા, અને મીઠાઇનીતો ન્યાતો શેઠ શોરાબજી બાતલીવાલાએ ખવાડી !"

શેઠ રૂસ્તમજીએ પોતાના ૩ મિત્રો દસ્તુર કેકોબાદજી રૂસ્તમજીને તથા દેશાઇ બરજોરજી નવરોજીને અને બમનજી દારાબજી પોલ્યા દેશાઇને મોટી મોટી રકમોના શેરો ભેટ આપ્યા હતા. દેશાઇ બરજોરજીએ તો ડહાપણ વાપરી તુરત વટાવી લીધા, પણ બીજા બે સાહેબોએ વધારે મળવાની લાલચમાં ગુમાવી દીધા. રૂસ્તમજી શેઠે એકેક દોસ્તને માટે એકેક ગાડું ભરીને તો કપડાંના ટાકા, જીણસો, વાસણ કુસણો વીગેરે મોકલ્યાં હતાં ! મલેશરના ગરીબ લોકો શેરના સટાની સખાવતથી શોના રૂપાંના બાંગડાં સાંકડાં પેહેરવા પામ્યાં ! એવી એવી ઘણી અસરો મુંબઇના શેર સટાની નવસારીમાં લાભકારક થઇ હતી.*

નવસારીનો ન્યાય.

નવસારીમાં મુગલાઇ રાજવહિવટમાં નવસારીનો મલેક મુખ્ય ન્યાયાધિશ હતો. તેના હાથમાં ખુનના મુકદ્દમા વગીક ચુકવવાનો અધિકાર હતો. જ્યારે ગાયકવાડી રાજ્ય સ્થાપન થયું ત્યારે ન્યાયનું કામ

*આ ઠેકાંણે જાણવું અગત્યનું થઇ પડશે કે, સર જમશેદજી નવસારી આવેલા, તે વેળાએ ૩ ગજ પોહલાં ઝુંપડાં જેવાં મનોહર વાકા મોહલા મધ્યેના જે ઘરના ચોપ્યાંમાં પોતાનો જન્મ થયો હતો, તેને પગે પડવા આવ્યા હતા, અને તેજ ચારીયું સમરાવી અસલ સ્થિતિમાં રાખી વાપડવા પોતાના એક ખેશીને સોંપી ગયા અને ગરીબી હાલતમાં જયારે પેહેલવેહેલા મુંબઈ ધંધાને માટે ગયા તે વેળાએ જે પરોશણે તેવણને ભાત્યું કરી આપેલું તેને તેડાવી નેહાલ કીધી હતી.

પ્રારંભમાં દેશાઇને ત્યાં હતું. ગમે એવા ગુન્હાનો નિકાલ તેઓ કરતા. રફ્તે રફ્તે ગાયકવાડીમાં ન્યાયનું લગભગ તમામ કામ એક ફોજદાર જેવો અધિકારી પણ ભોગવવા લાગ્યો હતો. નવસારીનો શુબો તે વેળાએ મુખ્ય ન્યાયાધિશ હતો. ખુનની સજાનો બદલો ફાંસીથી નહી હતો, પણ તરેહવાર કમકમાટ ભરેલી રીતે ખુનીના જીવ લેવાતા. કેટલાક ગુન્હેગારોને તો ઝેર પાયલી શોટીઓના ફટકા વટી ભર બજારમાં ઉભા રાખી લોકોની ઠઠ વચ્ચે મારવામાં આવતા હતા. અને મારી રહીને મીઠાંનું પાણી પેલા શોટીના શેરો ઉપર છાંટવામાં આવતું, અને ચચરાટ તથા અગન બહુ થતી. એક વાર ચારપુલ આગળના મુસલમાનવાડમાં રેહેતો એક મુસલમાન પરદેશ ગયો. તેના ૪ દોસ્તોએ તેની ગેરહાજરીનો લાભ લઈ તેની ખુબસુરત ઓરત ઉપર રાત્રીને વખતે બળાતકાર ગુજાર્યો. અને તે કરપીણ કામથી ન ધરાતાં તેણીને કાપી નાંખી મહા કૃત્રિમ કર્યું. તે બાઇની ૭—૮ વર્ષની નાહની બાળકી હેબકી જઇને કોથીના એકાદ ખુણામાં ભરાઈ રહી. સહવારમાં મોંડે સુધી મોહલાના લોકોએ તેણીના બારણા બંધ જોઇ, બારણા ઉતારી આ કમકમાત ભર્યો દેખાવ દીઠો. ગડબડ થતાં પેલી છોકરી સંતાઇ રહેલી બાહાર આવી રડી પડી, અને એહવાલ કહ્યો કે, મારા કાકાઓએ (અર્થાત બાપના મિત્રો) આવી તેણીની માને કાપી નાંખી છે. તપાસ કરતાં તે સર્વ મુંજીઓ પકડાયા. નવસારીના શુબાએ તે દરેકને અકેકાં બેલગાડાં ઉપર બંધાવ્યા. અને મેશના ટીલાં તપકાં કરાવી, ખાસડાંના હારો પ્રેહરાવી ૪ ગાડાંઓ મોહલ્લે મોહલ્લે ફેરવ્યાં. મોહલ્લાને દરેક નાંકે ગાડાં ઉભાં રાખી, મારાઓ છો બરફાતે તેમ ખુનીઓના માથાં અને બરડા ઉપર મોટા ભારી દાંગો મારતા, અને લોહીલુહાણ કરી તે ઉપર મીઠાંનું પાણી રેડતા. તરાઉતાના ચકલા ઉપર લાવતાં એ તો મરીજ રહ્યા, અને તોપણ તેઓના ઉપર માર પડવોતો ચાલુજ હતો. એમ કરી તે ૪ પાપીઓના પ્રાણ લીધા. એ દેખાવ નજરે જોનારાં આજે પણ હૈયાત છે. અને આ વાતતો જાંણીતી છે, કે જે પોચાં હૈડાંનાઓએ આ દેખાવ આબાદ જોયલો હતો, તેમણે આખું એક વર્ષ સુધી તાપ આવવી ચાલુ રહી હતી. કહે છે કે દર વર્ષે જે દહાડા ઉપર તે દેખાવ લોકોએ જોયલો તેજ દહાડા ઉપર ઘણા વર્ષો સુધી તેઓને તાપ ચઢી આવતી હતી !

એવો તે વેળાએ શુબાને અખિત્યાર હતો. ઇનસાફનું કામ ઢંગ-

ઘડા વગરનું તો હતુંજ. કોઇ ચોક્કસ ન્યાયાધિશ ન હતો. ફોજદારના હાથમાં આવે તો ફોજદાર ઈનશાફ અને સજા કરે. અને દેશાઇના હાથમાં આવે તો દેશાઇ ઇનશાફ કરે. જે દેશાઇના હાથમાં મામલત હોય તેના દરવાજામાં લાકડાંનું ખોળું તો પડીજ રહેતું. ગુનેહગારને તે ખોળાંમાં પગ ઘલાવી બેસાડી રાખવામાં આવતા. મલેકના વખતમાં તો વળી મોટા લોકોને ગેરઈનશાફ થાય તે સુરત ખાતેની "કરાઇ હજુરી અદાલત" માં અપીલ પણ જઈ શકતા. ગરીબોને માટે ન્યાય જેવું નોહતું. "Justice was sold to the Rich and refused to the Poor" એ કેહવત તે વેળાએ ખરેખર અમલમાં હતી. તે વખતે ન્યાયની અદાલતો, ચોકી–દેવડી–ચબુત્રા–કોટવાલી–અમીની, વગેરે નામોથી ઓળખાતી. તે વખતે ઈનશાફની અદાલત તે ગોયા સરકારી મેહેસુલ ખાતું હતું. ન્યાયને બાહાંણે નાંણું ભેગું કરવામાં આવતું. સુરતમાં જ્યારે ઇ. સ. ૧૭૯૬માં અંગ્રેજ સરકારે દાંડી પીટાવી કે "અંગ્રેજ સરકાર કોઈ પણ વખતે કોઇ પણ દુઃખીની ફરીઆદ સાંભલવા તૈયાર છે. સરકારના દરવાજા ગમે ત્યારે દાદ માંગનાર માટે ખુલ્લા છે." ત્યારે નવસારીની રૈયતને પણ જીવ આવ્યો હતો. સુરતના અંગ્રેજ ચીફના બંગલાની બાહાર એક ઘાંટ ટાંગેલો હતો, તે ફરીયાદ કરનાર નીચેથી વગાડે, અને પછી તેનો ન્યાય થતો.

મુસલમાન કોમનો સંસારી અને ધર્મ સંબંધી ઇનશાફ કોઠ ઉપરના કાઝીઓ કરતા. હિંદુઓના તે પ્રકારના ન્યાય નગરશેઠ કરતા. અને પારશીઓના ન્યાય દેશાઈને બારણે દરબાર ભરાઇને ચુકવાતા. હાલમાં ગાયકવાડ રાજ્યના બીજા પ્રાંતોમાં જેટલા ગુન્હા થાય છે, તેનો સોમો હિસ્સો પણ નવસારી પ્રાંતમાં બનતો નથી. અને નવસારી પ્રાંતમાં જેટલા ગુન્હા બને છે, તેનો સોમો હિસ્સો પણ નવસારી શેહેરમાં તો બનતો નથી. નવસારી પ્રાંતમાં વર્ષે સરાસરી ૩થી૪ ખુનની રાસ આવે છે, જ્યારે ખુદ નવસારી શેહેરમાં તો ૧૭ વરસે એક ખુનની રાસ આવે છે ! અને તેબી ઘણી મોટી લાગે છે. હાલ નવસારી પ્રાંતમાં ચોરીના ગુન્હા પણ ઘણા થોડા થાય છે.

હાલે આખા પ્રાંત માટે એક ડીસ્ત્રીકટજડજ (જે નવસારીમાંજ રહે છે); અને ૩ મુનશફો રહે છે. જડજને સેશન્શના મુકદ્દમા ચુકવવાનો, અને ખુનીને ફાંસીની સજા ફરમાવવાનો અધિકાર છે. દર વરસે નવસારીની જડજ કોર્ટમાં દિવાની મુકદ્દમા ૪૦૦ અને સ્મોલકોઝના

૬૦૦ તથા અપીલના ૫૦ થી ૧૦૦ મુકદ્દમાની રાસ આવે છે. દર વરસે નવસારીના આખા પ્રાંતના સરાસરી ખુનોના મુકદ્દમાની સંખ્યા ૪ ની આવે છે. છેલ્લાં ૪૦ વરસમાં તલ નવસારીમાં માત્ર ૩ ખુનીને ફાંસી દેવામાં આવ્યા છે. નવસારી પ્રાંતમાં ફર્સટકલાસના અધિકારવાલા ૬ મેજીસ્ત્રેટો છે. ગાયકવાડી ધરમરાજ હોવાથી આગળતો ખુનનો બદલો ફાંસીથી લેવાની સીસ્ટમ નોહોતી.

પોલીસનો બંદોબસ્ત.

પ્રથમ નવસારીમાં હાલની સુધરેલી ઢબની પોલીસ જેવું કશું નોહોતું, પણ શેહેરના બચાવને ખાતર જુદિ જુદિ તરેહની નવાઈ જેવી પોલીસ હતી. ૧—મલેકના ખાનગી પગારખાનારાં ગણત્રિના માણસો નવસારીનું રક્ષણ કરતાં. ૨—પારશી રાજા અથવા પારશી દેશાઈને ત્યાં રેહેનારી પારશી પોલીસ, જેને "લાકર્યા પોલીસ" ના નામે ઓળખવામાં આવતી, તે વૉલંટયર પોલીસના જેવી હતી. તેઓના હાથમાં તરવાર બંદુક જેવું કશું હથિયાર રેહેતું નોહતું, પણ ખાઇને દોંગા થઈ રહેલા પારશી શીપાઇઓ હાથમાં હથિયાર લેખે માત્ર એકાદ લાંબી લાકડી રાખતા. તેઓનાં કદ, કડબ, અને ધાક, એજ તેમના હથિઆર હતાં. ૩—પાછલથી ગાયકવાડી જ્યારે નવસારીમાં સ્થાપણ થઈ ત્યારે, ભરેલાં પેટપર પણ ન ચાલે એવું એકાદ તરવારનું કોયતું રાખી ફરનારી શુબાના માણસની બનેલી પોલીસ, શેહેરનું રક્ષણ કરતી. ૪—અને જ્યારે દુકાળ જેવે સમએ ચોર લુટારૂઓનો ઘણો પગપેશારો થાય, ત્યારે ઘેરે ઘેર રૈયત પોતેજ પોતાને પોલીસ બનાવતી. હથિઆરની તો બંધી હતીજ નહીં, એટલે તેવા તેવાઓને ત્યાં, કોઇને ત્યાં તરવાર તો કોઇને ત્યાં બંદુક રહેતી. ટાઢના દહાડાતો "ચોરીના દહાડા"ને નામે ઓળખાતા, અને જીલ્લે જીલ્લેના પારશી વગેરે ટોળીઓ થઇ રાતે રોન ફરતા. તેવા બાહાદુર નોશાકરાઓમાં એક મરહુમ કાવશજી હોરમજી શહીંઆરનોજ દાખલો બસ થશે. જેવણ બંદુકો વગેરે હથિયારો રાખતા, અને "ચોરીના દહાડા" માં રાત્રે પોતાના લત્તાના મોહોલ્લાઓમાં હિંમતથી ફરતા, અને લોકોને હિંમત આપતા. સુરતતો પગરસ્તેજ ચાલીને જવાનું હોવાથી, રસ્તે ભેદવારની

ખાડી આગળ લુટારૂઓની બહુ ધાસ્તી રેહતી. ત્યાંજ લોકો લુટાતા. ત્યાંના કોચરડાંમાં કે ઝાડો ઉપર ભરાઇ રહેનારા દુષ્ટો મુસાફરોના જાન વટીક લેતા. તે સબબથી સુરત કે ગણદેવી જવું હોયતો **વળાવા કે વરતણયા** સાથે લેવા પડતા. સુરત જતા રાહદારીઓ માટે દેશાઇ ખરશેદજી ટેહમુરજીએ ખાડી ઉપર પુલ બંધાવી રસ્તો સુધાર્યો હતો. (રોજમેલ શા. ૧૮૨૧) નવસારીથી સુરત જવાનું તે જાણે કે લુટાઇનેજ જવાનું હોય એવી રીતે મુસાફરી કરવાની હતી. કોઇ લુટારૂ ફકીરને કે ભીખારીને વેશે રસ્તા ઉપર પડી રેહતા, અને "મુસાફરો કેટલા છે, એકલ ડોકલ છે કે પાંચ પચીશ છે, તેની ખબર કોતરમાં ભરાયલાઓને પોહચાડતા. જ્યારે તેઓ જોતા કે એક બે છે, ત્યારે તેઓ જાણે ભીખ માંગવાને કાલાવાલાના બોલો બોલતા હોય તેમ બોલતા, અને વચ્ચે "એકલ ડોકલકા અલ્લા બેલી" એવું બોલી છુપાઈ બેઠેલાઓને ચેતાવતા હતા. જો મુસાફરો ઘણા હોય અને લુટી શકાય નહીં એમ હોયતો બોલતા કે, "સાત પાંચકા ભલા." લુટારૂઓની આ નીશાંનીઓ લોકોને જાણીતી થઇ ગયલી હતી. તે શીવાય તેઓ સેંકડો તદબીરોથી પોતાનો ધંધો ચલાવતા." એ લુટારૂઓને માટે આપણું "ઇરરેગ્યુલર તરૂપ" પુરતું તો નોહતું, પણ ઘોડાવ્રણી હિંમત હતી. આખા નવસારી પ્રાંતને બચાવાને તો પોલીસ હતીજ નહીં. નવસારીની રૈયત પોચી, અને બોકરાં જેવી અસલથી ગણાતી આવી છે. એટલે સૂધી કહેવત પડેલી છે કે, બકરાં મેંઢાંનાં ગોવાલાંને માથે વધારે ગોવાલ્યા હશે, પણ નવસારીના લોકોને તાબે રાખવાને તો તેટલા પણ ભરવાડાની જરૂર નથી. નવસારી અને સુરતનેજ લુટારા પીંઢારા કાં લુટવા આવતા ? એ સવાલનો જવાબ એટલોજ છે કે, એ ભાગ ઘણો તવંગર ગણાતો, અને આ ભાગ જે ગૂજરાત પ્રાંત કહેવાય છે, તેને માટે યુરોપ્યનોએ એવું મત આપ્યું છે કે, "Guzerat which has often been called the Garden of India, on account of its rich soil and careful cultivation." એટલે હિંદુસ્થાનના બાગ લેખે આ ભાગને ગણેલો છે.

આ ગરીબ નોશારી પ્રાંત અને નવસારી કસ્બાના રક્ષણ અને બંદોબસ્તને માટે આજે સુધરેલા રાજ અમલમાં પણ પોલીસનું પ્રમાણ બીજા પ્રાંતો કરતાં નામદાર ગાયકવાડ સરકારે થોડુંજ રાખેલું છે.

આખા પ્રાંતની ૩૧૯૪૪૩ માણુસની વસ્તી માટે એક પોલીસ નાયબ શુબા (સુપ્રીન્ટેન્ડન્ટ) રહે છે. બે સર ફોજદાર રહે છે. ૧૦ ફોજદાર છે. ૩૨ નાયબ ફોજદાર છે. ૩૮ જમાદાર. ૧૦૨ હવાલદાર. ૬૬૭ શીપાઇઓ છે. (એમાં ૩ વર્ગ છે. ૧લા, ૨જા અને ૩જા કલાસના શીપાઇઓ છે). ૨ દફેદાર. ૪૩ રેગ્યુલર સ્વાર છે. અને ઈરરેગ્યુલર યાને વ્યવસ્થા વગરના સ્વારો ટપાલ લાવવા લઈ જવામાં રહે છે તે લગભગ ૧૦૦ ને આશરે છે. એ બધા નવસારીના ૬૮૮ ગામડાંઓમાં વેંહેંચાયલા છે; ત્યારે ખુદ નવસારી શેહેરમાં કેટલી પોલીસ ફોજ હશે તેનો વિચાર કરી લેવાનો છે. વળી આરબના માણુસો નવસારીમાં રહે છે તે જેલના કેદિઓ વગેરેને સંભાળવા રહે છે તે જુદા. ખુદ નવસારીમાં ૪ પોલીસ ગ્યાટો છે. કાહારવાડામાં, મોચીવાડામાં, ગોળવાડમાં, અને બજારમાં મલી ૪ ગ્યાટો છે. ટુંકમાં પોલીસની જરૂર નવસારી શેહેર માટે તો લગભગ નહીં જેવી છે. કેમકે સાધારણુ રીતે બ્રાટીશમાં કેટલીક ગમ દર ૬૦ માણુસની વસ્તીએ ૧ પોલીસ શીપાઈ, તો કેટલીક ગમ ૧૦૦ માણુસે ૧ શીપાઇ રાખવાનો નિયમ છે, તો જો કે કેટલીક નરમ પ્રજાના પ્રમાણુમાં એ નિયમ ત્યાં પણુ જળવાતો નથી, તથાપિ તે ધોરણે ગણુતાં નવસારી પ્રાંતની વસ્તી માટે જ્યાં ૫૩૨૪ પોલીસ શિપાઇઓ જોઇએ તેને બદલે માત્ર ૬૬૭ શિપાઇઓથી કામ સંતોષકારક રીતે ચાલે છે. ખુદ નવસારી શેહેરને માટે ૧ ફોજદાર, ૧ નાયબ ફોજદાર, ૧ જમાદાર, ૧૦ હવાલદાર, ૨ સ્વાર (તેહનાતી), ૩ કારખાંનાના શીપાઇ, અને ૫૭ પોલીસ શીપાઈ ઠરેલા છે, તેમાં પણુ ગેરહાજર ઘણા હોય છે. તે સાથે ગણુતાં ૪૦ માણુસો ૧૬૨૭૬ માણુસને સંભાળી શકે છે ! એ ઉપરાંત ફડફોજદારના તાબામાં " પોલીસ ફડ " માં નાયબફોજદાર, જમાદારો, હવાલદારો, અને શીપાઇઓ છે તે જૂદા.

નવસારીમાં મુંઆંને માન.

" જીવવું તો મુંબઇમાં ને મરવું તો નવસારીમાં. " ધર્માંધ લોકો કહે છે કે, " મુંબઇમાં જીવેલું પરમાણુ—ને નવસારીમાં મરેલું પરમાણુ. " તેઓ ધારે છે કે મુંવાંને મુંબઇમાં માનજ નથી. મુંઆંનેતો

નવસારીમાંજ માન છે. એના કારણો આપણે નિચલી હકીકત ઉપરથી જોઇશું.

પારશીઓમાં પેહેલાંતો એવું હતું કે, નશેશાલારો મોટાં રૂવાંન દીઠ ૨થી૩૦ રૂપીઆ, અને નાહના રૂવાંન દીઠ એકથી દશ રૂપીયા લઇને ગેહાંન ઉંચકતા. તે એટલે સુધી કે કેટલીક એણુ વખતે તો રૂા. ૭૦ સુધી એક રૂવાંનના તેઓએ લીધા હતા. તેઓ ઘણે ભાગે દારૂ પીને પીઠાંઓમાં પડી રહેતા, અને રૂવાંન થયાની ખબર તેઓને કરતાંજ તેઓ તે રૂવાંનને જોવા આવતા. જો મરનાર જરા કદાવર કે જાડું હોય, તો રૂવાંનના ભાર પ્રમાણે તે ઉંચકવાનું દામ માંગતા. અને સહવારના પોહોરમાં તેઓ પોતાની તે "રોજીના દરવાજા" ખુલ્લા કરવાને ખુદાની પ્રાર્થના કરતા ! તેઓનો જુલમ અતિશય હતો. એક ગમથી એક બાપ મરી ગયો, કે તુર્ત તેનો દીકરો તેનું મુરદું ઉંચકામણી આપવાની રકમની શોધમાં પડતો. આવું દુઃખ એટલું તો ચાલ્યા કીધું કે ઇ. સ. ૧૮૪૬માં સર જમશેદજી જીજીભાઇના બેહેન નવાજબાઇ તે શેઠ કાવશજી જમશેદજી હોજદારનાં વિધવા ૮૩ વરસની વયે ગુજર્યા ત્યારે રૂા. ૫૧૦૦ સરે પારશી પંચાતમાં એવી સરતે આપ્યા કે મુદ્દલ ન ખરચતાં તેના વ્યાજમાંથી નવસારીના નાવારસ જરથોસ્તી રવાંનોને અવલ મંજલ પોંહચાડવાં, તથા આંધલાં પાંગલાં નોશાકરાં જરથોસ્તીઓને કાંઇ જુજબી મુસારો આપવો, એ પ્રમાણે નકકી કર્યું. તોપણ નશેશાલારોનો દૅાર ઘટયો નહીં, અને જ્યારે શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ નવસારીમાં બીજીવાર પધાર્યા ત્યારે પોતાના જાનીમિત્ર દેશાઇ બરજોરજી નવરોજીને નવસારીની કાંઇ હાજત જણાવા કેહતાં, તેઓએ નશેશાલારનો બંદોબસ્ત કરવા વિનંતી કીધાથી શેઠ રૂસ્તમજીએ મુંબઇ જઇ એક ફંડ સ્થાપી પેહેલી આશરે રૂા. ૧૨૦૦૦ની રકમ ભરી. એ રૂસ્તમજી શેઠ જેવણુ "સવરગવાસી નામદાર તે જમશેદ, નવસારીથી આયો તે ઉગતો ખુરશેદ" ના બેટા બાપેદાદે નોશાકરા હતા, અને "જાનેવારી માહાની તે તારીખ તેવીશ, સને હતો મુબારક અધારશે ચોવીશ; બાવીશમો રોજ અને મહા ચોથો, યજદેજરદી અગીઆરસે ને ચોરાંણુંમો"* ને દિને જન્મ્યા, અને યજદે. ૧૨૪૦ માં ગુજર્યા, તેઓએ "સાંભલી પોતે જાતભાઇની કાંઇ અકચાર, કે જુલમ કરે છે તેઓ પર નશેશાલાર;................
ભરીઆ રૂસ્તમે રૂપીઆ સીત્તેર હજાર, બીજાઓએ ભરીઆ સેંજસાજ

બાહાર." * તેઓએ નવસારીનાં મુઆંને ઠેકાંણે પાડવાનું પુન્ય હાંશલ કર્યું છે. અને આજે નવસારીમાં મોટાં રવાંનના હાલ રૂ. ૨ તથા નાહનાનો રૂ. ૧ લેવાય છે. અને કરાડી, તવડી, મતવાડ, અશુંદર, કશબા, વગેરે ગામોના રવાંનો અત્રેના દોખમામાં લાવવામાં આવતાં હતાં, અને તવડી શીવાય આજે પણ બીજી ગમનાં રૂવાંનો અત્રે લાવે છે. ઇ. સ. ૧૮૬૦માં શેઠ કાવશજી ધનજીભાઈ પાંડિવાલાએ રૂ, ૧૦૦૦૦ એલાહીદા કાઢી નવસારી અને સુરતના આંધલાં પાંગલાં જરથોસ્તીઓનાં, તથા રૂવાંનોને અવલ મંજલ પોંહચાડવાના, ફંડમાં આપ્યા. પછી એ ફંડ વધ્યું અને નશેશાલારોના પગાર બંધાયા, અને આજ સુધી રૂસ્તમજી શેઠના પ્રતાપે, નવસારી ઉપરનું તેવણનું હેશાન થયાથી, લોકો તેવણના અશોરૂહને હજાર હજાર દોઆ દેછે. વળી ઇ. સ. ૧૮૮૦માં બાઈ માણકબાઈ તે આ. માણેકજી જમશેદજી ટાટાના વીધવા ગુજર્યા તેવણના ઉઠમણામાં* એ ફંડને પુષ્ટી મળી. મરનારના બેટી બાઇ જીવણબાઇ તે શેઠ બમનજી દોરાબજી શકલાતવાલાના ધણીઆંની તથા તેમના ખાવંદ અને ફરજંદોએ મળી રૂ. ૧૩૫૦, ભત્રીજાના દીકરા શેઠ નશરવાનજી રતનજી ટાટાએ રૂ. ૭૫૦ તથા બીજા બેશીઓએ રૂ. ૮૧૦ મળી રૂ. ૨૯૧૦ નું એક ફંડ નવસારીમાં ઉભું કરી તેના વ્યાજમાંથી દર માસે રૂ. ૧૫ નવસારીના નશેશાલારોને પગાર બદલ આપવા ઠરાવ્યું. અને તે ફંડના ટ્રસ્ટીઓ શેઠો નાનાભાઇ બમનજી શકલાતવાલા અને જમશેદજી નશરવાનજી તાતા નીમાયા. પરંતુ એજ વરસમાં, ઇ. સ. ૧૮૯૦માં મુંબઇમાં પણ રૂવાંનોને અવલ મંજલ પોંહચાડવાનું ફંડ નીકલ્યાથી, નવસારીનું એ ફંડ તેના વ્યાજ સુધાં રૂ ૩૫૦૦ નું મુંબઇના ફંડ સાથે જોડી દેવામાં આવ્યું.

નવસારીમાં પારશી રૂવાંનનું માન કેમ માનવામાં આવે છે? મરનારની મીજલશ મોટી ભરાય છે. ક્રિયા કામ બરાબર થાય છે. એક જથ્થે નવસારીમાં પારશી વસ્તી હોવાથી જુદદીનની આમેઝ્તી અને દ્રષ્ટિ વગર ભણતણ ક્રિયાઓ ચાલે છે. * દશ દહાડાની કે મહિના દહા-

---

* ઉઠેણું=અથવા ઉઠમણું, એટલે ઉઠવું તે, ભાવાર્થ શોકમાંથી ઉઠવાનો દિવસ. પ્રો. દાદાભાઈ નવરોજી પ્રમાણે The rising from mourning.

* મી. કા. ડી. કયાશની બનાવેલી "ઝહવાલે રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ" ઉપરથી.

* નવસારીમાં પારશીઓતો પારશીજ, ખત્રિતો ખત્રિ, ખાટકીતો

કાની ભોંય હોય તોપણ આગળનો આખી અંજુમનની મીજેલશો દર રોજ ભરાતી. બાજ રોજગાર વર્ષો સુધી ચાલુ રહેતા. એ વીગેરે અસલી વિચારના લોકોને અનુકુળ વિધિઓ થતી હોવાથી " મુંઆંને માન " સમજવામાં આવતું હતું. આખી પારશી પ્રજામાં, નવસારી શિવાય કોઇજ ઠેકાણે વધારે એકીનથી અને વધારે વરસો સુધી મરનારના દરાનબાજ થતા હશે.

નવસારીના પેહેલા દશતુર મેહેરજી રાંણા ઈ. સ. ૧૫૯૨ માં ગુજર્યા, એટલે આજે ૩૦૬ ઉપર વરસ થયાં છતાં, આજે પણ તેવણના બાજદરૂન ખાંણાં સહ ધામધુમથી થાય છે. એજ નહીં, પણ મોટા દેશાઇ ખાંદાંનવાલાઓ તો દરાનબાજને માટે મોટી જાગીરો એલાહીદી કાઢી ગયા છે. અને દેશાઈ ખાંદાંનના મુળ પુરૂષ દેશાઇ ટેહમુલજી રૂ-સ્તમજી ઇ. સ. ૧૭૨૮ માં ગુજર્યા તેને આજે ૧૬૯ વરસ થયાં છતાં, તેવણના દરૂનબાજ ખાંણાં સાથે થાય છે. એ બધાંને " મુઆંનું માન " ગણવામાં આવે છે. " બરે ! મુંબઇમાંતો હિંદુ દરવન ભોંય આગળથી જાય, ને અભેખર કરે ! બર્યું, મુંબઇમાં મરવાનું. " એવા એવા ગોરાંણી બાઇઓના નવસારીમાં છણકા હોય છે. " ખોદા ધેસ્ને આંગણે મરતી વખત લાવેનો સારૂં " એ તેમની મોટી જિજ્ઞાસા હોય છે. હિંદુઓમાં તો અસલથીજ મુરદાં ઉંચકવામાં તો ન્યાતભાઇઓ મદદે લાગતા, પણ વળી મુરદું બાળવા થકી એકેકું લાકડું દરેક પાદસ્યો પોતાને ઘરથી પોતાની ખાંધે મારીને લઇ જતો ! જેથી ગરીબ માણસને મરણના સંતાપમાં એક સધ્યારો રહેનો.

મુસલમાનભાઈઓમાંતો હોંશે હોંશે સર્વે પાદસ્યાઓ ખાંધ મારતા, એટલે મુરદાં ઉંચકામણી ભારી પડતી નોહોતી.

ખાટકી, ગોલાતો ગોલાજ, એવી રીતે એક જથ્થે વસે છે. તોપણ અસલ કાળમાં જુદ્દીન લોકો પારશીઓની ક્રિયામાં ભંગાંણ પાડતા, તથા ભર નાવરની ક્રિયામાં પણ પીંઢારા વગેરેનો જુલમ હોવાથી ગુપચુપ પારશીવાડાઓમાં થઈને છુપે રસ્તે વડી દરેહમેહેરમાં નાવર્યાને લઈ જઈ શકાય એવી છુપી ગલીઓ રાખવામાં આવતી. તે મધેની પાવડીવાડ તરફની અને દેશાઇવાડ તરફની ગલીઓ ઇધાંણી આપવા હજુ હૈયાતી ભોગવતી રહી છે. એ ગલી-ઓમાં થઇને નાવરની મીજલસ ખુબ સંભાલથી પસાર થતી, અને સરઘસની વચ્ચમાં નાવર્યાને હાથમાં ગુરૂજ આપી ચલાવાનો રેવાજ આજ સુધી ચાલ્યો છે.

પારશીઓમાં, મુરદાંને દોખમાની પાવી ઉપર રવાંનને મુકતાં નશેશાલારે દસ્તુરી પઢવાનો રેવાજ છે. એટલે કે જમીનમાં નશો નાંખવો એ ગુન્હા ભરેલું તેઓના ધર્મમાં ગણેલું હોવાથી, તે ગુન્હો (!) પોતાને માથે ન રાખતાં, તે શેહેરના દશતુરના હુકમથી એ નશો હું મુંકું છું, એમ બોલી પોતાને માથેનું કરજ ઉતારવાની તેમની જિજ્ઞાસો હોય છે. દસ્તુરી ભણતાં એમ બોલે છેકે, "બદસ્તુરીએ દાદારહોરમજદ—બદસ્તુરીએ બેહમન અમશાસ્પંદ—બદસ્તુરીએ જરથુસ્ત્ર સ્પેંતમાન—બદસ્તુરીએ આદરબાદમારેસ્પંદ—વબદસ્તુરીએ આજમાન કે બુદે બાશદ." ઘણી ગમ છેલ્લી દસ્તુરી ભણતાં જે તે ઠેકાંણેના દસ્તુરનું નામ લેવામાં આવે છે.

નવસારીમાં હાથીના મરણનું માન અને મહત્વ જુદુંજ છે. નવસારીમાં અસલથી એક હાથી રાખવામાં આવે છે. અને તે મરી જાય એવી સ્થિતિમાં જણાય ત્યારે તેને શેહેર બાહાર રાખી ત્યાંજ તેની કબર કરવામાં આવે છે. પરંતુ ૮ વરસની વાત ઉપર મલ્લાર પ્રસાદ નામનો હાથી પોતાના સ્થાનમાંજ મરણ પામ્યો ત્યારે તેનું મુરદું ઉંચકી લઇ જવાને તરેહવાર જાતના ગેહાંન અને ખાટલી બનાવા છતાં તે ઘસડાયો નહીં, અને બે દહાડે તેના ટુકડા પાડી ગાડાંઓમાં ભરી લઇ જઇ દશેરા ટેકડી તરફ દાટવામાં આવ્યો હતો. હિંદુઓ હાથીને ગણેશના પ્રતિનિધિ જેટલું બહુ માન આપતા હોવાથી આ કાપ વાહાડથી મુરદાંને માન મળવાને બદલે અપમાન અને અપશુકન થયલાં માનતા હતા.

અસલી કેળવણી.

આગળા વખતમાં નવસારીમાં કેળવણી જેવું કશું નોહોતું એમ કહેવાશે નહીં. આજે કેળવણીમાં પારશી અને હિંદુ ઘણા આગળ વધેલા અને મુસલમાનભાઇઓ પાછળ પડેલા જેમ ગણાય છે, તેથી ઉલટુંજ આગળા જમાનામાં હતું. નવસારીમાંતો મુસલમાન લોકો, ધર્મની કેળવણીમાં કોરાન ભણતા, અને સામાન્ય કેળવણી ફારશી ભાષાની હતી. કેમકે મુસલમાનો માટે કેળવણીના તે વખતે સાધનો હતાં. તે વખતે દરબારી ભાષાજ (Court Language) ફારશી

હતી. સરકારી બધું કામ ફારશીમાં ચાલતું. તેથી તવખતનો બી. એ; કે એમ. એ; તેજ ઘણી ગણાતો કે જે ફારશી ભાષા સારી જાંણતો. જેમ આજે નોશાકરાઓ અંગ્રેજી ભણવા પડયા છે તેમ તે વેળાએ ફારશી ભણવામાં આવતી. તે પણ થોડાજ છોકરાઓ શિખતા. " બાકીના તો બાપેદાદે ચાલતો આવેલો હુંન્નર તથા ધંધો બચપણથી શિખતા, તેથી મોટપણે તેમાં પ્રવિણ થતા. વાણિયાનો દીકરો વેપાર તથા દુકાનદારી કરતો. ખેડુત ખેતી, અને મજુર મજુરી કરે. એજ તે વખતની કેળવણી હતી. કીસબીનો દીકરો કીસબ કરતો. " દરેક નોશાકરાનું પોતાનું ઘરજ ગોયા કેળવણી ખાતું હતું. હિંદુ તથા પારશી કોમમાં કેળવણીનો વધારો નોહોતો. થોડા લોકોજ અને તેણી થોડુંજ શિખતા. નામું શિખવાનો બહુ ચાલ નવસારીમાં હતો. તે " છીપા નામું " કહેવાતું. છીપાનામું ભણ્યો તે કાલેજમાં ગોયા અભ્યાસ કરી પરિક્ષા પસાર કરી ગયલો ગણાતો. સેહેજસાજ અલેફ બે કીધું, કરીમા બોલે, ખાલકબારી કહી જાય, તેતો કાબેલ ગણાતો ! અને ગુલેસ્તાન બોસ્તાન ભણ્યો તેતો મોલવી થઇ પડતો ! અને દીવાંને હાફેઝ, કે શીકંદરનામું વાંચે તેતો મોટો આલેમ ગણાતો ! પણ તે વખતે ગુલેસ્તાન બોસ્તાન શીખેલો ફારશીમાં બોલી લખી જાંણતો ! તે વખતની કેળવણી આજના જેવી તગુમગુ, પાસ થઇ જવાય એવી અધ કાચી ફારશી કેળવણી ન હતી. ખરેખરી સંગીન હતી. જે હિંદુ ફારશી જાણે તેને નવાબ અને મલેક પોતાના દીવાન વટીક બનાવતા. પાછળથી છેક છેલ્લી સદીમાં " વાંકી બીલારી " Vocabulary એટલે શબ્દકોષ, અને યુ ગો, આઈ ગો, આંધરેબલ કુંપની સરકાર (Honourable Company) જેવું અંગ્રેજી જાંણનાર બહુ લાહેરમાં ખપતો. નીતિની કેળવણીમાં અને સંસાર વહેવારની કેળવણીમાં લોકો પ્રવિણ હતા. પોત પોતાના બાપીકા હુન્નર કળાકૌશલ્યમાં દરેક જણ કુશળ હતો. તે વખતે નફ્ટ નોકરીની ઝાઝી દરકાર કોઈ રાખતું નોહોતું. સંતોષથી બાપદાદાના હુન્નરમાં પાંચ પૈસા મેળવી ગુજારો કરવાની પૉલીસી હતી. ગાળે ગાળે નવસારીના પારશીઓનો વગ દિલ્લી દરબારમાં વધી ગયો હતો. તે ફારશી કેળવણીની બોલબાલા હતી. તે વખતે હિંદુઓ પણ ફારશી ભણતા. કેમકે મુસલમાન રાજમાં ફારશી, હિંદુ રાજમાં ગૂજરાતી, અને મરાથા રાજમાં મરાથી ભણવાની ફરજીઆત જરૂર હોવાથી જેતે રાજને લગતી ભાષા ભણવાથી તેનો ઉપયોગ થતો. ગુજરાતી ભાષા

ભણવાને " હિંદી શીખવું " એમ બોલતા. ફારસી અને ગુજરાતી લખતાં શીખવાને સ્લેટ પેન તે વેળાએ નોહોતાં, પણ લાકડાંનો ઘડેલો એક પાટલો આવતો. તે ઉપર ઝીણું ધુલારૂં છાંટવામાં આવતું, એટલે તે સ્લેટની ગરજ સારતું, અને પેનની ગરજ સારનાર હાથની જથી આંગળી હતી, અથવા લાકડાંનું વેટણું હતું, જેણેવતી ક, ખ, ગ, કે અનેક–એ–પે–લખવામાં આવતું. પાટલો ભરાઇ રહે કે પાછી નવેસર તેવીજ નવી સ્લેટ બનાવામાં આવતી. લખવાને માટે કાગદી લોકો જાડાં કાગળો બનાવતા. તેજ કાગળપત્રમાં કે તુમાર અને કૉરસ્પોન્ડન્સમાં તથા નામાં ઠાંમા લખવામાં વપરાતાં. સફેદ દેશી બરૂની તે વેળાની જાણીતી કલમ હતી. આજની કાળી શાહી તેજ તે વેળાએ પણ હતી.

પાટીની અગાઉ તો " પાટલા" નામની સ્લેટ હતી. ટેબલ રોકા નાહના પાટલા ઉપર ધુળ નાંખી લખવાનું હતું. અને તે ઉપર લખતાં બરાબર આવડયા પછી, ઉંચા કલાસ (?) માં " પાટી " તો આપવામાં આવતી. ! પાટલા ઉપર લખતાં શીખવા ઉપરથી, કોઇ ધણીને પુછવું હોય કે તું કાંઇ શિખ્યો છે કે, તેને માટે પુછવાનું હતું કે, " પાટલાપર ધુળ નાંખીચ કે ? " એ કહેવત સાધારણ હતી. પાટલા ઉપર તો ધુળ નાંખી હાથ વાળવામાં આવતા, પણ પાટી તો વળી રંગીન તરેહવાર ફેસનનું એક લંબચોરસ પાટયું આવતું. તે ઉપરતો ખડી અથવા મોટા લોક હોય તે ચાખે કીત્તો લખતા હતા ! એ પ્રકારની " પથ્થર પાટી " ૧૦૦ વરસની બુજરગોની લખેલી તબરરૂક લેખે એક જુની ચાર પેઢીની પાટી ધરાવવાનું લેખકને માન છે.

વિદ્યાર્થીઓને તે વેળા શિક્ષકો હદ બાહાર માર મારતા હતા. જાનવરોને જેમ આપણે મારે તેવો હેવાંન્યત માર બેધડક પડતો. ઉંચે લટકાવી નીચે બળતાં વટીક કરતા !

ઘણા જુના વખતમાં નવસારીમાં હાલમાં અપાતી કેળવણીના સાધન બીલકુલ ન હતાં. હિંદુઓમાં તેમાં વિશેષે કરી બ્રાહ્મણોમાં તો તે વખતના પ્રખ્યાત શાસ્ત્રી, જોશી, વૈદ, કે વેદીઆને ત્યાં લોકો પોતાના છોકરાને મોકલતા. પારશીઓમાં મોબેદોની નીશાળ, જેને " શેદની સારે જવું " કહેવામાં આવતું હતું, ત્યાં છોકરાંઓને ધર્મની તાલીમ સારૂ મોકલતાં. ભણેલાઓ વિદ્યાર્થીઓને (પારશીઓમાં

નિશાલ્યાઓને) ભણાવવા એ પોતાની એક અનિવાર્ય ફરજ સમજતા. પછી તે પોતાના દુસ્મનનો છોકરો કેમ ન હોય તોપણ તેને ભણાવવાને ના પાડી શકાતી નહિ. એવી એક કહેવત છે કે " જે ઓડું માથું કરી ભણવા બેસે તેની સાથે તેના વડીલોના વેરનો કાંઈ પણ કીનો રાખવો નહીં." વળી વિદ્યાર્થીઓ-શિખવનારને ન્યાતિમાં ઘણું માન મળતું. તેમાં પોતાનો પણ એક ગાર્ભિક લાભ રેહેતો. તે એકે, જે શાસ્ત્ર પોતે શિખેલો હોય તે શિખવવાથી સર્વદા પોતાને પણ તાજુ રહેતું. પારશી મોબેદો પણ વંદીદાદ, ઇજશને, નીશાલ્યાઓને ભણાવતાં પોતે પાછું પોતાને માટે તાજુ કરવાની નેમ રાખતા. ધર્મની એક ફરજ, માન, અને પોતાનો લાભ આવાં આવાં કારણોથી વિદ્વાનો પોતાને ઘેર પોતાના ગામના તેમજ પરગામના મળી પાંચ દશ કે વખતે પચ્ચીશ ત્રીશ વિદ્યાર્થીઓની નિશાળ માંડી ભણાવા રાખતા. ભણનારા પાસે ભણવા બદલ કાંઈ પણ પૈસા લઇ શકાતા નહીં. વરસ દહાડે ચોખા અને એક નાલ્યરની શેશ શિક્ષકને માટે લઇ જવાની હતી. ભણી રહયા પછી માત્ર ગુરૂની પૂજા કરી ઘેર જતી વખત પોતાની શકિત પ્રમાણે આપેલી દક્ષિણા, જેને ગુરૂ-દક્ષિણા કહે છે, તે લેવાને હરકત નહતી. પણ આ ગુરૂ-દક્ષિણા ઘણીજ નામની હતી. એટલે બેચાર વર્ષના અભ્યાસ કર્યા પછી જતી વખતે શિષ્યો એક બે રૂપીઆ કે કોઇ કદાચ શક્તિવાળો પાંચ દશ રૂપીઆ માત્ર આપી જતો. પારશી વિદ્યાર્થિઓમાં નોવર થઇ રહ્યા બાદ " શેડ " ને ૫ થી ૭ રૂપૈયા સૂધીની પેહેરાંમણી કરવામાં આવતી. એ ચાલ આજે પણ અત્રે છે. નવજોતનું શિખવા માંડે ત્યારે વળી જરા પૈસાવાલો હોય તો ધાંણીચણા નિશાળ્યાઓમાં વેંહેંચાવે અને છુટી અપાવે. પણ નાવરનું શીખવા બેશનાર તો ગરીબ કે તવંગર તેને એમ કીધા વિના ચાલેજ નહીં, અને છુટી અપાવે.

આ પ્રમાણે આજથી બસો વર્ષ ઉપર આપણી નવસારીમાં બ્રાહ્મણો અને મોબેદોને મોહોલ્લે મોહોલ્લે અકેકી કે વખતે બે ત્રણ નિશાળ બેસતી હતી. સહવારના પોહોરમાં ત્રણ ચાર વાગે ઉઠી મોં સાફ કરી અને વખતે શ્નાન પણ આટોપી લેઇ વિદ્યાર્થીઓ ગુરૂને બારણે ઓટલા ઉપર હાથમાં પાના લેઇ (કારણકે તે વખતે છાપખાનાનો પ્રસાર ન હોવાથી છાપેલાં પુસ્તક ન મળવાથી ભણવાનો ગ્રંથ પ્રથમ લખી લેવો પડતો.) ઉઘાડે માથે છાતી અને માથું ધુણાવતાં ધુણાવતાં

મોટેથી ભણનારાઓનો સામટો અવાજ સાંભળી એક પરદેશીને તો મોટો આનંદ અને અજાયબી લાગ્યા વિના રહેજ નહિં. ગુરૂ અને મોબેદ પણ વહેલો ઉઠી પોતાના ઘરમાં નિયમિત કરેલી સ્થાનકે બેસતો. વિદ્યાર્થીઓ અનુક્રમે પોતાના આગળા દિવસના પાઠ એક પછી એક આપી જતા, અને તે દિવસનો નવો પાઠ લેઇ પાછા બારણે ગોખવાને જઇ બેસતા. આ પ્રમાણે ગુરૂ તથા મોબેદ, સર્વના પાઠ બસ રહેતાં સુધી બાર વાગતાં લગણ બેશી રહેતો. મોબેદોના ઓટલા, તે વેળાની બાસ્તી અને ડેસ્ક હતી. તે ઓટલા એજ કલાસબી અને સ્કુલબી. નિશાળોના ઘડીઆલ તેતો તડકાંથી પડતી છાપરાંની જર (self-made sun-dial) હતી. અને રાતનું ઘડીઆલ તે શેતારા હતા. પાછલી રાતનું ઘડીઆલ " બાંગી " મરઘો હતો, અને તે પાળવામાં આવતો.

વિદ્યાર્થીઓ જોકે ગુરૂને કાંઇ શિખવણી આપતા નહિ તોપણ તેમની વખતો વખત એક દિલથી સેવા બજાવતા. ગુરૂના ધોતર ધોતા. ગુરૂના અને ગોરાંણીનાં ઘરમાં કચરો વાળતા. ગુરૂના અને ગોરના વાસણ માંજતા. ગુરૂના અને મોબેદ શેઠના હાથ પગ ચાંપતા. અને ગુરૂના ઘરનું ગમે તેવું કામ કરવામાં તેઓ લજવાતા નહિ. તેઓના મનમાં ધર્મની કાંઈ એવી લાગણી રહેતી કે આપણે ગુરૂનું કામ કરીએ તેથી ગુરૂ આપણાપર પ્રસન્ન થાય અને આપણુને અંતઃકરણથી આશિર્વાદ આપે, તો આપણને વિદ્યા જલદી આવડી જાય. મોબેદની નિશાળમાં તો શેઠ જેમ કામ કરાવે તેમ વિદ્યાર્થીઓને રમવા ગમતું. કામતો મોબેદ શેઠો એવું એવું કરાવતા કે ન પૂછે વાત. ખાર્ચો વટીક કઢાવેલો અનુભવસિદ્ધ વાત છે. અડાયાં કે લાકડાં ભરાવવાં, બજાર હાટથી સામાન (વળી તેબી શેઠ ખુશ થાય તેમ કીફાયતમાં) મંગાવવો એ કામો તો તે વેળાએ સાધારણ હતાં. એ વખતની મોબેદની કે ગુરૂની નિશાળ એવી હતી, કે જ્યાં મનની સાથે તનની, ધર્મની, અને ઘર સંસારની બધી કેળવણી અપાતી. રાંધવાનું વટીક છોકરાઓ શેઠાંણીની આગળ શિખતા. વળી બજાર હાટ લાવવાની નાહના છોકરાઓને ઘણી સરસ તરબ્યત મળી જતી. શેઠનું કામ કરવામાં નામોશી જેવું તો નહીંજ, પણ કોઇ છોકરા પાસે દયા ખાઇને શેઠ કે શેઠાંણી " અરીઆં લાકરાં " નહીં ભરાવે, તેના માબાપ શેઠ શેઠાંણી ઉપર ગુસ્સો કરતાં, અને ફરિયાદ કરતાં, કે બીજાનાં છોકરાં પાસે કામ કરાવો છો ને મારા છોકરા પાસે કાંય નહીં કામ કરાવતા ! તે વખતે નિશાળમાં બહે-

રાંમરેજની છુટી હતી. મહિનામાં એક દહાડો રજા હોય, એટલે છોકરાઓને અતિશય ખુશી હતી. તેઓનું મે-વૅકેશન તે નરોજની રજા હતી. અને નરોજની ૨ મહિના આગમચ તેઓને લોહીપાંણી આવવા માંડતું. ગોયા તોંનીક પીતા હોય તેવું તેમનું શરિર આનંદિ અને તનદુરસ્ત થતું. પારસીઓ વણવાનું કામ પણ બહેરાંમરોજે બીલકુલ કરતા નોહોતા. આજના જેટલી તે વેળાએ શિખનારાઓને રજાઓ નોહોતી. છુટીના દિવસે બસ રમવું રમવું ને રમવું એજ તે વેળાએ હતું. છોકરાઓને કાંઈ સબબને લીધે એકાએક જો એક દહાડો છુટી આપી હોય, તો જાંણે સાહરાના રણમાં ઠંડાં પાંણીની પખાલ મળી હોય એટલો આંનંદ થતો. બધું શિક્ષણજ આંનંદમાં અપાતું. છોકરાને બજારહાટનું ગુરૂ કામ સોંપે, ત્યારે છોકરો જાંણે કે રમત મળી, ને ગુરૂ જાંણે કે કામ થાય છે, પણ અંદરખાંનેથી તો દુન્યાદારીની તરબ્યત નાહનપણથીજ થતી. તે જમાનાના શેઠ (શિક્ષક) તથા ગુરૂ (માસ્તર)ની કેળવણી આપવાની રીત ઘણી સારી હતી. લેશન કંઇ ઘર આગળ કરવાનું નોહોતું. પણ નિશાળમાંજ "પાટી" (પથ્થર પાટી ઉપર લખતાં શિખવાની રૂઢી ઉપરથી નવું લેશન લેવું, તેને "નવી પાટી લેવી" કહેવામાં આવતું.) લેવાની, ત્યાંજ "પાટી" અવડાવાની, અને ત્યાંજ "પાટી" (લેશન) આપવાની હતી. આજે મેકૉલેનું એક ચેપટર મોંઢે કરતાં, કે શેકશપીઅરની ૫૦૦ લીટિ મોંઢે ચઢાવતાં આપણે કંટાળ્યે છીએ, અને તે વખતના મોબેદના છોકરાઓ વંદીદાદનો ૨૨ પરગરદનો (પ્રકરણનો) આખો પોથો, ૭૨ ઇજશનેના હા (ચેપટર્સ), અને વિસપરદ, ખોરદેહ અવસ્તા, યસ્તો, ન્યાએશો વગેરે પોથાના પોથા મોંઢે તરતર વગર ભુલે બોલી જતા !! હિંદુ વિધાર્થીઓ વેદીક ભણતણો પરાંપરાં મોંઢે જાંણતા ! એ પ્રમાણે નવસારીના લોકોની મનશકિત સરસ હોવા સાથે ખરી ખુબી કેળવણી આપવાની હતી. તેઓ ખાનગી ટયુશન ઉપર વિધાર્થીઓના પાસ થવા ઉપર મદાર રાખી છોકરાઓ ઉપર ઓછી કાળજી રાખવા જેવું ન કરતા હતા. નોશાકરાઓની મનશકિત વિષે શેઠ ખ. રૂ. કામાજીએ વાજબી મગરૂરી લઇ જણાવ્યું છેકે, "જ્યારે પણ કોઇ જરથોસ્તી મોટી પરિક્ષા પસાર કરે છે, અથવા કાંઈ મોટી નામદારી કરે છે, ત્યારે પહેલાં તો હું એમજ અનુમાન કરૂં છું, કે એ ઘણી નવસારીનો વતની હશે, અને બીજું તો તે અથોરનાન વર્ગનો હશે; અને પાછળથી ખબર કાઢતાં અનુમાન તે ખાત્રિનાજ રૂપમાં આવે છે,

અને ખરૂંજ હરે છે " અસલી વખતમાં નીતિની કેળવણી કેવી સરસ હતી! "વેહેલા સકારે ઉઠવુંજી, માબાપને પાએ પડવુંજી. "વગેરે નીતિના ઘડા નિશાળેથી છુટતાંજ "શિખામણુની ધાત " ને નામે તમામ છોકરાઓ પાસે ભણાવામાં આવતા. તેની થોડીક લીટી નમુનાને માટે આપીશું:——

" રવી ઉગમતાં દેવ ગુરૂ સંભારવા !
સદ્દવારના પોહોરે નાહવુંજી; પેહેલી પુંજા દેવની કરવી !
માબાપને પગે લાગવુંજી; મહેતાજીને સલાંમ કરવીજી.
બેશ કહે તાંહાં બેશવુંજી; ઉઠ કહે તો ઉઠવુંજી.
શીખ માગી નીશાળે આવવુંજી; ખડીયો પાટી લાવવાંજી.
ઉંઘાડે પગે ચાલીએ નહીં; વાટે એકલા આવીએ નહીં.
વાટે કાંઈ ખાઇએ નહીં; વાટે ચાલતાં દોડયે નહીં.
મોંહમાંથી ભુંડું બોલ્યે નહીં; તમાશો જેવા રહે નહીં.
જુઠું કાંઇએ કહીએ નહીં; કોઇનું કાંઇ ચોરીએ નહીં.
જુઠી શાંહેદી પુરવી નહીં; જામીન કોના થાવું નહીં.
બોલાવે કોઈતો બોલ્યે જીજી; આવોજી બેશોજી જલ પ્રસાદ લેશોજી.
કોઈને કાંઇ મારવું નહીં; ઘણું તરાડી બોલવું નહી.
ઘણું કોઈને હશવું નહીં; પારકી લડાઈ લેવી નહીં.
અંજાણ્યું કાંઇ ખાવું નહી; અંજાણી વાત કરવી નહીં.
અંજાણ્યું ફળ ખાવું નહીં; અંજાણે મારગે જવું નહીં.
લેહેણું દેવું જોઇને કરવું; વાટે જોખમ થોડું લેવું. "

વિગેરે, વિગેરે. મેહેતાજીનું એક સોંપેલું કામ કરવા સઘળાઓ પોતે કરવાને દોડી જાય, અને વખતે બીજાને ન કરવા દેતાં પોતે કરવાને ન ચુકવાય એવો કજીઓ પોતાના મિત્રોની સાથે કરી દેતા, અથવા વખતે એક નાનું કામ પણ સઘળા મળીને કરવામાં હસવા જેવો ફારસ કરતા. આવા ફારસનો ખરો ખ્યાલ નવસારીમાં બનેલી એક નીચેની વાત ઉપરથી વાંચક વર્ગના લક્ષમાં આવશે.

એક પ્રસંગે ઘણા વિદ્યાર્થીઓ રાખનાર એક ભટ્ટને કાંઇક કામ સારૂ સોયનો ખપ પડયો. સોય પોતાના ઘરમાં મળી ન આવી, અને

* આજનું " Don't " અથવા " Stop " અથવા " એમ નાં કરવાજી " જેવી અંગ્રેજી ટપની એ અસલી " શિખામણની ધાત " હતી.

કામ જરૂરનું અને ઉતાવળનું હતું, તેથી બારણે ભણતા વિદ્યાર્થીઓ તરફ એક પાઈ ફેંકી એકને સોય લાવવા હુકમ કર્યો. હુકમ સાંભળતાં દરેક જણ ભોંયપર પડેલી પઈ લેવા દોડયા. પાસે બેહેલા એક નાહના વિદ્યાર્થીએ તે પાઇ તરત ઉપાડી લીધી. મોટાઓ રકઝક કરવા લાગ્યા કે સોય લાવવા હમને કહેવું છે. પણ ગુરૂના સાંભલવામાં તેઓની ગડબડ આવે તેથી ત્યાં તેની તકરાર કર્યા વગર સર્વે ચૌટા તરફ દોડયા. પણ સોય કોણે લેઇ જવી તેનો નિકાલ તેઓ કરી શકયા નહીં, તેથી તકરાર વધી. એક બુદ્ધિવાન વિદ્યાર્થીએ તેનો તોડ ઝટ કહાડયો. પોતાની પાસે એક ડીંગોરી જે તે હાથમાં ઝાલી લાવ્યો હતો, તેની સાથે વચ્ચે તે સોય લટકાવવી, અને તે લાકડી સર્વેએ મળી ઉંચકવી, જેથી સર્વે કોઇએ ગુરૂનું કામ કર્યું ગણાય. એવી તેણે દરખાસ્ત મુંકી. સર્વે આ મતને અનુકુળ થયા, અને સર્વેએ ભર બજારમાંથી ઠેઠ ગુરૂના ધર સુધી તે લાકડી ઉંચકી લીધી. રસ્તે ચાલનારને આ બનાવથી બહુ હસવું આવતું, અને અજાયબીથી તેઓ પુછતા કે છોકરાઓ આ શું લઈ જાઓ છો? ત્યારે તેઓ બેધડક જવાબ આપતા કે હમારા ભટની સોય! હમારા ગુરૂનું કામ એકને હમે કેમ કરવા દઇએ? માટે સર્વે મળી આ સોય ઉંચકી જઈએ છીએ. ગુરૂને પણ આ બનાવથી બહુ આશ્ચર્ય લાગ્યું, અને તેમની અટકલની તારીફ કરવા લાગ્યા. પણ પોતાના ગુરૂનું કામ કરવા તરફ દરેકની સ્પર્ધા અને ઇચ્છા જોઇ તેમનો ગુન્હો તેણે માફ કરી માત્ર હવેથી એવું હસવા જેવું કામ ન કરવા સમજુત આપી.

જ્યારે વિદ્યાર્થીઓ ગુરૂ તરફ આવું માન રાખતા, ત્યારે ગુરૂ પણ તેમના તરફ બહુ મમતાની નજરથી જોતા. પોતાના શિષ્યને પોતાના પુત્ર પ્રમાણે ગણી તેમના પર બહુ ભાવ રાખતા. જે ગુરૂ કે મોબેદને પેટ બચ્ચાં ન હોય તેતો તે શિષ્યોનેજ બચ્ચાં માફક ગણતા. એટલુંજ નહીં, પણ ચોકકશ નસંતાના મોબેદ શેઠોએતો પોતાના નિશાલ્યાને પોતાનો પાલક (દત્તક) વટીક કરી લીધેલાંના દાખલા હજુ નોશારીમાં મોજુદ છે. પરગામના વિદ્યાર્થીઓમાંથી કોઈ માંદો પડે તો પોતાના છોકરાના જેવી તેની સારવાર કરતા. મોબેદોની ઘણીક નિશાળો અને ગુરૂઓની શાળાઓ તો બોરડીંગ અને લૉદજીંગ જેવી હતી. બાહારગામના ભણવા આવનારા ત્યાંજ ખાતા પીતા, રેહેતા અને ભણતા, તથા કામ કાજ કરતા. પરગામના વિદ્યાર્થીઓને માટે

અસલના વખતથીજ રોજ ઠેરવેલાં પાંચ સાત ધનવાન બ્રાહ્મણને ઘેરથી રાંધેલાં અન્નની ભીક્ષા માંગી લાવી ખાવાનો રીવાજ પડેલો છે: તે પ્રમાણેની ગોઠવણ પણ કરી આપવામાં ગુરૂ પોતાની ભલામણ લગાવતા, અને કોઇ દહાડો ભૂખ્યા તરસ્યા વિદ્યાર્થીને પોતાને ઘેર પણ ખવાડતા. સારાંશકે વિદ્યાર્થીને પારકો ન ગણતાં ગુરૂ પોતાના એક કુટુંબના માણસ તરીકે ગણી લેતા. મેહેતાજીના શાલગરેહને દહાડે ૨-૫ બતાશા લઇ જવા તથા રોજ મુંઠી ચોખા કે જુવાર લઇ જવાનો ચાલ પાછલા વખતમાં પડયો.

ઉપર પ્રમાણે પૂર્વના વખતમાં આપણી નવસારીમાં બ્રાહ્મણ જાતિઓ અને પારશીઓમાં કેળવણી આપવાની પદ્ધતિ હતી. પરંતુ બીજી કોમમાં શી રીતે ભણાવવાનો રીવાજ હતો તેની ટુંક નોંધ લેવી જરૂરની છે. સર્વ કોઇ જાણે છે કે અસલ કેળવણીનો પ્રસાર સર્વ સ્થળે થોડો હતો. બ્રાહ્મણો અને દશતુર મોબેદોજ ભણતા. બીજાઓ પોત પોતાનો ધંધો રોજગાર માત્ર કરવામાં કુશળતા મેળવતા. કુશળ કારિગરોમાંથી પણ થોડાજ લખી વાંચી જાણતા. વેપારી વર્ગમાંથી ઘણાકો મોંઢે હિસાબ ગણતા. આ શિખવવાને માટે આપણા નવસારીમાં કેટલાક પંડયાઓ ગામઠી નિશાળ માંડતા. આવી નિશાળોમાંની અદ્યાપિ ખત્રીવાડને નાંકે મંડાતી એક ગામઠી નિશાળ કાયમ છે. જો કે હાલ સરકારે તેમને ગ્રાન્ટ આપી હાલની ચાલતી કેળવણી પ્રમાણે અભ્યાસ ચલાવવા ફરજ પાડી છે, તોપણ આજથી દશ વર્ષ ઉપર જ્યારે ગ્રાન્ટ ઈન એડનાં ધારા એ નિશાળમાં લાગુ નહતા, ત્યારે ત્યાં અસલની રીત પ્રમાણેજ આંક શિખવી માત્ર નામ લખતાં, અને શહી કરતાં શિખવવાનો રીવાજ ચાલતો હતો. એમ છતાં એવી નિશાળમાં મોંઢે હિસાબ ગણતાં તો એવી સારી રીતે શિખવવામાં આવતા કે તેવા હિસાબો હાલ સરકારી નીશાળોમાં છઠ્ઠા ધોરણમાં પસાર થયલા છોકરાઓ પણ ન ગણી શકે. આંટીગુંટીના, કોયડાના, અને નજર તથા તર્ક વધે એવા હિસાબો આ પંડયાઓ વારંવાર પુછવાનો રીવાજ રાખતા; કે જેથી શિખનારાઓમાં વિચાર કરવાની શક્તિ વધે. આવા પંડયાઓની બુદ્ધિના કહાડેલા હિસાબોમાંથી ઘણાખરા એકઠા કરી કોયડા સંગ્રહ નામની એક ચોપડીમાં કોઇએ છપાવેલા છે, તે જોતાં અગાઉના હિસાબ શિખવવાની રીતિનો ખ્યાલ સહજ આવશે.

વળી વ્યાજ જેવા હિસાબો એ લોકો મોંઢે કરતાં શિખવાની ટેવ

પાંડતા. દેશીહિસાબ નામની ચોપડીમાં મોંઢે કરવાના હિસાબની જે કુંચીઓ આપેલી છે તે સઘળી અસલની એવી જુદેજુદે સ્થળેની ગામઠી નિશાળમાં ચાલતી રીતિઓ એકઠી કરી છપાવવામાં આવેલી છે; અને તેથી હિસાબો મોંઢેથી થોડા વારમાં અને વગર ભૂલથી થઇ જાયછે. જે હિસાબો કરવામાં આજની સરકારી નિશાળના છોકરાઓ પોતાની મોટી પાટીના બેઉ પડ ભરી વાળે, ચાર વાર ફરી ફરીને ગણે ભૂંસે, અને વારંવાર સરવાળા બાદબાકી ગુણાકાર કે ભાગાકારમાં ભુલો કરે, વરદી ખોટી ગણે, કે એકાદ આંક મુંકવાનો ભુલી જાય; જેથી તેનો વખત ઘણો જવા છતાં હિસાબ અંતે ખોટો આવે, તેવા હિસાબોતો આ નિશાળમાં મોંઢે ગણતાં શિખવતા.

આવી મોટી નિશાળો આપણી નવસારીમાં ઘણા જુના વખતથી ત્રણચાર જગાએ જુદાજુદા પંડયાઓ માંડતા હતા. સૌથી જુનામાં જુની એવી એક નિશાળ લક્ષ્મણ હોલની પાસેના ધોબીવાડની સામેના મોહોલ્લામાં મંડાતી હતી, અને તે ઉપરથી અત્યાર સુધી તે મોહોલ્લો "નિશાળ મોહોલ્લા" ને નામે નવસારીમાં મોજુદ છે. ત્યારપછી આસરે સો વરસ ઉપર એક ગોલવાડમાં; એક અપાસરા નામે બજારની પડોસમાં આવેલા જૈન લોકોના લત્તામાં; અને એક હાલ જ્યાં ખત્રીવાડમાં છે ત્યાં; એવી ત્રણ નિશાળો સ્થપાઇ હતી. અને હાલના બુઢ્ઢામાં બુઢ્ઢા માણસો પણ અગરતો ભવા મહેતાજીના, કે ગોલવાડવાલી નિશાળના મહેતાજી હરિનારાયણ પંડયાના, કે અપાસરાવાલી નિશાળના વિશ્વનાથ મહેતાજીના, કે ખત્રીવાડવાલી નિશાળના ભાણા મહેતાજીના, નિશાળીઆ હોવાનું માન ધરાવે છે. ત્યાર પછી જુદાં જુદાં કારણોથી ગોલવાડ તથા અપાસરાવાલી નિશાળો આજ ત્રીશ ચાળીશ વરસ થયાં બંધ થઇ, પરંતુ ભાણા મેહેતાજીવાલી ખત્રીવાડની નિશાળ તો હજુ કાયમ છે. ભાણા મેહેતાજી પછી તેના પુત્ર નારણ મેહેતાજી ઉર્ફે "નાન મેતાજી" થયા, અને આજના બજારના ઘણા ખરા દુકાનદારો તેના નિશાળીઆ છે. નિશાળની ફીમાં, દરેક છોકરા પાસે તેઓ કોઈ પણ જાતના અનાજની રોજ મુઠ્ઠી મંગાવતા, તથા દરેક અગીઆરસે કે તેહવારને દિવસે એકેક પૈસો મંગાવતા. તેમજ નવો છોકરો ભણવા આવે ત્યારે અરધો રૂપીઓ એન્ટ્રન્સ-ફી તરીકે લેતા, તથા શ્રીમાન પાસે એક રૂપીઓ લેઇ છોકરાઓને છુટી અપાવતા, અને તે દહાડો તેહેવારનો જેવો ગણાતો ! અરધા રૂપીઆને બદલે એક રૂપી-

ઓ આપવા ઘણા રાજી થતા; કેમકે તે આપવાથી મેહેતાજી નીશાળમાં છુટી પાડે, એટલે બધા છોકરા પોતાના માબાપને કહે કે, આજ ફલાંણાનો છોકરો નિશાળમાં નવો આવ્યો તેથી તેના બાપે અમને છુટ્ટી અપાવી. આથી તેની પ્રખ્યાતિ આખા ગામમાં થઇ જાય! તેથી એક રૂપીઓ ઘણા જણ હોંસે હોંસે આપતા. વળી જ્યારે એકાદ છોકરો બધા આંક ભણી રહે ત્યારે, તેણે "ઉભો પાટલો કર્યો" કહેવાય. કેમકે આજ સુધી જે પાટલો આંક લખવામાં વાપરવામાં આવતો, તે હવે ભણી રેહવાથી નિશાળની દિવાલે ઉભો કરી બંધ કરવામાં આવ્યો, તેથી મેહેતાજી આખી નિશાળના છોકરાને પેલા છોકરાને ઘેર લઇ જતો, અને ત્યાં આંક બોલાવતો, તથા "મેહેતાજીને પાઘડી પેહેરાવો, છોકરાંઓને છુટ્ટી અપાવો" એવાં કેટલાંક કવિતારૂપિ જયનાદ બોલાવતો. કેમકે ઉભો પાટલો કર્યો એટલે એક પાઘડી તથા એક રૂપીઓ લેવાનું મેહેતાજીનું ઠાપું હતું. તથા છોકરાઓને પતાસાં, સાકરીઆ ચણા, અને ગરીબને ત્યાંથી ધાંણી કે પઉંઆ ખાવા મળતાં! તે વખતે તેટલાથી સૌ ખુશ ખુશ થઇ જતાં.

હાલની કેળવણી.

આ કસ્બામાં સર જમશેદજી જીજીભાઈ, તથા સર કાવશજી જહાંગીર અને શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ, તથા શેઠ તાતા વાલાઓ જેવા સખી ગ્રહસ્થોએ પોતાના પારશી છોકરાઓને માટે ગુજરાતી તથા ઇંગરેજી નિશાળો સ્થાપિ, તોપણ હીંદુઓનાં છોકરાને ગુજરાતી શીખવાનું પારશીઓના જેવું સાધન નવસારીમાં નહતું. તેથી તેઓ પોતાનાં છોકરાંને કાલીઆવાડી કે જલાલપોર જેવી નિશાળોમાં ગુજરાતીનો આગળ અભ્યાસ વધારવા મોકલતા, અને ત્યાં ગૂજરાતી પાંચ ચોપડી શિખી આવ્યા બાદ, તેમને મલેશરની અંગરેજી સ્કુલમાં મોકલવામાં આવતા. નવસારીમાં સર્વ વર્ણના લોકો માટે શરૂવાતનું અંગરેજી ભણવાની પેહેલ, સર્વે પેહેલાં શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ કરી. મલેશર ખાતે પેહેલ વેહેલાં ઇ. સ. ૧૮૬૩ના ફેબરૂઆરીમાં "**ધી રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ એ. વ. સ્કુલ**" ને નામે નામદાર અંગરેજ સરકાર માર્ફતે સ્કુલ સ્થાપવામાં આવી. એ અગાઉ જોકે

"સર. કા. જે. જરથોસ્તી મદ્રેસા" હતી, પણ તેમાં તો માત્ર પારશીઓનેજ ભણાવામાં આવતા. ઈ. સ. ૧૮૬૩ થી ઇ. સ. ૧૮૮૯ સુધી એ સ્કુલનો કારોબાર અંગરેજ સરકારના હાથમાં હતો. તે પછી સ્કૂલની કમીટીને સોંપવામાં આવ્યો છે. હાલ એ ખાતાંમાં કસરતશાળા પણ વધારવામાં આવી છે. અને તેનો કારોબાર ઉત્તમ પ્રકારે ચાલે છે. નવસારી, વલસાડ, અને બીલીમોરામાં એવી સ્કુલો સ્થાપવા શેઠ રૂશતમજીએ રૂ. ૭૦૦૦૦ની સખાવત કરી હતી.

નવસારી આજે કેળવણીમાં ઘણું દીપી નીકળ્યું, તે સર કાવશજી જેહાંગીરે સ્થાપેલી "**જરથોસ્તી મદ્રેસા**" ના પ્રતાપ કહી શકાય: તેને માટે જર જેહમત ખર્ચી આ કસબા ઉપર મોટો ઉપકાર કરનાર લેખેનું માન, વગર શકે મુંબઈના માનવંત કામા ખાંદાંનને આપવું વાજબી કહેવાશે. એ નિશાળની ટુંક તવારીખ જાણવી વ્યર્થ જશે નહીં.

મુંબઈના કેળવાયલા અને આગેવાન પારશીઓ જ્યારે મુંબઈ ખાતે પોતાના જાતભાઇઓ માટે કેળવણીનો સંગીન પાયો નાંખી રહ્યા, ત્યારે તેઓને મુંબઇથી ઉતરતું મોટી પારશી વસ્તીવાળું મથક નવસારી જણાયું, અને અહિંઆં કેળવણીનો પાયો નાંખવાને તેઓનું દિલ લલચાયું. તા. ૬ અકટોબર ૧૮૫૬ ને દિને નવસારી મધે એકલા જરથોસ્તીઓનાજ ફરજંદોને કેળવણી આપવા માટે મુંબઈ મધે એક ફંડ ઉભું કરી તેમાંથી નવસારીના મોટા ફલ્યામાં જંદ, પહેલવી, ફારશી, ગુજરાતી, અને અંગ્રેજી શિખવવાને "નોશારીની જરથોસ્તી મદ્રેસા" ને નામે એક સ્કુલ ઉભી કીધી. એ મદ્રેસાના ફંડના ટ્રસ્ટીઓ તરીકે શેઠો ખુરશેદજી નશરવાનજી કામાજી, બેહેરાંમજી જીજીભાઈ અને દોશાભાઇ ફરાંમજી કામાજીને, તથા સેક્રેટરી તરીકે એ. કાવશજી નશરવાનજી કાંગાને, અને વડા શિક્ષક લેખે એ. શેરાબજી એદલજી વજીફદારને ઠરાવ્યા હતા. એ મદરેસા માટે મુંબઇમાં પેહેલવેહેલે ફંડમાં રૂ. ૬૩૫૧) ભરાયા હતા. તેમાં શેઠો ધનજીભાઇ નશરવાંનજી કામાજી, ખુરશેદજી નશરવાનજી કામા. અને બેહેરાંમજી જીજીભાઈ દરેકે રૂ. ૫૦૦); તથા શેઠ પેશતનજી ફરાંમજી કામાજીએ રૂાં. ૩૫૦); તથા શેઠ દોરાબજી જમશેદજી શકલાતવાલાના છોકરાઓએ રૂ. ૩૦૧); તથા શેઠ ડોશાભાઇ ફરાંમજી કામાજીએ રૂ. ૩૦૦); તથા શેઠ કાવશાજી શાપુરજી લંગડાનાએ રૂ. ૨૨૫); તથા શેઠો બહમનજી ફરાંમજી કામાજી, અને ફરાંમજી નશરવાંનજી પટેલે દરેકે રૂ. ૨૦૧); તથા શેઠો

મનચેરજી ફરાંમજી કામાજી, અને પેશતનજી તથા ડોસાભાઇ ફરાંમજી કામાજી દરેકે રૂ. ૨૦૦); તથા શેઠ રતનજી એદલજી બાતલીવાલાએ રૂ. ૧૫૧); તથા શેઠ ધનજીભાઇ ફરાંમજી બાતલીવાલાએ રૂ. ૧૨૫); તથા શેઠો હીરજીભાઇ તથા ફરાંમજી હોરમજી શેઠના, બરજોરજી બહમનજી પદમ, માણેકજી નશરવાનજી પીટીટ, નશરવાનજી રતનજી તાતા, દોરાબજી પાલણજી રાનજી દરેકે રૂ. ૧૦૧); તથા શેઠો બહમનજી જીજીભાઇ, માણેકજી ખરશેદજી દાદી બરજોર, તથા જમશેદજી ખરશેદજી બાતલીઓઇ દરેકે રૂ. ૧૦૦); અને બીજાઓએ નાહની નાહની રકમો નવસારીની કેળવણી માટે ભેગી કરી, જેઓનો નોશારી તરફથી ઉપકાર માનવાની આ કલમ આજે જોગવાઈ લઇ શકે છે.

ઉપલું ફંડ ભરનારા ગ્રહસ્થોએ તા. ૨૨ મે ૧૮૫૬ ને દીને શેઠો ખરશેદજી નોસરવાનજી કામાજી, બેહેરામજી જીજીભાઇ, અને દોસાભાઇ ફરાંમજી કામાજીને એક લેખ કરી આપી જ્યાં સુધી એ ફંડનું ભંડોળ રૂ. ૨૫૦૦૦) નું થાય ત્યાં સુધી તેના ટ્રસ્ટીઓ તરીકે કામ ચલાવાને અને ઉપલી ભંડોળની રકમ એકઠી થયા પછી તેમાં નાણાં ભરનારાઓની મંજુરીયાત લઇ સઘળો અખ્ત્યાર તેઓના પસંદ કરેલા ટ્રસ્ટીઓ અને કારોબારીઓને સોંપવાનો બંદોબસ્ત કરી આપ્યો હતો. તેજ મુજબ તા. ૨૯ મે ૧૮૫૬ ને દીને નવસારી કસ્બાને લગતા ૨૪૦) જરથોસ્તીઓએ પણ એક લેખ કરી ઉપલાજ ત્રણે ગ્રહસ્થોને ટ્રસ્ટીઓ ઠેરવી આ કામ હાર પાડવા માટે શાબાશી આપી હતી. તે બાદ ઉપલે દીને એ મદરેસા અત્રે ઉંઘાડયા પછી નવસારીમાં તેનો કારોબાર ચલાવવાને ટ્રસ્ટીઓએ નીચલી કમીટી ઠરાવી:—દસ્તુર શોરાબજી ફરાંમજી મેહેરજીરાંણા, શેઠો માણેકજી હોરમજી દેશાઇ, એદલજી શોરાબજી દેશાઈ, બરજોરજી પાલનજી દેશાઈ, રૂસ્તમજી નવરોજી ગારડા, માણેકજી બેહરાંમજી મુનશી, ફરાંમજી ફકીરજી તંબોલી, એદલજી રૂસ્તમજી માએ, અને જમશેદજી ટેહમુલજી દેશાઇ. પછી અવારનવાર જગા ખાલી થયાથી, શેઠો બચાભાઇ એદલજી દેશાઇ, દસ્તુર જમશેદજી રૂસ્તમજી જામાસ્પઆશા, અને જામાસ્પજી રૂસ્તમજી ગારડા સામેલ થયા. અને કારોબાર મંડલીના સેકેરેટરી લેખે પ્રથમથી તે ઇ. સ. ૧૮૭૫ માં પોતાના મરણ સુધી શેઠ જમશેદજી ટેહમુલજી દેશાઇ, અને ૧૮૭૫થી છેક પોતાના મરણ સુધી શેઠ બરજોરજી પાલણજી દેશાઈ

કાયમ રહ્યા હતા. એ મદરેસા સ્થપાયા પછી તેમાં મુંબઈ તથા બાહે-ર ગામના જેબી અથોરનાનોના છોકરાઓ કેળવણી લેવાને આવે તે-મની ખોરાકી તથા બીજી હર રીતની મદારત કરવાને મુંબઈવાલા નવસારીના વતની એ. ભીખાજી રતનજી નરીમાનની માર્ફતથી અને એ. ફરાંમજી નવરોજી કાંરતકે માથે લીધું હતું. મદરેસાનો ખરચ વધવાથી ઇ. સ. ૧૮૬૨માં રૂા. ૩૨૭૪ વધારે, ફંડમાં ભરાયા તેમાં મોટી રકમો કામા ખાંદાંનનીજ હતી. ત્યાર પછી વળી ઇ. સ. ૧૮૬૩ માં રૂા. ૨૫૫૧ ભરાયા, તેમાં પણ કામાવાલાઓનીજ મોટી મદદ હ-તી. અને મદરેસા સ્થપાઇ ત્યારથી પોતાના મરણ સુધી શેઠો શેરાબ-જી શાપુરજી બંગાલી અને પેશતનજી હોરમજી કામાજી વાર્ષિક મદદ આપતા હતા. એ પછી એ મદ્રેસાની પુંજી રૂા. ૨૫૦૦૦) ની ઉપર થવાથી તથા શેઠ કાવશજી જેહાંગીર રેડીમનીએ તા. ૧૭ જુલાઇ ૧૮૬૩ ને દીને રૂા. ૨૫૦૦૦) ની રકમ એ મદ્રેસાના ખરચને માટે જુદી કાઢી આપ્યાથી તા. ૩ અકટોબર ૧૮૬૩ને દીને એ મદરેસાના ૭ વર્ષના વહિવટનો રીપોર્ટ રજુ કરવા તથા પોતાનો હુદ્દો છોડવા ના-ણા ભરનારાઓની એક સભા બોલાવી હતી; જે વેળાએ એ મદરેસાનું નામ ફેરવી, "કાવશજી જેહાંગીર નોશારી જરથોસ્તી મદરેસા" કરી રાખવામાં આવ્યું હતું. પાછળથી તા. ૧૪ એપ્રીલ ૧૮૭૭ ને દીને એ નામ બદલી "સર કાવશજી જેહાંગીર નોશારી જરથોસ્તી મદરેસા" નામ રાખ્યું છે. તેજ આજે પણ છે. બાદ ટ્રસ્ટ થયા પછી એ ખાતાંના કારોબારી શેઠો ખરશેદજી નશરવાંનજી કામાજી, બેહરાંમજી જીજીભાઇ, ડોશાભાઇ ફરાંમજી કામાજી, ધનજીભાઈ ફરાંમજી પટેલ, પે-શતનજી હોરમજી કામાજી, ખરશેદજી રૂસ્તમજી કામાજી અને એ. કાવ-શજી નશરવાનજી કાંગા મુકરર થયા.

એ મદરેસામાં યુનિવરસીટીની ડીગરી મેળવેલો કોઇ વધારે હુશી-આર શિક્ષક નિમવા માટે ઇ. સ. ૧૮૭૧ થી ૩ વર્ષની મુદ્દત સુધી શેઠ હોરમજી નવરોજી શકલાતવાલા તથા તેમના દોસ્તો શેઠો અરદેશર હોરમજી વાડીઆ, મેહેરવાંનજી માણેકજી શેઠના, અને જમશેદજી નશર-વાંનજી તાતાએ મળી દરમાસે રૂા. ૧૫૦) ની રકમ આપી હતી; અને તે બાદ સર કાવશજી જાંગીરજી રેડીમનીએ દરમાસે રૂા. ૧૦૦) ની રકમ ઇ. સ. ૧૮૭૬ની આખરી સુધી આપતી કીધી હતી. એજ મુજબ ઇ. સ. ૧૮૭૮માં શેઠ જાંગીરજી કાવશજી જેહાંગીરે રૂા. ૧૦૦૦

ની રકમ એ મદરેસામાં વિદ્યા હુન્નર શિખાડવાનાં ઓજારો ખરીદવાના કારણ સર ભેટ આપી હતી.

એ પછી ઈ. સ. ૧૮૭૭ ના શાલથી નામદાર ગાયકવાડ સરકારે પોતાના દેવાંન રાજા સર. ટી. માધવરાવ નાઈટ સી. એસ. આઈ. ના. મારફતે એ મદરેસાને ગ્રાન્ટ ઈન એડ દાખલ દર વર્ષે રૂા. ૨૬૦૦ એવી શરતે આપવાને કબુલ કીધા હતા કે, એ મદરેસામાં જરથોસ્તીઓ ઉપરાંત પર કોમના હિંદુ, મુસલમાંન દરેક (ઢેડા ભંગીઆ શિવાય) છોકરાઓને પણ કેળવણી લેવા દાખલ કરવા. તથા મદરેસા માંથી ગુજરાતી ભાગ કાઢી નાંખવા, અને અંગ્રેજીની કેળવણી સરકારી ચોથાથી તે સાતમા ધોરણ સુધી આપવી; તથા જરથોસ્તી ધર્મનું જ્ઞાન આપવાને મદરેસાના ફંડની આવકમાંથી દર વર્ષે રૂા. ૫૦૦) ખરચવા, અને મદરેસામાં આવનારા દરેક છોકરા પાસેથી ફી દાખલ રૂા. ૦ાા દરમહિને લેવો. આ શરતો એ મદરેસામાં નાણાં ભરનારાઓની તા. ૧૧ જુન ૧૮૭૭ ને દીને મળેલી સભામાં બાહાલ રહ્યાથી તે મુજબનો ફેરફાર એ મદરેસાના બંધારણમાં થયો, અને તેજ શાલથી નામદાર ગાયકવાડ સરકાર તરફથી એ ખાતાંને રૂા. ૨૬૦૦)ની વર્ષિક મદદ મળતી થઇ, જે આજે વધીને રૂ૦ ૩૫૦૦ના થઇ છે.

ઇ. સ. ૧૮૬૪ માં દેશાઈ શ્રી બરજોરજી નવરોજીએ પોતાના મિત્ર સર કાવશજી ઉપર આ ગરીબ કશબો હોવાથી છોકરાઓની ફી નહીં લેવા એક કાગળ લખ્યો. તુર્તજ સર કાવશજીએ ફી બંધ કર્યાનો જવાબ વાલ્યો; અને રૂ૦ ૧૦૦૦૦ની બીજી રકમ એ ફંડમાં આપી છોકરાઓ પાસેથી ફી લેવાનું બંધ કરાવ્યું હતું. એ પ્રમાણે છુટક છુટક બીજી રકમો આપી રૂ૦ ૨૯૦૦૦ એવણે એ ફંડમાં આપ્યા હતા. ત્યારબાદ જુદા જુદા આસામીઓએ સ્કૉલરશીપો સ્થાપિ. તા. ૧૧ નવેંબર ૧૮૬૧ ને દીને બાઇ ધનબાઈજી તે મરહુમ શેઠ ધનજીભાઇ નશરવાનજી કામાના વિધવાએ એ સ્કુલનું મકાન ભાડે રાખવા તથા નવું બાંધવા વીગેરેની શરતોએ રૂા. ૧૦૦૦૦ની રકમ આપી. જેમાંથી ઇ. સ. ૧૮૬૩માં નવસારી મધે એક મકાન તથા જગાનો કડકો "પટેલની પોલ" નામે રૂા. ૫૧૬૨ા ની કિંમતે વેચાતો લઇ ત્યાં સ્કુલ ભાવવામાં આવી. તે અગાઉ ખાનગી ઘરોમાં છુટા છુટા કલાસો હતા. એ સ્કુલમાં પીટીટ ખાંદાંને પણ મદદ કરવાનું જારી રાખ્યું હતું.

એ મદ્રેસા સ્થપાઇ ત્યારથી ઇ. સ. ૧૮૮૧ ની આખરી સુધીમાં ૨૫ વર્ષમાં તેની પાછળ રૂા. ૧૧૫૪૧૦–૩–૭ નો ખર્ચ થયો હતો, અને પુંજી રૂા. ૫૯૬૫૩–૩–૫ રહી હતી. આજે વધીને આશરે રૂા. ૭૫૦૦૦ નું ફંડ થયું છે.

આજે એ નિશાળ માંટે સરકારની રૂા. ૨૦૦૦૦ ની મોટી મદદ તથા તેમાં સ્કુલ તરફથી રૂા. ૮૦૦૦ ની અને મી. બેરાંમજી નશરવાનજી શીરવૈની રૂા. ૧૨૦૦૦ ની મદદથી ૪૦ હજારનું એક સુશોભિત મકાન દબદબા સાથે નવસારીમાં ખડું રહ્યું છે.

એ નિશાળના શિખેલા પૈકી ઘણા ઘણા મેત્રીકયુલેતો–એફ. ઇ. એ.–પી. ઇ. થયલા–બી. એ.–એમ. એ.–એલ. એલ. બી.–તથા ડાકટરો, શોલીશીટરો, વકીલો, જડજો, કમીશનરો, કલેકટરો, મામલતદારો, મુનશફો, લખનારાઓ, વકતાઓ, ગ્રંથકારો, કવિઓ, એનજીન્યરો, વગેરે ઓધ્ધેદારો આજે દુન્યામાં મશહુર થઇ આ નગરીનું નામ રાખે છે. મરહુમ શેઠ ખરશેદજી નશરવાનજી શીરવૈ (મુંબઇના પેહેલવેહેલા પારશી ઇનકમ ટેક્ષ કલેકટર, તે પણ નોશાકરાજ હતા.), શેઠ રતનજી કાંગા (ભરૂચના ડે. કલેકટર) શેઠ કેરશાસ્પજી રૂ. દાદાચાંનજી (વડોદરાના સર્વે સેટલમેંટ કમીશનર) લશકરના સરજન મેજરો ડામલા–અને કાંગા; તથા કાંગા શોલીશીટરો–ટહેમુલજી ડાકટર વગેરે નરીમાન ડાકટરો, નવસારીને શું ઓછી દિપાવે છે !

એ સ્કુલ સ્થપાયા પછી થોડાં વરસ રહીને તો ધર્માંધ લોક–લાગણી તેની સામે થઇ અને શિખતાં છોકરાંઓ ઉઠી જવા લાગાં. તે વખતે ૫ મો સ્ટાન્ડર્ડ તેજ ફ્રસ્ટ કલાસ ગણાતી. અને ૧ લા કલાસમાં ૩ થી વધીને ૫ં સૂધી વિદ્યાર્થીઓ વધતામાં વધતા શીખતા. આજે દશ ઘણા એટલે ૫૦ છોકરાઓ ૧ લાજ કલાસમાં છે; કે જેટલી સંખ્યા પ્રથમ તો આખી સ્કુલની હતી. મેત્રીક્યુલેશન ઉપરાંત સ્કુલ ફાઇનલ નો પણ કલાસ ચાલે છે. સ્કુલમાં અકેક બબ્બે છોકરાંના બાપો પ્રથમ તો શિખવા આવતા. એટલુંજ નહીં પણ સ્કુલના બુજરોગ સેક્રેટરી વરીક શિખવા આવતા ! તે વખતે એક બે છોકરાઓ મેત્રીકયુલેટ થાય, કે ઘણું થઇ ગયું કહેવાય; અને આખા કશબામાં હોહા થઇ રહેતી; અને નોશાકરી દુન્યાંની તે Topic of the day થઇ પડતી. પેહેલવેહેલા મેત્રીક્યુલેશન માટે ૩ ઉમેદવારો મેસર્સ રતનજી એદલજી કાંગા, ભીખાજી કાવશજી કાંગા, અને કાવશજી મનચેરજી પાવડી ગયલા. તેમાં-

થી ૨ ટાંગાઓ પસાર થયા હતા. જેમાંના મી. રતનજી આજે ભરૂચના ડે. કલેક્ટર, અને મી. ભીખાજી આજે ગાયકવાડીમાં ફોજદારનો ઓધ્ધો ધરાવે છે. આ સ્કુલમાં જેટલા માસ્તરો આવી ગયા છે, તેટલા ઘણે ભાગે બધા બ્રીટીશ કે ગાયકવાડીમાં મોટા સરકારી હુદ્દાઓ ઉપર છે. બધા શિક્ષકોમાં પેહેલા હેડમાસ્તર શેઠ શોરાબજી વજીફદારે પોતાની હિંમતથી, શેઠ કેરશાસ્પજી રૂસ્તમજી દાદાચાંદજીએ પોતાની કુનેહથી, અને શેઠ ફરામજી નવરોજી દાદીબરજોરે અણહદ ખંતથી, નવસારીના ઘણા આશિર્વાદ લીધા છે. તેમાં છેલ્લા ગ્રહસ્થે તો ક્રિકેટની પેહેલ કાઢી, કસરતશાળાને ઉત્તેજન આપી, નોશારીના છોકરાઓમાં નાહનપણથી જુગાર રમવાની ચાલતી આવેલી બદીને જડ મુળથી ઉખેડી નાંખી, વગેરે ઘણાં ઘણાં સંગીન કામો કરી નોશારી ઉપર હેશાંન કરેલું છે.

હેડમાસ્તર શોરાબજી વજીફદાર તો બચારા તે વખતે મોહલ્લે મોહલ્લે રાતે ફરતા, અને તપાસ રાખતા કે કયા છોકરાઓ રાતે લેશન કરે છે. એમ જણાવાથી વિધાર્થીઓ રાતે લેશન કરતા. એ બચારા પેહેલવેહેલા હેડમાસ્તર થઈ આવ્યા ત્યારે તો એક શુબા જેટલું માન તેવણને અત્રે મળતું હતું, પણ પાછળથી બચારા ઉપર કેળવણી આપવાના પ્રતાપ અને સ્વતંત્ર વિચારોનેજ લીધે ફોજદારીઓ વટીક મંડાઈ હતી. દંડ વટીક કરાવામાં આવ્યો હતો ! તોપણ છેવટ સુધી હિંમત ન હારતાં કેળવણી આપવા પાછળ ઉમંગીજ રહ્યા, અને દુઃખો ખમી ખંત રાંખી રહ્યા હતા.

આજની આગળ વધેલી કેળવણીના પ્રતાપે અને હાલના વિદ્વાન શિક્ષકોની ખંતથી દજન બંધ છોકરાઓ મેત્રીક થવા લાગ્યા છે, અને હવે તે સાધારણ બનાવ ગણાવા લાગ્યો છે. એ સ્કુલમાંથી ઈ. સ. ૧૮૭૦ ના અરસામાં મેસર્સ ખાલણજી રૂસ્તમજી આંટીઆ તથા ખરશેદજી માણેકજી વજીફદારે પ્રથમ છુટા પડી ડાબુવાળા ઘરમાં નવી સ્કુલ ખાનગી સાહાસથી કાઢી હતી. બાદ જ્યારે ઈ. ૧૮૭૮ માં એ હાઈસ્કુલમાં ચાર અંગ્રેજી કલાસો રાખી ગૂજરાતી ખાતું કાઢી નાંખવામાં આવ્યું, ત્યારે ક-ખ-ગ થી શિખવાનું ખાતું રખડી જવા લાગ્યું.

તાતા સ્કુલ. તેથી ગુજરાતી શિક્ષકોએ પોતેજ એ ખાતું નિભાવા માંડયું, અને હાઈસ્કુલના તે વખતના લોકપ્રિય માસ્તરો મેસર્સ નરભેરાંમ મણીશંકર, મંચેરજી નવરોજી અરજાંણી, અને જામાસ્પજી રતનજી મીસ્ત્રી જેવા "માબાપ"

સમાન શિક્ષકોએ ગુજરાતી ખાતું ચલાવવાનો સાહસ કર્યો. પણ તેમ ન ચાલી શક્વાથી હાઈ સ્કુલના સેક્રેટરી શેઠ કાવશજી નશરવાનજી કાંગા તથા શેઠ ફરદુનજી માણેકજી કાંગાને ખાનગી ગોઠવણથી સ્વાધિન કર્યું. એ સાહેબોએ ખાનગી કમીટિ, ખાનગી ફંડ, અને ખાનગી વહિવટથી રૂા. ૩૦૦ ના નિર્જિવ ફંડમાં ઇ. સ. ૧૮૮૦ થી એ ખાતું પોતે ચલાવવા માંડયું. એટલામાં શેઠ શેરાબજી કાવશજી તાતાએ પોતાના મરહુમ ભાઇ શેઠ દાદાભાઇ કાવશજી તાતાની મીલકતમાંથી એ સ્કુલના ખરચ માટે ૭૦૦૦ ની રકમ આપી. અને ૧૮૮૧ માં એ ખાતું "ધી દાદાભાઈ કાવશજી તાતા સ્કુલ" ને નામે શેઠ ખ. રૂ. કામા જેવા અજબ જેવી શકિતના મહાન નરની રાહબરી હેઠળ ધમધોકાર ચાલવા લાગ્યું. પછી તો નામદાર ગાયકવાડ સરકારે ૧૮૮૨ થી દર માસે રૂા. ૨૫ ની ગ્રાન્ટ ઇન એડ એ સ્કુલને આપતી કરી. ઈ. સ. ૧૮૮૪ થી એ મદદ બેવડી કરી નાંખવામાં આવી. પછી તો વધીને રૂા. ૧૦૦ ની માસિક મદદ ઇ. સ. ૧૮૯૫ માં સરકારે આપવા માંડી, અને ઇ. સ. ૧૮૯૭ થી તો રૂા. ૧૮૦૦ ની ગ્રાન્ટ ઇન એડ આપતી કરી છે. પછી એ સ્કુલને એક મજબુત ટેકો શેઠ રતનજી દાદાભાઈ તાતામાં મળી આવ્યો. અને તેવણનો ટેકો અને હાલના સેક્રેટરી શેઠ ફ. મા. કાંગાના સંગીન બળથી આજે નામદાર સરકારે રૂા. ૩૦૦૦૦ આપી તેમાં શેઠ રતનજી તાતાએ રૂા. ૧૭૦૦૦ ને આશરે બીજા ઉમેરી રૂા. ૪૭૦૦૦ ની એક ગંજાવર બીલ્ડીંગ ખરશેદવાડી આગળ બાંધી છે. જેમ નવસારીમાં પેસતાં એ શેહેરની આંખ લેખે સર કા. જે. મદ્રેસાનું મી. બેરામજી નશરવાંનજી શીરવૈ બીલ્ડીંગવાળું મકાન શોભી રહ્યું છે, તેમ આ કસબાના નાક લેખે આ તાતા બીલ્ડીંગ ઉભી રહી છે. એ સ્કુલોમાં અચ્છા કેળવાયલા માસ્તરો, સંગીન પુસ્તકો સાથની લાઇબ્રેરીઓ, અપેરેતસો વીગેરેના પ્રદર્શનો, કસરતશાલાઓ, હજારો રૂપ્યાની જુદાબંધ સ્કોલરશીપો, સંખ્યાબંધ વિદ્યાર્થીઓ, ક્રિકેટ કલબો, પુષ્કળ ઇનામો, જાતજાતની રમતગમતો, કીન્ડર ગાર્ટન સીસ્તમ, ધર્મની કેળવણી, વગેરે મગરૂર થવા જેવા સુધારા અને સુધરેલા દેશ જેવા સંગીન વધારા થઈ ચુકયા છે. એ તાતા સ્કુલનું આજે લગભગ ૪૫૦૦૦ નું ફંડ છે.

એ તાતા સ્કુલ સુલિતપણે ચાલે છે, એવામાં બીજો એક ફાંટો તેમાંથી પડયો.

દેશાઈ સ્કુલ. એજ સ્કુલના એક માસ્તર મી. ખરશેદજી માણેકજી વજીફદારે તા. ૩ જી માર્ચ ૧૮૮૭ ના રોજે પારશીવાડને બીજે છેડે, યાને બજાંવાડને નાકે નદિને કિનારે, જે લત્તા ઉપર પણ એક એવા ખાતાંની જરૂર હતી ત્યાં, તે લત્તાના કેટલાક લોકોની, તથા મલેશર ફલ્યેની સ્કુલમાં ફી વધવાથી ત્યાંના કેટલાક વિદ્યાર્થીઓની ખાહેશ ઉપરથી ઉંઘાડી. અને તેને નવસારીના મહાપ્રતાપિ દેશાઈ શ્રી ખરશેદજી ટેહ-મુલજીના નામ ઉપરથી "ધી. ખુ. ટે. દેશાઇ. એ. વ. સ્કુલ" એવું નામ આપ્યું. એક મોભાદાર કમિટિ પણ ઠરી હતી. આ સ્કુલ ખાનગી સાહાસથી અજબ જેવી રીતે ૯ વર્ષ સુધી ચાલી. પણ જણાવવાને દિલગીરી ઉપજે છે કે, તે સ્કુલ, એ ખાંનગી ગ્રહસ્થો ચલાવવાને કેવળ અશકત થઇ પડયાથી, પાછી ઇ. સ. ૧૮૯૬ માં દાદાભાઈ તાતા સ્કુલ સાથે જોડી નાંખવામાં આવી છે. પ્રથમ એ સ્કુલના સેકરેટરી લેખે મી. નાનાભાઇ બરજોરજી દેશાઇ કેટલાંક વર્ષ સુધી રહ્યા, અને પાછળથી મી. રૂશતમજી જામાશજી ગારડા સેકરેટરી થયા હતા.

સરકારી કેળવણી ખાતાંઓ. હિંદુના છોકરાઓને વારંવાર શિક્ષણ માટે અડચણ પડયા કીધાથી નામદાર ગાયકવા-ડ સરકારનું લક્ષ તે તરફ ખેંચાયું, અને ઇ. સ. ૧૮૭૬ માં એક મરાથી નિશાળ, અને થોડા વખત પછી તુર્તજ ગૂજરાતીશાળાઓ અત્રે ઉંઘા-ડવામાં આવી. તે પછીતો તે નામદારે મોટી ઉમરની હિંદુ વગેરે સ્ત્રિઓનેમાટે "જનાના સ્કુલ" કાઢી. રાત્રે ભણવાની "રાત્રિ શાળા" કાઢી. પછી ઉરદુસ્કુલ—ગાયનશાળા—કન્યાશાળા—ઢેડાઓને માટે અંત્યજ શા-ળા–ઢેડાઓને માટે અંત્યજ બોરડીંગ અને લૉજીંગ શાળાઓ, વગેરે જુદિજુદિ ૭ નિશાળો સ્થાપિ. અને બધી સ્કુલોમાં કીન્દર ગાર્ટન સી-સ્ટમ દાખલ કરી દીધી. નવસારીમાં ઢેડા વટીક જ્યારે ભણવા લાગ્યા, અને આગળ નવસારીમાં જ્યાં જુઓ ત્યાં ધુળ ધુળ નજરે પડતું, ત્યાં હવે જ્યાં જુઓ ત્યાં કેળવણી, કેળવણી, અને કેળવણીનાજ રંગ ઉડી રહ્યા, ત્યારે હવે ઢેડા શિખે અને ભંગીયા રહી જાય! ત્યારે વળી ભં-ગ્યાઓએ સરકારને અરજી કરી, કે તેમના બચ્ચાંનેમાટે પણ બોરડીંગ લૉજીંગ સાથની શાળા કાઢવી! એ અરજી ઉપર પણ અમલ થવાની તૈયારી હતી. પણ એમ કરતાં તો લોકો બાપીકા ધંધા છોડતા ગયાથી સરકારને વિચાર ફેરવવો પડયો. આખા નવસારી પ્રાંતમાં ધોડિયા, કોરચા,

દુખળા, ખધાજ કેળવણી મઇ લખવા વાંચવા, ને સુધરેલી ઢપે વ્યવહાર ચલાવા લાગ્યા. નવસારીના સરકારી કેળવણી ખાતાંઓ ઉપર દેખરેખ રાખવા એક ખાસ ઇન્સ્પેકટર રહે છે, અને અચ્છા મહેતાજીઓ દરેક સ્કુલમાં ચુંટી કાઢેલા હોવાથી ઉત્તમ પ્રકારની કેળવણી ત્યાં અપાય છે.

જંદ મદ્રેસા.

"The stronghold of the Mobeds is our town of Navsari, and it has been so for some centuries, because the Parsis early migrated to it from Sanjan, and have thrived and flourished there ever since."

એ પ્રમાણે વડોદરાની વસ્તીની ગણત્રિના પોથામાં નોંધાયલું છે. અહિંનો વડો દસ્તુર તે આખા હિંદમાં પારશીઓનો રોમનો પોપ કહેવાય છે. ત્યારે આવાં એક ધર્મના વડાં ધામ (Ecclesiastical Seat) માં જંદ અવસ્તાની મદરેસા ન હોય એ કેમ બને ! પ્રથમથીજ અત્રેની હાઇસ્કુલમાં ધર્મની કેળવણી ખાસ અપાતી હતી. જેથી અસલથી આજસુધી " જરથોસ્તી મદરેસા " ને નામે તે ઓળખાય છે. પ્રથમ કામેલ દસ્તુર કાવશજી દારાબજી, એ મદરેસામાં શિક્ષણો અને વાઅજો આપતા હતા; તોપણ એક ખાસ એલાહીદી જંદ મદરેસાની જરૂર જણાયાથી આ કસ્બાના ઘણાક દીનચુસ્ત વતનીઓએ શેઠ નશરવાનજી રતનજી તાતાને અરજી કરવા ઉપરથી તે શેઠે તે અરજી બાહાલ રાખી પોતાના નામથી એક જંદ મદરેસા તા. ૪ ફેબરૂઆરી ૧૮૮૪ ને દિને સ્થાપિ અને તે પછી તા. ૧૪ જુન ૧૮૮૬ ને દીને તેનો કારોબાર એક લાયક કમિટિને હસ્તક સોંપ્યો. એજ શેઠે મદરેસાને લાયકનું એક કુશાદે મકાન બંધાવી તેના નિભાવનું ફંડ એલાહીદું કાઢી મુંકયું. શરૂવાતમાં તો, નવસારીમાં જેમ હમેશ બને છે તેમ એ ખાતાંની સામે પણ કેટલાકો થયા; અને પ્રારંભમાં તો ફકત ૧૫ વિદ્યાર્થીઓ દાખલ થયા. પણ પાછળથી મોબેદોના ૭૩ અને બેહેદીનોના ૭ મળી ૮૦ થયા. એ મદરેસામાં શુદ્ધ ઉચ્ચારે ભણાવાનું, ક્રિયામાર્ગનું, નાવરમરાતબનું, અને અવસ્તા પેહેલવીનો તરજુમો શિખવવા ઉપરાંત ફારશી પણ શીખવવાનું

ઠરાવેલું છે. મુંબાઇની મુલ્લાં ફીરોજ મદરેસાના ધોરણ ઉપર એ ખાતું ચલાવવાની મરહુમ શેઠની જીજ્ઞાસા હતી, પણ ગાળે ગાળે એ મદરેસાનું મરણ નજદીક દેખાવા છતાં, આજે ત્યાં અપાતી સ્કૉલરશીપો, સેંકડો રૂપ્યાના ઇનામોની લાલચો વગેરે થવાથી, શેઠ ખ. રૂ. કામા જેવા તેના સબળ સુકાંનીએ તેનું સુકાન ફેરવી નાંખી પાછી સંજીવન કરી છે. અસલનો એક મોબેદ નાવર મરાતબ થાય, ત્યારે તેની એક બે વરસની કમાઇ રૂા. ૧૦૦ થી ૧૫૦ સુધી ભણાવનાર શેઠને આપવી પડતી હતી, તે સૌ નીકળી જવાથી અત્રેના ગરીબ લોકોને ઘણો ફાયદો થયો છે.

સ્ત્રી કેળવણી.

નવસારી કશબામાં સ્ત્રી કેળવણી આજે ઘણી આગળ વધી ગઇ છે. આગળતો આખા એક મોહલ્લામાં જો એક સ્ત્રી પોતાનું નામ માત્ર લખી જાણે તે ઘણી બાહોશ ગણાતી. વળી ખુદ નવસારીની સ્ત્રી–પેદાયશમાંતો લખવા વાંચવા જેવું અસલ કાંઇજ નોહતું. પણ સુરતની જો કોઇ શખસ, સ્ત્રી પરણી આવે, તો તે કદાપિ લખતી વાંચતી નિવડતી. અને તેની મોટી ઉકમાઇ ગણાતી. અસલ સ્ત્રી કેળવણીમાં ઘર સંસારની કેળવણી માટે વગર નામે સ્થપાયલું ઘરનું કેળવણી ખાતું હતું. વાસણ ઉંજારતાં આંવડયાં અને કુવામાંથી કળસ્યે કળસ્યે પાંણી કાઢતાં એક બાળકીને આવડયું, એટલે તેણી સંસાર કેળવણીનો કક્કો બારાખડી સૌ શિખી રહેલી કહેવાય. વળી અથોરનાન વર્ગમાંતો છોડી ચાતરી કાંતતી થઇ, કે જાંણે કેટલો બધો અભ્યાસ આગળ વધી ગયલો ગણાય. નાહની છોડીઓ ૬—૭ વરસની ઉમરથી જરા જરા ઘરનો કચરો પુંજો વાળી કાઢવા લાગતી, અને ૯–૧૦ વરસનીતો રાંધતાં અને "મીઠેકુવે" થી પાણી લાવતાં શિખી જતી. હિંદુ લોકોમાં પણ ઘર કેળવણી હતી. જેમ પારશી છોકરાઓ માટે "શેઠની સાર" હતી, તેમ પારશી છોડીઓ માટે "શેઠાંણીની સાર" હતી. તેવી સાર (નીશાળનો અપભ્રંશ નિસાર, અને નિસારનો સાર થયો છે.) અસલ ઘણી હતી. આજે પણ "માણકબાઈ શેઠાંણીની સાર" વગેરે કેટલીક સારો રહેલી છે. અને જે છોડીઓ માણકબાઇ શેઠાંણીની આગળ શિખેલીઓ, તેણીઓ મમઇ બપઇ થઇને મરી પણ ગઇઓ છે, તોપણ તેજ માણકબાઇ શેઠાંણી ૧૦૦ ઉપર વરસ કુદાવી ગયાં છતાં, જેવાંને તેવાં આજે

હૈયાત છે. એ "સારો "માં છોડીઓને ચાતરી કાંતવાથી તે કુસ્તી વણવા સુધીનું તેમજ રાંધવા સીવવા વગેરે ઘર સંસારી તમામ કામ શિખવવામાં આવતું, અને જે શેઠાંણીઓને બચ્ચાં ન હોય, તેઓતો નિશાળ્યેણુનેજ છોકરી દીકરીની માફક રાખતાં. પણ દસ્તાનવાલી હાલતમાં છોડી આવવા લાગે, અને તેણીની કુસ્તી વેચાવા લાગે ત્યારપછી તેણીઓ નીશાળેથી ઉઠી જતી. તોપણ, કુસ્તી વણતાં આવડયા પછી કેટલોક વખત વેર શેઠાંણીને કુસ્તીની કમાઈ કરી આપ્યા શિવાય તેણીઓ ઉઠતી ન હતી.

મલેશરની છોકરીઓની નિશાળ. જે પ્રમાણે સર્વેથી પેહેલું ગૂજરાતી શિખવાનું ખાતું મલેશરખાતે શર જમશેદજીએ ઇ. સ. ૧૮૪૮ માં સ્થાપ્યું, તેજ પ્રમાણે સ્ત્રી કેળવણીની પેહેલ પણ મલેશરમાંજ પેહેલી થયલી છે. મોટા ફલ્યા કરતાં મલેશર ફલ્યાંએજ બંન્ને કેળવણીનું મંડાણ કરવાનું માન લીધું છે. ઈ. સ. ૧૮૫૩ માં છોકરાઓને માટે જ્યારે મલેશરમાં સર જમશેદજીએ નિશાળનું મકાન બાંધ્યું, ત્યારે તેજ વરસમાં છોડીઓની નિશાળ પણ કાઢી હતી. પહેલાં તો માબાપોએ એ સુધારા તરફ આંચકી અને અણગમો બતાવી, છોડીઓને નિશાળમાં મોકલવાના કામને છકેલપણું ગણી છોડીઓના છટેલપણા માટે શંકા રાખવા લાગ્યાં હતાં. તે એટલે સુધી કે એકવાર એક છોડી લખવા વાંચવાની કેળવણી લઈ પરવારી ઘર બેઠી. થોડેક દહાડે તેના ઘરમાં કોઇ જુવાન મરી ગયું, ત્યારે વેહેમી કૉલી પુછઓ રડવા લાગી કે, દુકતીએ લખવા વાંચવાનો બાજંદીના જેવો (!) ધંધો માંડયો, અને માટીડાએ શિખવાનું તે બૈરી શિખી, તેથી એ મરણ થયું ! એટલે લગી તે વેળાએ કેળવણીનો વેહેમ અને સુગ હતી.

રતનબાઈ ખરશેદજી આંટીઆ તે હાલના અંજુમનના અકાબર વડા દેશાઈ મનચેરજી એદલજીના ધણીઆંણી માબાપથી છુપી રીતે લખતાં વાંચતાં શિખ્યાં. એ વાત જે અરસામાં જાહેર થઈ તેજ અરસામાં તેવણના બાવા ખરશેદજી ગુજરી ગયા. બચારાં રતનબાઇને વુપી નાંખવામાં આવ્યાં, કે છુપી રીતે શિખી મુઈ તેથી બાપ મરી ગયા ! એવી એવી કેળવણી સામે વેહેમી સુગ હતી. પણ આજે ત્યાં સારા મેહેતાજીના હાથ હેઠળ સંખ્યાબંધ બાળકીઓ કેળવણી લેછે.

તાતા કન્યાશાળા. જે અરસામાં " સત્તાવનના બળવા " ની ધમરચકરી આખા હિંદને મુંઝાવી રહી

હતી તે વેળામાં યાને ઇ. સ. ૧૮૫૭ માં, એક સખી ગ્રહસ્થે પોતાનું નામ છુપું રાખીને શેઠ શોરાબજી શાપુરજી બંગાલી માર્ફતે મોટા ફળીઆમાં સ્ત્રી કેળવણીની સ્થાપના કરી. એ સખી શેઠે ઇ. સ. ૧૮૬૬ સુધી પોતાને ખરચે એ સ્કુલ ચાલુ રાખી. તે સખી નર, પાછળથી જણાયા તેમ સ્ત્રી કેળવણીના પુંજારી શેઠ દોશાભાઈ ફરાંમજી કામાજી હતા. ત્યાર બાદ ઇ. સ. ૧૮૬૭ થી શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ પોતાના ખરચે એ નિશાળ ચલાવી હતી. તે છેક ઈ. સ. ૧૮૭૨ ના ડીસેંબર માસથી નવસારીના Self-made men મધેના એક નોશાકરા વતની શેઠ નોશરવાનજી રતનજી તાતાએ પોતાના સ્વાધિનમાં એ ખાતું લઇ, પોતાના બેહેનના નામથી એ નિશાળનું નામ "બાઈ નવાજબાઇ તાતા નવસારી જરથોસ્તી છોકરીઓની નિશાળ" એવું રાખી પોતાના ખરચથી વહિવટ ચલાવ્યો, અને તા. ૧૪ જુન ૧૮૮૬ થી એક કમીટી નિમી, નિશાળને લાયકનું એક મકામ બાંધી, તેને સ્વાધિન તેનો કારોબાર સોંપ્યો. આજે એ નિશાળમાં ૧૬ વર્ષથી ૫ વર્ષ સુધીની છોડીઓ ભણે છે. લખવા, વાંચવા, ભરવા, ગુંઠવા, રાંધવા, ગાવા, શીવવા, વગેરે દરેક તાલીમ કીંદરગાર્ટન સીસ્તમ પ્રમાણે ત્યાં અપાય છે. અને ૭ વરસ ઉપર એક અંગ્રેજ બાઈએ અંગ્રેજી કેળવણીનો કલાસ ઉંઘાડયો હતો, તેજ પ્રમાણે આજેપણ એજ સ્કુલના એક ઉમંગી માસ્તરે ત્યાં અંગ્રેજી કેળવણીનો કલાસ ઉંઘાડયો છે. એ સ્કુલમાં કેટલીક સ્ત્રી શિક્ષકો પણ કેટલાંક વર્ષોથી દાખલ થઈ ચુકી છે, અને આજે સ્ત્રિ–સુધારો એવો સરસ થઇ ચુકયો છે, કે જે ખાંદાંનવાળાઓ અતિશય અસલી વિચારના હતા, તેમનીજ બેટીઓ હારમોન્યમો ઉપર સુસરોદ કાઢે છે, છત્રીઓ ઓઢે છે, બુત ઇસ્તાકીન પેહેરે છે, અને શેઠ દારાશા રતનજી ચીજગર જેવા સ્ત્રિ–કેળવણીના હૈયાત પિતાના ભાષણોના મેળાવડામાં વગર હરકતે ઘરડાંખોખાં મમાઇજી, માયજી કે માસીજીને લઇ જઇ સામેલગીરી આપે છે, અને જાહેર ભાષણો વટીક કરેછે. વળી ઇ. સ. ૧૮૯૬ માં અત્રેની હિંદુ તથા પારશી સ્ત્રીઓએ "સ્ત્રી સમાજ" નામની મંડળી સ્થાપિ છે, જ્યાં સ્ત્રીજ ભાષણ કર્તા--સ્ત્રીજ પ્રમુખ, અને સ્ત્રીજ મેનેજરો હોય છે. એ પ્રમાણે નવસારીમાં તો પાણીનો ગોટ ગળતાંબી વાર લાગે, તેના કરતાં પણ અતિ ઝડપે સ્ત્રી છુટાપણું અને સ્ત્રી–કેળવણી દાખલ થઇ--ઉધરી ગઇ--અને વરડી થવા લાગી છે.

...આજથી ૧૭ વરસ ઉપર તે વેળાના વડોદરાના રેશીદંત સાહેબ પોતાના

બાનું સાથે એ સ્કુલના ઈનામના મેળાવડામાં બીરાજ્યા હતા. તેઓ છોડીઓની કેળવણીની ઢપછપથી એટલાતો મગન થઇ ગયા, કે ઉભરાની ઉતાવળમાં તેઓએ દર વરસે એ મેળાવડામાં હાજર થવા કબુલાત આપી હતી. વળી ઇ. સ. ૧૮૯૬ માં જ્યારે વાઇસરાય લોર્ડ એલગીન વડોદરે આવ્યા ત્યારે આ સ્કુલની છોડીઓને ખાસ મહારાજા સાહેબે વડોદરે બોલાવી તેઓના કીંડરગારટનના ભાગો ભજવાવ્યાથી લોર્ડ એલગીને, પરમાનંદ પામી, આ નવસારીની સ્ત્રી-કેળવણીના ભજવાયલા ભાગથી પોતાનો હરખ જણાવ્યો હતો.

ગંગાધર શાસ્ત્રિની ધર્મશાળા અને સદાવૃતાં.

આ ધર્મશાળા કુંભારવાડ તરફ દુધીઆ તલાવના ઉપર આવેલી છે. એ "ગંગાધર શાસ્ત્રિવાલી ધર્મશાળા" એ નામથી પ્રસિદ્ધ છે. કેમકે જે ગંગાધર શાસ્ત્રિ આપણા ગાયકવાડ સરકારના એકવાર દિવાન હતા, અને જેમને પંઢરપુરના દેવળમાં સન ૧૮૧૫ માં પેશ્વા સરકારના પ્રધાન ત્રંબકજી ડેંગ્લેએ ઠાર કર્યાનું ઇતિહાસમાં પ્રસિદ્ધ છે, તેજ ગંગાધર શાસ્ત્રિએ સંવત ૧૮૬૮ અને શાકે ૧૭૩૩ના ફાગણ શુદ બારેસને ગુરૂવારના દિવસે બંધાવ્યાનો લેખ છે. આ ધર્મશાળા બંધાવ્યા પછી એમાં એક સદાવૃત પણ ચાલતું હતું. એ સદાવ્રતને માટે દરમાહે ત્રણસો રૂપીઆ એટલે વાર્ષિક ખર્ચ છત્રીસસેં રૂપીઆનો શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી મળતો હતો. સદાવૃતમાં દક્ષિણી બ્રાહ્મણોને તૈયાર ભોજન મળતું. અને બીજાઓને તેમની લાયકાતના પ્રમાણમાં દાળ ચોખા અને લોટથી તે ઘી શાકર સુધીના સીધાં મળતાં હતાં. એમ છતાં ગમે તેવો સાધુ આવ્યો હોય તોપણ તેને દાળ ચોખા લોટ અને તે રાંધવાને બીજો જોઇતો સામન મળ્યા વગર રેહેતો નહિ. આ પ્રમાણે સંવત ૧૯૦૮ ના સાલ સુધી એટલે લગભગ ચાળીસ વર્ષ સુધી ઉપલું સદાવૃત ચાલ્યાનું જણાય છે; પણ ત્યાર પછી કેટલાંક કારણથી તે બંધ થયું. એવુંજ એક સદાવૃતખાતું દેસાઇ શ્રી મનચેરજી ખુરશેદજીનું ચાલતું હતું. ત્યાંથી ગરીબ લોકોને, સાધુ, ભિક્ષુક વગેરેને, ચોખા દાળ વગેરે આપવામાં આવતાં હતાં. તે સદાવૃતખાતું છેલ્લાં છત્રીશ વરસ થયાં બંધ પડયું છે.

એ ધર્મશાળાના બંધાવનાર શાસ્ત્રિ ગંગાધર કૃષ્ણ પટવર્ધન તરફથી પ્રથમ એક વ્યવસ્થાપક ધર્મશાળાને માટે રાખેલો હતો. તેના પછી એના કારભાર અને વ્યવસ્થા હાલના એના વ્યવસ્થાપક રા. આપ્ટે વકીલના પીતાજી નારાયણરાવ સદાશીવ આપ્ટે ઊરફે નાના પંડુજીના હાથમાં સંવત ૧૯૧૩ના શાલમાં આવ્યાં. તેમણે કેટલોક શ્રમ અને ખટપટ કરી સદાવ્રત સરકારમાંથી ચાલુ કરાવ્યું. આ વખતે અગાઉના જેટલો એટલે છત્રીસસેં રૂપીઆનો વાર્ષિક ખરચતો મળતો નહિ. તો પણ બારસે રૂપીઆ દર વરસે, એટલે સો રૂપીઆ માસિક ખરચ મળતા થયા. આવી સ્થિતિમાં સંવત ૧૯૩૩ના શાલ સુધી ધર્મશાળાનું સદાવ્રત ચાલું રહ્યું, ત્યાર બાદ આજેતો તે છેક બંધ થયું છે.

આજે પણ એ ધર્મશાળામાં સાધુસંતો પોતાનો ઉતારો લે છે.

આત્મારામ ભુતાર.

આત્મારામ ભૂતાર એ નામે અરધી શદી ઉપર નવસારીમાં એક પ્રખ્યાત વૈદ થઇ ગયો છે. એ જાતનો બ્રાહ્મણ હતો, અને બજારમાં આવેલાં બૈચરા માતાના મંદિર પાસેના ઘરમાં રહેતો હતો. એ વૈદાંની વિદ્યામાં કુસળતા ધરાવતો હતો. એટલુંજ નહિ, પણ ભૂત ડાકણ વગેરે કહાડવામાં નિપુણ ગણાતો. તેથીજ એનું નામ ભૂતાર પડયું કહેવાય છે. ભૂતાર એટલે ભુતનો ઉતારનાર અથવા કહાડનાર. એ એલ્કાબ અત્રેનાં તે વખતના સુબા નારાયણરાવ ભાઉના તરફથી તેમને મળેલો કહેવાય છે; અને તે નીચે જણાવેલી એક કથા પરથી માલમ પડશે.

ઉપર દર્શાવેલા સુબા નારાયણરાવ એકવાર બહાર ગામ ફરવા ગયા હશે, ત્યાંથી તાવ લેઇને ઘેર આવ્યા. તાવ રોજ રોજ સખત અને સખત ચઢવા લાગ્યો. અને તેથી ખાવાનું સુદ્ધાં છોડયું. ઉપાયો કર્યા, વૈદોને બોલાવ્યા, ઔષધો, લીધાં, પણ ગુણ કશાનો લાગ્યો નહિ. અંતે કોઇની ભલામણથી આ વૈદરાજને આમંત્રણ કર્યું. વૈદરાજ પધાર્યા. નાડિ જોઇ, અને ડોકું ધુણાવ્યુ; અને બોલ્યા "તાવ કાંઇ અંગરોગનો નથી. કાંઇ બહારની ઝપટ લાગી છે." આ સાંભળી સુબા સાહેબના બાઈ આંખમાં આંસુ આણી બોલ્યાં:—

"वाटल तसें असेल वैद्यबुवा, पण आतां यानां लवकर बरें करा. आठ आठ दिवसांचे उपोषण झाले आहेत, यांचा बरोबर मी पण अन्न सोडले .आहे, यांज करीतां आतां कृपा करा. मी तुमचे उपकार कधी ही विसरणार नाहीत. माझा विश्वास आता मात्र तुमच्या वरच आहे."

વૈદ બોલ્યા:— "રડીશ નહીં બાઈ. ધીરજ રાખ, હું એમને હમણાં ઉઠાડું છું. સારા કરૂં છું, અને દહીં અને ભાખર ખવાડું છું, ત્યારેજ હું આ ત્મારામ ખરો." બાઇ બોલી કે:——

"मी तुमची जन्म पर्यंत रीण करीण होईन."

વૈદરાજે થોડું લુબાન મંગાવ્યું. ધુપ કર્યો. મંત્ર ભણ્યા. એટલે સુબા સાહેબ જે તદન સુસ્ત અને બેભાન સ્થિતિમાં તાવની ધુનમાં પડેલા હતા, તેણે પાસુ ફેરવ્યું. પાસે બેઠેલી મંડળી એટલામાંજ વઇદરાજને શાબાશી આપવા લાગી. ધુપ જારીજ હતો, છુહુ શબ્દ થયાંજ કરતો હતો, મંત્રોચ્ચારના ન સમજાય એવા ગણકારા પડયાંજ કરતા હતા, એટલામાં સુબા સાહેબ આંખ ઉઘાડી હળવે રહીને બેઠા થયા. આથી તો સર્વના હર્ષની સીમા રહી નહિ. શાબાશ વઇદરાજ, ધન્ય છે તમારી વિદ્યાને, એમ જોતે ધીમેથી કહેવા લાગ્યા. વઇદરાજે પોતાનો પ્રયોગ ચાલુ રાખ્યો. પછી તેમણે પ્રશ્ન કર્યા. "બોલ તું કોણ છે, કયાંથી આવ્યો છે, શા માટે આવ્યો છે?" સુબા સાહેબના મોંમાંથી શબ્દ નિકળ્યા, "હું જીન છું, અહીંયથી થોડેક છેટે મારી કબર છે, મારી કબર આગળ એ પીશાબ કરવા બેઠો તેથી એના શરીરમાં મેં પ્રવેશ કર્યો છે." વઇદે પુછયું "હવે જાય છે કે નહિ." પાછા શબ્દ સંભળાય, "ના. હું હવે એનો કેડો છોડવાનો નહિ." અગ્નિમાં ધુપની જોરતી બમણી થઈ, મંત્ર ભણાવા લાગ્યો, અને છુહુ છુહુ એ શબ્દ વિશેષ નિશ્ચય પુંર્વક થવા લાગ્યા. એટલામાં તો "ઓ જાઉંરે, ઓ જાઉરે, મને ગભરાવ ના," એમ સુબા સાહેબ બુમ પાડવા લાગ્યા. વઇદે કહ્યું "તું જાય છે ખરો, પણ આ બધાં માણસો શી રીતે જાણશે? માટે આ શીશામાં ઉતર!" (એક શીશી બતાવીને કહ્યું.) જીન બોલ્યો. "ના. શીશામાં તો નહિ: તું મને ગોંધી રાખશે." વઇદે કહ્યું "લે હું સોગન ખાઈને કહું છું કે એક કલાકમાં નદીને પેલે પાર હું

તને છોડી દેઈશ. પરંતુ હવે ફરી આવીશ નહિ, અને શીશામાં ભરાતી વખતે જેમ પાણી ભરાતું હોય તેવો અવાજ કરીને જજે, એટલે આ બધી મંડળીને ખાતરી થશે."

ટુંકમાં ત્યાં બેઠેલા સર્વે જણાએ તેજ પ્રમાણે સાંભળ્યું અને જોયું. વઈદે તરતજ તેજ શીશો બુચથી બંધ કર્યો, અને પોતાના એક ચાકર ખુશાલ નામે ત્યાં હાજર હતો; તેને આપી નદીપાર મુકી આવવા કહ્યું.

સુબા સાહેબ હવે શાંત પ્રકૃતિએ બેઠા હતા, તે બોલ્યા, "મને ભુખ બહુ લાગી છે," વૈદે તરતજ બાજરીનો ભાખર અને શેર દહિં લાવવા ફરમાવ્યું; અને તે તેવણુ એક ભૂખ્યાં માણસની ઝડપથી અને રૂચિથી ખાઇ ગયા.

તાવના ઉપર દહિં ખવાડવું, એ વઇદકશાસ્ત્રના નિયમ પ્રમાણે બહુ જોખમ ભર્યું છે; પણ વઈદે પોતાની કુશળતા બતાવવાને ખાતર મુદ્દામ તે આપ્યું હતું.

નારાયણરાવ સુબાએ સારા થવા પછી એ વઈદને શિરપાવ આપ્યો. વઈદની માગણીથી બેચરા માતાને અંગે વર્ષાસન કરી આપ્યું, તથા રોજનું સિધું ચાલુ કર્યું. ત્યારથી તે પોતાના ઘરના વઇદ થયા, એટલુંજ નહિ, પણ મિત્ર અને સલાહકાર વટીક થઇ પડયા.

આધુનિક સમયના વાંચક વર્ગને આ વાતમાં સત્યતાની ઘણીક શંકાઓ ઉઠશે, તોપણ આ વાત અદ્યાપિ વૃધ્ધો બહુ આનંદથી કહે છે. એ વઇદની બહુ તારીફ કરે છે, અને ઘણા જાદુગરો તથા ભૂત વિધા જાણનારા ભૂવાઓને તેણે માત કર્યાનું તેઓ જણાવે છે. મોંઢેથી ચાલી આવેલી વાતોમાં કેટલીક અતિશયોક્તિઓતો હોય છે, પણ બીજ વિના વૃક્ષ નહિ, જળ વિના પરપોટા નહિ, અગ્નિ વિના ધુમ્ર નહિ, એ ન્યાયસુતરોને આધારે એમાં સત્યતાનો થોડો તો વાસ હોય ખરો.

આત્મારામના બાળસ્નેહિ એક ભગવાન કરૂણાશંકર જોશી કરીને હતા. જે હાલ દશેક વર્ષ ઉપર નેવું વર્ષની ઉમ્મરે મરી ગયા છે. તેમને મોંઢેની આ વઈદને વિષે એક વાત એવી છે કેઃ—

અમે એકવાર દુધીઆ તળાવ ઉપર બેઠા હતા. તેવામાં કેટલાક સાંઇ ત્યાંની મસ્જીદમાંથી આવી અમારી સામે ઉભા, અને થોડાક વાર પછી બોલ્યા.

"વઈદ મહારાજ આત્મારામ, હમ આપકી તારીફ સુનકે હુંનને હુંનતે યાહાંતક આય હુવે હેં. ખુદાને આપકી મુલાકાત ફેરન કરા દી હે. અબ હમકી ઉમેદ એસી હેકે અપન થોડી દેર બેઠેં. ઓર હરેકકે કીસ્સે ઓર હીકમત દેખેં. ઓર હમબી ઉસ્તાદકી મેહેરબાનીસેં થોડી બોહુત એસેબી ઇલ્મ જાનને હેં. ઓર હમને સુના હે કે આપતો ઉસમે યેહ નવસારીમેંતો કયા, લેકીન આખે ગુજરાતમેં યકતા હો.

આત્મારામ:—મિયાં સાહેબ, તમારી ઇચ્છાથી હું બહુ ખુશીછું. લોકો કહેતા હશે, પણ મને તો કાંઈ આવડતું નથી. હું તો માત્ર ઔષધનાં પડીકાં બાંધી જાણુંછું. જોઇએ તો તમને એકાદ પડીકું આપીશ.

ફકીર:—જી હાં, અગર દો તો બહુત ખુબ. આપકી તરફસેં કુચ નઈ બીના સિખલાવગે તો હમ આપકા એહેસાન માંનીગે. ઓર હર જાયપે હમ આપકી તારીફ કરીંગે.

આત્મારામ—તમે તો વળી જુદી વાત કરોછો. હું તો એક હકીમ છું. અને આજારી માણસને દવા કરી જાણું છું. બીજું કાંઈ આવડતું નથી. પણ તમારા જેવા દેશે દેશ ફરનારા સાંઇ મોલાની મુલાકાત લેવા બહુ ખુશીછું.

ફકીર:—હાં. હકીમકે પાસસેજ હમ હકીમાત લેનેકી ઉમેદ રખતે હેં. કલરોજ હમકો જાનાહેં, ઇસ લીએ આજહી અપન બેઠક જમાવેં તો ઉમદા બાત હે.

આત્મારામ:—ઠીક ત્યારે, આજેજ, અને હમણાંજ, આજ ચોગાનમાં (મસીદ આગળનું ચોગાન બતાવીને) આપણે બેસીશું.

ફકીર:—મગર, એ જગા ઉમદા નહીં હે. આપકી મરજી હોવે તો અપન......

આત્મારામ:—(એક ખાંધે સાવરણો મુકી આવતા ભંગીને દેખાડી,) પેલો ભંગી તે સાફ કરી જશે.

પેલા ભંગીને જાણે કહી રાખેલું હોય તેમ વગર બોલવે ચાલવે તે જગા વાળી ગયો. એટલે ચાર મજુરો સાગની સાગઠી લેઈ આવ્યા. તેમણે પોતાની સાથે આણેલી નરાજવડે ખાડા ખોદી તે દાટી દીધી. એટલે બે માણસ એક કનાત લઇને આવ્યા. તેમણે તે બાંધી દીધી. પછી એક હજામ આવ્યો, તેણે ત્યાં સમ્મઇ ગોઠવી દીવા સળગાવી દીધા. તેઓ પોત પોતાનું કામ વગર બોલવે કરીને તેજ પ્રમાણે ચા-

શ્યા ગયા. પંદર મીનીટમાં માંડવો તૈયાર થઇને અંદર દીવાની જોતથી ઝળકી રહ્યો. આ જોઇ ફકીર તો દીંગ થઈ ગયા. હવે સર્વે ઉઠી માંડવામાં ગયા.

ફકીરઃ—હકીમ સાહેબ, બસ! જો કુચ્છ દેખનેકા થા, સો દેખ લીયે. પુડીકે બાંધનેવાલે હકીમકી ઉસ્તાદી દેખ લી.

આત્મારામઃ—હવે તમારા કાંઇ કીસ્સા બતાવો.

ફકીરઃ—નહીંજી મહારાજ, હમ આપકો કયા બતાવે? હમકો આપકે આગે કબુલ કરના પરતા હે કે હમ ફકત એક મૂઠ્ઠી મારના જાનતે હેં. (એમ કહી ઉપર ઉડતાં વાગળાંમાંથી એક, બે, ત્રણ, ચાર, એમ પાંચ વાગળાં એક પછી એક નીચે તરફડતાં પાડયાં.)

વઈદઃ—અંહ! એ બીચારાં પંખીને શા માટે દુઃખી કરોછો. ઉડી જવા દો બીચારાંને ઝાડપર.

ફકીરઃ—નહીંજી, અબ એતો મરજાઇંગે. હમકો મૂઠ્ઠી મારના યાદ હે, મગર ઉસકા ઉતારા નહીં માલુમ.

વઈદઃ—મરી શું જાય. એતો ઉડી જશે. (એટલે એક પછી એક સર્વે પાંખ ફફડાવતાં ઉડી ગયાં.)

ફકીરઃ—(કાલાવાલા કરીને) હકીમ સાહેબ, હમકો બસ ઇતનાહી ચાહીએ. ઇસ લીએ આપ મેહેરબાની કરકે હમકો યેહ શીખા દો. ઇસ લીયેહી આપકી હમ તાલાશ કરતે આયે હેં. હમારે યે ઇલ્મસે તમામકે જી જાતે હેં. મગર કોઈ સાબેત હો શકતા નહીં. હમ ખુદાવંદ કરીમકા બ્હોત બડા ગુન્હા કરતેહેં. ઇસલીયે આપ હમકો ઇસમેંસે બચાવ!

વઈદઃ—આ કીસ્સો તમારો સાચવી રાખો. કાલે તમને એનું વાળણુ શિખવીશ. પણ પછી બીજું કાંઈ બોલશો નહીં.

ફકીરઃ—નહીંજી, હમ ખુદાકી કસમ ખાકે બોલતે હે કે ઇસકે શીવાય દુસરા હમકો નહીં ચાહીએ.

એક બાજુએ આ વાત અને પ્રયોગ ચાલતાં હતાં, ત્યારે બીજી બાજુએ સામે એક બાઇ ગુણિકાને વેશે ગાયન કરતી બેઠી હતી. હવે તેણે પોતાનું ગાયન બંધ કર્યું. એટલે બાઈની સામે એક માણસ આવી બરફીનો ટાટ મુંકી ચાલ્યો ગયો. પણ પછી તરતજ બીજો લાવી પેલા ફકીરોને થોડી થોડી આપી, તથા અમને સર્વને બબે ચાકાં આપ્યાં. મને તે અત્યારે નહીં ખાવાને મારા મિત્રે આંખ મારી, એ-

ટલે મેં તે મારા ધોતરને છેડે બાંધી દીધી. વઇદે ફકીર તરફ જોઇને કહયું. હવે ઉઠીશું. એટલે સર્વે ઉભા થયા. ગાનારી જતી રહી.

પાછા તેજ માણસો આવી માંડવો છોડી ગયા. અને સૌ સૌને ઘેર ગયા. મારા ધોતરને છેડે બાંધેલી બરફી ખાવા શામાટે ઇસારતથી ના કહી તે પુછવાની મને સરત રહી નહિ. તેથી વાત કરતા કરતા ઘેર આવ્યા; અને ધોતર અને પાઘડી ખુંટીએ મુકયાં. સહવારે ઉઠીને ધોતરને છેડેથી છોડીને જોઉં છું તો બરફીને બદલે પડીકાંમાં નર્ક માલમ પડયું. મેં તે ફેંકી દીધું. શામાટે મારા મિત્રે મને તે રેહેવા દેવા ઇસારત કરી હતી, તેનું કારણ હવે હું સમજ્યો.

બીજે દહાડે ભુતારનું ઘર પુછતા પેલા સાંઇ આવ્યા અને કેહ-વા લાગ્યા, આજે તમારા ફરમાન મુજબ આવ્યા છીએ. વઇદે કહયું, પેલી કાબરપર તમારો પ્રયોગ અજમાવો, હું તમને તેને સારી કરતાં શિખવું છું. ફકીરે ઘણુંએ કર્યું, પણ આગલે દિવસની પેઠે તેનો પ્રયોગ ચાલ્યો નહિ; તેથી તે બોલ્યો, હકીમજી! તમે હમારો પ્રયોગ ચાલવા દેતા નથી.

વઇદે કહયું; હું ઇમાનથી કહું છું કે હું કાંઇ કરતો નથી. પણ ઠીક થયું, ખુદાનો ગુન્હો કરતાં તમે તમારી મેળેજ બચ્યા.

કહેવાની જરૂર નથી કે આગલે દહાડેની બરફીએજ તેની વિદ્યા ફોક કરી નાંખી હતી. આથી ફકીર બીચારા વીલે મોહોડે ચાલતા થયા. "લેને ગઇ પુત ઓર ખો આઇ ખસમ" જેવો હાલ થયો.

આ વઇદ ભુત વિદ્યા શિવાય ઔષધમાં પણ બહુ કુશળ હતા. પાકીને આપેલું ઔષધ કદી તેનું નિષ્ફળ જતું નહિ. નાડિ જોઇને રોગની ઝટ પરિક્ષા કરતા. વળી એનામાં એક ખુબી એવી હતી કે; પૈસાદારને એક રોગપર સો રૂપીઆનું ઔષધ મંગાવી ત્યાંજ તેની આગળ તે બનાવી આપતા; ત્યારે એક ગરીબને તેજ રોગને માટે એક પાઇનું અનુપાન બતાવી તેમાં ઔષધ આપતા. અને આજ પ્રમાણે એક ગરીબ અને તવંગરનું ફેફરૂં મટાડયાની વાત મશહુર છે. એ આજથી પચાશેક વર્ષની અગાઉ મરી ગયા કહેવાય છે. આ ઠેકાણે જાણવું અગત્યનું થઇ પડશે કે, આગળ નવસારીમાં ભુતનો વેહેમ અતિશય હતો. હાલ જ્યાં ડાકટર પાહલનજીનું મકાન છે, ત્યાં તો તેનો વાસોજ કહેવામાં આવે છે. હિંદુઓ માને છેકે મુએલાં માણસની ધર્મ ક્રિયા કે વિધિ કરવાની રહી ગયાથી, ચુકી ગયાથી, અથવા આપઘાત કીધાથી, તે મર-

નારભુત થઈને ગામમાં ફરતો ફરે છે. તેના પગની પાટલી ઉંધી જણાવામાં આવે છે. રૂમાલ થઇને રસ્તે પડતો, જેના ઉપર કુરઆંન હોય તેની કપડાં વણવાની શાળો ભરી જતો, કે દુઃખી થયો હોય તો તોડી જતો, રાહદારીઓના રસ્તા ચુકાવતો, કે વાડકાંટામાં અડાવતો, એવો તેને ચિતારવામાં આવે છે. ઘણા લોકોએ ભુતના વેહેમને લીધે ભુત ઉતારનારા ભુતારોને પોતાના ઘરબાર પાંણીને મુળે અથવા મુફત આપી દીધેલાંના દાખલા નવસારીમાં ઘણા બનેલા છે. ઘણાંક શોના જેવાં ઘરો એ વેહેમને લીધે બંધ પડયાં છે, અને ઘણાંક તો ભાંગીને ભસ્તાં પણ થઇ ગયાં છે. એ કારણથી હિંદુઓમાં આત્મારામ વઇદ અને હકીમ પાહલનજી બામજીની " ભૂતારો " લેખે ઘણી નવાઇ જેવી વાતો અત્રે ચાલે છે.

આપાસાહેબ પાગેદાર.

શ્રીધર વિનાયક ઉર્ફે આપા સાહેબ, એ પાગેદારના નામથી ઓળખાય છે. એઓ મૂળ અહમદનગર જીલ્લામાં આવેલાં બાંભોરા ગામના વતની હતા. અગણોતરા કાળ વખતે એઓ પોતાની પંદર વર્ષની ઉમરે પોતાની વતન ભૂમિથી વડોદરાવાળા નામીચા સાહુકાર ગોપાળ મયરાળને ત્યાં (કહે છેકે ગોપાળ મયરાળ તેમની ફોઈના છોકરા થાય.) આવેલા. પ્રથમ થોડોક વખત ત્યાંજ રહી કેટલીક દરબારી રીતરસમની માહિતિ મેળવી. આ વખતે અમરેલી પ્રાંતનો ઇજારો પણ ગોપાળરાવ પાસેજ હતો. અને ત્યાંનો અધિકાર તેમના તરફથી "ગજાનન આબા" ચલાવતા હતા. આ વખતે અમરેલીમાં બારોટ લોકોએ કાંઇક કારણસર હુલ્લડ મચાવ્યું હતું. તે સમાવવામાં ગજાનન આબા સાથે એઓ પણ હતા. ત્યારબાદ એમની ચાલાકી અને હુશીઆરી જોઈ,એમને નવસારીમાં બાવિસ માનકરી પૈકી એક ઠેરવીને મોકલવામાં આવ્યા; અને તે બદલ એમને વાર્ષિક લવાજમ ત્રણસેં રૂપીઆ ગાયકવાડ સરકાર તરફથી મળવા લાગ્યા. વળી એમને નવસારીમાં ગોપાળરાવ મયરાળ તરફથી સીલેદારી પાગા સોંપવામાં આવી હતી, અને તે બદલ એમને જુદું વતન મળતું હતું. એ પાગા ધરાવનારા હોવાથીજ એ પાગેદાર ને નામે ઓળખાવા લાગ્યા. નવસારીમાં પાગાનું કામ એમને સંવત્ ૧૮૮૧ થી સોંપવામાં આવેલું કહેવાય છે.

શ્રીધર વિનાયક, પાગા શિવાય ખાનગી વેપાર પણ કરતા હતા. એ સર્વેમાં એમણે ઠીક પૈસો પેદા કર્યો હતો. એમણે પટવા-શેરીમાં એક મોટી હવેલી પોતાને રહેવાને માટે બાંધેલી છે. જે આજે શ્રીધર અપ્પાની હવેલીને નામે ઓળખાય છે. તેનો આગલો ભાગ બજારમાં આવેલો છે. તેથી નીચે દુકાનો તરીકે પણ ગણાય છે. પોતાની હવેલીની સામે એમણે કેટલીક જમીનમાં નાના મકાનો બાંધેલાં છે. અને તે હાલ પાગેદારના ડેહેલાંને નામે ઓળખાય છે. વળી એમણે જુના થાણાની ઉત્તર દિશાએ એક ચાલી બાંધેલી છે.

એઓ શંકર ભક્ત હતા; અને શિવ ઉપર એમનો ભાવ અતિશય હતો. પોતાની હવેલીની સામે એમણે એક નાનું શિવાલય બાંધેલું છે; તેમજ આપણી પડોશમાં આવેલાં એરૂ ગામ નજીકમાં ભુથ્થાડ (भूतस्थळ) નામના ગામમાં ભૂતનાથ કરીને એક મહાદેવ છે તે ઉપર એમનો તથા એમના પુત્ર વિઠ્ઠલરાવ ઉર્ફે ભાઉ સાહેબનો આકીન સારો હતો. દર સોમવારે એઓ તે મહાદેવના દર્શન કરવા જતા હતા એમ કહેવાય છે. જે મહાદેવનું દેવળ એમણે પોતાના મકાનની સામે બાંધેલું છે તેનું નામ એમનાજ નામ ઉપરથી શ્રીધરેશ્વર મહાદેવનું દેવળ કહેવાય છે. તેનો ખર્ચ અદ્યાપિ પોતાના ઉત્પન્નમાંથી થાય છે.

એ પાગેદારે એકવાર માંડણ ટપ્પાનો ઈજારો પણ રાખ્યો હતો. એ સંવત ૧૯૨૧ ના અષાડ વદ નવમીને દિવસે આસરે પાંસેઠ વર્ષની ઉમરે મરણ પામ્યા. એમને એક વિઠ્ઠલરાવ કરીને પુત્ર હતા.

વિઠ્ઠલરાવ પાગેદાર. શ્રીધર અપ્પાના પુત્ર વિઠ્ઠલરાવ પણ પોતાના બાપના મરણ પછી માનકરી તથા પાગેદાર નિમાયા. એમણે પણ પોતાના બાપનીજ પેઠે હુશીઆરીથી કામો કર્યાં. તેઓ શરીરે બેવડા બાંધાના, અને બાંધાને શોભે એટલી ઉંચાઇના ગૃહસ્થ હતા. તેઓ પોતાના બાપના મરણ પછી લાંબો વખત પાગાનો કારોબાર ચલાવી શકયા નહિ. ચાર વર્ષમાં એટલે સંવત ૧૯૨૪ ના શ્રાવણ વદ ૧૧ ને દિવસે એઓનો કાળ થયો. એમને એક પુત્ર ધોંડુપંત કરીને હતો.

ધોંડુપંત પાગેદાર. પોતાના બાપના મૃત્યુ વખતે ધોંડુપંત આઠ નવ વરસની વયના હતા; તોપણ અગાઉના રીવાજને અનુસરીને એમના બાપનો ઓધ્ધો તથા અધિકાર તેમને મળ્યાં. પરંતુ તે લાંબો વખત ચાલી શકયાં નહિ. સંવત ૧૯૨૩

સુધીજ ચાલ્યું. એ વખતે એમના હસ્તકમાં રહેલી પાગાનો રીસાલો થયો, અને તે સાદરે મોકલી દેવાનો હુકમ થયો. તેથી એ કામ એમના તરફથી નિકળી ગયું. માનકરી તરીકેનું તેમનું વર્ષાસન તો તેમના મરણ સુધી રહ્યું. સંવત ૧૯૪૧ના કાર્તક વદ ત્રીજને દહાડે એઓ દેવલોક થયા, ત્યાર પછી તે ખાલસા છે. મરણ વખતે તેમની ઉમર આસરે પચ્ચીસ વર્ષની હતી. પણ તેમને કાંઇ સંતાન ન હતું. ધોંડોપંત ભવિષ્યમાં સારો દેખાવ આપે એવો (Promissing youth) તરૂણ હતો. એમના દત્તક તરીકે યાદવરાવ નામના એક જવાન હાલ છે.

પાગેદારનું કુળ નવસારીમાં સારૂં ધનવાન કેહેવાય છે. તેના હસ્તકમાં તલ નવસારી તથા પલસાણા, કામરેજ, અને જલાલપોર, વગેરે ગામે વજીફાઓ છે. અને તેનું વાર્ષિક ઉત્પન્ન આસરે બે અઢી હજારનું કેહવાય છે.

સવા પોહોરની પાદશાહી.

પાગેદારની સત્તા. પાગેદારની સત્તા પણ અમર્યાદ હતી. સુબાના જેટલી અગર તેથી પણ પ્રસંગે તેની સત્તા વિશેષ ગણાતી. જલાલપુર, અગાઉ પેશવાના તાબામાં હતું. કહેછે કે એક વાર એ તાલુકાનો ઇજારો, એક ઇજારદારને નામે લખાયલો, તેનો પરવાનો અથવા સનદ એક મીઆંભાઇ ઉઠાવી લાવી, જુના ઇજારદારને, પેશવા સરકારની સહી શીક્કાવાળી સનદ બનાવી પોતાના જાતભાઇઓને બતાવી, એક ટોળી ઉભી કરી તેની મદદ વડે ઉઠાડી હાંકી કહાડયો. આ ઇજારદાર સહાય વિનાનો નિરાધાર પડવાથી અત્રેના પાગેદાર પાસે આવ્યો, અને ખરી વાત વિદિત કરી. પાગેદારને તેની વાત રાસ્ત લાગવાથી કેટલાક ઘોડેસ્વારની એક ટુકડી તેની મદદ સારૂ મોકલી. જેથી તેને પોતાની હકુમત ફરી પ્રાપ્ત થઇ શકી. આ પ્રમાણે પાગેદાર ધાડ તથા લુંટારાઓની ટોળીઓને પણ વિખેરી નાંખતા. તથા વાટપાડુઓને પકડી લાવતા. અને શિક્ષા કરતા, કે કરાવતા. કોઇ ઉપર ઇતરાજી થાય તો તેને શાસને પોહોંચાડવામાં પણ કાંઇ સરકાર તરફથી પરવાનગી કે હુકમ જોઇતો નહિ. કારણકે એવાની સામે તેને દાદ મેળવવી, એ તે કાળે બહુ મુસ્કેલ હતું. દીંગમારનું રાજ એટલે સુધી હતું, કે બાહાદરજંગ નામે

એક ભટકતો મુશલમાન નવસારીની સુબાગીરી ઉપર પોતાની કુનેહથી આવી શકયો હતો. તે વેળાએ "ચાંદરાતના ચૌદ હાકમ" એવીજ કહેવત ચાલતી; કેમકે એક વરસમાં ૫-૭ બી શુબા બદલાઈ રહેતા. તેથી કહે છેકે એક શુબા તો હાથીની અંબારી ઉપર પુછડાં તરફ મોં કરીને સ્વારીમાં નીકળ્યો હતો. તેને કારણ પુછવામાં આવ્યું ત્યારે તે બોલ્યો, "દેખતા હઉં કે પીછે કોણ આતે હે." એટલે એક શુબો હજુ તો આવ્યો નહીં એટલામાં તેની પછાડી બીજો જણ શુબાગીરીનું કાગળ લઈને વડોદરેથી આવેલોજ છે એમ બનતું. નવસારીમાં અચ્છીબુ તથા છપ્પુ દેશી નામે બે બેહેનો લુનશીકુઇ જવાના ચાર પુલના રસ્તા આગળ ઝુપડાં જેવાં ઘરમાં રહેલીઓ હતી. કહે છેકે એક દહાડે એકાએક તેના ઘર આગળ શીપાઇસિપરાઓની ઠઠ મળી રહી. લોકો અજબ થવા લાગાં. કેમકે બેઉ બેહેનોના બાપ બાહધરજંગ વડોદરેથી શુબાગીરી લાવ્યા છે એવી નવસારીમાં હોહા થઇ રહી. બહાધરજંગે હજુરનો રૂકકો બતાવ્યો, કે તુર્તજ શુબાએ શુબાગીરી બાહધરજંગને સપુરદ કરી દીધી. પણ બીજેજ દહાડે બાહધરજંગની દગાઇ અને બનાવટ પકડાઈ આવી, અને માજી શુબાએ તેના પાસેથી ૧૧ પોહોર દહાડામાંજ અખત્યાર લઇ લીધો, અને કેદ કર્યો. તોપણ બાહધરજંગે બડાઇ લીધી કે, સવાપોહોર દહાડોબીતો પાદશાહી કીધી! તે ઉપરથી આજેપણ એક દુહો અત્રે બોલાય છે કેઃ——

"બાહધરજંગકી સ્વારી જેસા છોકરોંકા ખેલ;
ન્યાલચંદ મોદીકી ખીચરી, ઑર બેની ઘાંચણુકા તેલ."

હરબાજી ખંડેરાવ.

(સંવત્ ૧૮૫૭ થી ૧૮૮૭ સુધી ત્રીશ વરશ શુબાગીરીની હકુમત કરી.)

હરબાજી ખંડેરાવ ઉર્ફે બાપુસાહેબ, એ મોજે દાદેગાંવ જીલ્લે અહમદનગરના વતની હતા. એમની અટક કુલકરણી હતી. એઓ શ્રીમંત મયરાળ નારાયણ ઉર્ફે ભાઉસાહેબ જાંબેકરના સંબંધી હતા; તેથી વડોદરામાં તેમના અમલ વખતે તેઓ ત્યાં આવેલા. થોડાક સમય પછી એમને મરોલીના વહીવટદાર બનાવી મોકલ્યા હતા. તે કામમાં સંતોષ

મળવાથી, ત્યાર પછી એમને નવસારીની સુબાગીરી સંવત ૧૮૫૭ ના શુમારે આપવામાં આવી. આ વેળા એમનું વય સુમારે બત્રીસ વરસનું હતું. એમણે નવસારીમાં ત્રીસ વરસ સુધી ગાળેગાળે સુબાગીરી કરેલી છે. એ ઘણા દયાળુ હતા. ધર્મપર એમની શ્રદ્ધા ઘણી હતી. નવસારીમાં એમણે ઉંચ વર્ણની વસ્તીની વૃદ્ધિ કરવાને ઘણો પ્રયત્ન કર્યો. આ વખતે નવસારીમાં થોડીક ગુજરાતી બ્રાહ્મણોની વસ્તી હતી; પરંતુ દક્ષિણી બ્રાહ્મણો બીલકુલ ન હતા, એમ કહીએ તો ચાલે. એમણે ઘણા દક્ષિણી બ્રાહ્મણોને વડોદરેથી, દક્ષિણથી, અને બીજે આસપાસથી બોલાવી નવસારીમાં વસાવ્યા. નવા વસનારામાંથી ઘણાને એમને પોતાના ખર્ચથી ઘર બંધાવી આપ્યાં. આજિવિકાને માટે વરશાસન બાંધી આપ્યાં. અને ઘણાકને ધર્માદા જમીન વગેરે આપી. પોતાની આ કરેલી બક્ષિસ ઉપર શ્રીમંત સરકાર મોટા શયાજીરાવની મંજુરી મેળવી. તેથી હરબાજી ખંડેરાવ તરફથી થયલાં વરશાસન અદ્યાપિ ચાલુ છે. આ પ્રમાણે એમના ઉત્તેજનથી નવસારીમાં ઘણા દક્ષિણી બ્રાહ્મણો સ્થાયિ રહેનારા થયા. આવા સ્થાયિ રહેનારના, નવસારીમાં આજે આ જ્ઞાતિ પૈકી, એકંદર ઘર પચાસેક છે. અને તેઓ સંવત્ ૧૮૫૬ પછીના, એટલે આ શુબાના અમલના દરમ્યાનમાં અત્રે આવેલા છે.

આ સુબા સમદૃષ્ટિ રાખનાર હતા. એટલે એમણે એકલા દક્ષિણી બ્રાહ્મણોનેજ ઉત્તેજન આપ્યું નથી. અત્રેના રેહનાર ગુજરાતી બ્રાહ્મણોમાંથી ઘણાકને એમણે કાંઇને કાંઈ નિમિત્તે વર્ષાસન બાંધી આપ્યાં છે. તથા દેવાળયોની પૂંજા સોંપી, તે બદલ ધર્માદા જમીન કહાડી આપી છે. અને તેનો લાભ તે બ્રાહ્મણોના વંશજો હજુ પણ લે છે. આથી ગુજરાતી બ્રાહ્મણોની વસ્તીમાં પણ વૃદ્ધિ થવાને ઉત્તેજન મળ્યું. પર્વણીને દહાડે તેઓ પોતાને ત્યાં બ્રાહ્મણોને હરહંમેશ બોલાવતા, અને તેમની વિદ્યાના પ્રમાણમાં યથાયોગ્ય દક્ષિણા વગેરે આપી તેમનો સત્કાર કરતા. જે વર્ષાસન, ધર્માદા, જમીન વગેરે તેમણે રાજ્યમાંથી કરી આપ્યાં છે, તે બદલ જેમને તેમને તેઓએ શ્રીમંત ગાયકવાડ સરકારના સહી શિક્કા સાથે પરવાના કરી આપ્યા છે. તે ઉપરથી જણાય છે કે, આ કામ તેમણે સંવત ૧૮૮૧ પછીના વર્ષમાં કરેલાં છે.

એમણે નવસારીમાં ચાર પાંચ દેવળો બંધાવેલાં છે. તેમાં બે પોતાની રેહવાની હવેલીની સન્મૂખ આવેલાં છે. એક જે વિઠ્ઠલ મંદીરને નામે ઓળખાય છે. તે સંવત ૧૮૭૯ અથવા શાકે ૧૭૪૫ના જેઠ વદ

૧૭ વાર ગુરૂએ બંધાયાનો લેખ જડેલો છે. બીજું પોતાના મકાનની સામેજ એક શિવાળય છે. અને તેનું નામ પોતાના નામને મળતું હરિહરેશ્વર રાખેલું છે. તે સંવત ૧૮૮૬ એટલે શાકે ૧૭૫૧ના ચઇત્ર શુદ ૧૩ શુકરે એમના તરફથી બંધાયું છે. ત્રિજું મોટાં બજારના પડોશમાં આવેલું નિલકંઠેશ્વર મહાદેવનું દેવળ સંવત ૧૮૮૨ શાકે ૧૭૪૭ના અષાડ શુદ ૩ વાર રવિએ બંધાયલું છે. બહાર એક વળી નવસારીની પડોશમાં આવેલાં કાલીઆવાડી ગામમાં પેંઠ નામે ઓળખાતાં ફળીઆને મોખરે આવેલું ગણપતિનું મંદીર પણ એમણેજ બંધાવેલું કહેવાય છે.

આ સ્થળે જણાવવું યોગ્ય છે કે, જોકે આશાપુરીનું દેવળ જે પાછળથી એમના પુત્રના અમલમાં બંધાયલું છે તે, અને કાલીઆવાડીનું ગણપતિ મંદિર જે હાલ બ્રીટીશહદમાં લેખાય છે, તેની હદ તે વખતે ગાયકવાડ સરકારની હદમાં ગણાતી હતી. એટલે તેનો ગાયકવાડ સરકાર દાવો કરતા હતા એમ કહે છે. પાછળથી માપણી વગેરેથી ચોકકસ કરી તે બ્રીટીશ હદ ઠરી છે. અને તેથી હાલ તે બ્રીટીશ હદમાં ગણાયછે.

હરબાજી ખંડેરાવ ઉર્ફે બાપુ સાહેબને સરકાર તરફથી પાલખીની નિમનોક મળી હતી; અને તે બદલ તેમને સાતસેં રૂપીઆ પ્રતિ વર્ષ સરકાર તરફથી આપવામાં આવતા હતા. આ નિમનોકના રૂપીઆ તેમના ચિરંજીવ નારાયણરાવ હરિની હયાતી સુધી ચાલુ હતા; અને અદ્યાપિ તેમાં કાંઇક કમી કરીને નારાયણરાવના ચિરંજીવ ચિંતામણરાવને પણ આપવામાં આવે છે.

હરબાજી ખંડેરાવે એક હરીપુરા નાંમનું ગામ વસાવેલું છે. આ ગામ મોજે બલેશ્વર તાલુકે પલસાણાની પડોશમાં ચાર ગાઉ ઉપર આવેલું છે. આ ગામની જમીન સુરતના એક વાંણીઆ પાસે સંવત ૧૮૮૧માં જર ખરીદ વેચાણ લીધેલી કહેવાય છે. એ ગામમાં વસનારાના તમામ ઘરો પોતે બંધાવી આપેલાં છે. વળી ખેડુત વર્ગને પોતે ભેંસ તથા બલદની જોડ વેચાતી લેઇ આપેલી હતી. આ ગામ અદ્યાપિ તેમના પૌત્ર ચિંતામણરાવના હાથમાં બચેલું છે. એ ગામની ઉપજ હાલ આઠ હજાર રૂપીઆની ગણાય છે. એ ગામ ઉપર હાલ સરકાર તરફથી સલાંમી વગેરે કાંઇપણ જાતનો સેટલમેન્ટનો હક લેવાનો નથી. કેમકે શ્રી મોટા સિયાજીરાવ મહારાજે તે માફ કરી વંશપરંપરા નિરંતર સનદ કરી આપેલી કહેવાય છે.

હરબાજી ખંડેરાવના વખતમાં આખા નવસારી મહાલની ઉપજ નવ લાખની ગણાતી હતી. આ સુબા વળી કાંઇક વ્યાપારમાં પણ હાથ રાખતા હતા. કહે છે કે એમની નવસારીમાં, ગણદેવીમાં, અને સુરતમાં, પેઢીઓ ચાલતી હતી. એમની શરાફી પેઢી લાલદાસ મલ્હારને નામે પ્રસિદ્ધ હતી.

આ સુબા સંવત ૧૮૮૭માં દેવલોક થયા હતા. એમના મરણથી નવસારીના તમામ જાતના લોકો, તેમાં વિશેષે કરી બ્રાહ્મણો બહુ દિલગીર થયા હતા. મરણ વખતે એમનું વય સુમારે બાસઠ વરસનું ધારવામાં આવે છે. એ સાહસિક, બહુ વિચારવંત, તથા દરેલ હતા; એમ તેમના કામો ઉપરથી માલમ પડે છે. આગળ જતાં રાજ્ય પ્રકરણનું ધોરણ અમુક પ્રકારનું બદલાઈ જશે, તેનો પણ એમણે પુર્વ તર્ક કરી મૂકયો હોય, એ પ્રમાણે જે તે કામની વ્યવસ્થા એવી સુદૃઢ કરી ગયા કે તેમાં અદ્યાપિ કાંઇ પણ અંતર કરી શકાયો નથી. એમનો પરિવાર અદ્યાપિ ચાલુ છે. બાપુસાહેબની હવેલીને નામે ઓળખાતો એવધુનો વાડો, નવસારીમાં મોટું મકાન છે. એમને ત્રણ છોકરા હતા. નારાયણરાવ, ખંડેરાવ, અને મલ્હારાવ. નારાયણરાવના છોકરા ચિન્તામણરાવ ઉર્ફે બાપુસાહેબ હવેલીવાળા હજુ હૈયાત છે.

પારશીઓમાં એ હરબાજી ખંડેરાવ ઉર્ફે બાપુસાહેબને માટે એક એવી વાત ચાલે છેકે, એમને છોકરાં થતાં નોહોતાં. તેથી અનેક ફકીર ફુકરાના મંત્ર યંત્ર એવણ ચલાવતા હતા. એકવાર એક ફકીરે એવો વેહેમ ઘાલ્યો, કે માણસના માથાંની ખોપરી જો મળી આવે તો તેની મદદથી તારી દવા કરૂં, અને જરૂર ફરજંદ થાય. એ સબબથી તેણે પારશીઓના દોખમા તરફ બાપુસાહેબને આંગલી બતાવી. બાપુસાહેબે એક ખાસાને સંગાર્યો, અને તે જોખમ અને હિંમત ભેડી દોખમાવાળા કંપાઉંડમાં કાળીચૌદસને દિને ઉતર્યો. આ ખબર દોખમા આગળ રેહતા હિંદુ રખેવાલે આવી પારશીવાડામાં પોકારી. એટલે પારશી ઉશ્કેરાતનું પુછવુંજ શું. ઘરેઘરથી દાંગડીગોલા લઇ પારશીઓ દોખમા તરફ દોડી પોહોંચ્યા. ઉશ્કેરણી એટલી થયલી કહે છેકે, શહીઆગવાડમાં તુર્તની નંખાવેલી ઇધણની ચીરીઓનો ઢગ પડેલો હતો. તે બોલ બોલતાં ખલાસ થઇ ગયો. કેમકે જે પારશી જાય, તે અકેકી ચીરી ઉંચકતોજ જાય! પણ આ દોરાદોર પેહેલાંજ બાપુસાહેબનો ખાસો કઈપણ પગલાં ભરવા વિના પોબારા ગણી ગયેલો હોવાથી, લોહી રેડાવાનો સંભવ દુર

થયો હતો. તોપણ તે દહાડેથી આજ સુધી દિવાળીના તેહેવારની પાંચ દિવસ આગમચથી, તે દિવાળી વિટતાં સુધી પારશીઓમાં ઘરેઘરથી દાળ ચોખા પૈસા વીગેરે ઉઘરાવી દોખમા આગળ નશેશાલારોની ફોજ બંદુકોના બાર કરતી હથિયારો સાથે ત્યાંજ રાત દહાડો પડી રહે છે. કેટલાંક વર્ષ થયાં ઘરેઘરથી દાળઆત ઉઘરાવાનું બંધ પાડી ફંડમાંથીજ ખર્ચ કરવામાં આવે છે.

નારાયણરાવ.

હરબાજી ખંડેરાવને ત્રણ પુત્ર હતા. તેમાંથી વડાનું નામ નારાયણરાવ હતું. નારાયણરાવને પણ પોતાના પિતાના ગત થવા પછી નવસારીની સુબાગીરી મળી. એમના વખતમાં વડોદરાવાળા શ્રીમંત ગોપાળરાવ મયરાળ આ મહાલમાં આવ્યા હતા, ત્યારે કામરેજ મુકામે તાપી નદીમાં રેલથી ભય ભરેલી સ્થિતિમાં ઘેરાઇ ગયા; તે વખતે નારાયણરાવની સુચનાથી ભય મુકત થવા અત્રેની આશાપુરી માતાની માનતા રાખી. અને ભય માથેથી ઉતરી જતાં તેમણે આ સુબાને એ માતાનું એક દેવળ બંધાવવા હુકમ કર્યો હતો, તેથી તેમણે સંવત્ ૧૮૯૧ શાકે ૧૭૫૭ ના વૈસાખ સુદ ૫ વાર રવીએ આશાપુરીના દેવળનું ખાત મુહૂર્ત કર્યું હતું. આ બાબત આગળ આશાપુરીના ભાગમાં આવી ગઈ છે. એટલે તેનો વિસ્તાર કરવાની જરૂર નથી. પાન ૩૮ ઉપર આપણે માધવરાવ બાબા સાથે બનેલા બનાવ વીશે જે જણાવેલું છે, તે બનાવ નારાયણરાવ જોડે બનેલો કહેવાય છે, તેથી આશાપુરીના દેવળનો સંબંધ પણ નારાયણરાવની સાથેજ જોડાયલો આપણને વાજબી લાગે છે.

નારાયણરાવ સુબાનો અમલ ઝાઝોવાર નવસારીમાં રહ્યો નહિ. કેમકે થોડા વખત પછી અમીન જમાદાર નામે એક મુસલમાન ગૃહસ્થ નવસારીની સુબાગીરીની સનદ વડોદરેથી લેઇને અત્રે આવ્યા. તેથી અહીંની સુબાગીરી તેમના હાથમાં ગઇ. પરંતુ તેમના વખતમાં ખેડુતો મેહેસુલ બરોબર ભરી શકયા નહિ, તેથી અથવા બીજા કોઇ કારણથી નવસારીના સુબા તરીકે નારાયણરાવ પાછા થયા.

કહે છેકે ઉગતા સુર્યને સૌકો માને; પણ આથમ્યા પછી કોઈ ગણે નહિ, તેમ આ સુબા નારાયણરાવના હાથમાંથી પહેલીવાર અમલ

જતાંજ એમના એક ગણોતીઆએ એક વજીફાનું ગણોત ભરવાની આનાકાની કરી; અને વધારે દબાણ કરતાં તે બોલ્યો કે " હવેનો રાઈના પહાડ રાતે વહી ગયા. હવે જ્યારે તમારાં નગારાં ફરી વાગશે ત્યારે જોઈ લેઉશ. " આ શબ્દો નારાયણરાવ સુબાને માટે ઘણા સખત હતા. તેમનાથી એ સાંખી શકાયા નહિ. તેથી વખત આવવે તેના શખુનને મળતીજ કાંઈ કડવી શિક્ષા તેને આપવાને ઠરાવ કરી તે પસંગ વહી જવા દીધો.

પણ હવે પ્રસંગ આવ્યો હતો. નારાયણરાવને સુબાનો અધિકાર મળતાંજ તેની ખબર લેવાનો તેણે પ્રયત્ન કરવો શરૂ કર્યો. પણ તે બોલનાર એક ભાડેલા જ્ઞાતિનો પક્કો ખેડુત હતો. તે આપણી પડોસમાં આવેલાં પડઘા ગામમાં રહેતો હતો. તેનું નામ મોહોનો ભુરો કરીને હતું. તે પોતાને માથે આવી પડેલું મોટું ભય ચેતી ગયો હતો. પોતેજ વકરાવેલા વાઘની મીનમાં રહયો છે, એ તેના સંપૂર્ણ લક્ષમાં હતું. અને હવે કાંઇ દુર છટકી જવામાં તેણે બેહેતર ધાર્યું, તેથી તે સુરત નાશી ગયો.

પણ પોતાની આંખ હાથ વડે છુપાવવાથી કાંઇ જગત આંધળું થઇ જતું નથી, માત્ર પોતાનીજ દ્રષ્ટી બંધ થઇ જાય છે. તેની નાશી જવાની ખબર એ સુબાને પડી; અને તેને પકડી લાવવાને પોતાનો એક માનીતો જાસુદ સયાજી નાયક કરીને હતો તેને મોકલ્યો. તેમજ આ કામમાં જોઇતી મદદ આપવા સુરતવાળા નામાંકિત ધનજીશાહના ભાઈ પીલુશા (પીરોજશાને માટે પીલુશા લખાયલું છે) ને શિફારસ પત્ર મોકલાવ્યાં. હવે તો પેલો ભાડેલો ઘરમાંથી પણ બાહાર નીકળતો નહિ. અને તેની પાસેનાજ એક ઘરમાં જાસુદે ધામો નાંખ્યો. જાસુદને બે ચાર દિવસ રાત દહાડો સાવચેત રહેવું પડયું. એમ કરતાં મધરાતે મોહન પીશાબ કરવા નિકળતાં રાત્રે તે પકડવા આવનારે. કહે છેકે, પડોશના માલની બારી ઉપરથી મોહનની પીઠ ઉપરજ કુદી પડી તેને પકડયો. એમ પકડવાનું કારણ એમ, કે ઘર પ્રવેશ કરીને પકડેલો કહેવાય નહીં !

પકડી લાવવા માટે તે જાસુદને મોટી બક્ષીસ મળી, અને કહે છેકે પીરોજશાએ તેમાં સહાય કરી, માટે મરોલી ગામની પડોસમાં આવેલી લંકા નામની જગા તેવણને ઇનામમાં લખી આપી.

હવે નારાયણરાવ સુબાએ પેલા મોહોનભાઇનો વરઘોડો નવસારીના

બજારથી થાણા સુધી જાહેર રીતે કહાડયો. તેના બોલવા પ્રમાણે તેની પીઠપર એક મોટું નગારૂં બાંધ્યું. અને મોટી વજનદાર ગુણ પીઠપર નાંખી ચાલતા એક હેલકરીની માફક ચલાવી તે નગારૂં જ્યાં ત્યાં વગાડવામાં આવતું હતું; અને મોહનભાઈને કહેવામાં આવતું કે, "આ નારાયણરાવના અધિકારનું નગારૂં વાગે છે. હવે તેમના ગણોતના રૂપીઆ ઝટ પતાવી દે." કહેવાની જરૂર રહેલી નથી કે પેલા મોહનભાઇને રૂપીઆ હવે ભર્યા વિના ચાલ્યું નહિ.

આગળ આપણે કહી આવ્યા તેમ નારાયણરાવને એકવાર મહાન જ્વર લાગુ પડયો હતો. તેમને આત્મારામ ભુતારે સારૂં કર્યું, તેથી બજારમાં આવેલાં બેચરા માતાના અંગે રૂા. ૫૦ નું વર્ષાસન તથા રોજનું સીધું સરકારમાંથી એમણે તેને કરી અપાવ્યાં હતાં.

નારાયણરાવ સંવત ૧૯૧૯ ના અષાડ સુદ ૧૨ ને દિવસે ગુજરી ગયા. એમને એક પુત્ર ચિંતામણરાવ કરીને અદ્યાપિ હયાત છે. તેઓના વંશજો "હવેલીવાળા" એ નામથી હાલ ઓળખાય છે.

બાબા સાહેબ શુબા અને દાદા ટદ્ધુ.

આપણે આગળ કહ્યું છે તેમ, પૂર્વે ગાયકવાડ સરકારના આખા રાજ્યના સઘળા પ્રાંત ઇજારે આપવાનો રીવાજ હતો. ગોપાળરાવ મયરાળ ભાઉ મોટા સાહુકાર, એ એક વખત ગાયકવાડ સરકારના મોટા માનીતા દિવાન, અને આખા રાજ્યના ઈજારદાર હતા. એમને ત્યાં "છપ્પનપોર ભુંગળ વાગતી" એવી કહેવત છે. એ કેહવતનું મૂળ શોધતાં લોકવાયકા એમ કહે છે કે, જે છપ્પન કરોડ રૂપીઆનો માલીક હોય તેને ત્યાં ખજાનામાં ભૂંગળના જેવો એક પ્રકારનો અવાજ સ્વભાવિક રીતે થયા કરે છે. અને આ પ્રમાણે ગોપાળ મયરાળને ત્યાં પણ થતું એમ સામાન્ય દંત કથા કહે છે. ગમે તેમ હોય પણ એટલું તો ખરૂં કે તેમના પાસે એટલી બધી પુંજી તો નહીં, તોપણ એ સાહુકાર મોટા ધનાઢ્ય હતા. અને દ્રવ્ય સંબંધી જ્યારે જ્યારે સરકારને જરૂર પડતી ત્યારે એઓ જોઇએ તેટલાં નાણાં સરકારને એકલા પોતેજ પુરા પાડતા. નાણાંના બદલામાં તેઓ ગાયકવાડ સરકારનું આખું રાજ્ય, અગર તેનો મોટો ભાગ ઇજારે રાખતા, અને તેમાંથી તેમને મોટો

નફો થતો.

તેઓ આ પ્રમાણે ગાયકવાડ સરકારનો રાખેલો મુલક પ્રાચીન ઈંગ્લાંડના નૉર્મન પીરીઅડમાં ચાલતા ફ્યુડલ સીસ્ટમમાં નોબલમેન, રાજ્યની જમીન જેમ પોતે રાખી અર્લને થોડી થોડી વેહેંચી આપતા, તેમ બીજા કારભારીઓને મહાલો વેહેંચી આપતા.

ગોપાળ મયરાળ તરફથી નવસારીમાં પોતાના સુબાઓ મોકલવામાં આવતા. એવા સુબામાંથી છેલ્લા એક માધવરાવ બાબા કરીને ઘણા દયાળુ અને પુણ્યવંત સુબા થઇ ગયલા છે. જો કે સુબાના મોંમાંથી નિકળેલો બોલ, એજ તે વખતનો કાયદો હતો; તોપણ આ સુબા તરફથી ગરીબોને બીલકુલ પીડા થતી ન હતી. જો કે કઠોર મનના કોઇ કારભારી તરફથી કદાચ રાંક પ્રજાને પીડા અને જુલમ થતાં હશે, તોપણ એવો ત્રાસ જો પ્રજાપર વર્તાતો એ કોમળ મનના સુબાના કાને પડે, તો તેવણ એવા કારભારીને દયાથી પ્રજાપર વર્તન કરવાને સુચના કરતા, અગર અટકાવતા. અથવા તેમાં જો નિષ્ફળ થાય તો તેમની પાસેથી કારભાર પણ લઇ લીધાનાં ઉદાહરણો બનેલાં છે. આ નવસારી પ્રાંતના ચૌદ મહાલમાં વિભાગ થયાનું આપણે આગળ જણાવ્યું છે. અને એ મહાલો, અહીંના સુબા, કારભારીઓને જુદા જુદા અગર સામટા અમુક રકમ મેહેસુલને પેટે લેવા ઠરાવી આપતા હતા. આ પ્રમાણે નવસારી પ્રાંતના ચૌદ મહાલો, ઉપર કહેલા માધવરાવબાબાએ, હાલમાં કહેવાતા હવેલીવાળા ચિંતામણરાવના વડીલ નારાયણરાવ ભાઉસાહેબને કારભારી ઠરાવી, આપ્યા હતા. આ નારાયણરાવના પત્નીના બાઇનું નામ દાદાસાહેબ હતું.

દાદાસાહેબના બાપનું નામ ગંગાધર હતું. અને તેની અટક ટટુ હતી. તેથી તે દાદાજી ગંગાધર ટટુ કહેવાતા. અને અધાપિ તે નામથી ઓળખાય છે. માધવરાવબાબાના મોટા કારભારીના આ ટટુ સાળા હતા, તેથી એ પણ ધીમે ધીમે સુબાસાહેબના માનીતા થઈ પડયા.

એ દાદાટટુ નવસારીમાં એક અજબ જેવી મુર્તિ (Wonderful Character) થઈગઇ છે. દાદાજી ગંગાધર ટટુને પોતાના બનેવીના યોગથી સુબા સાથે સારી ઓળખ અને પ્રીતિ થઇ એટલુંજ નહિ, પરંતુ પાછળથી તે પણ ચૌદ મહાલના કારભારીનું માન પ્રાપ્ત કરવા શક્તિવાન થયા હતા. કેમકે એ મહાલોનો કારભાર કેમ ચલાવવો તેની માહિતી અને અનુભવ પોતાના બનેવીના હાથ તળે રહીને તેણે પ્રાપ્ત

કર્યા હતાં. એનો કારભાર કાંઇક સખત હતો એમ કહેવાય છે.

દાદાજી ગંગાધર ટટુએ ચોદ મહાલના કારભારમાં સારા પૈસા જોડેલા કહેવાય છે. તે પૈસાના લોભથી, કે એના સખત અમલથી વેર લેવાનીજ મુરાદથી, ગમે તેમ હો, પણ એના ઘર પર એક વખતે કેટલાક કોળી અને ભીલ લોકો દરોડો પાડવા આવ્યા હતા. પણ જેનો દિવસ પાધરો તેનો વેરી આંધળો, તેમ ધાડપાડુઓને એનું ઘર જડયું નહિ, અને બીજાં એક મોટાં ઘરને દાદા ટટુનું ઘર ધારીને ઘેરી લીધું; અને લુટીને ચાલ્યા ગયાની એક અજબ જેવી લંબાણ વાત ચાલે છે, તે આ ઠેકાણે જણાવવાની જરૂર નથી.

એ બાવા સાહેબની શુબાગીરીને " દાદા ટટુ ના વખત " ને નામે હજુ પણ લોકો યાદ કરે છે. શુબા પણ તેજ, અને કારભારી પણ તેજ હતો. તેનો બોલ તેજ તે વેળાએ કાયદો હતો. પાતળો અને મુરદાળ જેવો છતાં, તેનો કડપ અને કાબુ અજબ જેવાં હતાં. એકવાર મુશલમાન લોકો જુનાં થાંણામાં કાંઈ કજયાને લીધે હલ્લો કરવાની નેમથી એકથા થઈ પડયા. દાદા સાહેબ પાસે તે વેળાએ ૨-૩ જાસુદ માત્ર હતા. મુશલમાનો શુરપર ચઢેલા હતા, છતાં તે મુરદાલ દાદાટટુએ દૃઢ નિશ્ચય અને હિંમત રાખીં નવશાજી કાશીબા નામે જમાદારે (જે હાલ હૈયાત છે) ને કહ્યું, કે એમાંગી જે મુંખી છે તેટલાને પકડી લાવી અહિં બેસાડ ! તેણે જેવો તરાડો મારી કડાકો કીધો કે ગરોગર ટોળું વીખરાઇ ગયું. એ ખરો પોલીટીકલ પુરૂષ હતો. ભલા ભલાની ખંજત લેવાનું તો પાનને ચુનો લગાડતાં પણ વાર લાગે તેટલામાં લઇ લેતો. નવસારીજ ગોયા દાદાટટુનું બોલાતું. ઈનસાફ તો તેને ત્યાં જાણે વેચવાજ મુકેલો હતો. કહે છે કે, બેજણ મારામારી કરી આવે, તો ફરીયાદીને પણ ૫ા રૂપૈ દંડ કરતો, ને આરોપીને પણ તેટલોજ દંડ કરતો ! તે વખતે નવસાજી કાશીબા જેવો એક જમાદાર, તે જેવો પણ મેજીસ્ત્રેટી પાવરતો વાપરતો ! ફરિયાદી અને આરોપીનો નીકાલ, બને તો તે પોતાની " જમાદારની દેવડી " માંજ કરી નાંખતો ! પણ નશીબ હંમેશ કાંઇ એકજ ગતિથી ફરતું નથી. જે દાદા સાહેબ પોતાની સાથે ૫૦ માણસને લઇ રોજ પંગતે જમતો, જેણે હાથી હુદે કે ગાડી ઘોડેજ બધી મોજ કરેલી, ચો તરફ જેનો હુકમ ઉઠાવાને શીપાઇઓના ટોળાં ચાલતાં, આગળ પાછળ મસાલો સળગતી, તેજ દાદાસાહેબનો જ્યારે કારભાર જતો રહ્યો ત્યારે, ઉંગાડે પગે બચા-

રો બજારે બજાર નવસારીમાંજ ભટકનો ફર્યો ! પઇસો ખોઓ. સંપત્તિ ગઈ, મિત્રો તજી ગયા, ઘેરબાર ગયાં, અને એવી તો કંગાળ સ્થિતિમાં છેલ્લા દહાડામાં જોવામાં આવ્યો હતો, કે પોલાદની છાતી પણ તે જોઇ પીગળી જતી. મોટી મારકીત હાલ જ્યાં છે તે જગાએ, એક કોળણ, દાદાના માણસના જુલમથી તેને ફોકટમાં શાકભાજી આપી, રોજરોજ કકલ્યા કરતી હતી, તેનીજ પાસે દાદા પોતાની પડતીમાં રોજ બજાર લાવતા. એક દહાડે દાદાએ નરમાસથી કોળણને કહ્યું કે, “ભાજીનો ભાવ મારી કને બીજા કરતાં બેવડો કાં લીએ છે ?” કોળણે ગાળ દઈ કહ્યું, “ફાટી મુઆ જેટલી ભાજી મફત લઇ ગયલો છે, તેટલીના પૈસા હવે વાળી લેવા છે !” તેવોજ એક તાંણો લાકડાંનો ભારો વેચનારીએ પણ પડતીમાં માર્યો હતો. હે દૈવ ! ચઢતી પડતી દુન્યાંનો ચિતાર જો જાંણવો હોયનો નવસારીના દાદા ટટુની કારકિર્દિના લાંબા દયાજનક પ્રકરણો પુષ્કળ છે. એ દાદાસાહેબના નામ ઉપરથી પડેલો દાદાટટુનો મોહોલ્લો અથવા ટટુ મોહલ્લો, એવણના ભાઈઓ આબા અને બાબાના વંશજોથી, તથા પોતાના સારી સ્થિતિમાં આવતા જતા બેટાના પરિવારથી વસાયલો છે.

આસુદગી અને આરોગ્યતા.

અસલના નવસારીના લોક, કહો કે ૪૦ વરસની વાત ઉપર તો કેવળ આસુદાં અને નિરોગી હતાં. કાંઇપણ રોગ હોય તેનો ઉપચાર ઘરગતુ દવાઓથી કરવામાં આવતો. ઘણું થાય તો વઈદની સલાહ લેવાતી. વઈદને પણ તે વેળાએ બે પઇસાથી એક આના સુધી ફી આપવામાં આવતી. વળી શ્રીમંત લોકો ઘણું મોટું દરદ હોય, તો સુરતથી અસપંદીઆરજી અથવા પાછલા દહાડા ઉપર પેશોતન, એવા પારશી હકીમોને તેડાવતાં. તે વખતે રેમીટંટ–ફીવર કે તાઇફોઇડ–ફીવર જેવી બીમારીઓનીતો નાંમેજ સંભળાતાજ નોહોતી. ઘરગતુ નુસખા અને ઓસોપાસો મુખ્ય હતો. આંખમાં ફુલું પડે તો દસ્તુર શાપુરજી શોરાબજીનો “ફુલાંનો દોરો” બાંધતા. આંતરીયો તાવ આવે તો દેશાઈ હોમજીભાઇ બેહરામજીના “મોરા આંબાના પાંદડાં” બાંધવામાં આવતાં. એરીસીપેલાસ જેવા રકતવા (રતવા) ને ઉંજનારા ઢેડાઓ હતાજ. ચોથીયા તાવ

ને માટે અમુક કુંવાનું પાણી ગુણકારી હતુંજ. વિગેરે વિગેરે ઘરગતુ દવા અને પીછી દોરા બહુ ચાલતા. મોટામાં મોટી તાપ, તે શનેપાત કેહવાતો. ખરૂં પુછાવો તો ન્યુમોન્યા કે એ જાતના દરદજ ગોયા નવસારીમાં નોહતાં. પારશીઓમાં સારસાપૅરીલાને બદલે ગરમ ગરમ તાડી અને હૉલોવેની પીલ્સને ઠેકાણે વાળની પાપડી હતી. જુવાન મોહોટ કોઇ કદાચજ થતું. અને તેથી તેનો શોક ઘણા મહિનાઓ, બલકે વરસ સુધી પળાતો. ૭૫-૧૦૦ ની ઉમર વગરતો જાણે મરવાનુંજ નોહોતું. છેક ૧૦ વરસની વાત ઉપર લશકરી મોહલ્લામાં ૬ દોસીઓ ૧૦૦ વરસની વરતી હતી. આજેપણ તેગાંની એકાદતો દહાડા કાઢે છે. જે પ્રમાણે દારજીલીંગ અને શીમલા Lungs of India ગણાય છે, તે પ્રમાણે તે વખતે નવસારી અને સુરત Lungs of Guzrat યાને ગુજરાતના ફેફસાં ગણાતાં. કોઇ ઘણી ૫૦ વરસની ઉમરે ચશમો પેહેરે, એટલે જુવાનજોતની આંખ ગઈ હોય તેટલો તેની આંઈ બાઇઓ બળાપો કરતી. કોલેરા શું ને રેમીટંટફીવર શું ? ન્યુમોન્યાં શું કે હાર્ટદીઝીઝ શું ? એ બધું તે લોકોને અંજાણ હતું. ઘણું થાયતો "શનેપાત" શબ્દ ભારીમાં ભારી તેઓ સમજતાં. ખચિત્ત જુવાન મોહોટ તે વેળાએ નવસારીમાં જુજજ હતાં. ઑરતો મજબુત બાંધાની હતી. આજે લગનમાં વરનીની શેશ વટીક ઉચકતાં ભાર લાગે છે, અને દુબળાંઓ પાસે ઉચકાવેછે! જ્યારે આગળતોવરનીની ગમે એવી ભારી શેશ ઉંચકવાને તળપાં પડતાં, અને પોતાના હકને માટે લડવઢ કરીને પણ ઘરડી ખોખી માતા પણ તે ભારી બોજો ઉહાવતી. અને તે ઉપરથી કોઇને સુગનભરી ગાળ દેવી હોય તો "તારી માયને વરની આપે" એવી રીતનું બોલાતું. આજે તે બધું નાશ પામતું જઈ કાંવળાપણું ફેલાયું છે. આજથી ૨૫ વરસની વાત ઉપર ઈ. સ. ૧૮૭૨ માં એક રોગ નવસારીમાં લાગુ પડયો હતો. એ મરજ સુરતમાં પણ ચાલ્યો હતો. " એ મરજ એપરેલ મહીનાથી શરૂ થયો હતો અને તે ત્રણ મહીના લગી ચાલ્યો હતો. તે ૧ દીવસના બચ્ચાંથી ૬૦ વરસની ઉમરના ડોસાંને લાગુ પડયો હતો. તેમાં બાકી કોઇ નોહોતું. સાજુસમું માણસ ફરતું ફરતું હોય, કામ કરતું હોય, કે સુતું હોય તેને એવા લાગ્યો, કે તેનું શરીર તરત લાલ રંગનું થઇ જાય. તેને ટાઢ વાગી આવે, તેના હાથ પગ ઢીલા થઇ જાય અને તે સોઠપોઠ થઇને પડે. એ મરજ ત્રણ દહાડે પોતાની મેળે સારો થાય. પણ ભોગેને કોઇએ ભુલથી અથવા

જાણી જોઈને ઓસડ કીધું તો તેનો હાથ યા પગ રહી જાય. અને તે લાંબા દહાડા દુઃખી થાય. એ મરજની ખુબી એ હતી કે જેમ તે એકે એક માણસને લાગુ પડયો હતો, તેમ તે મરજમાં એકે એક માણસ સાજું થયું હતું. કોઈના જાનને આળ આવી નહોતી. એ મરજને " ઊટીયાં તુટીયાં " ને નામે ઓળખતા હતા, અને તેને માટે માનતા લેતા હતા. પણ એ ઘણે વરસે આવતો એક જાતનો તાવ હતો, જેને અંગ્રેજીમાં ડેંગ ફીવર (Dengue fever) કહે છે. તે સાઠ વરસ અગાઉ જેને લાગુ પડયો હતો તેને આ વખત લાગુ પડયો નહોતો. એવા તાવ અમેરીકામાં કેટલીકવાર ફેલાયલા નોંધાયલા છે. "

માણુસને તાંણ થાય અને હાથ પગ એ મરજથી ખેંચાય અને અમળાય, તે ઉપરથી લોકોએ તેનું નામ " ઊત્યું તુટયું " આપ્યું હતું. અમેરીકામાં હાલ ઇ. સ. ૧૮૯૭ ના અકટોબરમાં ન્યુઓરલ્યન્સમાં " yellow fever " નામની તેવા પ્રકારની તાપ ઉભરી છે. એ ઊતીયું તુટીયું નવસારીમાં ચાલ્યું ત્યારે લોકોને ઘણુંજ લાગ્યું, કે નવસારી હવે રોગિષ્ઠ થયું છે. અસલના લોકો ખાઇપીને આના દોઢ આનામાંતો જ્યાફ્તો કરતા. એક અતિશ્યોક્તિની વાત અત્રે બોલાય છેકે ૪ મોબેદો એક દહાડે ખજુરાંમાં તાડી પીવા બપોરે ૨ કલાકથી બેઠા, તે તાડીના ચાર વાસણ પી ગયા ! આખો એક બકરો ખાઇ ગયા ! અને પાપડી તો એટલી બધી ખાધી, કે તેના છોળાંનો ઢગલો તે ચારેવની વચ્ચે એટલોતો ઉંચો થયો, કે અંધારૂં થતાં તો ઢગલાની આસપાસ બેઠેલા સામે સામેના મોબેદો એકમેકને જોઇ પણ શકયા નહીં ! ! વળી એક હિંદુ જોશી ૧૧ શેર પોચી ખાંડ બેઠાં બેઠાં શરત નાંખી ખાઇ ગયો હતો, અને તે લઠ જોશી હજુ હૈયાત છે.

તનબળ. નવસારીના લોકો તનની કેળવણીમાં ઘણા જબરા હતા. ખંડેરાવ મહારાજના લઠ મળોની સાથે પારશી ફ્રમલા કાકા જેવા પસ્તાકીઆઓ કુસ્તી રમીને તેમને હરાવતા. મારામારીમાં પોણોસો માણુસની સામે માત્ર ૩ પારશીઓએ જીત મેળવીછે. મુંબઇમાં " રસ્તાઈ એક દસ્ત " નામે નોશાકરાએ પ્રખ્યાત તાલીમ બાજોને કુસ્તીમાં હરાવેલા છે. હાલના ગોંદળના રાજાના કારભારી મી. કાવશજી. એ. દેશાઇને તનબળને લીધેજ રાજકોટમાં રાજકુમાર કાલેજમાં ઉસ્તાદની નોકરી મળી હતી. તેજ પ્રમાણે અમદાવાદ સુધી નવસારીથીજ એક ઉસ્તાદ મી. શેરાબજી. મ. પાવડીને તાલીમ શિખવવા બોલાવામાં

આવેલા હતા, અને તે હજુ ત્યાંજ છે. આજે મુંબઈની પારશી ક્રિકેટના કેપટન મી. મે. એ. પાવડી તે પણ નોશાકરાજ છે. એ પાછલા ઉસ્તાદોના ઉસ્તાદ મી. પેશતનજી. ફ. બાડીયાની તનબળની તો અણુહદ તારીફ છે. આંખે લગભગ અપંગ હોવા છતાં સંખ્યાબંધ માણસની સામે કાલ્પાવાડી ગામે લડી જીત મેળવેલાંના તેંવણુના દાખલા નોંધાયલા છે. ઓરતો પણ તેટલીજ બાહદુર હતી. એકવાર ૨૫ વરસ ઉપર બાઇ નવાજબાઈ તાતા સ્કુલમાં સંચાથી કુસ્તી વણવાની રૂઢીનો અખતરો ચલાવામાં આવતાંજ બાહદુર ગોરાંણીઓ સ્કુલમાં જઈ માસ્તરોને હટાવી દઇ, સાંચાને અને જંતરોને સૌ બાંજી ફોડી, તોડી નાંખી, લડાઈ લડી આવેલીનો જાંણુવા લાયક દાખલો નોંધાયલો છે. છેક ઇ. સ. ૧૮૮૪-૮૫ ના અરસામાં પણ બેહેદીન લોકો, ગોરાંણીઓનો કુસ્તી વણવાનો એકલો હક અને એકલું પેટંટ છીણવી લેતાં જણાયાં ત્યારે ગોરાંણીઓએ જંગ મચાવી દીધું હતું. વારંવાર સ્ત્રીઓ મરદોની ગરજ સારતી. છેક ૨૩ વરસ ઉપર જ્યારે નવસારીમાં ચોરોનો ઉપદ્રવ વધી પડયો ત્યારે સ્ત્રીઓએ બબે ચોરોની સાથે ઓજાતોજથી લડી તેઓને છટકી જવા દીધા ન હોતા ! એવા પ્રકારના જોર અને બળના ઘણા દાખલાઓ છે.

મનબળ. મન શક્તિમાં નોશાકરાઓ બહુ ચઢીઆતા છે. સર્વથી બીકટ પરીક્ષા જે શીવીલશરવીશની ઇંગ્લાંડ જઇને પસાર કરવાની, તેમાં આજ સૂધી પસાર થયલા ૭ પારશી સીવીલ્યનોમાં ૨ તો બાપેદાદે નોશાકરા છે. મી. કાવશજી જામાસ્પજી પાદશાહ, અને મી. પીરોશા કેરશાસ્પજી દાદાચાંદજી નોશાકરા શીવીલ્યનો કહી શકાય. કહે છે કે એકવાર જામાસ્પઆશાના ખાંદાંનના પઢેલા દસ્તુરને વંચાવા સારૂ જરથોસ્તી ધરમને લગતી એક જુની કેતાબ એક યુરોપ્યન મુસાફર લાવ્યો હતો. આગમચથી ગોઠવણુ કરી રાખ્યા મુજબ માળ્યાં ઉપર કાગળ ખડયો ને કલમ લઈ તેવણુનો બેટો બેઠો હતો. બાપે મોટે સાદે તરાડા મારી રાગડો કાઢી પેલી કેતાબ વાંચવા માંડી. સામટા ૪ કલાક સુધી તે વાંચીને પુરી કીધી. બીજે દહાડે તે મુસાફરને દસ્તુરજીએ કહ્યું, કે એ કેતાબતો હમારે ત્યાં પણ છે. એમ કહી આગલે દહાડે બાવાનો રાગડો સાંભલી દીકરાએ બોલે બોલ ઉતારી રાખેલી કેતાબ બતાવી ! એના કરતાં પણ અજાયબ જેવી મનશક્તિના એક મુનશી હતા. જેવણુને "બજરોગ સાહેબ" ના નામે નવસારીમાં ઓળખવામાં આવતા હતા. તેવણુ તો સરકાર દરબારમાં

જે અગત્યના કે છુપા દસ્તાવેજો વાંચી આવે, તે આગલા બોલે બોલ રાતની વખતે લખી મુકે! તે લખેલી નકલોનો કેટલોક સંગ્રહ શેઠકે ખરીદી રાખેલો મોજુદ છે. એવી એવી નોશાકરાઓના મનબળની ઘણી વાતો છે.

ધનબળ. નવસારીમાં જાહેર થયલા સાહુકારો પૈકી હિંદુઓમાં વાણ્યા અને શ્રાવક તથા પારશીઓ છે. અહિંના સાહુકારો પાસે રોકડ રૂા. ૩૦ લાખથી વધારેની દોલત અંકાય છે.

લગભગ ૨০০০০০০ રૂપીયા સુધી બધા સાહુકારો મળી ધીરધાર ચલાવે છે. બીજા નાહના સાહુકારો ઘણા છે. મુસલમાનોમાં કોઈ વ્યાજ ખાઉ સાહુકાર નથી, કેમકે તેઓ વ્યાજ ખાવું, એ પોતાના ધર્મના ફરમાનથી ઉલટું ગણે છે. આપણુ નોશાકરાઓના અસલ બાપદાદા નિર્ધન અવસ્થામાં હતા. તે એટલે સુધી કે સરકારની ખંડણી ભરવાને પણ ગરીબ લોકો અશકત હતા. તેઓ તરફથી શ્રીમંતો કર ભરતા. નવસારીના માહજન લોકો ઉપરની ખંડણી હતી તે વડોદરાવાલા પરીખ હરી ભકિતએ સરકારમાં રૂા. ૨૫০০০ની મોટી રકમ ભરી માફ કરાવી હતી. નવસારીના મલેશર તથા મોટા ફલ્યાના પારશી બેહેદીન લોકો ઉપર ખંડણી હતી, તે શેઠ ફરાંમજી નશરવાનજી બાતલીવાલાએ રૂા. ૨০০০০ બદલે દેશાઇ મનોચેરજી ખુરશેદજીના વારસો તથા દેશાઈ મેહેરવાનજી રૂસ્તમજી જેઓને સરકાર તરફથી મોગલાઈ હકના રૂા. ૭૫০ મળતા હતા, તેટલું વ્યાજ ઉપજે એટલી રૂા. ૨০০০০ની રકમ દેશાઇજી મોસુફોને આપી તેઓ પાસેથી મોગલાઇ રૂા. ૭૫০ની વેચાણ લઈ સરકારને આપી માફ કરાવી હતી. તે વડોદરાની રેશીડન્સી મારફત સંવત ૧૮૮૧-૮૨ ના સાલમાં થયું. બાદ નવસારીના ગોલાં, ગાંચી, દરજી, શુથાર, કડીઆ, મોચી, વગેરે તમામ ગરીબ લોકો ઉપર ખંડણી હતી. તે લોકોએ જ્યારે સર જમશેદજી સંવત ૧૯০૬માં નવસારી આવ્યા ત્યારે તેમને અરજી કરી તેથી સંવત ૧૯০૬-૭માં શ્રીમંત ગણુપતરાવ મહારાજે સર જમશેદજી મારફતે વડોદરાના મોતીબાગ માટે જે ફરનીચર મંગાવેલું તેના આશરે રૂા. ૨০০০০ સરકાર તરફ લેણાં હતા તેનો જમાખરચ કરાવી, તે ગરીબ લોકો ઉપરની ખંડણી માફ કરાવી હતી. એ પ્રમાણે આગલા વખતમાં લોક નિર્ધન હતું. વળી નવસારીના એક જુના એહવાલમાં નિચે મુજબ હકીકત આપેલી

છેઃ—— " બાઉ તથા રાગવજી નામના પેશવાના અમલદારોએ નારણરાવ નામના એક ગાયકવાડ ઘરાણાના નબીરાને મારી નાંખવાથી નારણરાવની માય ગોપીબાઈએ પેલા રાગવને પકડી લાવવાનું હોકમ નામું કાઢયું હતું. એટલુંજ નહીં પણ જુદી જુદી જગાએ શીપાહો મોકલી લડાઇ આહી હતી." એવો મામલો જોઈ રાગવ નાશીને સુરતમાં જઇ ભરાયો. તે ઉપરથી નોશારીની રૈયત ઉપર ગોપીબાઇ ગુસ્સે થઇ, કે તેને નવસારી રહી રૈયતે જવા કેમ દીધો ? તેથી નવસારીની રૈયત ઉપર ૩૫૦૦૦ નો કર નાંખ્યો, તે દેશાઈ ખુરશેદજીએ પોતાની તરફથી તમામ આપ્યો હતો."

સ્થાંનિક સ્વરાજ્ય.

સ્થાંનિક સ્વરાજ્યના (Local Self Government) સંબંધમાં આ એક નોંધી રાખવા જોગ બીના છે, કે ઇ. સ. ૧૮૮૩ માં હિંદુસ્થાનના પ્રતાપિ અને પ્રજાપ્રિય વાઇસરાય, લૉર્ડ રીપને, આ દેશના લોકોનું હિત હૈડે ધરી સ્થાનિક સ્વરાજ્યની યોજના ઘડી, યાને કે દરેક શેહેરના મ્યુનિશિપલખાતાંનો કારોબાર શેહેરના લોકોના ચુંટી કાઢેલા મેમબરોની માર્ફતે ચલાવવો, તે લૉર્ડ રીપનની યોજનાનીતો વીશ વરસ પેહેલાંથીજ ગાયકવાડ સરકારે નવસારીને સ્થાંનિક સ્વરાજનો હકક બક્ષેલો છે. છેક સંવત ૧૯૧૯ (ઈ. સ. ૧૮૬૩) માં મહારાજા ખંડેરાવના દિવાન સાહેબ બાઉ સિંધ્યાએ કરેલાં નિચલાં લખાંણ ઉપરથી સમજાશે.

હજુર હુકમ અંક ૧૧ સ્વારી કડી પટ્ટણ વિગેરે

હુ. ફો. કા. અંક ૮૫

યાદી સરકાર હુજુર ફોજદારી કામદારની વિજ્ઞાપના હેવી જે નવસારી કસ્બા મધેના મારગોની ગંદકી દુર થઇને રાત્રે માર્ગ ઉપરના અંધારાંના નિરાકરણને માટે ફાણસની રોશની કરીને સુધારો કરવા વીશે પેશજી સરકારમાં યાદી રજુ કર્યા લગત એ બાબે રૈયત લોકને પુછીને ખુલાસો લખવા વીશે પ્રાંત અઠ્ઠાવીશીના શરશુબા ઉપર શેરો હુકમ મલ્યાથી તે કાગલ આ તરફના દક્ષિણ પ્રાંતના સર ફોજદારી કામદાર

માર્ફતે સરસુબા સાહેબ તરફ મોકલતાં તેઓએ સર ફોજદારી કામદારની સમક્ષ માહાલ કચેરીમાં તમામ પ્રજાજણ એકત્ર કરીને તેઓને ઉપલી બાબદનો પ્રશ્ન કર્યાથી તેઓએ એ સુધારાના કામ કરવા સ્વસંતોષ કબુલ કરીને તેના ખરચને માટે નવીન કેટલીએક જીણસો ઉપર હક લેવાનો મુકરર કરીને તે અવેજ રૈયત-પંચ મધેના લોકોની એક કંપની માફક મેમબર ઠરાવીને તેઓના અનુમતે જમાખર્ચ કરી તે કામમાં સરકાર તરફે મુલચંદ મકનદાસ (તે સર ફોજદારી કામદાર) એઓને અધ્યક્ષ નેમી તેઓ તરફથી હમોને લાગે તે મદદ અપાવામાં આવીને એ અવેજ ઉપર સરકારનો અથવા સર શુબા વીગેરે કામદાર લોકોનો અખ્ત્યાર ન રહેવા વીશે અભયપત્ર મળવા વીશે તે લોકોએ આપેલી કબુલાયતની નકલ સર ફોજદારી કામદાર માર્ફત આ તરફ મોકલ્યાથી તે નકલ હજુર રૂજુ કરીને વીનંતિ કરવાની કે આ બાબે સરકાર મરજીન રૂપ આજ્ઞાનો શેરો થઈને મળવો જોઈએ. મીતી કારતક સુદ ૧૫ સંવત ૧૯૧૯.

(શહી) ભાઉસીંદે.

એ ભાઉસીંદે પ્રથમ હજુર ફોજદારીના મુખ્ય અધિકારી યાને Police Commissioner હતા, તે વેળાએ તેવણે સરકાર હજુરમાં એ યાદી લખેલી. એ ભાઉ સીંધે પાછળથી દીવાન થયા હતા. આ ઉપરથી ખંડેરાવ મહારાજે નીચે મુજબ ઠરાવ કર્યો.

સ્થાનિક સ્વરાજ્ય માટે ખંડેરાવ મહારાજ.

નામદાર ખંડેરાવ મહારાજ, જેવણ એપીક્યુરયસના કત્તા શત્રુ અને હરક્યુલીશના ચુસ્ત મિત્ર હતા, તેવણે તો આસુદગી અને તનબળનેજ પોતાનો મુદ્રાલેખ કરી રાખ્યો હતો. એટલે પોતે તંદોરસ્ત રહે, તો પોતાની રૈયતની તંદોરસ્તી માટે પણ તેમણે કાળજીજ હતી. તેથી તેમણે ફરમાન કાઢ્યુંકે:——પ્રાંત અઠાવીશીના સરસુબાને હુકમ કે સદરહુ બાબતોનું ઉત્પન્ન થાય તે રસ્તા દુરસ્તી વગેરે નીમેલા ખરચમાં જશે. સરકારમાં જમા થવાનો નથી. ઉત્પન્ન પ્રમાણે બરાબર ખર્ચ કરીને કામ દુરસ્ત ચલાવવાની નજર રાખવા માટે સરકાર તરફથી મેમબર નિમવાનું થશે તેઓના વીદમાંને તથા તમે જે મેમબર મુકરર કરો તેઓના વિચા-

રથી કામકાજ ચાલીને શાલાબાદ જમા ખરચનો હીશાબ હજુર મોક-લતા જવું. કદાપિ ઠરાવેલાં ઉત્પન્નમાં વશુલ આવવામાં કોઇ તરફથી હરકત થશે તો તે મજકુર સરકારમાં જાહેર કરવો. એટલે વાજબી પ્રમાણે મદદ આપીને ઉઘરાંણીની તજવીજ થશે. એ પ્રમાણે સદરહુ લોકોને સમજુત આપીને આ શેરાની નકલ તમારી શહી સાથે તેઓને આપવી, અને ઉપર લખ્યા પ્રમાણે કોઇ સારો પ્રમાણીક માણસ સર-કાર તરફે મેમબર તેઓને મુકરર કરી અપાવવો. તથા ઉઘરાંણી વીશેની તમે નજર રાખવી. મીતી કારતક વદ ૨ સંવત ૧૯૧૯ મુ-કામ આંનંદ તાલુકે નાપાડ. દસ્તુર વામનરાવ લક્ષ્મણ ની. ફડનીશ.

આમ થવાથી નવસારીમાં સુધરાઈ ખાતું સ્થાપન થયું, અને કેટલાક મેમબરોને પ્રજા તરફથી લીધા હતા. પારશી મ્યુનિસિપલ મે-મબર લેખે તે વેળાએ દેશાઇ બરજોરજી નવરોજી નિમાયા હતા. ત્યાર બાદ એ સ્થાનિકસ્વરાજ્ય અંધાધુંધિમાં દહાડા કાઢવા લાગ્યું. તે છેક ઈ.સ. ૧૮૮૯ સુધી તેવું ચાલ્યા કીધું. બાદ નામદાર સરકાર શયાજીરાવ મ-હારાજ નવસારીમાં આવ્યા, અને તેવણે નવસારીને ઘણું આગળ વધતું એક નવરંગ શેહેર જોઇ લઇ, શેહેરની રચના રોનકમાં સુધારો વધારો કરવા-ના હેતુથી ખુદ પોતાને હાથે નિચે પ્રમાણે ઠરાવ લખ્યો, જેમાં તે નામ-દારના કેવા અમુલ્ય વિચારો તે વેળાથીજ છે, તે જણાઈ આવશે.

સયાજીરાવ મહારાજના અમુલ્ય વિચારો.

મે. રા. બા. નોશારી પ્રાંતના સુબા સા. તરફથી ફોજદારી હ-જુર જા. નંબર ૨૪૩ તા. ૩૦ મે ૧૮૮૯ ની યાદી ઉપરથી શ્રીમંત સરકાર માહારાજ સાહેબ (શયાજીરાવે) એઓએ પોતાને હાથે નિચલો ઠરાવ કર્યો.

“ સર માધવરાવ એઓનો બીન તારીખનો મેમો જોયો છે. તેમાં કનસલટેટીવ કમિટિ નેમવી એમ છે, તે પ્રમાણે કરવાને આ તરફથી હુકમ લેવાની વિશેષ જરૂર નથી. ખેર. તથાપિ કમિટિ નેમેલી અસ્તાં હમોને ખુશી છે. માજી દીવાનના હુકમાનુવયે શુભા લક્ષ્મણ જગન્નાથે કમીટી કેટલોક વખત ભરેલી હતી; અને ભર્યા પછી તેમાં શું શું કામ તથા તે કેમ થયું તેના હમે પોતે (શયાજીરાવે) એક બે પત્રો જોયાં.

નાયબશુબાએ કમીટીઓ ભરવી એ યશસ્વી થાય છેકે કેમ અને નયશસ્વી થવાના કારણો સહજ પોતાના પત્રોમાં દરશાવેલાં છે. પરંતુ તે બીજે ઠેકાણેના નિયમોથી નવસારી અપવાદ સમજે છે. એ તેવણનું બોલવું અનુભવ સિદ્ધ કરી દેખાડવાને લોકો ઉપર તથા સ્થાનિક અમલદારો ઉપર અવલંબી રહેલું છે. કેટલોએક વખત કમીટી ભરવાનો પ્રઘાટ અહીં ચાલુ હતો, એ ઉપર દરશાવ્યું છેજ. પરંતુ દુર્દૈવે તે સારો રેવાજ થોડી પણ મુદત સુધી જીવતો રહેવાનો હતો, તે પ્રમાણે થોડા દિવસમાં મરણ પામ્યો; અને હતો કિંવા નહીં તેની સુદ્ધાં અમલદારોને યાદ રહી નથી એ બીલકુલ ઠીક નથી. જો યોગ્ય અમલદારના મનમાં હતું કે કમીટિ નેમવી પ્રસસ્ત હતી તો તે શરૂ થયલો રેવાજ આગળ જીવતો રહેવા ઉત્તેજનરૂપી પાણી પાઇને દરખત જીવતું રાખવાનું હતું, તેમ થયું નહીં એ સોચન્ય છે. આ એક મને લાગે છેકે હમારા નેટીવ લોકોમાં મોટી સોચન્ય વાત છે કે, તેઓમાં સતત (એક સરખો) પ્રયત્ન રહી શકતો નથી. જોઇએ તે વાત મળી તથા હસ્તગત થઇ એમ સમજાયું કે તેનું ફરી નામે લેવું નહીં. એ સ્વભાવના ચિન્હો ઉપરથી કમીટી સિદ્ધિએ જાય છેકે નહીં તેનો મને ખરેખર અંદેશો છે. ખેર. અનુભવ ઉપરથી કહેવામાં આવે તે ખરૂં. હું એક બારગી સર માધવરાવ કરતાં પણ વધારે આગળ જવા તથા સારાં મહત્વના સ્વરૂપ આપવા તૈયાર છું. પરંતુ એ સિદ્ધિએ ગયા વગર આગળ જવું મુનાશબ ન સમજીને ત્રુર્ત છે તેજ કરવું. તેથી ફરમાવાની જરૂર નસ્તાં, ફરમાઉં છું કે consultative body ને યોગ્ય પ્રસિદ્ધતા વગેરે આપ્યાથી લોકો જાસ્તી લક્ષ કદાચિત આપશે. એવા પ્રકારની મોંઢેથી કહેલી સુચનાઓ કેવળ માહીતી માટે હું શરશુબાને દ્વારે સુદ્ધાં જણાવી ચુકયો છું. આ સુચના સમજવાની છે. આ મ્યુનીશીપાલીટી ઘણીજ જુની સંવત ૧૮૧૯ની છે. ઉપરીના (consultative) હાથ નીચેના અમલદારે પ્રમાણીકપણે અમલમાં લાવવી ઘણું સ્તુત્ય છે. એવા ઘણાજ અમલદાર હોય તો રાજરીત ભરબરાતે પોહોંચે છે.

તા. ૫ જુન ૧૮૮૬.

(શહી) શ્રીમંત સરકાર મહારાજા શયાજીરાવની શાહી છે.

મા. શરશુબા નોશારી જા. નંબર ૨૮૫૩

યાદી મે. રા. બા. નવસારી પ્રાંતના સુબાસાહેબ તરફ માહાલો-

નીહાય શર સુબા તરફથી લખવાની કે

આપની યાદી ફોજદારી હજુર નં. નંબર ૨૪૩ તા. ૩૦ મે ૧૮૮૬ ની પ્રાઇવેટ સેક્રેટરી સાહેબ ની. શ્રીમંત સરકારને નામે આવેલી શ્રીમંત સરકાર માહારાજ સાહેબની આગળ મુકવામાં આવી અને તે સંબંધી તેઓએ જે ઠરાવ લખ્યો તેનો ઉતારો આ સાથે મોકલ્યો છે, તે ઉપરથી તેઓના વિચાર આપના લક્ષમાં સેહેજ આવશે.

નવસારીમાં મ્યુનીશીપલ કમીટી સ્થાપન થવા સંબંધી જે આપની સુચના તે યોગ્ય છે, પરંતુ આપની આફીશના રીકાર્ડ ઉપરથી આપણને જણાઇ આવશે કે, માજી દિવાન નામદાર સર. ટી. માધવરાવ સાહેબના હુકમથી તે વખતે મ્યુનીશીપલ કમીટીની સ્થાપના થઇ હતી. અને તેના કામ કેટલાએક દિવસ ચાલ્યાં. પછી તે કયારે, ને શામાટે બંધ પડયાં તેની માહીતી પડતી નથી. એટલા માટે હવે જે કમીટી સ્થાપન કરવાની છે તે કાંઇ નવીન સ્થાપન કરવાની નથી, પરંતુ આગળ થયલા હુકમ પ્રમાણે જે બ્યવસ્થા ચાલી અને દરમ્યાન બંધ પડી તેજ પાછી ચલાવવાની છે. એટલા માટે આપની કચેરી મધેની ફાઇલો જોઇને જે ધોરણે કમીટી કરવાના કામ આરંભ્યાં હતાં તેજ ધોરણે આગળ ચલાવવાં જોઈએ.

હમોને લાગે છે કે, બની શકે તેટલી તાકીદે કમીટી ભરીને મ્યુનીશીપાલીટીના કામ તેઓની સલાહથી ચલાવવાં. જોકે માજી દીવાન સાહેબના હુકમમાં **સલાહકાર કમીટી** એમ લખેલું છે તોપણ હમોને લાગે છેકે, બહુમતે જ્યાં સુધી કામ ચાલી શકે ત્યાં સુધી ચલાવવાં જોઇએ. એમ થવાથી રૈયત લોક મ્યુનીશીપાલીટીના કામ ઉપર વિશેષ ઉત્સુકતાથી લક્ષ આપશે.

આવતા શાલના બજેટ, કમીટી આગળ આપણુ જલદી લાવીને જાસ્તી મદદ આપને સરકારમાંથી જોઇતી હશે તો આપના તરફથી લખાઈ આવવાની કૃપા થવી. એટલે સરકારને વીદિત કરવા ઠીક પડશે. તેજ પ્રમાણે મ્યુનીશીપલ કમીટીના નીયમ કેવા કરવા જોઇએ તે આપણુ કમીટીની સલાહથી ઠરાવીને મ્યુનીશીપલ ખાતાં તરફ મંજુરી સારૂ મોકલશો.

પેટામાંની શ્રીમંત સરકાર મહારાજા સાહેબની મીનીટ ઉપરથી જણાઇ આવશે કે સરકારની ઈચ્છા મ્યુનીશીપાલીટી સારા પાયા ઉપર લાવવાનીછે. અને જે વખતે તે સારી અવસ્થામાં આવશે તે વખતે શેહેરની

સુધારણા વિશેષ થશે એટલુંજ નહીં પણ, લોકોને કેટલાક અધીકાર હાલ નથી તે પ્રાપ્ત થવાનો સંભવ પણ છે. એટલાં માટે આપણ તથા કમીટીના મેમબર આ કામ લક્ષ લગાડીને ચલાવશો એવી આશા છે. તા. ૫ જુન ૧૮૮૬.

(શહી) લક્ષ્મણ જગન્નાથ માહાલાંનીહાથ શરશુબા.

નવસારી મ્યુનિશિપાલિટિ.

ઈ. સ. ૧૮૬૩ પેહેલાં મ્યુનિસિપાલિટિ જેવું અત્રે કશું નોહોતું. જ્યાં જુઓ ત્યાં સડકને બદલે ગવેરો હતી. મેતલ્દરોડને બદલે ધુળના ઢગલામાંથી ચાલવું પડતું. જ્યાં તાતાબાગ હાલ છે ત્યાંથીતો કોઈથી એકલા જવાતું નોહોતું. ઉંચા ટેકડાઓની વચ્ચે ખીણોમાં થઈને રસ્તો કાપવાનો હતો. તે ખીણોમાં ચોર લુટારાની પણ ધાસ્તી રેહેતી. મ્યુનિશિપાલિટિની લાઇટ કે પાણી છંટકાવ જેવું કશું નોહોતું. સંવત ૧૯૧૯માં મ્યુનિશિપાલીટી સ્થપાઇ, અને આજે સુધરેલી સરકારના પ્રતાપે નવસારીમાં આશરે ૧૦ મૈલ જેટલી પાકી સડકો થયલી છે. અંધારી રાતે દીવાબતીના ૩૦૦ ઉપર ફાનુસો સળગે છે. નામદાર માહારાજાએ વડોદરા અને નવસારી એ બેજ શેહેરોને મ્યુનિશિપાલિટિના એક સરખા નિયમો લાગુ કર્યા છે. મ્યુનિશિપાલિટિના પાંચ વાર્ડ કરવામાં આવ્યા છે. ૧—થાંણા જીલ્લો. ૨—મલેશર જીલ્લો. ૩—મોટા બજાર જીલ્લો. ૪—મોટા પારશીવાડા જીલ્લો. અને ૫— ગોલવાડ જીલ્લો. શેહેર સ્વચ્છતા માટે ૪૦થી૫૦ ભંગીઓ, ૫ શીપાઇઓ, ૧ મુકાદમ, ૧ ઇન્સપેકટર, ૧ સેકરેટરી છે. તેઓને માથે "સુધરાઈ કામદાર" નામે એક અમલદાર છે. જે પરશનલ નાયબ શુબા છે, તેમનાજ હાથમાં એ ખાતું છે. શેહેરમાં પાણી છંટકાવ મુખ્ય ૨૫ રસ્તાઓ ઉપર થાય છે. પાણી છંટકાવ માટે મુખ્ય ૩ કુવા છે. રામબાઇ માતા આગળનો—સ્ટેશન તરફ ઢેડવાડા પાસેનો—અને કાલ્યાવાડી આગળ જુના થાંણાના પાછલાબાર આગળનો. એ ત્રણ કુવા બસ નથી. એક અજબ જેવી બીના નોંધવા જોગ છે, કે મ્યુનિશિપાલિટિ બદલ એક પાઈનો પણ કર લીધા વગર સરકાર પોતે પોતાની પાકીટમાંથી એ બધો તમામ ખર્ચ કરે

છે. કર જેવું કશું નથી. તો જોકે તોલ ટેક્ષ લેવામાં આવે છે તે મ્યુનિશિપાલીટીમાંજ વપરાય છે. મ્યુનિશિપાલિટિની આવક નિચે પ્રમાણે છે:——સરકાર તરફથી ગ્રાંન્ટના રૂા. ૩૬૯૧—જકાતનું ઉતપન્ન ૧૦૦૦૦—રખડતાં જાનવરો ડબાંમાં દાખલ કરવાના દંડના રૂા. ૨૨૦ ભાજીમાર્કેટના રૂા. ૧૨૪૦—મચ્છી મારકેટ (Fish Market) ના રૂા. ૧૫૦—માંસ મારકેટ (Mutton Market) ના રૂા. ૯૨—મ્યુનિશિપાલિટિની જમીનનું ભાડું રૂા. ૧૬૦—ઘરોમાં નવીન બારી બરસાક મુંકવામાં આવે તેનું ઉત્પન્ન રૂા. ૫૦— તથા બીજી પરચુરણ ઉપજ રૂા. ૫૦ એ પ્રમાણે આવક છે. અને ગ્રાંટ શિવાય કૃપાવંત સરકાર, મ્યુનિશિપાલ એસ્ટેબ્લીશમેંટ પાછળ લગભગ રૂા. ૭૮૫૦નો ખર્ચ કરે છે તેતો જુદો. વળી પબલીકવર્કસ્ના કામો પાછળ નવસારી પ્રાંત માટે દર વરસે સરકાર દોઢલાખ રૂપ્યા ખરચે છે, અને કોઈ વરસે તો તેથીબી વધીને ૨ લાખ સુધી ખરચ કરે છે. વડોદરાની બરાબર શેહેર લેખે મ્યુનિશિપલ બાબદમાં નવસારીને સરકારે શેહેર ગણેલું છે, અને જેમ વસ્તી વધે તેમ ગ્રાંન્ટ વધારવા ઠરાવ કરેલો છે. પ્રથમ સર. ટી. માધવરાવે ઇ. સ. ૧૮૭૭માં દર માણુસે ા રૂા. ગ્રાન્ટ આપવા ઠરાવેલો, પણ કૃપાવંત માહારાજાએ તા. ૧૦-૩-૧૮૯૨ ને દીને ૭૦૦૦થી વધારે માણુસ થાય તો દર માણુસે રૂા. ાાની ગ્રાન્ટ આપવા ઠરાવેલું, છતાં અત્રેની મ્યુનિશિપાલીટી તે પ્રમાણે ગ્રાન્ટ મેળવતી નથી ! ત્યારે આપણી સરકાર આપણા સુખ માટે શું ઓછું કરે છે ? કુલ ખરચ ૧૦૯૫૦ સુધીનો સરકાર કરે છે. વળી સરકાર ખરચ કરે છે, અને સુધરેલા દેશોની માફક તેનો કારોબાર રૈયતના હાથમાં સોંપ્યો છે. ખત્રી, ગોલા, ઘાંચી, કુંભાર, ગાડી ભાડે ફેરવનાર વટીકને તો ચુંટણીનો હક આપ્યોછે ! અને કુંભાર, ખત્રી, વગેરે શેહેર સમાજી થઇ શેહેર સુધરાઇ વિષે વિચાર ચલાવી તેનો બંદોબસ્ત કરે છે. હાલ ૨૨ મેમબરો છે. સુધરાઇ કામદાર-પોલીસનાયબશુબા-એકઝીકયુટીવ એનજીન્યર-સીવીલસરજન-નવસારી તાલુકાના વહીવટદાર-અને સરકારી નિશાળના વડા શિક્ષક મી. નરભેરાંમ મણીશંકર જોશી એ ૭ મેમબરો સરકાર તરફના ચુંટેલા છે; અને મેસર્સ ફ્દરજી મોહનભાઈ વકીલ-દેશાઇ મનચેરજી બરજોરજી-મણીશંકર અંબારામ શાસ્ત્રિ—મુલ્લાં રહીમમુલ્લાં હામેદભાઇ-નગીનદાસ જીવણજી મારવાડી-ખરશેદજી માણેકજી વજીફદાર-કાવશજી હોરમજી દાદાચાંદજી-નનુમીઆં

હાજીમીઆં-ઘેલાભાઇ ગોકળદાસ પારખ-કશન વનમાલી ખત્રી-નવરોજી ફરાંમજી તંબોલી-બહમનજી શાપુરજી ડેબુ-ફકીરમીઆં એનાયતમીઆં-નવરોજી ચાંદજીભાઇ મેહેતા-રતનજી દુલભભાઇ-અને છીબા ભગવાંન કુંભાર એ ૧૬ મેમબરો રૈયત તરફથી ચુંટી કઢાયલા છે. દર ત્રણ વરસે નવીન ચુંટણી કરવાનો ઠરાવ છે. દર વરસે સરાસરી ૨૬ વખત કમિટિને બોલાવામાં આવે છે, ત્યારે સરાસરી ૧૨ વખત કોરમ મળે છે. હાલ જાજરૂ વેરો દાખલ થયાથી ભંગી લોકની સંખ્યા બેવડી આણી છે.

સ્લૉટર હાઉસ યાને બકરાં કાપવાનો એલાહીદો વાડો કરવાનું-બજારના રસ્તા પોહળા કરવાનું-મ્યુનિશીપાલ સ્ટોર હાઉસ-બંબાખાંનું-મ્યુનિશિપાલ હોલ વગેરે બાંધવાના તથા ફાયરબંબ રાખવા માટેના કામો ચાલતાં હતાં, તેમાં કેટલીક બાબદ હાલના શુબા સાહેબ ખાસેરાવના અમલમાં, અમલમાં આવવા લાગ્યાં છે. વરિષ્ટ કોર્ટના જડજ રા. બા. જનાર્દન સખારામ ગાદગીલે નવસારીની સુધરાઇ વીશે કહ્યું છે કેઃ—— " In Navsari the intelligent Parsi Community builds houses and lays out gardens in a style borrowed from Bombay reclaims land from the sea, and turns the course of rivers to irrigate the fields. "

એક શેહેરના આવરદા ૭૫૦ વરસના ગણાયલા છે. પાદર જેવી સ્થિતિ ઉપરથી લગાર કશબા જેવી હાલતમાં આવતાં ૨૫૦ વરસ લાગે છે. અને તે ૧લો તબકકો છે. ૨૫૦ વરસ તેને એક શેહેર થતાં લાગે છે, તે ૨જો તબકકો. અને તેને છેક પડતીમાં આવતાં ૨૫૦ વરસ લાગે છે, તે ત્રીજો તબકકો છે. નવસારી હાલ ૨ જા તબકકાની અધવચમાં આવતી જાય છે. એકસો વરસમાં તો એક મોટું શેહેર થઇ પડે એવાં ચિન્હો જણાય છે. લુનશીકુઇના લત્તા તરફ પાછી વસ્તી વધવાનો સંભવ છે. હાલજ ઉત્તરે વેરાવળ, દક્ષિણે " દેશાઇ કેસલ " નામનો બંગલો, પૂર્વે કાલ્યાવાડીનું નાકું, અને પશ્ચિમે રેલ્વે સ્ટેશન સુધીનો ૬ મૈલનો ચકરાવો શેહેરનો ભાગ ગણાયલો છે. બધા મળીને મુખ્ય મોહોલ્લા ૧૧૨ છે. તેમાં મોટા બજારને એક મોહોલ્લો ગણતાં તેમાં ૨૦૦ ઘર આવેલાં છે, અને કાજી મોહોલ્લો તેથી ઉતરતો ૧૨૫ ઘરનો છે. તેથી ઉતરતો થાંણા મોહોલ્લો ૧૦૦ ઘરનો છે. એમ ઉતરતા ઉતરતા

મોહોલ્લા છે. કોઇજ એવું શેહેર હશે, કે જ્યાં એકજ જથ્થે એકજ જાતિના અને એકજ ધંધાના કે એકજ કુટુંબના મોહોલ્લાઓ નવસારીના જેવા હશે. નવસારીમાં તો તમામ પારશીઓ બે ભાગમાં એક જથ્થે વસે છે. ખત્રીવાડમાં ખત્રીઓજ, ગોલવાડમાં ગોલાઓજ, એમ વસે છે; એટલુંજ નહીં પણ એક કુટુંબના પણ એકજ મોહોલ્લામાં વસે છે, જેમ કે દેશાઇવાડમાં દેશાઇ કુટુંબજ વસે છે.

દરિયાઈ આયાત અને નિકાસ.

છેક પંદર બરસ ઉપર નવસારીમાં દરીયા માર્ગે નીચે પ્રમાણે આયાત નીકાશ થતી હતી. ફક્ત દરીયા માર્ગેજ નીકાશ થતી ચીજોમાં રૂા. ૩૭૯૪ નો ખોલ.–રૂા. ૮૬૭૭ નો ગોલ–રૂા. ૮૮૨ નો તલ, કેરી, સુરણ, અને આદુ–વીગેરે દરીયાઇ વાર્ષીક નીકાશ રૂા. ૧૩૩૫૩ ની થતી. રેલ્વે માર્ગે, અને પગ રસ્તે નીકાશ થાય છે તે તો જૂદી છે. નવસારીમાં દરીયામાર્ગે આયાતમાં રૂા. ૨૮૭૪ ના નાલ્યર, રૂા ૬૯૦ નો ખજુર, રૂા. ૧૦૯૯૮ ના બાંધકામના સાગલી લાકડાં, રૂા. ૫૭૫ ના સાટકા, રૂા. ૫૭૫ ના વાંસ, રૂા. ૨૩૦૫ નું સુખડ, રૂા. ૭૭૫નો ચુનો, રૂા. ૨૦૭૬ના ઘર બાંધવાના પથ્થર, રૂા. ૨૫૮૨ના બુમલા, અને રૂા. ૩૦૦૩ ને આશરે બીજી ચીજો મળી રૂા. ૩૦૧૮૪ ની વાર્ષીક આયાત થતી. રેલ્વે માર્ગે તો જુદી.

કુદરતી બનાવો.

આગ—નવસારીમાં આગ લાગવાનો ચાલ જવલેજ છે. સંવત ૧૯૪૦ માં સયાજીરાવ મહારાજની સ્વારી નવસારી પધારી ત્યારે લુનશીકુઇ આગળનો મંડપ સળગી ગયો તે, અને બીજી મોટામાં મોટી કોઈપણ વાર આગ લાગી હોય, તો તે ઇ. સ. ૧૮૯૭ માં મોટા બજારમાં લાગી, અને ૧૦ દુકાંનો બળી ગઈ, રૂા. ૧૫૦૦૦ સુધીનું નુકશાંન થયું. આગ ઓળવવાના સાધન લેખે અત્રેના પારશી લોકો, ચાલતા બુંબાના જેવા છે. અસલતો જુજવીજ આગ લાગી હતી, અને તે નહીં જેવીજ

હતી. નવસારીને તેની પોતાની આગે તો કોઇ દિન ખરાબી કીધી નથી, પણ સુરતની આગે નવસારીનું ઘણું સત્યાનાશ વાળ્યું છે. પીંઢારા લુટારાના ડરથી સુરતમાંજ નવસારીના લોકો પોતાના ખત પત્રો, અને જીણસભાવ રાખતા હતા. ઇ. સ. ૧૮૨૨ માં તથા ઇ. સ. ૧૮૩૭ (સંવત ૧૮૯૩) માં સુરતમાં જે મોટો અગ્નિ કોપ થયો, તેમાં નોશાકરાઓનું બહુ બળી ગયું. આજેપણ નવસારીના પુષ્કળ ઘરોના અસલ ખત પત્રો મોજુદ નથી. સરકારમાં વટીક ખત પત્રો માંગતા, "તે તો સુરતની આગમાં બળી ગયાં," એમ જવાબ આપવાનો અહિંઆં શિરેસ્તોજ પડી ગયો છે. મોટા દેશાઇવાળાઓની તમામ જાગીરોના ખત પત્રોની પેટી એ આગમાં બળી ગઇ હશે, એમ કેટલાક વખત તેર માનવામાં આવ્યું; પણ તે ખત પત્રો વગર તેઓની જાગીરો જતી રહેવાનો જ્યારે કટાકટીનો વખત આવ્યો ત્યારે ખુદરતે યારી આપી હતી, અને તેનો તવારીખમાં નોંધાયલો એક બનાવ એવો બન્યો છેકે, એક રાતે દેશાઇ એદલજીભાઇના સ્વપ્નામાં તેવણના પુજ્ય પિતા દેશાઇ નવરોજીભાઇ કહીગયા, કે દસ્તાવેજો વીશે ફકર કરવી નહીં, તે સઘળા સુરતના નજરઅલી વલીભાઇને ત્યાં અનામત બચેલા છે. એ પ્રમાણે ૩ વાર એકજ રાતે એકજ પ્રકારનો સ્વપ્નો આવ્યો, અને વાત પણ ખરી પડી. તે મીઆં સાહેબે દેશાઇને બચાવા તે પેટી કાઢી લઇ પોતાને ત્યાં બચાવી હતી. તોપણ બીજા પુષ્કળ દસ્તાવેજો એ આગોમાં દેશાઇઓના બળી ગયા હતા.

રેલ—જ્યારે આગનું નામ નવસારીમાં બીલકુલ જેવું નથી, ત્યારે રેલ દર વરસે આવે છે. સાલ્હેર મુલ્હેરના પાણીથી પૂર્ણા નદિ બોલ બોલતાં જળમય થઇ જાય છે. ઇ. સ. ૧૭૮૧–૮૨ માં મોટી રેલ આવી હતી ત્યારે મોહોલ્લાઓમાં હોડીઓ ફરતી થઇ હતી. તેવીજ મોટી રેલ ઇ. સ. ૧૮૮૧–તથા ૧૮૮૩ માં આવી હતી. તે વેળાએ પણ પારશીવાડાઓમાં હોડીઓ ફરી હતી. મેહેરજીરાંણા લાયબ્રેરીના નાક આગળ, અને દેશાઇવાડની અધવચમાં, સાંગાવાડમાં પૂર, અને તશકિતામાં છેકવેર, તથા બજારમાં ભાજી મારકીટ સૂધી, અને થાણા સુધી રેલના પાણી આવ્યાં હતાં. તે રેલને લીધે આખો સાંગાવાડ પડયો, અને નવેસર બંધાઇ ગયો છે. છેક છેલ્લાં ચાર વરસ ઉપર તેવીજ મોટી રેલ અત્રે આવી હતી. પણ પૂર્ણા નદિએ ઉતર તરફ પોતાનો બીજો રસ્તો પણ હાલે શોધેલો હોવાથી જોર જણાવ્યું નોહતું.

" **પુછડીઓ તારો**—નવસારીમાં ઇ.સ. ૧૮૫૭ માં અને પછી ઈ.સ. ૧૮૮૧-૮૨ માં આકાશ ઉપર મોટી સાવરણી જેવાં પુછડાં સાથનો પુછડીઓ તારો જણાયો હતો. અને ઈ. સ. ૧૮૬૩માં મોટું સુર્ય ગ્રહણ થયું હતું. ઈ. સ. ૧૮૧૯ માં મોટો ધરતીકંપ અતરે થયો હતો. પલંગ પર પોઢેલા પડી ગયા હતા. રસ્તે ચાલતાં લોકો ચકરી આવી પડી ગયાં હતાં. ઘણા ઘરો તેથી જોખમાયાં હતાં.

માતાનો કોપ—ઈ. સ. ૧૮૯૬ થી મુંબઈમાં બ્યુબોનીક ફીવરથી મરકી શરૂ થઈ તે વેળાએ માત્ર નવસારીજ એવું શેહેર નિવડયું, કે જ્યાં એકપણ સ્થાનિક કેસ મરકીનો બન્યો ન હતો. ખુદાનું ધારેલું તેજ થાય, પણ તેમાં માનવીના પ્રયત્નની જરૂર પણ ના પાડી શકાય નહીં. અત્રેના રાજ-પ્રજાહિતવર્ધક શુબાસાહેબ ખાસેરાવના ચાંપતા ઉપાય મરકી અટકાવાને માટે ચાલ્યા. તે ઉપરથી માતાનો કોપ, જે ૨૫ વરસો પેહેલાં અતરેના ગોલવાડમાં પુર જોશમાં ચાલ્યો હતો, તેજ અત્રે ઉભરી નીકળ્યો. ગોલવાડમાં ઘરેઘર ધુણનારીઓ નીકળી. લગભગ ૬૪ જણીઓ તેમાં ઘાંચણ, ધોભણ, મોચણ, ગોળણ, વિગેરે ન્યાતિઓ પૈકીની સ્ત્રીઓને માતા આવી, અને કંઈ કલ્પના થઈ નહીં શકે એવી અજબ જેવી રીતે તેણીઓ કલાકો અને દહાડાઓ ગણત્રિ સુધી પોતાની ડોકીને ધડ ઉપર ફેરવ્યા કરતીઓ હતી. અંગ્રેજલોકોમાં સેંટ વીટસીસ ડાન્સને મળતી આ ધર્માંધ ઝનુનની અસર છે. કેમકે તેમાંની કેટલીકોને સત્તાવાલાઓએ ઢોંગ માની આતશ ઉપર વટીક ચલાવી જોઈ હતી. એ માતા હલકી વર્ણના લોકમાં આવવાનું કહેછે. ૨૫ વરસ ઉપર પણ એજ કોપ ચાલ્યો હતો. ગોલવાડના વડ આગળના માતાઓના થાંનક આગળ હંમેશાં, એ ધુણવાનો વા લાગેલી સ્ત્રીઓ ધુણે છે. ગામે ગામથી વેહેમી લોકોના ટોળાં એ માતાનો કોપ જોવા અંતરે આવ્યાં હતાં. તે માતાઓ ભવિષ્ય વાંણીઓ ધુંણતાં ધુંણતાં કહેતી હતી. મરકીની આગાહી અને બીજા કોપોની અગમચેતી જણાવતી હતી. શાલ આબાદ થશે કે બીઆબાદ થશે તે તેણીઓ જણાવતી. વરસાદ કેવો થશે, ધાન્ય કેવું પાકશે વિગેરે સુખ દુઃખોના ભવિષ્ય પુછે તેટલાં કહેતી હતી. કેટલીકો હાથમાં આતશના કકડા લઇ ચોળી નાંખતી. એ વિગેરે પુષ્કળ ચેતક ચાલ્યું હતું. પાછળથી પોલીસે એ માતાઓને ધમકી આપી ઉઠાડી મેલી હતી. તેમ ન થયું હોતતો લાંબો વખત વેર તેમજ ચાલત. કેમકે લોકો ધંધોધપો છોડી તે ઉપરજ પડયાં હતાં.

દુકાળનો કાળ.

ગૂજરાતમાં અને તેથી કરીને આપણા નવસારીમાં મુખ્ય ૩ દુકાળો પડયા હતા. સડતાળો–સાહઠો–અને અગણોતરો, એવા ત્રણ દુષ્ટ કાળો નવસારીએ દીઠા છે. સંવત ૧૮૪૭ (ઈ. સ. ૧૭૯૦) માં પડેલા દુકાળને સડતાળો, સંવત ૧૮૬૦ (ઇ. સ. ૧૮૦૪) માં પડેલા દુકાળને સાહઠો, અને સંવત ૧૮૬૯ (ઈ. સ. ૧૮૧૨) માં પડેલા દુકાળને અગણોતરો એવાં સંક્ષિપ્ત નામો આપ્યાં હતાં. તેમાં સડતાળો ઘણો જબરો હતો. તેવારે રેલ્વેનું સાધન ન હોતું, તેથી સુકાળવાળા ભાગમાંથી દુકાળવાળા આ ભાગમાં દાણો લાવી શકાયો નહીં. લુચ્ચા કણીઆઓએ વરસાદ જરા થોડો પડયો કે પોતાની દાણાની વખારોને તાલાં મારવાનો અને દુકાળ નહીં તો મોંઘવારી પાડવાનો રવૈયો અતરે ઘણો ચાલતો. એકવાર સંવત ૧૭૮૮ માં તો વરસાદ સારો પડયો, અને અનાજ સારો પાકયા છતાં, અતરે દુકાળ પાડવામાં આવ્યો હતો. કહે છેકે સડતાળામાં અનાજ મોંઘું અને ઘી સોંઘું હતું. તેથી કહે છેકે ભુખે મરતાં નોશાકરાંએએ અડાયાં તથા લીપેલા પોપડાને ઘીમાં તળીને ખાઈ પેટ ભર્યું હતું ! અરેરે ! આપણા અસલી નોશાકરાઓને જાનવરનું છાંણ વટીક ખાવામાં લેવું પડયું હતું ! એ સડતાળાના કાળ કરતાં વળી અગણોતરો ઘણો સખત કહેવામાં આવે છે. સડતાળામાં જે સ્થિતિ નવસારીની હતી તેજ સુરતની પણ હતી. કવિ નર્મદાસંકરની સુરતની મુકતેસર હકીકતમાંથી ઉતારાનો ઉતારો અત્રે આપણે કરીશું; કેમકે આખા ગૂજરાતમાં એક સરખો દુકાળ હતો.

"એ દુકાળ એવો તો ભારી હતો કે, વરસાદ મુળગો વરસ્યો નહીં. ને અનાજ બીલકુલ પાકયું નહીં. ઘણી મોઘવારી ચાલી, એક રૂપીઆનું ૮ શેર અનાજ મળતું. ને તે પણ સો પચાસ રૂપીઆનું સામટું જોઇયે તો ન મળે. જેની દુકાનમાં અનાજ હતું, તે પણ વેચી શકતા નહીં, કેમકે ગરીબ લોકો ભુખે મરવાને લીધે લુટફાટ કરતા. બે ચાર દહાડા વધારે પોહોંચે એટલું અનાજ તો કયાંથીજ મળે ? બંગાલી ચોખાની ગાંસડીઓ પુરી પડતી નહીં, કેમકે વાંહાણની ખેપ વરસમાં એક બે વાર થતી. સાહુકારો ખજુર ને ધાણી ચણા વ્હેંચતા. તે ખાઇ, પાણી પી,

"ગરીબ ગુરબાં સુઈ રહેતાં. કેટલાંક બાપડાં ઢોરને ખાવાની કુસકી ખાઈ રહેતાં. કેટલાંક ગરીબો મ્હોલે મ્હોલે ફરીને ઓસાંમણ માંગી પીતાં. કેટલાક આબરૂદાર લોકો ભુખે મરવાથી કુવોટાકું કરતાં. છોકરાંઓને ભુખથી ટળટળતાં જોઇને તેઓના માબાપો તેઓને અશ્વની કુમાર લઇ જઈ સહુ તાપીમાં ઝંપલાવતાં. કેટલાક નિર્દય ઘાતકીઓ, પોતાના છોકરાંને મારી નાંખી તેનું માંસ ખાતા. સુના રૂપાની જણસો સસ્તે ભાવે લોકો વેચવા કહાડતા, તોપણ તેના લેનાર મળતા નોહોતા. તડકો અતીસે પડતો. મરકી પણ ખુબ ચાલતી. એટલા તો લોક મરતા કે સરાહના દરવાજા બ્હાર અને નવસારી દરવાજા બ્હાર નવાબે બે મોટા ખાડા ખોદાવ્યા હતા. તેમાં મુડદાં નંખાતાં. ગરીબ ગુરબાંનાં તથા કેટલાક કોળી દુબલાંનાં મુડદાં તો રસ્તે રઝળતાં. એ દુકાળ દહોડ વરસ રહયો." વળી સંવત ૧૮૬૦ માં પડેલો દુકાળ તો સડતાળાથી ઉતરતો હતો, પણ અગણોતરો જબરો હતો. ગુજરાતમાં અને તેને લીધે નવસારીમાં એ દુકાળ જબરો કેહેર વરસાવી રહ્યો હતો. તેનું દરામણું બ્યાન "સુરત અખબાર" ના ઉતારા ઉપરથી ઉતારો કીધાથી સમજાશે.

"અગણોતરો કાળ ઘણાએ સાંભળ્યો હશે. લોકો એ વખતે કળયુગ આવેલો કહેતાં. અને ગુજરાતમાં પડયો માટે ગુજરાતના લોકોના પાપનું પરિણામ સમજતા. તીડ એ સુકવણાના પેગામ ગણાય છે. ૧૮૧૦ માં બંગાલા તરફથી તીડ નીકલ્યા તે ૧૮૧૧ માં મારવાડ લગી આવ્યા. તેઓએ ખેતર અને ઝાડ એવી રીતે ખાઈ નાંખ્યાં કે જાણે બળેલાં ઘરના થાંભલાં ઊભા હોય એવાં ઝાડનાં થડ દેખાવા લાગ્યાં. મારવાડ પુરું કરીને એ તીડ ગુજરાતમાં દાખલ થયા, તે નર્મદા લગી આવ્યા. અને ૧૮૧૨ ના ચોમાસા અગાઉ નાબુદ થઇ ગયા. મારવાડમાં વરસાદ પડયો નહીં તેથી મારવાડના બહુ લોકો ગુજરાત આવ્યા. તેમના પગલાં આવતાંજ ૧૮૧૨ માં ગૂજરાતમાં વરસાદ પડયો નહીં, તેથી ગુજરાતને, ગૂજરાતી અને મારવાડી બેનું પોષણ માથે પડયું. ભાવ વધતા ગયા. પૈસાદાર લોકો ઘરમાં દાણો ભરતા ગયા. પણ મારવાડીઓ બહુજ સંતોષી કે ટુકડો મળે તે પરજ સંતોષ માન્યો. તેમની પાસે પૈસા મળે નહીં તેથી મજુરી જાગે એવાં બાંધકામ ઉભાં કર્યા; પણ કોણ જાણે હરામખોરીથી કે પછી હમેશ સખાવતનો દાણો મળવાને ભરોસે કોઇ મજુરીએ લાગ્યા નહીં. હવે દાણો છેક મોઘો થયો. મારવાડમાં

ભુખમરો પડયાથી લોકો હીંયાં નાસી આવવા લાગ્યા, અને દરેક મોહ્લા જાહેર રસ્તાપર ઝાડ નીચે ટોળે ટોળાં પડવા લાગ્યાં. રોગ અને મરકી વધી પડી. તે વખતે મારવાડીઓ પડતા ત્યાં મરતા, અને કોહીને ગંધ ઉડતી તોપણ તેને કોઇ ઠેકાણે પાડતા નહીં. આ ગંધથી મરકી વધતી. વડોદરામાં સરકારે મુરડાં ઠેકાણે પડાવ્યા છતાં ઘણાં મોત થયાં તો બીજી ગાયકવાડીમાં જ્યાં બધી ગાયકવાડી ત્યાં કેટલાં થયાં હશે! અમદાવાદમાં આ કાળથી ૧૦૦૦૦૦ માણસ મરણ પામેલાંનો અડસતો નીકલ્યો હતો. વસ્તી અરધી થઇ ગઇ હતી. કેટલાંક ઘરે તાળાં દેવાયાં. કેટલાંક ખાલી થઇ ગયાં. નાસવાનો પણ એલાજ ન હોતો. મરણ એટલાં ઉપરા સાપરી થયાં. કે શેહેરમાં બળતણ ખુટયું ત્યારે ઘરના દાંડા બાળી મુદડાં બાલ્યાં; તે પણ પુરતાં મલ્યાં નહીં. અરધાં બળેલાં મુદડાં સાબરમતીને કાંઠે રખડતાં. તે બતાવતું કે પોતાના વહાલાંને ઠેકાણે પાડવાની સરખી ટક ન મળી તો હાદેશો કેવો મોટો હશે. એ શેહેરમાં રોગે જે ખરાબી કરી તે એક ગજબ. રોગ વના એક ઘર ખાલી નહીં. કુટુંબને કુટુંબ પ્રસડાઇ ગયાં. બાળીને આવે તે પેહેલાં ડાઘુઓના કામ તૈયારજ. અંતે એટલાં મોત વધ્યાં કે, મરદોના આશરા લાગ્યા નહીં. બાળવા ગયલાનેજ બાળવાનો વખત આવ્યો. તેથી મરદોને ઠેકાણે ઓરતો ડાઘુ તરીકે મુરદાંઓ લઇ જતી, અને અગ્નીદાહથી સંતોષ માની આવતી. જે ધર્મ ક્રિયા મરદ વના થાય નહીં, તે ઓરત કરે; અને આખરે ઓરત પણ કરનાર ન મળે, એના જેવો ગજબ, હે ઇશ્વર! હવે પછી ન પડશો." સુરતની તવારીખના કર્તા મી. એદલજી પટેલે એ વીગેરે ઘણા બયાન આપ્યાં છે.

એ પછી ઇ. સ. ૧૮૩૩ માં આ જીલ્લામાં દુકાળ નહીં પણ મોઘવારી થઈ હતી. આજે રેલ્વેની દોલત એવા કરડા દુકાળનો દુષ્ટ કાળ વહી ગયો છે. ઇ. સ. ૧૮૯૭ માં ભારે દુકાળ પડયો, ત્યારે નવસારીમાં તેની ઝાઝી અસર જણાઇ નહીં, તોપણ "શ્રી નોસારી મોઘવારી ફંડ" સ્થપાયું. અને તા. ૧ જુલાઇ ૧૮૯૭ થી તા. ૧૦ અકટોબર ૧૮૯૭ સુધી ગરીઓને સસ્તો અનાજ આપવાની દુકાંન નીકળી હતી. ખાં. સા. કાવસજી. હો. દાદાચાંદજી–મેસર્સ ન. ફ. તંબોલી–માણેકલાલ. શી. વકીલ–રૂદરજી. મો. વકીલ એઓ સાથેમળીને રા. બા. ખાસેરાવજીના આશ્રાથી ફંડ રૂા. ૭૦૩૩ સૂધી ભેગું કર્યું. એ અરસામાં ૧૮૮૪ પણ અનાજ ખપ્યો, તેમાં મોંઘો અનાજ લાવી ગરીબોને સસ્તે

ભાવે વેચતાં નુકશાન રૂા. ૪૨૦૦ મયું. અને તોપણ ફંડ વધ્યું છે. વળી પારશીઓ માટે એલાહીદું ફંડ થતાં ૩૧૫૧ રૂા. ભરાયા તેમાંથી ૩ વાર ગરીબ પારશીઓને ઘર બેઠાં અનાજ પુરૂં પાડવામાં આવ્યું હતું.

તેમાં નવસારીના પારશીઓએ રૂા. ૩૦૪૦-મુંબઇના તા. ચીનના પારશીઓએ રૂા. ૧૭૭૮-હિંદુઓએ રૂા. ૧૮૩૫-અને મુસલમાનોએ રૂા. ૩૮૦ ભર્યા હતા.

વૈદ વંશ.

રૂખી વઇદ. નવસારીમાં હરી ભટ નામે એક વઇદ સત્તરમી સદીમાં થઇ ગયા છે. તેઓ પ્રથમ ભટ હતા, પણ પાછળથી વઇદાંનો ધંધો કરવા લાગ્યા. તેવણને પ્રખ્યાત ૩ પુત્રો હતા. રૂખી, રૂઘનાથ. અને નાહના. તેમાં રૂખીની પ્રસિદ્ધતા વિશેષ હતી. એ રૂખી વઇદ સંવત ૧૭૫૨ ના અરસામાં થયા છે. નાહનપણામાં વિદ્યાભ્યાસ શરૂ કરી આયુરવેદ શાસ્ત્ર યાને વઇદક શાસ્ત્ર, તથા મંત્ર શાસ્ત્ર, વેદીક શાસ્ત્ર (વેદ ભણવાનું) એ ત્રણેવ શાસ્ત્રોમાં નિપુણ થઇ રૂખી વઇદ વિદ્વાન કહેવાયા. રૂખીને ઘણા વરસની ઉંમર સુધી સંતાન ન હોતું થયું. બન્નેવ ભાઇઓ એકસંપથી રહેતા હતા, પણ સ્ત્રીઓમાં કજ્યો એ સંસારનો સળો હોય છે, તેમજ બન્યું. ઘણોક વખત એકસંપ ચાલ્યા બાદ રૂઘનાથના ખતલામાંથી એવો ઉદ્‌ગાર નિકળ્યો, કે જે દહાડે તે દહાડે બધું છે કોણનું ? તે બધાના માલેક તો હમેજ છીયે ! એ વાતથી રૂખીની ધણીઆંણીને ખોટું લાગ્યું, અને રૂખીએ જ્યારે તે બીના સાંભળી ત્યારે દુઃખી થયા. તેથી મનમાં માઠું લાવી નવસારીથી નીકળી સાત કોશ ઉપર આવેલાં માસા ગામની નજીકના મહાકાળીના સ્થાન આગળ ગયા, અને દેવીનું અનુષ્ટાન માંડયું. તે અનુષ્ટાનનો પ્રયોગ સાત દિવસ સુધી ભુખે પ્યાસે કરતાં દેવી પ્રસન્ન થયાં, અને રૂબરૂ પ્રગટ થઇ પુછ્યું કે, वरंब्रुहि ? યાને કે શું ઇચ્છા છે ? માંગતું હોય તે માંગ ! રૂખી સંસ્કૃતમાં પુર્ણ હતા, એટલે પાછો જવાબ આપ્યો કે, મને સંતાનની પ્રાપ્તિ થાય એવું કરો ! દેવીએ પ્રસન્ન થઇ એક શ્રિફળ યાને નાળ્યર આપ્યું, અને કહ્યું કે, જા, એની શેવા પુંજા

હમેંશા કર ! તેથકી સંતાન પ્રાપ્તિ થશે. તેજ પ્રમાણે ત્યાંથી તે નાલ્યર લઇ રૂખી ઘરે આવ્યા, અને ઘર આવી પોતે તેની શેવા પુંજા કરવા માંડી. અને ભાઇથી જુદા રહ્યા, તથા ભાગલાગ છુટું પાડયું. કેટલેક વખતે સપુતની પ્રાપ્તિ પણ થઇ ખરી. તેનું નામ તે પરમેશ્વરનો આપેલો હોવાથી ભગવાન કરીનેજ રાખ્યું. ત્યારબાદ પોતે વઇદક વિધાના બળથકી કેટલાક રાજવાડાઓમાં ફરી, બહુ દરદીઓને સારા કરી પોતે મોટી નામદારી મેળવી. તે સાથે પોતે પોતાના કુટુંબના નિર્વાહ માટે થાય એટલું મોટું વતન પણ કર્યું. આ નાલ્યર હજુપણ ૨૦૦ વરસ થયાનું જેવુંને તેવું રૂખીના હાલના વારસ વઇદરાજ ગોવીંદભાઇ ફકીરભાઇના ઘરમાં મોજુદ છે. અને તેમાં વાટી હજુ હાલે છે, જેના ઘરમાં તે નાલ્યર છે તેના ઘરવાળા તો આજેપણ તેની પુંજા દરરોજ કરે છે. એ રૂખી વઇદને સુરત અઠ્ઠાવીશીના ઘણા લોકોએ એક સરટીફીકેટ આપેલું છે, તે જોવાથી આપણને અસલી કાળમાં કેવા પ્રકારની સંગીન સરટીફીકેટ અપાતી હતી તેનો ખ્યાલ પણ થશે.

શરટીફીકેટઃ—" संवत १७९२ वरखे शान ११०३ फसली भादरवा सुद ९........जोग ली. सरकार सुरतनां प्रगणां कशबे नोशारी वगेरे तपशीले लखा प्रमाणन देशाइ तथा पटेल जत नवसारी मध्ये मा रुखी हरी ब्राह्मण जोग्य जन दस आयुर्वेद प्रवीण छे ते जाणी अंमो सर्वे ए भट रुखीने वरखासन श्री इश्वरी प्रीत तले तफसीले लखा माफक चालतां पेढी दर पेढी जहालगी अमारो वंश तथा एहोनो वंश रहे तांहा लगी करी आपू छे जे ए वरखासन लेइ पोतानूं उदर पूरती करे ने जे को प्राणी कष्ट पांमे तेहने नीसप्रही थइ परमारथ अउसध करे जे ते श्री इश्वरी कीपाथी आरोग्य थाए."

એ સરટીફીકેટ ઉપર પ્રા. વલસાડના હરી મધુ રૂ. ૨, રૂધનાથજી મકુંદજી કશબે નોશારીનાના રૂ. ૨॥, સરભોણ, તેલાડી, પારચોળ, કામરેજ, ચીકલી, મહુવા, બલેશર, ચોરાશી, ટીંબા, મરોલી, બ્યારા, વગેરેના દેશાઇઓએ શરટીફીકેટ ઉપર શહી કરી, રૂખી વઇદને વરખાસન આપવાનો દરેકે આંકડો ભરેલો છે. તે ઉપર પારશીઓ તેહમુલ સુહરાબ અને રૂસ્તમ ખરશેદજી એ બે જણના મતાં છે.

ભગવાન વઈદ. એ વઇદ સંવત ૧૭૭૫ ના અરસામાં થઈ ગયા છે. પ્રખ્યાત રૂપી વઈદના એવણુ પુત્ર હતા. આયુર્વેદમાં પૂર્વીણ થયા હતા. અને પોતાના વખતમાં નવસારીમાં વઇદાંનો ધંધો કરનારા એકલા પ્રખ્યાત વઈદ એવણુ હતા.

બાળમુકંદ વઈદ. એ વઇદ સંવત ૧૮૦૧ માં થયા છે. રૂપીના કરતાં પણ એ વઈદના પરાક્રમો વધારે છે. નવસારીથી એવણે કાશી બનારસ જઇ કેટલાક વિદ્યાભ્યાસની વૃદ્ધિ કરી પોતે ઘણી કીર્તિ મેળવી હતી. એના હાથથી હજારો દર્દીઓ સાજા થવા લાગ્યાથી તથા ભોંયપર મુરદાં લેખે નાંખેલાં વટીક એવણે ઉઠાડવાની પ્રખ્યાતિથી, તથા ચાલતાં હાલતાં સાજાસમા તંદોરસ્ત માણસના મોહોટ આગમચથી પારખ્યાથી, દેશપ્રદેશ નવસારીને એવણે પ્રખ્યાત કરી દીધી હતી. આસપાસના ગામડાંઓ અને ૧૦૦ કોશ સુધીના શેહેરોના લોકો એવણુની પાસે દવા કરાવા આવતાં, અને વરસો સુધીનાં ચાલુ દહીલાં દુઃખ દરદ સાફ કરાવી હશી ખુશીથી પોતાને ઘર જતાં હતાં. તેઓએ વઈદાંના ધંધામાંથી હજારો રૂપીઆ મેળવી હજારો રૂપીઆ ધર્મ કર્મ અને વીધિ નિયમ ઉપર ખર્ચ કર્યો. રોજના સંખ્યાબંધ પરોણા તથા દરદી લોકો એવણુના ઘરમાં ધામો નાંખતાં, અને પુષ્કળ બ્રાહ્મણો રોજ એમને ત્યાં જમતા. એવણે ઔષધોની તેમજ દરદોની નવીન શોધો વટીક કરેલી કહેવાય છે. દરદોના નવા ગુણા ગુણ ઉપરથી નવાં દરદો શોધક ધારવામાં આવે છે. એવણે ઘણા રાજવાડાઓમાંથી ઇનામો મેળવ્યાં હતાં. એવણુને ગાયકવાડ સરકાર તરફથી રૂા. ૬૭ વર્ષાસન મળતું હતું, તે આજે પણ તેમના વંશજોને મળે છે. વાંસદા સંસ્થાનમાંથી તેમજ સુરત ખાતે મોગલાઇમાંથી એવણુને મોટાં ઇનામો મળ્યાં હતાં. સુરતના નવાબોના વઈદ લેખે ઘણો વખત ત્યાં રેહવું પડતું હોવાથી સુરતમાં પોતાનો એક મુકામ રાખી પીંઢારાઓની ધાકથી ઘણી ઉત્તમ કીંમતી દવાઓ ત્યાં સંતાડતા. કહે છે કે સુરતથી માફામાં બેશીને એકવાર નવસારી આવતા હતા, તે વેળાએ ખેતરમાંથી જુવારના માળા મધેના ચલ્યાંને મારેલો ગોફણુનો એક ગોળો ગાડીના પૈડાંને એવો તો જોરથી લાગો, કે પોતે અંદર બેઠેલા છતાં એવણુને પણ ચકરી આવી ગઇ. ગાડી ઉભી રાખી તે ગોફણુ ફેંકનારના બાપને બોલાવી કહ્યું, કે એ છોકરો ૩ દહાડામાં મરી જશે. ખેડુએ રડી પડી તેનો ઉપાય કરવા કહ્યું. એટલે પોતે કહ્યું, કે એ

દરેહીના પેટમાં એવો એક કીડો છે, કે એને હવે પાણીની બહુજ શોષ લાગશે, અને તે પીધાથી તે મરી જશે, માટે તું તું જઇને એને એક શેર મીઠું તેલ પાઇ દે, એટલે તે જીવડો મરી જઈ કાલે બાહાર નીકળી પડશે. તેજ પ્રમાણે થયું, અને ખેડુત પાછળથી નવસારી આવી પોતાની ઉત્તમ બેલની એક જોડી એક નવીનં માફા સહ ઈનામ દાખલ આપી ગયો. એવી એવી અજબ જેવી એવણુની બાતો ઘણી છે. તદબીરે જેમ મોટા હતા, તેમ તકદીરે પણ બળવાંન હતા. વાંસદાના રાજાને કાંઇ ગરમીનો વ્યાધિ થયો. માણસો બોલાવા આવ્યાં. પોતાનો તેહેવારનો દહાડો હોવાથી એક દવા તેઓ સાથે મોકલી આપી કહ્યું, કે કાલી મીરચી (કાલાં મરી) માં એ દવા પાઇ દો ! પેલા માણસો મરીને બદલે મરચાં સમજ્યાથી તેમાં દવા આપી ! તકદીર જોરાવર એટલે રાજા સારો થયો, અને ઈનામ મોકલ્યું ! એ વઇદને ૩ છોકરાં બવાંનીશંકર, ગાંડા, અને પ્રેમાનંદ હતા. પ્રેમાનંદ બીજી બાયડીને પેટનો હતો. વૃદ્ધકાળ થયો ત્યારે તેવણે આતુરસન્યસ્ત લીધું. યાને કે તાત્કાળિક વિચાર થતાંની સાથેજ દેહ છુટતી વખતે જે સન્યસ્ત લેવામાં આવે છે તે લીધું. તેવણુને "નારાયણ" કરીને, ગંગાધર શાસ્ત્રિની ધર્મશાળા નજીકમાં ભૂમિદા કરી, ત્યાં તેમના છોકરાઓએ રૂ. ૨૦૦૦ ખરચી એક દેવળ બંધાવેલું હજુ છે. ત્યાં માહાદેવની પ્રતિસ્થા કરેલી છે. અને દેવાળયનું નામ "નારાયણેશ્વર" આપેલું છે. આજે પણ તેની પુંજા, થાળ, દીવો બતી વીગેરે વિધિ થાય છે. એ વઇદ સ્નાન સંધ્યાધિક સદ્કર્મમાં પુર્વિણ હોવાથી અસ્વથ્થામા* એવણુને ત્યાં આવેલા કહેવાય છે. "બાળમુકનને તો અસ્વથ્થામાએ દર્શન દીધેલું" એવી નવસારીમાં કેહવત પડી ગઈ છે. એ વઇદના છોકરાઓ બવાંનીશંકર—ગાંડા—અને પ્રેમાનંદ જે થયા તે પણ વઇદાંમાં કુશળ હતા, અને અત્રે પ્રખ્યાત થઈ ગયા છે. તે બધાનો દરરોજ પુંજા સારૂ પુરણેશ્વર જવાનો રેવાજ હતો. બવાનીશંકરને વિનાયક, અને

---

*જે પ્રમાણે પારશીઓમા કેખુશરો પાદશાહ, અને પેશોતન દસ્તુર હજારો વરસ થયાં ગુ નશીન રહી જીવતા રહેવાનું મત છે, અને તંદોરસ્તીમાં તેઓના નામો જીવતાં માણસની ગાફક લેવાય છે, તેજ પ્રમાણે હિંદુઓમાં—અશ્વથ્થામા, બળી, વ્યાસ, હનુમાન, વિભિષણ, કૃપાચાર્ય, અને પરશુરામ એવા સપ્ત રૂષિ યાને ૭ રૂષિઓ જીવતા, જંગલોમાં રહેતા હોવાનું મત છે. તે ૭ રૂષિ પૈકીનો એ અસ્વથ્થામાં જાણવો.

ગાંડાને કેશવરામ કરીને છોકરા હતા.

ફકીર વઈદ. એ ફકીર વઈદ પ્રેમાનંદના છોકરા હતા. એવણના બાપ તથા બપાવા નાહની ઉમરમાંજ ગુજર્યા હતા. ફકીર વઇદે આયુર્વેદનો (વઇદાંનો) અભ્યાસ ઘણો વખાંણવા જેવો કર્યો હતો. બાળમુકનના વખતનો કેળવાયલો એક નોકર નામે શમા કરીને હતો, તે ગુટારા ગુંટતાં એટલોતો હુશીયાર થઇ ગયો હતો, કે બાળમુકનની દવાની બધી ક્રિયા વગેરે સર્વે ઉત્તમ માહીતી ધરાવા લાગ્યો. ફકીર વઈદ નાહના હોવાથી કેટલોક વખતવેર તેણે અને ફકીરભાઇના માય સામબાઈએ પોતે જુના વખતનું એ વઇદાંનું કારખાનું મન માનતી રીતે ચલાવ્યું હતું. એ સામબાઇ વઈદરાંણી વઇદાંમાં બહુ કુશળ હતાં. તેઓએ ફકીરભાઇના અભ્યાસમાં બહુ મદદ કરી. ફકીરભાઇ કેળવાઇને પરિપકવ થયા પછી પોતેજ ધંધો ચલાવ્યો. તે વખતે દેશાઇને ઘેરના વઈદનું માન મોટું કેહવાતું, અને તે મુખી વઇદ કહેવાસ. રૂખી વઇદથીજ દેશાઇને ઘરના તે વઈદ ગણાતા, પણ ફકીરભાઇએ વિશેષ પ્રિયતા મેળવી. દવા અને દર્દની ચિકિત્સામાં તથા દરદી સાજું થશે કે નહીં તે પારખવામાં સાંમબાઇની જેવી તારીફ હતી, તેવીજ ફકીરભાઇની હતી. કાઠ્યાવાડીના દેશાઇ ધરાંણાના પણ પોતેજ વઇદ હોવાથી ત્યાં પણ મહત્વ હતું. ફરતાં હરતાં આદમીના મરણ પીછાંણેલાં, અને કંઇકને ભોંયે નાંખેલાં એવણે ઉઠાડયાં હતાં. તેવણની તેવી પરિક્ષા કરેલાં માણસો હજુ હૈયાત છે. એવણ સંવત ૧૯૨૬માં ૬૦ વરસની વયે ગુજર્યા. એવણ પછી એવણના છોકરા નરોતમભાઇ થયા તે પણ બાહોશ હતા, પણ ટુંકમાંજ તેમનો અંત આવ્યો.

રાજા ભગવાન વઈદ. ફકીરભાઇને ૪ બેટાઓ નરોતમ, ભગવાન, દયાશંકર. અને ગોવીંદભાઇ થયા. બીજા ભગવાન વઇદ, વઇદકમાં કુશળ હોવા સાથે ધર્મ નિયમમાં મજબુત યકીનના હતા. પાછળથી પોતાનો રોજગાર વટીક દેહ સાધન કરવા માટે પોતાના ચાલાક ભાઇ ગોવીંદભાઇને સોંપી, ધર્મ ધ્યાન ઉપર લક્ષ આપવા લાગ્યા. દેહકષ્ટ—ઉપાશન—વૃતવૃતાદિ—પુંજાઅરચા એવણે અહોરાત્રિ નબળી દેહ છતાં છેવટ લગી કર્યું. સંવત ૧૯૪૬માં ગુજર્યા. ગુજરતી વખત સુધી ધર્મ ઉપરની આસ્થા અજબ જેવી રાખી હતી. તેવણ પછી તેવણના ભાઇ તે આજના સુપ્રસિદ્ધ વઇદરાજ ગોવીંદભાઇ, એ જુનાં વંશનો ટેક ટેકાવી રહ્યા છે. અને સારી

નામના મેળવી કુળને દીપાવે છે. એ ભગવાન ભાઇના ના કુંવર ગમાઈ વઇદરાંણી બાળ રોગમાં અને આંખના દર્દ પારખી સારૂં કરવામાં નવસારીમાં ઘણાં વખણાઇ ગયાં છે. એવણે પોતાના બેટાને વઇદાંનો ઘણો અભ્યાસ પોતે કરાવ્યો હતો.

રૂગનાથ વઈદ. હરી વઇદના બીજા છોકરા રૂઘનાથ પણ ઘણા કુશળ હતા. તેઓ ૧૭૫૨ના અરસામાં થઇ ગયા છે. એવણના વંશમાં નામદારી મેળવનારા આનંદરામ વઇદ—તથા વિજયરામ વઈદના છોકરાઓ તુલજારામ વઇદ—અને જદુભાઈ વઇદ બહુ પ્રખ્યાત થયા છે. કહે છે કે, નવસારીના એક શુબા સાથે આનંદરામને જરા વાંકું પતાં બોલબોલતાં તેનો આત્મા તેના શરીરમાંથી કઢાવી શકયા હતા!! એ કથા બાજુએ રાખતાં તુલજારામ અને જદુરામની કિર્તી ઘણી છે. જદુભાઇ હજુ હૈયાત છે. પણ એ દોસાજીની વઇદકળા આગળ ભલા ભલા વિદ્વાન ડાકટરો હેરત પામે છે. એક દરદી બધા ડાકટર વઇદથી હાથ ધોઈ છેવટે પણ એવણની નજર પાડવામાં મોટો રાહાત સમજે છે. એવણ મંત્ર શાસ્ત્રમાં તથા વૈદિક શાસ્ત્રમાં પણ માહેર થયલા છે એવણના બેટા સુરજરામ પણ તેવાજ કુશળ છે. અને જદુભાઇના પૌત્ર ધીરજરામ પ્રાણશંકર તો દેશી વઇદાં સાથે એલ. એમ. એન્ડ. એસ. થઇ ગાયકવાડ સરકારની નોકરીમાં છે. એ શિવાય એ વઇદ વંશમાં બીજા ઘણા કુશળો થઈ ગયા છે, અને હજુ પણ કેટલાકો સારી પ્રતિષ્ઠા મેળવતા જાય છે. નવસારીમાં એ વઈદ વંશ ઘણું જુનું અને માન પામેલું છે. તેજ પ્રમાણે **જોશી કુટુંબ** નવસારીમાં સુપ્રસિદ્ધ છે, પણ જોશીઓના પરાક્રમોની નોંધ લેવાનું આ જમાનામાં અને આ તવારીખમાં બરાબર ન જણાયાથી હાલ તુર્ત તે વંશની તવારીખ મુલતવી રાખી છે.

નવસારીના નુર સતાગર.*

સૈયદ સાદાત વીશે આપણે આગળ કહી આવ્યા, પરંતુ સયેદીના

---

* જોકે આગાખાનની અને પીરોની પેઢીના જમાનાનો મુકાબલો મળતો નથી, તોપણ દાદુએ બતાવેલા નવસારીના મુખ્ય પીરની પેઢી નીચે પ્રમાણે

મોનજીઆણી સાહેબના ખોજાઓના વૃતાંતના ૪ ભાગો ઉપરથી તથા હાલના ગાદીનશીન પીર હાશમશાહે હમોને રૂબરૂ હકીકતો બતાવ્યા ઉપરથી જે હકીકત હમે નિચે જણાવી છે, તે ઉપરથી આખા હિંદુસ્તાનમાં જેટલા પીરોની દરઘા છે, તેમાં સર્વોત્તમ અને શ્રેષ્ટ નવસારીના નૂર સતાગરની દરઘા ગણાય છે. નૂર સતાગરનું બીજું નામ સૈયદ સાદાત છે.

માતાપંથીઓના "ઘેલમી આરાધ"(૧) નામના ભજનમાં "અમીની પાવર લઈ નુરસતાગર પાટ પધારશે," ઇત્યાદિ ભવિષ્ય વાણી વર્ણવેલી છે. તે પ્રમાણે તેમની આ તરફ (હિંદમાં) પધરામણી થઇ હતી. નૂર = જોત; અને સતા = શકિત અથવા સત; અને ગર = ગુરૂ થાય છે. શકિતપંથી આ મહાગુરૂને બહુ માન આપે છે. નૂરસતાગરને ઉપદેશ અર્થે હિંદના દેશો તરફ અલમુતના(૨) વાલી, અલી ઝીકરતલ સલામે મોકલ્યો હતો, અને હિંદુસ્થાનમાં ઈમામતનું કામ એ નોશાકરા પીરથી જારી થયું હતું. હિંદુ ઘેલમીઓની ખાસ નેમ પ્રમાણે, માતા પંથીઓને પ્રીય થવા પોતે મુસલમાન છતાં માતા પંથીઓને પસંદ પડે એવું હિંદુનું "નૂરસતાગર" નામ રાખ્યું હતું. મુસલમાનોની આગળ "સૈયદ સાદાત"૩ એવું મુસલમાની નામ બતાવ્યું હતું; પણ હાલબી તે બે નામથી ઓળખાય છે. ઘેલમી ઉપદેશકોની રીતિ, ફારશી શાયર શેખસાદીની શિખામણને મળતી આવતી હતી કેઃ——

સાદીયા ગર વસ્લ ખાહી, સુલેકુન બા ખાસો આમ;
બા મુસલમાં અલ્લા અલ્લા, બા હિંદુ રામ રામ.

નબી મહમદ મુસ્તફા, ઇમામ હસન, કાશમસાહ, અહમદ અલી, સતગુર નુર, ઈમામદીન, મહમદ મનસુર, ગાલબદીન, અબદુલ અઝીજ, મુશતનશાર બિલ્લા, અહમદ હાદી, કાશમશાહ, મહમદ, મહમુદ, મહોબદીન, ખાલકદીન, અબદુલ સુમન, ઇસલામદીન, સલ્લાઉદીન, શમશદીન, નશીરદીન, સાહેબદીન, સદરદીન, હસનકબીરદીન, તાજદીન, પંદીઆદ જવાં મરદી, હૈદર, અલ્લાઉદીન, કાશમશાહ, નશીર મહમદ, દાદુ, આગા હશનશાહ, મહમદ, આગા અઝીજ, મેરાબેગ, આગાઅલી અકબર, આગાઅલી અસ્કર, હસનઅલી, અબુલ કાસમઅલી, અબુલ હસનઅલી, બીબી ફાતમત, આગા અલીશાહ, આગા મહમદ સુલતાન.

૧ ઘેલમદેશના તે ઘેલમી કહેવાય છે.

૨ અલમુત=એ ઈમામોની મુખ્ય ગાદીની જગા છે.

૩ નૂરસતાગરનો "સદાજી" શબ્દ ખોજાપંથના જ્ઞાનોમાં પણ આવેછે.

માને સૌની પ્રિતિ મેળવવી હોય તો સૌ સાથે સભ્યતાથી વર્તવું, મુસલમાનની આગળ અલ્લાનું અને હિંદુની આગળ રામનું નામ લેવું.

નવસારીના એ નૂરસતાગરનું વર્ણન ખોજા પંથનાં ઘણાં જ્ઞાનોમાં છે. તેમાં "રમત" નામનું જ્ઞાન મુખ્ય છે, તેનો સાર ટુંકામાં લખું છું.

આ જ્ઞાનના પ્રારંભમાં એમ કહ્યું છે કે, "શિષ્ય પુછંતે હો સ્વામીજી આજ કળજુગ મધ્યે પરિબ્રહ્ન કયાંથી આવ્યા, તે ભેદ કથો સરજનહારજન સતગુર સો દેવ વાચા સુણો હો મુનીવરો." આ શબ્દનો સાર એવો છે કે, નવસારીના નૂરસતાગરના શિષ્યોએ તેમને ઇશ્વરના અવતારનું માન આપ્યું છે. એ વાર્તામાં લખે છે કે, નૂરસતાગર સંતરદ્વીપ ઘેલમદેશ તરફથી ગૂજરાતના પાટણ નામના ગામમાં આવ્યો, તેણે ત્યાંના એક મંદિરમાં શિવની પિંડી ઉપર પગ મુંકયો. પુંજારીએ તેને વાર્યો, અને જણાંવ્યું કે, આ દેવ ઉપર રાજા સિદ્ધરાજ ફુલ ચડાવે છે તેના ઉપર તું પગ કેમ મૂંકે છે? પીરે કહ્યું, કે તારો એ દેવ હોય તો તેને બોલાવ! પૂંજારીએ કહ્યું, પથ્થરની મૂર્તિ બોલે નહીં. પીરે હુકમ કરવાથી મંદિરની સર્વે પ્રતિમા જાગ્રત થઇ ગઇ, તે નૃત્ય અને ગાયન કરવા લાગી, અને ભીંતો ઉપરનાં વાજિંત્રના ચિત્રોમાંથી મધુર સ્વર નિકળ્યા! પૂંજારી અચરતીમાં પડયો, અને તેણે આ ખબર તરત રાજાને પહોંચાડી. તે રાજા, "જાનીપા" નામના જોગી જોડે મંદિર આગળ આવી પહોંચ્યો, અને પીરનો પ્રત્યક્ષ ચમત્કાર જોઇ પગે પડયો. આ પછી જાનીપા અને પીર વચ્ચે કેટલીક પરિક્ષા ચાલી. જાનીપાએ એક દંડ આકાશ ભણી મોકલ્યો. પીરની મોજડી તે દંડને પાછી લઇ આવી! આવા ઘણા ખેલ આ વારતામાં લખ્યા છે. તે બધા અહિં લખવાની અગત્ય નથી. અંતે જાનીપા અને તેના સાથીઓ પણ પીરને નમ્યા, અને ધર્મ માંગ્યો. પીરે તેઓને બ્રહ્મજ્ઞાનનો બોધ કર્યો. એ પ્રસંગે એ પીરના ઘણા શિષ્ય થયા. તે પછી એ પીર પાછો પોતાને ઘેલમદેશ ભણી ગયો[૪] એ પી-

[૪] "રોઝતલસફા" નામની તવારીખમાં અલમુતગઢના હાકમોનો ઈતિહાસ આવેલો છે, તેમાં હજરત અલીએ નૂરસતાગરને ઉપદેશ અર્થે હિંદમાં મોકલ્યાનું લખ્યું છે તે અલી બીન અબુતાલેબ નહીં, પણ અલીહસનજી હરતલસલાંમ, જે તે વખતે અલમુતગઢનો હાકમ હતો તેણે મોકલ્યા હતા. એ ઉપરથી નવસારીમાં એ પીર કેમ આવ્યા તેનું મૂળ સમજાય છે.

રના બીજા ભાઈનું નામ પ્રમામ હશેન હતું. ઉપલી વારતામાં લખે છે કે, જંબુદ્વીપના નવસારીના ગામમાં રાજા સુરચંદને ઘેર કુંવરીનો જન્મ થયો, તેનું નામ તેણે "પાળણદે" રાખ્યું. બ્રાહ્મણોએ ભવિષ્ય કહ્યું કે, એ કન્યા તમારૂં તારણ કરશે. કુંવરી મોટી થઈ. રાજાએ તેના સગપણનો વિચાર કર્યો. પણ કુંવરીએ જણાવ્યું કે, મારો વર ઘેલમદેશમાં છે, તે મને વરવા અહિં આવશે. રાજાએ કન્યાને એક જુદી મેડીમાં રાખી; ત્યાં તે પીર નૂરસતાગરનો જપ કરતી હતી. રાજાની કુંવરીએ એક પારધીને રોજ હરણનું સવાશેર માંસ લાવી આપવા હુકમ કર્યો હતો. તે પકાવી તેમાંથી એક આંગળી બોળીને હોઠને લગાડતી. ઘણાં વર્ષો વીત્યાં પછી નૂરસતાગર નવસારીના જંગલમાં આવ્યો. ત્યાં તેના સતથી પશુ પક્ષીનો મોટો મેળાવડો થયો. બધાં પશુઓ મેળાવડામાં ગયલાં હોવાથી તે દહાડે પારધીને હરણ ન મળતાં તે મેળાવડામાં ગયો. તેને પીરે હરણો પાસેથી માંસ અપાવ્યું. જે હોઠને લગાડતાં કુંવરીને પીરના આવવાની ખબર પડી. કુંવરીએ આ વાત રાજાને જણાવી. રાજા પીર પાસે આવી પગે પડયો. પીરે તેમને બ્રહ્મજ્ઞાનનો બોધ કર્યો.

પીરના લગ્ન. પછી પીરને પાલખીમાં બેસાડી રાજા દરબારમાં લઈ આવ્યો, અને તેની જોડે કુંવરીનાં લગ્ન કીધાં.

આ લગનની ધામધુમને માટે કહે છે કે, "બારા કોશકા માંડવ"ની કેહવત એ લગનથી પડી. નવસારીથી ગદીવી સાત કોશ સુધીનો લગનનો મંડપ નાંખવામાં આવ્યો હતો, અને ત્યાં સુધી લાઈટ કરવામાં આવી હતી! અને એક તળાવ દુધનું ભરાવ્યું, તથા બીજું શરબતનું ભરાવ્યું. અને જે લોકો લગનમાં આવ્યાં હતાં, તેમને તે બેમાંથી ગમે તે, ગમે તેટલું પીવાની છુટ હતી. એ લગનથી નિચલાં નામોની ઉત્પત્તિ થયલી કહે છે. "નવસારી" નામના અર્થ આગળ જણાવ્યા તે થોડા હોય, તેમ વળી એ નામ એ લગન સાથે તાલુકો રાખતું જણાવવામાં આવે છે. નુરસતાગર **નઓસા** (ફારશીમાં નઓસા એટલે વરરાજા) યાને વરરાજા લેખે અત્રે આવી આરામને થયા. તે ઉપરથી નઓસા = વરરાજા; આરાઈ = આરાયસ્તન ઉપરથી તેનો **નવસારી** થયો કેહવાય છે. વળી લગનમાં લોકો લાઈટનો છેડો જોવા જે જમાએ જતાં તેઓ બોલતાં કે ગંદેવી (ચંદુઇ = રોશની) જોવા યાને

ખાઇટ જોવા જઈએ, તે ઉપરથી તે જગાનું નામ ગંદેવી પડયું કહે છે. જે તળાવમાં દુધ ભરાયું તેનું નામ "દુધ્યું," અને જેમાં શરબત ભરાયું તેનું નામ "શરબત્યું" તળાવ એમ નામો પડયાં કહે છે. શરબત્યું તળાવ આ દરગાની દક્ષિણે નજીકમાં, અને દુધ્યું તળાવ દરગાની પશ્ચિમે આવેલું, આજે પણ એજ નામોથી ઓળખાતાં છે. એ દરગા આગળનાજ ફલ્યાંમાં હજરત સૈયદ સાદાતનું એક લંગર (સદાવ્રતું) ચાલતું હતું, જ્યાંથી ફકીર ફુકરાઓ અને ગરીબ ગુરબાઓને રોજ ભાતદાળનું સદાવ્રત મળતું હતું. જે ઉપરથી તે ફલ્યાંનું નામ "લંગર પરું" આજે પણ બોલાય છે.

ચચ ચાકરની ચતુરાઈ. લગ્નની રીતમાં ઘણા સરંજામની સાથે સુરચંદ રાજાએ ગંગા નામની ચાકરડી, અને "ચચ" નામનો ચાકર આપ્યો. નવસારીમાં પીર નૂરસતાગરના ઘણા મુરીદ થયા. તેમાંથી થતી મોટી પેદાયશ જોઇ, ચચનું મન બગડયું. તેણે પીરને ઠેકાણે પાડી પોતે પીરની જગ્યા ઉપર આવવા વિચાર કર્યો. પીર સમાધિમાં હતા ત્યારે ચચે પાળાબુદે બીબીને સમજાવ્યું કે, પીર સમાધિમાંથી જાગૃત ન થાય તો આપણી શી ગતી થાય? માટે એ વિષે આપણે પીરને પુછી માહિત થવું જોઇએ. બીબીએ તેમ કર્યું. પીરે કહ્યું કે, મારા શરીર ઉપર માંખ બેસે, ત્યારે સમજવું કે, મારા શરીરમાં જીવ નથી. આ વાત બીબીએ ચચને કહી. ચચે સમાધિની હાલતમાં પીરના બદન ઉપર ખાંડ છાંટી. તે ઉપર માંખ બેસવાથી તેણે પીર મરણ પામ્યાની વાત જાહેર કરી, અને દફન કરાવ્યો.*સોમનાથના દેહરાંમાં સેખશાદીને મળેલા ધુતારા હિંદુની માફક, પીરની કબરની બાજુમાં ચચે ખાડો ખોદી, પોતાના એક ચેલકાને કંઇ ભેદ ભણાવી સંતાડયો; અને પોતે પીરની ગાદીનો વારસ છે એમ શિષ્યોને જાહેર કર્યું. તેની સામે "ચોટ" નામના પીરના બીજા ચેલાએ દાવો ઉઠાવ્યો. અંતે આ વાતનો ખુલાસો મેળવવા તેઓ શિષ્યો સમેત પીરની કબર પાસે ગયા, અને સવાલ કરતાં કબરમાંથી એમ અવાજ થયો કે, "ચોટ ત્યાં ખોટ અને ચચ ત્યાં સચ." આ બોલવું પીરનું નહીં, પણ ચચના ચેલાનું હતું. આવી તરેહનો દગો પીરથી ખમી શકાયો નહીં.

* ધારગરીથી ભોંયરા વાટે આવવાનો એક રસ્તો જેમ અત્રેની જુમા મશજીદમાં હમે નજરે નજર જોયો છે, તેમ એ પીરની દરઘામાં બીજો તેવોજ હોવાનું કહે છે.

" પીર પોપટ રૂપ થઇ કબરમાંથી નીકળી આવ્યો.* ચચ નાઠો. અને ધર્મના પુસ્તકો સમેત મેઘવાળોના પાડામાં ગયો, અને તે વડે મેઘવાળોને બોધ્યા.* એ પીર ૪૮૭ હીજરીમાં ગુજર્યા હતા. આ કથામાં સિદ્ધરાજ જોડે તેનો સંબંધ બતાવ્યો છે. રાસમાળામાં સિદ્ધરાજનું વૃત્તાંત છે, તેમાં સિદ્ધરાજે ઇ. સ. ૧૦૯૪ થી ૧૧૪૩ સુધી રાજ્ય કર્યાનું લખ્યું છે. એ બીનાને અલીઝિકરતલસંલામની હકિકત ઉપરથી ટેકો મળે છે. તે એવી રીતે કે, એના વખતમાં નૂરસતાગર અલમુતમાં હતો, એવી વાત " માતંગના કવીત " માં છે. અલીઝિકરતલસલાંમના વૃતાંતમાં તેની વફાતનો સન ૪૮૭ નહીં પણ ૫૬૧ હીજરી બતાવેલો છે. આ પીરની દરઘા આપણા નવસારી શેહેરમાં છે. એ પીરના શિષ્યોને ઘણાખરા પીર ઇમામદીને, નવસારીનો નૂરસતાગર અમારો દાદો થાય, એમ સમજાવી વાળી લીધા હતા; અને તેની દરગાહ પણ તે પછી તેમના વંશવાળાઓના કબજામાં આવી

---

*પીર કબીરદીનનું જ્ઞાન જેમાં ઇશ્વરને વૈરાટ સ્વરૂપ યાને જગતનું ઈશ્વરને રૂપ આપીને દર્શાવેલો છે, તે જ્ઞાનમાં " હેજંદા " શબ્દ વીશે લખ્યું છેકે તે કહેવાથી હાથીદાન જેટલું પુણ્ય થાય, અને " કાયમ પાયા " કહેતાં ઘોડાદાન જેટલું પુણ્ય થાય. ખોજા લોકો ઘટપાટનાં સ્થાપન અને ઉત્થાપન વખત આ શબ્દો બોલે છે. તેની ઉત્પતિ વીશે કેટલાક કહે છેકે, પીર સદરદીને કેકશેહેરમાં જંદા રૂપે તપશ્ચર્યા કરી ત્યાં તેને ઇમામે કૃપાવંત થઇ "હેજંદા " (હીજડા શબ્દ એનું અપભ્રંશ જણાય છે) કહી બોલાવ્યો, ત્યારે તેણે કહ્યું, " કાયમ પાયા. " એટલે ઈમામ જે અમર છે તેને હું પામ્યો. વળી બીજું મત એ છેકે નવસારીના સૈયદ સાદાત જ્યારે કબરમાંથી પોપટ રૂપે નિકળ્યા, ત્યારે " ગોટ " શિષ્યોને કહ્યું કે " હેજંદા. " એટલે પીર સજીવન છે, તેની સામે તેઓએ " કાયમ પાયા " કહ્યું, એમ કહે છે.

" હેજંદા " અને " કાયમ પાયા " એ સતપંથીઓના, ફ્રીમેશન પંથની માફક, ગુપ્ત શબ્દો છે. કોઈ માણસ કોઇ સતપંથીને એમ કહે કે, " હું સતપંથી છું, મને ક્રિયામાં સામેલ કરો. " તેની ખાત્રી કરવા સારૂ તેને " હેજંદા " કરીને કહે છે. તેના જવાબમાં જો તે " કાયમ પાયા " કહે તો તેને દાખલ કરે છે. હાથ મેળવવામાં પણ તેવો ગુપ્ત ઈશારો છે. તે એવો કે, અંગુઠાને પકડી પછી રીતસર હાથ આપવો. અંગુઠાને પકડવો, એ અદ્દ્વૈત મતની નિશાંની છે. એટલે એક ખોદા–સત્ય–અને બીજું સર્વ મિથ્યા.

* મેઘવાળ=તે ઢેડા લોકોનો ગરૂરો. એ પ્રમાણે જોતાં ઢેડાઓના ગરૂરા ગરૂર (બ્રાહ્મણ) ની ઉત્પતિ પણ નવસારી સાથેજ સંબંધ ધરાવે છે.

હતી. એ દરગાહ ઉપર શિષ્યો પૈકી સુમારે ૨૫૦ પાઘડી દશોંદ * આપે છે, તેમાંથી નવસારીના પુંજારી અને દરગાહનો ખરચ ચાલે છે. એ પીરના શિષ્યો, કણબી, ખારવા કોળી ઇત્યાદિ છે. અસલ એક ઓટલા ઉપર એ પીરની કબર હતી મી. નાનજીઆંણી કહે છેકે તે ઉપર ખોજાઓએ ઉઘરાણું કરી દરઘા બનાવી હતી, તેને સુમારે સો વર્ષ થયાં હશે. તે પછી તેને વધારવાના ખર્ચમાં ખોજા શેઠ કાસમભાઇ નાથાભાઇ અને બીજાઓએ મોટી રકમો ભરી હતી. એ પીરનો ઓરસ દર વર્ષે રમજાનની ૧૭ મી તારીખનો ભરાય છે. ત્યાં એના મુરીદ અને ખોજા લોકો તથા બીજી જ્ઞાતિના માણસો પણ એકઠાં થાય છે.

વળી હાલના ગાદીનશીનનું એવું કહેવું છેકે, એ શેનાના કળશના ગાદીનશીન પીરો અલી કબીર અને હાશનશાના વખતમાં એ દરઘા સમારવાને બાંહાંને કેટલાકોં, ભોંયમાં સુરંગ પાડી નૂરસતાગરના પ્રેતવાલી પેટી લઈ જવાની ગોઠવણ કરતા હતા. પણ તેના સતને લીધે તે પેટી જેમ જેમ ભોંયરૂં ખણાતું ગયું તેમ તેમ, નીચે જમીનમાં ઉતરતી ચાલી. અને પાછળથી રોજો નમી ગયો, અને તેના ગુંબજમાં ફાટ પડી. ગાદીનશીન બાહાર ગામ ગયલા, ને આની ખબર થતાંજ આવ્યા. અને તેમને નુર સતાગરે આગાહી કરાવી તે પ્રમાણે પથ્થરો પુરતાં ભોંયરૂં બંધ થયું. તોપણ રોજા ઉપરની ફાટતો હજુસુધી રહી ગઇ છે, જે આજેપણ બતાવામાં આવે છે. પછી, કહે છેકે, માહારાજા ખંડેરાવ, જેવણ મુસલમીન ધર્મને બહુ માન આપતા, તેઓએ ખાસ ઠરાવ કર્યો, કે આવું કામ કરનારા પૈકીના કોઇએ હવેથી આવવું નહીં, આવે તો ૨૫૦ રૂપીઆ દંડ લેવો. અને તે પ્રમાણે, એકવાર અમલ પણ કીધેલો કહેવામાં આવે છે.

હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગો ઉપર જે પીરોની દરઘાઓ છે, તે ઘણે ભાગે નવસારીના આ પીરના મૂલ્યાં છે. "બરાનપુરવાળા" અને "આડીઆ" પંથીઓ, એ પીરની ખાસ ઓલાદના નથી, પરંતુ

---

*દશોંદજકાત એટલે કમાઈમાંથી અઢી ટકા કાઢવા તે. જકાત એ નાતવાનોનો હક છે. પેગંબરનો કે તેમના જાનશીનો માટે નથી. કહે છેકે ખોજા લોકો બાબરી ઉતરાવા હજુબી જ્યારે એ પીર આગળ આવે છે ત્યારે ૨ા રૂપ્યાની જકાત આપે છે. તેમાં ૧ા રૂપ્યો આ ગાદીનશીન અને ૧ા રૂપ્યો આગાખાંન લીએ છે. બીજી નજર ભેટમાં પણ એજ પ્રમાણે નિમો નિમનો હિસ્સો છે.

દત્તક કહેવામાં આવે છે. એના સંબંધમાં નવસારીની ખાસ ગાદીવાળાની ઓલાદ વચ્ચે અને તેમના વચ્ચે મારામારીઓ વટીક ચાલી હતી. જેમાં સરકાર પણ વચ્ચે પડી હતી. અને તેમની મારામારીનો નિવેડો આણવા પેહેલાં કાજીપુર તે હાલ કાદીપોર ગામે દિલ્લીથી ખાસ વજીરે આવી ઠરાવો કરેલા છે. બરાનપુરેનો પીરની ગાદીના જાએનશીન ગુલામ રસુલ ઉર્ફે બાવા સાહેબે નવસારીની દરઘા માટે દાવો ઉઠાવ્યો હતો, પરંતુ હીજરી ૧૧૮૭ માં બરાનપુરવાળાઓનો ઠરાવ એવો થયગો જણાવામાં આવે છે, કે એ ગાદીવાળા જો પૂર્ણા નદિ ઓલંગીને નવસારીમાં દાખલ થાયતો રૂ. ૧૦૦૦૦ આપે. અને નવસારીની દરઘાના સૈયદ સગીર તથા તેના બેટા સૈયદ કબીરના વખતમાં હીજરી ૧૧૫૯ માં આદીઆ પંથી પૈકી સીધી કોમના સાજી સવાઈએ એ દરઘા માટે વાંધો ઉઠાવ્યો હતો. તેથી જો તેઓ ફરી વાંધો ઉઠાવે તો રૂ. ૨૫૦૦૦ લેવાનો ઠરાવ ગાયકવાડ સરકારે કરેલો જણાવામાં આવે છે.

ખોજાપંથના જ્ઞાનોમાં એમ કહ્યું છેકે, એ પીરની એકવાર ભેટ લીધા વિના ચોરાસી લાખ ફેરાની મુક્તિ થતી નથી. એ જગ્યા નવસારીના ઈમામશાહી સૈયદોએ આગાખાનને કબજે ન આપવાથી, મી. નાનજીઆંણી કહે છેકે, સંવત ૧૯૨૨ ની શાલમાં તેની સત્તા ખેંચી લેવામાં આવી હતી એમ કહેવામાં આવે છે.×

ઈસમાયલી સુઝરાની ચોપડીમાં નૂરસતાગરનું બીજું નામ "નૂરમહમદ" એવું બતાવ્યું છે. નુર સતાગરને ગુજરવાને ૭૫૦ નહીં પણ ૮૨૮ વર્ષ થયાં છે. તેમજ એ પીરની ઉમર ૩૫૦ વર્ષની કહેવામાં આવે છે ! અને કહે છેકે વર્ષમાં ૭ મહિના તેઓ સમાધિમાં રહેતા, અને ૬ મહિના દુન્યાંદારીમાં રહેતા, તેથી તેમની ઉમર ગણવામાં કેટલીક ચુક થયલી જણાય છે.

નૂરસતાગર યાને નવસારીના સૈયદ સાક્ષાત પોતે જ્ઞાની હતા. શિષ્યોને પણ અંતનો બોધ તે તેવોજ કરતા હતા. એના શિષ્યો એને ઈશ્વરનો અવતાર ગણતા હતા, અને બ્રહ્માનો અવતાર પણ લેખતા. એ વાત માતાપંથીઓ પાસેથી મળેલા દશ અવતારના ભજનમાં છે. અને તે નીચે પ્રમાણે નવસારીમાં ગવાય છે:—

×કહે છેકે તેને માટે આગા હશનઅલી સાહેબ નવસારી આવેલા, પણ તેઓ કંઈપણ વિશેષ કર્યા વિના પાછા સિધાર્યા હતા.

" સત જુગમાં પ્રભુજી ચાર અવતાર લીધા. પ્રથમ કોરભ અવતાર લીધો, કોરભરી માતા પદમાવતી તેને પેટે અવતર્યા, પીતા પૂર્વરખ કહીજે; માન સરોવરમાં યુદ્ધ કીધો છે, ત્યાં મદ કીટક દૈતને માર્યો છે; દૈતની માતા તો સંપ્રાદેવી પિતાનો નારાકંશ, તેનો દીકરો તે રાખસ અવતર્યો , તેને ધરતીનો મધ ચાખો, તેનું નામ મદકીટક તે માર્યો ત્યારે બીજો અવતાર મચ્છનો લીધો, તેની મા સંખાવતી, પિતા અતીતરખ, ગુર સોજાનંદ તે સંખા દાણવ કાજે અવતર્યો; સંખવો બ્રહ્માજીના વેદ હરી ગયો, તેની માતા જારજાદેવી, પિતા સામેરીરખ, તે હંસના ખેત્રમાં માર્યો છે; ત્રીજો રૂપ વારાહીનો લીધો, તમ્મર દાણવ દેવ યુદ્ધ કીધો, વારાહીરી માતા તો પદમાવતી પિતા દેલરખ, ગુર દેરચંદ, તમ્મર દાણવરી માતા જાંબુવતી, પિતા સિદ્ધબળ તે ઢોર સમુદ્ર ખેત્રમાં માર્યો છે. ચોથો અવતાર નારસિંહરો લીધો છે, પેરાજ કારણ યુદ્ધ કીધો છે, માતા લીલાવતી, પિતાતો કંસવરગણ, તેને પેટ અવતાર લીધો છે. દૈત હરણાકંસ માર્યો છે, હરણાકંસની માતા તો મછગંધા, પિતા આદક તે કાશ્મીરીમાં નારસિંહરૂપ હોય માર્યો છે. એતા અવતાર પ્રભુજી સત જુગમાં લીધા; તા પછી ત્રેતાજુગમાં અવતાર હરી લીધા; પ્રથમતો વામનરૂપ લીધો છે; તેની માતા લિલાવતી પિતા હરીકસ, ગુર વિપચંદ, વામનરૂપ લઇ બળીને માર્યો; ત્યાંથે ફરસરામ અવતર્યો, ખેત્ર ઈસાણદમાં અવતર્યો છે, માતા રણકાદેવી, પિતા જમદારખી, ગુરૂ અંગરખ, દૈત સસા અરજણ માર્યો, સસા અરજણરી માતા ત્રજાતારકી, પિતા જાભુધન તે ફરસરામ માર્યો, સાતમો અવતાર શ્રીરામચંદ્રનો લીધો, તેની માતા કોસલા, પિતા દશરથ, ગુરવશિષ્ટમુનિ, અજોધામાં અવતર્યા છે, ત્યારે જણુરખ ઘર સીતા અવતર્યા છે, તે ત્યાં રામ લખમણ વનવાસ થઈ આવ્યા છે, નવતાડી પાડી છે, રામચંદર સીતા પરણ્યા છે, ત્યાંથે રાવણનો વેર લાગો છે, રાવણરી માતા ત્રજટા, પિતા દેશારખ, રાવણ અસુર થયો છે, તે સીતા હરી ગયો છે, તે રાવણ માર્યા છે, લંકાં વિભિખણને સોંપી છે, સીતાજી વારી આવ્યા છે, ત્રેતાજુગ આવી રહ્યા છે. ત્યારે દ્વાપર આવ્યો છે, પ્રભુજી અવતાર લીધા, પ્રથમ અવતાર કરસનજીનો, માતા જસોદાજી પાર્યા છે, કંસ મારવા કાજે અવતાર લીધો છે; કળજુગમાં બુદ્ધારૂપ લીધો છે; તેની માતા કરણાવતી, પિતા તો વછરાજા. તે અંતજોતમાં બેઠો છે, તેની માતા અંધારી, પિતા અંધરાજ, તે બાધપર માર્યો, ગુરસતાગરજી વેદ

સુણાયે, મુસલમાન હોઇ વેદ સુણાયો, કળજુગ બેઠો તે કાણ-દને, ભાદરવા વેદ તેરસ વાર શુક્રવારને દને કળજુગ બેઠો છે, "

આપણા નોશાકરા નૂરસતાગરના ભજનો જણાયાં નથી, પણ તે પછીના પીરોએ પોતાના જ્ઞાનોમાં જે બતાવ્યાં છે, તેમાંથી " સતગુર નુંરના શ્લોક" નેનામના જ્ઞાનમાંથી થોડાક શ્લોક આપણા સૈયદ સાદાતની તા-રીફના જણાવીશું. " સતગુર કહેરે દિલમાં દેવળ પુજીએ, અને દિલમાં દેવ દુવાર; દિલમેં સાંઇ આ આપ વસે તો દિલમાં આપ દિદાર. સત ગુર કહેરે આપે દરીઆ લેર હયે અને આપે વરસે નુર; આપે સબ ઘટ દીસતાસો અંધા કે મન દુર. " ફિરસ્તાની તવારીખમાં સૈયદ મહમદ નુરબક્ષ વીશે હકીકત નીકલે છે, તે નવસારીના આ મહા પુરૂષની હકીકત સાથે મળતી આવે છે. પીર શમસના વૃતાંતમાં બતાવ્યા પ્ર-માણે બદખશાનમાં તેના મુરીદ હતા, ત્યારે બીજે ઠેકાણે પણ હશે. મીર હૈદરે અમીર સૈયદ મહમદ નુરબક્ષનો રશાલો વાંચ્યો હતો તેથી જણાય છેકે, તેમણે કેટલીક કેતાબો બનાવી હશે. પણ તે હાથ લાગતી નથી. વળી ફિરેસ્તાની કેતાબ પ્રમાણે શાહકાસમ અનવ્વર જેને મુરીદો " જમાનાનો ઈમામ " ગણતા તેનો આ નોશાકરો નૂરસ-તાગર બાપ થતો હતો. અને પીર શમસ શાહ કાશમના મુરીદોમાંથી હતો એમ પણ જણાય છે. માતાપંથ ને " જોત પંથ " પણ કહે છે. એ મતને અનુકુળ આવે એવો નુંરબક્ષ એટલે જોતનો આપનાર લકબ એ સૈયદ સાદાતે રાખ્યો હતો. એણે પોતાને ઈશ્વરનો અવતાર અથવા ઇમામ મનાવ્યો છે. *

ચચ અથવા માતંગ.

નવસારીના આ નુરસતાગરનો શિષ્ય ચચ જેને નુરસતાગરે પોપટ રૂપ થઇ નસાડયો, અને તે મેઘવાળોના વાડામાં સંતાયો એવી વાત પાછળ આવી છે. મી. નાનજીઆંણી કહે છેકે, ખોજા લોકો આ ચચને " ચચ

* ખોજાપંથના જ્ઞાનોમાં સતગુર નુર પછી " સાલેદીન " નું નામ આવે છે, અને પીરોની ટીપમાં " ઇમામદીન " નું છે. એ બેઉ નામો નૂરસતાગરના ચેલા " ચોટ " ના હશે એમ " અનંતના પાઠ " ઉપરથી માનવામાં આવે છે. (ખોજા વૃતાંત.)

સુપી " નામથી ઓળખે છે, અને મેઘવાળો તેને " માતંગ " નું નામ આપે છે. તે કહે છેકે હજરતઅલીએ અલમુતગઢમાં નૂરસતાગરને જે મંત્ર આપ્યો હતો, તે તેણે પોપટ રૂપ થઈ " માતંગ " ને આપ્યો, ને તે મંત્ર વડે માતંગે મેઘવાળોને બોધ્યા. મેઘવાળો માતંગને ઇશ્વરનો અવતાર ગણે છે*એણે નવસારી અને ગુજરાતના કેડાઓને તથા મેઘવાળોને શી રીતે બોધ્યા, કહો કે હિંદુ ફિરકી મુસલમાન કીધા, તે સમજવા માતંગનું એક કવિત આપ્યે:——

---

*ખોજાના વૃતાંતોમાં કહેછેકે, માર્ગી એટલે માતા પંથના મત પ્રમાણે નવ અવતાર સુધી હિંદુ અવતાર મળતા ચઇ, પીર શદરદીને મુસલમાન છતાં દશમો અવતાર હજરત અલીનો બતાવ્યો, અને તેનો અવતાર પ્રમામ ઇસલામશાહને બતાવ્યો. આ યોજના નિચે પ્રમાણે હતી:—નિઅનાદ (૧) આદ (૨) અવિગત (૩) આદ (૪) હવ (૫) કવ (૬) ધર્મ (૭) કલર (૮) તવ (૯) નાદ (૧૦) ઉત્રા (૧૧) હરીનક (૧૨) અંત (૧૩) અતીત (૧૪) **વાંસે શ્રી મછ (૧)** મનાયક (૧૫) અજામેર (૧૬) ઉગ્રસેન (૧૭) ઇચ્છવર્ષપત (૧૮) એસુભવ (૧૯) વણુવીર (૨૦) **વાંસે શ્રી કોરસ (૨)** અતીત (૨૧) એહીઆત (૨૨) પ્રજાપત (૨૩) કિપ્રસેન (૨૪) કદીસ (૨૫) દાએલ (૨૬) **વાંસે શ્રી વારાહ (૩)** કેશવ (૨૭) બળીઆ (૨૮) વસઅસુ (૨૯) તાહુતસ (૩૦) ગોતમ (૩૧) પુરીતક (૩૨) **વાંસે શ્રી નરસંગ (૪)** મનાયેક (૩૩) કુસુપરખ (૩૪) કિસ મંડણ (૩૫) **વાંસે શ્રી વામન (૫)** માનધાતા (૩૬) પૃથ્વી જય (૩૭) એશ્રીત (૩૮) જવ લગન (૩૯) **વાંસે શ્રી પરસુરામ (૬)** રૂધ (૪૦) જઝઆત (૪૧) કુંભહરી (૪૨) અજેપાળ (૪૩) દશરથ (૪૪) **વાંસે શ્રી રામ (૭)** પદમ (૪૫) જસવદણ (૪૬) વીરપાળ (૪૭) વાસુદેવ (૪૮) **વાંસે શ્રી કાન (૮)** પ્રીબત (૪૯) જન્મેજય (૫૦) શિવાનંદ (૫૧) ત્રિણવછરાજ (૫૨) **વાંસે શ્રી બુદ્ધ (૯)** શીશ (૫૩) સામ (૫૪) મલેક (૫૫) ઇસલામ (૫૬) કારામ (૫૭) સામાન (૫૮) આદાન (૫૯) નિઝાર (૬૦) મિંઝાર (૬૧) ઇલીઆસ (૬૨) મલેક (૬૩) પમીમ (૬૪) કિલાન

"અલ્મુતગાઇ આલી ભણે, કાંટા મુંજા ભાખત્ર પાળશે, પચવીશ ગામ સોંસત્રપન અંતરમે સદ સંભળાવે; તબ ઉથ્યા નુરસતાગર તેણુચાર્ય, હેત તારા ભાખત્ર પાળશું. જેમ હજરત અલી કહે તેમ કરશું. ઉગમણ જઇ ગમત કરશું. આગળ સીમ નહીં સુજંત, દો નેણ ભેર રૈદન કીઆ. આગળ છે પાલણુકે મધા, બે બેનડીનો વેર હતો તે મે-

---

(૬૫) મસરત (૬૬) ફઇઆસ (૬૭) ગાલબ (૬૮) લબે (૬૯) કાબ (૭૦) મુરાદ (૭૧) કઝીમ (૭૨) મુતહર (૭૩) અબદુલ મુનાફ (૭૪) હાસમ (૭૫) મુતલબ (૭૬) તાલબ (૭૭) **વાંસે શ્રી મૌલા મુર્તઝા અલી** (૧૦).

એ પ્રમાણે હિંદુઓના ઇશ્વરી અવતારોની પેઢીએ લખી નવમા બુદ્ધાવતાર પછી દાદા આદમની પેઢીઓ લગાડી દશમો અવતાર હજરતઅલીનો બતાવ્યો છે. શક્તિના ત્રણ પુત્ર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વીશે આમ ગોઠવણ કરી નબી મહમદ ને બ્રહ્મા ઠરાવ્યા, હજરતઅલીને વિષ્ણુ, અને બાવા આદમને શિવ ઠરાવ્યા.

જ્ઞાનનો પાઠ:

જીરે ભાઇરે આજ કલયુગમાં, ઇશ્વર આદમ નામ ભણાયાં;
ગુરૂ બ્રહ્મા તે નબી મહમદ કહાવ્યા; હો જીરે ભાઇ—૧
જીરે ભાઇરે પુરૂષ ઉત્તમ વિષ્ણુજી, અલી રૂપે નામ ભણાયાં;
તેતો નામ રખી સરે ધાયાં, હો જીરે ભાઇ—૨

પીર સદરદીનના વખતમાં બાવા આદમ, પેગંબર મહમદ, અને હજરતઅલી કોઇ હતા નહીં, પણ સદરદીને તે નામોનો સંબંધ લગાડી એમ યોજના કીધી કે, પીર સદરદીન એ ગુરૂ બ્રહ્મા, નવસારીના નુરસતાગર અથવા નબી મહમદ અને ઇમામ ઇસલામશાહ વિષ્ણુ, અથવા અલી એમ જાહેર કર્યું. હિંદુ ધર્મને માનનારી હલકી જ્ઞાતીઓને એમ ગબ્બુ ગબ્બુ જોડ મેળ સમજાવી મુસલમાન ધર્મ ઉપર યકીન બેસાડેલું છે. અને પછી પંથીઓ ગાય છે કે,

"આસોજી સંતરદીપ દશ ખંડે, ઘણુંસાર વધાઇયું અલી અનંતર્યા; અલી નામ નિરંતર ભણ્યે, શ્રી ઇસલામશા જુગ પરવર્યા:" કિ-

બાપત કરશું. અમનગુર, અકનગુર, વદનગુર, વ્યાસગુર, કળજુગ કઇ સાખ પુરો, કરમ તો કરે કોયડા. અમો એ આલી, અમો એ ઇશ્વર, અમોએ રૂપ આગળ ધરંતે; મઢદ્વીપ, જંબુખંડ, ડંમર માતંગ નામ ઉચરંતે, થાન બેઠો દાન દેશે, રાય રંક હોય સીજવશે, દેખ મુનારા મુલતાનજી, મુલતાન અયે મુરેધું હામ. સુણે ન સુબ્રમ દશ અવતાર, નવ અવતાર આગે રમ્યો. દશમો મેધવારે જે ધરે, મહેસરી માતંગ આયો દેવ."

સારઃ—અલમુતમાં અલીએ ભાષણ કર્યું હતું, તેણે કહ્યું કે, મારાં વચન કોઇ પાળશે ? આ વખત નવસારીના નુરસતાગરે આંખોમાં આંસુ લાવી કહ્યું, કે હે દેવ ! તારાં વચન અમે પાળશું, અને જેમ તમે કહેશો તેમ કરશું. નુરસતાગર યાને સૈયદ સાદાત નવસારીનાના વખતમાં હજરતઅલી અલમુતગઢમાં ન હતા. હજરતઅલીનેતો એ વખતે પાંચશો વર્ષ થઇ ગયાં હતાં એમ કહે છે. આ વખત અલમુતમાં હસનઅલી ઝીકરતલસલામ બાદશાહ હતો, તેને હજરતઅલીનો અવતાર ગણી તેના વિષે બોલવામાં આવ્યું હશે, એમ મી. નાનજીઆંણીનું મત છે. અલમુતગઢમાં ભાષણ પણ તેણેજ કીધું હતું. ઉપલાં કવેતમાં વળી કહે છે કેઃ—હું અલી છું, હું ઇશ્વર છું, અને આગળ જે ઇશ્વરનાં રૂપ થયાં છે તે બધાં મેંજ લીધાં હતાં. નવ અવતારમાં મેં આગળ રમત કરી હતી, અને હમણાં દશમો અવતાર લીધો છે. એ પ્રમાણે હિંદુના ગીતામાં અને પારશીના હોરમજદયસ્ત જેવા અવસ્તામાં વર્ણવેલી ખુદાઇ

ગેરે. શિષ્યો વધારવામાં પીર સદરદીનની ઝડપ નવસારીના પીર કરતાં પણ વધારે હતી. "છત્રીસ કોડી" નામના જ્ઞાનમાં કહે છે તેમ, તે શિષ્યોની ગણત્રિ ૩૬ કરોડની હતી. તેના ૩ ભાગ મુખ્ય હતા. ૧૨ કોડીનો મુખી તુલશીઓ કાશમીર તરફ હતો, લાહોરની ૧૨ કોડીનો મુખી સામદાસ હતો, અને સિંધ તરફની ૧૨ કોડીનો મુખી ત્રીકમ હતો. આ ૩ મુખી અને ૩૬ કોડી શિષ્યોને લઇ પીર સદરદીન પરમેશ્વરના અવતાર આગા ઇસલામશાહની ભેટ લેવા નીકલ્યા. તેની હકીકત મજાની, પણ લંબાણ હોવાથી પડતી મુંકી છે. તોપણ આ જ્ઞાનમાં એવો બોધ છેકે એ પીરે ૩૬ કોડીને કશી જોતાં ૧૨ કોડી કાયમ રહી, તે સ્વર્ગમાં પોંહોંચી, અને ૨૪ પાછી ફરી તે નર્કમાં પડી, તેની વાર્તાઓ ઘણી મોહક છે, પણ લંબાણ થાય માટે પડતી મુંકી છે.

શક્તિના જેવી જોડણી કરેલી જણાય છે, જે નવસારીમાં ગવાય છે. મેઘવાળો કહે છેકે તેઓ પવિત્ર રૂષી હતા, પણ ગાયનો વધ કરવાથી અપવિત્ર થયા. એટલે ઢેડા થયા તે અગાઉ તો ઢેડાના બાપદાદા રૂષિ હતા. ! ! રૂષિઓએ મહુડાંના ફળનો રસ (દારૂ) પીધો તેથી ઘેલા બની ગયા, અને ઘેલાપણામાં ગૌહત્યા કીધી. એ નવસારીથી નાઠેલા ચેલા માતંગની જગ્યા સીંધના " રાએમા બજાર " નામે ગામના ઈશાન્ય ખુણે છે. નવસારીમાં તે કેમ આવ્યો હતો તે જાણ્યું. હવે નિચલી હકીકતથી નવું જણાશે.

એક વિદ્વાન બ્રાહ્મણ રૂમશામ તરફનો રહીશ હતો. તે પોતાના પિતાના પુસ્તકો લઇ નાઠો, તેના ભાઈઓ પાછળ થયા ત્યારે તે સિંધના " મઢડા " ગામે એક મેઘવાળ યાને ઢેડાઓના ગરૂડાના ઘરમાં ભરાયો. મેઘવાળે તેને પોતાની કુંવારી દીકરી જે એક ખાટલા ઉપર સુતેલી હતી, તેની જોડે સુઇ રહેવા કહ્યું. તેના ભાઇઓએ ત્યાં આવી પુછ્યું, ત્યારે મેઘવાળે કહયું કે મારા ઘરમાં તો મારી દીકરી ને જમાઇ સુતાં છે, તે શિવાય બીજું કોઇ નથી. એ સાંભળી તે પાછા વળી ગયા. હવે તે બ્રાહ્મણને મેઘવાળે કહ્યું કે, મારી દીકરીને તેં આળ ચઢાવી, માટે તેને તું પરણ ! બ્રાહ્મણે તેમ કીધું. થોડે દિવસે તે બાઇને ગર્ભ રહ્યો. પ્રસવ વખત તેણે જોતિષ્યના નિયમ પ્રમાણે જોયું તો બે ઘડી પછી પુત્ર જન્મે તો પ્રતાપિ નિકળે, એમ તેને જણાયું, માટે તેણે પોતાની સ્ત્રીના પગ તંગ બંધાવ્યા, અને વખત થયો ત્યારે તંગ છોડતાં પુત્રનો પ્રસવ થયો, તેનું નામ તેની માને તંગ બાંધ્યો હતો, તે ઉપરથી " માતંગ " નામ પડયું. મી. નાનજીઆંણી કહે છે તેમ, ચચ અને માતંગનો ઇતિહાસ એટલો બધો મળતો આવે છેકે, જેથી તેઓ નામ એકજ સખ્સનાં હતાં એમ માનવાને સંશય રહેતો નથી. નવસારીના પીર નુરસતાગરનો આ નોશાકરો ચેલો ચચ અથવા માતંગ ઘણો પ્રતાપિ પુરૂષ થઇ ગયો છે. એ માતંગના વંશજો, આજેપણ કચ્છના રાવ અને નવાનગરના જામના કપાળ ઉપર બેસતી વખત ટીળું કરે છે. તે સામે બ્રાહ્મણ જેવા પણ તેની છીટ ગણતા નથી.

પીર શમસ.

ખોજાના વૃત્તાંતો ઉપરથી જણાય છે કે નવસારીના નુરશતાગરનાં બે ચેલા હતા. એક ચચ અને બીજો ચોટ. ચચ મેઘવાળોનો ગુરૂ થયો અને ચોટ તે પીરનો વારસ હર્યો. ચોટ વીશે કંઇ વધારે જાણવા લાયક નથી, પણ ચોટનો વંશજ અથવા પંથી પીર શમસ હતો. તેને "શમસ ચોટ" કરીને કહે છે. પીરોની ટીપમાં નવસારીના નુરસતાગર પછી ઇમામદીનનું નામ આવે છે, તેને "ઇબ્રાહીમ આદમ કબીરશાહ" કહે છે. (નવસારીના સૈયદ સાદાતના ૧૯મી પેઢીના વંશજ તથા પીરશમસના ૭મી પેઢીના વંશજ પીર સદરદીનવાળું જ્ઞાન ખોજા લોકો પ્રીતથી પઢે છે. એ પીર સદરદીને જ પોતાના શિષ્યોને ખોજાનો લકબ આપ્યો. એના કેટલાક શિષ્યો જે હિંદુની આકૃતિમાં રહી ગયા છે, તેઓને ખોજાઓ "ગુપ્તિ" કહે છે. તેઓ પંજાબ ને સીંધમાં છે. ખોજા = ખ્વાજા એટલે સરદાર તે ઉપરથી. એ પ્રથમ રામની શીતાના લવ ઉપરથી થએલા લવાણા હિંદુઓ ઉપરથી ખોજા થયા છે. ઠક્કર, ઠાકર, વગેરેને મળતો પોતાનો અસલ અર્થ અને નસલસૂચક શબ્દ એ મુસલમાન થયલા હિંદુઓએ લીધો છે. એ ખોજાઓના પીરના મુળ પુરૂષ પણ નવસારીના જ છે, એટલે ખોજા પંથ પણ નવસારીનો જ આભારી છે.) તે ચોટ પણ કદાચિ હોય. નવસારીના મુખ્ય પીરના વારસની ઓલાદમાં એના ચમત્કાર વિશેષ છે. એ શમસ વિષે "ચંદ્રભાણ" નામના જ્ઞાનમાં લખ્યું છે કે તેણે શિષ્યો પાસેથી માણસનું માંસ માગ્યું હતું, અને તેને માટે ઘણા લાંઘા કાઢ્યા હતા, યાને ઘણા રોજી ભૂખ્યો રહ્યો હતો. અંતે ચંદ્રભાણ નામના ભક્તે પોતાનું માથું કાપી આપી, તેનું ખાણું બનાવ્યું. પણ પીરે તે ખાણું ચંદ્રભાણ વિના ખાવા ના પાડી; અને અંતે ચંદ્રભાણને પાછો સજીવન કરી સાથે જમાડયો! આ વાતો માલાપંથમાં "સગાળશા" અને "ચેલૈયા" ને મળતી છે. વળી ચંદ્રભાણને મળતું "સુરભાણ" નામનું જ્ઞાન છે. સુરભાણ ભક્તે આ પીરને માથાપરના વાળ પકડી પોતાની ચામડી ઉતારી આપી હતી, તેની તેણે મોજડી બનાવી હતી એમ તે જ્ઞાનમાં લખ્યું છે. ચંદ્રભાણ અને સુરભાણના વખતમાં એક "હરજી" નામના મોચીએ પીરશમશની ઉત્તમ શેવા

ભજાવી હતી. તેથી ચંદ્રભાણુ એક, સુરભાણ એક, અને હરેજી સોચી આડયો, એમ ખોજા લોકો પોતાના પંથના અઢી મોમન ગણે છે. તેઓ જ્યારે પ્રાર્થના પઢે છે ત્યારે આ અઢી મોમનની હિમાયત માંગે છે. “(અઢી મોમન જે પ્રસાદે)” “મોમન ચિંતામણી” નામના ગ્રંથમાં પીર શમસની તરેહવાર ભજન પડે એવી વાર્તા આવેલી છે.

પીરઈમામુદ્દીન.

નુરસતાગરને વાસ્તે નવસારીના સૈયદસાદાત માટે કહે છે કે, એવા નામનું સત વધારે હોવાથી, સતા = સત, ગર = ગુરૂ નામ પડેલું છે. તેના એક વંશજ પીરઇમામુદીનને નુરસતાગર કેવી મદદ કરતા હતા, તે વીશે ઘણું કથારૂપી પણ ગમત સાથે જ્ઞાન મળે એવું કહેલું છે. અમે જે વાતો નવસારીમાં ખરાં ઇમામથી મુસલમાનો કરે છે. તે મી. નાનજીઆણી ઉપરથી આપયે. સંવત ૧૫૦૮ ના ભાદરવા શુદ ૧૧ ને રોજે પીરઇમામુદીન ગુજરાતના આટુંબા નામે ગામે ગયા. એક મસજીદમાં ઉતારો લીધો. જે મુસલમાનો ત્યાં નીમાજ પઢવા આવતા તેઓએ એ પીરને કહ્યું “તમે મુસલમાન છતાં નિમાજ કેમ નથી પઢતા?” પીરે કહ્યું, “મારી વતી મસજીદનો મિનારો નિમાજ પઢશે.” એમ કહી તેણે આપણા નવસારીના પીર નુરસતાગરની પ્રાર્થના કરી, એટલે તુર્ત મીનારો સેજદા માટે નમ્યો તે જોઇ લોકો નાઠા! એ વાતની ખબર અમદાવાદના બાદશાહ મહમદ બેગડા (કેટલાકો વળી એમ કહે છે કે બગડયો શબ્દ ઉપરથી “ક્યું બેગડા?”=શામે કાં બગડયો? તેથી મહમદ બેગડો કહેવાયલો.) ને પડી. તેણે પીરને પોતાની હજુર બોલાવ્યા, અને મિજબાની કીધી. રકેબીમાં બિલાડીની તરકારી હતી. પીરે રકેબીને લાકડી ઠોકી કહ્યું, “ઉઠ રાંડ યહાં તેરા ક્યા કામ હયે?” બિલાડી સજીવન થઇ રકાબીમાંથી કુદકો મારી નીકળી. બાદશાહ અને દરબારીઓ આ જોઇ દીંગ થઇ ગયા. બાદશાહે ઇનામ આપવા માંગ્યું, પણ પીરે એક ચેહેલ પાસે ગાડી શિવાય બીજું કંઇ માંગ્યું નહીં. નવસારીના મુસલમાનોને જો તેમની તવારીખ પુછયે તો તે એવાને એવીજ હોય છે. આ પછી એ પીર ઇમામદીન “ગુરમત” નામના ગામડાંમાં આવ્યા. રસ્તામાં નાંઇએ

કોલી નામે લુટારાઓનો સરદાર મળ્યો. તેણે ગાડીને પકડી. પીરે કહ્યું કે તારાં અપકૃત્યની કમાઈ તારા કુટુંબ સાથે તું ખાય છે; પણ તેના પાપમાં ભાગ લેવા તારૂં કુટુંબ કબુલ કરે છે કે? તે તેઓને તારે પુછવું જોઈએ. નાંઈઆએ તેમ કીધું. તેની સ્ત્રી કેશર, દીકરી ધીરજ, બાપ પસુરપગી, અને બેહેન ગધુર એ બધાંઓએ પાપમાં ભાગ લેવા ના પાડી. તેથી નાંઈઆને જ્ઞાન આવ્યું, અને વાટપાડુનો ધંધો તે દહાડેથી છોડયો. અને પીરનો તે શિષ્ય થયો. ત્યાંથી પીર સાહેબ "લાથારે" નામના ગામે આવ્યા. ત્યાં પાંચ મણ જનોઈ અને સવા-મણ કુંડળ ઉતર્યા. એટલે હિંદુ ધર્મ તજી લોકો મુસલમાન થયાં. એ પ્રમાણે નવસારીના પીરની ગાદીના શેવકો અને વારસો કે ચેલાઓ, આ મુલકમાં પ્રખ્યાત થઈ, મુસલમાન ધર્મ ફેલાવતા ગયા.

એજ પ્રમાણે કવિ દલપતરામ ડાહ્યાભાઈએ બુદ્ધિ પ્રકાશમાં જે કથા આ પીરોની લખી છે તે અત્રેના સંબંધની છે. સૈયદ ઈમામશા-હ* વીશે કહે છે કે, સંવત ૧૫૦૫માં તેઓ ગુજરાતના જરમથા ગામે ગયા, ત્યાં ચાલુ ત્રણ વરસથી વરસાદ ન વરસેલો હોવાથી લોકોએ તે-મને અરજ કરી. ઇમામશાહે કહ્યું કે "અબી બરસાદ આયગા." પછી તુર્ત વરસાદ વરસ્યો, તેથી ત્યાંના પાટીદારોએ તેમને ગુરૂ કર્યા! પછી ઇમામશાહે પાટીદારોને કહ્યું કે, આ ગામથી પશ્ચિમે હું તીર ફેંકું તે જ્યાં જઈ પડે ત્યાં મારૂં થાણુક બંધાવો. તે ઠેકાણે ઝુંપડી બંધાવી આપી. એવામાં અમદાવાદના બાદશાહ મહમદ બેગડાએ શી-કાર કરવા ત્યાં આવી મુકામ કર્યો. તેણે ઈમામશાહની પરિક્ષા લેવા સારૂ દુધમાં ઝેર નાંખીને પાયું, તોપણ ઇમામશાહને કાંઇ પણ ઇજા થઇ નહી. વળી બાદશાહે બીલાડીનું માંસ રંધાવીને તેની આગળ મું-કયું ત્યારે ઇમામશાહે કહ્યું "આઓ બચ્ચા કાયકો મરી પડી હયે!" એટલે બીલાડી જીવતી થઇ ને તેમની પાસે ગઇ. વળી બાદશાહે માંસની રકાબી મોકલીને કહ્યું કે, આમાં તમારે માટે ગુલાબના ફુલ છે. મેજ ઉપર એમ કહી રકાબી મેલી. ઇમામશાહે રૂમાલ ઉંચાડયો એટલે તેમાં ખરેખરાં ફુલ થઇ ગયાં, તે સૌને વ્હેંચી દીધાં. જ્યારે ઈમામશાહ ઘ-રડા થયા ત્યારે તેમણે પોતાની કબરને વાસ્તે પીરાણામાં રોઝો બંધા-વવા માંડયો. તે ઉપર આશરે દોઢલાખ રૂપીઆ ખર્ચ્યા. તે રોઝાથી

*એ સૈયદ ઇમામશાહ તેજ નવસારીના સૈયદ સાદાતના વંશજ સૈયદ ઈમામુદ્દીન હોય એમ મળતા આવતા શાલવાર બનાવો ઉપરથી જણાય છે.

દક્ષિણ તરફ ૪૦ કદમ ઉપર " નગીના ગોમટી ". નામની પોતાની બેઠક છે. ત્યાં કહે છે કે, ગાદી ઉપર બેશીને રોજ સાંજે ગાદી નીચેથી નાણું કાઢી કાઢીં મજુરોને મજુરી ચુકવી આપતા હતા. મજુર કોળીએ જાણ્યું કે, આ ગાદી હેઠે ખજાનો છે, તેથીં તેમણે રાત્રીએ આવીને તે ઠેકાણે ચોરી કરવા સારૂ ખોદયું; પણ કંઈ મળ્યું નહીં; બીજે દહાડે સાંજે મજુરી ચુકવી આપ્યા બાદ, ફરીથી બીજીવાર મજુરી આપી. કોળીઓએ કારણ પુછ્યું. ત્યારે ઈમામશાહે તેઓને કહ્યું કે, તમે રાતે આ ગાદી હેઠે ખોદવાની મજુરી કરી તેની મજુરીના એ પૈસા છે ! એમ કહી પઈસા આપ્યા. આવી કથાઓ મુસલમાનોમાં યકીનથી તવારીખ જેવી ગત્તાખારીજ લેખાયછે. અને તેઓની તવારીખો એવાજ એતેકાદથી લખાયછે ! એ રોજો તૈઆર થયો ત્યારે તેમની સેવામાં મુખ્ય સેવકો પ હતા. હાજરબેગ મુસલમાન-ભાભારામ ગાડીવાણ લવા કણબી-નાંઈઆ કાકા કોળી-સાણા કાકા લવા કણબી-અને ચીચીબાઈ (ભાભારામની બેહેન). તે પાંચે જણે ઈમામશાહને કહ્યું કે, આપ સ્વર્ગે જવાની તૈયારીમાં છો, માટે સેવાનો કંઇ બદલો આપી જાઓ. ઇમામશાહે હાજરબેગને કહ્યું કે, હું જ્યારે મરીશ, ત્યારે તું પણ મરશે, ને તારી લાશને મારા રોજાથી ૨૦ કદમ દુર દફનાવવામાં આવશે, અને ઉનાળામાં ગમે એવો તડકો પડશે તોપણ તારી કબર, અગાશીએ છતાં, તેને તાપ લાગશે નહીં. તે ઠંડી રહેશે, અને મારા સેવકો તારી કબરને ફુલ ચઢાવ્યા પછીજ મારી કબર ઉપર ફુલ ચઢાવશે. તેમજ આજ પણ થાય છે. બાકીનાઓના જુદા જુદા રોજા જુદી જુદી જગાએ તરેહવાર ભક્તિભાવથી પુંજાય છે, તેનું વર્ણન આપવાની જગા કે જરૂર નથી. પીરાણામાં એ પ્રમાણે પાંચ ગાદીઓ છે. અને તેઓના જુદા જુદા શેવકો પૈકી કેટલાકોએ નવસારીના શોનાના કળશવાલી ગાદી ઉપર નવસારીના નુરસતાગરના વારસ લેખે દાવો પણ કર્યો હતો. તે બીના જણાવા પેહેલાં તેમની ટુંકમાં થોડી હકીકત સમજાવવી જરૂરની છે.

ઈમામશાહની ગાદીને માનનારા " ઇમામશાહી "—સુરભાઈની ગાદીને માનનારા " પાંચીયા " (કાકાભાઇ કારભારીઓ થઇને માલેક થયા તેમાં પાંચ કારભારીઓએ કામ ઉઠાવી લીધું તે " પાંચીઆ " થયા, અને નીચે જણાવ્યા પ્રમાણે " આઠ " જણે ઉપાડી લીધું તે " આઠીઆ " કેહેવાયા.) બાળા મહમદશાહની ગાદીને માનનાર

" સાતીઆ શેખ "——બાકર અલીની ગાદીને માને છે તેઓ " આં-ઠીઆ ", અને નુરશાહનો રોઝો છે તેને " નુરશાહી મુમનો " માને છે.

એ ઇમામશાહના ઘણા ચમત્કારો પૈકી એક એવો પણ છે કે, એવણ હકક ગયા પછી આકળમીઆં નામે મુસલમીને આવી તેમની જગા દબાવી. ઇમામના દીકરાના દીકરા અશરફશાહે દિલ્લી દરબારમાં ફરિયાદ કરી. પાદશાહે પીરના સતનો ચમતકાર જાંણવા માંગ્યો, કે લોઢાનો તવો તપાવીએ તે ઉપર રહીને નિમાજ પઢો તો તે જગ્યાની સનદ થાય. જુમારાતને દહાડે પાદશાહ સાથે અશરફ પણ નિમાજ પઢવા ગયા. પોતે જ્યારે નિમાજ પઢતાં નમ્યાં, કે મસજીદના બે ટોડા નમ્યા, અને પોતે ઉભા એટલે ટોડા પણ પાછા ટટાર થયા! પાદશાહે અચરત થઇ ૪૫ વિંઘાનો પરવાનો કરી આપ્યો. હાલ પણ ઇમામશાહની માનતા ચાલે છે. લોઢાની બેડી તુટે છે, મતલબ કે કોઇને માથે તોહમત આવ્યું હોય, તે ધણી લોઢાના વાળાની બેડીઓ પેહેરી કબર આમળ જાય, એટલે તે જો સાચો હોય તો બેડી એકદમ તુટી પડે છે, અને લોકો તેને નિરઅપરાધી ઠરાવે છે. એ પ્રમાણે આપણે મનથી જે કથા જેવું, તે મુસલમાનોને મનથી ખરેખરીજ તવારીખ ગણાય છે. અને તેઓ આવા ચમત્કારોમાં એલ્મેએલાહીના ભેદો સમાયલા તથા ખુદાઇ બસારતો થયલી જણાવે છે. વળી તેની પછીના એક પીર તાજદીન, જે પણ નવસારીના પીરની ઓલાદનો (પછી અસલ કે દત્તક) ગણાય છે, તેની હકીકતો પણ જાણવા જોગ છે. તેમનું હિંદુસાઇ નામ પ્રહલાદ હતું, તેથી તેના વંશજો પેરાજ પોત્રા (પ્રહલાદ પૌત્રનું અપભ્રંશ) કેહવાય છે. તેઓ સોઢા લોકો સાથે વસે છે. તેઓ કહે છે કે પીરતાજદીન સોઢી પરણ્યા હતા તેના વંશમાંથી તે લોકો છે. પણ ખોજા કહે છે કે, સોઢી પીરના રૂપ ઉપર મોહીત થઇ હતી, તેને પીરે પેહેરણ આપ્યું તે પેહેરવાથી તેને હમેશ રહ્યો! આ પેરાજપોત્રા, પીરતાજદીનની દરઘાની ગાદીએ બેસતા અને ચાંડની પેદાયશ ખાતા. વળી ખોજા કહે છે કે પીરતાજદીનની વફાતતો પંજાબના ઉંચ શેહેરમાં થઇ હતી, તોપણ સિંધમાં તેની લાશ ખાટ ઉપર આકાશ માર્ગે આવી. એ ખાટના ચાર પાયાને ૪ ગુલામડી વળગેલી હતી, તેમાંથી ત્રણનાં ઇમાન કાયમ ન રહ્યાથી રસ્તામાં પડી ગઇ. બાકીની એક જણી ખાટની સાથે " જુણ " ગામમાં પોંહોંચી, તેને દરગાહની આગમણી

બાજુએ દાટી છે, તેને "દાઇ દાદલી" કહે છે.

એ પ્રમાણે હિંદુસ્થાનના તમામ પીરમાં મુખ્ય પીર નવસારીના સૈયદ સાદાત છે, અને તેના વંશજોએ દેશ પ્રદેશ આવા ચમત્કારોથી નામના મેળવી, એ નવસારીને માટે મોટી મગરૂર થવા જોગ બીનાછે. પછી એકને મનથી તે કથા હોય, અને બીજાને મનથી તવારીખ હોય. પરંતુ મુસલમાંન લોકોની નવસારીની તવારીખ પુછયે, તો તે તવારીખ એજ છે, અને ઇનસાફને ખાતર તેને હમે આવકાર આપ્યો છે. અને નવસારીની મોટાઇમાં એ મોટી વાત હોવાથી લંબાવવી બાગ પડી છે.

નૂરસતાગરના * શિષ્યો ખોરાંશાન અને ઇરાનમાં હતા, અને હિંદમાં પણ તેમના શિષ્યો એ રીતે જગે જગ થયા. તેઓ તેમને "જમાનાનો સાહેબ," એટલે ઇમામ તથા ઇશ્વરી અવતાર ગણતા.

ખાંદાંને આશા ફરેદુન.

૧—આશાજી:— નવસારીમાં દસ્તુર જામાસ્પ આશાના ખાનદાનનો પાયો નાંખનાર દસ્તુર જામાસ્પજી આશાજીના બાવા આંશાજી ફરેદુનજી, નવસારીમાં મોબેદી ધંધો કરવા સાથે વણકરનો પણ ધંધો કરતા હતા. તે ધંધામાંથી પાંચ પૈસા મેળવી કેટલાંક ઘરો બાંધી મીલકત કરી હતી. એવણ ઉદાર ખવાસના હતા. જેની ગવાહી એવણે

---

*નૂરસતાગરની હાલની ઓલાદ જે નવસારીમાં છે તેનો હેડો, છેક હજરતઅલી સાથે નિચે પ્રમાણે જોડાયલો છે. અને તે સર્વ પીરો કહેવાય છે:—[હૈયાત] હાશમશાહ, બાપુમીઆં, પૈરાસાહેબ, હાશમશાહ, અલીકબીર, અલીસગીર, હાશમશાહ, બાકરશાહ, દુલામહમદશાહ [બહરાનપુરી] હાશમશાહ, શાહજી, શેદખાંન, નરઅલીમહમદશાહ, [પીરાંણા], એમામુદીન, પીરકબીરદીન, મહમદ શકરોદીન, સૈયદશાહબુદીન, હજરત નશીરોદીન, શમશોદીનએરાકી, સલાઉદીન, સાલેહ ઇસલાંમોદીન, મુમનશા, ખાલીકશા, મોહબોદીન, મહમુદશા, મોંહમદશા, હાશમશાહ, અહમદહાદી, મુંનતશીરશા, અબદુલઅજીદ, ગાલેબોદીન, મોમદમનશુર, ઇશમાયલશાંની, હજરત સૈયદ નુરૂદીન [સદગુરૂ], એસમાઇલ, ઇમામજાફરસાદીક, ઇમામમોહંમદબાકેર, ઇમામજેનુલઆબેદીન, હજરત ઇમામહુશેન, [કરબલા], યશકુલલાહીલા ગાલીબ મજહરીલ અજાયબ હજરતઅલી એબને તાલીબ [ખલીફ]. એ પીરોની મૂખ્ય ગાદી નવસારીમાં આજે પણ ચાલે છે.

નવસારી ખાતે બંધાવેલા ૭ કુવાઓ ઊપરથી મળે છે, જેમાંના ચાર આજે મોજુદ છે. પોતાનાં ઘણાંક ફરજંદો બચપણમાં ગુજરી જવાને લીધે આશાજી ઘણા નાસીપાસ થયલા, પણ નામાંકીત દીકરા જામાસ્પજીના જન્મવાથી એવણને ઘણી ખુશી પેદા થઇ, અને તે બનાવની યાદમાં એવણે નવસારીમાં સાતમો કુવો બંધાવી લોકના વપરાસ માટે ખુલ્લો મુંકયો હતો. એવણની ટુંક હકીકત પાને ૧૨૦ ઉપર આવી ગઇ છે, તોપણ તે શિવાયની બીજી બીના જણાવીશું.

૨–જામાસ્પઆશા:— દસ્તુર જામાસ્પજીનો જન્મ ઈ. સ. ૧૬૯૩ માં થયો હતો. એવણે નવસારીના કાબેલ મુનશી નજમુદ્દીન આગળ પોતાનો ફારસી અભ્યાસ કર્યો હતો. એવણને જ્યોતિષ અને સંસકૃત બાષાની સંગીન તાલીમ આપનાર સંભુરામ નામનો એક પંડીત હતો. એવણને હાથની લખેલી "સારસ્વત" અને "રત્નમાલા" નામની બે સંસકૃત ચોપડીઓ આજે પણ મોજુદ છે, જે એવણે, સંવત ૧૭૬૫ ના રોજ ૨૫ માહ ૮ ને દીને પોતે હેરબદ થયા, તેની અગાઉની લખેલી છે. જંદ અને પેહેલવી શીખવા પોતે ઇ. સ. ૧૭૧૨માં ભરૂચ ગયા. ત્યાંના વડા દસ્તુર જમશેદજી કામદીનજીના જંદ અને પેહેલવીના શાગેર્દ થયા. અને ફારસીનું જ્ઞાન વધારવા માટે ભરૂચની સરકારી મદ્રેસા, જ્યાં દસ્તુર જમશેદજી, જંદ પેહેલવીના વડા શીક્ષાગુરૂ હતા, ત્યાં દાખલ થયા, અને તે ખાતાંના મુંનશી મોલવી મઆસુમશાહની ઊસ્તાદગીરી હેઠળ હકીમું, નજુમ, રમલ, અને સરફેનહુને લગતો અભ્યાસ આગળ વધાર્યો. પોતાના બાવાની મરજી વિરૂદ્ધ ભરૂચ જવાથી ઘણી મુશીબતો વેઠવી પડી હતી. તે લાં સુધી કે ભરૂચના વેપારી, મહાજન રામદાસ ગોકળદાસે એવણની તંગદસ્ત હાલત ઉપર દયા લાવી, રાતે જેટલો વખત પોતાની દુકાન ખુલ્લી રહેતી તેટલો વખત ત્યાં બેસી એઓનો વિદ્યાભ્યાસ કરવા દેવાની ગોઠવણ કરી આપી હતી. ભરૂચના સરકારી અમલદાર અબદુલ્લા એબને હાજેબની સાગેર્દી કરી, અરબી જુબાનનું પુખ્ત જ્ઞાન મેળવ્યું હતું. જ્યારે ભરૂચ હતા, ત્યારે એવણને ઇં. સ. ૧૩૨૩ યજદજરદી સને ૬૯૨માં ખંબાતવાલા એરવદ મેહેરબાન કેખુશરૂની કલમથી લખાયલી પહેલવી તરજુમા સાથની યજશનેની મોતેબર કેતાબ હાથ લાગી હતી, જે આજે ઑક્ષફર્ડની બૉદલીઅન લાઇબ્રરીમાં મોજુદ છે.*

* આ કેતાબ દસ્તુર જામાસ્પજીના મરણ પછી એવણના ત્રીજા દીકરા

કહે છે કે, એક દિવસે ભરૂચની જુમા મસજીદની બહાર, કેટલાક મુસલમાન ઓલમાઓ સાએર ફીરદોસી તુસીની બદગોઇ કરતા સંભળાયાથી એવણુ બુલંદ અવાજે બોલ્યા હતા કેઃ——

ચે ખુશ ગોફ્ત ફેરદોસીએ પાકજાદ; કે રેહમત બરાં તોરબતે પાક બાદ.
મઆજાર મુરીકે દાને કંશસ્ત; કે જાંદારદો જાને શીરીન ખુશસ્ત.

આ ઉપરથી તે ઓલમાઓએ દસ્તુરજીને પોતાની નજદીક બોલાવી ઘણીક તરેહની તકરારો, ફીરદોસી અને તેના શાહનામા ઉપર ચલાવી, અને તેમને તકરારના શેતરંજ ઉપર જોબાંનના ઘોડાથી દસ્તુરજીએ માત આપી. ૭ વરસ સુધી મુસીબતો વચ્ચે દીનદારી એલમ હાંસલ કરી, ઇ. સ. ૧૭૨૯ માં નવસારી ખાતે પાછા ફર્યા હતાં. નવસારીના વખણાયલા અથોરનાન વેપારી આ. રતનજી માણેકજી આંત્યા (દેશાઈ ખુરશેદજી તેહમુરજીના મામા *) ને પાંચ ગેહો અને કેટલીક યસ્તોનો ગુજરાતીમાં તરજુમો કરાવવાની તેવણુની ઘણીજ ખાહેસ હોવાથી, તે એવણે કરી આપ્યો હતો. જે દસ્તુર દારાબ પાહલણુની તપાસ ઉપરથી ખરો ઠર્યો હતો. આ. રતનજી આંત્યાની ખાહેશ પાર પાડવાથી એવણુને નવસારીના બીજા અસલી વિચારનાઓની ખફગીમાં

દસ્તુર બેહરામજીને હાથ ગઇ હતી, અને તેવણુના મરણ પછી તેવણુના વારસો દસ્તુરો મીનોચેહરજી અને તેહમૂરજીને વારસામાં મળી હતી. આ મોતેબર કેતાબને દસ્તુર તેહમુરજીના મરણ પછી કચરાની ટોપલીને હવાલે કરવામાં આવી હતી, પણ મુંબઈવાલા દસ્તુર દાકતર જામાસ્પજી મીનોચેહરજી એક વખતે નવસારી પધાર્યા તે વખતે એ કેતાબ પોતાની સાથે મુંબઇ લઈ ગયા, જે તેવણે ઈ સ. ૧૮૮૯માં ઓક્ષફર્ડની બોદલયન લાઇબ્રરીને ભેટ આપી હતી. આ કેતાબને દાકતર મીલરે ઈ સ. ૧૮૯૩માં ફોતોગ્રાફની મદદથી અસલ આકારમાં તેની ફેકસીમીલી પહેલવી તરજુમા સાથે છાપી બહાર પાડી હતી.

* એવણુના માતાજી નામે "બાઈ" ને પેટ સંવત ૧૭૫૫ ઈ. સ. ૧૬૯૯માં ખુરશેદજી દેશાઈ જનમ્યાં. એ દેશાઈજીના ઘણીઆંણી રતનબાઇ નામે દોરડી ખાંદાંનના હતાં. એ દેશાઈજીની પેઢી જૂની છે. તે બતાવતાં આ અદના લેખકનીજ પેઢી પુરતો ખ્યાલ આપશે. શેરાબજી, મનચેરજી, બરજોરજી, નવરોજી, મનચેરજી, ખરશેદજી, ટેહમુલજી, રૂસ્તમજી, હોમજી, ફરેદુન, રાણા, હોમા, માહીઆર, ચાંઇઆં, વાઢા, આશા, ફરેદુન, હોમ, બેહેમનીઆર, ખોરશેદ, બેહમનીઆર, ખુશમસ્તા, ખુજસ્તા, મોબેદ, નેરીઓસંગ, ધવલ, શાહપુર, શેહેરીઆર. એ પ્રમાણે ૨૮ પેઢી મળે છે.

આવવું પડયું હતું, કેમકે તેઓ કૅથલીક વિચારના હોવાથી પ્રોટેસ્ટંટ વિચારને ધિક્કારનારા હતા. એવણે દીલ્લીના શહેનશાહ મહમુદશાહ ઉપર, ફારસી જુબાંનમાં એક અરજી કરી તેની દરબારમાં દાખલ થવાની ઉમેદવારી કરી હતી. આ અરજી વાંચી, પાદશાહ અને તેના દરબારીઓએ અરજદાર ફ્રિલસુફને પારખી લીધો. મહમુદશાહે સુરતના નવાબ તેગબેગખાન ઉપર પાદશાહી ફરમાન મોકલી એવણુને દીલ્લી દરબારના મીર મૂનશીના ઓહ્દા ઉપર મોકલી આપવા ફરમાવ્યું. આ વખતે એવણુ સુરત હતા. નવાબ તેગબેગખાનનો હુકમ મળતાંને વાર પોતાના બાવાની જાણુ વગર દીલ્લી તરફ રવાના થયા. આશાજીને નવસારીમાં આની ખબર થતાંજ, તેવણે એકદમ એવણુની પૂઠે ભરૂચ જઈ એવણુને ધમકી આપી અત્રે પાછા લઇ આવ્યા. ઈ. સ. ૧૭૧૯ માં ભરૂચથી પાછા ફરવા પછી તુરતજ એવણે જરથોસ્તી મજહબ વીશે જુદી જુદી બાબદો ઉપર કેટલાક સવાલો ઇરાનના દસ્તુરો ઉપર લખી મોકલી તેઓની પાસેથી ખુલાસો માંગ્યો હતો, જેમાં રૂવાનને પદાંન બાંધવાનો સવાલ મુખ્ય હતો. આ સવાલો તથા જવાબો “ રેવાયતે દસ્તુર જામાસ્પ આશા ” ના નામથી આજે મશહુર છે. યુરોપમાં પ્રોફેસરો બોપ અને બરનુફ જેવા નામાંકીત વિદ્વાનોએ જબાનશનાસી (Comparative Philology) નો કાયદો અવસ્તાને છેક પછવાડેથી લાગુ કર્યો, પણ ખુદ હિન્દમાં ઘણા વરસ અગાઉ દસ્તુર જામાસ્પજીને પોતાને એ કાયદાની માહીતી હતી. તેની સાબેતીમાં એવણુના સવાલોમાંથી નીચલો ફકરો મલી આવે છેઃ— “ વ બુજોરગાંને ઈન જાનેબ મઆનીએ આંન દર સંસકૃત કે એલમે બરેહમન અસ્ત વ અકસર અલફાઝ વ એબાદત વ કવાનીને ઊ તઆલ્લુક બ જંદ અવસ્તા દારદ. ”

અર્થ:—“ અને લાંના બુજોરગોએ તેનો (પેહેલવીનો) સંસ્કૃત જુબાન, જે બ્રાહમણુની વિદ્યા છે, તેમાં તરજુમો કર્યો છે, જે જુબાન તેના શબ્દો, રૂઢી, તથા વ્યાકરણુમાં જંદ અવસ્તા સાથ તાલુકો રાખે છે. ” ઇરાન ખાતે મોકલેલા સવાલોના જવાબો આવી પુગે તેટલાં તો સુરતના જરથોસ્તીઓમાં રૂવાનને પદાંન બાંધવાની બાબદમાં મોટી તકરાર જાગી. તેઓએ નવસારીના દસ્તુરો ઉપર કાગજ લખી રૂવાનને પદાંન બાંધવું યા નહીં તે વિષેનો ખુલાસો માંગ્યો હતો, જેના જવાબમાં દસ્તુર જામાસ્પજી તથા બીજા દસ્તુરોએ તા૦ ૩ જી સપતેમબર

૧૭૨૧ ના પોતાના કાગળમાં લખી જણાવ્યું કે, રૂવાનને પદાંન બાંધવું રવા છે.* ત્યારબાદ થોડા દિવસમાં ઇરાન ખાતેથી જવાબો આવ્યા પછી એવણને એ વીચાર ફેરવવો પડયો હતો, જેને માટે એવણને ઘણું ખમવું પડયું હતું. એવણુ"ઘણી મોનેબર વાયજીઓ કરતા હતા. એવણનો ૧ લો ફતવો એ હતો કે, રૂવાનના પગ લાંબા રાખવા, તથાપિ રૂવાનને પદાન બાંધવું નહીં.

૨ જો ફતવો:—ગાંહબારના દિવસો વરસના ચોકકસ મહીનાઓ સાથ સંબંધ ધરાવે છે. તેમ ગાથાના દીવસો અસપંદાદ મહીના સાથ તાલુકો રાખે છે. એવો ફતવો એવણે ગાહમબારની આફ્રીનને આધારે જાહેર કર્યો હતો.

૩ જો ફતવો:—મુકતાદના દીવસો ઉપર અશોફ્રોહરની આરાધના ૧૮) ને બદલે ૧૦) દીવસ કરવી સજાવાર છે. આ વીચાર એવણે "યાવીસાદ" ના આફ્રીંગાન મધેના કરદા ઉપરથી જાહેર ર્ક્યો હતો.

છેલ્લા બે ફતવાઓ પારશીઓમાં જાહેર કરનાર પહેલવહેલા દસ્તુર જામાસ્પજી હતા.

કેરમાન શેહેરવાળા જાણીતા ઇરાની દસ્તુર જામાસ્પ વિલાયતિની પધરામણી ઈ. સ. ૧૭૨૧ માં થઇ હતી. તે કેરમાની જામાસ્પ, આપણા નોશાકરા જામાસ્પના સવાલોના જવાબો પણ ઇરાનથી નવસારી ખાતે લઇ આવ્યો હતો. તેમજ હોમસલી, પેહેલવી ફરવશી, નીરંગસ્તાંન, અને બીજી કેટલીક નજુમને લગતી કેતાબો હીંદમાં પેહેલવહેલી લાવ્યો હતો. હજીતો સુરતમાં રૂવાનને પદાંન બાંધવાની તકરાર નરમ પડી નહી તેટલાં, આ ઈરાંની દસ્તુરે એક બીજી નવી તકરારને જન્મ આપ્યો. તેણે હિંદ તથા ઈરાંનના જરથોસ્તીઓની મહિનાની ગણત્રિમાં એક મહિનાનો ફરક જણાવ્યો. આ વખતે જરથોસ્તીઓ જુની ચાલતી આવેલી ચીજને વળગી રહેલા હોવાથી નવી તકરાર ઉભી થાય તો ઘણાજ ઉશકેરાઇ જતા. અને તેથી સુરતના જરથોસ્તીઓમાં બે તડાં પડયાં, જેમાંનું એક તડું ઈરાની દસ્તુરની પક્ષમાં રહ્યું. ઉસ્તાદ જામાસ્પ વિલાયતી અને ચેલા જામાસ્પ આશા વંચ્ચે તકરારો થયા બાદ, નીચે મુજબ સમાધાન કર્યું. રૂવાનના પગ લાંબા રાખવાનો અને તેને પદાન નહીં બાંધવાનો ફતવો જામાસ્પ આશાએ કબુલ રાખ્યો. જ્યારે જામાસ્પ વિલાયતીએ નીચે જણાવેલી બાબદો મંજુર રાખી તે ઉપર

*પારસી પ્રકાશ સફે ૨૩ મે.

અમલ કરવા માંડયો હતો.

૧—જામાસ્પ વિલાયતીનું એવું મત હતું કે દસ્તુર તથા મોબેદે કાંનો વીંધેલા રાખવા જોઇએ, પણ દસ્તુર જામાસ્પજીએ તેને યજશ્નેના ૪૫)મા હાનો પેહેલો ફકરો સમજાવ્યાથી તેણે તુરતજ પોતાના કાનમાંથી સુનાની કડી કહાડી નાંખી હતી.

૨—જામાસ્પ વિલાયતી અરદીબેહેસ્તયસ્તમાં "હાઊયમે બાઊએ" પદ હંમેશાં પઢતો હતો, પણ દસ્તુર જામાસ્પજીએ "હાઊયમ બગેએ" પદ કીધું, જે ઇરાંની દસ્તુરે કબુલ રાખી ભણવા માંડયું હતું. ત્યારબાદ દસ્તુર જામાસ્પજીએ સુરતના જરથોસ્તીઓમાં વાઅજ કરી રૂવાનને પદાન નહીં બાંધવાની મજબુત સીફારસ કરી, અને એ વાઅજની અસર તેઓ ઉપર એ થઇ કે કેટલાક જરથોસ્તીઓ અને ખસુસ કરી રૂશતમ માણેક શેઠની ઓલાદે એ તરીકા ઉપર ચાલવાનો જાહેર એકરાર કર્યો. આથી એવણને ઘણું ખમવું પડયું હતું. જ્યારે એવણ સાહેબે રૂવાંનને પદાન નહીં બાંધવા વીશે મારૂં ખરૂં છે એવી જાહેર વાઆજ કરી, ત્યારે નવસારીની અનજુમન એવણ ઉપર અતીશય કોપાયમાન થઇ, અને જ્યારે એવણ સુરતથી નવસારી પાછા આવ્યા, ત્યારે અત્રેના તમામ પારસી લોકો ઉશકેરાઇને એવણના મકાન ઉપર હલ્લો લઇ જઇ એવણ ઉપર છુટાં ખરૂ અને ઢેફાંનો મારો ચલાવી કહેવા લાગા કે, "જામાસ! લે તારૂં ખરૂ. જામાસ! લે તારૂં ખરૂ.*" આથી પોતાના ઘરની બાહાર આવી એવણે ખુલાસો કર્યો કે "પેહેલાં મારોબી વીચાર પદાનની તરફેણમાં હતો; પણ ઇરાંનથી આવેલા ખુલાસાથી હવે માહરી ખાતરી થઇ કે ગુજરેલાંને પદાંન બાંધવું રવા નથી, એમ દીનનું ફરમાન હોવાથી મેં માહરો આગલો વીચાર ફેરવ્યો છે." આ ખુલાસાથી પારશીઓ કાંઇ સંતોષ પામ્યા નહીં, અને એવણ ઉપર એટલો તો ધુજારો થયો કે, ટકાયું નહીં; ત્યારે એવણે પોતાનું કીંમતી કેતાબખાનું તથા બીજો સરસામન ગાડાંમાં ભરી નવસારીથી ભરૂચ ચાલવા માંડયું. આ ખબર જ્યારે નવસારીમાં ફેલાઇ ત્યારે તેવણના તલબગારો, ભાઇઓ ફરામજી, રતનજી, તથા કેરસાસ્પજી માણેકજી આંત્યા તથા બીજા કેટલાક જરથોસ્તીઓએ રાયનની નદી સુધી દોડી જઇ એવણને પાછા ફેરવવાની

---

*ખરૂં=એટલે વાજબી એવો અર્થ થાય છે, તેમજ ખરૂં=એટલે માટીનો આંગટો, જે મોબેદો તથા મુસ્લમાનો પીશાબની પહરેજી વખતે વાપરે છે તે.

ઘણી વ્યર્થ કોશેશ કરી. ફરાંમજી આંત્યા રસ્તામાં આંડા પડયા, અને કેરસાસ્પજી આંત્યા ગાડીના બેલ છોડી નાંખી એવણને બે હાથે મજબુત પકડી બેઠા, જ્યારે રતનજી આંત્યા પોતાના ભાણેજ દેશાઇ ખરશેદજી તેહમુરજીને સમજાવા ગયા કે, " હવે સઘળું ભુલી જઇ જામાસ્પજીને પાછા લાવ્યે, નહીંતો ગામમાં સારૂં થશે નહીં. " વિ. આ ઉપરથી દેશાઇજીએ બીજા આગેવાનો સાથ મસલહત કરી, અને ઘણાકો રાયનની નદીપાર જઇ એવણને સમજાવી ઠાઠમાઠથી પાછા લાવ્યા, અને ત્યારપછી નવસારીની અનજુમન એવણની હૈયાતી સુધી એવણ તરફ જાનફેસાની બતાવા લાગી.

દસ્તુર જામાસ્પ વિલાયતીના સમજાવ્યાથી સુરતના એકજ પારશી શેઠ માણેકજી એદલજી અરમાનીના દલાસે કદીમ રોજ માહ પઢવાની અને આફરીનગાન અને બીજી ક્રીયાઓમાં દીકરીનું નામ બાપ સાથે બેવડાવવાની પેહેલ કહાડી હતી.

દસ્તુર જામાસ્પ વિલાયતી તા. ૨૩ અકટોબર ૧૭૨૧ ને દીને ઇરાન જવા પાછો ફર્યો તે વખતે પોતાના ચેલા દસ્તુર જામાસ્પજીને પેહેલવી ફરવપી, અને નીરંગસ્તાનની કેતાબો ભેટ આપી ગયો હતો. આ કેતાબો હિંદમાં પહેલવહેલી દાખલ થયેલી હોવાને લીધે તેઓની નકેલો કરી કરાવી તેઓને જુદા જુદા ભાગોમાં એવણે ફેલાવી હતી.

ઇ. સ. ૧૭૩૮ માં દસ્તુર જામાસ્પજીને પોલીઆ દેશાઇ જીવણજી માણેકજી સાથે રપીથવનની મીઅજદ માંડવાનો અને વારાદારની રપીથવન ઇજવાને લગતો વાંધો પડયો હતો, અને તેનો ફડચો ખુદ ગંગાજીરાવ ગાયકવાડે પોતે કરી આપ્યો હતો. ગંગાજીરાવે બોરીઆલને દેહેરે ખીલા ઠોકાવી ઘડીઆલની શીશી તંગાવી ફરવરદીન મહીનાના અરદીબેહસ્ત રોજે બપોરના ૧૨) કલાકથી તે અસપંદાદ રોજની ઉશીનગેહ સુધીના ૨॥) દહાડા દસ્તુર જામાસ્પજીને ખરા કરી આપ્યા. જેથી રપીથવન ઇજવાનો અને તેની મીઅજદ માંડવાનો હક એ દસ્તુરજીની ઉતરતી ઓલાદો આજ સુધી ભોગવે છે.

જ્યારે ભગરયાઓ પોતાના આગલાં લખાંપડાંની રૂએ બેહેદીનોને ત્યાંના આશીરવાદ સારવા ઉભા રહે ત્યારે, બેહેદીનો શત્રુવટને લીધે ચોખાને બદલે મટોડું, અને નાલયરને બદલે ઇંટરડી મુંકી આશીરવાદ સારનારાઓને આપવા સુધીની હદે જતા, ત્યારે દેશાઇ ખરશેદજી તેઓને આશીરવાદ સારવાનો હક રાખી તે મટોડું ને ઇંતિરડા પણ ઘર

માં લાવવા ભમર્યાઓને સમજાવતા, અને જામાસ્પજી દસ્તુર તેને ટેકો આપનારી બાબજે કરતા. આમ થવાથી બેહેદીનો ફરજના માથા ચોખા અને નાસ્યર લાવી મુંકતા.

મરહુમ દસ્તુર રૂશતમજી માણેકજી મેહેરજીરાણાના વારેસો દસ્તુરો જમશેદજી અને શોહરાબજીએ પોતાની બાપીકી મીલકતો વેંહેંચી લેવા માટે પોતાના ઉસ્તાદ દસ્તુર જામાસ્પજીને એકલા લવાદ ઠરાવ્યા હતા, અને એવણના લવાદી ચુકાદા ઉપર રાજી રહી. બન્ને ભાઇઓએ મીલકતો વેંહચી લીધી હતી. તેઓએ દસ્તુર જામાસ્પજીને ઉસ્તાદી અને લવાદી હક દાખલ વેલખરી મધેના વજીફાનો એક આંબો નજર કર્યો હતો. પહેલવી ફરવષીની કેતાબ આ દસ્તુરજીને દસ્તુર જામાસ્પ વિલાયતિ તરફથી ભેટ મળવા અગાઉ રોજગારના આફરીનમાનમાં "યાવીસાદ" પઢનારા સાહેબો "અસનાસનેમંથે" સુધી આવી ૩) અશેમ વોહુ પઢી કામ લેતા હતા, પણ મજકુર કેતાબને આધારે એવણે જાહેર કર્યું કે, "અસનાસનેમંથે" સાથ "અસાઊનામ ફરવષનામ" નોખી કરેલ પઢે તો વાજબી છે. એવણનો એ વિચાર બીજાઓને પણ પસંદ પડવાથી તેઓએ તે મુજબ અમલ કરવા માંડયો. તેમજ "યાવીસાદ" અને "તાઊમીનમાને" પઢવાની તકરારમાં એવણનું એ મત હતું કે, "ફરવરદેગાનનાં ૧૦ દહાડા રોજગારની ખશનુમન સાથના આફરીનમાનમાં "યાવીસાદ" પઢવા ફરમાવેલું છે, અને ઉપલા ૧૦ દીવસ શીવાએ રોજગારની ખશનુમનનું આફરીનગાન નહીં, પણ "દો કરદેહ દહમ" પઢવું સજાવાર છે. પણ "દો કરદેહ દહમ" નહીં, ને અરદાફરવષની ખશનુમન સાથ "તાઊમીનમાને" પઢેતો વાજબી છે. એ મત તે વખતે નવસારીમાં વસતા સંજાણા મોબેદોએ કબુલ રાખી તે ઉપર અમલ કરવા માંડયો, અને તેઓની ઓલાદો જે હાલ ઉદવાડામાં વસે છે તેઓ પણ હજુ સુધી એજ તરીકા ઉપર ચાલે છે. ગાયકવાડ સરકારમાં પણ એવણને માન મળતું હતું. કહે છેકે ગંગાજીરાવ ગાયકવાડ એવણને દરબારના બ્રાહ્મણો અને શાસ્ત્રિઓ સાથ તકરાર કરવા બોલાવતા ત્યારે એવણને પોતાના જમણા હાથ ઉપર અને દિવાનને ડાબા હાથ ઉપર બેસાડતા હતા. એવણની કાબેલ્યત ઉપર પ્રસન્ન થઇ ગંગાજીરાવે એવણને ફારસી અને હિંદી ખત લખવાનો અખત્યાર આપ્યો હતો, તેમજ મોહોર દાબવાની મોહરાંનાની વીંટી "રકીમે દસ્તુર જામાસ્પ આશા" ની નીશાન સાથની કરી આપી હતી. જ્યારે ગંગાજીરાવે

પોતાના ગાદીવારસ કેહારજીરાવના લગ્ન ભુજ ગામમાં કીધાં, ત્યારે તેનું મુહુર્ત જોવા માટે બ્રાહ્મણોની મીજલસમાં એવણને પણ સામેલ કરી લગ્નનો દિવસ મુકરર કર્યો હતો.

એવણ એક ખબરદાર દસ્તુર, મોટા ફીલસુફ, નામીચા શાએર, અને અનજુમનના એક આગેવાન હતા. એવણના પોતાના દીકરાઓ ઉપરાંત બીજા ઘણાક શાગેરદો હતા, જેમાં ઉદવાડેવાળા મરહુમ દસતુર ખરશેદજી મેહેરનોશજી સંજાણા, દસ્તુર નવરોજી શાપુરજી સંજાણા, અને દસ્તુર બરજોરજી રૂશતમજી સંજાણા મુખ્ય હતા. તેમજ મરહુમ દસ્તુરો જમશેદજી અને સોહરાબજી રૂશતમજી મહેરજીરાણાના, એવણ આગળ દીનદારી એલમ શિખ્યા હતા. ઘણાક મુસલમાનો અને બ્રાહ્મણોએ એવણની શાગેરદી કરી, અરબી, ફારશી, સંસકૃત અને જયોતિષ વિદ્યાની તાલીમ લીધી હતી.

એવણે "દીવાને જામાસ્પ" નામની એક કેતાબ લખી છે; જે "કવિતાઇ ખુબીમાં ફારસી મુસલમાન શાયરોની બરાબરી કરનારી અને બેશકે હકીકીના તલબગારોની જીજ્ઞાસા તૃપ્ત કરે તેવી છે."* એ શીવાએ એવણે પુષ્કળ ગજલો, મુખમમસો અને મોનાજાતો જોડીને, એક "તબએજાદ શાએર" તરીકેની ગવાહીઓ પોતાની પાછળ મેલી ગયા છે. એ ઉપરાંત એવણનો કેટલીક પસ્તોનો પહેલવી અને ફારશીમાં કીધેલો તરજુમો અને સંસકૃતમાં જોડેલા શ્લોકો આજે પણ મોજુદ છે. મરણ વખતે એક ગંજાવર કેતાબખાનું પોતાની પછવાડે મુંકી ગયા હતા; જેની હિંદ અને યુરોપમાં એક આવાજે તારીફ ગાવામાં આવે છે. ડા. હાઉગે તેની બહુ તારીફ કરી છે.

આ કેતાબખાનામાં પહેલવી પંદ નામે જરથોસ્ત, દસાતીર, પહેલવી યજશને અને વંદીદાદ, તથા નજુમ અને રમલને લગતી ઘણીક નાયાબ કેતાબો હતી.

આ વિદ્વાન દસ્તુરજી રોજ ૧૪ માહ ૧૦ શને ૧૧૨૨ યજદજરદી તા. ૧૯ જુલાઇ ૧૭૫૩ ઈસવી ને દીને ૬૦) વરસની ઉમરે* નવસારી મધે ખોખરી મોહલ્લામાં આવેલાં પોતાના મકાનમાં બહેસ્તનશીન થયા હતા.

---

*સત્યમિત્ર તા૦ ૨૫-૨-૧૮૯૪.

*આગળ આપણે પાન ૧૨૧ ઉપર જણાવી ગયા તેમ ઘણાઓ એવણની મરણ વખતની ઉમર ૫૬ વર્ષની ધારે છે તે બરાબર જણાતી નથી.

૩–એરવદ નોશરવાન. દસ્તુર જામાસ્પ આશાને ચાર દીકરાઓ હતા. હેરબદ નોશરવાન, દસ્તુર જમશેદ, દસ્તુર બેહરામ, અને દસતુર રૂસતમ. વડા દીકરા હેરબદ નોશરવાન પોતાના બાવાજીની હેયાતીમાં ગુજર્યા હતા. એવણે ફારસીમાં પુષ્કળ ગજલો જોડેલી છે. બીજા બેટા જમશેદજીની નજુમની કેતાબો ઉપરાંત, ઇ. સ. ૧૭૮૧ માં નવસારીથી મુંબઈ સુધી કાપેલી પગ રસ્તેની મુસાફરીનો રસીલો અહેવાલ મુખ્ય છે. એવણ વીશે આપણે પાન ૧૩૪ ઉપર કહી ગયા છીએ. ત્રીજા દીકરા દસ્તુર બહેરામ પણ પોતાના ભાઈ દશતુર જમશેદની બરાબરનો એલમ શિખેલા હતા. એવણ નવસારીમાં હકીમાનો ધંધો કરતા હતા. ચોથા દીકરા દસ્તુર રૂશતમે નવસારીની અનજુમનમાં અરધી સદી સુધી દશતુરી બેઠક ભોગવી હતી.*

નાવર મરાતબની ૩ જી લડાઈ. નવસારીની વડી દરેહમેહેર શિવાય, ભગરપંથના અથોરનાનોથી બીજીગમ નાવર મરાતબ નહીં થઇ શકતા હોવાથી, તે આસ મુંબઈમાં દાખલ કરવાની વારંવારની યોજના ભાંગી પડયા પછી, મુંબઇવાળા વડા દસ્તુરજી પેશોતનજી બેરાંમજી સંજાણાએ પોતાના તાબાનાં વાડીઆજીવાળાં આતશબેરાંમ સાહેબમાં, અથોરનાનોના બચ્ચાંને નાવર મરાતબ કરવાનું સાહસિક કામ માથે ઉઠાવ્યું. એ આતશબેરાંમ મધેના ભગર્યા મોબેદો તેથી પોતાના બાપદાદાના હક ઉપર ત્રાપ પડતી મણીને ઉશકેરાયા. વાહાડયાજીના આતશબેરાંમ થયા પછી ઘણે વરસે ભગર્યાઓએ ત્યાંના મુતવલીઓને અરજ કરી હતી કે, નવસારીના આતશબેરાંમની આવકની માફક આ આતશબેરાંમની આવક પણ હમોને વેહેંચી આપો. મુતવલીઓએ કહ્યું કે, નવસારીની માફક અમારા આતશબેરાંમમાં પણ ભગર્યા મોબેદોના દીકરાઓને નાવર મરાતબ કરો, જેઓ સાથ નવસારીના મોબેદો પાવ મેહેલનું કામ કરો, તો પછી તમારી માંગણી ઉપર ધ્યાન આપ્યે.” તે પછી બે વાર લડાઇઓ ચાલી, તેનું બ્યાન આગળ કરેલું છેજ. પછી ઇ. સ. ૧૮૮૨ માં મુંબઇના ભગર્યાઓએ એ આતશબેરાંમના બોયનાં એકઠાં થયલાં નાણાં મેળવવાની મુંબઇની હાઈકોર્ટમાં ફરિયાદ માંડી. હાઇકોર્ટે ઠરાવ જોકે લગભગ ભગર્યાની તરફેણ જેવો કર્યો, પણ ઠરાવમાં તે નાંણાં મેળવવાની ગુચવણ

---

* આ હેવાલ લખવામાં મારા કાબેલ મિત્ર મી. અરદેશર ખરશેદજી દસ્તુર જામાસ્પ આશાનાની ઉમ્દા મદદ મળી છે, જે ઉપકારને પાત્ર છે.

નાખ્યા. અને આજલગી અને જમાનાઓ સુધી તે ખોરંબે પડયાં. એ બાદ મુતવલીઓએ એ આતશબેરાંમની ૫૪ મા વરસની શાલગરેહ ઉપર પાછી ઉપલી માંગણી રજુ કરી, અને તે ભગર્યા મોબેદોએ ના સ્વિકારતાં ઈ. સ. ૧૮૮૩ માં ત્યાંથી નિકળી ગયા. જ્યારે તેઓએ વાહાડયાજીના આતશબેરાંમની પાસેજ એક નવી અગ્યારી અને આતશબેરાંમ બનાવા માંડયાં (જે ઈ. સ. ૧૮૯૭ ની તા. ૧૭ અકટોબરે પરઠાયા.*) ત્યારે વાહાડયાજીવાળા સાહેબોએ નવસારીમાં એક નવી અગ્યારી ઈ. સ. ૧૮૮૮ માં બનાવી ત્યાંના નાયબ દસ્તુર લેખે દસ્તુર રતનજી રૂસ્તમજી કાંમાને ઠરાવ્યા. નવસારીની ભગર્યા અંજુમને તે સામે ગાયકવાડી અદાલતમાં ફરિયાદ માંડી, જેનો ત્રણ-ત્રણ કોર્ટે કેસ ચાલી હજુ નિકાલ થયો નથી. એ કેસ ચાલતાં દરમ્યાનમાં બીજા અણબનાવો બન્યા હતા. દેશાઇ ખરશેદજીના આતશબેરાંમ,* તેવણના એકલાના બનાવેલા નથી પણ અંજુમનના છે, એવો બુટ્ટો કેટલીક ગમથી બાહાર પડયો, અને આતશબેરાંમના તાળાં તોડી પાતરૂં લઈ જવામાં આવ્યું. આ લખનારે નવી અગ્યારીના કેસમાં કેટલાક શાક્ષીદારોની શાક્ષી સામે એક હેન્ડબીલ કાઢયું, અને તેની સામે ઠપકાનો ઠરાવ કરવા અંજુમનની મીટીંગ થઈ, ત્યાં આતશબેરાંમ દેશાઇ ખરશેદજીના એકલાના નથી, અંજુમનના છે એવી મતલબના ચોપાંન્યાં વેંહેંચાયાં. તે સામે આ લખનારે "આતશબેહરાંમે દેશાઇ ખોરશેદ" કાઢી, અને એવી રીતે આમણ સામણા ચોપાન્યાં અને હેન્ડબીલો નીકળ્યાં હતાં. તેજ પ્રમાણે એ નવી અગ્યારીના

---

* તા૦ ૧૫-૧૦-૯૭ ના ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ તથા બોમ્બે ગેઝેટ, તથા તા૦ ૧૦-૧૦-૯૭ ના કયસરેહીંદ, તથા તા૦ ૧૭-૧૦-૯૭ ના સત્યમિત્ર, તથા મુંબઈ સમાચાર અને જામે જમશેદ વગેરે તમામ પત્રોમાં તથા એ અંજુમનની કમીટી તરફથી દસ્તુરજી જામાસ્પજી મી. જામાસ્પ આશા વગેરે તરફથી જાહેર ખબરો માર્ફતે એવી ખુશાલીભરી ખબર આપવામાં આવી, કે લગભગ "૧૨૦૦ વરસની મુદત બાદ એવા અંજુમનના આતશબેરાંમની સ્થાપના થઈ છે. યાને ૧૨૦૦ વરસ પછી મુંબઈના એ એકલા આતશબેહરાંમજ અનજુમનને પૈસે થયા છે.

* એ ભાંજગડ પછી પણ શેઠ બ. બે. પટેલે ૧૮ મી સદીના પારશી ર્યાંગાંનો વીશેના ભાષણમાં, તથા મી. પા. બ. દેશાઈએ તારીખે શાહાંને ઈરાનમાં, તથા દસ્તુર દારાબ પેશોતન શંજાંણાએ "ચેરાગે દાનેશ" માં તથા "દીનાએ મ્યુન્યુએ ખેરત" માં વગેરે વગેરે ઠેકાણે દેશાઈ ખરશેદજીના આતશબેરાંમ તેવણને એકલાને પૈસે પરઠાયા વીશે પોતાની ખાત્રી થયલી જાહેર કરેલીછે.

કેસ મધેના કેટલાક શાક્ષિઓ સામે મીનોચેર હોમજી સાથની અંજુમને પોતાની સભાઓ ભરી અને ઠરાવો કરી, તેના તકરારી નોંધોના ચોપાન્યાંઓ મી. પી. એ. દાદાચાંદજીએ કાઢયાં. એ વગેરે તકરારો અને જુંબેશો આ ત્રીજી લડાઈ દરમ્યાંન ચાલી હતી, અને એજ સંબંધે હવે કદાપિ ૪ થી અને છેવટની નાવર મરાતબની લડાઈનો ધુંમાડો નીકળી, ભડકો સળગી, એ જુનો કજ્યો દુર થવાનો સંભવ છે. અને વાહાડયાજીના આતશબેહરામમાં નહીં, તો હવે મુંબઈના નવા આતશબેહરાંમમાં કદાચ નાવર મરાતબ થાય એ બનવા જોગ છે.

મીનોચેર હોમજી.

નવસારીના ભગરસાથના ચાંદા ફ્રેદુનની પોળમાંના માનકા વીકાનાં કુટુંબના બજાં ખાંદાનના એઓ એક સ્વતંત્ર વિચારના હિંમતવાન મોબેદ હતા. એરવદ પીરોજજી એદલજી દાદાચાંદજીએ બાહાર પાડેલાં ચોપાન્યાંઓ ઉપરથી જણાય છે કે, એવણ પોતે ભમરસાથના એક મોબેદ હતા. નવસારીની ભગરીઆઓની વડી દરેહમેહેરમાં તેવણ નાવર મરાતેબ થયા હતા. એ મનોચેરહોમજીએ વડી દરેહમેહેરમાં ઘણા નાવરો શારેલાની નોંધ છે. પોતાના દીકરા આદરજીનો નાવર પોતેજ શારેલો છે, એટલુંજ નહીં પણ છુટા પડવાની દોઢ વરસ અગાઉ સંવત ૧૭૪૦માં રોજ ૨૯ મા. ૭ ને રોજે એ. માણેક. એ. શોરાબ રાણજીનો નાવર પોતે શારેલો છે. એટલે છેક વેર વડી દરેહમેહેરમાં કામ કરેલું છે. અને ત્યાં પાવમેહેલના નાનાં મોટાં કામો તેઓએ કર્યાં હતાં. જેમ આપણે આગળ જણાવી આવ્યા તેમ, સંવત ૧૭૪૨ ના રોજ ૧૮ માહ ૧૧, તા. ૭મી સપ્ટેંબર ૧૬૮૬ ઇસવીને દીને, એટલે આજથી ૨૧૦ વરસની વાત ઉપર નવસારી ખાતે મોબેદો અને બેહેદીનો વચ્ચે મોટી મારામારી થઈ હતી. એ ઝગડામાંથી મનોચેરહોમજી પ્રખ્યાતીમાં આવ્યા, અને તેવણનો ટોળો જન્મ્યો. કેમકે બેહેદીનોએ મનોચેરહોમજીમાંજ એક હિંમતવાન, સ્વતંત્ર, અને કદિ હટે નહીં એવો સાહસિક નર જોઈ લીધો, અને તેથી તેને પોતાની પક્ષામાં લઇ પોતાની બાજુ મજબુત કરી દીધી. તેવણે ભગર્યાઓથી અલાહીદી અગ્યારી સ્થાપિ, અને તેને વળગી રહેવાને

સંવત ૧૭૫૦ના રોજ ૧૧ માહ ૨ જાને દિવસે તે વખતનાં જાણીતાં બેહેદીન કુટુંબોના લગભગ ૯૬ બેહેદીન સાહેબો, જેમાં નામદાર સર જમશેદજી જીજીભાઇના વડીલો પણ હતા, તેઓએ સહી કરી એક લખત કર્યું. એ નર ક્યારે જન્મ્યા, અને કયારે ગુજર્યા તેનો ચોકકસ દહાડો વાર જો કે મળતો નથી, તોપણ તેવણનો બો. મેહેરજીભાઇ સુરત્યાની નૈયતે નાવર થયાનો રોજ ૧૪ માહ ૭ સંવત ૧૬૯૮નો છે. તે વખતમાં ૧૫ વરસની ઉમરે નાવર થવાનો સાધારણ નિયમ હતો. એટલે એવણ સંવત ૧૬૮૩માં જન્મેલા હોય. તે પ્રમાણે ગણતાં તેવણ ભગરસાથથી જ્યારે પોતાના ૪ બેટાઓ, જેઓ મોબેદીનું કામ કરતી ઉમરના હતા, તેમને લઇને છુટા પડયા, ત્યારે તેવણની ઉમર ૫૯ વરસની હોવી જોઇએ, અને આજે તેવણને થઇ ગયાને ૨૭૦ વરસ થયાં કહેવાય.

મેહેરજી ચાંદજી.

મેહેરજી ચાંદજી તે મેહેરજી રાનજી ચાંદજી, કકલ્યા ખાંદાનના મુળ પુરૂષ, અને મલેશરના મુળ પંથકી, તોખમે ભગરીઆ મોબેદ હતા. એવણ કાકા પાહલણની પોળમાં આવે છે. એટલે એવણની પેઢી ગણ્યે તો એ. મેહેરજી, એ. રાનજી, એ. ચાંદા, એ. પાહલણ, એ. બેહમન, એ. ચાંદના, એ. આંના, એ. રાણા, એ. કામદીન, એ. મોબદ, એ. જરથોસ્ત, એ. (મોબદ) હોરમજદીઆર, એ. રામીઆર, એ પ્રમાણે છે. મનોચેરહોમજી, ભગરીઆ સાથથી છુટા પડયા તે પેહેલાં પાંચ વરસ અગાઉ એટલે રોજ ૨૫ મા. ૯ સંવત ૧૭૩૭માં એવણ ગુજર્યા હતા. એ મોબેદ ઘણા દીનદાર અને પરહેજગાર હતા. આગળ આપણે કહ્યું છે તેમ, એવણના બેટાઓ બધાજ કંઇ મનોચેર હોમજી સાથે જોડાયા નોહતા, પણ તેવણના બેટાઓ બહમન અને પાહલણતો બાપની પેઠેજ મીનોચેરહોમજીના છુટા પડવા આગમચના ગુજરી ગયલા હતા. આજે પણ તમામ મલેશરે એવણના વંશજોનુંજ પંથક છે, તોપણ જીંદેરવાનનું ૩ દહાડાનું કામ, તથા નવજોત કરવાનું અને લગનના આશિરવાદ શારવાનું કામ આજે પણ ભગરીઆઓ કરે છે.*

* આ અને બીજી ઘણીક હકીકતો એરવદ મેહેરવાંનજી હોરમજી કહ-

જોગીતા તવારીખ નવેશ મી. રૂ. પે. કરકરીઆના એ નચુનડતા થાય છે.

પ્રખ્યાત મલેશરાઓ.

જીવણજી કડુજી. ઉપરના જેવીજ એક કેરેકટર મલેશરમાં થઇ ગઇ છે. તશીઆની અરકના કીરકશ (ગામ) ના બેહેદીન જીવણજી કડુજી, બીન માણેકજી કેરશાસ્પ, બીન ચાંદજી દારાબ, ગાંયકવાડ સરકારનું નાકુ સંભાળનાર એક લડવૈયા થઇ ગયા છે. વાંસદા અને ગાયકવાડ સરકારો વચ્ચે ચાલતી મારામારીમાં ભીલોને ઉશકેરીને વારંવાર ગાયકવાડના પરગણાઓ વાંસદાવાળાઓ લુટાવતા, તે ભીલોની સામે એ જીવણજી હંમેશાં લડતા અને નાંકું સાચવતા. એક વાર તે ભીલોનો ભારે થઇ પડેલો ઉપદ્રવ ટાળવા, ગાયકવાડે મહુવાના દેશાઇને જીવણજીની સાથે ધાડ ઉપર જવા ફરમાવ્યું. બાહાદુર જીવણજી ભીલોને પકડવા ભીલોના રેહેઠાંણવાળા ડાંગ જીલ્લાના તારપારા ગામ ઉપર ચઢયા, ત્યાં કમભાગ્યે વરસાદને લીધે તેમનો દારૂ ગોળો ઠંડો પડી ગયાથી, તેવણનું કાંઇ ચાલ્યું નહીં. છેવટે રોજ ૨૫ માહ ૧૦ સંવત ૧૮૬૮ ને દિને એક ભીલે છાપરાંમાં સંતાઇને દગાથી એવણને તીર મારી ઠાર કર્યા. મહુવાના દેશાઇનું લશકર પોતાના સરદારના મોહોટથી હારીખાઇને પાછું નાઠું, અને ભીલોએ ટુટી પડી જીવણજીનું શીર છુદું પાડી, શીકાંમાં મુંકી એક ઝાડ ઉપર લટકાવ્યું. પાછળથી જીવણજીનાં મામા કુંવરજી રૂસ્તમજી પરાગ ત્યાં ગયા, અને પોતાની કુનેહ સમજાવટથી કેટલુંક નાંણું ભીલોને આપી તે ધડ અને શીર નવસારી આંણી દોખમે ચઢાવ્યું. ઉપલી બાહાદુરીને સારૂ જીવણજીના દીકરાઓ ભીખાજી અને શાપુરજીને ગાયકવાડ સરકારે સંવત ૧૮૬૮માં એક સનદ આપી.

તે પ્રમાણે દારૂની ભઠ્ઠી એક મુફત ગાલવાનો હક, તથા ૪ હોલ* જમીન એ બાહાદુર પારશીના ઇનામમાં પળે છે.

લ્યા, જેઓ મેહેરજી ચાંદજીની ઓલાદના છે, અને પોતાના ટોળાની તવારીખના એક અભ્યાસી અને એક બાહોશ ગ્રહસ્થ છે, તેઓએ પૂરી પાડી છે.

*૧૫ વિંઘાંનો એક હોલ કહેવાય છે, અને એ જમીન ૬૦ વિંઘાં ગંણાય છે.

ભાઇજી સાગર. મલેશરના આગેવાન અફાબરો પૈકી ભાઈજી સાગર એક મુખી હતા. એવણ એક દિનદાર બેહેદીન હતા. કકસ્યાઓને મલેશરનું પંથક અપાવામાં એવણ આગેવાન હતા. મોગલ સરકાર તરફથી એવણને આસામી મળતી હતી, અને સુરતના દફ્તરમાં તેવણનું નામ આજે પણ મોજુદ છે. રોજ ૨૧ માહ ૭ સંવત ૧૭૮૦ ને દિને એવણ ગુજર્યા હતા. મરહુમ માણેકજી મુનશીના બેટાઓ હાલના મેસર્સ મેરવાનજી, પેશતનજી, અને મનાજી મુનશીના ભાઈજીસાગર બપાવાના બપાવાના બપાવા થાય છે.

રામજી સાગર. એ ભાઈજીસાગરના ભાઈ હતા. એવણ પણ મલેશરની અંજુમનમાં વડા હતા. સુરતની નવાબીમાં એવણ મોટો અમલદારી હુદ્દો ધરાવતા હતા. અને સુરતના નવાબોના ધરમાં એવણને ઘણું માન હતું. મલેશરના પારશીઓના મંસારી કામો એવણની મુનશરી અને લવાદીથી ચુકાતાં હતાં. જે પ્રમાણે ચાંગાશાહે હિંદુ જેવી હાલતમાંથી પુષ્કળ પારશીઓને મુકત કર્યાં તે પ્રમાણે, પોણીત્રણસેં વરસ રહીને સંવત ૧૭૯૦ માં રામજી સાગરની ખાસ માંગણી અને મદદ ઉપરથી દેશાઇ ખુરશેદજી ટેહમુલજીએ, પાછી હિંદુ જેવી હાલતે ગામડાંઓમાં અને રાનવાડાઓમાં વસ્તાં ઘણાક બેહેદીનોને બા ઇજતથી બોલાવીને નવસારીમાં જેમને સુદરેહ આપવાનાં તેમને અપાવ્યા, અને કુસ્તી વીગેરે જેમની પાસે ન હતું તે આપી પારશીપણામાં લાવ્યા હતા. એ ભાઇજી અને રામજીનું નામ પ્રખ્યાત થઇ ગયું છે. તેઓની નસલ નીચે મુજબ છેઃ— રામજી, સાગર, બેહેરાંમ, હાંચા, કામા, કડવા, પોમા, હાથા, વેજલ, થુંબા, કેલા, અને કાંમદીન. એટલે સુધી તેઓની સેંકડો વરસ સુધીની પેઢી મળે છે. એ ખાંદાંનની અસલ અટક તલાટી હતી, તે પછી મેહેતા થઇ છે. હાલના નવસારીના ઓનરરી મેજીસ્ત્રેટ મી. પેશતનજી બરજોરજી મેહેતાના બપાવાના બપાવાના બપાવાં એ રામજી સાગર થાય છે, તથા મી. એદલજી નવરોજી મેહેતા (ચીનાઈ) ના બપાવાના બાપના બપાવા થાય છે. તેજ પ્રમાણે સર જમશેદજીની પેઢી નીચે મુજબ છેઃ— જમશેદજી–જીજીભાઈ–ચાંનજીભાઇ–બાછાજી–અને રાંમજી. વાછાજી સુધી સર ની પેઢીવાળા વાછાની અટકના હતા, પણ તે અગાઉ તેઓ તત ની અટકના હતા. એ રાંમજી રોજ ૧૪ મા૦ ૪ સંવત ૧૭૯૨ માં ગુજર્યા હતા.

જીવા આશા—એહેદીન છતાં ધર્મ ધ્યાન ઉપર મજબુત આસ્થામાં વખણાઇ ગયેલા નર એ જીવાજી આશાજી હતા. એવણ રાતદિન અવસ્તા ભણવામાં ગુજારતા હતા. એવણે સરકારી આશીસોની સામેનો હાલ "જીવા આશાની વાડી" ને નામે ઓળખાતો મોટો વજીફો ધર્મ ખાતે કાઢેલો છે. અને ત્યાં મોટો કુવો બંધાવી ઢોરોને પાણી પીવાનો અભાડો બંધાવી તેની ઉત્પત્તના અમુક ભાગમાંથી તે ભરાવા માટે ધર્મખાતું કાઢી ગયા છે. અને તેજ જગા ઉપર હિંદુ લોકોને માટે પાણી પીવાનું પરબ પણ મંડાવી ગયા છે. કેમકે ગંદેવીની ચોકી ને નામે ઓળખાતી જગાએ થઇને પરદેશી મુસાફરો તે રસ્તેથી જા આવ કરતા હતા. એવણ ૭ જા ગાથા સ્પેંતોમદ અને સંવત ૧૮૮૭ માં ગુજર્યા છે.

નવરોજી શકલાતવાલા—નવસારીના નામવર બેટાઓમાં શેઠ નવરોજી દોરાબજી શકલાતવાળાનું નામ બાકીમાં રહ્યું છે. અત્રે રોજ ૨૪ માહ ૯. ૧૧૭૪ યજદેજરદીમાં એઓ જન્મ્યા હતા. મુંબઇમાં એઓનો શકલાતનો વેપાર ચાલતો હતો. ત્યાં એક મુખ્ય શેઠયા લેખે એવણની આબરૂ વિશેષ હતી. નવસારીથી મુંબઇ ગયલા તમામ નોશાકરાઓના તમામ જાહેર કામોમાં એવણનો કારસાજ હાથ હતોજ હતો. પોતે બહુ ધાર્મિક હોવાથી ધર્મના અનેક ફંડોની આગેવાની એવણે કીધી છે. બાહોશી અને બુદ્ધિએ એવણનામાં સારૂં ઘર કર્યું હતું. રોજ ૧૫ માહા ૯ ૧૨૪૦ યજદેજરદી (કે જે શાલમાં એવણના મિત્ર શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ પણ ગુજર્યા હતા) માં એઓ ગુજર્યા હતા.

નશરવાનજી તાતા—નવસારીના જાત મેહેનતથી વધેલા (Self-made men) પુષ્કળ નરોમાં એવણ આપણું મુખ્ય ધ્યાન ખેંચે છે. તાતા ખાંદાનનાઓ પ્રથમતો નવસારીના દેશાઇના કારભારી ઈત્યાદિ બીજી શેવાઓ ઇમાન ઈતબારથી બજાવામાં વખણાયલા હતા. એજ તેઓની ધણી તરફની નિમકહલાલીનો જાગતી જોત જેવો એક દાખલો આજે પણ નવસારીમાં યાદગાર રહ્યો છે. ગાયકવાડ સરકારની રંગ પંચમીની કચેરીની દરબારમાં કોઇ કારણથી મોટા દેશાઇવાલા કોઇથી પણ જવાઇ શકાયું નહીં, જેથી જેમ બનવું જોઇએ તેમ બીજી બેઠકના ધણીની પેહેલી બેશવાની પાળી આવી. દાદાભાઇ તાતા નામના ખાસા ત્યાં હાજર હશે, તેમનાથી ધણી-દેશાઇની જગા આમ પુરાયલી જોઇ દેખી શકાયું નહીં, અને આંખમાં ખુન ચઢવાથી ધણી-દેશાઇની જગાએ પો-

તે જઇ બેઠા. મીશલની હોજાતોજીમાં ખુનપર રસ ચઢયો. અને કહે છે કે ગાયકવાડની ગાદી ઉપરજ તે તાતાનું ખુન રેડાયું, અને ત્યાંજ મરણ પામ્યા. ખુનીને શોનગડના કિલ્લા ઉપર કેદ કર્યો. એવી નીમકહલાલી એ ખાંદાંને બતાવી નોકરી બજાવી હતી, પણ મી. લાબુશેર કહે છે કે We are all the creatures of circumstances યાને આપણ સર્વ પ્રાણી સંજોગને વશ છીયે, તેમજ એ ખાંદાંનના આ નબીરા પણ જો કે પ્રથમ તો બાપદાદાઓની માફક અત્રે સેવા બજાવતા હતા, તોપણ એબીસીન્વાની ખુનખાર લડાઇમાં એઓના હાથમાં કેમીસરીએત ખાતું આવ્યું, અને તેમાંથી જાતી અકકલ, કામ કરવાની કુનેહ, અને જોરાવર નશીબાને સંજોગે એવાતો ફાવી નીકળ્યા, કે આજને કાલ નોશારીના સ્વતઃ બનેલા પુરૂષોમાં દોલતની બાબદમાંતો સર જમશેદજીથી ઉતરતા એજ નોશાકરા ગણી શકાય. નવસારીના જેનરલ ફંડમાં તથા બીજા અનેક કામમાં એવણનો અગત્યનો હિસ્સો હતો. તેના કરતાં પણ નોશારીના પારશીઓને બેહેસ્તમાં જવાને પ્રથમ જે ચોકીમાં રેહેવું પડે તે સુંદરચોકી, યાને દોખમું બંધાવાનું પુન્ય હાંશલ કર્યું. ઘરડાંબોખાં પ્રથમ “ ભાભાવાલાંમાં જઇએ ત્યારે સુખી ” એમ બોલતાં હતાં, તે હવે “ તાતા વાલામાં પડયે ત્યારે સુખી ” એમ બોલવા લાગ્યાં છે. અખુટ પુંજી મુંકી, અચુક કામો કરી, અમુલ્ય નાંમ રાખી ૬૪ વરસની ઉમરે તા. ૨૬ જાનેવારી ૧૮૮૬ને દિને એઓ ગુજર્યા હતા. અત્રેની જંદ મદ્રેસા એઓએ સ્થાપેલી છે. એના અસલ મૂળમાંથી ભણેલા કાબેલ એરવદો તરીકે દસ્તુર હોરમજી ફરદુનજી મહેરજી રાણા, એરવદ ખુ. એ. પાવડી, અને નાગપોરવાલા દસ્તુર એદલજી કાવશજી કાંગા વી. બાહાર પડયા છે.

બાવાજી દેશાઈ—દેશાઇ ખાંદાંનમાં સ્વતંત્ર વિચારના અને ફારશી આલેમ શેઠ બરજોરજી પાલણજી દેશાઇ ઉર્ફે “ બાવાજી દેશાઇ ” નવસારીમાં જાણીતા થઇ ગયા છે. ફારસી ભાષાના જ્ઞાનમાં પ્રવિણ હતા. ફારશીખતપત્રો લખવા વાંચવામાં પોતાના બનેવી દેશાઇ જમશેદજી ટેહમુલજી; ઉર્ફે “ બજરોગ સાહેબ ” ના જેવાજ કાબેલ હતા. લક્ષ્મણહોલ, લાઇબ્રેરી, જેનરલ ફંડ, હાઇસ્કુલ વગેરેમાં, કોઇમાં સેક્રેટરી, તો કોઇમાં ખજાનચી લેખે એવણનું પગલું હતુંજ હતું. નવસારીના જાહેર કામોમાં એવણ એક આગેવાન હતા. સ્વભાવે ભોળા અને સ્વરૂપે સુંદર હતા. ૭૪ વરસની ઉમરે રોજ ૨૮ માહ ૨ સંવત ૧૯૪૬ની

છેક આખરીએ ગુજર્યા હતા. અંજુમનની ફેહરેસ્તમાં પોતાનું નામે યાદગાર રાખવા જેવાં કામો કરેલાં હોવાથી, હજુ પણ જો તેમ થાય તો નામુનાશેબ ગણાશે નહીં. એઓએ પોતાના બેટા મી. પાલણજી જેઓ પણ એક નોશાકરાજ છે, અને રાસ્તગોફ્તારના સબએડીટર તથા નૂરેએલમના અધિપતિનો માન ભર્યો હુદ્દો ધરાવે છે, તેઓ સાથે મળીને "તવારીખે સાસાંન્યાન" નામનું અગત્યનું પુસ્તક બાહાર પાડયું હતું, તેમજ "તવારીખે હખામન્યાન" માં એવણનો દરાઝદસ્ત લંબાયલો હતો. એવણ પોતા પાછળ ૪ કાબેલ બેટાઓ મુકી ગયા છે, જેઓમાંના વડા મી. હોરમજીને પોતાના એલ્મનો તમામ વારસો આપી ગયા છે.

દોશાભાઈ દેશાઈ— નવસારીના દેશાઇ ખાંદાનમાં હુસ્યાર નર લેખે મરહુમ દોશાભાઈ બમનજી દેશાઇ જાંણીતા હતા. રોજ ૨૬ માહ ૭ ૧૧૮૮ યજદે. માં જન્મી, તા. ૨૯ એપ્રેલ ૧૮૯૨ માં ૭૫ વરસની વયે ગુજર્યા. દેશાઈઓનું કેટલુંક વતન ૧૯૦૬ ના સાલમાં ફરી જપ્ત થયલું તેનો એવણ ૧૯૧૭ ના સાલમાં દેશાઇ જામાસ્પજી ખરશેદજી (જેવણના નામે છત્રી મશાલની આશામી ગાયકવાડ સરકારે કરી આપીછે) ની સાથે ખુલાસો કરાવી લાવ્યા હતા. અને તેજ વખતે નવસારીની મામલત પણ દેશાઈ ઘરાંનાને ફરીથી મળી હતી. અને નવસારી કસબાની વસુલાતનું તથા મામલતનું એઓએ પણ કેટલોક વખત સુધી કામ કર્યું હતું. દેશાઇ જામાસ્પજીની માફકજ જોકે એવણ વડા દેસાઈની ગાદીએ આવવા પામ્યા નોહતા તોપણ, અંજુમનની ફેહેરેસ્તમાં એવણનું પણ નામ લેવાય છે.

ગારડાજીઓ— શેઠ રૂસ્તમજી નવરોજી ગારડા, જેઓ નવસારીના જાત મેહેનતથી વધેલા એક શેઠ હતા, તેઓના બેટાઓ જામાસ્પજી તથા બરજોરજી પણ બાપના જેવાજ પ્રખ્યાત શેઠો અત્રે થઇ ગયા છે. જામાસ્પજી ગારડાએ નવસારીમાં કેળવણીના કામમાં તથા અંજુમનને લગતાં ફંડોના કામમાં ઘણી આગેવાની લીધી હતી. તેજ પ્રમાણે શેઠ બરજોરજીએ અત્રેના દરેક જાહેર કામોમાં પોતાનો હિસ્સો મરણ સુધી આપ્યો હતો. જામાસ્પજી ૧૯૩૮ના શાલમાં અને શેઠ બરજોરજી ૫૮ વરસની વયે ઇ. સ. ૧૮૯૭માં ગુજર્યા હતા. બંન્ને ભાઇઓએ લોકપ્રિયતા મેળવી નવસારી નામને દેશપ્રદેશ ઓળખાવી ગયા છે. દેશપ્રદેશથી આવતા પારશી પરોણાઓ માટે એવણનું ઘર એક મેજવાનખાંનું જેવું હતું.

નવરંગ નવસારી.

નવરંગ એક સુરંગ અને સુંદર શબ્દ છે. પણ નવસારી માટે તે આબાદ લાગુ પડતો છે. નવરંગનો અર્થ નવો રંગ કરવા સાથે ૯ રંગવાલો અહિં વધારે બંધબેસ્તો છે. નવસારીમાં ઘણી ચીજો ૯ નાં આંકડા ઉપર છે. નવસરેહ અને નવસૈયદો વીશે તો આપણે કહી આવ્યા છીયે. નવસારીના આપણે જે અર્થો કરી આવ્યા તે હજુ જાણે ઓછા હોય તેમ, સંસ્કૃત नव सर ઉપરથી નવસારી નામ પડયાનું પણ જણાવામાં આવે છે. સંસ્કૃત नव = ૯; અને सर = તળાંવ. તે ઉપરથી ૯ તળાવવાળું શેહેર, તે ઉપરથી नवसरी કેહેવાય છે, એમ કહે છે,* આ શેહેરમાં પ્રથમથી ૯ તળાવો છે. ૧-દુધ્યું. ૨-શરબત્યું. ૩-ગાંગડયું અથવા વાગળ્યું (જે જુના થાંણાના બાગની પુર્વે આવેલું છે.) ૪-નાગતલાવડી. ૫-કાલ્યાવાડીવાળું. (ચોકીની પાછળનું.) ૬-તરાઉતાવાળું. ૭-ભેશાડખાડાવાળું. ૮-વેરાવળવાળું. (વેરાવળની પુર્વે) અને ૯-માલી વાડીવાળું. (વેરાવળ જતાં પશ્ચિમે.) એ પ્રમાણે ૯ તળાવ છે. એ પૈકી કેટલાંક સુકાઇને પુરાઈ જવા આવ્યાં છે.

વળી નવસારીથી બાહાર ગામ જવાના નવનાંકાં યાને નવ રસ્તા છે. ૧- જલાલપોર જવાનું નાંકું. ૨-ગણદેવીની ચોકી (યાને ગણદેવી જવાનો "દશેરા ટેકડી" ને નામે ઓળખાતો ભાગ (લુનશીકુઇની પાછળનો.) ૩-ગણદેવી જવાનો બીજો ફાંટો લુનશીકુઇની આગળનો કાગદીવાડના નાકાંને નામે ઓળખાતો રસ્તો. ૪-સુરત જવાનું ભેશાતખાડાવાળું નાંકું. ૫-કાલ્યાવાડીનું. ૬-વીરાવળવાળું. ૭- આશાપુરી ત-

---

*ઇમ્પીર્યલ ગેઝેટીઅર ઉપરથી તારીખે શાહાંને ઇરાનમાં નવસારીનું નામ ઈ. સ. ૧૫૦ માં "નરસીપા" હતું, એમ પ્રખ્યાત ભુગોળ શાસ્ત્રિ ટોલેમીના નકશાને આધારે જણાવામાં આવ્યું છે. આપણે કદાપિ કબુલ કર્યે, કે નરસીપા તેજ નવસારી હશે, કેમકે નવસારીના અક્ષાંશ રેખાંશ નરસીપાને મળતા આવે છે, તો જોકે તે વખતે નવસારીની હદ ઘણીજ મોટી લંબાયલી હોવી જોઇએ; પણ તે ઉપરથી એમ નથી ઠરતું કે નવસારી નામ નરસીપા ઉપરથી પડેલું છે. નવસારીના આગળ જુદાં જુદાં ૬-૭ નામો હતાં, તેમ વળી તેની આસમય એ ભુમીનું "નરસીપા" નામ હોય, પણ તે શબ્દ ઉપરથી નવસારી થયું નથી. બ્રીગ્સ સીટીઝ ઑફ ગુજરાતથી વધારે ખુલાસો થાયછે

રહેતું. ૮–સુરત જવાનું દાંડીવળવાળું. અને ૯–કાછીઆવાડીવાળું. એ પ્રમાણે નવસારીના નવ નાંકાં યાને નવ ભાગળ ગણાયલાં છે.

વળી નવસારીના નવ બજાર ગણાય છે. જેમાંના ઘણાંકતો હાલ ઉડી ગયલાં છે. ૧–હાલના કુંભારવાડમાં પટવાવાડને નામે ઓળખાતું અસલમાં બજાર હતું; જે તે વેળાએ મોટું બજાર ગણાતું (ઉડી ગયું છે.) ૨–હાલનું મોટું બજાર અથવા જાદવરાવે જાદે કરેલું "જાદવ બજાર" (હાલ છે.) ૩–પાંચ હાટડીનું બજાર (હાલ છે.) ૪–ચાંણુવાડના મોચીવાડ આગળનું ભુત્યાવાડવાળું બજાર. (જેનો કંઇક ભાગ હજુ છે.) ૫–તરાવતાંનું બજાર (હાલ છે.) ૬–કાહારવાડાનું બજાર (હાલ છે.) ૭–ગોલવાડનું બજાર (અગાઉતો મોટું બજાર હતું, હાલ ત્યાં અનાજ શિવાય બીજું વેચાતું નથી.) ૮–ફતેહખાંનના કુવા આગળનું શતાપીરનું બજાર (હાલ થોડુંક રહેલું છે.) અને ૯– ખત્રીવાડનું બજાર (હાલ કંઇક નિશાન છે.) એ પ્રમાણે નવસારીના "નવ બજાર" ગણાયલાં છે. વળી કોઈ તો નવસારીના અસલ ૧૪ બજાર હોવાનું જણાવે છે.

વળી "નવ દાળી વડ" ને લીધે નવસારી વખણાયલી છે. આશાપુરીના મંદીરમાં એક ગંજાવર વડનું ઝાડ છે, જેના ઉપરથી જુદા જુદા અને છુટા છુટા બીજા નવ વડ એકજ દડ ઉપરથી ઉગેલા છે, જેની માનતા વટીક લેવાય છે. અને એ વડમંડળ જોવા લાયક છે.

આબકારી સીસ્ટમ.

આબકારી શબ્દ અજબ જેવી ખુદરતી બનાવતથી બનેલો છે. આગળતો નવસારીમાં એ શબ્દની પણ હસ્તી નોહતી. એ શબ્દ ફારશી ભાષાનો ગણો, કે સંસ્કૃત ભાષાનો ગણો, તો તે બેઉના છુટા છુટા તેમજ સામટા અર્થો એકજ તરાહના અને એકજ શબ્દના છે. ફારશી આબ = યાને પાણી; અને કારી = કરદન કરવું તે ઉપરથી કાર શબ્દ થયો, અને તેનો કારી થયો, યાને કે પાણીને ગરમી લગાડી જંતરથી ગાળવાનું કામ કરવાની રીત. સંસ્કૃત પ્રમાણે अप् = પાણી; અને कृ = કરવું તે ઉપરથી પાણીને જંતરથી ખેંચવાનું કરવાનું કામ. સબબ આબકારી, આપકારી, કે અપકારી એ બધા શબ્દ એકના એક છે.

આગળનો લત્તે લત્તે દારૂ ગાળવાની ભઠ્ઠીઓ હતી, અને જેને જેમ ગમે તેમ પોતપોતાને માટે મણના મણ દારૂ, વગર ફી ભરવે ઘર આગળ ગાળી જેમ ગમે તેમ અને જેવો સોજે ગમે એવો મન માનતો દારૂ પીવાનો મળતો. તે ઘરગતુ ભઠ્ઠીઓમાં દારૂ ગળાતો, બોકરા કપાતા, અને ત્યાંજ ગોળા, ઘાંચી વગેરેની જીઆફતો ચાલતી હતી. ત્રણ રૂપૈયામાં સોજે મસાલાનો મણ દારૂ પીવા મળતો. કેફી વસાંણાં જેવાંકે દારૂ, તાડી, ભાંગ, ગાંજો, એ વસ્તુઓ ઉપર કાંઈ કર કે જાપતો કે જકાત જેવું અસલ નોહતું. નવસારીમાં અફીણ તો જુજ આવતું હતું, અને તેના ઉપર કર પણ જુજ હતો. લોકો સસ્તાં સોજા મવડાં મળે તે ચોખા દાળની માફક ભરી રાખતાં, અને પોત પોતાના લત્તા ઉપર તે ગળાવી લાવતા. વરસોનો જુનો દારૂ ભરી રાખવાનો ચાલ હતો. ઘણા મોહોલાઓમાં તો મવડાંના પાણીની ગલીચીઓ જારીજ રેહેતી. તાડીતો જાણે કુવામાંથી પાણી કાઢી લાવવાનું હોય, તેમ સૌ સૌ પોત પોતાની જગાઓમાંથી તાડી કાઢી લાવી પીતા. વળી ઘણાકો તો પોતાના ઘરના ખપજોગી તાડી નીકળે એવી ખજુરી પોતાને પાછલે બાર રોપતા. તાડી અને કોદરા કે વાળની જીઆફતો હલકી વર્ણના હિંદુઓમાં વિશેષ હતી. દારૂના પીઠાંઓ પણ હતાં. અને દુબળા, નરડા, કોળી, વગેરે વર્ણોનો તે વેળાનો રાજા તે પીઠાંદારજ હતો. તે પીઠાંદાર ગામમાં ડાહ્યો માણસ ગણાતો. ગોલા ઘાંચીઓ સૌ ઘરસંસાર કે ન્યાતીના કજ્યા માટે પીઠાંદારની સલાહ અને લવાદી ઉપર ખુશ રેહેતા. આજેપણ મલંગદેવ જેવી રાની જગાઓ ઉપર પારશી પીઠાંદારો એવી હાકમી ભોગવે છે. તેઓ કોરડાવતી, ગુનેહગારને સજા વટીક કરે. હીંદોળા ઉપર પીઠાંદાર હીંચકા ખાતો બેશે, અને આસપાસ તે ગરીબ લોકો "અનછાપ" કરાવા ગોળ ચકરડું વળીને બેશે, અને પીઠાંદાર રાજા "અનછાપ" કરે! તે વેળાએ નવસારીમાં વખણાયલો સુરતી દારૂ લાવવાની ચાલ હતી. ગોલાબ, એલચી, ફાળસાં, વરીઆળી, દરાખ, વગેરેનો દારૂ તે મસાલાનો ગણાતો. તે વેળાએ નવો દારૂ કોઇ પીતા નોહોતા, પણ જુનો પીએ અને નવો ગાળેલો ભરી મેલે. દારૂ રૂા. ૩ થી ૩।। માં સોજે મણ મળતો, અને તાડી તો રૂા. ૧ ની ૮ થી ૧૨ મણ સુધી મળતી! દુકાળમાં તો ગરીબ ગુરબાં બે પૈસાની તાડી પીને આખાં કુટુંબનું ગુજરાંન ચલાવતાં. તાડીનો તકવો અનાજના જેટલો તે વખતે હતો. જરા વળી પૈસાવાળાઓતો આઠે દહાડે નીરો કરાવતા.

ખજુરો દર એક વરસને અંતરે છેદવામાં આવતાં. ખજુરીના રસમાં ખાંડ એલચી ભેળીને વગર કેફની પીવામાં આવતી સરબતના જેવી જે ચીજ તેનીરોછે. ઈ. સ. ૧૮૭૮ માં નવસારીમાં દારૂ તાડીના ઈજારાની આપકારી સીસ્ટમ નીકળી, તાડી દારૂ ઉપર કર પેઠો. તાડીના લેશનવાળા થયા. શેહેરના દરેક ખજુરાં ઉપર સરકારે કર નાંખ્યો. વળી તે ઉપર ચઢાઈ થઇ " બેઠક " ને નામે ખજુરાં ઉપર દર વધીને ચઢા ચઢી ચાલી. તાડી વેચવાના લેશન (લાઇશન્શ)હરાજીથી અપાવા લાગ્યાં. તે ઉપર દર વરસ વધારો થઈ સરકારને ફાયદો થતો ગયો. અને ખજુરાંના માલેકને રૂા. ૧ થી ૨ સુધી મળે છે. સરકારને તે કરતાં પણ વધારે મળે છે. છેલ્લાં ૭ વરસથી સરકારનો દર વધી ગયો છે. અને રૂપૈયાની મણુથી સવામણ તાડી મળે છે. અને મોંઘી ચીજમાં ઠગાઈ તો હોયજ, એટલે તેમાં પાણી ભેળવાનો કુચાલ ચાલે છે. અને તે પણ અસલના જેવી સકકઈ મળતી નથી. ખજુરાંના માલેકને બચારાને જેટલું મળે છે, તેથી ચારગણું સરકારને મળે છે, અને ૨૦ વરસ ઉપર રૂા. ૧ ની ૮-૯ મણ તાડી પીનારાઓ તે રૂપીએ મણ પીએછે. કેટલીક મોસમમાંતો દુધના કરતાં જાદે ભાવથી તાડી મળે છે. અગાઉ તો એક બે પૈસા આપ્યા કે તાડીવાળો કહે કે, જા પીવાય તેટલી પીજે ! આજે સરકારને કેફી વસાંણુંમાં દેશી દારૂની રૂા. ૪૭૦૦૦૦ ની, તાડીની રૂા. ૯૦૦૦૦ ની, તથા વીલાયતી દારૂની લાઇશન્શ ફીની રૂા. ૨૩૫ ની, તથા સ્પીરીટ ગાળવા દેવાની ડયુટીની રૂા. ૧૬૦ ની, તથા ઝેરી કેફી વસ્તુની રૂા. ૨૦૫૦ ની, તથા અફીણુ વગેરેની રૂા. ૨૦ થી ૨૫ હજાર સુધીની-ઉપજ વરસ દહાડે થઈ છે ! ૨૩૪૭૪૨ ગ્યાલન સુધી નવસારી સદર ફડની ડીસ્તીલરીમાં ગળાય છે, અને આખા પ્રાંતમાં ૫૧૩૨૮૬ ગ્યાલન સુધી ગળાય છે. તે પૈકી ૩૧૯૭૪૫ સુધી ઈજારદાર વેચાતો લેછે. આખા પ્રાંતમાં દર વરસે ૪૭૮૩૩૨ ગ્યાલન સુધી દારૂ પીવાય છે. નવસારી પ્રાંતની ૩૧૯૪૪૩ માણુસની વસ્તીમાં દર માણુસ દીઠ દોઢ ગ્યાલન દારૂ વરસમાં ખપે છે. પણ પીનારો વર્ગ અર્ધો અર્ધ જેટલો હોય છે, એટલે દર માણુસદીઠ ૩ ગ્યાલન યાને પોણો મણ દારૂથી ઉપરની રાસ આવવા જાય છે.

બ્રીટીશ હદ પૈકી સુરતથી નવસારીની હદના વરીઆવ, જીઆવ, ગભેણી, એ ઠેકાંણાંઓએ જેમ દારૂ લાવવામાં આવે છે, તેમ નવસારી થી બ્રીટીશ હદમાં કણએ મોતા તાલુકે બારડોલી વગેરે ઠેકાંણે જાય છે.

તલ નવસારીમાં વેચાતી દારૂની ૪ અને બીલીમોરામાં ૧ મળી આખા પ્રાંતમાં વેચાતી દારૂની ૫ દુકાનો છે. આબકારીના ગુન્હા દરશાલ ૧૩૧ સુધી થાય છે. ૨૫ પુરૂફ અંદરનો દારૂ જાદેમાં જાદે ૪ આને શેર વેચાય છે. અને તાડી કમીમાં કમી ૪ પૈએ શેર તથા જાદેમાં જાદે ૫ પૈએ શેર વેચવા ઠરાવેલું છે. દારૂની દુકાનો નવસારી તાલુકામાં ૩૫ છે, અને તે મળી આખા પ્રાંતમાં ૩૨૬ ચાલુ છે, તો જોકે ૪૫૫ દુકાંનો ઉઘાડવા ઠરાવ છે. ખજુરાં ઉપરના ટેક્ષના સરકારને માત્ર નવસારી તાલુકાનાજ રૂ. ૧૬૭૫૧ અને આખા પ્રાંતના રૂ. ૪૬૦૦૦ સુધી આજે ઉપજે છે અફીણની દુકાંનો આખા પ્રાંતમાં ૩૨ છે. અફીણખાતું ઈ. સ. ૧૮૮૧ થી શરૂ થયું છે.

એ સઘળાં ઉપરથી નવસારી પ્રાંતમાં કેફીપીણું કેટલું છે, તેનો સામટો ખ્યાલ થશે. પ્રથમ દારૂ તાડીનો ઇજારો સુરતવાલા શેઠ બેજનજી ખરશેદજી દુમસ્યાએ દર વર્ષે રૂ. ૧૦૦૦૦૦ થી રાખેલો, તે ૧૫ વરસમાં તો વધીને પાંચ ગણો થઈ ગયો છે. તે ઉપરથીજ કેફીપીણાં વીશે વિચાર કરવાનો છે. તોપણ આપણું ગાયકવાડી રાજ "ધરમ રાજ" અથવા સર. ટી. માધવરાવના બોલોમાં Dominion of Charity માં ધરમ એટલે દાન અને ધરમ એટલે દીનઇમાન ઉપર કેટલું બધું ધ્યાન અપાય છે, તેનો એટલોજ દાખલો બસ થશે, કે નવસારીના પારશીઓની અરજ ઉપરથી તેઓને માટેજ સરકારે એક ખાસ કાયદો કરેલો છે, કે પારશીઓને પોતાના ધર્મ ક્રિયામાં વાપરવા સારૂ ચોખ્ખો દારૂ પોતાને હાથે ગાળી લઇ જવાની છુટ છે. આ હકનું રક્ષણ, હિંમતનું હથિઆર અને ખંતનું પુતળું એવો મરહુમ નર બેહેદીન હોરમજી આશાજી હવાલદાર, મરતી ઘડી સુધી કરતો હતો. તેના રૂહ ઉપર હજાર દરૂદ હોજો. તેના મરણ સાથે તેની જાહેર હિંમતનો વારસો પોતે સાથે લઇ ગયો છે.

વરિયાવ બેહેદીનોનું પરવ.

જે પ્રમાણે ભરૂચના પારશીઓ "હોમાજીની બાજ" કરે છે, તથા નવસારીના મોટે ફલ્યેના પારશીઓ સંકટમાંથી બચવાથી મેહેરજી રાંણાની તથા ખરશેદજી દેશાઇની બાજ કરે છે, તથા પુજ્યભાવથી ન-

વસારીમાં ખોદાતા ઘણા કુવાઓ ખોદતાં, ખરશેદજી દેશાઈ કે મેહેરજી-રાણાના નામથી કોદાલી મારે છે, તેજ પ્રમાણે નવસારીના મલેશર ફલ્યેના તમામ બહેદીનોમાં જુના વખતથી “ વરિયાવા બહેદીનોના પરબ ” ને નામે એક તેહેવાર પારસી રોજ ૨૫ મો માહ ૧ લા ને દીને ઘણા માન સાથ પાળવામાં આવે છે. તેઓ વરિયાવ બહેદીનોની બાજ, જશન વિગેરે ક્રિયાઓ કરતાં આવેલાં છે. ઘણા મલેશરાંઓ પોતાને ઘર જુદી જુદી બાજ કરે છે, અને જેમનાથી બનતું નથી, તેઓ અંજુમનમાં સામેલ થઇ ભાગ લેછે. લુનસીકુઈના પૂર્વ ભાગમાં “ દશેરા ટેકડી ” ને નામે ઓળખાતી જગા આગળ, “ ધંબાર્યા વડ ” ને નામે મલેશરના બહેદીનોની એક જગા આવેલી છે. જે જગા, અગાઉ તો મલેશર ફલ્યેની મેહેફીલો મળવાનું અને ભેગા મળવાનું એક મુખ્ય મથક હતું. આજે પણ નવા વરસની હમાજોર લેવા માટે ત્યાં તેઓ ભેગા મળે છે. કાંઈપણ ઠરાવ કરવાના હોય, તો ત્યાં જઇને ભેગા મળતા. ત્યાંજ આજેપણ ઉપલું પરભ ધામધુમથી તેઓ પાળે છે. એ જગા મલેશરની અંજુમનની સસની છે, અને ઘાસ ઉગવાની તે જગા છે. ત્યાં એક ગંજાવર વડનું ઝાડ છે. જેની નીચે મલેશરવાળા સાહેબો પોતાના જાહેર ઘાંબારના જશનો અને ખાણી પીણી કરતા હોવાથી તે વડને “ ધંબાર્યા વડ ” કહે છે. એ જગા આશરે ૧૨ વીંઘાં જેટલી વિશાળ છે. અને તેના ઉપર અત્રેના મુશલમાનભાઈઓએ એક વાર દાવો ઉઠાવ્યો હતો, કે મોગલાઈ વખતથી એ જગા તેઓની છે. પરંતુ મલેશરવાળાઓએ બાઠ ભીડીને તે પોતાની કદીમથી ચાલતી આવેલી સિદ્ધ કરી હતી. તેજ પ્રમાણે ગાયકવાડ સરકારે પણ તેના ઉપર ધારાની લાગત લેવાનો ઠરાવ કર્યો હતો, તેમાં પણ મલેશરવાળાઓ ફાવ્યા હતા, અને ધર્માદાય જગા લેખે સરકારના ધારામાંથી તેને બચાવી હતી. આ પરબને દહાડે નાહના મોટાં તમામ મલેશર ફલ્યેના આશરે ૫૦૦ માણસો ત્યાં ભેગાં મળે છે. ત્યાં પ્રથમતો આફ્રંગાન જશન વગેરે ક્રિયાઓ કરી દરૂન અને રાંધેલા સ્વાદિષ્ટ વાસની ચાશની કરી દારૂ પીને ખરાં અંતઃકરણથી મરહુમ વરિયાવા બહેદીનોની યાદ કરવામાં આવતી હતી; પણ હાલ દારૂ પીવાનો ચાલ બંધ પાડી માત્ર ચાશની કરવામાં આવેછે. આગળતો મલેશરમાં ઉઘરાણું કરી એ ધામધુમ કરવામાં આવતી હતી, પણ હવેતો મલેશરના અંજુમનના ફંડમાંથી તેની ક્રિયા વિગેરે થાય છે. એ પરભ પાળવા માટે એવી તવારીખ જણાવામાં આવે છેકે, જ્યારે પ્રથમ કહી ગયા તેમ

ઈરાનથી પારશીઓ હિંદુસ્થાનમાં નાશી આવ્યા પછી, તેઓનો મોટો જથ્થો નવસારી અને તેની આસપાસ આવી વસ્યો હતો, ત્યારે તેમાં કામરેજ તાલુકાના વરિયાવ નામે એક કસ્બામાં પણ તે પારશીઓનો એક જથ્થો જઇ વસ્યો હતો. કામરેજ તાલુકામાં ભીલ લોકોની મુખ્ય વસ્તી હોવાથી વારંવાર વરિયાવના આ બેહુંત થઈ પડેલા પારશીઓને તેઓ લુટતા, અને હેરાન કરતા. વારંવાર તે બાહદુર પારશીઓ તેઓ સાથે લડીને તેઓને માત આપતા. એકવાર તેહેવારને દિને કહે છેકે. એ વરિયાવ બેહેદીનો વાડીવંતરે જઇ ખાણી પીણીમાં મશગુલ થઇ મસ્ત પડેલા હતા; તે તકનો લાભ લઇ ભીલ લોકો ગામમાં પેઠા. બાહાદુર પારશીઓ ગામથી દુર વાડીઓમાં ગયલા હોવાથી લાચારીથી તેમની બાહાદુર ઓરતો મુખ ઉપર મુખવટા મુકી અને બુરખા બાંધી, ભીલોની સામે ઓસ્તવારીથી લડી, એટલે ભીલો પ્રથમ તો હટી ગયા, પણ એક સ્ત્રીનો બુરખો નીકળી પડવાથી બીન મુછાળા મરદો જોઇ ભીલો બોલ્યા, કે "રાંડના માર્યા ફોક ગયા !" તે ઉપરથી તેઓને હિંમત આવી અને પાછા લડયા; અને જેટલાંને મરાયાં એટલાંને માર્યા, અને અસબાબ લુટી લઇ ગયા. એટલુંજ નહીં, પણ ખેતરાંમાં મસ્ત પડેલા પારશીઓમાં પણ કતલ ચલાવી. જેટલા બચ્યા એટલા નાશીને નવસારીમાં આવી ભરાયા. અને જેમના વંશો પૈકીના ઘણા કુટુંબો અત્રે મલેસરમાં વસતાં કહેવાય છે. તેઓ આ પરબ સામાન્ય તહેવાર લેખે પાળે છે, કેમકે કોણ ક્યારે કતલ થયા તેની ચોકકસાઈ ન થવાથી એકજ તેહેવારમાં બધાંના બાજ દરુન કરેછે. એ પ્રમાણે જે પ્રકારની વાત, સંજાણમાં મહમદ બેગડા સાથે પારશી ઓરતોની લડાઇની સાંભળ્યે છીયે, તેજ તરેહની આ કથા વળી વરિયાવ તરફની કહેવાય છે. પણ એ તહેવારના દિવસના ચોકકસપણા માટે લગાર શક હોવાથી તે ચોકકસ દહાડો શોધી કાઢવાની તથા બીજી હકીકતો શોધવાની કોશેશ જારી છે.

મગદુમશાહ પીર.

હજરત પીર મગદુમ નશીરૂદ્દીન વલદે જમાલુલ્લા સાહેબની નવસારી ખાતેની દરગ્રા વીશે ઘણીક જાણવા લાયક હકીકત છે. સેખ ફકીરૂલ્લા ઉર્ફે દીવાન સાહેબ, જે ખરેખરો આલેમ હતો, તેણે "રાહત"ના

તખલ્લુસ સાથે એ પીરની અસલ વિગેરેની એક જાણવા લાયક કેતાબ હીજરી ૧૨૦૧ માં લખેલી હજુપણ મગદુમશાહના હૈયાત વારસ મી. ફકીરમીઆં એનાયતમીઆં પાસે જળવાઇ રહેલી મોજુદ છે. તે ઉપરથી અહિંઆ લખવા બેસ્યે તો બીજી તવારીખ ભરાય એટલી જાંણુવા જોગ બીનાઓછે. એ "રાફત," નશીરૂદ્દીનનો વંશજ હતો. તેના વખતમાં એ પીર માટે ગાયકવાડે જમીનનું કોલનામું આપેલું છે. હજરત પેગંબર સાહેબ મહમદના શાહવી યાને દોસ્ત, તથા એક મજલેશના બેશનાર, અબુબકર—ઉમર—ઉશમાન—અને અલી એ ચાર ખલીફા પૈકી વડા ખલીફા અબુબકરની ઓલાદથી ઉતરેલા એ મગદુમ પીર નશીરૂદ્દીન હતા. એમના પેદર જમાલુલ્લા મદિનાથી દિલ્લી આવ્યા હતા, અને દિલ્લી દરબારમાં એક વઝીરનો હુદ્દો ધરાવતા હતા. તેમની હૈયાતીમાંજ તેમના પેશર નશીરૂદ્દીનને એ હુદ્દો મળ્યો હતો. એક ગમથી એ મગદુમ સાહેબ વઝારતની કારકિર્દિ ચલાવતા, અને બીજી ગમથી ફકીરીની કોશેશ ચલાવતા હતા. પિતા પુત્ર બંન્ને અમદાવાદમાં આવ્યા, અને એક મોટા સાલેકને ગુરૂ કરી ત્યાં એલ્મેએલાહી ઉપર પુખ્ત નઝર કરવા લાગ્યા, અને ગુરૂની સાથે રહ્યા. એમનો ગુરૂ શાહેઆલેમ નામે આલેમ હતો. બીજી ગમ ગુરૂનું નામ શરફુલહક કહેલું છે. એલ્મમાં પ્રવિણ થવા બાદ એક એતેફાક એવો બન્યો, કે. એક બાઇ વાંઝત હોવાથી અતિશય નાશીપાશીમાં ગુરૂના થાનકે આવી કરગરી કહેવા લાગી, કે પીર મેહેરબાંન થાય અને મને પુત્ર પ્રાપ્તિ થાય એવું કરે તો હેશાનમંદ રહીશ, નહીંતો અહિંથી જો નાશીપાશ થાઉં તો અહિંજ આત્મઘાત કરીશ. મગદુમ સાહેબે પોતાના ગુરૂ આગળ તેણીને જવા કહી. ગુરૂએ જણાવ્યું કે તને સંતાન થશે નહીં, માટે જા અલ્લાની બંદગી કર્યા કર! પેલી રડતી રડતી પાછી ફરે છે, એટલે ચેલા મગદુમ શાહે તેણીને પુછ્યું કે, ગુરૂએ શું કહ્યું? તેણીએ રડી પડી હેવાલ કહ્યો. મગદુમશાહે ખુદા દરયાફતીમાં અરજ પોહોંચાડી તેણીને વર્દાન આપ્યું, અને કહ્યું કે જા! તને પુત્ર થશે. તેજ પ્રમાણે કેટલેક વખતે તેણીને પુત્ર થયો.* અને જ્યારે તે પુત્રને ફકીરના થાંનકે નઝર કરવાને લાવી, ત્યારે ગુરૂએ અચરતીથી પુછ્યું, બાઇએ હેવાલ કહ્યો, અને ચેલા મગદુમ સાહેબ ઉપર ગુરૂ ખફા થયા, અને ફરમાવ્યું, કે ગુજરાત અને કોકણની હદ્દમાં બરાબર અધવચે જઇ

*સિદ્ધપુર આગળ ઉંઝા ગામથી થોડેક દુર ઉનાવા ગામની પીરની દરઘાનો આજનો ચમત્કાર પ્રત્યક્ષ પુરાવો આપે છે.

તારે રહેલું. અફ્શોશ અને નાઉમેદીમાં મગદુમશાહ અમદાવાદથી નવ-સારીમાં આવ્યા. કહે છેકે તે વખતે કોકણની હદ નવસારીના લુનશીકુઈ ઉપરના શરબત્યાં તળાવની પેલે પાર યાને દક્ષિણ દિશા સુધીની હતી. અને ગૂજરાતની હદ એ તળાવની આણી પાર યાને ઉત્તર દિશા સુધી હતી. તેથી એ બેની વચ્ચે હાલ જે જગાએ મગદુમ સાહેબની દરઘા છે, ત્યાં આવી એ ચેલાએ ખુંટ મારી મુકામ કર્યો. * તોપણ એ તળાવ કોકણની હદમાં ગણાતું હતું. અને હાલ કબરની આસપાસ જે દેવાલ છે તે ગૂજરાતની હદમાં ગણાતી. અંહીં કેટલોક વખત રહી મગદુમશાહ મક્કાની હજ કરવા ગયા. ત્યાંથી પાછા આવ્યા ત્યારે ઝેતુન નામના મક્કાના નામીચાં ઝાડનું મીશવાક* સાથે લઇ આવ્યા. અને પાંચે વખતની બંદગી કરવા વજુ કરીને તે મીશવાક ત્યાં ખોશી મેલ્યા કરતા. એ મેશવાક એઓએ પોતાની હૈયાતી સુધી વાપર્યું. અને પછી જે જગાએ દાટી મુંકેલું તે જગાએથી તે ઉગી નીકળ્યું ! અને આ કથા પ્રમાણે આજે ઝેતુનના જે ગંજાવર દરખ્તો એ મગદુમશાની દરઘામાં ઉગેલાં છે, તે પેલાં દાતણના મુળ્યાંના ઠડ થયાં છે ! અને કહે છેકે, ગૂજરાત પ્રાંતમાં તો નહીંજ, પણ હિંદુસ્થાનમાં કેહેપણ નવસારી શિવાય ઝેતુના

---

* લુનશીકુઈના એ લત્તાની હવા અસલથીજ સારી હોવાનું માલમ પડે છે. કેમકે સૈયદસાદાતની સાથે જે ગુરૂને તકરાર પડયાની બીના આગળ આપણે વાંચી આવ્યા છીએ, તે હિંદુ યોગી પણ એજ ઠેકાણે રેહેતો હતો. અને કથા પ્રમાણે તેનું આશન જમીનથી અદ્ધર રહેતું. તે જમીન ઉપર પગ મું-કતોજ નોહતો ! વળી મગદુમશાહની ૩૯૪ વરસ અગાઉ સૈયદસાદાત અત્રે આવ્યાં હતા, તેપણ એજ જગાએ રહ્યા હતા. તેજ પ્રમાણે મગદુમ ઝઇરૂદીન વગેરે પીરો અને સૈયદો અત્રે આવ્યા તે પણ એ લત્તા તરફજ રહ્યા હતા. જેમકે નૂરસતાગરની ઉત્તરે ફકીર શાહેખેદ્દરની કબર; દક્ષિણે અચ્છામીઆંવા-લા વાડામાંના સૈયદ મુંનકતેની કબર; પશ્ચિમે મગદુમ ઝેરૂદીનની કબર; અને પુર્વે મગદુમ નશીરૂદીનની કબર છે.

* મીશવાક=એટલે દાતણ. મુસલમાનોમાં એવો રેવાજ છેકે, સહવારે દાંત સાફ કરવાનું એક વેંટનું દાતણ રાખવામાં આવેછે, જેને મેશવાક કરીને કહેછે. પોતાની આખી જીંદગી સૂધી એકજ દાતણ વાપરવાનો ધર્મછે. અને તે ઘસાઈને છેક હાથના આંગળાંના એક કાપ જેટલુંબી રહે ત્યાં સુધી, તેઓ વાપરે છે, અને પછી તેને ચોકકસ ક્રિયાથી એકાદ ગુપ્ત જગાએ દાટી મુકે છે. કેટલાક જણાતો પોતાના વારસામાં તે ચીજ મુંકી જાય છે, અને તેના વારસો તબરરૂક તરીકે તે જાળવી રાખે છે.

એ પ—દ ઝાડો ઉપરાંત બીજા ઉગેલાં નથી. એ ઝેતુન ઝાડનો રસ ઘણો પૌષ્ટિક ગણાય છે. એ મગદુમ સાહેબની દરઘાની બાહારની દેવાલમાં સંગેમુસા પથ્થરમાં સંગેમરમર પથ્થરના કકડાઓથી મઢી લીધેલો એક ફારશી લેખ છે, તે ઉપરથી એ પીરનો શને નિકળે છે. "સાખ્ત દર રાહે ખોદા ઈન મશજીદે પૂર ફેઝરા—કઝ સફાએશું સીને પાકે એતેકાદાં ખુશ ફેઝાસ્ત." યાનેકે જે પ્રમાણે પાક શીનાની અંદરથી સ્વચ્છ યકીન જાહેર થાય છે, તે પ્રમાણે પૂરા ફેઝવાળી આ મશજીદ ખોદાના રાહ ઉપર બનાવેલી છે. એમાં ફેઝા=ફે—ઝવાદ—અલેફના ૮૦—૮૦૦—૧ એમ અનુક્રમે આંકડા કાઢતાં ૮૮૧ નું શાલ આવે છે. એટલે એ મગદુમશાહ આજથી ૪૩૪ વર્ષ ઉપર થઇ ગયા છે. અને એનો ઓરસ દરશાલ સાહબાન મહિનાની ૯ મી તારીખે ભરાયછે. એવણુની પેઢી નીચે મુજબ છે:— મગદુમ સાહેબ—જમાલુલ્લા—શેખઝયરૂ—દીન—અહમદ—હશન—જમાલ ઉર્ફે શાહાઅહમદ—શાહબુદ્દિન—મહમદ—અબદુલ્લા—શેખસૈયદ—હશન—કાસમ—નશીરૂદ્દિન—મહમદ—અબદુલ્લા—અબદુરરહેમાન—મહમદ—અને અમીરૂલ મોમીનીન અબુબકર સીદ્દીક બીન કાહાફ. છેલ્લા મહમદ સુધીના સાહેબો શેખ ગણાયછે. એ મગદુમશાહની દરઘાહ આગળ એક મશીદ અને એક મુસાફરખાંનું પણ છે. એ દરઘા માટે મોગલ સરકારે નશીરપોર ગામ ખરચમાં આપેલું છે. હીજરી સને ૧૧૩૧ તથા ૧૧૩૯ માં તેના ફરમાન થયલાં છે. તે પ્રમાણે રોજા મજકુરના સજાદાનશીન સેખ જમીલુલ્લાના નામે ખરચ મજકુરના પેદામાં ૨૪૫ વીંઘાં, અને સેખ એજમતુલ્લાના ફરજંદોના ખાધ ખોરાક માટે વીંઘા ૨૬૫ મળી વીંઘા ૫૧૦ બક્ષેશ આપેલાં છે. તેમાં મોજે નશીરપોર પરગણે સુપામાં ૪૫૭ વીંઘાં ૧૦ વસા, અને પરગણે નવસારીની સીમમાં વીંઘાં ૫૨ અને વસા ૧૦ છે. જે આજ સુધી એ વંશમાં પળે છે.

મગદુમ ઝઈરૂદીન.

બોલતી ઘોર—કથા પ્રમાણે કેહેવાયછેકે, મગદુમશાહ પીર અમદાવાદ છોડીગયા બાદ, બીજા પીરોને પણ અમદાવાદમાં રેહેવા ગમ્યું નહીં, તેથી જ્યારે ચેલાઓએ અમદાવાદમાં રેહેતા બીજા પીર મગદુમ

ઝયરૂદ્દીનને મગદુમશાહની નવસારી ગયાની વાત કહી ત્યારે પીરે કહ્યું, કે હવે આપણે પણ અહિં રેહેવામાં સાર નથી; તેથી તેઓએ ત્યાંની એક દરબાની પાસેની એક દિવાલ ઉપર ઘોડેસ્વાર થઇ ફરમાવ્યું કે, "ઘોડા ચલ નવસારીકુ." આમ કહેતાંની સાથેજ આંખ ઉંઘડે નહીં એટલામાં તેઓ અમદાવાદથી નવસારીમાં ઉડી આવ્યા!! અને હાલ જ્યાં તેવણુની કબર બોલતી ઘોર ને નામે ઓળખાયછે, ત્યાં તે દેવાલ હજુ પણ હૈયાત કહેવામાં આવેછે!!! એવણુની કબરનું નામ બોલતીઘોર શા ઊપરથી પડયું, તેની કથા એવી કહેવામાં આવેછેકે, એક નોજવાન ઘોડેસ્વાર જરીનો પોશાક પેહેરીને રસ્તેથી જતો હતો, તેનો કસબી દુપટ્ટો પડી ગયો તોપણ તેતો આગળ દોડયા કર્યો-ત્યારે કબરમાંથી અવાજ આવ્યોકે, "અએજવાન તેરા દુપટ્ટા ગીર પડા! દેખ લે!" એ અવાજ ૩ વાર નીકળ્યા ત્યારે સ્વારે પાછો ફરી જોયું તો તે ઉજ્જડ જગામાં કબરમાંથી અવાજ નીકળનો તેણે સાંભળ્યો, અને પાછો ફરી દુપટ્ટો લીધો. ત્યારથી એ કબરને બોલતી ઘોર કહે છે! એ ઝયરૂદીન જે મોહલામાં આવી રહ્યા તેને ઝયપુરાનું નામ મળ્યું છે. વળી બીજા બે પીરોની કથા એવી છેકે, જ્યારે તેમાંના એક અમદાવાદમાં ઉંઘાયલા હતા, તેવામાં જઇને કોઇ ચેલાએ મગદુમશાહની નવસારી ગયાની હકીકત કહી. પીર નાખુશ થયા, અને દિલ્લીની દિશાએ કોર દીધેલી હતી-તે તરફથી નવસારીની દિશાએ કોર મરડી બોલ્યા, કે "ચલએ નવસારી તરફ!" એટલે પેલી ગમની કોર દેતાંની સાથેજ નવસારી આવી પુગા!!

વળી ત્રીજા પીરને તેજ પ્રમાણે ખબર પડી, એટલે અમદાવાદની મશજીદમાં નિમાજ કરવા નમેલા હતા, ત્યાંથી આપોઆપ નવસારીની મશજીદમાં નિમાજ કરતા થઇ રહ્યા!!

મી. અચ્છામીઆં ગુલાંમીમીઆંવાળા વાડામાં એક, અને કાગદીવાડમાં એક, એમ બે પીરોની કબર હજુ અત્રે હૈયાતછે. મગદુમ નશીરૂદીન, ખલીફા અબુબકરની ઓલાદના, અને મગદુમ ઝઈરદીન ખલીફા ઉમરની ઓલાદના કહેવાયછે. નવસારીવાલા ગુલાંમીમીઆં બડામીઆં, તથા તેમના પુત્ર અચ્છામીઆં, નજુમીઆં કાલુમીઆં, વગેરે ઉમર ખલીફાની ઓલાદના કહેવાયછે. માશુમીઆં નશીરમીઆં, સેખુમીઆં બદુમીઆં, ફજીલુદીન. ખયરૂદીન, કે જેઓના વડીલ શેખ દોશન સાહેબની દરઘા જુના થાણાની પાછલી બાજુએ વાગલ્યમાં છે, તેઓ ઉસ્માન ખલીફાની ઓલાદના કહેવાયછે. સૈયદમીઆં દાદામીઆં (બાંગી), સાજીમીઆં બડામીઆં, વગેરે અલી ખલીફાના-

ની ઓલાદના કહેવાય છે.

એ પ્રમાણે પેગંબર સાહેબ મહમદના ચારેવ ખલીફાની ઓલાદ-ના વંશજો ધરાવવાનું નવસારીને માન છે.

યુસુફ સહીદ

કાસ્યાવાડી અને નવસારીની વચમાં એ સહીદની કબર છે. કથા છે કે, દરરોજ સહવારે ગોવાળ્યો આવીને પોકારતો, કે ત્યાંથી એજગે-ખી એક ગાય નીકળતી, અને સાંજે તે ગોવાળાંમાંથી છુટી પડી તેજ જગાએ ગેબ થઇ જતી હતી ! બધી કથા ગમે એવી હશે, પણ આ બનાવતો બનેલો છે કે, નવસારીની મોટી નવી જેલ, શુબા લક્ષ્મણરાવે, એ કબર આગળ બંધાવા માંડી, ત્યારે ઘણા પરહેજગારોએ નાં પાડી; પણ શુબા સાહેબે તેજ જગાએ પાયા ખોદાવા માંડયા. પરંતુ પાયો ખોદતાંની સાથેજ એકેકો ભમરો ત્યાંથી નીકળતો, અને પાયો ખોદ-નારને દંખ મારતો કે તુર્ત ત્યાંજ મરણ પામતો ! એવા ૫–૬ ઇસમો મરી ગયાથી તે પાયા ખોદેલા રેહેવા દઇને ત્યાં જેલ ન બાંધતાં હાલની જગાએ બંધાવવી પડી છે. વળી કહે છે કે, તે વખતે તેજ જગાએથી એજ-ગેબી એક સુફેદ બીલાડી પણ નીકળતી હતી ! આ સહીદની કબર સુબા આંતાંજી ગંગાધરે પાછળથી દુરસ્ત કરાવી હતી.

ટેહેલદાસ તપેશ્વિ.

નવસારીમાં દુધિયાં તળાંવના માંથાઉપર દક્ષિણ દિશાએ " નર-સિંહ ટેકડી " ને નામે એક સુપ્રસિદ્ધ ટેકડીવાળી જગા છે. આ જગા-એ પ્રથમમાં બાવળનાં મોટાં વૃક્ષ હતાં. અને સર્પ નાગનો વિશેષ ઉપ-દ્રવ હોવાથી તે રસ્તે લોકો જતાં આવતાં બહુ બીહતાં હતાં. એ ત-

* પેગંબર મહમદના બેટાઓ કાસમ, ઈબ્રાહીમ, તૈયબ, અને તાહેર એ ચારેવ બેટા પોતાના બાપની હૈયાતિમાં ગુજર્યા હતા. તેથી આજે જે ઓલાદ પેગંબરની બેટીથી ઉતરેલી તેના વંશજોને સૈયદ કહે છે. અને સહીદ તેને કહે છે, કે જેઓ મુસલમીન ધર્મની લડાઈ કે જીકરમાં માર્યા ગયા હોય.

રેંદ્રના તળાવને માંયેના વડ નિચે પ્રથમમાં પ્રલ્હાદદાસ બુવા નામનાં એક મહંતે પોતાનો મુકામ કર્યો હતો. અને અહિંની હવા બહુ પસંદ પડવાથી હાલની ટેકડી ઉપર પાછળથી જઈ રહ્યા. તે પછી સંવત ૧૯૦૬ ના સાલમાં ૩૫ વર્ષની ઉંમરના એક બુવાએ આવી ત્યાં મુકામ નાંખ્યો. તે ટેહેલદાસ* બાવા હતા. પ્રલ્હાદદાસના અનુયાયિઓ ૩ હતા. ગુરૂ ઇશ્વિર તપ કરતો, અને ચેલાઓ નવસારી અને તેની આસપાસ ઉદર પોષણ માટે કાવડ લઈ ભિક્ષા માંગી લાવી ગુરૂ શિષ્યો પેટ ભરતા. ટેહેલ મારવાની શેવા ઉપરથી ટેહેલદાસના ગુરૂ માખણદાસે તેનું નામ "ટેહેલદાસ" રાખ્યું. એ ટેહેલદાસનો જન્મ ઇ. સ. ૧૮૧૨ માં થયો. એમનો પુર્વાશ્રમ ગૂજરાતી કરંજીઆ બ્રાહ્મણ જાતનો હતો. એમણે ૧૨ વર્ષની ઉંમરે સંસાર ત્યાગ કરી હિંદના ઉત્તર પ્રાંતમાં પ્રવાસ કર્યો. ત્યાંથી આશરે ૧૨ વરસ ભટકતી હાલતમાં રવડી બીજાં લગભગ બાર વરસ દેશ પ્રદેશ અંગ કષ્ટ વેઠી વૈરાગી વેષે સદરહુ ટેકડી ઉપર વડ વૃક્ષ તળે આવી મુકામ કર્યો. ગુરૂ શિષ્યે મળી કેટલેક વખતે એ ટેકડી ઉપર નરશીંહમાહરાજની સ્થાપના કરી. અને આ પવિત્ર સ્થાપના થતાંની સાથેજ સર્પોનો સંહાર થયો. પ્રથમના ગુરૂબંધુ સાળીગ્રામજી અને હરીદાસજી મહારાજ નામે બે બુવા સાથે તેઓ રહેવા લાગ્યા; અને ગામમાંથી ભિક્ષા માંગી લાવી તે ઠેકાંણે જે સાધુસંત રેહેવા આવે તેમને ખાવા પીવાનું આપતા. આવી રીતે ત્યાં દિનપ્રતિદિન વસ્તી વધવા લાગી, અને આસપાસ ગામના ભાઠેલા, કણબી, કોળી, વીગેરે લોકો તેમના ભજનમાં ભાગ લેવા લાગ્યા. કેટલાક ગામકરીએ, શ્રી. નરસિંહજી મહારાજના ખરચ માટે વાર્ષિક ભેટ તરીકે દાણા વિગેરેની નિમણુક શરૂ કરી. અને જંગલ જેવી ટેકડી તે મંગળ જેવી મુર્તિ થઇ પડી, અને શોભા રચના વધવા લાગી. કુવા, બાગ, વસ્તી, વગેરે થોડા વખતમાં થઇ ગયાં. અને ટેકડીની મેરમાં પડી રેહેતા ટેહેલદાસ હવે તેની મધ્યમાં ગયા. સંવત ૧૯૨૧ માં શ્રી નરશીંહજીનું મંદીર સારા પાયા ઉપર બાંધી ટેહેલદાસની સ્વારી પૃથ્વી પર્યટન કરવા ગઇ, અને પંચાગ્નિનું વૃત ધારણ કરી ફક્ત લીંબડાનાં પાંદડાંનો રસ પીને ૧૨ વરસવેર દેશેદેશ ને મુલુકે મુલુક ફર્યા. સંવત ૧૯૨૧ પછી

*ટેહેલ=ટેહેલવું. યાને યાચક દ્રષ્ટિથી બાંગી પુકાર કરતાં ભિક્ષા સારૂ ભટકવું, તથા ફેરી ફરવી; અથવા ટેહેલ ટકોરા કરવા, તે ઉપરથી ટેહેલદાસ થયોછે.

ગુરૂ પ્રલ્હાદદાસ અને ગુરૂબંધુ શાળીગ્રામ બન્નેનો સ્વર્ગવાસ થયો. એ પ્રમાણે ૧ લા મહંત પ્રલ્હાદદાસ, તેવણ પછી શાળીગ્રામ તથા હરીદાસ, મહંત લેખે જાગ્નેનશીન થયા. અને તે પછી જમનાદાસ, અને પછી મહંત તેહેલદાસજી થયા છે. ટુંક મુદતમાં શ્રી. નરસિંહજી મહારાજની એટલી બધી પ્રસિદ્ધિ થઇ, કે રોજ હજારો માણસો આ ટેકડી ઉપર દર્શન કરવા જવા લાગ્યા, અને આખાં શેહેરમાં વધુ પ્રખ્યાતિ તથા આજુબાજુનાં ગામડાંઓમાં એની ઘણીજ વિખ્યાતિ થઇ. પૃથ્વિ પર્યટન કરી ટેહેલદાસબાવા સંવત ૧૯૨૭ માં પાછા અત્રે આવ્યા. તે વખતે તેમની મઢીમાં ૫૦ સાધુ અને હરીદાસ બાવા હતા. ટેહેલદાસને નવ-સારીનીજ ભુમી પવિત્ર અને આરોગ્યતા વાલી જણાઇ; અને શ્રીની પુંજા ઠાઠથી ચાલતી જોઇ તેમને પરમ આનંદ થયો. તેઓએ ૧૨ વર્ષ વેર યોગાભ્યાસ કર્યો. પછી તપ કરવા માંડી. દશ વર્ષ સુધી પંચ-ધુણિ તાવી આઠ આઠ માસ સુધી જપતપમાં રહેવા લાગા. તે વખતે ફકત લીમપાન કરતા. ઉકતાંને બાર સોળુવોળુ કીધા બાદ તેઓ સહ-વારથી સુર્યનારાયણની તપમાં ભર તડકામાં સુર્ય તરફ એકાગ્રહ ચિત્તે ઉભા રહી નજર નાંખી તગર તગર કલાકો ગણુત્રિ તપ કરતા. અને ભર ઉન્હાલામાં પણ આગળ ધુણિ સળગાવતા. એ પ્રમાણે દેહકષ્ટ લીધા બાદ બીજાં દશ વરસ દુધપાન ઉપર કાઢયાં. લીમપાન વખતે લીમડાના રસ શિવાય કાંઇએ ખાતા નો'તા, તેમ દુધપાન વખતે દુધ શિવાય બીજું કાંઇ લેતા નો'તા. તળાવના પાણીમાં ભર ઠંડીમાં કલાકો ગણુત્રિ સામટા ઉભા રહી તપ કરવામાં કેટલાંક વર્ષ કાઢયા પછી, અતીત અ-ભ્યાગતને અન્નદાન આપવાનો ક્રમ શરૂ કર્યો. સંવત ૧૯૨૮માં ગુરૂબંધુ હ-રીદાસબાવા સ્વર્ગસ્થ થયા, અને એજ શાલમાં આ તળાવમાં ઘાટ અને શિવજીનું મંદીર બાંધી જેષ્ટ માસમાં ૧ લો બિષ્ણુયાગ કીધો; તે વખતે આશરે ૬૦૦૦ લોક એકઠા થયા હતા. સંવત ૧૯૩૨માં ૨ જો મધુરૂદ્રનો યજ્ઞ કર્યો; તે વખતે ૧૦૦૦૦ લોક ભેગા મળ્યા. સંવત ૧૯૩૭માં ૩ જો કોટી યજ્ઞ અથવા શિવાગ્નિ કર્યો. સંવત ૧૯૪૨ માં ચોથો અતિરૂદ્ર નામનો યજ્ઞ કર્યો. સંવત ૧૯૪૬માં ૫મો મહારૂદ્ર યજ્ઞ કર્યો. સંવત ૧૯૪૯ માં ૬ઠો સંહીતાનો સ્વાહાકારપુર્વક કર્યો. આ વખતે ૩૫૦૦૦ માણસ જમવા ભેગું મળ્યું હતું. અને સંવત ૧૯૫૨ માં મહાવિષ્ણુ યાગ નામનો ૭ મો યજ્ઞ કર્યો. અને પછી તુર્તજ સંવત ૧૯૫૩ માં રામ યગ્ન કર્યો. એ રીતે યગ્નો કર્યા. તે પૈકી ઘણાકમાં

પોણોસોથી દોઢસો મણ સુધી ઘી અગ્નિદેવને બળીદાનમાં આપ્યું, અને સામે ગામના ૨૫ થી ૫૦ હજાર આદમીને એ બાવાએ જમાડયાં હતાં. છમા યાગ વખતે તો દેશદેશના મોટા રાજાઓ જેવા તપેશ્રીઓ ઘોડા ઉંટ, હાથી, વગેરે સાજ સાથે ચેલાઓના લશ્કરો લઈ સંખ્યાબંધ અત્રે આવ્યા હતા. ૫૦ હજાર આદમીને જમાડવામાં અત્રેના બ્રાહ્મણોએ એ મેનીજ કરી હતી. વળી હરહંમેશ ઉન્હાળો વીતા બાદ ધુણિ શાંત કરતી વખતે ૧૫૦ સુધી બ્રાહ્મણો તો હંમેશાં એઓ જમાડે છે. અને ૪ મણ ઘી આતશમાં બાળે છે. સેંકડો મણ ઘી બાળવા ઉપરાંત જમાડવામાં સેંકડો મણ ઘી વાપરે છે તેતો જુદું. એમણે આખું હિંદ પગે ફરી વળીને જોયું છે; અને સર્વે જગાના હિંદુ દેવળોની યાત્રા કરી છે. જન્માષ્ટમીના દિવસે મોટો અન્નકોટ ત્યાં થાય છે. આ માહારાજે આવી રીતે સત કર્મો અને યજ્ઞાદિથી વડોદરા રાજ્યમાંના આ નવસારી પ્રાંતને મોટી શોભા આપી છે.* પોતે તો ભભુત લગાવી ફક્ત લંગોટભર તપમાં બેસી રહે છે. ત્યાં ભુત પ્રેતનો અસલ ઉપદ્રવ હોવાનું વેહેમીઓ માને છે, અને તે એ બાવાના આવાગમનથી નાબુદ થયાં છે. એ ટેકડી ઉપર સાધુ ફકીર સર્વે મુસાફરને સદાવ્રત અપાય છે. ત્રણ બાજુએ તળાવના પાણીથી એ ટેકડી ઘેરાયલી છે. ત્યાંના કુવાઓના પાણીની એવી તારીફ છે, કે ગમે એવો ખાધેલો ખોરાક હજમ થઈ જાય છે. આખા પ્રલાકામાં, બલકે આખા હિંદમાં ઈ. સ. ૧૮૯૬ સાલથી બ્યુબોનીક મરકી ફાટી નીકળી હજારો માણસો મરી ગયાં, પણ નવસારીના એકને પણ એ રોગ લાગુ ન પડવાથી જેમ પારશીઓ માને છે કે દેશાઈ ખુરશેદજીવાલા જુના આતશબેહરાંમ અત્રે હોવાના પ્રતાપ છે, તેમ ધાર્મિક હિંદુઓ માને છે કે તે આ મહંતના પગલાંના પુન પ્રતાપના પરિણામ છે. અને રામયજ્ઞ કરવાનો હેતુ પણ મરકીના અટકાવ માટેજ હતો. અહિંની હવા સારી રહી લોક સુખી હોવાનું કારણ આ પવિત્ર માણસાઇ મુર્તિનું રેહેવું લોકો માને છે. એ બાવા આજે પણ ૮૫ વર્ષની ઉમરના જુવાન જેવા હૈયાત છે. આપણે તપેશ્રીઓની જે વાતો સાંભળતા હતા, તે પ્રત્યક્ષ જેવાનો લાભ નૌશાકરાઓને મળ્યો છે. અને કહે છે કે, હિંદુસ્થાનના આ ભાગમાં સેંકડો મૈલના ચકરાવામાં આજને કાલ એજ તપેશ્રિ મુખ્ય કહી શકાય. એ તપેશ્રિ અગ્નિને મુખ્ય અને પુજ્ય દેવતા ગણી તેની પરસ્તેશ પુષ્કળ

*નવસારીના ટેલદાસ મહારાજનું સંક્ષિપ્ત ચરિત્ર જૂઓ.

કરી બહુમાન આપે છે, અને અગ્નિમાં ઘી બાળવું વગેરે હદીયા ચ-ઢાવવાની તેની મુખ્ય નેમ પાર પાડે છે.

નવ નેવુંનાં તડ—આશરે ૪૦ વરસ ઉપર નવસારીના ગુજ-રાતી બ્રાહ્મણોમાં દવે એટલે વાંણ્યાના ગોરની એવી તકરાર થઇ કે, એમણે આપણામાં ગણવા કે કેમ? તે ઉપરથી તકરાર થતાં ઠ-રાવ થયો કે તેઓને આપણામાં લેવા, પણ અંદરથી નવ ઘરવાળાએ ના પાડી, અને નેવું ઘરવાળાએ હા પાડી. તે ઉપરથી એક બાજુએ ૯ અને બીજી બાજુએ ૯૦ અથવા કહોતો બધા એકત્ર થયા. અને તેવણને ન્યાતમાં લઈ તેમની સાથે જમ્યાં. તેમાંથી ૯ માણસો નહીં જમતાં તકરાર લઈ બેઠા. તે ઉપરથી ન્યાતમાં મોટો ટંટો ચાલ્યો. એ ઉપરથી કાલ્યાવાડીના દેશાઇઓને પેલા ૯ જણ મળ્યા, અને બીજા કે-ટલાક વૃત્તિદારોને (જજમાનોને) દેશાઇઓએ અટકાવી ઠરાવ્યું કે, તમારે એ લોકો સાથે જમવું નહીં. એ ઉપરથી કેટલાક લોકોએ તે જજમાનોને છોડી ન્યાતમાં મળતા રહેવાનો નિશ્ચય કર્યો. ત્યાર બાદ એ તકરાર ઘ-ણો વખત ચાલ્યા બાદ ૩૦ વરસ ઉપર જ્યારે ટેહેલદાસજી ચારે ધામ* અને સપ્તપુરી તથા ચોરાશી હરડાંમાં તિર્થ કરી આવ્યા તે વખતે, ગામમાં પ્રસાદ આપવાને નિકળ્યા. એ વખતે પ્રસાદ આપતા આપતા વૈદ ફલ્યા-માં આવી પ્રસાદ આપવા માંડયો. તે પ્રસંગે ૨-૩ ગ્રહસ્થોએ કહ્યું કે આ પતાસાનો પ્રસાદ તો નવસારીનો છે, માટે તમારાં કરેલાં તિર્થોનો પ્રસાદ આપો. તે ઉપરથી તેઓએ ચેતીને કહ્યું, કે તમે લોકો તે જા-તનો પ્રસાદ લેવાને પાત્ર નથી. કેમકે તમે હમારા કહેવા પ્રમાણે ચાલો તો તે પ્રસાદને પાત્ર થાવ. બધાઓએ કબુલાત આપી કે તમારો બોલ માંથે, તેને ઉથાપ્યે નહીં; પણ પ્રસાદ તો જોઇએ. ત્યારે નવ નેવું-ના તડનો ટંટો તોડવા જણાવ્યું. બધાઓએ કહ્યું કે એ ટંટો ભારે છે તેમાં હાથ નાંખવામાં સાર નથી, કેમકે રોટી બેટીનો પણ વેહેવાર

---

* હિંદુ બાવાઓ જે ચાર ધામોના તિર્થ કરે છે, તે હિંદની ચારે દિશાએ આવેલાં નિચે પ્રમાણે છે:—

રામેશ્વર—જગન્નાથ—બદ્રિનારાયણ—અને દ્વારિકાં. વળી તેઓ સપ્તપુરીની પ્રદક્ષણા કરી આવેછે તે ૭ પૂરી નિચે મુજબ છે:—કાશી—ઉજ્જન—હરદ્વાર—મથુરાં—અજોધ્યા—ધારડા—અને શીવકાંચી (વિષ્ણુકાંચી). વળી એ ઉપરાંત તેઓ ચોરાશી હરડાં નામે ૮૪ જગાએ તીર્થ કરી આવે છે, તે લંબાણ થાય માટે આ ઠેકાણે જણાવ્યાં નથી.

એ તડાંમાં ઘણે ભાગે બંધ કરેલો છે. તોંપણ બધાને સમજાવીને તથા કાલ્યાવાડીના દેશાઇઓ કુંવરજી શંકરજી, તથા મોહનભાઇ જગદાસ, તથા ઇંદરજી લાલભાઇ, તથા નથુભાઇ લલુ, લલુ પરાગજી, ભીમભાઇ જીવણજી, તથા દાજી વશનજી, વીગેરેને સમજાવી નરસીંહ ટેકડી ઉપર દર્શન તથા પ્રસાદ લેવા ઐરાં છોકરાં સહ બોલાવી, તે દહાડે નવસારીના બ્રાહ્મણોને એકઠા કરી ન્યાતનું જમન કર્યું. અને ત્યાં તડને સાંધવા વિનંતી કરતાં સહવારના બેઠેલા સાંજ સુધી લડયા; પણ જ્યારે કંઈ નહીં વળ્યું ત્યારે, ટેહેલદાસે સાંજે બધાઓને જણાવ્યું કે, તમારાં આ કામની ભાંજગડમાં ૩ દિવસ થયાં નરસીંહજીને અપવાસ છે, અને આજે જો તમારૂં તડનું સમાધાન ન થાય અને સાંજે અપવાસ કરવો પડયો, તો હમે હવે નરસીંહજીને ઉઠાવી આલ્યા જઇશું. ત્યારે જે બ્રાહ્મણો નહીં આવેલા તેઓને પણ બોલાવ્યા. તેમાં તુલજારામ વઇદ તથા મયારામ કમળાકર શાસ્ત્રિ નહીં આવ્યા, તો ટેહેલદાસજીએ કહ્યું કે તેઓની વતી હુંજ છું, અને તેઓનો દોષ હું માથે લઉં છું. ત્યારે છેક રાત્રે સમાધાન થયું. પાંદડાં ઉપર લેખ થયો.* અને બીજે દહાડે પ્રસાદ લેવા બધાંને બોલાવ્યાં. કુંવરજી શંકરજી, નથ્થુ લલુભાઇ, વઇદ ફકીરભાઇ, ભાણાવઇદ, રાત્રે ત્યાંજ રહ્યા. અને બાવાની પાસે પ્રસાદ આપવા જેટલી જોગવાઈ પુછી. કેમકે મુખ્ય પ્રસાદ "ગંગાંજળ" હતો. બાવાએ કહ્યું કે નરસીંહજીનું સત હશે, તો સહવારે તેઓજ પેદા કરશે. તે પ્રમાણે બીજે દહાડે નરશીંહજીના પ્રતાપે ગંગાજળનો પ્રસાદ તૈયાર થઈ રહેલો. અને એ રીતે એ નવ નેવુંનું તડ તોડી નાંખવાને ટેહેલદાસ બાવા શકિતવાન થયા છે.

તાતાનું દોખમું.

અંજુમનની અરજી. અત્રે શેઠ ભાભાનું દોખમું થયા બાદ ૫૩ વરસ રહીને, પારશી વસ્તી વધતી જતી જણાવાથી એક દોખમાની જરૂર જણાઈ. તે ઉપરથી અત્રેની

* આગળ તો ગાંધીઓ વગેરેમાં કાગલને બદલે વડના પાંદડાં ઉપર હીશાબ ચીઠી અને વખતે કામ ચલાઉ લેખ પણ લખી લેવાનો રેવાજ નવસારીમાં હતો.

અંજુમને રોજ ૪ મા. ૧ મજદે. ૧૨૪૬ સંવત ૧૯૩૪ ને દિને એક મેહેજર નવસારીના વતની શેઠ નશરવાનજી રતનજી તાતા ઉપર કર્યો કે, " હાલ શેઠ ભાભાવાલાં દોખમાનાં જેવાંજ એક બીજા' નવાં દોખમાંની ઘણી જરૂર છે. તે કરવાને માટે તમો સાહેબે આગેવાંન થાવું જોઈએ છે. કારણ કે આજ કેટલાંક વરસ થયાં શેઠખાંદાંનવાલું દોખમું ઘણીજ બીશમાર હાલતમાં આવી જવાથી ભાભાવાલું એકજ દોખમું અત્રેની વસ્તીને બસ નહીં હવાથી મીનોચેરશાહવાળું છેક જુનું દખમું, કે જેમાં બાહાર ગામનાં જરથોસ્તીઓનાં રવાંનો મુંકવામાં આવતાં હતાં, તેને ઘટતી મરામત કરીને નાચારીથી વાપરવામાં આવે છે. અને એ પણ વધારે વખત સુધી જવાબ દઇ શકે એમ નથી. માટે હમારાં દીલ ફીકરમંદ થાઈને કેટલાં દુખી થયાં છે તેનો હેવાલ અમો અત્રે લખી શકતા નથી. એ અને એવીજ બીજી બાબદો ધ્યાનમાં લઇને તમો સાહેબ આપનાં વતનમાં આ છેલી આશાએશની જગો તમારા શકમાઈના પૈસાથી બંધાવી આપો એવી હમો આશા રાખ્યે છીએ. કારણકે તમો પોતે આપનાં પોતાનાં વતની છેઓ.................બીજું જો હમારી ઉપલી માંગણી ન કબુલ રાખશો તો એ નવું દોખમું બાંધવાને તમો પોતે આગેવાની કરીને એક લીષ્ટ ઉભું કરીને તેમાં નોશારીને લગતા જરથોસ્તીઓ પાસેથી નાંણું ભરાવશો." વી.

તાતાનો જવાબ. એનો જવાબ જ્યારે તા. ૭ માર્ચ ૧૮૭૯ રોજ ૨૦ મા.૬ યજદેજરદી ૧૨૪૭ સંવત ૧૯૩૪ ના ફાગણ શુદ ૪ને શુકરવારે એ દોખમું ઇજાયું તે દહાડે શેઠ તાતાના અંજુમન જોગા પત્ર ઉપરથી જણાય છે:– " તમારા ગરીબ શેવક અનજુમનના સાહેબોની ખાહેશ પુરી પાડવાનો ઠરાવ કીધો હતો. આએ નવું દોખમું જેના તાણાની ક્રીયા રોજ ૨૦ મા. ૬ ૧૨૪૬ ને દિને થઇ તે શેઠ નશરવાંનજી ચાંદાભાઇ તથા શેઠ બેજનજી મનચેરજી ઈજનેરોના પ્લાન ઉપરથી હમારાં માતાજી કુંવરબાઇની નૈમતે બંધાવ્યું છે. એ દોખમું આપણી માજદયશની દીનના ફરમાન મુજબ ઇજાવી આજના મુબારક રોજે જશન કરી, રૂઆંનોને અવલમંજલ પોંચાડવા સારૂ એ તમો અંજુમનના સાહેબોને હમારો તથા હમારા વારેસ વકીલોનો કશોબી અખત્યાર રાખીઆ વગર સ્વાધીન કરવાની રજા લઉછું. અંજુમનનાં સાહેબો આપની નેક દીનનાં હોકમ તથા ફરમાન મુજબ હંમેશે એ દોખમાની સંભાળ તથા દેખરેખ રાખવી. એ દોખમાના કું-

પાર્ક્‌ન્ડને લગતી દેવાલની બહાર ઉત્તર દિશાએ જમીન વીંધાં ૫ શ્રીમંત સરકાર મલ્હારરાવ ગાયકવાડે હમોને ઈનામમાં આપેલી છે તે હમારા કબજામાં છે, તે આજ દિને અનજુમનને સ્વાધીન કર્યે છીએ.........મજકુર જમીનનો પરવાંનો ૧ સરકારે પોતાની મોહોર સાથનો હમોને ફરી આપેલો છે, તે પણું રાખવા સારૂ અનજુમનને હવાલે કરવાની રજા લેઉં છુ. "

તાતાને માનપત્ર. આ ઉપરથી તેજ દિને અનજુમન તરફનું માનપત્ર દસ્તુર દારાબજી માહીયારજીએ વાંચી સંભળાવ્યું હતું. એ માનપત્રમાં શેઠ તાતાનો જાબજા પ્રેમપુર્વક આભાર માનવામાં આવેલો છે; અને તે ઉપર દસ્તુર દારાબજી માહીઆરજી, દેશાઈ બરજોરજી નવરોજી, તથા પોલ્યા દેશાઇ બમનજી દારાબજી વગેરે ૫૦૦ જણાની શહીઓ છે. એ માનપત્ર રૂપાંના સુશોભિત કાસ્કેટમાં મુંકીને તે ઉપર એક લેખ કોતરીને આપવામાં આવ્યું છે. એ દોખમાના પાયામાં તેમજ તેની ભીંત ઉપર પેહેલવી ભાષાની તખ્તીઓ ત્રાંબાના પત્રાંની તેમજ સંગેમરમરની શેઠ તાતાએ પોતાના માતાજી કુંવરબાઈના પુન્યને માટે બંધાવેલાં એ દોખમાની અંદર નાંખેલી છે.

પીટીટની સગડી અને માનપત્ર. એજ અરસામાં શેઠ (હાલ સર) દીનશાજી માણેકજી પીટીટે સદર દોખમાની આગળજ એક ગંજાવર સગડી અશોફરોહરોની ખુશનીદીને કાજે બંધાવી આપી, અને ત્યાં જાશુક દાદગાંહ સ્થાપ્યા. તેથી તા. ૫ માર્ચ ૧૮૭૮ ને દિને દસ્તુર દારાબજી માહીઆરજી, દેશાઇ બરજોરજી નવરોજી, તથા પોલ્યા દેશાઇ બમનજી દારાબજી વગેરે ૬૦૦ જણાની શહીઓ સાથનું એક માનપત્ર સર દીનશાજીને આપ્યું હતું. તેમાં જણાવ્યું કે, " માનવંતા સાહેબ ! અત્રે જે સગડીઓ હાલ છે, તે ચેરાગ મુકવાના કામ શિવાય બીજા કોઈ ઉપયોગમાં નહીં આવવાને લીધે મ. રેહુમ નામદાર સર જમશેદજી જીજીભાઇ ૧ લા બારોનેટ સાહેબે એક બીજી મોટી સગડી બંધાવી આપી હતી, કે જેમાં અશોફરોહરોની ખુશનુદી કાજે ક્રિયાઓ કરવામાં આવતી હતી. પણ તે સગડી બીશમાર હાલતમાં આવી જવાંથી વાપરવેશના કામમાં નહીં આવવાને લીધે, એક બીજી સગડી બાંધી આપવાને, તમો સાહેબ ગયે શાલ દુખમાના તાંણાની વખતે અત્રે પધારેલા હતા ત્યારે, હમોએ અરજ કરવાથી, હમારી માંગણી

ખરતજ કબુલ રાખી, સગડી બંધાવી, તેમાં આથુક દાદગાંહ રાખવાને તમો સાહેબે ગોઠવણ કીધી છે, તેથી આએ ગરીબ અનજુમન તમો સાહેબનો મોટો ઉપકાર માને છે. " વીગેરે.

સર રીચર્ડ ટેંપલની પધરામણી. સદરહુ દોખમાનો તાંણો પૂરવાની ક્રિયા વખતે, તેમજ તે બંધાયું ત્યારે હજારો હજાર લોકો દેશ પ્રદેશથી અત્રે ઉતરી પડયાં હતાં. અને નવસારીમાં પારશીઓનો સૌથી મોટો જમાવ અને મેળાવડો આ પેહેલવેહેલી વારજ થયલો હતો. મોટમોટા ઉમરાવો, શું હિંદુ, કે પારશી, કે મુશલમાનો, દોખમું જોવાની કવચિતજ મળતી તકનો લાભ લુટી લઈ ગયા હતા. તે બધા પરોણાઓમાં મુંબઇના તે વેળાના નામદાર ગવર્નર સર રીચર્ડ ટેંપલ બારોનેટ જી. શી. એસ. આઇ; શી. આઈ. ઇ. પોતે પધાર્યા હતા. હાલના બાઇ રતનબાઈ તાતાવાળા " એદલ બાગ " ના બંગલામાં તેવણે સેવી ભરી હતી. અને દેશાઈ દશતુરોની મુલાકાત લઈ, દેશાઇ બરજોરજી નવરોજી તરફથી, તેઓ દેશાઇ થવા પેહેલાં કોણ હતા, વીગેરે હકીકત પૂછી લીધી હતી, અને તેજ દિવસે તેણે " દસ્તુરજીની વાડી " ને નામે ઓળખાતી (હાલ સરકારી) બાગમાં પ્રજાના એક અંજાવર મેળાવડા સનમુખ પારશીઓની આગમળી જાહોજલાલી અને શુરાતનપણા વિષે શુભાષિત ભાષણ આપ્યું હતું. અને ખેતીના ઉત્તેજન માટે બોલતાં નોશાકરાઓને, નવસારીના દેશાઇઓનોજ દાખલો લેવા સમજાવ્યા, કે તેઓના બાપદાદા અસલ ખેડવૈયા હતા, અને તે ઉપરથી તેઓ આજે વધીને દેશાઇ થયા છે. વિગેરે. એ બદલનો લાંબો હેવાલ તે વેળાના " ટાઇમ્સ ઓફ ઇન્ડીયા " માં છપાયો છે. ગવર્નરની પધરામણી વખતે નવસારીમાં મોટો મહિમા થઇ રહ્યો હતો, અને જગે જગ લાઇટ અને વાવટા તોરણોનો ઠાઠ લાગી રહ્યો હતો. નવસારીની પ્રજાએ તે નામદારને નિચે મુજબનું અંગ્રેજી ભાષામાં માનપત્ર આપ્યું હતું:——

" ઇરાન વતન જરથોસ્તીઓને ત્યાગ કરવાની ફરજ પડી ત્યાર પછી જરથોસ્તીઓના દશતુરોના વડાં મથક તરીકે મંડાઇ ગયલાં આ પુરાણાં શહેરના હમો હેઠળ સહી કરનારા રેહવાશીઓ આપ નામદારને પ્રિતભર્યો આવકાર દેવા માંગ્યે છીયે. આ શેહેરના એક વતની મી. નસરવાનજી તાતાની સખાવતથી બંધાયલાં દોખમાની ક્રિયામાં સામેલ થવાને દેશના સંઘળા ભાગો તરફથી હજારો હમજાતીઓ ભેગા થયા છે, તેવા સમયે આપ નામદારે પણ આ જગાની મુલાકાત લેવાની તજદી

લીધી તે માટે હમો ઉપર આપનો મોટો ઉપકાર થયો છે. જે હિંદુ સરદારોએ અને નામદાર ગાયકવાડ સરકારે હમારા વડવાઓને માયાળુ રીતે આશ્રો આપ્યો હતો, તે આ શુભ ટાંકણે યાદ કરીને તે માટે ઉપકાર માનવા વિના ચાલતું નથીજ, પરંતુ તે પેહેલાં હમોએ નામદાર બ્રિટિશ સરકારનો પણ ઉપકાર માનવો જોઇએ; કે જેના રાજ્ય હેઠળ હમો આબાદાની ભોગવ્યે છીયે, અને બેહદ લાભો હાંશલ કર્યે છીયે. એટલા માટે નામદાર રાણી અને હિંદુસ્થાનની શાહનશાહબાનુના ઈલાકાના આપ નામદાર પ્રતિનિધિ આગળ ઉપકાર જાહેર કરવાનો, તથા વફાદારીભરી દિલોજનીના બતાવાની જે શુભતક મળીછે, તે માટે મુબારકબાદી ઇચ્છયે છીયે. આ વફાદારી અને ઉપકાર ભરેલી માંગણીઓ કાયમ રાખવા સારૂ આપ નામદારના કારોબાર માટે હમો ભરોશાભરી રીતે આરજુ રાખ્યે છીયે. આ દેશના લોકો અને મુખ્ય કરીને દેશીઓના ભલાં માટે આપ નામદાર જે પ્રિતભરી લાગણી બતાવો છો, તે ઉપરથી આપણા વખાણવા લાયક કારોબારની સાબેતી મળેછે, અને તેથી તે સર્વ શક્તિમાન ઇશ્વર પાસે એટલુંજ ચાહીએ છીયે કે, આપ નામદારને તે ફત્તેહ બક્ષે." એ ઉપર દસ્તુર દારાબજી માહીયારજી, દેશાઇ બરજોરજી નવરોજી, પોલ્યા દેશાઇ બમનજી દારાબજી વગેરેની શહીઓ છે.

નવસારીના નોરોજ અને પરમાર્થ.

નોશાકરાઓના બધા ગુણોમાં પરમાર્થનો ગુણ પણ છે. હીંદના લોકને સખાવત કરતાં શીખવનાર પણ નોશાકરાજ સરજમશેદજી થઈ ગયા છે. નવસારીમાં કોઇ મોહલે ૩૪ તો કોઇ મોહલે ૫૦ સુધી જંગલી કુતરાંઓનો ત્રાસ આજેપણ છે. અને તે સઘળાં પળાયાં જાય છે. તેમાં પારસી પોર્યાઓતો બહમન મહીનાના પરજને દિને મોહલે મોહલે " ઘી ખીચડીનો પૈસો " વાળું ગીત ગાતા ગાતા એક પરમાર્થી ભીખ માંગી લાવી તેની ખીચડીજાતે રાંધીને મોહલે મોહલેના કુતરાંને આજેબી ખવાડેછે. અગાઉતો ચકલે ચકલે કુતરાંને માટે દેગો ચઢતી હતી. કેમકે નવસારીમાં ઠેક ઠેકાંણે તે વેળાએ ચકલા * હતા. અહીંના પારસી પોરીઆઓ

* અસલ દરેક પારશી લત્તા ઉપર ચકલાઓ હતા. જ્યાં સારી રાત પણ બસ્તી રહેતી. અને રાત અવારે એઓની વખતે ચકલા ઉપરથી માંગેલી મદદ

પરમાર્થી તેમજ અટકચાલીવાળા પણ ખરા. નવસારીના પારશી નોરોજ એક પરમાર્થી હિંગાંમ છે. અહીં જો પારશી ન હોય, તો નવસારીની આવી સ્થિતિ પણ ન હોય એમ દરેક કોમવાળા અને દરેક ધંધાદારી કબુલ કરે છે. બીજે કોઇ પણ ઠેકાંણે કરતાં નવસારીમાં નવરોજની ૧૮ દહાડાની ધામધુમ, પાકીજગી, અને ધર્મ ઉપરની ગંભીર આસ્થા અજબ ધ્યાંન ખેંચે એવી છે. આગળની તો વાત પુછવા જેવી નથી. સો ઘરે ૨૫ ને ત્યાં તો "દોસલાં" ની ધામધુમ હોયજ હોય. સસ્તા સુકાળમાં તો ભારી નોહતું, પણ આજે ૫૦–૧૦૦ રૂપીયાનો ગરીઓનેત્યાં એ ટાંણે ખર્ચ ચાલેછે. પાછલી રાતે બે કલાકથી ઉઠીને ઓરાંણીઓ પોતાના ન્યાંગાંનોના કામ ઉપર તન મનથી હોંશે હોંશે મંડે છે, અને રાતે ૧૦–૧૧ કલાક સુધી તેણીઓને બીલકુલ ફુરસદ મળતી નથી. જ્યાં જુઓ ત્યાં ધાર્મિક નોશાકરાઓના ભણુભણ કરવાના રાગડા સંભળાય છે. કોઈ મોબેદનો દીકરો ૧૫ થી ૫૦ પતેત રોજ ઘસડે છે. વળી આફ્રંગાનો અને સતુમો ઘરેઘર ભણે તેતો જુદાં। પતેતીનો તેહેવાર બહુ અજબ જેવી રીતે પળાતો. આસપાસના ૨૫–૩૦ ગામડાંનાં કોળી દુબળાં વગેરેને મોટા દેશાઈવાળા બોલાવતા, અને દેશાઇ દરવાજામાં તેઓને પૈસાનું વેહેંચાંણ થતું. વળી બ્રાહ્મણો, જોશીઓ, વગેરેને તો વર્ષાસન જેવું બાંધી આપેલું તે તેઓ હારેબંધ બેશી લેતા. પાછલી રાતથી વાજાં અને ઢોલ તાસા સાથે, બેસ્તાં વરસના સગન વેચનારા, "દેવેચરાગ પાવે મોરાદ" પોકારનારા સેંકડો ફકીરો ઉતરી પડતા. દેશાઈ દરવાજામાં દેશાઇ દસ્તુરો, નાના બાળકથી ઘરડાં સરવે મળી હમાજોર અને બગલગીરી કરતાં, અને ગમે એવો વેરભાવ ભુલી જઇ ત્યાં પ્રિતભરી મુબારકબાદીઓ ચાલતી. વળી નરોજની રાતે દરૂન ફ્રંજાવાનો મુખ્ય મહિ-

---

મલતી હતી. કોઇ ઘરમાં એકલ દોકલ ડોસીની દીકરીને પ્રસવ થાય, કોઈ એકાએક મરવા પડે, તે વેળાએ આ વોલેંટરી મદદ અવસ્યની હતી. ફરસુદવાલા મરદોને માટે જેમ ચકલા હતા, તેમ વળી સ્ત્રીઓના મહલાજા પ્રમાણે દસ્તાનવાલીઓને એક ઠેકાંણે બેસી વાત વગત વગેરે કરવાને ચારે દિશાના ખુણાઓએ દેશાઇ ખરશેદજીએ અરેકો વડ રોપાવી તેના ઓઠામાં બેસવાનું કરી આપેલું હતું. તેને હાડકયો અથવા ઉકરડો કહેવામાં આવતો. દસ્તાનવાલી ઓસ્તોથી બાહાર ઓટલે બેસાતું નોહતું. તેમ બેસવું બાજંદાપણું ગણાતું, અને માર મારવામાં આવતો. પાછળી રાતથી માસિક હાલતવાલી ઓરતો પોત પોતાનાં લત્તા ઉપરના હાડકયા ઉપર ગુપચુપ જતી, અને સહી મીતીઓ સાથે સુખદુઃખની વાતો કરી છુટી પડતી.

આ હોવાથી તેને " દરાનની રાત " અત્રે કહેવામાં આવે છે, તે રાત્રે વડી દરેહમેહેરમાં થતી ગંભીર ક્રિયા જો એક સ્પીગલ કે બૉપ, હાઇંગ કે મીલ્સને બતાવી હોયતો તેઓ તેજ વેળા ક્રાસને ઠેકાંણે કુસ્તી બાંધી પાદયાબ કુસ્તી કરી, અવસ્તા ભણવા શીવાય બીજું કંઇ કરેજ નહીં, એવી દિલ બેહેલાવનારી છે. જુદા જુદા ચકલાઓ ઉપર અંગબળના અખાડા થતા, અને બાહાદુરી તથા જોર અજમાવા સારૂ કુસ્તીબાજ પારશીઓ કુસ્તી ખેલતા, તથા ખ્યાલના ખેલાડીઓ ખ્યાલના અખાડામાં પોતાની કલગીર કે તોરાની પક્ષની સરસાઇ બતાવતા. સ્ત્રીઓ પોતાના સુસ્વર કાઢી ગરબાની હરીફાઇમાં ઉતરતીઓ, અને દીનઆશીદારો પુષ્કળ અવસ્તા ભણી લેવાની બરાબરી કરતા. એ પ્રમાણે માર્ક ટવેંનો પોતાની રમુજની, એપીક્યુરસો પોતાની ખાનપાનની, હરક્યુલીસો પોતાના જોર બળની, મેડમ પૅટીઓ અને લેંગટ્રીઓ પોતાના કંઠ બળની, અને ઑગસ્ટાઇનો, બીરીનશો, તથા ઑસ્વેલ્ડો પોતાની શ્રદ્ધાની સ્પર્ધા કરતા. વળી ખોરદાદ શાલની આગમચની વળાવાની રાતે તેવોજ ક્રમ ચાલતો. નરોજની અને વળાવાની રાતે સૌ સૌને આખી રાત જાગવાનું હોવાથી, આપણા ઉધરતા પારશી વેપારીઓ ચાહ કાફીની અને મખવાસની દુકાંનો માંડે છે. અને ખોરદાદશાલે પતેતીના જેવી રચના માહાલે છે. ટુંકમાં તે અસલ્યાત ભુંસાવા લાગી છે, અને નકલ્યાત ચલકવા લાગી છે. ગોરાંણીઓ કાછડા મારી કામ કરવાને બદલે શેઠાંણીઓ થઇ દુબળાંઓને હવે તે બધી મજાઓ સોંપી દેવા લાગી છે, અને પણે ભાગે ચલકત જૂદીજ બધી પડી, સુધારાને નામે કેટલોક કુધારો પોતાનો ઓલો છેડો પખોડવા લાગ્યો છે.

શુબાઓ અને તેમના કામો.

ખાલસા (British) માં જે રેવીન્યુ કલેક્ટર કહેવાય છે, તે ગાયકવાડીમાં શુબો, અને રેવીન્યુ કમીશનર તે શરશુબો કહેવાય છે. શુબો એ શબ્દ એરેબ્બીક ભાષાનો છે, અને તેનો અર્થ પ્રાંત અથવા જિલ્લો થાય છે. તેમજ પ્રાંત તથા જિલ્લાના ઉપરીને પણ શુબો કહેછે. નવસારીમાં મોગલાઇ અમલ ચાલ્યો ત્યારે મલેકો પછી ગાળે ગાળે શુબેદાર થઇ ગયા છે. શુબેદાર એટલે પણ શુબાજ. ગાયકવાડી અમલ

જ્યારથી શરૂ થયો ત્યારથી નવસારી પ્રાંતને માટે એક શુબો નિમાવા લાગ્યો. અને તેનું સદર સ્ટેશન (Subayat અથવા Collectorate) તે વખતથીજ નવસારી શેહેર ઠરેલું, તે આજ સુધી છે. જ્યારે નવસારી માહાલ ઈજારે અપાતો હતો, ત્યારે પણ શુબા તો હતોજ હતો. પ્રજા હિતવર્ધક શુબાઓને લોકો દેવતા માફક પુંજતાં. માધવરાવ બાબા ઉર્ફે બાબા સાહેબ શુબાની દર અઠવાડયે એકવાર આશાપુરીના દર્શન માટે સ્વારી નીકળતી, તે વેળાએ તે શુબાના દર્શન કરવાના અભિલાષિ સૌ લોકો તૈયાર થઇ, બજારમાં ઉભા રહેતાં, અને પુજ્ય ભકિતભાવથી દર્શન કરી નમન કરતા. દશેરાની સ્વારીમાં શુબાનું દર્શન તો જરૂરજ કરવાની લોકો ધાર્મિક ફરજ સમજતાં. એજ પ્રમાણે તેઓના બાહોશ બેટા પ્રજાપ્રિય શુબા બાલાસાહેબની શુબાગીરી પણ લોકોથી પુંજાતી હતી. બાબાસાહેબ શુબા અત્રેજ મરણ પામ્યા હતા, તેમની પાયદસ્તે પારશીઓ વટીક ગયા હતા. બેજ શુબા અત્રે મરણ પામ્યા. હરબાજી ખંડેરાવ બીજા મરણ પામનાર શુબા હતા. ઈ. સ. ૧૮૭૬ થી આ રાજ્યની નવી કારકિર્દિ શરૂ થઇ તે પેહેલાં, નારાયણ વાસુદેવ ખારકર–નારાયણ રઘુનાથ–શીવાજીરાવ ખાનવેલકર (એ શુબા ઠરેલો છતાં તેણે શુબાગીરી પોતે ન ચલાવતાં, કૃષ્ણાજી ભીખાજી, ભીંવરાવ રામચંદ્ર, બંદુસાહેબ, નારાયણ રઘુનાથ, એઓના હાથથી શુબાગીરીનું કામ લીધું હતું.) બાલાસાહેબ, માધવરાવ બાબા, ગોપાળરાવ મૈરાળ, ગુલામકાદર, બળવંતરાવ યશવંત, નારાયણરાવ રઘુનાથ, મૈરાળ નારાયણ, હરબાજી ખંડેરાવ (સંવત ૧૮૮૯ થી ૯૧ ને આશરે), જીવાભાઈ (સંવત ૧૮૮૧થી ૮૯ ને આશરે), હરબાજી ખંડેરાવ (સંવત ૧૮૭૬ થી ૮૧ ને આશરે), અમીન સાહેબ (સંવત ૧૮૭૧ થી ૭૬ ને આશરે), હરબાજી ખંડેરાવ ફુમાવિશદાર (સંવત ૧૮૬૬ થી ૭૧ ને આશરે), ફચો આત્મારામ તાત્યા (શુબાવતી કામ કરનાર, સંવત ૧૮૬૩ થી ૬૬ ને આશરે). એ પ્રમાણે સુબાઓ થઈ ગયા છે. તેમાં કેટલાક તો બબે ત્રણત્રણ વાર ફરી ફરી શુબા થયા છે. લક્ષ્મણ જગન્નાથ–વડોદરા રાજ્યની જુની કારકિર્દિના મરણ વખતે, દીવાન દાદાભાઈ નવરોજી, મરહુમ લક્ષ્મણ જગન્નાથને લાવ્યા હતા. અને રાજા સર. ટી. માધવરાવે નવીન કારકિર્દીનું બી રોપ્યું ત્યારે નવસારીને લાયક શુબા લેખે, તેમણે લક્ષ્મણરાવને શોધી કાઢી અત્રે મોકલ્યા હતા. એમની કારકિર્દિ સંવત ૧૯૩૧ થી ૩૫ સુધી રહી. નવસારી પેહેલાંથીજ નવીસારી તો હતીજ,

પણ એ શુબાએ નવી નવસારી બનાવી. સુધરેલી ઢપ ઉપર પાકી સડકો બંધાવી. મ્યુનિસિપાલિટિનો મકાન બંધાવ્યા. દવાખાનું, (૧૮૮૦) ઑસ્પીટલ, ૧૮૮૨માં થયલી પબ્લીક ઑફીસો, ૧૮૮૦માં જેલ, ઈ. સ. ૧૮૭૮માં તૈયાર થયલી મારકીટો વગેરે કામો આરંભી નવસારીમાં સુધારાનું પૈડું ચાલુ કરી, જતી વેળા એટલુંજ કહી ગયા, કે એ પૈડાંમાં કોઈ અરછો તેલ પૂરનાર આવશે તો ગાડું ઝડપથી ચાલી આ નગરી સુંદર શેહેર થશે. એઓએ ઘરવેરો કરવાની કોશેશ કરી હતી, તે પાછળથી માંડી વાળવી પડી હતી. લોકોનો એમના તરફ અતિ ચાહ હોવાથી લોકે એમની અને એમના પત્નિની યાદગારીમાં લક્ષ્મણહોલ તથા સીતાબાઇ ટાવર પોતાને પૈસે બાંધ્યાં છે. વળી દુધ્યાં તળાવ ઉપર એક સરકારી બાગ પણ તેમણની યાદગારીમાં “ લક્ષ્મણ બાગ ” ને નામે યાદગાર છે.

લક્ષ્મણરાવ પછી શ્રીઅંબકરાય વૃજરાય ૧ લી વાર શુબા થઈ અત્રે આવ્યા હતા. (સંવત ૧૯૩૫ થી ૩૬). તે પછી ગણેશ શીતારામ શાસ્ત્રિ ૧ લી વાર શુબા થયા. (સંવત ૧૯૩૬ થી ૩૯ સુધી). એવણના વખતમાં આપકારી સીસ્ટમ થવાથી લોકોના અતિ અણગમામાં એઓ આવ્યા હતા. એઓના વખતમાં સ્ટેશન ઉપરની ધર્મશાળાનું નકકી થયું. તે પછી રામચંદ્ર ગોપાળ દેશમુખ ૧ લી વાર શુબા થયા. (સંવત ૧૯૩૯ થી ૪૧ સુધી.) એવણની કારકિર્દિમાં સંવત ૧૯૪૦ માં નામદાર શયાજીરાવ માહારાજની સ્વારી અત્રે આવી, અને લુનશીકુઇના મેદાનમાં રૈયત તરફથી આવકાર દેવા શુશોભિત મંડપ નાંખેલો હતો, ત્યાં માનપાન થઇ રહેવા બાદ આતશબાજી સળગતાં માંડવામાં આગ લાગી તે બળી ભસ્મ થયો હતો, અને ફરનીચર વીગેરેની ખરાબી થઇ હતી, જેની કિંમત દયાળુ મહારાજાએ પોતે બધાંઓને આપી હતી. તે પછી લલ્લુ કશનદાસ શુબા થયા. (સંવત ૧૯૪૧ માં દશ માસ.) ત્યાર પછી રાવજી વિઠ્ઠલ શુબા થયા. (સંવત ૧૯૪૨ માં દશ માસ.) અત્રેની સરકારી અમલદારોની “ નવસારી ક્લબ ” એઓએ સ્થાપિ હતી. તે પછી પીતાંબર જેઠા સંવત ૧૯૪૨ માં ૪ માસ રહ્યા. તે પછી સંવત ૧૯૪૩ માં પાંચ માસ સુધી અંતાજી ગંગાધર ૧ લી વાર થયા. તે બાદ પાછા ગણેશ શાસ્ત્રિ સંવત ૧૯૪૩–૪૪ માં બીજી વાર થયા. તે પછી સંવત ૧૯૪૪ માં પીતાંબર જેઠા પાછા થયા. તે પછી રામચંદ્ર વિઠોબા ધામણાસ્કર સંવત ૧૯૪૪ થી ૪૬ સુધી શુબા રહ્યા. તે

બાદ બળવંતરાવ સખારામ કિર્તને સંવત ૧૯૪૭ માં શુબા થઇ ગયા. પછી કેરશાસ્પજી રૂસ્તમજી દાદાચાંદજી સંવત ૧૯૪૭ થી ૪૮ સુધી થયા. નવસારીનાજ જન્મેલા, નવસારીનીજ રૈયત પૈકી, નવસારીમાંજ ઉછરેલા શિખેલા, નવસારીનીજ સ્કુલના શિક્ષક, અને પેહેલ વેહેલા પારશી એવા જો કોઇ પણ નોશાકરા અત્રે શુબા થયા હોય, તો તે એઓજ થયા છે. હાલનું નવું લુનશીકુઇ, તથા હાલના નવા બંગલાઓનો જે લત્તો નવા ફેરફારોથી માહાલી રહ્યો છે, તે એવણુની ફતેહમંદ કારકિર્દિનું પરિણામ છે. ઢેડવાડો ખસેડીને નવી બલિહારી લુનશીકુઇ ઉપર એવણુથી થઇ છે. કેટલાકોએ તો તેને "કેરસાસ્પ કલ્યાં" નું પણ નામ આપ્યું હતું. અતરેનો લક્ષ્મણ હોલ ઉઘાડવાનો સમારંભ એમને હાથે થયો હતો. અતરેની ફીશ મારકેટ એવણુના વખતમાં બંધાઇ હતી. સડકોને નવેસર બણાવી, લેવલમાં લાવવાનું કામ એવણે બજાવ્યાથી બજારની દુકાનોમાં વરસાદ દહાડા ભરાઈ જતાં પાણીનો અટકાવ થયો. બધા કરતાં રૈયતના લાભનું એવણુનું એક કામ યાદગાર રહી ગયું છે તે એકે, આ પ્રાંત પૈકી નવસારી-ગંદેવી-પલશાણા-કામરેજ-અને વેલાછા એ પાંચ તાલુકાઓની નવીન જમાબંદી-સેટલમેંટ જે સંવત ૧૯૪૯ થી શરૂ થઇ, તેનો રિપોર્ટ એમની સલાહથી થયો હતો, અને તેથી રૈયતને માથે દર વિંઘે વધારેમાં વધારે રૂા. ૨૫ નો દર હતો, તે રૂા. ૧૯ સુધી લાવી નાંખ્યો. અને કમીમાં કમા ૪ આના સુધી દર લાવી નાંખવામાં આવ્યો, તે એવણના પ્રતાપનું પરિણામ છે. એ શિવાય બીજાં ફીરકોલ ઘણાં કામો એવણુની શુબાગીરીમાં થયાં છે.

અંતાજી ગંગાધર અને તાબુતનોરસ્તો.

એવણુ બીજીવાર સુબા થઇ આવ્યા (સંવત ૧૯૪૮થી ૪૯). એઓએ અગાઉ પારશી અને મુશલમાનો વચ્ચે તાબુતના હીંગામમાં જામેલા ભારે ઝગડામાં ઘણી બાહાદુરી વાપરી શાંતિ કરી આપી હતી. નવસારીના તાબુતો પારશીવાડાઓમાં થઇને લઇ જતાં, આદરાંન અને આતશબેહરાંમ નજીક આવતાં હોવાથી ટંટો ઉભો ન થાય, તેને માટે સંભાળ રાખવા છતાં, શુનાના કળસવાલાં તાબુતના સુપી હાશમશાહ સાથે પારશીઓને વાંધો પડયા કરતો, અને કોર્ટ દરબારે તેમજ ખુદ વડોદરા હજુરમાં તે વીશે ફરિયાદ થયા બાદ સમાધાનીનો ઠરાવ થયો હતો.

સંવત ૧૯૧૭ માં ખંડેરાવ મહારાજે એજ રસ્તો કાયમ રાખ્યો હતો, પણ સર જમશેદજીને એક પરવાનો કરી આપ્યો હતો કે, આંદરાંનને કાંઇપણ નુકશાન થશે તેની જોખમદારી સરકારને શીર છે. વળી સંવત ૧૯૨૧–૨૨ માં શેઠ શેરાબજી જમશેદજી તરફથી, બાતલીવાલાનું નામ કાયમ રહે ત્યાં સુધી દરૂશાલ રૂ. ૨૦૦૦ સૈયદ સાદાતની દરઘામાં ચેરાગબતી માટે આપવા કરી, એ રસ્તો બદલવા માંગણી થઇ હતી. તે પણ ખંડેરાવ મહારાજે તેમ કરવાની ગાદીનશીન બાપુમીઆંને મના કરી હતી. ઇ. સ. ૧૮૮૧ માં એ રસ્તાની મારામારી પાછી સળગી, અને પછી એ દરઘાના મુતવલીઓમાં વાંધો ઉઠયો, જેથી એ દરઘા જપ્તિમાં રહી, અને આજસુધી સઘળી ઉપજ સરકારની દેખરેખ હેઠળ ભેગી થાય છે. એ દરઘાના માન ખાતર એ જપ્તિ હવે સરકાર બંધ કરે તો ખુશી થવા જોગ વાત થાય. એ દરઘાનું તાબુત બપોરે એક વાગેથી ઠંડુ થવા નીકળી સાંજે નદિમાં પડે ત્યાં સુધી, બાપુમીઆંની ધણીઆંણી "પાદશાહ બેગમ" એક પગે ઉભા રહેતાં, અને આજે તેજ પ્રમાણે હાશમશાહના ઓરત ફાતમાબેગમ કરતાં કહેવાય છે. એ દરઘામાં જે અગ્નિ છે તે ૮૨૮ વરસ થયાં વગર બુજાવે બળતો જારી રહ્યો છે. આતશને એ દરઘામાં ઘણું માન આપવામાં આવે છે, તેની પરસ્તેશ વ્ટીક થાય છે, અને મોહરમના ૧૦ દહાડા એ આતશની શેવા કરી તાબુતમાં એજ આતશનું કુંડ આગળ ચલાવે છે. મોહરમની ૯ મી તારીખે એ આતશથી લોકોને નહવડાવામાં આવે છે, અને એ એટલો બળવંત કહેવાય છે, કે કોઇપણ તેથી દાઝતું નથી. એમના પછી ત્રીંબકરાય વ્રજરાય બીજીવાર શુબા થઇ આવ્યા. (સંવત ૧૯૪૯ થી ૫૦) નવસારીમાં ઢોરોની વસતીના પ્રમાણમાં ચરવાની જમીન નોહતી, તે મુગાં જાનવરોની દયા ખાઇ એવણે ગૌચરણ જગાઓ હરાજ કરાવાની બંધ કરાવી, અને ઢોરો માટે ખુલ્લી મુંકાવી. પુર્ણા નદિ ઉપર તવડીને હોવારે બંદરનો ડંકો નવીન બાંધી ત્યાંની સડક વગેરેનું કામ એઓના વખતમાં થયું. તાતા સ્કુલના મકાન માટે જમીન મળવા જે ભાંજગડ ચાલી હતી, તે કામ એવણના નધાકી પગલાંથી એકદમ છેવટ ઉપર આવી ગયું હતું. કોલેરાની ઉત્પત્તિનું કારણ શેહેરમાં કાંટાની વાડો આવેલી હોવાનું જણાવી એઓએ તે વાડો કઢાવા માંડી હતી. જેથી શેહેરમાં બડબડાટ ચાલ્યો હતો. વાડ કાઢવાનું કામ મી. દી. દા. મુલ્લાં વકીલને હસ્તક આપતાં

તેની છાપાઝાંપી "એડવોકેટ ઓફ ઇન્ડીયા" નામના અંગ્રેજી પેપરમાં આવ્યાથી અતરેની હાઇસ્કુલમા આસીસ્ટંટ માસ્તર મી. હીરજીભાઈ દીનશા એનજીન્યર ઉપર, મી. મુલ્લાંએ લાઇબલનો મુકદ્દમો ચલાવ્યો હતો, જે કેટલોક વખત ચાલવા બાદ મી. મુલ્લાંએ પાછો ખેંચી લીધો હતો. એમના પછી **વાસુદેવ માધવ સમર્થ** શુબાગીરી ઉપર આવ્યા (સંવત ૧૯૫૦—૫૧). બાહાર ગામથી આવતા મુસાફરોના સરસામાન ઉપર મ્યુનિશિપલ જકાત લેવાની સખતાઇ વિશેષ ચાલતી હતી, તેનો એવણે અટકાવ કરી પરશનલ કીત ઉપર જકાત લેવાનું બંધ કરાવ્યું. જેથી મુસાફરોને સુખ થયું છે. અતરેના સીતાબાઇ ટાવર ઉપર મોટું વાગતું ઘંડીયાલ મુંકવાનું કામ એવણની આગેવાંનીથી થયું હતું. તેના કરતાં વિશેષ દ્રઢતા, એઓએ એકવાર અજબ જેવી રીતે બતાવી હતી. બીજા શુબાઓની માફક પ્રજાને નામે માનપાનનો મેળાવડો, એવણને માટે કરવામાં આવ્યો હતો; જેના ઇજન વટીક થયાં હતાં; પણ એવણની જાંણમાં આવતાં એઓએ તે પાનશોપારી લેવાની સાફ ના પાડી, દાખલો બેસાડવા માંડવાનું નિશ્ચયપણું દ્રઢતાથી બતાવી આપ્યું હતું. એમના પછી **વિનાયકરાવ યાદવ વાણીકર** શુબા થયા હતા. (સંવત ૧૯૫૧—૫૨). આપકારી ખાતાં તરફથી રૈયતને કાંઇ પણ દગો ન થાય તે ઉપર એઓએ અચ્છું લક્ષ આપ્યું હતું. સોજી અને સ્વચ્છ તથા ઠરાવેલા ભાવે તાડી વેચવાની, દુકાનદારોને સખત ફરજ પાડી, લોકોના આશિષ લીધા હતા. વળી નદિમાં હોડી ઉતારના દર મુકરર કરી, લાઇશન્સથી હોડી ફેરવવાનું કંટ્રાક્ત આપવાની તજવીજ કરી રૈયતને સુખ કર્યું. દારના ઇજારદારનેજ તાડીનો ઇજારો ન આપતાં, તાડીના છુટા ઇજારા બીજાજ લોકોને આપવાની સીસ્ટમ, તથા માંડવામાં તાડી વેચવાના સુખની રૂઢી એવણે દાખલ કરાવી હતી. એઓ પછી **ખાસેરાવ ભગવંતરાવ જાદવ** ઇ. સ. ૧૮૯૬ માં શુબા નિમાયા. લક્ષ્મણ જગન્નાથે ભવિષ્ય વર્તેલું તેજ પ્રમાણે નવસારી શેહેરના સુધારાનાં ગાડાંનાં પૈડાંને તેલ પુરનાર, તથા તેઓના રોપેલાં શુદ્ધ બીજને પાણી પાનાર શુબા, અતરેની રૈયતને એઓજ જણાઇ આવ્યા. એમના વખતમાં નવીન સડકો ૩૭ થી ૪૦ સુધી નીકળી છે. તેમાં સુરતના વેશારની મોટી સડક ૧૦૦ વરસ ઉપરની બેમાલુમ થયલી, તે પાછી નવેસર બનાવી છે. માહાભારત કામતો અતરેનું કોરવે જેવું બજાર ફરાખ બનાવાની એવણની ચાલુ ખંતનું હતું. નામદાર માહારાજા શ્રી-

પાજીરાવને માટે કેહવામાં આવે છે કે, બજારમાંની એક દુકાંનના છજા ઉપર, પોતાની ઘોડેસ્વારી દરમ્યાન, લાકડી ઠોકીને, બજાર સુધારવા બદલ ઈશારો કર્યો હતો. વરસો વહી ગયાં, અને શુબાઓ પર શુબાઓ બદલાઈ ગયા, પણ લોકોની બદનાંમી લેવા કોણને ગમે ? પણ આ શુબા સાહેબને તો રાંજા પ્રજા બન્નેનું નિષપ્રહિપણે કામ કરવાનું હોવાથી, કાંઇ પણ દરકાર વિના બજારની દુકાંનોની જગાનું કોમ્પેનસેશન આપી, સાંકડો ભાગ પોહળો કરાવ્યો. વળી આ કામમાં કુદરત પણ તેમના ઉપર પ્રસન્ન થવાથી, સાંકડા ભાગમાં દૈવયોગે આગ લાગી, અને વરસો પછી થનારો સુધારો થોડીક પળમાં થઇ ગયો. યાને જાદવ શુબાંના નામને છાજતું " જાદે બજાર " અથવા ખાસું પોહોળું ચોહોળું ખાસેરાવના નામને છાજતું " ખાસા બજાર " થઈ ગયું. અને પ્રથમ તો લોકોમાં બડબડાત અને ફરિયાદ ઉભી થઈ, પણ પાછળથી બજારનો બાહાર જોઈ સર્વને આનંદ વ્યાપિ રહ્યો છે. નવી દુકાનોની ચેહેલ મેહેલ માહાલી રહી છે. વળી " દશેરા ટેકડી " ને નામે ઓળખાતીજ જગાએ કંઈ કંઈ દાહેકાઓથી દશેરાની સ્વારીનો મેળો ભરાતો હતો તે તરફ, એઓનીજ કારકિર્દીમાં નવીન પોલીશ લાઇન બંધાઇ ગયાથી, તે મેળાની જગા બદલીને લુનશીકુઇના મેદાંનમાં મેળો ભરવાનું શરૂ કર્યું, તેમજ ગણપતિને ઠંડા કરવા છેક પૂર્ણા નદિ સુધી લઇ જવાનો કદિમચાલ તજાવી દઇ, અત્રેના દુધ્યાં તળાવમાં ઠંડા કરવાનો સુધારો દાખલ કર્યો. લક્ષ્મણહોલમાં સૈયાજીવૈભવ લાઈબ્રેરી સ્થાપિ. ઇ. સ. ૧૮૯૭માં દુકાળ પડયો ત્યારે સસતો અનાજ ગરીબોને પુરો પાડવાની યોજના ઘડી કાઢી. એઓની મેહેનતથી ફંડ ભેગું થઈ ગરીબોને આશ્રો મળ્યો હતો. એટલુંજ નહીં, પણ બજારમાં આગ લાગવાથી જે નુકશાંન થયું હતું, તે માટે પણ પોતે ગીરોથી ફંડ ઉભું કર્યું હતું. એ ઉપરાંત જાહેર બાગો બનાવવાની યોજના, મીઠાં પાંણીના નળ નવસારીમાં દાખલ કરવા, તથા જે ઘરોમાં સંડાસ લેવા જવા આવવાની ભંગીની પાસીજો નહીં હતી તે તેમને કાઢી આપવા, તળાવ ઉંડું કરવા, મોજે કરબાની નદિ ઉપર પુલ નાંખવા, વગેરે સુધારાઓ કરવાની યોજના શરૂ છે. હાટડી બજારમાં એક મોટી મારકેટ બાંધવાનું કામ ચાલે છે. અને જો એઓ સાહેબના વખતમાં નવસારીમાં બંદર બાંધવાની હીલચાલ થાય તો પાર પડે એવું છે. વળી કાહારવાડ નજીક એક નવી મટન માર્કેટ બંધાવાનું નક્કી કર્યું છે. અને સ્ટેશન ઉપરથી

મુનશીકુઈ સુધી નવો "ગુલાબદાશ ભાઈદાશ વકીલ રોડ" બંધાવાની તજવીજ ચાલી રહી છે. વળી આગ બુજાવવાના સાધન લેખે મોહલ્લાઓમાં પાંણીની ટાંકીઓ બાંધવાની ગોઠવણ થઈ છે. આગલા વખતમાં ઘરવેરો અત્રેની રૈયત ઉપર હોવાથી, લોકો બહુ પીડાતાં રહેવાથી, તેઓને શ્રીમંતોએ પોતા તરફથી ખંડણી ભરી મુક્ત કરેલાં, તે ઘરવેરો નહીં, તોપણ જાજરૂવેરો નાંખવા માટે દર સંડાસ દીઠ ૩ રૂપૈયાની વાર્ષિક ફી લેવાની ગોઠવણ કરી છે, જે જો કાઢી નાંખવામાં આવે, અથવા જરા નરમ કરવામાં આવશે, તો એ સુબા સાહેબની કારકિર્દિ જેવી ઝળકતી બીજી જણાવાની નથી. કેમકે ઇ. સ. ૧૮૯૬—૯૭ના અપસુગન ભર્યાં વર્ષમાં આખા ઈલાકાના મોટાં નાહનાં શેહેરો, કહોકે આખું હિંદ, મરકીની મોહકાંણની મુશકેલીમાં ગીરફતાર થઈ પડી, હેબતાને હેબકી ગયું હતું, તે ભયાનક વખતમાં, અલબત્ત ફરિમેકારસાજની કારસાજીથીજ, તોપણ પ્રયત્નમાંતો આ સુબા સાહેબની સાહસિક જેહમત અને પોતાનો ભોગ આપવાની હેરતભરી હિંમતથી, આ એક નવસારી શેહેરજ એ દુષ્ટ મરકીથી બચી ગયું હતું. વળી મ્યુનિશિપાલિટિ પૈકી સુઘરાઇનો બંદોબસ્ત કંટ્રાકટથી આપવાની પદ્ધતિની પેહેલ એઓએ પાડી, અને અત્રેનાજ વત્ની મી. મંચેરજી ફકીરજી નરસંગને પેહેલવેહેલા સુધરાઇ કંટ્રાક્ટર બનાવ્યા, અને તેમનેજ હલાલખોરપટીનો ઇજારો એવી શરતે આપ્યો છે કે; શેહેરના બધાં મળી નીકાલી જાજરૂ ૯૮૯ તથા કાચા ખાડાઓ ૨૪૮ તથા સાર્વજનીક જાજરૂ ૮૫ મળી કુલે ૧૩૨૨ જાજરૂ સાફ કરવા ૩૬ ભંગી, દરેકને રૂ. ૮ પ્રમાણે રૂ. ૨૮૮ તથા ગાડાં ૪ ના બળદ ૪ના રૂ. ૧૫ પ્રમાણે રૂ. ૬૦ મળી ૩૪૮ રૂ. દરમાસે કંટ્રાક્ટરને આપવા, અને દર ભંગી પાસે ૪૦ જાજરૂ લેખે સહવારે ૫ થી ૯ કલાકમાં તમામ સફાઇ કરાવવી. મેલું નાંખવા સારૂ પુર્ણા નદિ આગળ ખાડાઓ કર્યા છે. જેનો ડીપો હાલની જગાએથી એક મૈલ દુર લઇ જવામાં આવનાર છે. એ ઉપરથી જણાશે કે એ ભંગી સીસ્ટમમાં સરકારને ઉત્પન્ન કરતાં ખરચ વિશેષ છે. એ પ્રમાણે આજની ખાસેરાવકૃત નવસારી મોખરે આવીછે. એમાના આ કામોની યાદગારીમાં એઓના નામ ઉપરથી "શ્રી ખાસેરાવ જાદવ કોટન પ્રેસ એન્ડ કોટન ટ્રેડીંગ નીયમીત કુંપની" સ્થપાઇ છે. ખાસેરાવજી મારા ઉપરી હોવાથી તેઓની ખોટી ખુશામત કે વકીલી તારીફ કરવાના ઇરાદાથી નહીં, પણ ગાયકવાડી રૈયત ઉપર કર નાંખવાની

સંભાળ બદલ દીવાન વતી માધવરાવ રામચંદ્ર ફડનીશનાં શરક્યુલર નાં. ૧૪ વૈશાખ વદ ૫ સંવત ૧૯૩૧ તા. ૨૫ મે ૧૮૭૫ ને અનુસરીનેજ હજુર પરવાનગીથી હલાલખોરપટી શરૂ કરવાથી પણ ગાયકવાડના આ પ્રતિનિધિ પ્રજાથી પુંજાવા લાયકજ છે. મુંબઈની મસ્કીને નામરકી બનાવનાર જેનરલ ગેટેકરંસ જેવું એઓનું પરાક્રમ હતું, તેમજ હોપ સાહેબે સુરતની બદ સુરત દુર કરી સુરત બનાવી, તેમજ જુની નવસારીને પાછી એઓએ નવી નવસારી બનાવી. હાલ સુધીના એ પરાક્રમો પાછળથી તો પુંજાવાના છેજ. ઈ. સ. ૧૮૭૫–૭૬ ના વડોદરા સ્ટેટ રીપોર્ટમાં રાજા સર. ટી. માધવરાવે નવસારીમાં સુધારાના કામો કરવાની ફતેહમંદી માટે ભવિષ્ય કહેલું છે કેઃ—— "As the town of Navsari contains a considerable Parsee population, I have no doubt that some assistance under appropriate conditions will be fruitful of good." એઓ સાહેબ નળના પાણીની યોજનાની સુપેહેલ દાખલ કરવાના છે, તે વખતે એટલીજ અરજ થઈ શકશે, કે તે પાણી જમીનમાં પેશી નવસારીની હવાને ભેજ અને ભીનાશવાળી નહીં બનાવે, તેની આગમચથી સંભાળ રાખી, તે પાણીનો નીકાલ થાય એવી ગોઠવણ કરશેજ. હવે તો બીજા લક્ષ્મણરાવ અથવા બીજાં ખાસેરાવ આ પણુને મળશે ત્યારેજ વધુ ચઢતીની આશા રાખવાની રહીછે. વળી હાલના લોકપ્રિય અને લાયકીવાળા સુધરાઇ કામદાર મે. ખાં. બા. કાઝી આબદુલ રહીમાન પ. ના. શુબાસાહેબનો ખાસેરાવજીને મજબુત ટેકો અને યોગ્ય સલાહનો જોગ મળી જવાથી, શેહેર સુધરાઇનો વધારો વીજળી વેગે થઇ ગયો છે. કેટલાક લોકોએ પ્રારંભમાં બડબડાટ કર્યો ખરો, પણુ એજ સુધારાઓને હવે લોકો વખાણે છે. એલીયો દવા લેખે કડવો લાગે છે, પણુ તેના ગુણની અસરનું ફળ મીઠુંજ હોય છે. આ શુબા લોક પ્રિયતાની દરકાર વગર પોતાના મુદ્રાલેખને વળગી રહ્યા કે "પ્રત્યેક મનુષ્યે હુકમ ઉઠાવતાં શિખવું જોઇએ."

નવસારીનો બાહાર.

"NAVSARI CUSBA—The produce of this Cusbah is batty, juary, sugarcanes, plantanes, mangoe, pineapples &c It is well cultivated and many inhabitants in it, which are chiefly the cast of Parsees. There are manufacturers and dyers of coarse and fine cloth in this Cusbah. Some part of the Honourable Company investment is made here, chiefly doolies for chintz. A considerable trade is carried on here at a Bunder in timber, grain, jagaree, cloth, fruits, &c, but most of the principal houses being burnt in the late wars which have occasioned the inhabitants to leave this place, tho' it is still tolerably well peopled. The revenue of this Cusbah is Rupees 13200-3-66 exclusive of the Customs, which is as much as the Marrattas collected."

મુંબઇ સેક્રેટરીએતના સીલેકશન વાલમ ૧ લા માં જ્યોર્જ. દખલ્યુ. ફોરેસ્તે ઇ. સ. ૧૭૮૧ ની નવસારીની સ્થિતિનો ટુંકમાં બાહાર આપ્યોછે. તે વેળાનો બાહાર શું, અને આજનો આ શેહેરનો બાહાર શું ! આજનો બાહાર જુદિ જુદિ પ્રકારનો છે.

જ્ઞાનપ્રસારક મંડળી. જ્ઞાનનો વધુ ફેલાવો કરવા આ મંડળી સ્થાપિછે. બ્રીટીશમાં પણ નવસારીના જેટલી કેળવણી અપાતી નથી. કીન્દરગાર્ડનનું શિક્ષણ નવસારી જેવું બ્રીટીશમાંએ નથી. સરકારી સ્કુલોના છેલ્લા મેળાવડામાં નવસારીમાં આખું હિંદુસ્થાન બનાવામાં આવ્યું હતું, જેની જાબજા તારીફ થઇ હતી. નવસારીમાં આ મંડળી તા. ૨૨ એપ્રેલ ૧૮૯૧ ના રોજ સ્થાપવામાં આવેલી છે. તેમાં જ્ઞાનને લગતાં વરસ દહાડે સરાસરી ૧૦ ભાષણ સુધી અપાય છે. ગાયકવાડ સરકારના મોટા દરજાના અધિકારીઓ વિગેરે મળી ૧૨૫ ઉપર મેમબરો

સામેલ છે. તેનું ફંડ રૂા. ૧૨૧૭-૬-૨ નું છે. અને સેક્રેટરીઓ તરીકે મેસર્સ શી૦ મ૦ દેશાઇ અને ર૦ જ૦ દેશાઇ કામ કરે છે. એ મંડળીની નેમ નવસારીમાં જ્ઞાનનો ફેલાવો કરવાની છે. નવસારીમાં એકાદ પ્રજાહિતવર્ધક સભાની ખુટ છે. તે પૂરી પાડવાની જરૂર છે. પ્રજાને લગતાં કામો કરવાને કાયદેસર એક મંડળી નથી. તો જોકે આગળ વધવાની નોશાકરાઓની ટેવ પ્રમાણે પ્રજાહિતના કામો માટે મદ્રાસની નેશનલ કોનગ્રેસમાં વકીલ દેશાઇ મંચેરજી બરજોરજી અને વકીલ દીનશા દાદાભાઇ ને એકવાર અત્રેની પ્રજાએ મોકલ્યા હતા. ત્યારે એવાં કામો માટે એવી એક સભાની જરૂર છે. શેઠ દાદાભાઈ નવરોજીને નવસારીની પ્રજા તરફથી આપેલાં માનપત્ર ઉપરાંત, આ મંડળીએ દબદબા સાથે એક માનપત્ર આપ્યું હતું. એ મંડળીના પેટ્રન સર. દી. મા. પીટીટ છે. રૂા. ૫૦ લાઇફ મેમબરના, અને વાર્ષિક ફીનો તો માત્ર ૧ રૂપ્યો છે.

જ્ઞાનોદય સભા. નવસારીના એક દેવળના ચોગાંનમાં એક દિવસે "ડાહીના ઘોડા" ની રમત કેટલાક છોકરાઓ રમતા હતા. તેમાંથી એકે કહ્યું કે, આપણે આમ રમ્યે છીયે તે કરતાં બધા એક જગ્યાએ સાથે બેશી કાંઈ જ્ઞાનની બાબદો ઉપર વાદવિવાદ કર્યે તો કેવું સારૂં? આ શીખામણ બધાઓને પસંદ પડી, અને તા. ૨૦ અકટોબર ૧૮૯૫ ના રોજે માત્ર ૧૫ વરસની વયના એક નોશાકરા હિંદુ, મી. રંગીલદાસ. લ. સુતર્યાએ જ્ઞાનોદય સભા અને લાયબ્રેરી કાઢી! ત્યાં નાના ભુલકાં—ભાષણ—કર્તાઓ દર અથવાડયે નીતિના વિષયો ઉપર ભાષણો કરી ભવિષ્યના વક્તા નિવડવાના સુલક્ષણો બતાવા લાગ્યા છે. એ સભા અને લાયબ્રેરીમાં જુદિ જુદિ બધી સ્કુલોના મળી ૬૦ વિદ્યાર્થિઓ સામેલ થઇ, વિદ્યાર્થિઓના જ્ઞાનમાં વધારો કરવાની, તથા સઘળાં સંપસહ સ્નેહભાવથી રેહેવાની નેમ પાર પાડે છે. એમ છતાં એ મંડળીમાંથી એક બીજી શાખા "જ્ઞાનોદય સભા ના. ૧" એવી જુદી નીકળી છે. જે પાછી જોડાઇ એકત્ર થાય એવું આપણે ઇચ્છશું.

બઝમે રોજે અહુરમજદ. યાનેકે હોરમજદ રોજે મળનારી મંડળી. પરસ્પર ભાઇબંધી, મોહોબત અને એખલાસ, તથા બાપીકા ધર્મ તરફ જાનફેશાન રેહેવાના એક અમુલ્ય સાધન તરીકે આ બઝમ દસ્તુરજી સાહેબ જામાસ્પજી મી-

નોશેરવંજી જામાસ્પ આસાના પેટ્રોનેજ હેઠળ સ્થાપવાની નેમ જણાવવામાં આવે છે. તેમાં લગભગ ૧૨૫ ઉપર મેમબરો છે. રૂ. ૫૧ લઇને ત્યાં લાઇફ મેંમબરો કરવામાં આવે છે. એરવદ ખુ. એ. પાવડી તેના મુનશીનું કામ કરે છે. દશતુર મોબેદો, મુશલમાનોએ પોતાના કોરાનનો ફાટયો પછી પોતાનું બીસ્મીલ્લાનું સતુમ ભણી જમે કરેલું ગોસ્પંદ કે મરઘું ખાવાને આંચકો કરતા નથી, અને તોપણ ભગર્યા અને મીનોચેર હોમજીવાલા એક બીજાનું સતુમ ભણેલું ભોજન જમવામાં પાપ સમજે છે, વટાળ સમજેછે, તે દુષ્ટ રસમ કાઢી નાંખવા, તથા અંજુમનના જાહેર ફંડોની સંભાળ રાખવા, તથા અંજુમનના ક્રિયા કામો વિગેરે બીજાં કામો ઉપર દેખરેખ રાખવાનું કામ એ બઝમ બજાવશે એવી આશા રખાયછે. એ બઝમની સ્થાપના યજદેજરદી ૧૨૬૬ માં થઇછે. અને ફંડ આશરે રૂ. ૩૫૦૦ સુધીનું છે.

નવસારીની કલબો. નવસારીમાં નહાની નહાની કલબોતો ઘણી છે, તોપણ નવસારીના અમલદારો વીગેરે વાટેની " નવસારી કલબ," તથા નવસારીના બીજા ગ્રહસ્થોએ કાઢેલી " ફ્રેન્ડલી યુન્યન કલબ " તથા બીજી " નવસારી ઝોરાસ્ત્રીઅન કલબ " મુખ્ય છે. ખરશેદજી દેશાઇ તથા મેહેરજી રાંણાના ભેગાં નામની " ખોરશેદ મેહેર કલબ " પણ જાંણીતી છે.

મેળા અને સ્વારીઓ. નવસારીમાં મુખ્ય મેળા, દશેરાનો, તાબુતનો, મગદુમશાહ પીરના ઓરસનો–શોનાના કળશના ઓરસનો–ગણપતિનો–દીવાળીનો, અને બકરીઇદનો મળી ૭ મુખ્ય છે. દીવાળી શીવાય હરેક મેળામાં સરકારી સ્વારી ઠાઠમાઠથી નીકળે છે. ને દશેરાની ૨ દહાડા અગાઉ આઠમની સ્વારી નીકળે છે. બળેવની સ્વારી નીકળતી હતી, તેનો ખર્ચ કમી કીધાથી તે સ્વારી બંધ પડીછે. તે સ્વારીમાં સરકારને રૂ. ૨ સુધીનો ખર્ચ હતો. હાલ વળી ૨ વર્ષ થયાં પુના અને મુંબઈની માફક ગણપતિનો મેળો હિંદુઓ જુદો કાઢે છે; પણ ભવિષ્ય માટે તેના સુચિન્હ જણાતાં નથી. કેમકે અત્રેના હિંદુ મુસલમાનો અતિ ભાઇચારાથી વર્તે છે, તેમાં એ નવા મેળાથી, તેમજ લુનશાકુઇ આગળ બરાબર મગદુમશાહ પીર અને શોનાના કળશની નજીક સામે પધરાવેલાં વકીલ ગુલાબદાસભાઇના દેવળથી કોઇ દિવસ અંતર પડવાનો સંભવ છે. એકના શંખ ફુંકાઇ નગારૂં વાગશે, અને બીજાની બાંગ પોકારતાં અડચણ પડવાનો કોઇદિ સંભવ છે. ચંદણી પડવાના

અને કનકવા ચકાવાના મેળા હાલ નવા થાય છે.

શિક્ષકસમાજ—સુધરેલી ઢબનું જેવી કાંઇ દુન્યાંમાં થાય, તે બધું કરવાનું નહીં બને તોપણ, તેની નકલ કરવાનેતો નવસારી કદિ પે- છાત પડી નથી, કે પડતી નથી. તેના બેજ દાખલા આપણે રજુ કર્યે. ટ્રેનીંગ કોલેજ જેવું કંઈ નથી, ત્યારે આખા પ્રાંતના સ્કુલોના લગભગ ૧૩૦ શિક્ષકો ભેગા મળી, શિક્ષણ કેમ આપવું તે વિષે વાદવિવાદ ક- રવા, તથા બીજાં ભાષણો કરવા સારૂ ઈ. સ. ૧૮૯૫ થી "શિક્ષક સમાજ" નામની સભા નીકળી છે. જેની ૧લી બેઠક ઇ. સ. ૧૮૯૫ માં અત્રે થઇ હતી; અને ૨ જો મેળાવડો ૬૮૮ ગામના જે શિક્ષકો હોય તેઓનો ગંજાવર મેળાવડો, ઈ. સ. ૧૮૯૭ માં અત્રે થયો હતો. અને બીજી સભાઓ ભેગી એ સભા પણ ચાલે છે. નકલનો બીજો દાખલો આ કમતરીનનોજ યજ્દે. ૧૨૬૦ ના "ઝોરાસ્ત્રીઅન કેલેંદર" ઉપરથી ઉતારી લઉંછું:——

જીના અક્ષરનો કાર્ડ. એક અમેરીકન કારિગરે અમેરીકાના પોસ્ટ કારદ (જે અહીંઆનાં પોસ્ટકારદ કરતાં દોહરો છે.) ઉપર ૨૫૦૦૦ શબ્દ લખેલાની બીના વાંચી સરસાઇ કરવાના ઇરાદાથી નવશારીના રેહેનાર દેશાઇ શેરાબજી મંચેરજીએ હિંદુસ્થાનના છ પોસ્ટકારદો લઈ એકેકથી ચઢતાં લખાંણો કરયાં હતાં. પેહેલા કારદમાં ૫૦૦૦ શબ્દો, બીજામાં ૧૧૦૦૦, ત્રીજામાં ૨૩૦૦૦, ચોથામાં ૨૭૫૦૦, પાંચમામાં ૨૭૫૦૦, અને છઠો કારદ કે જે લંડનના બ્રીટીશ મ્યુઝયમમાં મુકવામાં આવ્યો છે, તેમાં સુમારે ૪૭૦૦૦ શબ્દ, અને ૧૨૫૦૦૦ હરફ સમાયલા છે. અને એ છેલા કારદમાં ગાયકવાડ સરકાર સામનો બ્રીટીશ સરકારનો સંબંધ, તથા બ્રીટીશ અને ગાયકવાડ સરકાર સાથે નવશારીના દેશાઇનો સંબંધ એ બેજ બાબત છે. પેહેલા બે કારદ મુંબઈના વીકટોર્યા મ્યુઝયમમાં મુંકેલા છે, જે વીશે મી૦ રીન દીક્ષનની શહીથી પેહેલા વરગની સરટીફીકેટ મળી છે. પાંચમો કારદ ગાયકવાડ-મહારાજ શયાજીરાવને નજર કરવામાં આવ્યોછે. એ પાંચમો કારદ ઈ. સ. ૧૮૮૯ના પારીશના પ્રૌઢ પ્રદરશનમાં મુકવામાં આવ્યો હતો જે માટે ત્યાંની કમીટી તરફથી ઘણી સરસ સરટીફીકેટ સાથે દેશાઇ મજકુર ઉપર પાછો પોંહોંચાડવામાં આવ્યો છે. તેમાં છેલા શબ્દો એવા છે કે "કારિગીરીમાં હિંદુસ્થાનના લોકો પણ પછાત નહીં પડ્યાનો દાવો કરવાનો હક ધરાવે તો તેનો આ

એક અચ્છો પુરાવો છે. " સઘલા કારદો ચારથી પાંચ કલાકમાં કોઈ પણ ઓજારની મદદ વિના લખેલા છે. પારીશવાલો કારદ અરધો તો રાત્રે લખાયલો હતો. તેમાં ૬૫ બાબદ, ૮૦૦૦૦ હરફ અને ૨૧૯ લીટીછે. [મહારાજાને એ કાર્ડ નજર ન થતાં, મેહેરજીરાંણા લાઈબ્રેરીમાં મુંકયો છે.]

શોનાના ચાંદો મેળવનારાં નોશારીના કારખાંનાંઓ.

નવસારીવાળા મી. કુંવરજી કાવશજી મીઆઇવાળાએ કલકત્તા, પુના, એડીનબરો, (સ્કોટલંડમાં), તથા વેલાત મધે રૈયલ મીલીટરી એકઝીબીશનમાં પોતાની ઉમદા બનાવતનાં શરબતો તથા અજાયબ તરાંહના મુરબ્બાઓ વગેરે માલ મોકલ્યો હતો. તે સઘળાં પ્રદરશનોમાંથી તેવણને શુનાના, રૂપાંના, તથા બ્રોન્ઝના ચાંદો મળ્યા છે, તથા પેહેલા વર્ગની શરટીફીકેટ મળી છે. તેમજ યુરોપના સરજન મેજરોએ ઇ. સ. ૧૮૯૦ માં સરટીફીકેટો આપી છે. નામદાર ગાયકવાડ મહારાજે પણ પોતાના આછરીશ ડાકટર મી. એસ્તુ પાસે એ બધી નોશાકરી ઉમદા વસ્તુઓની તપાસ કરાવી ઉત્તમ શરટીફીકેટ આપી છે. આ કારખાનાનો માલ દેશ પ્રદેશ નવશારીથી જાય છે અને વખણાય છે.

બાંનાનું પ્રસિદ્ધ કારખાંનું— નામદાર માહારાજા શયાજીરાવની ખાસ પેટ્રનેજ હેઠળ આર. એચ. બાનાની કુંપનીનું બહુ પ્રખ્યાત કારખાંનું નવસારીમાં ચાલે છે. અહિં જાત જાતના સુગંધીદાર પદાર્થો, સુંદર કોલનવૉટર, લવંડરવૉટર, બાલને ચોપડવાના ખુશબો તેલો, ઉંચી જાતના શરકા, ઈન્ડયન સૉસ, તુથ પાઉડર, વગેરે વગેરે અત્તરો, તેલો, તથા ઉંચી જાતના તરેહવાર સાબુઓ બનાવામાં આવે છે. વળી " બાના બોકે, " તથા " નવસારી નોવેલ્ટી પરફ્યુમ, " ની ખાસ બનાવતો એ કારખાંનાના ફળ છે. અને હિંદુસ્થાન-યુનાઇટેડ કીંગ્દમ- અને અમેરીકાના યુનાઇટેડસ્ટેટ્સના, ઉપલી જાતની શોધોના એકલા માલેક એ કુંપની છે. નામદાર માહારાજા સાહેબે આ બધી બનાવત એ કારખાંનામાંજ થાય છે કે કેમ તેની જાતે તપાસ પોતાના મેહેલમાં કરાવી, મી. રૂ. હો. બાનાને રૂા. ૨૦૦નું ઈનામ આપી પેટ્રનેજ આપી હતી. વળી રાજા સર. ટી. માધવરાવે એ કારખાના માટે, સરકારી

જમા, વગર હરાજીએ એ કુંપનીને ઉત્તેજન આપવા આપી છે. ૧૮૮૩-૮૪ ના કલકત્તા ઇન્ટરનેશનલ એકઝીબીશનમાં શોનાનો એક ચાંદ, તથા બીજા ૨ ઇનામી ચાંદો મળ્યા છે. ૧૮૮૧ માં વડોદરાના પ્રદર્શનમાંથી ૨ રૂપાંના ચાંદો તથા ઈનામ મળ્યું છે. ૧૮૭૭માં રાજકોટના સંગ્રહસ્થાનમાં એક રૂપાંના ચાંદ સાથે ઇનામ મળ્યું હતું. ૧૮૮૬માં લંડનના કોલોન્યલ અને ઇન્ડઅન એકઝીબીશનમાં ૧ ચાંદ મળ્યો છે. ૧૮૮૮માં પુના પ્રદર્શનમાં ૧ રૂપાંનો મેડલ મળ્યો છે. અને નવસારીની સર્વથી શ્રેષ્ટ સુગંધીદાર ખુશબો માટે ૧૮૮૫માં એન્ટવર્પના ઇન્ટર નેશનલ એકઝીબીશનમાં બહુ માન સનદ પત્ર (Diploma of Honor) મળી છે. આ કારખાનું પણ નવસારીને દેશ પ્રદેશ પ્રસિદ્ધિ આપવાને સાધનભુત થઇ પડયું છે.

એ શિવાય હાલ ગોવન મોરાર મિસ્ત્રીની કુંપની, તથા બીજી સંગાડયા લોકોની તથા પારશી કરાઇઓની કુંપનીના કારખાંનાઓમાં સસતો અને સંગીન ફરનીચર સામાન વગેરે સુધરેલી ઢપ ઉપર બનાવામાં આવેછે. વળી એક સંગારીયાને ત્યાંતો હારમોન્યમ બનાવા લગીની હદ થઇ છે.

પરચુરણ કારખાંનાઓ અને હુન્નરો. ખુદ ગાયકવાડી હદમાંજ ગણ્યે તો રૂના જીન ૪ છે. મરોલી ૧-વેસ્મા ૨-અને નવસારી ૧. પરંતુ નવસારી પ્રાંતને લગતાં, કપાશમાંથી રૂ છુટો પાડવાના " જીન " નામનાં કારખાંના ૨૩ છે. નવસારી રેલ્વે સ્ટેશન આગળ ૪ જીનો પૈકી હાલ ૩ ચાલુ સ્થિતિમાં છે. મેસર્સ ઘટી, હેપતુલ્લા શેખ આદમ, તાતાના જીનો તથા આમદભાઇ હબીબભાઇનો રૂ દાબવાનો પ્રેસ છે. રાંણી સાહેબ માહાલસાબાઈનુ જીન હાલ બંધ છે. તેલ પીલવાનું જીન પણ સ્થપાયલું છે. સાંચામાં આંટો દળવાનું કારખાંનું મી. જાંગીરજી બરજોરજી દેશાઇએ કાઢેલું છે. હાલના શુબા રા. બા. ખાસેરાવજીના નામ ઉપરથી " ધી ખાસેરાવ જાદવ કોટન પ્રેસ એન્ડ કોટન ટ્રેડીંગ નીયમીત કુંપની " ૨૦૦૦૦ રૂપીયાના ભંડોળ સહ એક કુંપની સ્થપાઈ છે. વળી તાતા બાગમાં તથા નવસારીની આસપાસ ઘણી જગાઓમાં ઇજીપશીઅન કૉટન ઉગાડવામાં આવ્યો છે. અને એ અખતરો બીજે ઠેકે કરતાં નવસારીમાં ફત્તેહમંદ જણાયો છે. ફોટોગ્રાફરો ૨ છે. યુરોપ શૉપોનો ટોટો નથી. ફોનોગ્રાફ (શોર્ટ હેંડ) શિખવવાનો કલાસ શરૂ છે. શીવવાના સાંચા આ-

જથી ૨૦ વરસના અરસામાં દાખલ થયા છે. પેહેલ વેહેલો એક સાંચો અત્રે આવ્યો ત્યારે નોક્રાકરાઓની અજાયબીનો પાર રહ્યો નોહતો. વળી લુહારના કારખાનાઓમાં રતનજી લુહારનું કારખાનું ઘણું સુધરેલી ઢપ ઉપર ચાલે છે. ત્યાં લોખંડ કામ તેમજ બીજું વેલાયતી કામના જેવું ઘણું કામ બને છે. તે એટલે સુધી કે બાઇશીકલ બનાવાની પણ કારસાજી થઇ છે. વળી દામોદર લુહાર નામે એક અજબ જેવી મનશક્તિનો એક કારિગર અત્રે વસે છે. તે ખરા અપના જેવાં તાળાં વગેરે બનાવે છે. નવસારીની ૫૦ લાખ રૂપ્યા સમાય એવી નવી જાતની સરકારી તીજોરી બનાવામાં તેણે પોતાની કારિગીરીનો ઉત્તમ નમુનો બતાવ્યો છે. તેણે એકવાર નમુનાની એક બંદુક બનાવી હતી, જે બંદુકનો વગર અવાજ થવે બાર થતો હતો. તે શીવાય તેની કારીગીરી દેશ પ્રદેશના પ્રદર્શનમાં વખણાયલી છે. વળી નવસારીની વખણાયલી ચીજોમાં અત્રેના દેશી ઢોલીઓની તારીફ ચોતરફ છે. એટલે સુધી કે મુંબઇ વગેરે અહિંના ઢોલીને અવારનવાર બોલાવામાં આવે છે. એ ઉપરાંત બધીજ નકલમાં વળી મુંબઇની એક બીજી નકલ "ચોખ્ખાં દુધની ડેરી" ની છે. નવસારીમાં ઘરે ઘર શીલબંધ ચોખ્ખું દુધ પોંહોંચાડવા માટે ભીકવાઇજી બાઇ આંવાંબાઇ કુવરજી તારાપોરવાલાએ એક કારખાંનુ કાઢવાની ખુશ વધાઇ મળી છે. વળી વકીલ ગુલાબદાશ ભાઇદાસ તરફથી પેપરમીલ નીકળનાર કહેવાય છે. તે ઉપરાંત ડાકટર જમશેદજી એરાંમજીના સાહાસથી ચાંમડાં કેળવી દેશેદેશ મોકલવાનું કારખાનું અત્રે કાઢવામાં આવ્યું છે. ચાંમડાં રંગવાનું પણ અત્રે શરૂ થયું છે. એ ઉપરાંત વળી નવસારી પ્રાંતના જંગલમાં લાખ બનાવાનું અનુકુળ જણાયાથી બજાં બેરાદરોની કુંપનીએ મહુવા તાલુકામાં લાખ બનાવવાનું પણ શરૂ કર્યું છે. ભાટા ગામે મીઠું ઉત્પન્ન થાય છે. નવસારી પ્રાંતમાં વ્યારા કશબામાં જબરદસ્ત વેપાર ચાલે છે, અને આપણા પ્રાંત માટે સુરત બંદરબારનો વેપાર ખીલવવા "ટાપટીવેલી રેલ્વે" તૈયાર થઇછે; જે ઇ. સ. ૧૮૯૮થી વેહેવાર ચલાવશે. અને નવસારી પ્રાંતનો સાલ્હેરનો કિલ્લો કે જે ૫૦૦ ફીટની ઉંચાઇએ કહેછે, અને હિંદુસ્થાનમાં એવી ઉંચાઇનો એજ કિલ્લો માનવામાં આવેછે, તેની ભેટ સેહેલથી થશે.

છાપાખાંના અને વર્તમાનપત્ર—નવસારીમાં "નવસારી પ્રીન્ટીંગ અને ફ્લીંગ પ્રેસ" તથા "આર્યવિજય છાપાખાનું" એવા બે સ્થાઇ પ્રેસ છે. વળી સ્ટેશન તરફ મુંબઈના રીપન પ્રીંટીંગ પ્રેસનું મોટું

છાપાખાનું બાંધવામાં આવેલું છે. "નવસારી પ્રકાશ" નામે પેહેલ વેહેલું ન્યુસપેપર મી. રૂ. જાં. દસ્તુરે ઈ. સ. ૧૮૫૭થી પ્રગટ કરવા માંડ્યું છે. અને "ધી નવસારી" પેપર નીકળવાની યોજના થઇ પાછળથી તે બંધ પડી છે. આર્યવિજયમાંથી "નવરંગ" નામે માસિક ચોપાન્યું ઈ. સ. ૧૮૯૮થી નિકળનાર છે.

ઉનાઈની જાત્રા અને બીજા મેળા—નવસારી પ્રાંતમાં ઉનાઇની જાત્રાનો મેળો મુખ્ય છે. દર શાલ ચૈત્ર શુદ ૧૫ ને દિને વ્યારા તાલુકામાં આવેલાં ખંભાલ્યા ગામમાં ઉનાઈ માતાનું સ્થાનકછે. ત્યાં આસપાસના લાખો લોકોનો મોટો મેળાવડો થાય છે. ત્યાં વાવના જેવા બે કુંડો છે. એક સ્ત્રીઓને નાહવાનો, અને બીજો મરદોને નાહવાનો છે. બારે માસ એ કુંડોમાં એટલું તો કકડા પડતું ગરમ પાણી રહે છે કે, કેહતી ચાલેછે તેમ ખીચડી પણ તે ઉપર રાંધી શકાય. સારો દહાડો પાણી ઉકળીને, કકડા પડયા કરેછે. પણ અજબ જેવું છે કે, એ દીવસે એ પાણી ઠંડાં પડી જાયછે, અને ધર્માંધ હિંદુ લોકો તેમાં શ્રદ્ધાથી સ્નાન કરેછે. તેઓ કાંઈ દેવતાઈ માતાના પ્રતાપનું બળ ગણેછે. સુધરેલા શોધકો કહેછેકે, એ જમીનની નીચે ગંધકનો પાહાડ કે ખાણ લાગેલી હોવાથી એ પાણી ગરમ રહેછે; એને ઘણા લોક સામટા નાહાવા પડયાથી પાણી ડોહવાઈને એ દહાડે ઠંડાં પડે-છે. ગમે તેમ હોય, પણ દરશાલ લાખો લોકોનો જમાવ થાયછે. અંગ્રેજો વટીક અસલથી તેની શોધમાં આવતા હોય એમ જણાયછે. દેશાઇ ખુરશેદજી ટેહમુલજીએ ખર્ચ લખ્યો છે કે "૩૧૧॥ સુરતના અંગરેજના ખજાનચી હુનાઇનું પાણી પીવા ગઆ તાર આવતાં જતાં આપણી વાડીમો રહા જેનો ખરચ ૮૩) મીસતર ગંભીરે (Gambier) શાલ જોડો આપો, પી. પારટડ કરી" (Partard Curie) એ પ્રમાણે એ કુંડની અજબ જેવી ખુબીને લીધે શ્રધાળુઓની મોટી જાત્રા થાયછે. તેજ પ્રમાણે બાલપોર ગામે ટાઢા પાણીના કુંડોછે. ત્યાં મહા વદ ૧૪ ને દિને મોટો મેળો થાયછે.

વળી વાંકળ તાલુકે વેલાછાના ખુપાછા ગામે બાલાવીરનો માગશર શુદ ૭ મે, માંગરોલ ગામે મોટા મીઆંનો માગસર વદ ૧૧ એ, ઢોળાવ ગામે ગાય પગલાંનો ચઈત્ર શુદ ૧૫ મે મેળા ભરાયછે, અને એજ તીથિએ શાહ ગામે નદિઓમાંથી ઉનું પાણી નીકળે છે, તેથી ત્યાં મેળો થાય છે, નવસારીની આસપાસ વળી પૂર્નેશ્વરની અને એરૂની એમ બે મોટી જાત્રા થાયછે.

આજના બજાર ભાવની યાદી—તા. ૧ નવેંબર ૧૮૯૭ ની નવસારીના નિરખ ભાવની યાદી પ્રમાણે, જોકે આ શાલ જરા મોંઘવારી ગણાય છે, તોપણ આયંદેના ઉપયોગનેમાટે, તથા આપણે આગળ જોઈ આવ્યા તેમ સવાસો વર્ષ ઉપરના ભાવ આપ્યા છે, તે સાથે સરખાવા નિચે મુજબ ઉતારી લઈએ:—

જીનસનું નામ.	રૂ. ૧ના શેર *	જીનસનું નામ.	રૂ. ૧ના શેર*
ઘઉં ઉત્તમ	૧૧–૧૨	સુકાં મરચાં	૪
ઘઉં મધ્યમ	૧૩–૧૬	ચણા	૧૬
મેંદો (ઘઉંનો)	૧૧	અડદ	૧૪
કણુક (ઘઉંનો આંટો)	૧૩	મગ	૧૩
ચોખા ઉત્તમ	૧૨	મસુર	૧૧
ચોખા મધ્યમ	૧૬	તુવર	૧૩
તુવરની દાળ	૧૨	અડદની દાળ	૧૨
બાજરી	૨૦	મગની દાળ	૧૧
બાજરીનો લોટ	૧૬	મસુરની દાળ	૯
જુવાર	૨૦	ચણાની દાળ	૧૨
ઘી ઉત્તમ	૨।	તેલ	પાા
ઘી મધ્યમ	૨ાા	ચણાનો લોટ (બેસન)	૧૧
ખાંડ	૮–૯	લસણ	૧૦
ખડી શાકર	૪–પાા	કાંદા	૫૦
ગોળ	૧૧	રૂ	૫–૧૦
મીઠું	૨૯	લાકડાં	૨૦૦
દળેલી હળદ	૬	મટન	૮
અફીણ	૩ (તોલા)	માંછલી	૮

જેમ જેનો ખપત, તેમ તેની કિંમતમાં વધઘટ હોય છે. જેમકે નવસારીમાં પારશીઓની વસ્તી વધારે હોવાથી મટન રૂ. ૧નું ૮ શેર મળેછે, અને વડોદરામાં ૮ાા અમરેલીમાં ૧૦ અને કડીમાં ૧૧ શેર મળે છે. વળી એક જીનસનો ઓછો ખપત હોવાથી તે ચીજ જવલેજ

---

* અહિં શેર ૨ પ્રકારના ચાલેછે. ૩૭ાા તોલા (રૂપ્યા ભાર)ભારનો ૧ શેર પણ હોયછે. અને ૪૦ રૂપ્યા ભાર (તોલા ભાર)નો પણ એક શેર ગણાય છે. ઉપર જે વજન આપ્યાં છે, તે ૪૦ રૂપ્યા ભારના શેરનું વજનછે. મુંબઈનો રતલ, અહિંના શેરથી વધારે છે.

મળતી હોવાથી પણ મોંઘી મળે છે. જેમકે માંછલી નવસારીમાં પારશી વધારે ખાતા હોવાથી તે રૂા. ૧ની ૮ શેર જેટલી મોંઘી છે, તેમ કડી અને અમરેલીમાં ધર્માંધ હિંદુઓ હોવાથી તેમજ ખાનાર થોડા હોવાથી મોંઘી મળે છે.

નવસારીનો ભોમ્યો.

(NAVSARI DIRECTORY)

પારશીઓના દોખમા—આજ સુધીમાં નવસારીમાં પાંચ દોખમા થયાં છે. ૧ લું-બાઇ માલણબાઇવાલું ઇંટનું, જે હાલના દોખમાઓની છેક પછાડી તદન ખંડેર થઇ ગયલું છે. ૨ જું-માણેકશા ચાંગાશાવાલું લાલ પથ્થરનું, પેહેલાંની આગળ બાંધેલું હજુ છે. ૩ જું-માણેકજી નવરોજી શેઠનું લાલ પથ્થરનું, બીજાંની આગળ બાંધેલું હજુ છે. ૪ થું હોરમજી મંચેરજી ભાભાનું કાલા પથ્થરનું, દરવાજામાં પેશતાંજ છે. ૫ મું-નશરવાનજી રતનજી તાતાનું દરવાજાની સામે નવું છે. છેલ્લાં બે ચાલુ વપરાશમાં છે. અનિવાર્ય કારણો વખતે ત્રીજા નંબરવાલું પણ વપરાય છે. બધાં મળી નવસારી પ્રાંતમાં ૧૫ દોખમા છે. અને મી. એલ્યતે ૧૯ જણાવેલાં છે.

દોખમાની સગડી— જુની સગડી ૧લી- ખરશેદજી કાંહાંનજીની છે. ૨જી-હોરમજી મનચેરજી ભાભાની છે. ૩ જી-સર જમશેદજી જીજીભાઇવાલી છે. ૪થી- સર દીનશાજી માણેકજી પીટીટની છે.

જાહેર જમનશાળા—૧લી-ખુરશેદવાડીના જુના ૩ બંગલા હતા, તે જમાનદોસ્ત થયાથી હોણ શાલ એક નવો થયો છે. ૨ જી-ખુરશેદ વાડીમાંની સર જમશેદજીની. ૩ જી-જમશેદ બાગ મધે શર જમશેદજીની. ૪થી-શોરાબ બાગ. ૫મી-નશરવાંન બાગ. ૬-કાહારવાડમાં નવાજબાઇ ભાભાની. ૭-કાવશજી તાતાની જમનશાળા ખુરશેદવાડીમાં છે તે. ૮-કાછેનીવાડી મધે દેશાઇઓની. ૩ જી—૪ થી—૫ મી—અને ૭ મી એટલી પારશી ઉતારૂઓ માટે ધર્મશાળા પણ ધરાવે છે.

દોખમાના રસ્તા—પારશીઓને રૂવાંન લઇ જવા મોટે ફ્લ્યેવાલાઓ માટે શેઠ હોરમજી બરજોરજી કપટાંને પાકો રસ્તો બંધાવેલો છે,

અને મલેશર ફ્લ્યેના લોકો માટે બાઈ દીનબાઈ નશરવાંનજી પીટીટે બંધાવેલો છે.

સાહુકારો—નવસારીમાં ૧૭ સાહુકારો ધીરધારનો ધંધો ચલાવે છે. મેસર્સ ખીજુભાઇ મકનદાસ, રામદાશ શીવદાસ, ડાહ્યાભાઇ દીપચંદ, ઘેલાભાઈ ગોકલદાસ, ડાહ્યાભાઇ ગોકલદાસ, ગાંડાભાઈ ગોકલદાસ, અમથાભાઈ ભુખણદાસ, છોટુલાલ ખુશાલ, ભુરીયા મોરધન, બ્રીજભુખણ દામોદર. એટલા વાણીઆ પારખો સરાફી કરેછે. શૈનીઓમાં નરશંઈ દેઆરામછે, મારવાડીઓમાં વકતા ભવાજી, મોતી વીરચંદ, જીવણ પરામ, ગલાલ જોગાજી, ફકીર ગોવંદજી એટલા છે. શ્રીમાળી વાણ્યા માં બાલાજી કોંદાજી, અને પારશીઓમાં, મનચેરજી ખરશેદજી પાવડી, રતનજી વાંદરીવાલાના છોકરાઓ, બાપુજી મેહેરવાંનજી દેશાઈ છે. બીજા કેટલાક પારશીઓ તથા વાણ્યા અને મારવાડીઓ છે, જેઓમાં કેટલાક નાહના સાહુકારો છે, અને કેટલાકોતો સાહુકાર લેખે પોતાને છુપાવા માંગે છે! મુશલમાનોમાંતો વ્યાજ ખાવું હરામ હોવાથી તેઓ માં કોઇ સાહુકાર નથી.

નોંધણી ખાતું—અગાઉ લેણદેણ વિગેરેના દસ્તાવેજો દેશાઇને ત્યાં ૧ રૂપ્યો લઇ નોંધી આપવામાં આવતા. દેશાઇ શાખ કરે અને દસ્તાવેજની નકલ પોતાને ત્યાં રાખે એટલે દસ્તાવેજ નોંધાયલો નક્કી થાય. પણ તા. ૧ આગષ્ટ ઈ. સ. ૧૮૮૫ થી દસ્તાવેજ નોંધણી ખાતું, દસ્તાવેજોને રીતસર રેજીષ્ટર કરવા સારૂ સ્થાપન થયું ત્યારથી, દર વરસે સરાસરી ૮૦૦ દસ્તાવેજ નોંધાય છે. જ્યારે નવીન સ્ટાંપ સીસ્ટમ નીકળી ત્યારે વડોદરામાં બારે હડતાળ પડી, અને તેનું જોઇને નવસારીમાં પણ એક દહાડો હડતાળ* પાડવામાં આવી હતી. હાલનું રેજીષ્ટર ખાતું સ્થાપન થવા પેહેલાં કૈલાશવાશી ખંડેરાવ માહારાજે સંવત ૧૯૨૫ ના જેષ્ટ શુદ ૧૫ ને દિને રેજીષ્ટરના કાયદા બનાવી રજીષ્ટર ખાતું સ્થાપ્યું હતું. તે સબબથી તે પેહેલાંના દસ્તાવેજને આજે પણ નોંધાવાની જરૂર રહી નથી.

વકીલો—સીન્યર વકીલોમાં મેસર્સ સખારાંમ બાપુજી, દામોદરદાસ સુરજરામ, દેવચંદ હરીવલભ, દીનશાજી દાદાભાઈ મુલ્લાં (એટલાઓ વકીલની પરિક્ષા આપ્યા વિનાના છતાં વકીલાતની શનદો મેળવી છે.

---

* હડતાલ=એ હાટતાલનો અપભ્રંશ છે. હાટ=બજાર; તાલ=તાલું, યાને બજારને તાલું મારવું તે.

એ પૈકી મી. મુલ્લાંને વરીષ્ટ કોર્ટમાં ઉભું રહેવાનો પણ હક છે.) રૂદરજી મોહનભાઇ, રંગનાથ બાલાજી, જમનાદાસ ઘેલાભાઇ (એટલાએ વકીલની પરિક્ષા પસાર કરેલી છે, અને તે પૈકી છેલ્લા બેને વરિષ્ટ કોર્ટમાં પણ ઉભું રહેવાનો હક છે..) એટલા ૭ વકીલો સીન્યર ગણાય છે, અને અપીલ કોર્ટમાં પણ તેઓ ઉભા રહી શકે છે. નિચે જણાવેલા વકીલો મુનસફ કોર્ટના છે, અને તેઓને અપીલ કોર્ટમાં એકલા ઉભા રહેવાનો હક નથી, પણ સાથે સીન્યર વકીલો પૈકી એકને જોડીદાર લેવો પડેછે. તેઓ મેસર્સ માણેકલાલ શીવલાલ, ગુલાબભાઇ વસનજી, પાંડુરંગ બળવંત ફડકે, મેરવાનજી આદરજી દેશાઈ, મગનલાલ ભુખણદાસ, ઇશ્વરલાલ દામોદરદાસ, ઘેલાભાઇ ભીમભાઇ, અને દયાલજી નીછાભાઇ છે. અને વકીલની માત્ર સનદ મેળવેલા મી. ગણેષ નારાયણ આપટે મુખ્ત્યાર લેખે ૧ છે. વળી મી. આબુરાવ વિશ્વનાથ મુખ્યાર છે. વળી અંગ્રેજી રાજ્યના પાસ થયલા પૈકી મેસર્સ ગુલાબદાસ ભાઇદાસ, ધનજીશા એદલજી પટેલ (ડીસ્ટ્રીકટ પ્લીડરો) મોતાભાઈ રતીલાલ દેશાઇ (હાઇ કોર્ટ પ્લીડર) એટલા કામ ચલાવે છે. વકીલોની પેઢી એક છે, જેઓ ભાગમાં કામ કરે છે, તે " મેસર્સ ગુલાબદાસ, રંગનાથ, અને ધનજીશા " ની પેઢી છે.

મેહેરજીરાંણા લાઈબ્રેરી— સર્વેથી પેહેલવેહેલી લાઇબ્રેરી પેહેલા દશતુર મેહેરજીરાંણાવાલી છે. તેને માટે શેઠ બરજોરજી બમનજી પદમે પોતાની જગા ઉપર રૂ૦ ૫૦૦૦ ખરચી એક મકાંન બાંધ્યું છે. તા. ૧૫ એપ્રીલ ૧૮૭૨ અને રોજ ૧-૮-૧૨૪૧ યજદેજરદીમાં એ ખાતું સ્થાપેલું છે. એકવાર એ લાઈબ્રેરીનું ફંડ છેક એક રૂપેયો છ આના જેટલું હતું, અને ૧૮૮૪ સુધીમાં તે વધીને રૂ૦ ૧૦૪-૧૩-૦ ની પુંજીનું થયું, પણ ત્યાર પછી મુંબઈ ખાતેના સેક્રેટરી શેઠ અરદેશર શેરાબજી દશતુર કામદીનના લાગવગ અને મેહેનતથી, તથા નવસારી ખાતેના સેક્રેટરી મી. નવરોજી દોસાભાઈ દેશાઇની ખંતથી, તે સાહેબોએ અધિકાર છોડયો ત્યારે રૂ૦ ૧૦૫૮૫-૧૪-૧૦ ની પુંજી ભેગી થઈ, અને આજે વધીને ૧૧૦૦૦ નો આશરો થાય છે. એ બેતાબખાનામાં ઘણાં કીંમતી જુના હાથનાં લખેલાં પુસ્તકો છે, જેમાંનો મોટો ભાગ દશતુરો રૂસ્તમજી કેકોબાદજી મેહેરજીરાંણા અને એરચજી શેરાબજી દશતુર મેહેરજીરાંણાનો છે. જુના મેનુસ્ક્રીપ્ટમાં તો મુલ્લાં ફીરોજ મદ્રેસાથી એજ ઉતરતી ગણી શકાય.

એમાં બે સેક્રેટરીઓ મેસર્સ ૨૦ કે૦ મોદી અને ૨૦ ફ૦ દાબુ કામ બજાવે છે. બીજી એક ગંજાવર લાઇબ્રેરી શેઠ તાતા તરફથી નિકળવાની દરેક ગોઠવણ થયા પછી નોશારીના કમનસીબે તે કામ બંધ પડયું છે; ખોદા કરેને તે લાઇબ્રેરી થાય, તો નવસારીની નામનામાં વધારોજ થશે. મેહેરજીરાણા લાઇબ્રેરીનું નવું મકાન કુસાદે થવાની જરૂર છે. અને આવતે વરસ તે કામ પાર પડે એવું છે.

જ્ઞાનોદય લાઇબ્રરી— એ લાઇબ્રેરી નાહના વિદ્યાર્થીઓએ રમતાં રમતાં ઉભી કરેલી છે. શરૂવાતમાં ૫–૭ ચોપાંન્યાં ભેગાં કરી, હળદનો ગાંઠયો મળ્યો એટલે વેદ થવાયું, એમ જાણીને નાહના ભાઇઓએ ઉલટ પકડી, અને તેમાં વાણ્યાના એક ચંચલ છોકરા નામે માસ્તર રંગીલદાસે વધારો કરતાં, આજે ૧૦૦૦ ઉપર પુસ્તકની લાઇબ્રેરી તે છોકરો ચલાવે છે! માંગી તાંગીને પેપરો ચોપાં-ન્યાં વીગેરે ભેગાં કરી બજારમાં એ ખાતું ચિકાવે છે.

શયાજી વૈભવ લાઇબ્રરી— મોટા બજારમાં એક ગુજરાતી લાઇ-બ્રેરી કેટલાંક વર્ષથી વાણ્યા વેપારી વગેરેમાં વાંચણનો શોખ પૂરો પા-ડવા અર્થે ચાલતી હતી. તે લાઇબ્રેરીનું નામ નામદાર શયાજીરાવ મહારાજ સાથે જોડી હાલ લક્ષ્મણ હોલમાં પ્ર. સ. ૧૮૯૭ માં લાવવામાં આવી છે. એમાં મુખ્ય હાથ હિંદુ ભાઇઓનો છે.

ડાકટરો— ગાયકવાડ સરકારની ઓસ્પીટલના ડાકટર એદલજી રૂસ્તમજી દાદાચાંદજી છે, અને અંગ્રેજ સરકારની કાલ્યાવાડીની ઓસ્પીટલના ડાકટર હરીકૃષ્ણ રાયકર નામના છે. નવસારીમાં ખાનગી ધંધો કરનારા ડાકટરો ૪ છે. તેમાં ડાકટર જમશેદજી બેરામજી જુના છે. તેઓ જી. જી. એમ. શી. છે. બીજા ડાકટરો બેરાંમજી દાદાભાઇ રાંણા તથા શોરાબજી આંદરજી પાતરાંવાલા છે. એ બેઉ એલ. એમ. એન્ડ. એસ. છે. ડાકટર ફરદુનજી શોરાબજી કાપડયા એમ. દી. (બ્રસ) અને એલ. આર. શી. પી. (લંદન) છે. મોમલાઇ હકીમોમાં ડાકટર શોરાબજી પાલનજી બાંમજી તથા વોહરા મહમદઅલી અલીભાઇ વગેરે કેટલાક છે. અને દેશી વઇદોમાં જદુરામ વિજયરામ તથા ગોવીંદભાઇ ફકીરભાઇ, રામા તુળજારામ વઇદ, વગેરે પુષ્કળ છે.

બંગલાઓ— નવસારીમાં લુનશીકુઇનો લત્તો સારી હવાવાળી જગાનો છે. ત્યાં અને બીજી જગાઓ ઉપર મળીને કુલે ૫૦ બંગલાઓ

છે. જેમાંનો મોટો ભાગ ભાડે આપવામાં આવે છે. જેમાંના ૨૬ તેર ફક્ત લુનશીકુઇના જત્તા ઉપર છે.

નવસારી મ્યુઝયમ— નવસારીમાં ફરવા હરવાના જાહેર બાગની માફક તાતા બાગ મુખ્ય છે. એ બાગ મોટો વિશાળ છે. તમામ લોકોને ફરવા હરવાની ત્યાં છુટ છે. જો કે શેઠ જમશેદજી તાતાની માલકીનો તે બાગ છે, તોપણ જાણે પબલીક પાર્ક હોય તેમ વપરાય છે. તેમાંજ એક સુંદર પ્રદર્શન છે. આંબાના ઝાડો દેશ પ્રદેશના જુદા જુદા ખંડોનાં મોટા ખરચે અત્રે ઉછેરવામાં આવેલાં છે. આખા હિંદુસ્થાનમાં કદાચ એજ બાગ એવો કહી શકાશે, કે જેમાં દરેક પ્રકારના શેહેરે શેહેરના આંબા ભેગા કરેલા છે. આંબાનું તો એ પ્રદર્શન આખા હિંદમાં સર્વોત્તમ છે. અહીંના વળી પ્રખ્યાત આંબાઓમાં ગધેમાર નામનો એક છે, તેની તારીફની કથા એવી છે કે, તે આંબાનું અસલ ઠંડ જ્યાં ઉગ્યું હતું, તેની નિચે એક દિ એક ગધેડું બેઠેલું હતું, તેના દિલ ઉપર એક કેરી પડતાંની સાથેજ તે મરી ગયાથી તે કેરીનું નામ ગધેમાર પડયું છે. વળી જંગલી જાનવરો વાઘો, સિંહો, રીંછ, વગેરે દેશેદેશના અત્રે પાળવામાં આવેછે. તરહેવાર જાતજાતના પક્ષીઓ, અને જાનવરોનું એક ઉમદા સંગ્રહસ્થાન કરેલું છે. વાર્ષિક ખર્ચ એ બાગ પછાડી રૂ૦ ૮૦૦૦ નો થાય છે. અને એક જાતની નવસારી ઉપર તાતા ખાંદાનની એ પણ એક આલિશ ભારી સખાવત છે. એમાંથી ૪૦૦૦ બાગ પછવાડે, અને ૪૦૦૦ મ્યુઝયમ પછવાડે ખર્ચ થાય છે. આ બાગને ઝુલૉજીકલ ગારડન કહેવું બરાબર થઇ પડશે. આ ઠેકાણે યાદ આપી શકાશે કે, નવસારીમાંજ નહીં પણ નવસારી પ્રાંતમાં આંબાના ઝાડો નવાઇ જેવાંજ છે. તેમાં ઉમરા ગામનો બારમાસી આંબો વખણાયલો છે, જે ઉપર ૩૬૫ દહાડા કેરી આવે છે ! તે શીવાય કોપર્યો આંબો—પારપરવાળો—માહારાજાનો—દારમ્યો—ગોપટો—આદિ આંબાઓ વિષે યુરોપ્યન મુસાફરોએ પણ વખાણ્યું ગામાં છે.

જાણીતા કુવાઓ—નવસારીમાં જાણીતા કુવાઓમાં મીઠાં પાણીના કુવાઓ, દુધ્યાં તળાવ ઉપર "દેશાઈ કુવો"—"ધીઆરાનો કુવો" તથા લુનશીકુઇ ઉપર "લુનશીકુઇ"—તથા કાલ્યાવાડી આગળ વાવ નજીકનો કુવો, એ મીઠાં અને હજમ્યત પાણી માટે વખણાયલા છે. અસલના મોગલોના બાંધેલા કુવાઓમાં ફળાવાડી (નવીવાડી) મધેનો તથા બવાંની વાડી મધેના ૪ કોશ સામટા ફરે, એવા ૨ કુવા અને બીજા મોગલાઈ

ખાસીયતના ઘણાં કુવાઓ પ્રખ્યાત છે. બેગમોના બાંધેલા ઉપલા ૨ કુવાઓમાં તો તાપના દહાડામાં તેમાં ઉતરીને બેગમોને સોગટાં વગેરે રમવાની સોઇ કરેલી છે. વળી ઇ. સ. ૧૮૪૩ માં શેઠ કુંવરજી હોરમજી ભાભાના ધણીઆંણી નવાજબાઇનો બાંધેલો "બામજીવાડનો કુવો" તથા જમશેદ બાગ મધ્યેનો કાહારવાડામાં પીરોજબાઇ દા. વાછાનો તથા કુતારની ખડકી બાહેર બા૦ ન૦ પીટીટનો તથા દોખમાની સામે સર જમશેદજીનો તથા મરીઅમપરાંનો ખરશેદબાઇ જમશેદજી દમણીઆનો વગેરે કુવાઓ મોટા ઉપયોગના અને વપરાસના છે. તાતા બાગમાં ૧૫ વરસની વાત ઉપર પાતાળ કુવો " આરટીઝન વેલ " ખોદાયો હતો, પણ હજારોનો ખર્ચ વ્યર્થ જઇ નવસારીના બેનશીબે તે કુવો સફળ થયો નથી, બાકી તેથી મીલ ઉદ્યોગ ખીલવાનો અને ખેતીને આશરો મળવાનો મોટો સંભવ હતો. મગદુમશાના ઓરસ આગળના મીઠા કુવાઓ પણ વખણાયલા છે. સોદાવાતરના બે કારખાંના અત્રે ચાલે છે, તેમાં એ બાબા કુવાનું પાણી વપરાય છે.

લક્ષ્મણ હૉલ— નવસારીની નવાજબાઇ તાતા કન્યાશાળાનો ઇનામનો મેળાવડો ખુરશેદ વાડીમાં તા૦ ૧૩ માર્ચ ૧૮૭૭ ને દિને * થયો હતો. જ્યાં મુંબઇવાળા શેઠો દીનશાજી માણેકજી પીટીટ, બેરાંમજી જીજીભાઇ, નશરવાંનજી રતનજી તાતા, વિગેરે બીરાજેલા હતા, ત્યાં તે વેળાના લોકપ્રિય શુબા રા. બા. લક્ષ્મણ જગન્નાથની યાદગારી જાળવવાનો ઠરાવ થયો, કે " નવસારી પ્રાંતની રઇયતનું ભલું કરવા સારૂ જે બેહદ મેહેનત, કાળજી, તથા દીલસોજી રા. બા. લક્ષ્મણરાવે વાપરી છે, અને તેમાં વિશેષ કરી આ નવસારી કસબાને એક શેહેરના દેખાવ

* નામદાર માહારાંણી વિકટોર્યાએ " કયશરેહિન્દ " નો પ્રકટ અધિકાર ધારણ કર્યો, યાને એજ વરસમાં ઈ. સ. ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ Empress of India નો એલકાબ ધારણ કર્યો તે વેળાએ, આખા હિન્દમાં તેમજ નવસારીમાં પણ મોટો ઓત્સવ પાળવામાં આવ્યો હતો. અત્રેની હાઈ સ્કુલના જુના મકાનમાં સઘળી સ્કુલોના બાળકોને ભેગાં કરી, અમલદારો, શેઠ સાહુકારો, દેશાઇ દશતુરો ભેગા મળ્યા હતા. અને એ દિવસ ધામધુમ અને ગાનતાંનમાં ગુજર્યો હતો. દેશાઈ જમશેદજી ટેહમુરજીએ ખાસ ફારશી ભાષામાં વિકટોરયાની તારીફમાં જોડેલી ગઝલો વગેરે ગવાઇ હતી, અને તેની બાંધણી વીશે દેશ પ્રદેશ બહુ તારીફ થઈ હતી. અને નવસારીએ એ તેહવાર ઉત્તમ પ્રકારે પાળ્યો, એના અભિપ્રાય ચોતરફ વર્તમાન પત્રોમાં છપાયાં હતા.

ઉપર લાવવાને માટે જે સ્તુતિપાત્ર કામો કર્યાં છે, તે સરવે કામોની કદર બુજવાની નીશાની દાખલ એ જલા ધુંધી શુબા સાહેબની યાદગારી આ નવસારી કશબામાં કાયમ રાખવાને સારૂ કાંઇ યોગ્ય જોગવણ કરવાની જરૂર છે." એમ ઠરાવ થવાથી લીસ્ટ ફરતું થતાં રૂા. ૬૦૦૦ તુર્ત ભરાયા હતા. પણ તેમાંથી ૩૦૦૦ માત્ર વશુલ આવ્યા હતા. ખજાનચી લેખે શેઠો બરજોરજી પા. દેશાઇ, અને બરજોરજી રૂ. મારડાજીએ કામ બજાવ્યું હતું. હાલ જ્યાં એ હોલ છે તે જગા તે વખતે મુસાફર ટેકડીને નામે ઓળખાતી હતી, કેમકે અગાઉ નવસારીમાં આવનારા મુસાફરોને ઉતરવાની તે ટેકડી જેવી ઉંચી જગા હતી. ઘણા લોકોએ સરકારને સમજાવી એ મુસાફર ટેકડી કઢાવી નંખાવ્યાથી ખંડેરાવ મહારાજે દરવાવાળા બાપુમીઆંને ૮॥ વીઘાં જમીન સરબત્યાં તળાવની પાળ ઉપરની આપીને એ ટેકડી લઇ લીધી. ત્યાંજ " લક્ષ્મણ લાઇબ્રેરી " સ્થાપવા સારૂ નામદાર માહારાજાએ ત્રિકોણ આકારનો જમીનનો એક કડકો બક્ષેશ આપ્યો હતો. પણ તા. ૪ મે ૧૮૮૬ ને દિને માજી જડજ સાહેબ રા. બા. વીઠ્ઠલ બાજીરાવજી અને દેશાઇ મનચેરજી બરજોરજી (જેઓએ લક્ષ્મણ હોલના સેક્રેટરી દાખલ છેવટ સુધી કામ બજાવ્યું છે)એ એક સભા બોલાવી; જ્યાં એવો ઠરાવ થયો, કે પુસ્તકખાનાને બદલે આ કસબાનાં તમામ લોકોની જાહેર મીજલશો ભેગી થવાને સારૂ એક લાયક મકાન બનાવવો, અને તેનું નામ " લક્ષ્મણ હોલ " આપવાનો, તથા ત્યાંજ એક મીનારો ઉભો કરી એક મોટું ઘડીયાળ મુકવાનો ઠરાવ થયો. તે પ્રમાણે એ હોલનો પાયો નાંખવાની ક્રિયા દશેરાને શુભ દિવસે એટલે આશો શુદ ૧૦ રવીવાર સંવત ૧૯૪૨ પારસી રોજ ૨૦ મા. ૧. ૧૨૫૬ તા. ૭ અકટોબર ૧૮૮૬ ને દીને થઇ હતી. એ હોલ બંધાતાં બહુ વિઘ્નો પડયાં છે, અને પાયો નંખાવા પછી એ હોલ પુરો થઇ રહેતાં ફંડ પુરતું ન હોવાથી વારંવાર કામ બંધ રહેતું હતું, આ હોલના "કંટ્રાકટરનું કામ મરહુમ બેજનજી માણેકજી ખોરીએ બજાવ્યું હતું. કામ ખોરંબે પડયા કરતું હોવાથી રા. રા. જોતીરાવ ભાસ્કરરાવ વિઠ્ઠલે (વડોદરાના માજી દિવાન ભાસ્કરરાવ વિઠ્ઠલના ચિરંજીવી) રૂા. ૧૦૦૦ની રકમ આપી, અને રૂપીયા વધુ ભરાયા છતાં વશુલ આશરે ૧૦૫૦૦ આવ્યાથી તેટલો ખર્ચ કરી, પાયો નંખાયા પછી ૭ વર્ષે એટલે તા. ૨૫ ફેબરૂઆરી ૧૮૯૨ ને દિને એ હોલ તથા શીતાબાઇ તાવર ખુલ્લો મેલવાની ક્રિયા શુબા સાહેબ ખાંડ

બા. ફેરશાસ્પજી રૂ. દાદાચાંદજીએ કરી હતી. અને એજ હોલમાં ફેબરૂઆરી ૧૮૯૩ માં, લક્ષ્મણરાવે પોતાની મોકલેલી છબી રા. બા. ગજાનન બાપુજી કોઠારેને હાથે ખુલ્લી મેલવાનો સમારંભ થયો હતો. **સીતાબાઇ કલોક ટાવર**—લક્ષ્મણરાવની યાદગારી રાખવાની ગોઠવણ દરમ્યાન તેવણના પતિ શોભાગ્યવતિ સીતાબાઈ ગુજરી જવાથી તેવણની યાદગારી રાખવાને મહેશરની સર જમશેદજીની સ્કુલમાં સભા થઈ હતી. અને તેનું સ્મારક ફંડ જુદુંજ ભેગું કરવામાં આવ્યું, અને લક્ષ્મણ હોલ સાથના ટાવરને " સીતાબાઈ ટાવર " નું નામ આપવામાં આવ્યું. બાદ કેટલાંક વર્ષો સુધી એ ટાવર ઉપર ઘડિયાળ મુંકવાનું બાકી રહેલું હતું, તે ઇ. સ. ૧૮૯૪ માં શુબા સાહેબ રા. બા. વાસુદેવ માધવ સમર્થની કારસાજીથી નામદાર માહારાજાએ રૂા. ૧૦૦૦ સુધી આપ્યા, અને બીજું ફંડ ભેગું કરી આશરે રૂા. ૨૫૦૦ના ખરચે ટાવર ઉપર મોટું વાગતું ઘડીઆળ મુંકવામાં આવ્યું.

હિંદુ દેવળો— નવસારીમાં લગભગ ૪૦ હિંદુ દેવળ દેહરાં છે. બાપુસાહેબની હવેલીની આગળ, વિઠ્ઠલ મંદીર-હરેશ્વર માહાદેવ-અને હનમાનનું દેવળ છે. સરકારી જુના થાણામાં અને તેની આસપાસ નારાયણ રઘુનાથનું બાંધેલું રામ મંદીર-ગોપાળરાવ મૈરાળના બેહેન બાળાબાઇનું બાંધેલું બળાલેશ્વર માહાદેવ-હરિહરેશ્વરનું બાંધેલું જુનું દેહરૂં-હનમાનનું દેહરૂં-જળ માતાનું દેહરૂં-રામચંદ્રપંત કોઠારીનું બાંધેલું કાલ્યાવાડી જતાં રામકુંડ ઉપર રામ મંદીર-લુનશીકુઇ ઉપર વકીલ ગુલાબદાસના બાંધેલાં ૫ દેવળ, જે પૈકી મોટાંમાં માહાદેવનું સ્થાન થનાર છે, અને બાકીના ૪ માં બીજા દેવોની મુરતી પધરાવવાની રહેલી છે, પરંતુ દેવળો તૈયાર છે. દુધ્યાં તળાવ ઉપર ધર્મશાળા નજીક દેવેશ્વર માહાદેવનું તથા નારાયણેશ્વરનું દેહરૂં છે. રામબાઇ માતાના કુવા આગળ દેવીનું મંદીર છે. દુધ્યાં તળાવ ઉપર બાવાની ટેકડીમાં નરશીંહજીનું મંદીર અને માહાદેવનું દેહરૂં છે. દાદાટડુના મોહલ્લામાં છીપા લોકોનું રાધા કૃષ્ણનું મંદીર છે. કાકુબાના મોહલ્લામાં રણછોડજીનું મંદીર, વાંણ્યાવાડમાં વૈશ્નવ લોકોનું મંદીર, બજારને પેલે નાકે ગુરૂજીના ઘર પાસે બેચરા માતાનું મંદીર, પાઘેદારની હવેલી પાસે પાઘેદારનું ગણપતિ મંદીર તથા માહાદેવનું દેહરૂં છે. મહેશર જતાં દરજીઓનું માતાનું મંદીર, કંસારા લોકોનું કાળીકા માતાનું મંદીર-તથા ગોળવાડ લીમડા ચોક આગળ કાળીકા માતાનું થાંણક, વાણ્યાવાડમાં નિળકંઠ

માહાદેવનું મોટું દેવળ તથા તેની પાસે જુનું નિળકંઠેશ્વર, સુહારની કોર ઉપર ગોડીયા બાવાનું મંદીર, જમનાદાસ ઘેલાભાઇ મેહેતાનું ગોપીનાથનું મોટું મંદીર, બજારમાંનું હનુમાનનું દેહરૂ) ગોળવાડ ગેટ આગળ હનુમાનનુ દેહરૂં અને ત્યાંજ સુથાર લોકના પંચનું દેવળ, આશાપુરી જતાં તળાવને માથે સાગરાવાળા જાગીરદારનું નારાયણેશ્વર માહાદેવનું દેહરૂં અને તેની જોડે મંગળ મુર્તિ તૈલંગનું રામેશ્વરનું માહાદેવનું દેહરૂં, આશાપુરી માતાનું મોટું દેવળ, પૂર્ણા નદિ ઉપર કેદારેશ્વર માહાદેવ, નવસારી મધેના અંગ્રેજ સરકારના કસ્ટમ હાઉસ* આગળ માહાલક્ષ્મી માતાનું દેહરૂં, રામબાઇ માતાની પછવાડે શ્રાવક લોકોનું પારસનાથનું દેવાલય છે.તેમાં ૨૪ મુરતીઓ જુદાં જુદાં નામવાલી છે, અને પુંજારી ઓએ પોતાની અકેકી ખાસ કરી રાખેલી છે, અને તેને દુધ કે પાણીથી અંઘોળાવે છે. અને પચુશનના તેહવાર ઉપરે ભાદરવા મહિનામાં તેના તરફ ખાસ ભકિત ભાવ બતાવામાં આવે છે. એ ઉપરાંત વળી કાલ્યાવાડીની ધર્મશાળા અને તે આગળનું ગણપતિ મંદીર ગોપાળરાવ મૈરાળનું બનાવેલું છે. એ દેવળો પૈકી નદિ ઉપરના કેદારેશ્વર દેવળ વિષે ઈ. સ. ૧૮૭૭ માં સત્યમિત્રમાં પ્રગટ થયલા એક એહવાલમાં નિચે મુજબ વર્ણન છેઃ— " એક વખતે કેદાજીરાવે પોતાના ધરમને ભમતું એક દેહરૂં નવસારીમાં બાંધવાની સલાહ ખરશેદજી દેશાઇને પુછી તે ઉપરથી દેશાઇજીએ નવસારી મધેની પૂર્ણા નામની નદિના કિનારા ઉપર બાંધવાની મસલત આપી. એ દેહરાંના બાંધકામની નિશાન આજ સુધી નોશારી મધે કાયમ રહેલી દીસે છે. અને એ જગા ઉપર દેહરું બંધાવાની મસલહત એ હતી કે એ લત્તા તરફનો લંગરાવાર નામનો મોહલો એ નદીના કીનારા તરફ ઘણોજ એકાંત આવેલો હતો અને ચોર અથવા પીંડારાઓની લુટફાટની વખતે તેમજ નદિની ઉભરતી મોટી રેલની વખતે એ મોહોલાનું બચાવ કરવાનું કામ લગરીક મુશકેલ હતું તેથી જો સરકારી ધરમ ખાતાંની ઇમારત અને તેને લગતાં બીજાં બાંધકામો એ લતા તરફ સરકારને ખરચે ઉભાં

---

*નવસારીમાં, ગાયકવાડી શેહેર છતાં, વેરાવાડની સામે એક ટેકડી ઉપર અંગ્રેજના જલાલપોરના બંદરના વહિવટ માટે થાણું (કસ્તમ હાઉસ) બનાવેલું છે. એજ પ્રમાણે મીઠા કુવા આગળના લત્તા ઉપર બાદેલવાડ અંગ્રેજી હદમાં ગણાય છે. એવાં કોડકાં ફોડકાં અંગ્રેજ રાજના આ શેહેરમાં વિચિત્ર રીતે પડેલાં છે.

કામ તો તે તરફની નીગેહદાસ્તી સરકારને રાખવીજ પડે એવી રૂડી ધારણાથી એ દહેડાંનું બાંધ કામ તે લત્તા તરફ એ મરહુમ દેશાઈજીએ કરાવ્યું હતું. "

જુમા મશજીદ અને બીજી મશજીદો—મુસલમાનોની નવસારીમાં એક દજન મશજીદો છે. તેમાં બજારમાં જુમા મશજીદ છે, જે ૭૦૦ વરસ ઉપરની જુની ગણાય છે. મહમદ પેગંબર સાહેબના કાકા હજરત અબ્બાસની ઓલાદના નનુમીઆં હાજીમીઆં અને તેમના વડા મલેક નશીરૂદ્દીન, એઓ એ જુમા મશજીદના મુતવલી છે. અને એ મલેકના સજ્જાદાનશીન નનુમીઆં છે. એ મશજીદના ખરચમાં મોગલ સરકારથી મોથાર નામે ૬૦૦ વીઘાંનું ગામ બાદશાહી ફરમાનથી મળેલું તે હજુ પળે છે. એ મશજીદની આસપાસ જે જગા છે તે પણ પાદશાહી છે. દરગા માટે વીઘાં ૨૦૦ તથા જુમા મશજીદ માટે ૬૦૦ અને મશીદના મુતવલીઓના વંશવારસો માટે ૯૦૦ વીઘાં જમીન શાહાનશાત તરફથી મળેલી છે. તેમાંથી ૯૦૦ વીઘાં એ વારસોએ વેચી ખાધેલી છે. એ મશજીદના સજ્જાદાનશીન મલેક હમીદીદુનને માટે કહે છે કે, તેઓ એક પુરે પુરા સાલેક હતા, અને પોતાના આખા ભવના ખોરાક માટે તેઓએ નાની નાની ઘઉંના લોટની ટીકડી (રોટી) માત્ર ૧૯ શેરની બનાવી રાખી હતી, અને તે ચુશી ચુશીને આખો ભવ પેટ ભર્યું હતું. તોપણ તેઓ ગુજરવા બાદ પણ બેએક ટીકડી થોડાંક વર્ષ સુધી તેઓના હુજરા (યાને તેઓનુને રેહેવાનું ભોંયરૂં, જે હજુ મશજીદ આગળ છે) માં મોજુદ હતી. મશજીદની પશ્ચિમે એઓની હાલ કબર છે તે આગળ એક હોજ છે, અને હોજની પુર્વે એ સાલેકનું બંદગી કરવાનું એક છુપું ભોંયરૂં હમારા જોવામાં આવ્યું છે, જે જેમની તેમ હાલતમાં છે, તેમાં બેશી તેઓ ખોદાઇ માર્ગમાં બેસતા હતા. તેઓના બે ટેકણ્યાં પણ હમે નજરે ત્યાં દીઠાં છે, એવણની એટલી બધી તાકાત ગણાય છે કે, જો એ હોજમાં ખસખસ ભરો તો તેના દાણાં પણ કહી દેવાને શક્તિવાન પોતાને કહેતા હતા ! એઓની વફાતનો શને હીજરી ૧૦૭૮ છે. ખાતકી લોકોની મશીદ ખાતકીવાડમાંછે. પાંચ હાટડીમાં તાપરવાડાની તાઇ લોકોની –મગદુમ શાહેબની (એમાં મુસાફરખાનું તથા મગદુમ પીરની દરઘા પણ છે)—દુધ્યાં તળાવ ઉપરની (મીરજા મેહેમુદ નામે નવસારીનો એક મુશલમાન જાગીરદાર હતો, તેણે પોતાની ઓરતને મેહેર યાને પરણ્યાંન અદા કીધું, તે નેકા

થતી વખતની મળેલી મેહેરના અંદરથી તે બાઈએ દુધ્યાં તળાવ ઉપર, પારશીઓમાં માલણબાઈએ જેમ દોખમું બંધાવ્યું, તેમ તેણીએ મશજીદ બંધાવી, અને તેના ખરચ માટે ઝવેરીવાડી વેચાતી લઇ વકફમાં કાઢી આપી હતી.) –ધુળધોયા યાને ઝાહરાવાડાઓની મશજીદ, મુલ્લાં ખેરૂલ્લાની બંધાવેલી છે, જે મુલ્લાં ખેરૂલ્લાની મશજીદને નામે ઓળખાય છે–કાઝી લોકોની કોટ ઉપર એક મશજીદ છે. મર્યમપૂરાની દક્ષિણે ખાદમમીઆંની મશજીદ છે. હજામ લોકોની ગોળવાડમાં છે. દીગી ફલ્યામાં કસાઈવાડમાં એક છે, રંગરેજની પછવાડેની નાહની મશજીદ, તેમાં પીર મહમદ મુલ્લાં રહે છે. અત્રે જાણવા જોગ એ છે કે; કેટલીક ગમતે હિંદુના દહેરાંની દશજ કદમ દુર મશજીદ આવેલી છે, તેમજ સર જમશેદજીના મલેસરના આંદરાંનો બગ મુસલમાન વસ્તીના અંદર બંધાયલા છે, અને તે એક નજીકની મશજીદની પાસે હોવાથી એ આંદરાંન ઇ. સ: ૧૮૪૯ માં બંધાયા તે વખતેજ આતશબેરાંમની આગળ દેશાઇજી બરજોરજી નવરોજીનું કુશાદે મકાન બંધાતું હતું, સબબ મુંબઈ ચાબુકમાં લતકારે ટીકા કર્યા હતા, કે "બરજોરજી દેશાઇએ હજારો રૂપ્યા ખરચી આતશબેરાંમની બોય સાંભળવા રોનકદાર મકાન બાંધ્યું છે, ત્યારે સર જમશેદજીએ મશીદની બાંગ સાંભળવા આંદરાન બંધાવ્યું છે." તોપણ શુકરાંના પરવરદેગારના, કે હિંદુ, મુસલમાન અને પારશીઓના ધર્મના મકાનો એકેકની પાસે આવેલાં છે, એટલુંજ નહીં પણ હિંદુઓનું મુરદાં બાળવાનું સ્મશાંન, પારશીઓના દોખમા, અને મુસલમાનોનું એક કબ્રસ્તાન નજીક નજીકમાં આવેલાં છતાં તે સર્વે સલાહ સંપથી રહ્યા છે, અને ઇશ્વરેચ્છાએ હમેશ તેઓ તેમજ રહે! નામદાર ગાયકવાડ સરકાર પણ મુસલમાનોને માન આપે છે, તેઓને મદદ કરે છે. ખંડેરાવ મહારાજતો તાબુતના તહેવાર ઉપર બહુ ખેરાત વીગેરે કરતા હતા. તેઓએ દુધ્યાં તળાવ ઉપરની મશજીદ વટીક સમરાવી આપી છે. જુમા મશજીદને મોટી મદદ કરી છે. આજે પણ સરકાર તરફથી દર (મુસલમીન) અગ્યારમી તારીખે "અગ્યારમીં ખર્ચ" ને નામે મુસલમાન ફકીરોને જમાડે છે.

સ્મશાન—હિંદુઓનું મુરદાં બાળવાનું સ્મશાન એકજ છે.

કબ્રસ્તાન—નવસારીમાં મુસલમાંનોના કબ્રસ્તાંનો ૧૩ છે. મગદુમ સાહેબનું—મલેક નશીરૂદીન સાહેબનું—મગદુમ ઝયરૂદીન સાહેબનું—

પીર બચુ તાપર ફલ્યેનું—બોરડીંગ શાળા પાસે કોટ ફલ્યાવાલાનું—જમ-કાત નાકાની સ્ટેશનનાં રસ્તાની ચોકી આગળ હજામ લોકોનું—દોખમે જવાના રસ્તા ઉપર ખાતકી લોકોનું-દશેરા ટેકડીવાળું-શીલોટ લોકોનું બોલતીયોર આગળનું—સ્ટેશન તરફ નીમાજગરા ટેકડા આગળનું—ગોલવાડ ગેટ સામે ટેકડી ઉપરનું—શતાપીરનું—સૈયદ નુરૂદીનવાળું શેનાના કબરશનું.

જુના કુટુંબો—પારશીઓના ધર્મગુરૂવર્ગના કુટુંબો પાન ૩૨-૩૩ ઉપર આવેલાં છેજ. તે ઉપરાંત બેહેદીન પારશીઓમાં વાંદરીવાળા, મેહેતા, મુનશી, ભોટ, દીગરીયા, સુતરીયા, પાતરાંવાળા, રાંણા, રાગી, ડેબુ, પટેલ, તલાટી, બારીયા, સુઇ, લંગડા, ગાંધી, વઇદ, વાછા, નેકુ, તંબોલી. અવારી, ગોટલા, વી. છે. ચીન, કલકત્તા, દખ્ખણ, મુંબઇ, સુરત, અરબસ્તાન, વગેરે ઠેકાણા ઉપર જે પ્રખ્યાત વેપારીઓ અને આગેવાનો છે, તે નવસારીનાજ મુળવતનીઓ છે. મુસલમાનોમાં શેખ શીદીકીનુ ખાંદાન, સાદત ખાંદાન, કાઝી લોકોનું ઉશમાની ખાંદાન, ફારૂકી ખાંદાન, અને અબ્બાસી ખાંદાન મુખ્ય છે. હિંદુ લોકોમાં વૈદ, જોશી, વી. વંશો છે.

પારશી ધર્મના મકાંનો— આતશબેહરાંમ ૧ છે. આદરાંન ૨ છે, મલેશરનું સર જમશેદજીવાળું અને વાહાડયાજીવાળું નવું કાંગાવાડ મધે. હાલ બંધાતું ઇ. સ. ૧૮૯૮ માં મીનોચેર હોમજીની, આતશબેરાંમ આગળની અગ્યારીમાં નવું આદરાન તૈયાર થશે તે જુદું. દુન્યાંની નવમી અજાયબી જેવું એ છે કે, એ મીનોચેર હોમજીના આંદરાંનના ફંડમાં આગેવાન ભગર્યાઓએ, અકાબરોએ, અને વડા દસ્તુર દેશાઇઓએ નાંણાંની રકમ ભરી આપી છે ! વખત તારો શું ચમતકાર છે ! દાદગાં ૫ છે, વડી દરેહમેહેર-આતશબેરાંમ સામે મનોચેર હોમજીનું-મલેશરમાં સર જમશેદજીના આંદરાંનમાં-દોખમા આગળ-અને વાહાડયાજીની નવી અગ્યારીમાં. એ શીવાય દાદગાં વગર માત્ર બાજ ધરવાની અગ્યારી ૩ છે, અસપારવાડમાંની કામાની—મલેશર નેકુ ફલ્યામાં મલેશરની અંજુમનની, એમાં બે ભાગ છે. ૧ લા ભાગમાં અંજુમને સંવત ૧૮૫૪ માં જીજીભાઇ દારબજી રામજીસાગર મારફત બંધાવેલી અને પાછળથી સર જમશેદજીએ વધારો કરેલો તે, અને બીજો ભાગ રૂશતમજી કુંવરજી પેશીજીની બેટી જીવણબાઇએ સંવત ૧૯૭૮ માં બંધાવી છે અને દીગી મોહોલામાં રબાડીની એક છે.

પારસીના મુખ્ય પરસો—તરાઉતા અગીઆરીનું, કાહારવાડ અગીઆરીનું, મોટા બજાર અગીઆરીનું, અને મલેસરમાં મેહરજીના રૂસ્તમજી ઉબ્બુની જગા ઉપરનું એદલજી જમનજી મેહેતાએ સંવત ૧૯૨૦ માં બંધાવેલું પાંચ કોટડીમાંવાળું મળી ૪ પારસીના છે. હિંદુ લોકોનું મુખ્ય પરબ મોટા બજારમાં છે.

માનતાના કુવાઓ—નવસારીમાં સાંઢકુવો અને રામબાઈ માતાનો કુવો એ બે વેહેમી લોકોની માનતાને માટે પ્રખ્યાત છે. હાલની સુતરબાંની વાડીમાં સાંઢ કુવો આવ્યો છે. એ કુવામાં એક મસ્તાન સાંઢ પડી ગયો હતો, અને જેને બાહાર કાઢતાં કેટલાક દિવસ લાગ્યા હતા, અને કહે છે કે ત્યાર પછી તે રસ્તે ફરનારાઓને ભયાનક દેખાવો દેખાતા હતા, તથા નવસારીમાં મરકી ચાલી હતી ! વળી આજે પણ ઘણા લોકો એની માનતાઓ કરવા જાય છે: કહેછેકે, અગાઉ તો એક હિંદુને ત્યાં ન્યાતિનું જમણ થવાનું હોય, તે એક દહાડો આગળથી માનેતા લઈને ત્યાં જઈ સો બસો કે જેટલી બાજ થવાની હોય, તેટલીનું ખાણું પકાવવાસારૂ વાસણ મળવા અરજ કરતો, અને બીજે દહાડે તેટલાં વાસણ ત્યાં થઈ રહેતાં ! પણ પાછળથી કહેછેકે કોઇ એકે એ વાસણ ચોરયાં ત્યારથી આ વાત જતુ રહ્યું. તેમજ કહે છે કે રામબાઈ માતાના કુવામાં કોઈ કોઇ દહાડો એકાએક અંદર પાણીમાં, બળતા દીવાનું કોડયું જણાય છે, તથા કોરો કુંભારને ઘરનો માટીનો ઘડો પાણી ઉપર તરતો જણાયા કરે છે, અને પાછો જોતજોતાં ડુબી જાય છે ! વગેરે અનેક કથાઓ છે. પણ પુષ્કળ માનતો એ બેઉ કુવાની આજે પણ લેવાય છે. સાંઢ કુવામાં સાંઢના રૂપે દેવસ્થાન હોવાનું માનવામાં આવે છે, અને તેની પાસે " ખોખલી માતા " નામે દેવીનું સ્થાન છે, ત્યાં જે વેહેમી વર્ગ ને ક્ષઈ, ખોખલી, ખસ, એવા પ્રકારના વ્યાધિઓ હોય છે, તેઓ તેની બાધા રાખવાથી સાજા થતાં જણાવામાં આવે છે.

નવસારીની બીલ્ડીંગો— નવસારીમાં નવાં બાંધેલાં મકાન અને રેલ્વે સ્ટેશન સવા સવા લાખને ખર્ચે બંધાવેલાં છે, તે શીવાય શ્રીમંત પારસીઓની ઘણીક સુશોભિત બીલ્ડીંગો અને ગંજાવર બંગલા છે. મુંબઈની ૮૨૧૦૦૦ ની વસ્તીમાં ૩૫૦૦૦ ઘર છે, જ્યારે આખા નવસારી પ્રાંતની ૩૧૯૪૪૩ માણસની વસ્તીમાં ઘર ૭૭૨૩૫ છે, તેમાં વળી ખાલી ઘર ૧૬૩૫૯ છે. આખા પ્રાંતમાં પુરૂષ ૧૬૦૯૧૭ અને સ્ત્રી ૧૫૮૫૨૬ છે. યાને મુંબઈની વસ્તીના પ્રમાણમાં નવસારી પ્રાં-

તમાં ઘર પુષ્કળ છે. તથ નવસારીની ૧૬૨૭૬ ની વસ્તીમાં ઘરની સં-ખ્યા ૫૦૧૧ છે. તેમાં વળી ૧૫૪૯ ખાલી છે. અને ખુદ નવસારીમાં પુરૂષની વસ્તી ૭૭૬૦ ની અને સ્ત્રીની ૮૫૧૬ ની છે. અસલ તો શેહેરની વસ્તી દશેરા ટેકડી અને લુનશીકુઈ તરફની બાજુએ હતી, તે વધી વધીને હાલ ઉત્તર પશ્ચિમે લંબાયલી છે. હાલ બંધાયલી સર કા-વસજી જેહાંગીરની સ્કુલ, તાતા સ્કુલ, સરકારી "છોકરાઓની સ્કુલ," સરકારી " છોડીઓની સ્કુલ " વગેરે નવીન બીલ્ડીંગો જોવા લાયક છે. વળી સંવત ૧૯૫૧માં જેનો માટે કાસ્પાવાડીના શા. ફકીરચંદ મોતાજી તથા શા. દુલ્લભ મોતાજીએ બંધાવેલી ધર્મશાળા જોવા લાયક છે.

પબ્લીક ઑફીશો— નવસારીનું જુનું થાંણું " સરકારી મેહેલ " લેખે ગણાય છે. એ અંદરના ભાગમાંથી ઘણી મંજબુર બીલ્ડીંગ છે, જેનો એટલાથીજ ખ્યાલ આવશે, કે ઇ. સ. ૧૮૭૬ માં જ્યારે નવીન એડમીનીસ્ટ્રેશન સ્થપાયું તે પેહેલાં પોલીસ ખાતું, જેલ, ન્યાય ખાતું, મુલકી ખાતું, રીકાર્ડ, અપીલ, જકાત ખાતું, ત્રીઝેરી ખાતું, વગેરે વગેરે તમામ સરકારી ખાતાં, એ એકજ બીલ્ડીંગમાં સમાતાં હતાં, એટલુંજ નહીં, પણ તેમાંજ વળી પોલીસ લાઇન, ઘોડા-ઓના તબેલા તથા તેઓના સ્વારોના રેહેઠાંણ, તથા કારકુનથી સુબા સુધીના અમલદારો પોતાના કુટુંબો સહ તેમાંજ રેહતાં હતાં ! સંવત ૧૯૩૦ માં શ્રીમંત કૈલાસવાસી મલ્હારરાવ મહારાજાના નવસારીમાં લક્ષ્મીબાઇ સાથે લગ્ન થયાં તે વેળાએજ એ જુનાં થાંણાના મેહેલની રોનકમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આજે ઘણે ભાગે સરવે કચેરી ઓ, નવાં થાંણાવાળી મંજબુર બીલ્ડીંગ ઇ. સ. ૧૮૮૨ માં તઇયાર થઇ ત્યારથી ત્યાં ભરાયછે. એ મલ્હારાવ મહારાજાના રાણી માહાલસાબાઇ સા-હેબ નવસારીમાંજ જાથુકના રહેછે, અને સરકારમાંથી તેઓને દરમા-સે હાથ ખર્ચના રૂા. ૨૦૦૦ મળે છે.

જેલ—નવસારીની જેલ ઇ. સ. ૧૮૮૦ માં ઘણી મોટી બાંધ-વામાં આવી છે. જેમાં દરમાસે ૧૯ નવા કેદીની રાસ આવે છે. અને દર વર્ષે ૨૩૦ કેદીની સરાસરી આવે છે. જેલમાં મરદો માટે પાંચ, ઓરતો માટે ૧ અને બાંકાં માણસ તથા ખુનના કેદિ અને કાચાં કા-મના કેદિઓ માટે જુદા જુદા વાડો છે. એ જેલમાં ૫૦૦ થી ૬૦૦ કેદિ સમાય એટલી એ મોટી છે. માત્ર ૬ મહિનાની સજાનાજ કેદિઓ એ જેલમાં રાખવામાં આવે છે. ૭ મહિના ઉપરાંતની સજાના કેદિઓ

ને વડોદરાની મોટી જેલમાં મોકલી આપવામાં આવે છે. ખુનીને ખુન-ની સજા કરવાનો ઠરાવ કરવાનો જોકે અત્રેના જડજને અધિકાર છે, પરંતુ ફાંસી દેવાની પરવાનગી વડોદરા હજુરથી મંગાવવામાં આવે છે. ફાંસીની અગાઉ જ્યારે સુરતને તાબે નવસારી હતું, ત્યારે સુરત શુ-ભાએ ચઢાવા અત્રેના ખુનીને નવાબ તરફ મોક મોકલી આપતા. અને જ્યારે બાબકવાડી સ્થાપન થઈ ત્યારે ખુનીને વડોદરે મોકલી આપવામાં આવતો. ત્યાં પ્રથમ ફાંસીની સીસ્ટમ નોહતી. તરવારને ઝટકે ખુનીનું શીર ઉડાવી દેવામાં આવતું, અથવા તોપને મોઢે ખુનીને બાંધી તોપને મોઢે ખુનીને ઉડાવી દેવામાં આવતો. અથવા મસ્તીમાં આવેલા મસ્તાન હાથીને પગે બાંધી હાથીના પગતળે ચગદાવી નાંખવામાં આવતો હતો. આજે તલ નવસારીમાં દર વરસે ફોજદારી ગુનાના મુકદમા મેજીસ્ટ્રેટ આગળ સરાસરી ૩૭૦ નોંધાય છે. હાલમાં તો નવસારી નગરી, ઘીત-વીની ઉકડી અને આઈલેંડના ટાપુની બરાબરીમાં આવે છે, કે જ્યાં ચોરી અને ખુનના અપરાધો થતા નથી.

જાહેર ફંડો—નવસારીના જાહેર ફંડોમાં મોટામાં મોટા સોનાના ધાં-બારના ફંડો બાદ કરતાં, રવાંનોને અવલ મંજલ પોહોંચાડવાનું-ના દારેક જરથોસ્તીઓને પગાર આપવાનું—આંધળાં લુલાંને વરષાસન આપવાનું— વડી દરેહમેહેરના તથા મીનોચેર હોમજીની દરેહમેહેરના મુક્તાદનું—મીનોચેર હોમજીની દરેહમેહેરમાં ઇજશને બાજ વગેરે ક-રવાનું—મલેશરની તમામ અંજુમનના ધંબારનું—મલેશરની અંજુમ-નનું—જેનરલ ફંડ—બઝમેરોજે અહુરમજદનું—નવસારી જ્ઞાન પ્રચારક મંડળીનું—મેહેરજીરાંણા લાઇબ્રેરીનું—હાઇસ્કુલ તથા તાતા સ્કુલનું-હિં-દુ વગેરે સામાન્ય મરણ વખતના બામોનું—વડી દરેહમેહેરના બગ-ચાં ગોબેદોનું—મુસલમાનોની અંજુમને ઈસલામ નામની જે સભા ખાસ મુસલમાન ભાઇઓના ભલાં માટે ઇ. સ. ૧૮૯૭માં સ્થાપવામાં આવી છે તેનું, એવાં ફંડો છે. વળી તમામ જરથોસ્તીઓના દર ધં-બાર ઉપર ન્યાતના ખાંણાં થાય છે તે તો સર જમશેદજી જીજીભાઇની સખાવતને આભારી છે.

સેંકડો વાઘ મારનાર નોશાકરો:——મી. હોરમજી એદ-લજી કોટવાલ નામના સુપ્રસિદ્ધ નોશાકરા, જેઓ વાંસદા સ્ટેટના કોનઝર-વેટર ઓફ ફોરેસ્ટની જગાએ હતા, તેઓએ ૧૦૦ ઉપર વિકાળ અને પ્રાણઘાટક વાઘો જંગલોમાં મારી એવી નામદારી મેળવી હતી, કે

રાસ્તગોફતારના પરમાર્થિ અધિપતિ શેઠ કે. ન. કાબ્રાજીએ એક ફંડ ભેગું કરી મુંબઈના ઑન. જસ્ટીસ બરડઉડના પ્રમુખપણા હેઠળ એક વગવાળો ગંજાવર મેળાવડો ૧૪ ઓક્ટોબર ૧૮૮૫ ને રોજ ફરામજી કાવસજી ઇન્સ્ટીટ્યુટમાં એકઠો કરી એક નામીની રાઇફલ તથા બીજી ભેટો આપી હતી. એ મેળાવડામાં સર વીલ્યમ વેડરબર્ન, દાદાભાઇ નવરોજી વગેરે હાજર થયા હતા. હજારો માણસના જીવ બચાવનાર એ નોશાકરાની પુષ્કળ સ્તુતિ મેળાવડામાં થઇ હતી. ફંડમાં રૂ. ૪૫૦ ભરાયા હતા. ઑન. બરડઉડ, મેકલીસ, સર વીલ્યમ વેડરબર્ન, મી. લી-વૉરનર વગેરેએ એ નોશાકરાના સન્માન ફંડમાં રકમો ભરી હતી. ત્યાંજ પુનાના શેઠ દોરાબજી પદમજીએ તેમને એક રીવોલ્વર આપી હતી. મી. એદલજી પેશતનજીએ એક રૂપાંનો ચાંદ ભેટ આપ્યો હતો. વાંસદાના રાજાએ પણ જરીનો પોશાક તે મેળાવડામાં ભેટ અપાવ્યો હતો. એ વાઘમારૂને તેના પરાક્રમ માટે રૂ. ૧૫૦૦ નું ઇનામ રાજ તરફથી મળ્યું હતું. એમનો જન્મ ૩ જી ગાથે નવસારીમાં થયો હતો. અને છેલ્લો વાઘ મારતાં ૫૭ વરસની ઉમરે વાંસદા જંગલમાં તા. ૪ થી ૧૮૮૭ ને રોજ વાઘના પંજાના ભોગ થઇ મુંબઇમાં મરણ પામ્યા. અને મરતાં મરતાં પણ વાઘનેજ મારતા ગયા. એરચની ચિ-તરેલી એક લાઇફસાઇઝ ગંજાવર છબી એત્રેની હાઇસ્કુલમાં મુકી છે. **ગાયન વિદ્યા**—ગાયનવિદ્યાનો ખરી તાલીમ સાથનો પ્રસાર કેટ કરતાં નવસારીમાં અતિ ઘણો થઇ પડયો છે. તેને માટે એક ખાસ સ્કુલ ચાલે છે, અને ઘરે ઘર પેટી વાંસળી જેવા તાલ સુરથી ગાણુંતાણું ચલાવે છે. વળી અજબ જેવું છે કે આંખે અપંગ એવા ગાનારા ગ્રહસ્થો મેસર્સ ર. મે. દેસાઇ, પે. પા. મુલ્લાં, શંકરરાવ બાંસુરકર વખણાય છે. પ્રથમ ફ્. જો. દેશમુખ જડજે “ પ્રાર્થના સમાજ ” સ્થાપિ હતી. ત્યાં ગાયનમાં બંદગી થતી હતી. તે બાદ હ. હ. ધ્રુવ જડજે “ આર્ય સમાજ ” સ્થાપિ હતી. તેનું મરણ તે જડજની સાથેજ થયું છે.

સમાપ્ત.

00066081